મધ્યકાલીન ગુજરાતી કાવ્યસંપદા

ઈ. ૧૨મી સદીથી ૧૯ની પૂર્વાર્ધ સુધીનાં ૭૦૦ વર્ષોના
વિપુલ કાવ્ય-સાહિત્યમાંથી ૧૦૦૦ જેટલાં
પાનાંનું એક સઘન પ્રતિનિધિ ચયન
(કવિપરિચયો, કવિચિત્રો અને હસ્તપ્રતનમૂના સાથે)

સંપાદક

રમણ સોની

એકત્ર ફાઉન્ડેશન

મધ્યકાલીન ગુજરાતી કાવ્યસંપદા

ઈ.૧૨મી સદીથી ૧૯મી પૂર્વાર્ધ સુધીનાં ૭૦૦ વર્ષોના વિપુલ કાવ્ય-સાહિત્યમાંથી ૧૦૦૦ જેટલાં પાનાંનું એક સઘન પ્રતિનિધિ ચયન :
કવિ-પરિચયો, કૃતિપરિચયો તથા કેટલાંક કવિઓનાં ચિત્રો તથા
નમૂનાની હસ્તપ્રતો સાથે.

સંપાદક

રમણ સોની

એકત્ર ફાઉન્ડેશન, અમેરિકા

સંપાદકનો પરિચય

ચાર દાયકા સુધી ગુજરાતી ભાષાસાહિત્યનું અધ્યાપન કરીને વડોદરાની મ.સ.યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયેલા, અને ૧૯૮૦-૮૫ દરમ્યાન ગુજરાતી સાહિત્ય પરિષદ-નિર્મિત ગુજરાતી સાહિત્યકોશના એક સંપાદક રહેલા પ્રો. રમણ સોની (જ. ૭-૭-૧૯૪૬) ગુજરાતીના વિવેચક, નિબંધકાર, અનુવાદક, સંશોધક અને સંપાદક છે.

કવિ-વિવેચક ઉશનસ્ એ શોધનિબંધમાં તથા *વિવેચનસંદર્ભ, સાભિપ્રાય, સમક્ષ, ગિરિધરો અને પિચ્છધરોની વચ્ચે*, વગેરે વિવેચનગ્રંથોમાં વસ્તુના નક્કર સ્પર્શવાળું વિવેચન આપનાર ડૉ. સોની ગુજરાતી વિવેચનના વિશેષો અને વિલક્ષણતાઓ પર સતત નજર રાખતા રહ્યા છે. મરમાળી અભિવ્યક્તિથી નિઃસંકોચપણે નિર્ભીત વિવેચન કરવા છતાં વિવેચનમાં એમનો મૂળ અભિગમ તટસ્થ, વિધાયક અને ઇતિહાસલક્ષી રહ્યો છે. એમણે મધ્યકાલીન અને અર્વાચીન કૃતિઓનાં નમૂનેદાર શાસ્ત્રીય સંપાદનો આપ્યાં છે એમાં ૧૬મી સદીના કવિ વિષ્ણુદાસકૃત *ચંદ્રહાસ-આખ્યાન*નું સમીક્ષિત સંપાદન ઉત્તમ છે. સમયદર્શી સાહિત્યસંદર્ભકોશના ૪ ગ્રંથો એ એમનું યશસ્વી કોશકાર્ય છે.

જેની ૨૦ આવૃત્તિઓ થઈ છે એ *તોત્તોચાન* ઉપરાંત *અમેરિકા છે ને, છે જ નહીં* – જેવા સહજ સુંદર અનુવાદગ્રંથો, *વલ્લાવાને કિનારે* તથા *હિમાલય અને હિમાલય* જેવાં પ્રવાસ-પુસ્તકો, *સાત અંગ, આઠ નંગ, અને*– હાસ્યનિબંધસંગ્રહ તથા આંગણું અને પરસાળ એ લઘુનિબંધસંગ્રહ સર્જકતાનો સ્પર્શ ધરાવે છે. એમણે કરેલાં અનેકવિધ અભ્યાસશીલ સંપાદનોમાં શાસ્ત્રીયતા અને વિવેચકની સજ્જતાનો સુમેળ છે.

અઢી દાયકા(૧૯૯૧-૨૦૧૭) સુધી એમણે કરેલા *પ્રત્યક્ષ* સામયિકના સંપાદને પુસ્તક-સમીક્ષા-ક્ષેત્રે અમીટ છાપ છોડી છે. પ્રત્યક્ષના ઉપક્રમે થયેલા *નેપથ્યેથી પ્રકાશવર્તુળમાં* તથા *અવલોકનવિશ્વ* જેવા મહત્ત્વના બૃહદ સંપાદનગ્રંથો ચિરસ્મરણીય છે.

વિવેચનમાં તેમજ સર્જનાત્મક લેખનમાં એમનું સઘન છતાં મરમાળુ ગદ્ય હંમેશાં રસપ્રદ બની રહે છે એ તેમની વિશેષ ઓળખ છે.

–કિશોર વ્યાસ

CONTENTS

ક્રમ

♦ Navigation

♦ પ્રસ્તાવના

♦ હસ્તપ્રતો, મુદ્રિત સાહિત્ય અને ઈ-પ્રકાશન

♦ આ સંપાદન વિશે

♦ પ્રવેશક પરિચય : મધ્યકાલીન ગુજરાતી કવિતાનું ઐશ્વર્ય

♦ સ્રોત-ગ્રંથો અને સંદર્ભ-ગ્રંથની યાદી

♦ **મુખ્ય અનુક્રમ – સમય પ્રમાણે**

♦ કવિનામોની સૂચિ –અકારાદિ વર્ણક્રમે

♦ વિવિધ હસ્તપ્રતોના નમૂના

.

કવિઓ અને કૃતિઓ (Text)

.....

આ સંપાદન કૉપીરાઈટથી રક્ષિત છે. એનો ઈ-પ્રકાશન કે મુદ્રિત કોઈપણ રૂપે ઉપયોગ કરવા માટે સંપાદકની પરવાનગી આવશ્યક છે.

સંપર્ક : ramansoni46@gmail.com

.....

ooo

પ્રસ્તાવના

ગુજરાતીનો મધ્યકાળ એટલે અંગ્રેજ પ્રજા અને એમની સંસ્કૃતિનો સંપર્ક આપણને થયો એ પહેલાંનો – લગભગ ૧૯મી સદી પહેલાંનો સમય.

○

માનવસમાજનું રૂપ તો ત્યારે પણ આનંદ અને દુખ, રાગ અને દ્વેષ, ઉદારતા અને સંકુચિતતા, વેર અને મૈત્રી – એવાં વૃત્તિ અને વ્યવહારોવાળું હતું.

○

પરંતુ આવા માનવજીવન પર ધર્મનો પણ એક વ્યાપક પ્રભાવ હતો. અનેક સાધુ-સંતો, કથાકારો-કીર્તનકારો તરફથી પણ પ્રજાને ઈશ્વરભક્તિના સંસ્કારોનું પોષણ મળતું હતું. પદ-ભજન-કીર્તન-આરતીનાં ગાન તથા પુરાણીઓની કથાઓનું શ્રવણ લોકોના જીવનનો, એમનાં સુખ-શાંતિ-શ્રદ્ધાનો મહત્ત્વનો ભાગ હતાં.

○

પ્રાચીન સંસ્કૃતિના વારસારૂપ પંથો-સંપ્રદાયો પણ હતાં – શૈવ, વૈષ્ણવ, જૈન, ઈસ્લામ, વગેરે. પરંતુ દરેક પોતપોતાનો ધર્મ પાળે એવો ધર્મ-સમભાવ હતો –કંઈક અંશે ધર્મ-સમન્વય પણ હતો.

○

એ સમય ગુજરાતી ભાષામાં નરસિંહ અને મીરાં, પ્રેમાનંદ અને અખો, સમયસુંદર અને રવિસાહેબ, શામળ અને દયારામ, સહજાનંદી સાધુ-કવિઓ અને મુસ્લિમ-ખોજા કવિઓ, દલિતવર્ગી કવિઓ અને સ્ત્રી કવિઓથી રળિયાત હતો. આશરે ૧૪મી-૧૫મી સદીથી ૧૯મી સદીની અધવચ સુધી એ પ્રવાહ વહેતો રહ્યો.

○

આ ભક્ત કવિઓએ નર્યું ભક્તિગાન કે કથાગાન કર્યું ન હતું, એમને કવિતા અને કથાની પૂર્વકાલીન-તત્કાલીન પરંપરાઓનો તેમ જ સંસ્કૃત સાહિત્યની પરંપરાઓનો પણ પરોક્ષ ને ક્યાંક સીધો પરિચય અને સમજ હતાં. પોતાનું વિશિષ્ટ કવિકૌશલ પણ હતું. એથી બહુ તેજસ્વી અને પ્રતિભાશાળી સર્જકો એ સમયે પણ થયા જ છે.

○○○

હસ્તપ્રતો, મુદ્રિત સાહિત્ય
અને ઈ-પ્રકાશન

પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યની પહેલી પરંપરા તે ગાન અને શ્રવણની પરંપરા. પેઢી દર પેઢી એ ચાલતી રહેલી. એની સાથેસાથે એ હસ્ત-લિખિત રૂપે પણ આગળ ચાલતી રહેલી. એમ જૂનું સાહિત્ય હસ્ત-પ્રતોમાં સચવાતું રહ્યું.

કંઠ-પરંપરામાં આ ગીતો-ભજનો બીજી મંડળી સુધી ને પછી બીજી પેઢી સુધી જાય ત્યારે એમાં શબ્દો બદલાય, ક્યારેક ઉમેરાય. એ જ રીતે હસ્તપ્રતોની પણ જ્યારે સમય જતાં, બીજા લહિયાદ્વારા, નવી નકલ થાય ત્યારે એમાં પણ શબ્દો બદલાય, લેખનની ભૂલો થાય, ઉમેરા થાય, પંક્તિઓની વધઘટ સુદ્ધાં થાય! જ્યાં જુદું સંભળાય, ખોટું વંચાય ત્યાં ફેરફારો થાય જ.

એમ, (ટૂંકા કે લાંબા) એક જ કાવ્યનાં એકથી વધારે રૂપ મળે – એક જ કાવ્યની એકથી વધારે હસ્તપ્રતો મળે. અનેક કવિઓનાં કાવ્યોની આવી બહુસંખ્ય હસ્તપ્રત-પોથીઓ જૈન ભંડારોમાં ને પ્રાચ્ય વિદ્યાની સંસ્થાઓનાં ગ્રંથાલયોમાં સચવાયેલી છે.

એટલે, પ્રિન્ટિંગ પ્રેસ આવ્યું ત્યારે એ હસ્તપ્રતોને મુદ્રણ રૂપ આપતાં પહેલાં એના જાણકાર વિદ્વાનો, એક કૃતિની વિવિધ પ્રતોનો યોગ્ય અભ્યાસ કરીને એક મુખ્ય પાઠ(text) તારવે ને છોડી દીધેલા અન્ય પાઠો/શબ્દો ફૂટનોટ રૂપે નોંધે-સાચવે. એ સંશોધિત સંપાદન(critical text) પછી મુદ્રિત થાય.

ooo

આ સંપાદન વિશે

મધ્યકાલીન કવિતાનું, લગભગ ૧૦૦૦ પાનાંમાં વિસ્તરેલું આ બૃહદ સંપાદન, ૧૨મીથી ૧૯મી સદી સુધીનાં લગભગ ૭૦૦ વર્ષના વિસ્તીર્ણ સાહિત્યના એક આચમન જેવું છે, પરંતુ એ સઘન સંચયરૂપે 'મધ્યકાલીન ગુજરાતી કાવ્ય-સંપદા'ને સૌ સામે ધરે છે.

આ સંપાદનમાં કાવ્યગુણે વધુ આકર્ષક હોય એવી કૃતિઓ અને એવાં કવિઓ વિશેષ પસંદ કરેલાં છે. પસંદગી, અલબત્ત, ચુસ્ત નહીં પણ ખુલ્લી અને મોકળાશવાળી રાખી છે, જેથી સમગ્ર યુગનું યોગ્ય પ્રતિનિધિત્વ ઊપસી રહે.

આ સંપાદનમાં, કવિઓની ઉત્તમ લઘુ પદકવિતાની, તેમજ આખ્યાન/રાસ/ચોપાઈ/પદ્યવાર્તા જેવાં દીર્ઘ કાવ્યોમાંથી મહત્ત્વના લાગેલા અંશોની પસંદગી કરેલી છે. જરૂર લાગી ત્યાં લાંબી કૃતિઓની પરિચયદર્શક નોંધો પણ કરી છે.જાણીતા ઉત્કૃષ્ટ કવિઓની કવિતા સાથે અહીં ઓછા પરિચિત કવિઓની પણ માર્મિક કવિતા છે.

અનુક્રમ બે રીતે કર્યો છે. પહેલો અનુક્રમ કવિઓના અકારાદિ વર્ણક્રમે કર્યો છે. ત્યાં કેવળ કવિનામોનો જ નિર્દેશ છે. બીજો અનુક્રમ સમય-અનુસાર કર્યો છે. એમાં કવિનામ, સમયનિર્દેશ તથા પસંદ કરેલી કૃતિઓનો નિર્દેશ મૂકેલાં છે.

પછી પાઠ (Text) : એમાં (દરેક) કવિનો ટૂંકો પરિચય, પસંદ કરેલી કૃતિઓનાં નામ-સંખ્યા (જેમકે ૩૦ પદો; 'ઓખાહરણ; વગેરે) એ પછી કાવ્યકૃતિઓ. શરૂઆતની સદીઓની કવિતાનું ભાષારૂપ કંઈક અપરિચિત લાગવાનું, એટલે એવી કૃતિઓ સાથે સહાયક સારાનુવાદ પણ મૂક્યા છે.

લોક-કવિતાનાં રચના-સંકલન પણ મધ્યકાળના સમયગાળામાં આવી જાય એથી, કવિઓની કૃતિઓ પછી, છેલ્લે પસંદગીનાં લોકગીતો પણ મૂક્યાં છે.

દરેક પદ/કૃતિ કયા સ્રોત-ગ્રંથ/સંપાદનમાંથી લીધી એ દરેક કૃતિને છેડે મૂક્યું નથી પરંતુ, છેલ્લે, Text પૂરી થયા પછી સ્રોત ગ્રંથો અને સંદર્ભના ગ્રંથોની વિગતવાર સૂચિ મૂકી છે.

આ મધ્યકાલીન કૃતિઓનું પહેલું લિખિત રૂપ હસ્તપ્રતો છે – હસ્તપ્રતોની પણ એક આગવી ઓળખ-મુદ્રા હોય છે એ માટે કેટલીક નમૂનાની હસ્તપ્રતો, વાચકોના જિજ્ઞાસા-સંતોષને અર્થે, અહીં મૂકી છે. મહત્ત્વના કવિઓનાં સુલભ હતાં એ ચિત્રો પણ તે તે કવિનાં કાવ્યોના આરંભે મૂક્યાં છે.

કેટલાક સ્રોતગ્રંથો મુદ્રિત રૂપે કે ઑનલાઈન સુલભ કરાવવામાં, તથા હસ્તપ્રતો અને કવિઓનાં ચિત્રો મેળવવામાં કેટલાંક મિત્રોની મદદ લીધી છે. એ મિત્રો – નિરંજન રાજ્યગુરુ, કિશોર વ્યાસ, કીર્તિદા શાહ, અભય દોશી, રાજેશ પંડ્યા, સેજલ શાહ, તોરલ પટેલનો આભારી છું, વિશેષ ઉલ્લેખ એ કરવાનો કે હેમચંદ્રાચાર્ય, નરસિંહ, મીરાં, પ્રેમાનંદ, અખો, શામળ, દયારામનાં જાણીતાં ખ્યાત ચિત્રો કલાગુરુ રવિશંકર રાવળનાં છે. એમનું સૌજન્ય વિનીતભાવે સ્વીકારું છું. અન્ય કવિ-ચિત્રો જે સંદર્ભોમાંથી મળ્યાં ત્યાં ચિત્રકાર-નામો લખેલાં ન હતાં, પરંતુ એ સૌ અ-નામી કલાકારોનો પણ આભારી છું. જેને આધારે આ કાવ્યરાશિનું ચયન કર્યું છે એ સ્રોત ગ્રંથોના સંપાદકોનો; કોશકારો ને ઇતિહાસલેખકોનો સવિશેષ ઋણી છું.

આ ઈ-પ્રકાશન માટે એકત્ર ફાઉન્ડેશન અને એના દૃષ્ટિવાન ઉત્સાહી સંચાલક અતુલ રાવલને હું અભિનંદન આપું છું. એકત્રની નિસ્વાર્થ સાહિત્યપ્રીતિને કારણે આવું ગંજાવર સંપાદન-કાર્ય હાથ ધરવાનું શક્ય બનતું હોય છે.

– સંપાદક

મધ્યકાલીન ગુજરાતી કવિતાનું ઐશ્વર્ય

'અર્વાચીન ગુજરાતી સાહિત્ય'ની પહેલાંનું સાહિત્ય એ 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય' – એવી સાવ સાદી વાત કરવા જઈએ ત્યારે કોઈને એક સ્વાભાવિક પ્રશ્ન થાય કે, તો પછી 'પ્રાચીન ગુજરાતી સાહિત્ય' કયું? એવું કોઈ સાહિત્ય ખરું?

આમાં 'મધ્યકાલીન' શબ્દ છે એ ગુજરાતના એક વ્યાપક સામાજિક-રાજકીય ઇતિહાસના ગાળાને સૂચવતો શબ્દ છે. ૧૧મી-૧૨મી સદી પહેલાંનું ગુજરાત એ રીતે પ્રાચીન ગુજરાત ને ૧૨મીથી ૧૯મી સદી (પૂર્વાર્ધ) સુધીનું ગુજરાત એ મધ્યકાલીન ગુજરાત; એટલે એ સમયગાળામાં રચાયું એ સાહિત્ય પણ 'મધ્યકાલીન' ગુજરાતી સાહિત્ય કહેવાયું. ગુજરાતી ભાષાનાં પ્રાથમિક લક્ષણો જેમાં દેખાવા માંડ્યાં એ સમયગાળાથી શરૂ થતું આ સાહિત્ય એક રીતે તો ગુજરાતીનું પહેલું ને એ અર્થમાં પ્રાચીન સાહિત્ય પણ ગણાય તો ખરું જ – વિદ્વાન અભ્યાસી કે.કા. શાસ્ત્રીએ શરૂઆતનાં ૨૦૦-૩૦૦ વર્ષના સાહિત્યસમય માટે 'પ્રાચીન કાળ' શબ્દ યોજ્યો પણ છે. પરંતુ સામાજિક-રાજકીય-સાહિત્યિક સમયગાળાની એકવાક્યતા રહી શકે એટલા માટે જ એને 'મધ્યકાલીન' કહીએ છીએ.

મિશ્ર ભાષાભૂમિકાનું ગુજરાતી સાહિત્ય

૧૨મી સદીના ગુજરાતી જૈન સાધુ આચાર્ય હેમચંદ્ર તે સમયના ગુજરાતના રાજા કુમારપાળના પાટણમાં અત્યંત આદરણીય મુનિ તેમ જ સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ સાહિત્યના પ્રખર વિદ્વાન અને કવિ હતા. એ 'કલિકાલ સર્વજ્ઞ' કહેવાતા હતા. એમણે 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' નામે એક બૃહદ વ્યાકરણ ગ્રંથ લખેલો, એનું હાથી પર અંબાડીમાં મૂકીને નગરમાં ફેરવીને

અભૂતપૂર્વ સન્માન કરવામાં આવેલું. હેમચંદ્રાચાર્યે એ વ્યાકરણમાં, પોતાના સમયની લોકભાષામાં પ્રચલિત કવિતા હતી એમાંથી, એ વ્યાકરણના અપભ્રંશ વિભાગમાં, દૃષ્ટાંતો ટાંકેલાં. કાવ્યત્વની તેમજ ભાષાની રીતે એ દૃષ્ટાંત-દુહા ખૂબ નોંધપાત્ર હતા. વિદ્વાનોએ એ ઉદાહરણ-પદ્યોને ગુજરાતી ભાષાની આરંભકાલીન કવિતા તરીકે સ્વીકાર્યાં છે. એટલે કે ત્યાંથી – ૧૨મી સદીથી – મધ્યકાલીન ગુજરાતી કવિતાની શરૂઆત ગણાય.

આરંભકાલની – આશરે ૧૨મીથી ૧૪મી સદી સુધીની આ ગુજરાતી કવિતામાં ગુજરાતી ભાષાની પ્રાચીન ભૂમિકાનાં લક્ષણો છે – એટલે કે એ (પછીથી સ્વતંત્ર થયેલી) હિંદી, રાજસ્થાની ને ગુજરાતી પ્રાચીન રૂપ અપભ્રંશની મિશ્ર સ્થિતિ બતાવે છે. એ ભાષા આજે વાંચતાં એમાંનાં ઘણાં શબ્દ-રૂપો અને પંક્તિઓ આજે ન પકડાય – એનો પણ આજની ભાષામાં અનુવાદ કરવો પડે. (આ બૃહદ સંચયમાં, આરંભકાલીન કવિતા એવા અનુવાદ સાથે મૂકી છે)

ધર્મ-સૂત્ર અને કવિશક્તિ

૧૯મી સદી આસપાસ ભારત અને ગુજરાતના સામાજિક-સાંસ્કૃતિક જીવનમાં ઘણાં મોટાં પરિવર્તનો આવ્યાં. અંગ્રેજી શાસન, અંગ્રેજ પ્રજા અને સંસ્કૃતિના પ્રભાવક પ્રવેશે એક પ્રકારની 'અર્વાચીનતા' (Modernity) પ્રગટાવી. ત્યાં સુધીની ગુજરાતી પ્રજાની તાસીર, ને એ રીતે ગુજરાતી ભાષાનું સાહિત્ય, 'મધ્યકાલીન'. એટલે મધ્યકાલીન સાહિત્યનો સમયગાળો લગભગ ૭૦૦ વર્ષનો ગણાય.

પ્રજાની સંસ્કારિતા – એનાં સાંસ્કૃતિક વલણો – એના સાહિત્યમાં સીધી કે આડકતરી રીતે પણ પ્રગટ થવાનાં. વ્યાપક પ્રજા- જીવન વૈયક્તિક-કૌટુંબિક-સામાજિક આનંદો અને આપત્તિઓ, ઈર્ષા અને ઉદારતા, રિવાજો અને ઉત્સવો, અંગત ઊર્મિઓ અને સામાજિક રૂઢિઓથી ગુંથાયેલું રહેવાનું જ. પણ એના કેન્દ્રમાં કોઈ એક મજબૂત સૂત્ર પરોવાયેલું હોવાનું – મધ્યકાલીન સમાજનું એ કેન્દ્રીય સૂત્ર હતું ધર્મ-પરાયણતા, ભક્તિભાવ. અને આ ધર્મતત્ત્વ

વ્યક્તિની આંતરિક લાગણીઓ-ભાવનાઓથી લઈને અનેક સામાજિક-સાંસ્કૃતિક ઘટકોમાં વ્યાપેલું હતું. સામાજિક ઉત્સવો ને રિવાજો ધર્મ-નિષ્ઠ હતા. એટલે મધ્યકાલીન કવિતાનો મુખ્ય સૂર પણ ભક્તિ હતો. ભક્તિકેન્દ્રી પદો-ભજનો-સ્તવનોમાં જ નહીં, 'કથા'ને વર્ણવતાં-ગાતાં લાંબાં કાવ્યો રાસા, ચરિત, ચોપાઈ, આખ્યાન, વગેરેમાં પણ એ સૂર આછા કે ઘેરા, પ્રગટ કે અપ્રગટ રૂપે સંભળાતો. મધ્યકાળનું સાહિત્ય એ ગાન અને શ્રવણનું સાહિત્ય હતું. એટલે લાંબાં કાવ્યોને અંતે કવિ 'ફલશ્રુતિ' સંભળાવતો. ફલ-શ્રુતિ એટલે શ્રુતિનું – સાંભળવાનું – ફળ. 'જે કોઈ ગાય, શીખે, સાંભળશે; એની ભવની ભાવટ ટળશે' – એ પ્રકારનો પ્રબોધક સૂર એ ભક્તિસૂર હતો.

પણ એથી કરીને, મધ્યકાળનું સાહિત્ય માત્ર ભક્તિના,ધર્મના સાંકડે મારગે જ ચાલ્યું – એમ કહી શકાશે નહીં. સમય જતાં, નવા સંપર્કો અને નવા અનુભવોથી પ્રજાજીવનની સીમાઓ તૂટે, ક્ષિતિજો વિસ્તરે એટલે નવાંનવાં રૂપો, ને વિશેષ પરિમાણો પ્રગટ થતાં જવાનાં. એ કારણે 'અર્વાચીન' કાળ માનવજીવન તેમજ સાહિત્યની રીતે વ્યાપક બન્યો. પરંતુ મધ્યકાળના સાહિત્યે પણ, એ સમયના વર્તુળમાં રહીને વ્યાપ અને ઊંડાણ બતાવ્યાં છે. કવિત્વનું, કવિશક્તિનું તો એવું છે કે કોઈપણ કાળમાં એનાં શિખરો રચાવાનાં – સમયના ભૌતિક વિકાસ-આલેખ સાથે એની માત્ર સમાંતર ગતિ જ હોય એવું નથી. ભારતીય સાહિત્ય જ જોઈએ તો એમાં વ્યાસ-વાલ્મીકિ, કાલિદાસ, કબીર, નરસિંહ, જેવાં ઉત્તુંગ કવિ-શિખરો દેખાયાં છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના કેટલાક ઉત્તમ સર્જકોની કવિ તરીકેની જે ઊંચાઈ છે એ અર્વાચીન કવિઓ કરતાં નીચી નથી – ક્યારેક તો કોઈ મધ્યકાલીન કવિની આંતરિક કવિશક્તિ ને એનું ઊંડાણ આજે પણ ન ઓળંગી શકાય એવાં જણાય છે!

સાંપ્રદાયિક સંકડાશ નહીં પણ ઉદારતા, સમ-ભાવ

ગુજરાતમાં ત્યારે પણ કેટકેટલા ધર્મ-સંપ્રદાયો ને ભક્તિ-માર્ગો હતા – વૈષ્ણવ, શૈવ, શક્તિ, સ્વામિનારાયણ, જૈન, ઈસ્લામ, જરથોસ્તી; પ્રેમલક્ષણા ભક્તિમાર્ગ અને અદ્વૈત જ્ઞાનમાર્ગ, સગુણ ભક્તિ અને નિર્ગુણ ભક્તિ. પણ

દરેકે પોતપોતાની દિશામાં ગતિ કરતી વખતે બીજાની ગતિનો ન તો અવરોધ અનુભવ્યો, ન તો અવરોધ ઊભો કર્યો. ધર્મ સાથે સ્વ-ધર્મ-ભક્તિ-માર્ગનું સમત્વ ઊપસતું રહ્યું. ક્યારેક અદ્વૈત અને નિર્ગુણ ઉપાસનામાં હિંદુ અને ઈસ્લામનો સમન્વય પણ જોવા મળે છે; પ્રાચીન મહાકાવ્યોનાં કથાનકો આલેખવાની પરંપરા જૈન અને જૈનેતર બંને કવિઓમાં, પોતપોતાનાં ધર્મ-તત્ત્વો સાંકળીને પણ, એકસરખી ચાલતી રહેલી છે.

માનવભાવોનાં અનેક રૂપો

માનવભાવોનાં અનેક રૂપો મધ્યકાલીન સાહિત્યમાં ઊપસતાં રહ્યાં છે. એમાં સંસારની માયાથી વિમુખ કરતો ઉપદેશ ને વૈરાગ્યબોધ છે એની સાથે માનવ-મનના ને માનવ-જીવનના અનેકવિધ ઉલ્લાસો, આનંદોનું ગાન પણ છે; ભક્તિ અને શૃંગાર – એ જુદાં કે વિરોધી નહીં પણ અંતતઃ એક રૂપ છે એવું અનેક કવિઓમાં જોવા મળશે. વૈરાગ્યબોધની ને ઉચ્ચતમ તત્ત્વજ્ઞાનની કવિતા કરનાર નરસિંહે નિબિડ શૃંગારની કવિતા પણ કરી છે. ભક્તિનો અર્થ જ વિ-ભક્ત નહીં પણ ભક્ત થવું, જોડાવું, સમરસ થવું એ છે. ફાગુ, બારમાસા, આખ્યાનો, રાસા-પ્રબંધો, પદ્યવાર્તાઓ જેવાં દીર્ઘ કાવ્ય-સ્વરૂપોમાં તો જીવનનાં, માનવસંબંધોનાં, માનવવ્યવહારોનાં, માનવપાત્રોની અનેકવિધ ચિત્ત-લીલાઓનાં અઢળક રૂપો-ચિત્રો-ઘટનાઓ આલેખન પામ્યાં છે ધર્મને અંતર્હિત રાખીને આખા જીવનને ને જગતને બાથમાં લેતાં વ્યાપક અને વિશાળ, ક્યારેક તો મહત્ત્વાકાંક્ષી આલેખનો મધ્યકાળમાં થયાં છે. મુક્તક/સ્તવન/પદ થી લઈને ગરબા/ફાગુ જેવાં ઊર્મિકથાનકોમાંથી પસાર કરીને મધ્યકાલીન ગુજરાતી કવિતાએ, પ્રાચીન મહાકાવ્યોનાં કથાનકોને સ્વતંત્ર દીર્ઘ કથાકાવ્યોમાં રૂપાંતરિત કરી આપતી આખ્યાનાત્મક કવિતાનાં વિવિધ રૂપો ખેડ્યાં છે. એની એક સુદીર્ઘ જ નહીં, વૈભવશાળી પરંપરા છે.

એટલે કેન્દ્રે ધર્મ હતો પણ બાકીનું આખું વર્તુળ ધર્મ-ભીના સંસારથી વ્યાપેલું હતું.મામેરુંમાં વસ્ત્રો, આભૂષણોનું મોહક વૈવિધ્ય પણ આલેખાયું છે; નળાખ્યાન જેવાં કાવ્યોમાં વૃક્ષો-વનસ્પતિનો વૈભવ ને ફાગુ કાવ્યોમાં

વસંત-વર્ષાના ઉદ્દીપક પ્રકૃતિસૌંદર્યનું નિરૂપણ; કાન્હડદે પ્રબંધ અને રણયજ્ઞ જેવાંમાં યુદ્ધસામગ્રી અને યુદ્ધનું વર્ણન; અનેક પદોમાં પ્રેમ-શૃંગારની કવિતા ઉપરાંત બુદ્ધિ-ચાતુર્યને આલેખતી શામળની લોક-કથાઓ; સમુદ્ર-વહાણ-વિવાદ રાસ જેવામાં તર્કશક્તિને પણ રસાળ કરતી રસપ્રદ કથા-ગૂંથણી...એમ આખા માનવ-સંબંધ-સંસારથી બલકે માનવ-રસ-વિશ્વથી મધ્યકાળની કવિતા વ્યાપેલી છે.

મધ્યકાલીન કવિતાનું આ ઐશ્વર્ય છે – બંને અર્થમાં. એમાં ઈશ્વર-પરાયણતા પણ છે, એ રીતે એ ઐશ્વર્યમય છે ને એ વ્યાપ તથા ઊંડાણ બન્નેની રીતે સમૃદ્ધ છે – એ રીતે પણ એ ઐશ્વર્યશાળી છે.

નાત-જાતના, સ્ત્રી-પુરુષના, ઉચ્ચ-અવચના, સ્પૃશ્ય-અસ્પૃશ્યના ભેદો એ સમાજમાં તો હતા, પણ ભક્તો ને કવિઓના વર્ગે એવા ભેદ ક્યાંય દેખાડ્યા નથી. મધ્યકાળમાં મીરાં, ગંગાસતી જેવી કેટલી બધી સ્ત્રી-કવિઓ છે જેમણે આત્મગૌરવને આગળ રાખતી, ભક્તિ અને જ્ઞાનના ઊંડાણને પામવા કરતી કવિતા આપી છે!

મધ્યકાળના આ અનેક કવિઓમાં સંસારીઓ પણ છે ને સંતો પણ છે; સાધુઓ પણ છે ને શ્રાવકો પણ છે; દરેક વર્ગના – સમાજે જેમને નીચલા વર્ગના ગણાવ્યા એવા વર્ગના – પણ સન્માન્ય ઠરેલા કવિઓ મધ્યકાળમાં સર્જનરત ને ભક્તિનિરત હતા.

એમણે આ રીતે જ આવા ક્ષુલ્લક ભેદો નષ્ટ કર્યા છે એમ નહીં – કેટલાકે તો સમાજના જ્ઞાતિશ્રેષ્ઠીઓ, સાધુશ્રેષ્ઠીઓ, વિદ્યાશ્રેષ્ઠીઓમાં પણ દંભ દેખાયો તો એની સામે વિદ્રોહી અવાજ ઊંચક્યો છે. નરસિંહ હરિજનવાસમાં ભજન કરવા જતાં ટીકા પામે છે તો નાગરોને 'અધવધરા' – અણસમજુ ને અધકચરા કહે છે – ને 'એવા રે અમે એવા રે એવા' સંભળાવે છે. ને જ્ઞાનનો દંભ કરનાર ને 'આ તો પરપંચ સહુ પેટ ભરવા તણા' કહીને એમના નિમ્નસ્તરને બતાવે છે. મીરાંએ રાજસત્તા સામે, મેવાડત્યાગ કરીને ને સમર્પિત ઈશ્વર-પ્રેમની સબળ કવિતા લખીને એક જાતનો વિદ્રોહ જ કરેલો. અખા જેવાએ બહુ મોટા અવાજે સામાજિક-

ધાર્મિક રૂઢિગ્રસ્તતા અને દંભ સામે તીક્ષ્ણ તીર જેવી સોંસરી કવિતા લખી છે.

મધ્યકાલીન કવિઓમાં આતમસૂઝથી ભક્તિની આર્દ્રતાની કવિતા લખનાર સંત કવિઓ ઉપરાંત પ્રાચીન ધર્મ-જ્ઞાન-કવિતાની પરંપરાને આત્મસાત્ કરનાર વિદગ્ધ કવિઓ પણ છે. નરસિંહ અને પ્રેમાનંદ જેવાને પૌરાણિક સાહિત્યનો કોઈ સંસ્કૃતજ્ઞ ગુરુજનોએ કરાવેલો ને એ ઉપરાંત સીધો પરિચય પણ હતો. ભાલણ તો સંસ્કૃતના જાણકાર પંડિત હતા. અનેક જૈન સાધુ કવિઓ સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશનાં સાહિત્યોના ને ન્યાય, મીમાંસા આદિ વિદ્યાઓના જાણકાર વિદ્વાનો પણ હતા.

પ્રાચીન અને સમકાલીન પરંપરાઓને એ કવિઓએ પચાવી હતી ને એ એમની કવિતામાં પ્રતિબિંબિત થતું હતું. અલબત્ત, આ કવિઓ જ્ઞાની કરતાં સર્જકો વધારે હતા. જેમનામાં ઉચ્ચ કવિત્વ અને કથાકૌશલ હતાં એ વધુ ઉત્તમ કવિઓ તરીકે આજેય પ્રભાવક અને આસ્વાદ્ય રહ્યા છે. મધ્યકાલીન કવિતા, જો આપણે એની ભાષાલઢણો ને એની ગાન-કથન-પરંપરાનો પરિચય કેળવીએ તો એના ઊંડાણમાં જે સાચી ને ઊંચા બરની કવિતા હતી એની નજીક આપણને લઈ જાય. નરસિંહ, મીરાં, અખો, પ્રેમાનંદ, દયારામ, સમયસુંદર, યશોવિજય, કુશળલાભ, રવિદાસ, ગંગાસતી, દાસી જીવણ, બ્રહ્માનંદ... એવા કેટકેટલા સર્જકો આજે પણ આપણને ઉત્તમ પ્રતિભાવાળા લાગશે – અરે, કોઈ સંત કવિનું એકાદ પદ પણ એનાં ભાવ અને ભાષાની માર્મિકતાથી આપણને પ્રસન્ન કરશે.

શ્રાવ્યકલા

લલિત કળાઓનું એક વર્ગીકરણ એમ કહે છે કે ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય એ દૃશ્ય કળાઓ છે ને સંગીત, સાહિત્ય એ શ્રાવ્ય કળાઓ છે. લેખન અને મુદ્રણ આવ્યું એ પછી સાહિત્યને કોઈ દૃશ્ય/વાચ્ય કળા કહેવા લલચાય પરંતુ મૂળભૂત રીતે સાહિત્ય એ પઠન-ગાયન અને એના શ્રવણની કળા છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પદ્યપ્રધાન છે. મધ્યકાલીન લોકસમાજની

સવાર નરસિંહ જેવા કવિઓનાં પ્રભાતિયાંના ગાન-શ્રવણથી પડતી ને રાત પ્રેમાનંદ સરખા આખ્યાનકારોનાં કથા-પઠન, ગાયન ને અભિનયનથી રસાવહ બનતી. મંદિરો, દેરાસરો, મસ્જિદો, થાનકો ને ઘરોનાં આંગણાં સુધ્ધાં સ્તુતિ-સ્તવન-પ્રાર્થનાના ગાનથી ગૂંજતાં રહેતાં. લિપિજ્ઞાન પામેલો વર્ગ હસ્તપ્રતોમાં કવિતાનું વાચન કરતો ત્યારે પણ શ્રવણ-સંસ્કારો એની મદદે આવતા – ખરેખર તો આપણે સૌ કવિતા 'વાંચતાં-વાંચતાં' 'સાંભળતા' પણ હોઈએ જ છીએ.

આ ગાયન-શ્રવણની પરંપરાને લીધે મધ્યકાલીન સાહિત્ય એકદમ પ્રત્યક્ષ રહેતું. કવિ/સંત ભજનિક અને શ્રોતવર્ગ એકબીજાની મુખોમુખ – સમક્ષ રહેલા. એથી જ મધ્યકાલીન સાહિત્યમાં એક જીવંત તારનો અનુભવ થાય છે. ઓજસ્ , પ્રસાદ અને માધુર્ય નામના જે કાવ્યગુણો કહેવાય છે એ આ પ્રત્યક્ષ સાહિત્યને કારણે વધુ શુદ્ધ રૂપે – પારદર્શકતાથી – પમાતા. ને ધર્મસંસ્કારની સાથે જ કલાસંસ્કાર પણ દૃઢ થતા જતા. ધર્મ કેન્દ્રમાં રહેતો, પણ પછી પ્રજાસમુદાયને કવિતાના અનેકવિધ રસોમાં પ્રસરવાની મોકળાશ રહેતી. નરસિંહ મહેતાએ જે કહ્યું કે, 'વિવિધ રચના કરી, અનેક રસ લેવાને; શિવ થકી જીવ થયો એ જ આશે' એને વિવિધરૂપા સૃષ્ટિની જેમ વિવિધરૂપા કવિતા સાથે પણ જોડી શકાય.

*

મધ્યકાલીન ગુજરાતી કવિતા આમ ધર્મ-સંપ્રદાય-સીમિત કે એકસૂરીલી ન હતી – ચિત્તનો વિસ્તાર કરતા અર્થલયથી, શબ્દલયથી ને પ્રાસ-અનુપ્રાસોથી પ્રગટતા વર્ણ-ધ્વનિ-લયથી એ આપણને પરિપ્લાવિત કરે છે.

તો હવે, એ વિવિધ નાદવાળી ને શીતોષ્ણ પ્રવાહવાળી મધ્યકાલીન કવિતા-સરિતામાં નિમજ્જન કરીએ.

–રમણ સોની

આ કાવ્યસંપદાનાં કાવ્યોની પસંદગી માટે ઉપયોગમાં લીધેલા
સ્રોત-ગ્રંથો અને સંદર્ભગ્રંથોની સૂચિ

અખાના છપ્પા, સંપા. ઉમાશંકર જોશી, વોરા એન્ડ કંપની
અમદાવાદ, ૧૯૫૩; ૧૯૬૨

અખાની કવિતા, સંકલન-સંપાદન કીર્તિદા શાહ,
સાહિત્ય અકાદેમી, દિલ્હી, ૨૦૦૯

આરામશોભા રાસ (જિનહર્ષ), સંપા. જયંત કોઠારી, કીર્તિદા જોશી,
સમતા પ્રકાશન, ૧૯૮૩

કાન્હડદે પ્રબંધ, સંપા. કે.બી. વ્યાસ, એન. એમ. ત્રિપાઠી, મુંબઈ, ૧૯૫૯.

કાવ્યસંચય:૧, સંપા. અનંતરાય રાવળ, હીરા પાઠક,
ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૧૯૮૧

મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતા સંચય, સંપા. નિરંજન રાજ્યગુરુ, સાહિત્ય અકાદેમી,
દિલ્હી, ૨૦૧૦

ગુજરાતી સાહિત્ય: મધ્યકાલીન, અનંતરાય રાવળ, ગૂર્જર, અમદાવાદ, ૧૯૫૪

ગુજરાતી સાહિત્યકોશ ખંડ ૧ મધ્યકાળ, સંપા. જયંત કોઠારી, જયંત ગાડીત,વગેરે,
ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૧૯૮૯

ચતુરચાલીસા (વિશ્વનાથ જાની), સંપા. મહેન્દ્ર દવે, ગુજરાતી સાહિત્ય પરિષદ,
અમદાવાદ, ૧૯૮૬

ચંદ્રહાસ-આખ્યાન (વિષ્ણુદાસ), સંપા. રમણ સોની, ગુજરાતી સાહિત્ય પરિષદ,
અમદાવાદ ૨૦૧૭

દયારામ રસસુધા, સંપા. શંકરપ્રસાદ રાવળ, એ.એમ.ત્રિપાઠી, મુંબઈ,૧૯૪૩,૧૯૯૧

દયારામકૃત કાવ્યસંગ્રહ (સંપા. નર્મદ), પુનઃસંપા. રમેશ શુક્લ,
ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત,૨૦૦૫

નરસિંહ કાવ્ય ચયન, સંપા. રમણ સોની, સાહિત્ય અકાદેમી, દિલ્હી, ૨૦૧૫

પંદરમા શતકનાં પ્રાચીન ગૂર્જર કાવ્યો, સંપા. કે.હ. ધ્રુવ, એ પછી કે.કા.શાસ્ત્રી,
ભો.જે. વિદ્યાભવન અમદાવાદ, ૨૦૦૫

પ્રાચીન ફાગુસંગ્રહ, સંપા. ભોગીલાલ સાંડેસરા, સોમાભાઈ પારેખ,
મ.સ.યુનિવર્સિટી, વડોદરા, ૧૯૬૬

પ્રેમાનંદ કાવ્ય ચયન, સંપા. ચિમનલાલ ત્રિવેદી, સાહિત્ય અકાદેમી,
દિલ્હી, ૨૦૦૯
પ્રેમાનંદની કાવ્યકૃતિઓ ૧,૨, સંપા. શિવલાલ જેસલપુરા, કે.કા. શાસ્ત્રી,
સાહિત્ય સંશોધન પ્રકાશન, અમદાવાદ, ૧૯૭૮
બૃહત્ કાવ્યદોહન, (પુનર્વ્યવસ્થા) ખંડ ૧થી૪, સંકલન બળવંત જાની,
મનસુખ સલ્લા, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૧૯૯૯
બૃહદ ગુજરાતી કાવ્યપરિચય:૨, મોહનભાઈ પટેલ, ચંદ્રકાન્તશેઠ,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૭૩
ભરતેશ્વર-બાહુબલિ રાસ, સંપા. બળવંત જાની, પાર્શ્વ, અમદાવાદ,૧૯૯૪
ભાલણની કાવ્યકૃતિઓ, સંપા. બળવંત જાની, ગુજરાત સાહિત્ય
અકાદમી,ગાંધીનગર,૨૦૦૭
મદનમોહના (શામળ), સંપા. અનંતરાય રાવળ, ગૂર્જર, અમદાવાદ, ૧૯૫૫, (પુનઃ ૧૯૯૬)
મધ્યકાલીન ગુજરાતી પદસંચય, સંપા. ચિમનલાલ ત્રિવેદી, રમણ સોની, ગૂર્જર,
અમદાવાદ, ૧૯૯૮
મધ્યકાલીન જૈન કવિતા સંચય, સંપા, અભય દોશી,
સાહિત્ય અકાદેમી, દિલ્હી, ૨૦૧૯
મધ્યયુગીન ઊર્મિકાવ્યો, સંપા. ચિમનલાલ ત્રિવેદી, ચિનુ મોદી,
બળવંત જાની, સાહિત્ય અકાદેમી દિલ્હી, ૧૯૯૮
મીરાંનાં પદો, સંપા. ભૂપેન્દ્ર ત્રિવેદી, અનસૂયા ત્રિવેદી, ૧૯૬૧, (પાર્શ્વ ૨૦૦૨)
મીરાંબાઈનાં વધુ પદો, સંપા. ભૂપેન્દ્ર ત્રિવેદી, નવભારત, મુંબઈ, ૧૯૬૯
રણયજ્ઞ (પ્રેમાનંદ; અને વજિયાકૃત 'રણજંગ'),
સંપા. મંજુલાલ મજમુદાર, ૧૯૪૯
રણયજ્ઞ (પ્રેમાનંદ), સંપા. રમણ સોની, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૯
રૂપસુંદરકથા (માધવ), સંપા હસુ યાજ્ઞિક, પાર્શ્વ, અમદાવાદ, ૨૦૧૦
વસ્તાનાં પદો, સંપા. સુરેશ જોષી, મ.સ.યુનિવર્સિટિ, વડોદરા,૧૯૮૩
શ્રી કહળસંગ ભગત, ગંગાસતી અને પાનબાઈની...જીવનકથા, મજબૂતસિંહ જાડેજા,
ભાવનગર, ૧૯૯૩
સીતારામ-ચોપાઈ (સમયસુંદર), ઈ-પુસ્તકાલય (ઈન્ટરનેટ)
સોરઠી સંતવાણી, સંપા. ઝવેરચંદ મેઘાણી, ૧૯૪૭; સમગ્ર : સોરઠી સંતો અને સંતવાણી,
સંકલન : જયંત મેઘાણી, ગુજરાત સાહિત્ય અકાદમી,૨૦૧૦

ooo

કવિઓની વર્ણ-અનુસાર (અકારાદિક્રમ) સૂચિ

આ સૂચિને આધારે તમે પોતે વિચારેલા કે ગમતા કવિનું નામ શોધી શકશો ને પછી એની સામેના નંબર પરથી, આ પછીના મુખ્ય અનુક્રમમાં એ કવિની વિગતો સુધી પહોંચી શકશો.

કવિનામ	કવિક્રમ (મુખ્ય અનુક્રમ મુજબ)
અખઈદાસ/અખૈયો	૫૬
અખો	૨૯
અનુભવાનંદ	૪૫
અમરસંગ	૧૦૬
અમીવિજય	૧૦૫
અસાઈત	૦૫
આનંદઘન	૩૧
આંબાજી/આંબો છઠ્ઠો	૩૬
ઇન્દ્રાવતી/પ્રાણનાથ	૩૪
ઉદયરત્ન	૪૬
કતીબશા	૧૨૦
કરમણ	૭૯
કર્પૂરશેખર	૬૩
કાયમુદ્દીન ચિશ્તી	૫૯
કાળિદાસ(વસાવડ)	૬૫
કુશળલાભ	૨૩
કૃષ્ણાબાઈ	૧૧૮
કેશવદાસ	૧૪
ખીમસાહેબ	૭૧
ગણપતિ	૨૧

ગવરીબાઈ ૬૬
ગંગાસતી ૬૭
ગિરધર ૯૭
ગેમલ ૯૯
ગોપાળદાસ ૩૮

જનાર્દન ૧૧
જયવંત સૂરિ ૨૪
જયશેખર સૂરિ ૦૭
જાનકીબાઈ ૧૧૭
જિનપદ્મ સૂરિ ૦૪
જિનહર્ષ ૪૭
જીવણદાસ/દાસી જીવણ ૭૭
જેઠીરામ ૬૮
જેસલ ૧૦૮
જ્ઞાનવિમલ/નયવિમલ ૪૮

ડુંગરપુરી ૧૦૧
તુળજારામ ૮૨
તોરલ ૧૦૯
ત્રિકમદાસ ૭૨
થોભણદાસ ૭૮
દયારામ ૯૫
દલુ વાણિયો ૧૨૪
દાસી જીવણ : જુઓ જીવણદાસ
દેવાનંદ ૯૪
દેવાયત ૧૧૪
દેવારામ ૧૧૬
દેહલ ૧૬
દ્વારકાદાસ/દ્વારકો ૫૫

ધનો ૧૦૦
ધીરો ૮૧
નબીમિયાં ૬૧
નયવિમલ : જુઓ જ્ઞાનવિમલ
નયવિજય ૪૪
નયસુંદર ૨૭
નરભેરામ ૮૩
નરસિંહ મહેતા ૦૯
નરહરિ ૨૮
નાકર ૧૭
નિરાંત ૮૭
નિષ્કુળાનંદ ૯૦

પદ્મનાભ ૧૦
પદ્મવિજય ૬૪
પીઠો ૧૧૯
પુરીબાઈ ૫૦
પ્રીતમ ૮૦
પ્રાણનાથ : જુઓ ઇન્દ્રાવતી
પ્રેમાનંદ ૪૧
પ્રેમસખી પ્રેમાનંદ ૯૨
બાપુ ગાયકવાડ ૮૮
બૂટો/બૂટાજી/બૂટિયો ૩૩
બ્રહ્માનંદ ૯૧
બ્રેહેદેવ ૧૮
ભવાનીદાસ ૧૧૩
ભાણદાસ ૬૯
ભાણસાહેબ ૩૭
ભાદુદાસ ૧૨૫
ભાલણ ૧૨

ભીમસાહેબ ૭૪
ભોજો ૮૯
મનોહર સ્વામી ૧૦૪
મહંમદશા કાજી ૧૧૦
માધવ ૩૯
માંડણ બંધારો ૨૦
મીઠો ૯૮
મીરાં ૧૫
મુક્તાનંદ ૯૩
મૂળદાસ ૪૯
મેકરણ ૫૧
મોરારસાહેબ ૭૬
યશોવિજય ૩૦
રઘુનાથદાસ ૧૦૨
રણછોડ ૫૮
રણછોડજી દિવાન ૧૦૩
રતનદાસ/રત્નસિંહ ૭૩
રતનબાઈ ૬૦
રત્નેશ્વર ૪૩
રત્નો ૫૪
રવિસાહેબ ૭૦
રાજે ૫૭
રામકૃષ્ણ ૫૩
રૂપાંદે ૧૨૨
રેવાશંકર ૯૬
લખમો માળી ૧૧૫
લખીરામ ૭૫
લાલદાસ ૪૨
લાવણ્યસમય ૧૩
લીરલબાઈ/લીળલબાઈ ૧૨૧

લોયણ ૧૧૧
વજિયો ૩૨
વલ્લભ ભટ્ટ ૫૨
વસંતવિલાસકાર ૦૩
વસ્તો વિશ્વંભર ૮૪
વિષ્ણુદાસ ૨૫
વિશ્વનાથ જાની ૪૦
વીરવિજય ૮૫

શામળ ૬૨
શાલિભદ્ર સૂરિ ૦૨
શાંતિદાસ ૧૧૨
શિવાનંદ ૩૫
શ્રીધર વણિક ૯
શ્રીધર વ્યાસ ૦૬
સમયસુંદર ૨૬
સહજસુંદર ૨૨
હરજી ભાટી ૧૨૩
હરિદાસ ૮૬
હીરાણંદ ૦૮
હોથી ૧૦૭
હેમચંદ્રકાલીન દુહા ૦૧

ooo

મુખ્ય અનુક્રમ : સમય-અનુસાર

વાચકોને માર્ગદર્શક સૂચના

નીચેના અનુક્રમ મુજબ કવિઓ તથા એમનાં કાવ્યો ગોઠવેલાં છે. એ કાળક્રમે સળંગ જોઈ/વાંચી શકાશે. પરંતુ, કોઈને પોતાના ઇચ્છિત કવિ કે કવિઓનાં કાવ્યો વાંચવાં હોય તો લીલા રંગની લીટીથી બતાવેલા કવિનામ પર ક્લીક કરવાથી સીધું ત્યાં પહોંચી શકાશે. વધુ પ્રચલિત ને જાણીતા કવિઓ સુધી આ રીતે જઈ શકાય. (જાણીતા કવિઓની આસપાસના કવિઓ સુધી પહોંચવાનું પણ એ રીતે સરળ બનશે)

એ ઉપરાંત સદી-વિભાગો (૧૨મીથી ૧૯મી)માં પણ લીલા સંકેતથી પહોંચીને, થોડાંક પાનાં ઉથલાવી/બ્રાઉઝિંગ કરીને કોઈપણ કવિ સુધી જઈ શકાશે.

નરસિંહ મહેતા પૂર્વે : ૧૨મીથી ૧૫મી પૂર્વાર્ધ

૧	હેમચંદ્રકાલીન કવિતા	૬ દુહા	–
૨	શાલિભદ્ર સૂરિ	ભરતેશ્વર-બાહુબલિરાસ	
૩	વસંતવિલાસ-કાર	વસંતવિલાસ	
૪	જિનપદ્મ સૂરિ	સ્થૂલિભદ્ર ફાગુ	
૫	અસાઈત	હંસાઉલી	
૬	શ્રીધર વ્યાસ	રણમલ્લ છંદ	
૭	જયશેખર સૂરિ	ત્રિભુવનદીપક પ્રબંધ	
૮	હીરાણંદ	વિદ્યાવિલાસ પવાડુ	

નરસિંહથી દયારામ અને અન્ય કવિઓ

૧૫મી સદી

૯	**નરસિંહ મહેતા**	૭૧ પદો દાણલીલા, સુદામાચરિત્ર
૧૦	**પદ્મનાભ**	કાન્હડદે પ્રબંધ
૧૧	**જનાર્દન**	ઉષાહરણ
૧૨	**ભાલણ**	૧૪ પદો નળાખ્યાન, કાદંબરી
૧૩	**લાવણ્યસમય**	વિમલપ્રબંધ

૧૬મી સદી

૧૪	**કેશવદાસ**	કૃષ્ણક્રીડા
૧૫	**મીરાં**	૪૧ પદો સત્યભામાનું રૂસણું
૧૬	**દેહલ**	અભિવન-ઊઝણું
૧૭	**નાકર**	૧ ગરબો, હરિશ્ચંદ્રાખ્યાન, વિરાટપર્વ
૧૮	**બ્રેહેદેવ**	ભ્રમરગીતા
૧૯	**શ્રીધર વણિક**	ગૌરીચરિત્ર

૨૦	**માંડણ બંધારો**	પ્રબોધ-બત્રીસી
૨૧	**ગણપતિ**	માધવાનલ-કામકંદલા દોગ્ધક
૨૨	**સહજસુંદર**	ગુણરત્નાકર છંદ
૨૩	**કુશળલાભ**	માધવાનલ-કામકંદલા ચોપાઈ
૨૪	**જયવંત સૂરિ**	નેમિનાથ-રાજિમતી-બારમાસા
૨૫	**વિષ્ણુદાસ**	ચંદ્રહાસ-આખ્યાન
૨૬	**સમયસુંદર**	૧ પદ નલ-દમયંતી રાસ, સીતા-રામ ચોપાઈ
૨૭	**નયસુંદર**	સુરસુંદરી રાસ

.....૧૭મી સદી.....

૨૮	**નરહરિ**	૧ પદ જ્ઞાન-ગીતા
૨૯	**અખો/અખાજી**	૧૨ પદો ૬૭ છપ્પા અખેગીતા, અનુભવબિંદુ, ચિત્તવિચારસંવાદ, ગુરુશિષ્યસંવાદ
૩૦	**યશોવિજય**	૩ પદો સમુદ્રવહાણ-સંવાદ જંબુસ્વામી રાસ,
૩૧	**આનંદઘન**	૫ પદો

૩૨	**વજિયો**	રણજંગ
૩૩	**બૂટા/બૂટિયો/બુટાજી**	૨ પદો
૩૪	**ઇન્દ્રાવતી/પ્રાણનાથ સ્વામી**	૧ પદ વિરહની બારમાસી
૩૫	**શિવાનંદ**	૨ પદો, ૨ આરતી
૩૬	**આંબાજી/આંબો છઠ્ઠો**	૧ પદ
૩૭	**ભાણદાસ**	૨ ગરબીઓ
૩૮	**ગોપાળદાસ**	૩ પદો સાખીઓ, ચાબખા
૩૯	**માધવ**	રૂપસુંદર કથા
૪૦	**વિશ્વનાથ**	પ્રેમપચીસી; ચતુરચાલીસી, મોસાળચરિત્ર
૪૧	**પ્રેમાનંદ**	ઓખાહરણ; મામેરું, સુદામાચરિત્ર, નળાખ્યાન, હૂંડી, રણયજ્ઞ, દશમસ્કંધ, દાણલીલા, વિવેક-વણઝારો
૪૨	**લાલદાસ**	૧ પદ
૪૩	**રત્નેશ્વર**	રાધાવિરહ-બારમાસા
૪૪	**નયવિજય**	૧ સ્તવન

૪૫	અનુભવાનંદ	૩ પદો
૪૬	ઉદયરત્ન	૨ પદો નેમિનાથ-તેરમાસા
૪૭	જિનહર્ષ	આરામશોભા રાસ
૪૮	જ્ઞાનવિમલ/નયવિમલ	૧ પદ ૩ સ્તવનો
૪૯	મૂળદાસ	૫ પદો
૫૦	પુરીબાઈ	સીતામંગળ
૫૧	મેકરણ	૧ પદ

.....૧૮મી સદી.....

૫૨	વલ્લભ ભટ્ટ	૩ ગરબા
૫૩	રામકૃષ્ણ	૨ પદો
૫૪	રત્નો	મહિના
૫૫	દ્વારકાદાસ/ દ્વારકો	૨ પદો
૫૬	અખઈદાસ/અખૈયો	૩ પદો
૫૭	રાજે	૫ પદો
૫૮	રણછોડ	૩ પદો
૫૯	કાયમુદ્દીન ચિસ્તી	૨ પદો
૬૦	રતનબાઈ	૧ પદ
૬૧	નબીમિયાં	૧ પદ

૬૨	શામળ	૧૫ છપ્પા મદનમોહના, રાવણમંદોદરી- સંવાદ પદ્માવતીનીવાર્તા-માંથી સમસ્યાઓ, ઉદ્યમકર્મ સંવાદ
૬૩	કર્પૂરશેખર	નેમરાજુલ બારમાસ
૬૪	પદ્મવિજય	સમરાદિત્ય રાસ
૬૫	કાળિદાસ	પ્રહ્લાદ આખ્યાન
૬૬	ગવરીબાઈ	૩ પદો
૬૭	ગંગાસતી	૨૧ પદો
૬૮	જેઠીરામ	૩ પદો
૬૯	ભાણસાહેબ	૫ પદો
૭૦	રવિસાહેબ	૧૦ પદો
૭૧	ખીમસાહેબ	૩ પદો
૭૨	ત્રિકમસાહેબ	૭ પદો
૭૩	રતનદાસ/ રત્નસિંહ	૧ પદ સગાળશા-આખ્યાન
૭૪	ભીમસાહેબ	૩ પદો
૭૫	લખીરામ/ લક્ષ્મીસાહેબ	૧ પદ
૭૬	મોરારસાહેબ	૨ પદો
૭૭	દાસીજીવણ/જીવણદાસ	૯ પદો
૭૮	થોભણદાસ	૩ પદો કૃષ્ણવિરહના મહિના

૭૯ કરમણ ૧ પદ

૮૦ પ્રીતમ/પ્રીતમદાસ ૫ પદો
જ્ઞાનમાસ

૮૧ ધીરો/ ધીરાભગત ૬ પદો

૮૨ તુલજારામ ૧ પદ

૮૩ નરભેરામ ૨ પદો

૮૪ વસ્તો વિશ્વંભર ૬ પદો

.....૧૮મી ઉ. – ૧૯મી પૂર્વાર્ધ.....

૮૫ વીરવિજય ૨ પદો
હિતશિક્ષા છત્રીસી

૮૬ હરિદાસ દ્રુપદીચીરહરણ

૮૭ નિરાંત ૫ પદો

૮૮ બાપુ ગાયકવાડ ૩ પદો

૮૯ ભોજો/ભોજા ભગત ૮ પદો

૯૦ નિષ્કુળાનંદ ૭ પદો

૯૧ બ્રહ્માનંદ ૧૮ પદો

૯૨ પ્રેમસખી પ્રેમાનંદ ૮ પદો

૯૩	મુક્તાનંદ	૭ પદો
૯૪	દેવાનંદ	૪ પદો
૯૫	દયારામ	૪૧ પદો રુક્મિણી વિવાહ, પ્રેમરસ ગીતા
૯૬	રેવાશંકર	૧ પદ
૯૭	ગિરધર	રામાયણ
૯૮	મીઠો/ મીઠુદાસ	૧ રાસ ૧ પદ

.....૧૯મી પૂર્વાર્ધ.....

૯૯	ગેમલ	૧ પદ
૧૦૦	ધનો/ ધના ભગત	૨ પદો
૧૦૧	ડુંગરપુરી	૧ પદ
૧૦૨	રઘુનાથ દાસ	૧ પદ
૧૦૩	રણછોડજી દિવાન	૧ પદ
૧૦૪	મનોહર સ્વામી / સચ્ચિદાનંદ	૭ પદો ૧૦ દોહરા
૧૦૫	અમીવિજય	૧ પદ
૧૦૬	અમરસંગ	૨ પદો
૧૦૭	હોથી	૩ પદો

જેમના સમયની સ્પષ્ટ વિગતો મળતી નથી એવા કવિઓ
(એમાંના મોટા ભાગના સંભવતઃ ૧૯મી સદી પૂર્વાર્ધના)

૧૦૮ જેસલ	૨ પદો
૧૦૯ તોરલ/ તોરલદે	૨ પદો
૧૧૦ મહમદશા કાજી	૩ પદો
૧૧૧ લોયણ	૪ પદો
૧૧૨ શાંતિદાસ	૩ પદો
૧૧૩ ભવાનીદાસ	૨ પદો
૧૧૪ દેવાયત પંડિત	૩ પદો
૧૧૫ લખમો માળી	૧ પદ
૧૧૬ દેવારામ	૧ પદ
૧૧૭ જાનકીબાઈ	૧ પદ
૧૧૮ કૃષ્ણાબાઈ	સીતાજીની કાંચળી
૧૧૯ પીઠો/પીઠાજી	૧ પદ
૧૨૦ કતીબશા પીર	૧ પદ
૧૨૧ લીરલબાઈ/લીળલબાઈ	૩ પદો
૧૨૨ રૂપાંદે	૧ પદ
૧૨૩ હરજી ભાટી	૧ પદ
૧૨૪ દલુ દલીચંદ વાણિયો	૧ પદ
૧૨૫ ભાદુદાસ	૧ પદ

.....લોકગીતો.....

+ લોક-ગીતકારો	૩૮ ગીતો/પદો

ooo

વિવિધ હસ્તપ્રતોના નમૂના

હસ્તપ્રત(મૅન્યુસ્ક્રિપ્ટ) એ પણ પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યની એક આગવી ઓળખ છે. કંઠસ્થ ને પઠિત કવિતાનું એ લેખનરૂપ. હસ્તપ્રત-લેખન એ સાંભળેલું કાગળ પર ઉતારનાર લહિયાઓના વ્યવસાય તરીકે જ નહીં પણલેખન-વિદ્યા કે લેખન-કલા (કૅલિગ્રાફી) તરીકે પણ વિકાસ પામ્યું હતું.

એથી અનેક પ્રકારની – સાદા, મરોડદાર, કલાત્મક, દ્વિરંગી, સચિત્ર લેખનવાળી હસ્તપ્રતો મળે છે. કેટલીક હસ્તપ્રતો સુવાચ્ય, કોઈ દુર્વાચ્ય, ક્યારેક કોઈ ખૂણા ફાટેલી, ખંડિત થયેલી પણ મળે છે. એની દેવનાગરી લિપિ કેટલાક વિશિષ્ટ અક્ષરો ને માત્રાઓવાળી હોય છે. વળી હ.પ્ર.ની સૌથી મોટી ખાસિયત એ શબ્દો વચ્ચે જગા ન છોડતા સળંગ લેખનની.

એટલે, હસ્તપ્રત વાંચવી એ પણ તાલીમ અને સજ્જતા માગી લે છે. એવી વૈવિધ્યવાળી હસ્તપ્રતોના કેટલાક નમૂના હવે જોઈએ :

1. **સુવાચ્ય મરોડવાળી પ્રત** (ચંદ્રહાસ-આખ્યાન, વિષ્ણુદાસ, ૧૭મી સદી ઉત્તરાર્ધની પ્રત)



દ્વિરંગી, સુશોભનવાળી પ્રત (હંસ-વત્સ કથા, અસાઈત,)

3 **સચિત્ર પ્રત** (ધ્રુવ આખ્યાન, અજ્ઞાત કવિ, ૧૮મી સદીની પ્રત)

4 **સચિત્ર પ્રત** (હરિ કી કથા, ભીમ)



5 દ્વિરંગી પ્રત, ખુલ્લી પોથી

6. **ખંડિત પ્રત** (ચંદ્રહાસ આખ્યાન, વિષ્ણુદાસ, ૧૬મી સદીની પ્રત)

મધ્યકાલીન ગુજરાતી કાવ્યસંપદા

૧૨મીથી ૧૫મી સદી પૂર્વાર્ધ

૧	હેમચંદ્રકાલીન કવિતા
૨	શાલિભદ્ર સૂરિ
૩	વસંતવિલાસ-કાર
૪	જિનપદ્મ સૂરિ
૫	અસાઈત
૬	શ્રીધર વ્યાસ
૭	જયશેખર સૂરિ
૮	હીરાણંદ

૧.

હેમચંદ્રકાલીન ગુજરાતી કવિતા (૧૨મી સદી ઉત્તરાર્ધ)



૬ દુહા

'કલિકાલસર્વજ્ઞ' ગણાયેલા જૈન સાધુ, ઉત્તમ કવિ અને પંડિત હેમચંદ્રાચાર્યે સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ ભાષાનું વ્યાકરણ 'સિદ્ધહૈમ-શબ્દાનુશાસન' નામે લખેલું એમાં ઉદાહરણો તરીકે, તે વખતે બોલાતી ભાષાના લોકપ્રચલિત દુહા ટાંકેલા.

એ દુહા આરંભકાળની ગુજરાતી ભાષાનું રૂપ કેવું હતું એ બતાવે છે. શૃંગાર અને વીર રસની તથા નીતિ-ગૌરવની પહેલી કવિતા એમાં સરસ ઊઘડેલી છે.

દુહા : ૧,૨ શૃંગાર રસ; ૩,૪ વીર રસ; ૫,૬ નીતિ અને ગૌરવ-બોધ

૧.

વાયસુ ઉડ્ડાવન્તિઅએ પિઉ દિટ્ઠઉ સહસત્તિ;
અધ્ધા વલયા મહિહિ ગય, અધ્ધા ફુટ્ટ તડત્તિ.

[ઘર પર કાગડો આવીને બેસે એટલે હવે કોઈ આવશે – એવી લોકમાન્યતા હતી. એવે ટાણે, પરદેશ ગયેલા પ્રિયતમ પતિની વાટ જોતી, ને દૂબળી પડી ગયેલી પત્ની, રોજ કાગડો (વાયસ) ઘર પર બેસે પણ પતિ તો આવે નહીં! એટલે ખિજાયેલી પત્ની એક વાર રોષથી **કાગડાને ઉડાડવા જતી હતી, એ જ ઘડીએ એણે સામે પતિને આવતો જોયો – એથી, ઊંચકેલા હાથપરનાં અરધાં બલોયાં** (એના હાથ પાતળા થઈ ગયા હોવાથી) **નીકળીને જમીન(મહી) ઉપર પડ્યાં બાકીનાં અરધાં બલોયાં તડ દઈને તૂટી ગયાં!**–કેમ કે પતિને જોતાં જ એ આનંદથી પુષ્ટથઈ ગઈ હતી!

અતિશયોક્તિ અલંકાર કેવો સરસ છે – બે જ ક્ષણ, એક વિયોગિની કૃશ પ્રિયતમાની ક્ષણ, બીજી પતિ-દર્શનથી (એકાએક!) પુષ્ટ થયેલી પ્રસન્ન પ્રિયતમાની ક્ષણ!]

૨.

હિઅઈ ખુડુક્કઈ ગોરડી, ગયણિ ધુડુક્કઈ મેહુ;
વાસારત્તિ પવાસુઅહં, વિસમા સંકડુ એહુ.

[હૈયામાં ખળભળે છે ગોરી, ને ગગનમાં ગડગડે છે મેઘ; વરસાદમાં પ્રવાસ કરનારને એ વિષમ સ્થિતિ સંકટરૂપ બને છે.

વરસને આરંભે, કમાવા બહાર (પર-દેશ) ગયેલો પુરુષ વર્ષા શરૂ થતાં જ ઘરે પાછો ફરે છે – એક તરફ ગોરી (પ્રિય પત્ની)ને મળવાની અધિરાઈ અને ઉચાટ (ખળભળાટ) છે ને બીજી બાજુ પ્રચંડ મેઘગર્જના ને વરસાદ – રસ્તો કાપવો મુશ્કેલ પણ છે ને થોભી જવાય એવી ધીરજ પણ નથી. વાસ્તવિક વિઘ્ન ને તીવ્ર મિલનેચ્છાનું સરસ શૃંગારિક આલેખન.]

૩.

પાઈ વિલગ્ગિ અંત્રડી, સિહુ લ્હસિઉ ખન્ધસ્સુ;
તો વિ કટારઇ હત્થડઉ, બલિ કિજ્જઉ કન્તસ્સુ.

[પગે વીંટળાયાં છે આંતરડાં ને મસ્તક ઢળી પડ્યું છે ખભે – છતાં પણ કટારી તો (એ જ વીરત્વથી) હાથમાં પકડી રાખી છે. – એવા (વીર યોદ્ધા) મારા કંથ પર હું વારી જાઉં છું.

ઉદ્‌ગાર એક વીર નારીનો છે. પતિ કાયર નથી એનું એને ગૌરવ છે – ભલે (દુશ્મનની કટારીથી) એનાં આંતરડાં નીકળીને પગમાં વીંટાયાં છે, ભલે કપાયેલું માથું ખભે લટકી ગયું છે પણ એના વીરત્વનો જુસ્સો એવો જ છે]

૪.

ભલ્લા હુઆ જુ મારિઆ બહિણી મહારા કન્તુ;
લજ્જેજં તુ વયસિ અહુ, જઈ ભગ્ગા ઘરુ એન્તુ.

[ભલે ને (યુદ્ધમાં) મરાયો મારો કંથ, ઓ બહેન, હું તો લાજી મરત સૌ સખીઓ વચ્ચે, જો એ (યુદ્ધથી ડરીને) ભાગી જઈને ઘરે આવ્યો હોત!
પ્રિય પતિ(કંથ)નું મૃત્યુ દારૂણ હોવા છતાં, વીર ક્ષત્રિયાણી, પતિના શૌર્યભર્યા મૃત્યુમાં સાચું ગૌરવ અનુભવે છે– કાયર થઈ ભાગી આવ્યો હોત તો સૌને શું મોં બતાવત!]

૫.

પુત્તે જાયે કવણુ ગુણુ, અવગુણુ કવણુ મૂએણ;
જા બપ્પી કી ભૂંહડી, ચમ્પિજજઈ અવરેણ.

[એવો પુત્ર જન્મ્યો એથી કયો લાભ (ગુણ), અને કયો ગેરલાભ એના મરવાથી – જો બાપીકી જમીન ચંપાઈ જાય (છિનવાઈ જાય) બીજાઓ દ્વારા.
જે પોતાની પૈતૃક સંપત્તિનું (જમીન વગેરેનું) રક્ષણ કરી શકે એટલો સક્ષમ પણ ન હોય એવો પુત્ર હોય તોય શું, ન હોય તોય શું – એમ કહેવામાં વીરત્વ અને ખુમારી છે]

૬.

જો ગુણ ગોવાઈ અપ્પણા, પવડા કરઈ પરસ્સુ;
તસ્સુ હઉ કલિ-જુણિ દુલ્લહો, બલિ કિજ્જઉં સુઅણસ્સુ.

[જે પોતાના ગુણ ઢાંકી(ગોવાઈ=ગોપવી) રાખે છે અને પ્રગટ કરે છે બીજાના ગુણ – તેવા (માણસ) કળિ-યુગમાં દુર્લભ હોય છે એટલે એવા સજ્જનો પર વારી જાઉ છું– પ્રસન્ન થાઉં છું. (બલિકિજ્જઉં)

અહીં માનવીય ગૌરવની, નમ્રતા અને નૈતિકતાની પ્રશંસા છે]

ooo

૨.

શાલિભદ્ર સૂરિ (૧૨મી સદી ઉત્તરાર્ધ)

રાજગચ્છના જૈન સાધુ. એમની ૨૦૩ કડીઓની એક કૃતિ ભરતેશ્વર-બાહુબલિ રાસ ઈ. ૧૧૮૫માં રચાયેલી, ગુજરાતીનાં લક્ષણો ધરાવતી પહેલી દીર્ઘ કૃતિ ગણાય છે. એમણે ૬૩ કડીનો બુદ્ધિરાસ (અપર નામ શાલિભદ્ર રાસ/હિતશિક્ષા-પ્રબુદ્ધ રાસ) પણ લખ્યો છે.

ભરતેશ્વર-બાહુબલિ રાસ -માંથી

[ચક્રવર્તી-પદ ઇચ્છતા બે ભાઈઓ ભરત અને બાહુબલિ વચ્ચે યુદ્ધનાં આહ્વાનો, બંને સેનાઓ અને પછી બંને વચ્ચેના દ્વંદ્વયુદ્ધનું ડિંગળ પ્રકારના વર્ણઘોષોથી થયેલું આલેખન તથા છેલ્લે પશ્ચાત્તાપપૂર્વક બંને ભાઈઓના ઉપશમ અને દીક્ષાનું નિરૂપણ આ કાવ્યને લાક્ષણિક ઠેરવે છે.
આ કાવ્યનો કેટલોક ભાગ અહીં સારાનુવાદ સાથે લીધો છે. પાઠ અને સાર બળવંત જાની સંપાદિત **ભરતેશ્વર-બાહુબલિ રાસ** -માંથી.]

ભરત-બાહુબલિ વચ્ચે દ્વંદ્વ-યુદ્ધ

વચનઝૂઝિ ભડ ભરહુ ન જિણઈ, દિષ્ટિઝૂઝિ હારિઉં કુણ અ ણઈ
દંડિઝુઝિ ઝડ ઝંપીય પડઈ, બાહુ-પાસિ પડિઉ તડફડઈ ૧૮૪

(સાર : વાગ્યુદ્ધમાં વીર ભરત જીત્યો નહિ. દૃષ્ટિયુદ્ધમાં કોઈ ન હાર્યું. દંડયુદ્ધમાં તે (ભરત) ફરીને ધડ દઈને પડ્યો. બાહુબલિ પાસે પડેલો તે તરફડવા લાગ્યો. ૧૮૪)

ગૂડાસમુ ધરણિ-મઝારિ, ગિઉ બાહુબલિ મુષ્ટિ-પ્રહારિ
ભરહ સબલ તઈ તીણઈ ધાઈ, કંઠ-સમાણઉ ભૂમિહિં જાઈ ૧૮૫

(ભરતના) મુષ્ટિપ્રહારથી બાહુબલિ ધરતીમાં ગોઠણસુધી ખૂંપી ગયો. તે સમયે તેના (બાહુબલિના) ઘાથી બળવાન ભરત ભૂમિમાં કંઠ સુધી ઘૂસી ગયો. ૧૮૫)

કુપીઉ ભરહ છ ખંડહ ધણી, ચક્ક પઠાવઈ ભાઈ-ભણી
પાખલિ ફિરી સુ વલીઉ જામ, કરિ બાહુબલિ ધરિઉં તામ ૧૮૬
((ત્યારે) છ ખંડોનો ધણી ભરત ગુસ્સે થયો. એણે ભાઈ પર ચક્ક છોડ્યું જ્યારે ચોતરફ ફરી (ચક્ક) પાછું વળ્યું ત્યારે બાહુબલિએ તેને હાથમાં પકડી લીધું. ૧૮૬)

બોલઈ બાહુબલિ બલવંત, લોહખંડિ તઉં ગરવીઉ હંત
ચક્ક-સરીસઉ ચૂનઉ કરઉં, સયલહં ગોત્રહ કુણ સંહરઉં ૧૮૭
(બળવાન બાહુબલિ બોલ્યો- "લોખંડના ટુકડાથી અરે તને ગર્વ થયો છે! હું પણ ચકની જેમ ચૂરો કરી નાખું, આખા ગોત્ર-કુળનો સંહાર કરી નાખું." ૧૮૭)

તુ ભરહેસર ચિંતઈશ ચિંતિ, મઈ પુણ લોપીય ભાઈય ભીતિ
જાણઉં ચક્ક ન ગોત્રી હણઈ, મામ મહારી હિવ કુળ ગિણઈ ૧૮૮
(ભરતેશ્વર મનમાં વિચારવા લાગ્યો – "મેં ભાઈની મર્યાદા (?) લોપી છે. ચક્ક સગોત્રને મારતું નથી, એ જાણું છું. હવે કોણ મારી મર્યાદા (?) રાખશે?" ૧૮૮)

તુ બોલઈ બાહુબલિ રાય(ઉ), ભાઈય મનિ મ મ ધરસિ વિસાઉ
તઈ જીતઉં મઈ હારિઉં ભાઈ, અમ્હ શરણ રિસહેસર-પાય ૧૮૯
(ત્યારે બાહુબલિ રાજા બોલ્યો - "ભાઈ મનમાં દુઃખ ન લગાડિશ.
ભાઈ, તું જીત્યો, હું હાર્યો. ઋષભેશ્વરના ચરણ આપણું શરણ છે. ૧૮૯)

બાહુબલિનું આત્મમંથન

તઉ તિહિં એ ચિંતઈ રાઉ, ચડિઉ સંવેગિઈ બાહુબલે

દૂહવિઉ એ મઈ વડુ ભાય, અવિમાંસિઈ અવિવેકવંતિ ૧૯૦
(ત્યારે સંવેગે (વૈરાગ્ય) ચડેલો બાહુબલિ રાજા વિચારવા લાગ્યો - "મેં અવિચારી ને અવિવેકભર્યું (વર્તન) કરીને મોટાભાઈને દુભવ્યા છે. ૧૯૦)

ધિગ ધિગ એ એય સંસાર, ધિગ ધિગ રાણિમ રાજરિદ્ધિ
એવડુ એ જીવસંહાર, કીધઉ કુણ વિરોધવસ્સિ ૧૯૧
(આ સંસારને ધિક્કાર હો! રાજત્વ અને રાજસમૃદ્ધિને ધિક્કાર હો! ક્યા વિરોધને વશવર્તી મેં આવો (મોટો) જીવસંહાર કર્યો?) ૧૯૧

કીજઈ એ કહિ કુણ કાજિ, જઉ પુણ બંધવ આવરઈ
કાજ ન એ ઈણઈ રાજિ, ઘરિ પુરિ નયરિ ન મંદિરિહિ ૧૯૨
(જેનાથી ભાઈ વિપત્તિમાં આવે, (?) એવું કાર્ય કહો, શા માટે કરવું? આ રાજ, ઘર, પુર, નગર કે મંદિર - (કશાનું) મારે કામ નથી.) ૧૯૨

સિરિ-વરિ એ લોચ કરેઇ, કાસગિ રહીઉ બાહુબલે
અંસૂઉ એ અંખિ ભરેઈ, તસ પય પણમએ ભરહ ભડો ૧૯૩
(બાહુબલિએ માથા પરના વાળનો લોચ કર્યો (ખેંચી નાખ્યા) ને કાઉસગ્ગમાં રહ્યો.આંખમાં આંસુ ભરીને વીર ભરત તેને પગે પડ્યો.) ૧૯૩

ભરતનો પસ્તાવો

બાંધવ એ કાંઈ ન બોલ, એ અવિમાંસિઉં મઈ કીઉં એ
મેલ્હિ મ એ ભાઈ નિટોલ, ઈણિ ભવિ હું હિવ એકલુ એ ૧૯૪
(ભાઈ, કાંઈ બોલીશ નહિ. મેં અવિચારીપણે આ કર્યું હતું. ભાઈ, મને ખરેખર તજીશ નહિ. આ ભવમાં હવે હું એકલો છું. ૧૯૪)

કીજઈ એ આજુ પસાઉ, છંડિ- ન- છંડિ ન છયલ છલો
હીયડઇ એ મ ધરિ વિસાઉ, ભાઈય અમ્હે વિરાંસીયા એ ૧૯૫
(આજે પ્રસાદ કરો. હે દક્ષ (ભાઈ), છળ (થયું છે એમ વિચારવું) છોડી દો, છોડી દો. હૃદયમાં વિષાદ ન ધરો. ભાઈ, અમે પણ વિશ્વાસમાં છેતરાયા છીએ. ૧૯૫)

બાહુબલિનો સંસારત્યાગ

માનઈ એ નવિ મુનિરાઉ, મૌન ન મેલ્હઈ મન્નવીય
મુક્કઈ એ નહુ નીય માણ, વરસ દિવસ નિરસણ રહીય ૧૯૬
(મુનિરાજ માન્યા નહિ. મનાવ્યા છતાં મૌન મૂક્યું નહિ. પોતાનું માન પણ છોડ્યું નહિ. વરસ દિવસ સુધી ઉપવાસી રહ્યા.) ૧૯૬

બંભી-સુંદરિ બેઉ, આવીય બંધવ બુઝવઈ એ
ઊતરિ એ માણગયંદ, તુ કેવલિસિરિ અણસરઈ એ ૧૯૭
(બ્રાહ્મી અને સુંદરી - બેઉએ આવી ભાઈને જ્ઞાન આપ્યું. અભિમાનરૂપી ગજેન્દ્રથી નીચે ઊતરશો તો કેવલશ્રી તમને પ્રાપ્ત થશે (અનુસરશે). ૧૯૭

ઊપનું એ કેવલ-નાણ, તુ વિહરઈ રિસહેસ સિઉં
આવીઉ એ ભરહ નરિંદ, સિઉં પરગહિ અવઝાપુરિ એ ૧૯૮
(તેમને (બાહુબલિ)ને કેવળ-જ્ઞાન ઉત્પન્ન થયું. તે ઋષભેશ્વર સાથે વિહરવા લાગ્યા. રાજા ભરત પોતાના પરિવાર સાથે અયોધ્યાપુરી આવ્યા.) ૧૯૮

હરિષીયા એ હીઇ સુરિંદ, આપણપઇ ઉચ્છવ કરઇ એ
વાજઈ એ તાલ કંસાલ, પડહ પખાઉજ ગમગમઈ એ ૧૯૯
(હૃદયમાં હર્ષ પામેલા ઈન્દ્રે પોતે ઉત્સવ કર્યો. તાલ અને કંસાલ વાગે છે. ઢોલ ને પખવાજ 'ગમગમ' અવાજ કરે છે.) ૧૯૯

આવઈ એ આયુધસાલ, ચક્ક-રયણ તઉ રંગભરે
સંખ ન એ જસ કેકાણ, ગયઘડ રહવર રાણિમઈ ૨૦૦
(ત્યારે એ રંગભર્યું ચકરત્ન આયુધશાલામાં આવ્યું. ત્યાં (ભરતના) રાજત્વમાં અશ્વો, ગજોના સમૂહ અને ઉત્તમ રથો અસંખ્ય હતા.) ૨૦૦

દસ દિસિ એ વરતઈ આણ, ભડ ભરહેસર ગહગહઇ એ
રાયહ એ ગચ્છ સિણગાર, વયરસેણ-સૂરિ પાટધરો– ૨૦૧
(હર્ષથી ઉત્સાહિત વીર ભરતેશ્વરની આણ દશે દિશામાં વર્તાઈ.
રાજગચ્છના શણગારરૂપ વજાસેનસૂરિના પટ્ટશિષ્ય-- ૨૦૧)

–ગુણગણહં એ તણુ ભંડાર, સાલિભદ્ર સૂરિ જાણીઈ એ
કીધઉં એ તીણી ચરિતુ, ભરહનરેસર રાઉ છંદિ એ ૨૦૨
(– ગુણના સમૂહના ભંડારરૂપ શાલિભદ્રસૂરિને જાણો.એણે રાસછંદમાં ભરત રાજાનું ચરિત્ર લખ્યું. ૨૦૨)

જો પઢઈ એ વસુહા વદીત, સો નરો નિતુ નવ નિહિ લહઈ એ
સંવત એ બાર(૧૨) કએતાલિ(૪૧) ફાગુણ પંચમિઇ એઉ કીઉ એ ૨૦૩
(જે મનુષ્ય (આ ચરિત) વાંચશે, તે પૃથ્વીમાં પ્રસિદ્ધ થશે અને નિત્ય નવનિધિ મેળવશે. સંવત ૧૨૪૧ ફાગણ પંચમીએ આ (ચરિત) લખ્યું છે.) ૨૦૩

ooo

૩.

વસંતવિલાસ-કાર(૧૪મી સદી પૂર્વાર્ધ)

એના કવિનું નામ મળતું નથી – નતર્ષિ/રત્નાકર/ મુંજ એવાં અનુમાનો થયેલાં એને કોઈ આધાર નથી, એટલે કવિનામ અ-જ્ઞાત છે. દુહામાં લખાયેલું આ 'વસંતવિલાસ' એક ઉત્તમ રસપ્રદ ફાગુકાવ્ય છે. વસંતઋતુના ઉદ્દીપક વર્ણન સાથેનું આ પ્રેમવિહારનું કાવ્ય અંતર્યમકવાળી, પદમધુર ભાષાની સુંદરતા પણ પ્રગટ કરે છે. એની એક પ્રતમાંનાં ચિત્રો રાજપૂત કે મોગલ શૈલીથી જુદાં અને વિશિષ્ટ છે.

વસંતવિલાસ-માંથી

(કાવ્યના આરંભે, પહેલાં તો સરસ્વતીનું અર્ચન-વંદન કરીને વસંત ઋતુનું અને રસિક યુવાન યુગલો પર એના પ્રસન્ન પ્રભાવનું આલેખન કરે છે. મહોરેલા આંબા, મલયસમીર, ભ્રમર-ગુંજારવ, કોકિલકૂજન – એવો વસંતવૈભવ; અનંગ કામદેવની યોગી તેમજ વિયોગી નરનારીઓ પર થતી અસર; રૂપસૌંદર્યનું અને સંયોગના શૃંગાર-આનંદનું શબ્દ અને અર્થના સુંદર અલંકારોથી આલેખન – ૧૪મી સદીની આ સ-રસ ગુજરાતી ભાષા થોડાક પ્રયત્નથી જરૂર વાંચી શકાશે.)

પહિલૂં સરસતિ અરચીસૂં (રચીસૂં વસન્તવિલાસ),
વીણ ધરઈ કરિ દાહિણ, વાહણ હંસલુ જાસ. ૧

પહુતીય તિઉણી હિવ રતિ વરતિ; પહુતી વસન્ત.
દહ દિસિ પસરઈ પરિમલ; નિરમલ થ્યા નભ-અન્ત. ૨

સીત ગિઉં હિમવન્તિ; વસન્તિ લિઉ અવતાર.
અલિ મકરન્દિ મુરિઆ; કહુરિઆ સવિ સહકાર. ૩

મયણ તણા ગુણ ગહગહ્યા, મહમહ્યા મહુ મહકાર.
ત્રિભુવનિ જયજયકાર પુકારઈ પિક અપારિ. ૪

પદ્મિની-પરિમલ બહિકઈ. લહિકઈ મલય-સમીર.
મયણ જિહાં પરિપન્થી, પન્થી ધાઇ અધીર. ૫

માનિની જન મન ખોભન સોભન વાઉલા વાઈ.
નિધુવન કેલી પામી કામી અંગિ સુહાઈ. ૬

સ્મર મુનિનાં મન ભેદઈ, છેદઈ માનિની માન,
કામી મનિ આનન્દઈ, કન્દઈ પથિક પરાણ. ૭

વનિ વિરચ્યા કદલીહર દીહર મણ્ડપ માલ;
તલિયા તોરણ સુન્દર; ચન્દરવા છિ વિસાલ. ૮

ખેલન વાવિ સુખાલી; (જાલી ગૂખ વિસ્રામ).
મૃગમદપૂરિ કપૂરહિં પૂરહિ જલ અભિરામ. ૯

રંગભૂમિ સજકારી, ઝારી કુડ્કુમ ઘોલ,
સોવનસાંકળ સાંધી, બાંધી ચમ્પકદોલ. ૧૦

તિહાં વિલસઇ સવિ કામુક જામક હૃદયચિરંગ.
કામુ જિસ્યા અલવેસર વેસ રચઈ વર અંગિ. ૧૧

અભિનવ પિરિ સિણગારી નારી રમઇ વિસેસિ.
ચન્દનભરી કચોલી ચોલી મણ્ડન રેસિ. ૧૨

નવ જોબન અભિરામ તિ રામતિ કરંઈ સુરંગિ,
સ્વર્ગિ જિસ્યાં સુર ભાસુર રાસુ રસઇ વર અંગિ. ૧૩

જયરણિ રોધઈ તીવન જીવન તણૂં સુવાન.
વાસભવનિ તિહાં વલસઇ જલસઈ અલિઅલ આન.૧૪

કામુક જન મન જીવન તી વન નગર સુરંગ.
રાજુ કરઈ અભંગિહિ રંગિહિં રાઉ અનંગ. ૧૫

અલિ જન વસઈ અનન્ત, વસન્ત તિહાં પરધાનું.
તરુઅર વાસનિકેતન. કેતન કિસલસંતાન. ૧૬

ચન્દન વન અવગાહી, નાહી સરવર-નીરિ,
મન્દ-સુરભિ-હિમ-લક્ષ્મણ દક્ષિણ વાઈ સમીર. ૧૭

વનિ વિરચઈ સિરિ નન્દન ચન્દન ચન્દચુ મીત.
રતિ પ્રીતિ-સ્યૂં સોહઈ, મોહઈ ત્રિભુવન ચીત. ૧૮

ગરુઉ મદન મહીપતિ દીપતિ સહિણુ ન જાઈ.
કરઈ નવી નવી જુગતિ; જુગતિ પ્રતાપ ન માઈ. ૧૯

કુસુમ તણૂં કરિ ધણહ રે, ગુણ હ રે ભમરમાલ;
લખ લાઘવિ નવિ ચૂકઈ; મૂકઈ સર સુકુમાલ. ૨૦

મયણજિ વયણનિરોપઈ લોપઈ કોઈ ન આણ.
માનિની જનમન હાકઈ; તાકઈ કિસલકૃપાણ. ૨૧

ઈમ દેખી રિદ્ધિ કામની કામિની કિનરકણ્ઠિ
નેહગહેલી માનિની માનની મૂકઈ ગણ્ઠિ. ૨૨

કોઈલિ આંબુલાડલી, આલી! કરઈ નિનાદ.
'કામ તણુ કરી આઈસુ' આ ઈસુ પાડઈ સાદ. ૨૩

જં ભણુ થિર ન પયોહર, મોહરચુ મગ માર,
માન રચુ કિસ્યા કારણિ? તારુણ દીહ બિચ્યારિ. ૨૪

નાહુ નિસિ છઈ ગામટિ, સામટિ મય વય જાણિ.
મયણ મહા ભડ ન સહી અ, સહી! અસુ હણઈ બાણિ.૨૫

ઈણ પરિ કોઈલિ કૂજઈ; પૂજઈ જુવતિ મણોર.
વિધુર વિયોગિની ધૂજઈ. કૂઝઈ મયણ કિશોર. ૨૬

વિણસઈ, જિમ જિમ વિહસઈ, સહસઈ માનિની માન.
જોબન મદિહિં ઊદમ્પ તી દમ્પતી થાઈ જુવાન. ૨૭

જે કિ ઈમ ગતિ ચાલઈ, સાલઈ વિરહિણી અંગ;
બાલઈ વિરહકારલી બાલી તે બહુ ભંગ. ૨૮

ઘૂમઈ મધુપ સકેસર કેસર મુકુલ અસંગ,
ચાલતિ રતિપતિ સૂરઈ પૂરઈ સુભટ કિ શંગ. ૨૯

બઉલવિલૂધલા મહુઅર બહુ અ રચઈ ઝણકાર;
મયણર હઈઆણન્દણ વન્દણ કરઈ કઈ વાર. ૩૦

ચાંપુલા તરુઅરની કલી નીકલી સોવનવાન.
માર-માર્ગ ઉદ્દીપક દીપક જઈ સમાન. ૩૧

કામિની બાંધઈ તરકસ તરકસ પાડલ ફૂલ.
માંહિ રચ્યાં કિ રે કેસર કે સરનિકર સમૂલ. ૩૨

આંબુલિ માંજર લાગી, લાગી મધુકરમાલ,
મૂકઈ હિઈ કે વિરહિઅ વિરહિ અ ધૂમવિરાલ ૩૩

કેસૂ-કલી અતિ વાંકુડી આંકુડી મયણચી જાણિ,
વિરહિણીનાં ઈણ કાલિ ન કાલિજ કઢાઈ તાણિ. ૩૪

વીર સુભટ કુસુમાયુધ. આયુધ સાલ અશોક.
કિસલ જિસ્યાં અસિ, ઝબકંઈ ઝબકંઈ વિરહિણી લોક. ૩૫

પથિક ભયંકર કેતુ કિ કેતકીદલ સુકુમાર,
વિરહિઅ હિઅઅ-વિદારણ દારુણ કરવત-ધાર. ૩૬

ઈમ દેખી વન-સંપઈ કમ્પઈ વિરહિણી-સાથ;
આંસૂઈ નયણ નિશા ભરઈમ, સાંભરઈ જિમ નાથ. ૩૭

વિરહિ કરાલી બાલી ફાલી, ચોલી, ચંગ
વિસય ગિણઈ ત્રિણ તોલઈ; બોલઈ તે બહુ ભંગ. ૩૮

રહિ, રહિ, તોરી. જો, અલી કોઈલી! સ્યૂં બહુ વાસિ?
નાહુ અજ્જ નવિ આવઈ. ભાવઈ મું ન વિલાસ. ૩૯

હાર તે ભાર મું ઉર વરિ. સઈરિ! સિંગાર અંગર.
ચીંત હરઈ નવિ ચંન્દન, ચન્દ નહિ મનોહર. ૪૦

સખિ! દીહ દૂખ અનીઠઉં. દીઠઉં ગમઈ ન ચીર.
ભોજન આજ ઊછીઠઉં. મીઠઉં સદઈ ન નીર. ૪૧

સકલ કલા તૂં, નિસાકર! સા કરિ સઈરિ સંતાપ?
અબલા મ મારિ, કલંગી! સંગી હુવઈ પાપુ. ૪૨

ભમરલા! છાંડિ ન પાખલ. ખાંખલ થ્યાં અહ્મ સઈર.
ચાંદુલા! સઈર-સંતાપણ! આપણ તાં નહિ વઈર. ૪૩

બહિનૂ! રહિ નહિ મનમથ મન મથતુ મુહ અરાતિ;
અંગ અનોપમ સોસઈ; પોસઈ વઈરણિ રાતિ. ૪૪

કહિ, સહિ! મુઝ પ્રિય વાતડી. રાતડી કિમહિ ન જાઈ.
દોહિલઉ મકરકેતન. ચેત નહીં મુઝ ઠાઈ. ૪૫

સખી! મુઝ ફરકઈ જાંઘડી; તાં ઘડી વિલગઈ આજ.
દૂખ સવે હવં વામીસૂં, પામીસૂં પ્રિય તણૂં રાજુ. ૪૬

વિરહ સહૂ તે ભાગલુ કાગલુ કરલઉ પેખિ.
વાયસના ગુણ વરણઈ, અરણ ઈ તાજિ વિશેખિ. ૪૭

ધન ધન, વાયસ! તૂં સર. મૂં સરવસ તૂં દેસું.
ભોજનિ કૂર કરાંબલુ. આંબલુ જરહુ લહેસુ. ૪૮

દેસુ કપૂરચી વાસિ રે, વાસિ રે સર એઉ,
સોવન ચાંચ નિરુપમ, રુપમ પાંખડી બેઉ.૪૯

સકુન વિચારિ સંભાવિઆ આવિઆ તિહાં વાલમ્ભ.
નિસિ ભરિ નિજ પ્રિય નિરખી હરખી દિઈ પરિરમ્ભ. ૫૦

o

મકરન્દિ માતી પદ્મિની પદ્મિની જિમ નવ નેહિ,
અવસરિ લેવુ રસુ મૂકઈ, ચૂકઈ ભમરલુ દેહિ. ૮૩

ભરમ! પલાસ કરાં બલા; આંબલા આંબલી છાંડિ.
કુચફલિ ફલિત કિ તરુણી કરણી સિઉ રતિ માંડિ. ૮૪

દમનહ ગુણિ મદમાતઉ રાતઉ રુપિહિં ભૃંગુ
કુન્દ કુસુમ રમાડઈ; છાંડઈ ચાંપુલા સંગ. ૮૫

ઈણ પરિ નિતુ પ્રિય રગ્જુવઈણ ઈણ ઠાઈ.
ધન ધન તે ગુણવન્ત, વસન્તવિલાસ રે ગાઈ. ૮૬

ooo

૪.

જિનપદ્મસૂરિ(૧૪મી સદી પૂર્વાર્ધ)

આ જૈન સાધુને સંપ્રદાયમાં સૂરિ પદ મળેલું. દુહા-રોળા છંદોમાં ૨૭ કડી ને ૭ ભાસ વાળું એમનું 'સ્થૂલિભદ્ર ફાગુ' વર્ષાઋતુ, કોશા ગણિકાનું સૌંદર્ય અને સ્થૂલિભદ્રનો કામ પરનો વિજય આલેખે છે. ગુજરાતીનું એ સૌથી પ્રાચીન ફાગુ કાવ્ય ગણાયું છે.

'સ્થૂલિભદ્ર ફાગુ'

(સાધુ સ્થૂલિભદ્ર પોતાના પૂર્વાશ્રમની પ્રેયસી કોશા ગણિકાના દ્વારે, ગુરુ-આજ્ઞાથી, ચાતુર્માસ ગાળવા જાય છે. ઉદ્દીપ્ત કરનારી વર્ષાઋતુ છે, સૌંદર્યવાન કોશા આ પૂર્વપ્રેમીને લોભાવવા યત્ન કરે છે. સાધુ નિર્વિકાર રહે છે. કહે છે : મારુચ મન તો હવે સંયમશ્રીમાં લીન છે. સારાનુવાદ મધ્યકાલીન જૈન કવિતાસંચય,સંપા. અભય દોશી-માંથી)

સિરિ-થૂલિભદ્ર ફાગુ

પણમિય પાસ-જિણિંદ-પય અનુસરસઈ સમરેવી ।
થૂલિભદ્ર-મુણિવઈ ભણિસુ ફાગુ-બંધિ ગુણ કે-વી ॥ ૧ ॥

પ્રથમ ભાસ

(અહ) સોહગ-સુંદર રૂવવંતુ ગુણ-મણિ ભંડારો
કંદણ જિમ ઝલકંત-કંતિ સંજમ-સિરિ-હારો ।
નયરરાય પાડલિય માહિ પહુતઉ વિહરંતઉ ॥ ૨ ॥
વરિસાલઈ ચઉમાસ-માહિ સાહૂ ગહગહિયા
લિયઈ અભિગ્ગહ ગુરુહ પાસિ નિય-ગુણ-મહમહિય ।
અજ્જ-વિજયસંભુઈ-સૂરિ ગુરુ-વર મોકલાલઈ
તસુ આઈસિ મુણીસ કોસ-વેસા-ધીર આવઈ ॥ ૩ ॥

મંદિર-તોરણિ આવિયઉ મુણિવરુ પિક્ખેવી
ચમકિય ચિત્તિહિ દાસડિય વેગિ જાઈ વધાવી ॥
વેસા અતિહિ ઊતાવલિય હરિહિ લહકંતી
આવિય મુણિવર-રાય-પાસિ કરયલ જોડતી ॥ ૪ ॥
'ધમ્મ-લાભુ' મુણિવઈ ભણવિ ચિત્રસલી મંગેવી ।
રહિયઉ સીહ-કિસોર જિમ ધીરિમ હિયઈ ધરેવી ॥ ૫ ॥

(અનુવાદ
પાર્શ્વ જિનેન્દ્રના પદે પ્રણામ કરીને અને સરસ્વતીને સ્મરીને ફાગુ-બંધ રૂપે મુનિપતિ સ્થૂલિભદ્રના કેટલાક ગુણ કહીશ (૧)

અથ (એક વાર) સૌભાગ્યસુંદર, રૂપવંત, ગુણ-મણિ-ભંડાર, કાંચન સમાન ઝળકતી કાંતિવાળા, સંયમશ્રીના હારરૂપ, મુનિરાજ સ્થૂલિભદ્ર જ્યારે મહીતલ પર બોધ કરતા (હતા, ત્યારે) વિહરતા (વિરતા તે) નગરરાજ પાટલિ(પુત્ર)માં (આવી) પહોંચ્યા.(૨).

નિજગુણે શોભતા સાધુઓ વર્ષાકાલમાં ચાતુર્માસમાં ગદ્‌ગદિત થઈને ગુરુની પાસે અભિગ્રહ લે છે, (ને) ગુરુવર આર્યસંભૂતિવિજયસૂરિની અનુજ્ઞા લે છે. તેમના આદેશથી મુનીશ (સ્થૂલિભદ્ર) કોશા વેશ્યાને ઘેર આવે છે. (૩)

આવાસના તોરણે મુનિવર આવ્યા જોઈને ચિત્તમાં ચમકેલી (અચરજ પામેલી) દાસી વધામણી આપનારી (તરીકે કોશા પાસે) વેગે જાય છે. વેશ્યા હારથી લહેકતી (ઝૂકતી), કરતલ જોડતી અતી ઉતાવળી મુનિવર-રાજ પાસે આવી. ૪). એને 'ધર્મલાભ' કહીને પોતાના નિવાસ માટે ચિત્રશાલા માગીને તે મુનિપતિ (મુનિરાજ) સિંહકિશોરની જેમ ધર્મને હૈયે ધરીને રહ્યા. (૫)

દ્વિતીય ભાસ

ઝિરિમિરિ ઝિરિમિરિ ઝિરિમિરિ એ મેહા વરિસંતે
ખલહલ ખલહલ ખલહલ એ વાહલા વહંતે ॥

ઝબઝબ ઝબઝબ ઝબઝબ એ વીજુલિય ઝબ્બુક્કઈ
થરહર થરહર થરહર એ વિરહિણી-મણુ કંપઈ ॥ ૬ ॥
મહુર-ગંભીર-સરેણ મેહ જિમ જિમ ગાજંતે
પંચબાણ નિય કુસુમ-બાણ તિમ તિમ સાજંતે
જિમ જિમ કેતકીમહુમહંત પરિમલ વિહસાવઈ તિમતિમ
કામિય ચરણ લગ્ગિ નિયરમણિ મનાવઈ ॥ ૭ ॥
જિમ જિમ જલ-ભર-ભરિય મેહ ગયણંગણિ મિલિયા
સિયલ કોમલ સુરહિવાય જિમ જિમ વાયંતે ।
માન મડફ્ફર માણણિય તિમતિમ નાસંતે
તિમ તિમ પંથિય-તણા નયણ નીરિહિ ઝલહલિયા ॥ ૮ ॥

(ઝરમર ઝરમર ઝરમર મેઘ વરસે છે, ખળખળ ખળ ખળ ખળખળ વહેળા વહે છે, ઝબઝબ ઝબઝબ ઝબઝબ વીજળી ઝબકે છે, (ને) થરથર થરથર રથર વિરહિણીનું મન કંપે છે. (૬).

મધુર ગંભીર સ્વરે મેઘો જેમ જેમ ગાજતા, તેમ તેમ પરિમલ પ્રસરાવે છે, તેમ તેમ કામી (જન) નિજ રમણીને ચરણે (પગે) લાગીને મનાવે છે. (૭).

શીતળ, કોમળ, સુરભિ વાયુ જેમ જેમ વાતો, તેમ તેમ માનિનીનાં માન ને ગર્વ નાસતા. જેમ જેમ જલભારભર્યા મેઘ ગગનાંગણમાં એકત્રિત થયા, તેમ તેમ પથિકોનાં નયન નીરથી જળહળ્યાં (નયનમાં ઝળહળિયાં આવ્યાં). (૮)

અને મેઘના રવથી જેમ જેમ મોર ઊલટભર નાચે છે, તેમ તેમ માનિની, ચોર પકડતાં જેમ ખળભળે (ક્ષુબ્ધ થાય) (તેમ ખળભળે છે). (૯)

તૃતીય ભાસ

મેહા રવ-ભર-ઉલટિ જિમ જિમ નાચઈ મોર ।
તિમ તિમ માણિણિ ઝલભલઈ સાહિતા જિમ ચોર ॥ ૯ ॥
અહ સિંગારુ કરેઈ વેસ મોટઈ મન-ઊલટિ
રઈય (?) અંગિ બહુ-રંગિ ચંગિ ચંદણ-રસ-ઊગટિ ॥

ચંપક-કેતકિ-જાઈ-કુસુમ સિરિ ખુંપ ભરેઈ
અતિ-અચ્છઉ સુકુમાલ ચીરુ પહિરણિ પહિરેઈ ॥ ૧૦ ॥
લહલહ-લહલહ-લહલહએ ઉરિ મોતિય-હારો
રણરણ-રણરણ-રનરણએ પગિ નેઉર-સારો ॥
ઝગમગ-ઝગમગ-ઝગમગ એ કાનિહિ વર-કુંડલ
ઝલહલ-ઝલહલ-ઝલહલ આભરણહં મંડલ ॥ ૧૧ ॥
મયણ-ખગ્ગુ જિમ જહલહએ જસુ વેણી-દંડો
સરલઉ તરલઉ સામલઉ (?) રોમાવલિ-દંડો ॥
તુંગ પયોહર ઉલ્લસઈ (જિમ) સિંગાર-થવક્કા
કુસુમ-બાણિ નિય અમિય-કુભ કિર થાપણિ મુક્કા ॥ ૧૨ ॥
કજ્જલિ અંજાવિ નયણ-જુય સિરિ સઇંથઉ ફાડેઈ ।
બોરિયોવડિ-કંચુલિય પુણ ઉર-મંડલિ તાડેઈ ॥ ૧૩ ॥

(એટલે વેશ્યા નની મોટી ઊલટથી શણગાર કરે (સજે) છે. અંગ પર સુંદર, બહુરંગિ ચંદનરસનું વિલેપન કરે છે. (?) શિર પર ચંપક, કેતકી (ને) જાઈના કુસુમનો ખૂંપ ભરે છે. પહેરવામાં અતિ આછું સુંવાળું ચીર પહેરે છે. (૧૦).

ઉર પર મોતીહાર લહલહલહલહ લહલહ થાય છે. પગમાં ઉત્તમ નૂપુર રુમઝુમ રુમઝુમ રુમઝુમ થાય છે. કાનમાં ઉત્તમ કુડંળ ઝગમગ ઝગમગ ઝગમગ થાય છે. (તેના) આભરણોનું મંડળ (સમૂહ) ઝળહળ ઝળહળ ઝળહળ થાય છે. (૧૧).

જેનો વેણીદંડ મદનના ખડર્ગની જેમ લહલહે છ. જેનો રોમાવલિદંડ સરળ, તરલ ને શ્યામલ (છે). શૃંગાર-રતબક (શા) તુંગ પયોધર ઉલ્લસે છે -જાણે કે કુસુમબાણે (કામદેવે) નિજ અમૃતકુંભ થાપણ (તરીકે) મૂક્યા (છે). (૧૨).

નયનયુગલ કાજળે આંજીને શિર પર સેંથો ફાડે (પાડે) છે. વળી ઉરમંડળ પર બોરીયાવાળી કાંચળી બાંધે છે. (૧૩).

ચતુર્થ ભાસ

કઝ-જુયલ જસુ લહલંહત કિર મયણ-હિંડોલા

ચંચલ ચપલ તરંગ-ચંગ જસુ નયણ-કચોલા ॥
સોહઈ જાસુ કપોલ-પાલિ જણુ ગાલિમસૂરા
કોમલ વિમલુ સુકંઠુ જાસુ બાજઈ સંખ-તૂરા ॥ ૧૪ ॥
લવણિમ-રસ-ભર-કૂવડિય જસુ નાહિય રેહઈ
મયણ-રાય કિર વિજય-ખંભ જસુ ઊરુ સોહઈ
જસુ નહ-પલ્લવ કામદેવ-અંકુસ જિમ રાજઈ
રિમિઝિમિ રિમિઝિમિ પાય-કમલિ ઘાધારે યસુ વાજઈ ॥ ૧૫ ॥
નવ-જોબણ-વિલસંત-દેહ નવનેહ-નહિલ્લી
પરિમલ-લહરિહિ મહમહંત રઈ-કેલિ બહિલ્લી ॥
અહર-બિંબ પરવાલ-ખંડ વર-ચંપા-વન્ની
નયણ-સલૂણીય હાવ-ભાવ-બહુરસ-સંપુન્ની ॥ ૧૬ ॥
ઈય સિંગાર કરેવિ વર જઉ આવી મુણિ-પાસિ ।
જોએવા કઉતિગિ મિલિય સુર-કિન્નર આકસિ ॥ ૧૭ ॥

(જેનું કર્ણયુગલ જાણે કે મદનહિંડોળા (હોય તેમ) લહલહે છે, જેનાં નયનકચોળાં ચંચળ, ચપળ અને તરંગ-સુંદર છે, જેના કપાલ-તલ જાણે કે ગાલમસૂરિયાં (હોય તેમ) શોભે છે, જેનો કોમળ, વિમળ સકુંઠ (જાણે કે) (શંખમાંથી) તૂરિય વાગતું હોય (તેવો છે.) (૧૪)

જેની નાભિ લાવણ્યરસે ભરેલી કૂપિકા (કૂઈ) (જેવી) શોભે છે. જેના ઉરુ જાણે કે મદનરાજન વિજયસ્તંભ (હોય તેમ) શોભે છે. જેના નખપલ્લવ કામદેવના અંકુશની જેમ વિરાજે છે. જેના પાદકમળમાં ઘૂઘરી રુમઝુમ રુમઝુમ વાગે છે. (૧૫).

નવયૌવને વિલસતા દેહવાળી, અભિનવ સ્નેહથી ઘેલી, પરિમલ-લહરીથી મઘમઘતી પહેલી રતિકેલિ (સમા), પ્રવાલ-ખંડ સમા અધરાબિંબવાળી, ઉત્તમ ચંપકના વર્ણવાળી, હાવભાવ ને બહુ રસથી પૂર્ણ, નયનસલૂણી (તે શોભતી હતી). (૧૬). આ પ્રમાણે ઉત્તમ શણગાર કરીને (સજીને) જ્યારે (તે મુનિ પાસે આવી, (ત્યારે) આકાશમાંથી સુરો (તથા) કિન્નરો કૌતુકથી જોવા મળ્યા (એકત્રિત થયા). (૧૭)

પંચમ ભાસ

(અહ) નયણ-કડક્કિબહિં આહણએ વાંકઉ જોવંતી
હાવ-ભાવ-સિલંગર-ભંગિ નવ-નવિય કરંતિ ॥
તહ વિ ન ભીજઈ મુણિ-પવરો તઉ વેસ બોલાવઈ
'તવણ-તુલ્લુ તુહ વિરહ, નાહ! મહ તું સંતાવઈ ॥ ૧૮ ॥
બારહ વરિસહં તણઉ નેહુ કિણિ કારણિ છંડિઉ
એવડુ નિઠ્ઠુરપણઉં કાંઈ મૂ-સિઉં તુમ્હિ મંડિઉ ॥
થુલિમદ્ર પભણેઈ 'વેસ! અઈ-ખેતુ ન કીજઈ
લોહિહિ ઘડિયઉ હિયઉ મજ્ઝ, તુહ વયણિ ન ભીંજઈ ॥ ૧૯ ॥
'મહ વિલવંતિય-ઉવરિ, નાહ! અણુરાગ ધરીજઈ
એરિસુ પાવસ-કાલુ સયલુ મૂ-સિઉં માણીજઈ ॥
મુણિવઈ જંપઈ 'વેસ! સિદ્ધિ-રમણી પરિણેવા
મણુ લીણઉ સંજમ-સિરીહિં સિઉં ભોગ રમેવા ॥ ૨૦ ॥
ભણઈ કોસ 'સાચઉં કિયઉં નવલઈ રાજઈ લોઉ'।
મૂં મિલ્હિવિ સંજય-સિરિહિં જઉ રાતઉ મુણિ-રાઉ' ॥ ૨૧ ॥

(પછી, વક્ર (દૃષ્ટિએ) જોતી, હાવ ભાવ (તથા) નવીનવી શ્રૃંગારભંગી કરતી (તે મુનિને) નયનકટાક્ષો વડે પ્રહાર કરે છે. તો પણ (તે) મુનિપ્રવર ભેદાતા નથી. એટલે પછી વેશ્યા (તેને) બોલાવે છેઃ 'હે નાથ, તારો વિરહ તપન (સૂર્ય) સમો માર મનને સંતપ્ત કરે છે. (૧૮).
બાર વરસનો સ્નેહ (તમે) કયા કારણે છાંડ્યો? મારી સાથે તમે એવડું નિષ્ઠુરપણું કાં માંડ્યું?'
એટલે સ્થૂલિભદ્ર કહે, 'વેશ્યા, (નકામો) અતિશય શ્રમ ન લઈએ. લોહથી ઘડાયેલું મારું હૈયું તારા વચને નહીં ભેદાય.'(૧૯)
(કોશા કહે) 'નાથ વિલાપ કરતી (એવી) મારી ઉપર અનુરાગ ધરીએ (ધરો), આવો પ્રાવૃષ-કાળ (વર્ષાકાળ) આખો યે મારી સાથે માણીએ (માણો).

મુનિપતિ (મુનિરાજ) કહે, 'વેશ્યા, (મારું) મન સિદ્ધિરમણીને પરણવા(માં), (તથા) સંયમશ્રી સાથે ભોગ રમવા (ભોગવવા)(માં) લીન થઈ ગયું (છે.)' (૨૦)
કોશા કહે, 'જે મને મેલીને (મૂકીને) મુનિરાજ સંયશ્રીમાં અનુરક્ત (થયા) છે. (તેથી), "નવલે રાચે લોક" (એ લોકવચન તમે) સાચું કર્યું (પાડ્યું) (છે).' (૨૧)

ષષ્ઠં ભાસ

ઉવસમ-રસ-ભર-પૂરિય યઉ (?) રિસિ-રાઉ મણેઇ
'ચિંતામનિ પરિહરવિ કવણુ પત્થરુ ગિહેઈ ॥
તિમ સંજમ-સિરિ પરિજયએવિ બહુ-ધમ્મ-સમુજ્જલ
આલિંગહ તુહ, કોસ! કવણુ પસરંત-મહાબલ ॥ ૨૨ ॥
'પહિલઉ હિવડાં' કોસ કહઈ 'જુવ્વણ-ફલુ લીજઈ
તયણંતરુ સંજમ-સિરિહિં સિઉં સુહિણ રમીજઈ' ॥
મુણિ બોલઈ 'જં મંઈ લિયઉ તં લિંયઉ જ હોઈ (?)
કવણુ સુ અચ્છઈ ભુવણ-તલે જો મહ મણુ મોહઈ ॥ ૨૩ ॥
ઈણિ પરિ કોસા અવગણિય થૂલિભદ્ર-મુણિરાઈ ।
તસુ ધીરિમ અવધરિ-કરિ ચિત્તિ સુહાઈ ॥ ૨૪ ॥

(ઉપશમ રસના પૂર્ણ ઋષિરાજ આમ (?) કહે છે. 'ચિંતામણિ પરિહરી પત્થર કોણ ગ્રહણ કરે? તેમ (જ), કોશા, બહુએધર્મ-સમુજ્જવલ સંયમશ્રીને તજીને પ્રસરતા મહાન બળવાળો કોણ તને આલિંગે?' (૨૨)
કોશા કહે, 'પહેલાં હમણાં જોબનનું ફળ લઈએ (લો). તે પછી સંયમશ્રી સાથે સુખેથી રમીએ (રમો).'
મુનિ કહે, 'મેં જે લીધું, તે લીધું જ છે. (સમગ્ર) ભુવનતલમાં કોણ એવો છે કે જે મારું મન મોહિત કરે?' (૨૩)
આ રીતે મુનિરાજ સ્થૂભદ્રે કોશાને અવગણી. તેની ધીરતાને અવધારી કરી ચિત્તમાં વિસ્મિત થયેલી (તે) સુખ પામે છે (?) (૨૪)

સપ્તમ્ ભાસ

અઈ બલવંતુ સુ મોહ-રાઉ જિણિ નાણિ નિધડિઉ
ઝાણ-ઘડગ્ગિણ મયણ-સહુડ સમરંસગણિ પડિઉ ॥
કુસુમ-વૃદ્ધિ સુર કરઈ તુટ્ઠ તહ જયજય-કારો
'ધનુ ધનુ એહુ જુ તુલિભદ્ર જિણિ જીતઉ મારો' ॥ ૨૫ ॥
પડિવોહિવિ તહ કોસ વેસ ચઉમાસિ અણંતર
પાલિ અભિગ્ગહ લલિય વલિય ગુરુ પાસિ મુણીસડ ॥
'દુક્કર-દુક્કર-કારગુ' ત્તિ સુરિહં સુ પસંસિડ
સંખ-સમુજ્જલ-જસ-લસંતુ સુર-નરિહિ નમંસિઉ ॥ ૨૬ ॥
નંદઉ સો સિરિ-થુલિભદ્દુ જો જુગહ પહાણો
મલિયઉ જિણિ જાગિ મલ્લ-સલ્લ રઈવલ્લહ-માણો ॥
ખરતર-ગચ્છિ જિણપદમ-સૂરિ-કિઉ ફાગુ રમેવઉ
ખેલા-નાયઈ ચૈત્ર-માસિ રંગિહિ ગાએવઉ ॥ ૨૭ ॥

(તે અતિ બળવંત છે, જેણે મોહરાજને જ્ઞાન વડે નષ્ટ કર્યો, સમરાંગણમાં મદનસુભટને ધ્યાન-ખડગ વડે પાડ્યો. તુષ્ટ થયેલ સુર કુસુમવૃષ્ટિ તથા જયજકાર કરે છે, 'આ જે સ્થૂલિભદ્ર, (તેને) ધન્ય (છે), (કે) જેણે માર (કામદેવ) જીત્યો.' (૨૫)

તે રીતે કેશાવેશ્યાને પ્રતિબોધીને, સુંદર રીતે (?) અભિગ્રહ પાળીને મુનિશ્વર ચાતુર્માસ પછી ગુરુ પાસે પાછા આવ્યા. 'દુષ્કરમાં દુષ્કરને કરનારો (આ છે) એમ સૂરિએ તેની પ્રશંસા કરી. શંખ સમુજ્જવલ યશથી વિલસતા તેને સુર (તથા) નરે નમન કર્યું. (૨૬)

જે (પોતાના) યુગમાં પ્રધાન હતા, જેણે જગતમાં મલ્લોના (પણ) શલ્યરૂપ રતિવલ્લભ (કામદેવ)નું માનમર્દન કર્યું, તે સ્થૂલિભદ્ર નંદો (જયવંત હો)! ખરતરવચ્છમાં (રહેલા) જિનપદ્મસૂરિકૃત (આ) ફાગ રમવો. ચૈત્રમાસમાં ખેલ અને નાચ સાથે (આ) રંગે ગાવો. (૨૭)

ooo

૫.
અસાઈત (૧૪મી ઉત્તરાર્ધ)

આ સંગીતજ્ઞ બ્રાહ્મણ એમના ત્રણ પુત્રો સાથે નાતબહાર મુકાયા પછી તરગાળા (ત્રણ ઘર વાળા) કહેવાયા ને એમણે સંગીત સાથે લોકનાટ્ય-સાધના પણ કરી. ને ભવાઈના અનેક વેશ લખ્યા. તથા ૪૦૦ ઉપરાંત કડીઓની એક પદ્ય-વાર્તા 'હંસાઉલી' લખી. ચોપાઈપદબંધની વચ્ચે દુહા-છંદ આદિનો વિનિયોગ કરીને આલેખેલી હંસાવલી-નરવાહનની આ પ્રણય-પરિણય-કથા તત્કાલીન સમાજચિત્રની અને ભાષાની રીતે પણ મહત્ત્વની છે.

'હંસાઉલી' -માંથી

(૪ખંડની આ પદ્ય-વાર્તામાં,પહેલાખંડમાં હંસાવલી અને નરવાહનના લગ્નની અને બાકીનામાં એ યુગલના જોડિયા પુત્રો હંસ અને વચ્છરાજને નડેલાં વીઘ્નોની ને પરાક્રમની વાર્તા ગૂંથાયેલી છે. અહીં એ ભાઈઓની વન-વિપત્તિનું વાર્તામય આલેખન છે.)

નિઘટ બોલ રાણીમનિ ભયા, તેતલિ કુંઅર વેગલા ગયા,
ઊંચા પર્વત, વિસમા ઘાટ, નઈ નીઝરણ વનમાહે વાટ.

રાતિદિવસ તુરી સંચરિ; વાઘ સિંઘ સિવા ફેકરિ,
અનેક મહાવૃષ ગહિર ગંભીર; ભૂલા બેઉ નિ નાઠું નીર.

ભણિ હંસઃ "વીનવું, વછરાજ, ત્રસ લાગી નિ થાકુ આજ,"
અતિ ઊસનુ રહી સવિ સંધિ; પુઢિઉ વડતલઇ ઘોડુ બંધિ.

ત્યસ્યુ હંસ નિદ્રા-વસિ થાઇ; વછરાજ જલ લેવા જાઇ.
ભાઇ કાજિ ભમિ વન ઘણિ, જલચર-સાદ સરોવરિ સુણિ.

તતષિણિ તિણિ સરિવરિ વીર દીઠઉં નયણે નિર્મલ નીર.
ચક્રવાક સારસ સ્વર કરિ; મગર મછ બગ થારટિ ધરિ.

વિવિધ ફૂલ ફલ વૃષ આચરિઉં; રૂપ પંચવિધ કમલે કરિઉં.
ગુરુડ ગરૂઉ પંષિ વિશ્રામ, સ્વર્ણ સરોવરઇ ભણી નામ.

વીર વિમાસી જલતટ ગયુ, છાગલ વીસારી આવીઉ,
કમલપત્ર જલ ડુંડુઉ લિઉ; 'લુડુડઉ પાઇ પછિ હૂં પીઉં.'

ઉદક લેઇ આવિઉ જેતલિ, સરપિ હંસ ડસિઉ તેતલિ;
નિદ્રા માહિ વિષમ વિષ દહિઉં; કરી આહાર ઊપરિ રહુ,

જેતલિ સંચલિ કુંયરઇ કરિઉ; ભૂઅ ભૂયંગમ ઉરિ ઊતરિઉ,
દીઠઉ નયણિ પડિઉ ઉરિ ઝાલ, ગયુ વડથુડિ, બલિ પઇઠઉ કાલ.

વછરાજ જોવાનિ (જાય), ગયા પ્રાણ પહિઠાણ[હ] રાય,
ભણિ હંસ[નિ]: "હૂયા અણાહ." જલ લાષી[નિ] મોહલિ ધાહ.

રાગ ગૂડ દેશાષ

"પહિલાં પરદેસી હૂયા, નવિ સરજિઉ સુષ રાજ;"
બાહઇ ધરી બિઠઉ કરઇ, વનિ વલપઇ વછરાજ.

"બંધવ, બોલિ હો, દિઉ હૂંકારડુ હંસ;
જીડુયડુ વનિ વિઘટીઉં; જૂયલી યાદવવંશ. બંધવ.

વરિ મંત્રેઇ-મતિ ભલી; મરણ ન મૂક્ત સાથ;
હીયડં હંસ ન મેલવિ; દેવી બાઉલિ બાથ. બંધવ.

અનિગણીયાનિ ગારુડી, દૂષ ન દાષિ ડંસ;
સધિ હોસિ હંસાઉલી; હીઉ હણેસિ; હંસ. બંધવ.

અરિ અંગમિ જમલુ રહિઉ; વહિલી વેલા, બંધ;
સે સરણિ બાધંતડિ, કુણ ઉડેસિ કંધ?" બંધવ.

ભણિ અસાઈત લંકા હવિ લષમણ લાગુ ભ્રામુ,
તેમ વછરાજ મનિ ઝૂરવિ, સકતિ-ભેદ શ્રીરામ. બંધવ.

વસ્તુ

કુંઅર ચિતિ કુંઅર ચિતિ મનહ મઝારિઃ
‘હવિ હૂં હૂઉ એકલું," હીઇ સબુધિ વિચારી.

આંહાં આછિ અવર ન કોઈ, રાનિ રોયંતા જેવારિ.

"જિહાં જલ તિહાં તીરથ ભણિ, શાસ્ત્ર સોઇ વિચાર,
જઈ સરોવર બંધવા કરું સં–પરિ–સંસ્કાર."

[ચઉપાઈ]

એક અસ્વ બંધવ બાંધીઉ; સુવર્ણ સરોવરિ રડતુ ગયું.
વાજિત્ર શ્રવણ સુણ્યા માહિ ગજર, સાત ગાઉ હુઈ નીડુ નગર.

તતષિણ કુમર વિમાસિ હીઇ; "ઇણિ અવસરિ ચંદન જોઈઇ.
નગરિ અરથ વેચુ આપણુ, ચંદનકાઠ લેઈ આવું ઘણું.

[શબ] મેહલૂ કિમ સૂનું સોઇ? ઇહાં ઉપદ્રવ સાવિજનુ હોઇ."
છઇ વટવૃષે સરોવર-પાલિ; શબ સીચી બાંધિઉ વડ-ડાલિ.

કીઉ સનાન વૃષ ઊતરિઉ, એક આસણ એક હાથિ લીઉ;
દસિ જાણીનિ પુહુતુ જામ, કાતીનગર તેહનું નામ.

જેતલિ કુંયર કાતી ગયુ, તસિ ગરુડ સરોવરિ આવીઉ,
પંષિ-વાઇ કંપિ વૃષડાલી,જઇ બિઠઉ સરોવર-પાલિ.

પંષ-વાઇ લાગુ જેતલિ, વિષ ઊતરીઉ વીર તેતલિ,
જીવ્યું હંસ નિહાલિ નયણિઃ "કિહિ બાંધિ વૃષ-ડાલી ગયણિ?"

છોડ્યા બંધ; ઊતરીઉ વીર; કીઉં સનાન સર; પીધું નીર,
હતી ત્રષા તે ત્રપતુ થયું; કરી આત્મા અમૃત સીચીઉ.

ooo

૬.

શ્રીધર(વ્યાસ) (૧૪મી ઉત્તરાર્ધ)

ઈડરના રાવ રણમલ્લના પુરોહિત અને દરબારી આ વ્યાસ કવિએ લખેલું 'રણમલ્લ છંદ' વીર રસવાળું ઐતિહાસિક કાવ્ય છે. અનુપ્રાસ-યુક્ત એની ભાષા પણ વિશિષ્ટ છે. એ ઉપરાંત એમણે દેવી-ભક્તિની અને દશમસ્કંધ-આધારિત કવિતા પણ કરી છે.

રણમલ્લ છંદ-માંથી

(રાવ રણમલ્લે ઈ.૧૩૯૦માં ઈડર પર આક્રમણ કરનાર પાટણના મુસલમાન સૂબાને આપેલા પરાજયની આ ગાથા, વીર રસને ઉદ્દીપ્ત કરતી ચારણી ડિંગળની પૂર્વેની ઓજસ્વી ભાષા-પદાવલીની વિશેષતા ધરાવે છે.)

દુહો

સાહસ વસિ સુરતાણદલ સમુહરિ જિમ દમકન્ત,
તિમ તિમ ઇડરસિહરવરિ ઢોલ ગહિર ઢમકન્ત.

સારસી

ઢમઢમઇ ઢમઢમકાર ઢૂંકર ઢોલ ઢોલી જંગિયા,
સુર કરહિ રણસરણાઇ સમુહરિ સરસ રસિ સમરંગિયા.
કલકલહિ કાહલ કોડિ કલરવિ કુમલ કાયર થરથરઇ,
સંચરઇ શકસુરતાણ સાહણ સાહસી સવિ સંગરઇ.

દુહો

જિમ જિમ લસકર ઉધ્રસઇ કરીનિ બુમ્બુંકાર,
તિમ તિમ રણમલ રોસ ભરિ તોલઇ તરલ તુખાર.

સારસી

તુખ્ખાર તાર તતાર તેજી તરલ તિકખ તુરંગમા,
પકખરિય પકખર, પવનપંખી પસરિ પસરિ નિરુપ્પમા.

અસવાર આસુરઅંસ અસ લહિ અસણિઅસુહડ ઈડરઇ,
સંચરઇ શકસુરતાણ સાહણ સાહસી સવિ સંગરઇ.

ચોપાઈ

'હલ ઐયાર' હકારવિ બુલ્લઇ; ભુજબલિ સબલ મુક્કિ દલઘલ્લઇ.
ગયુ ખાન ખુદ નગતાલિ ચલ્લિઅ; શકદલ દહુ દિસિ દિદ્ધ ડહલ્લિઅ.
મલિક મંત્ર મજ્જિમ નિશિ કિદ્ધઉ. તવ હેજવ ફૂરમાણ સદિદ્ધઉ.
ઇડરગઢિ અસ્સઇ ચડિ સલ્લિઉ, જઈ રણમલ્લ પાસિ ઇમ બુલ્લિઉઃ
'સિરિ ફૂરમાણ ધરવિ સુરતાણી ધર દય હાલ માલ દીવાણી;
અગર ગરાસ દાસ સવિ છોડિઅ કરિ ચાકરી ખાન કર જોડિઅ.'
રા અસિ સરિસુ બાહુ ઉવ્વારિઅ બુલ્લઇ હઠિ હેજબ હક્કારિઅ,
'મુજ સિરકમલ મેચ્છપય લગ્ગઈ, તુ ગયણંગણિ ભાણ ન ઉગ્ગઇ.

સિંહવિલોકિત

જાં અમ્બરપુડતલિ તરણિ સમઇ, તાં કમધજકન્ધ ન ધગડ નમઇ.
વરિ વડવાનલ તણઝાલ શમઇ; પુણ મેચ્છ ન આપૂં ચાસ કિમઇ.'

ભુજંગપ્રયાત

જિ બુમ્બા અ બમ્બા ઉલક્કિ સલક્કિ, જિબક્કિ બહક્કિ, કહક્કિ ચમક્કિ,
જિ ચંગિ તુરંગિ તરંગિ ચડન્તા, રણમ્મલ્લ દિટ્ઠેણ દીને દડન્તા. ૬૬

જિ મુદ્દા-સમુદ્દા, સદા રુદ્દસદ્દા, જિ બુમ્બાલ ચુમ્બાલ બજંલ બન્દા,
જિ ગુજ્ઝાર તુરૂખાર કમ્માલ મુક્કિ, રણમ્મલ્લ દિટ્ઠેણ તે ઠામ ચુક્કિ. ૬૭

જિ રુક્કા મલિક્કા બલક્કાક પાડિ, જિ જુદ્ધા મુડદ્ધા સનદ્ધા ભજાડિ
તિ ભૂ આખડી આ ઘડી દણ્ડ કિજ્જિ, રણમ્મલ્લ દિટ્ઠિ મુહિં ઘાસ લિજ્જિ.૬૮

જિ બક્કા અરક્કા શરક્કા વહન્તા, જિ સબ્બા સગબ્બા ઝરબ્બા સહન્તા,
જિ ગુજ્ઝાર ઉજ્જાર હજ્જાર ચલ્લિ રણમલ્લ દિટ્ઠિ મુહિં ઘાસ ઘલ્લિ.૬૯

ooo

૭.

જયશેખરસૂરિ (૧૪મી ઉત્તરાર્ધ–૧૫મી પૂર્વાર્ધ)

'કવિચક્રવર્તી' ગણાયેલા આ સંસ્કૃતજ્ઞ કવિ અંચલ ગચ્છના જૈન સાધુ હતા.પોતાની 'પ્રબોધચિંતામણિ' નામની સંસ્કૃત કૃતિ પરથી એમણે લખેલી ગુજરાતી કૃતિ 'ત્રિભુવન-દીપક પ્રબંધ' ૪૦૦ ઉપરાંત કડીઓની દુહા, ચોપાઈ, અક્ષરમેળ-માત્રામેળ છંદો, ગીતોમાં લખાયેલી વિશિષ્ટ કૃતિ છે. એ ઉપરાંત એમણે સ્તવન આદિ બીજી રચનાઓ પણ કરી છે.

'ત્રિભુવન-દીપક પ્રબંધ'-માંથી

(આ રૂપક કાવ્ય છે. આત્મારૂપી રાજા નામે પરમહંસ. એને માયા પોતાના રૂપમાં ફસાવે છે ને પ્રિય રાણી ચેતનાથી જુદો પાડે છે.....એમ કથા આગળ ચાલે છે ને છેવટે પરમહંસનું ચેતના સાથે મિલન થાય છે. કૃતિ સરળ-પ્રાસાદિક છે.)

ચઉપ્પઈ

તેજવન્ત તિહુ ભુવન મઝારિ પરમહંસ નટવર અવધારિ.
બુદ્ધિ મહોદધિ, બહુ બલવંત, અકલ, અજેઉ, અનાદિ અનન્ત,

વાધિઉ નીઠ સુ ત્રિભુવનિ માઇ, નાન્હઉ કુન્થુશરીરિ સમાઇ.
દીપતિદિણયર કોડિહિ જિસિઉ; જિહાં જોઉં તિહાં દેખઉં તિસિઉ.

એક ભણઇ એહ જિ અરિહન્ત, એહ જિ હરિ, હરુ, અલખું અનન્તુ.
જિણિજિણિ જાણિઉ તિણ તિમ કહિઉ, મન ઇન્દ્રિયબલિ તે નવિ ગ્રહિઉ.

કાઠિ જલણુ જિમ, ધરણીહિ ત્રેહુ, કુસુમિહિ પરિમલુ, ગોરસિ નેહુ,
તિલિહિં તેલ્લ જિમ, તાઢકિ નીરિ, તિમ તે નિવસઇ જગતશરીરિ.

રાણી તાસુ ચતુર ચેતના કેતા ગુણ બોલઉં તેહ તણા?
રાઉ રાણી બિ મનનઇ મેલિ ફિરિ ફિરિ કરઇ કુતૂહલ કેલિ.

નવજુવ્વણ, નવરંગી નારી, સામલડી, સહજંઇ સવિકારિ.
માયા રમણી રમન્તી રુલી અન્ન દિવસિ નરવરનઇ મિલી,

નરપતિ નિરખઇ તેહનૂં રૂપ, નયનબાણિ તિણિ વીધઉ ભૂપ.
તે જાણી રાણી વીનવઇ, 'સ્વામી! ઊવટ કાંઇ પાઉ ઠવઇ?

રૂયડી રમણી ગયગામિણી દેખી ભુલ્લઉ, તિહુયણધણી!
અમૃતકુંડિ કિમ વિષ ઊછલઇ? સમુદ્રથકી ન ખેહ નીકલઈ.

સરવર માંહિ ન દવ પરજલઇ ધરણિભારિ શેષ ન સલસલઇ,
રવિ કિમ વરિસઇ ઘોર અન્ધાર? ઝરઇ સુધાકર કિમ અંગાર?

જઇ તૂં ચૂકિસિ દેવ! વિચાર, લોક તણી કુણ કરીસિ સાર?
નારીભર્યા છઇ સઘલા દેસ, ચંચલ ચમકઈ સવે સુવેસ.

ઠામિ ઠામિ જઇ માંડિસિ પ્રેમ, જાતઇ દિવસિ ન દેખઉં ખેમ.
આભ છાંહ, ભીતિ જાજરી, બેટી ધન, ભોજન બાજરી.

ઠાર ત્રેહ અસતીનુ નેહ, દૈવ દેખાડઇ છહિલઉ છેહ.
જે જે આગઇ એહનઇ મિલ્યા, રાય રંક જિમ તે સવિ રુલ્યા.

મ કરિ અજાણી સ્ત્રી વીસાસુ, સ્ત્રી કહીઇ દોરી વિણ પાસુ.'
જે શિખામણ તિણઇ કહી, ભરિયા ઘડા ઉપરિ તે વહી.

રાખીતઇ રાહડિ એ રીતિ રહિય સુરમણી રાનઇ ચિત્તિ.
એ વડુ દાઘુ સકી નવિ સહિ ચેતન કિહંઇ લુકી નઇ રહી.

સઉકિ તણઉ જઇ ટલ્યુ સંતાપુ, તઉ માયા માંડિઉ બહુ વ્યાપુ.
જિમ જિમ રાજા માયા કલિઉ, તિમ તિમ તિહુયણધણી અવ ટલિઉ.

તઉ તિણિ માંડિ વસિવા સહી કાયાનગરી નવબારહી.
જે હૂંતઉ જગપતિ નિર્દોષ, તિણિ તેતઇ માનિઉં સંતોષ.

જ્ઞાનકલા તિણિ તિમ ઊલવી, નગરૂં ન સકઇ જિમ જાલવી.
મન રહિં દીધઉ તઉ વ્યાપાર, આપણ ખંધ ઊતારિઉ ભાર.

ooo

૮.

હીરાણંદ/હીરાનંદ (૧૫મી સદી પૂર્વાર્ધ)

પીપલગચ્છના આ જૈન સાધુ કવિએ લોકકથાને આધારે લખેલા ૧૮૯ કડીઓના 'વિદ્યાવિલાસ પવાડુ/રાસ'માં, વિદ્યાવિલાસનાં સૌભાગ્યસુંદરી અને ગુણસુંદરી સાથેનાં લગ્નની કથા આલેખાઈ છે, એ સામાજિક રંગો તેમજ કાવ્યત્વની રીતે નોંધપાત્ર છે. આ ઉપરાંત પણ કવિએ અન્ય રાસકૃતિઓ, બારમાસા, સ્તવનાદિ લખ્યાં છે.

વિદ્યાવિલાસ રાસ-માંથી

(કૌતુકરસિક આ કથામાં નાયક કરતાં નાયિકા તેજસ્વી હોય એવું પાત્રાલેખન છે)

ધાં ધાં ધપમુ મહુર મૃદંગ ચટપટ તાલુ સુરંગ,
કઘુગનિ ઘોંગનિ ઘુંગા નાદિ ગાઇં નાગડ દોં દોં સાદિ.

મપધુનિ મપધુનિ ઝઝણણ વીણ નિખુણિ જેંખણિ આઉજ લીણ,
વાજી ઓં ઓં મંગલ શંખ ધિધિકટ ધેંકટ પાડ અસંખ્ય.

ઝાગડ દિગિ દિગિ સિરિ વલ્લરી ઝુણણ ઝુણણ પાઉ નેઉરી,
દોં દોં છંદિહિં તિવિલ રસાલ ઘુણણં ઘુણણં ઘુગ્ઘુર ઘમકાર.

રિમિ ઝિમિ રિમિ ઝિમિ ઝિઝિમ કંસાલ કરરિ કરરિ કરિ ઘટ પર તાલ,
ભરર ભરર સિરિ ભેરિઅ સાદ પાયડીઉ આલવીઉ નાદ.

*　　*　　*

રાગ સંઘૂઉ

નિસિ ભરિ સોહગસુંદરી રે જોઈ વાલંભ વાટ,
નિંદ્ર ન આવઈ નયણલે રે, હિઅડઈ ખરઉ ઉચાટ.
"સુણિ સામિ લીલાવિલાસ વલિ વાલંભ વિદ્યાવિલાસ,
મઝ તુઝ વિણ ઘડીય છ માસ પ્રભુ પૂરિન મન કી આસ.
ઇમ વિરહિં પ્રિય વિણ બોલઇ. આંકણી

સીહીઅ સમાણી સેજડી રે ચંદન જેહવી ઝાલ,
દાવાનલ જિમ દીવડઉ રે, કમલ જિસ્યાં કરવાલ. સુણિ૦

મઝ ન સુહાઇ ચાંદલુ રે જાણે વિસ વરસંતિ,
સિતલ વાઉ સોહામણુ રે, પ્રિય વિણ તાપ કરંતિ. સુણિ૦

દાખી ડાહિમ આપણી રે રંજિ મુ મનમોર,
છયલપણઇં છાનઉ રહ્યું રે હીયડઉ કરી કઠોર. સુણિ૦

એતા દીહ ન જાણીયા રે નિરગુણ જાણી કંત,
હિવ ખિણ જાતઉ વરસસઉ રે જાઈ મુજ વિલવંત. સુણિ૦

જઇ કરવત સિર તાહરઇ રે દીજત સિરજણહાર,
વશવછોહ્યાં સાજણાં રે તઉ તઉ જાણત સાર. સુણિ૦

ooo

.....૧૫મી સદી.....

૯	નરસિંહ મહેતા
૧૦	પદ્મનાભ
૧૧	જનાર્દન
૧૨	ભાલણ
૧૩	લાવણ્યસમય

૯.

નરસિંહ મહેતા (૧૫મી સદી) :



૭૧ પદો
(દાણલીલા, સુદામાચરિત્ર સમેત)

નરસિંહ મહેતા લોકહૃદયમાં વસેલા આપણા પહેલા ઉત્તમ કવિ. એમણે આપણને લયસંસ્કાર અને ભક્તિસંસ્કાર એકસાથે આપ્યા. સદીઓથી ગુજરાતની બહોળી શ્રમશીલ પ્રજાનું પ્રભાત નરસિંહનાં પદોથી ઊગતું રહ્યું ને ભક્તિ-જ્ઞાનનો સંચાર થતો રહ્યો. પ્રેમલક્ષણા ભક્તિની તલ્લીનતા અને તત્ત્વદર્શનની ઊંડી સમજને એકરૂપ કરતી નરસિંહની પ્રતિભા એક મોટા કવિની પ્રતિભા છે.

લોકજીભે સચવાયેલાં એમનાં અનેક પદોમાંથી ૧૫૦૦ ઉપરાંત પદો મુદ્રિત થયાં – એમાંનાં કેટલાંક એમને નામે ચડાવેલાં પણ હશે, પણ ખરી નરસિંહમુદ્રાવાળાં પદો પણ ઓછાં નથી. એ પદોમાં કૃષ્ણલીલા-ગાન છે, કૃષ્ણકેન્દ્રી પ્રેમોર્મિ અને પ્રેમશૃંગાર છે, એમાં જ્ઞાન, ભક્તિ અને પ્રબોધ છે. એમણે 'સુદામાચરિત્ર' આખ્યાન રચ્યું, પુત્રવિવાહ, મામેરું, હૂંડી, હારપ્રસંગ – એવા જીવનપ્રસંગો પરની લાંબી કૃતિઓ પણ લખી. એવું એમની કવિતાનાં વૈવિધ્ય અને વ્યાપ છે.

એ રીતે પણ નરસિંહ આપણા એક પ્રથમ હરોળના કવિ છે.

શ્રીકૃષ્ણજન્મ-વધાઈનાં પદોમાંથી

પદ ૧

નાનું સરખું ગોકુળિયું, મારે વાહલે વૈકુંઠ કીધું રે;
બ્રહ્માદિકને સ્વપ્ને ન આવે, આહીરને દર્શન દીધું રે.
નાનું સરખું૦
ખટદર્શને ખોળ્યો ન લાધે, વેદ પુરાણ એમ ગાયે રે;
અવનવી લીલા વૃન્દાવનમાં, વન વન ધેન ચરાવે રે.
નાનું સરખું૦
પુરુષોત્તમ લીલા અવતારી, દેહ ધર્યા અવિનાશી રે;
કર જોડીને કહે નરસૈંયો, ગોવાળિયા વૈકુંઠવાસી રે.
નાનું સરખું૦

બાળલીલાનાં પદોમાંથી

૨

નંદનું આંગણું પરમ રળિયામણું, સદા રે સોહામણું કૃષ્ણે કીધું;
જાણે વૈકુંઠ-કૈલાસ-બ્રહ્મસદનથી, ઇંદ્રના ભવનથી અધિક સીધું.
નંદનું૦
સકળ તીરથ જિહાં વાસ વસે વિઠલો, ઇંદ્ર-અજ-ઈશ ને દેવ સઘળા;
ભક્ત વિના ભૂધરો વશ નહીં કોઈને, એક તે એકથી અધિક સબળા.
નંદનું૦
માત ઊભાં હસે, નાથ સંમુખ ધસે, દાસ વસે તિહાં પ્રેમ-પ્રીતે;
ભણે નરસૈંયો ગોકુળ પ્રગટિયા, બાળલીલા રમે એણી રીતે.
નંદનું૦

૩

જાગને જાદવા! કૃષ્ણ ગોવાળિયા! તુજ વિના ધેનમાં કોણ જાશે?
ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડો રે ગોવાળિયો કોણ થાશે?

જાગને૦

દહીં તણાં દહીંથરાં, ઘી તણાં ઘેબરાં, કઢિયલ દૂધ તે કોણ પીશે?
હરિ તાર્યો હાથિયો, કાળીનાગ નાથિયો, ભૂમિનો ભાર તે કોણ લેશે?

જાગને૦

જમુનાને તીરે ગોધણ ચરાવતાં મધુરી શી મોરલી કોણ વાહશે?
ભણે નરસૈંયો તુજ ગુણ ગાઈ રીઝીએ, બૂડતાં બાંહડી કોણ સાહશે?

જાગને૦

૪

મહીડું મથવાને ઊઠ્યાં જશોદારાણી,
વિસામો દેવાને ઊઠ્યા સારંગપાણિ.

'માતા રે જશોદા! તારાં મહીડાં વલોવું,
બીશો મા, માતાજી! ગોળી નહિ ફોડું.'

ધ્રૂજ્યો મેરુ રે, એને ધ્રાસકો લાગ્યોઃ
'રવૈયો કરશે તો નિશ્ચે હું ભાંગ્યો.'

વાસુકિ ભણેઃ 'મારી શી પેર થાશે?'
મારું નેતરું કરશે તો જીવડો જાશે.'

રત્નાકર કહેઃ 'મુજમાં રતન નથી,
ઠાલો વલોવશે મુને ગોકુળપતિ.'

મહાદેવ જાણે, 'મારી શી વલે થાશે,
હવેનું હળાહળ વિખ કેમ રે પિવાશે?'

બ્રહ્મા-ઇંદ્રાદિક વળતા લાગ્યા રે પાયઃ
‘નેતરું મૂકો, તમો ગોકુળરાય!’

જશોદાજી કહેઃ ‘હું તો નવનિધ પામી,
ભક્તવત્સલ મળ્યો નરસૈંયાનો સ્વામી.’

૫

ચાલો ચાલો સખી! જોવાને જઈએ, શ્રીગોકુલ આંબો મોર્યો;
સહસ્રશાખ લાગી એણે આંબે, ત્રિભુવન છાયા ધરી રહ્યો.
ચાલો૦
જાદવ કુળ વસુદેવે વાવિયો, ઉદર દેવકીને ઉદિયો;
થાણું દેઈને નંદઘેર આણ્યો, જશોમતી પયોધર સીંચિયો.
ચાલો૦
સોલ સહસ્ર કોકિલા કલરવ કરે, ઇંદ્ર લગે ઘણું મેમયો,
શેષનાગની વેણ્ય સાંચર્યો, ત્રિભોવન છાયા ધરી રહ્યો.
ચાલો૦
ધ્રુવ અંબરીષ રુકમાંગદ રાજા, ભક્ત પ્રહ્લાદે વેડ્યો;
ભણે નરસૈંયો સેવાનાં ફળઃ વૈષ્ણવને રુદે રહ્યો રે.
ચાલો૦

૬

કાનજી કાનજી સૌ કો કહે રે, અમે ગોવાળિયો કહેશું રે;
જો તું અમને આળ ચઢાવીશ તો મથુરા જઈ રહેશું રે.
કાનજી૦

આજકાલનો કીકલો રે, છોકરડો છાશ પીતો રે;
હાથ સાહી હકલાવતાં ત્યારે બાપલડો બહુ બીતો રે.
કાનજી૦
શુક બ્રહ્માદિક શંકર સરખા જોગી જેને સાધે રે,
આટલાએક માખણને કાજે માતા ઊખળે બાંધે રે.
કાનજી૦
સકળ વિશ્વમાં સહુ કો જાણેઃ ગાય તણો ગોવાળો રે;
નરસૈંયાનો સ્વામી ભલે મળિયો, પૂરણ બ્રહ્મ દયાળો રે.
કાનજી૦

૭

'જશોદા! તારે કાનુડાને સાદ કરીને વાર રે;
આવડી ધૂમ મચાવે વ્રજમાં, નહિ કોઈ પૂછણહાર રે?
જશોદા૦
શીંકું તોડ્યું, ગોરસ, ઢોળ્યું, ઉઘાડીને બાર રે;
માખણ ખાધું, વેરી નાખ્યું, સરવે કીધું ખુવાર રે.
જશોદા૦
ખાંખાખોળા કરતો હીંડે, બીએ નહીં લગાર રે;
મહી મથવાની ગોળી ફોડી, આ શાં કહીએ લાડ રે!
જશોદા૦
વારે વારે કહું છું તમને, હવે ન રાખું ભાર રે;
નિત ઊઠીને કેટલું સહીએ? રહેવું નગર મુઝાર રે.'
જશોદા૦
'મારો કાનજી ઘરમાં હુતો, ક્યારે દીઠો બહાર રે?
દહીં-દૂધનાં માટ ભર્યાં પણ ચાખે ન લગાર રે.
જશોદા૦

શોર કરંતી ભલી સહુ આવી ટોળે વળી દશ-બાર રે!
નરસૈંયાનો સ્વામી સાચો, જૂઠી વ્રજની નાર રે.
જશોદા૦

નાગદમન

૮

'જળકમળ છાંડી જા રે, બાળા! સ્વામી અમારો જાગશે;
જાગશે, તને મારશે, મને બાળહત્યા લાગશે.

કહે રે, બાળક! તું મારગ ભૂલ્યો? કે તારા વેરીએ વળાવિયો?
નિશ્ચે તારો કાળ જ ખૂટ્યો, અહિંયાં તે શીદ આવિયો?'

'નથી, નાગણ! હું મારગ ભૂલ્યો, નથી મારા વેરીએ વળાવિયો;
મથુરાનગરીમાં જુગટું રમતાં નાગનું શીશ હું હારિયો.'

'રંગે રૂડો, રૂપે પૂરો, દીસંતો કોડીલો કોડામણો;
તારી માતાએ કેટલા જનમ્યા, તેમાં તું અળખામણો?'

'મારી માતાએ બેઉ જનમ્યા, તેમાં હું નટવર નાનડો;
જગાડ તારા નાગને, મારું નામ કૃષ્ણ કહાનડો.'

'લાખ સવાનો મારો હાર આપું, આપું રે તુજને દોરિયો;
એટલું મારા નાગથી છાનું, આપું તુજને ચોરિયો.'

'શું કરું, નાગણ! હાર તારો? શું કરું તોરો દોરિયો?
શાને કાજે, નાગણ! તારે કરવી ઘરમાં ચોરીઓ?'

ચરણ ચાંપી, મૂછ મરડી, નાગણે નાગ જગાડિયો;
'ઊઠો રે બળવંત, કોઈ બારણે બાળક આવિયો.'

બેઉ બળિયા બાથે વળગ્યા, કૃષ્ણે કાળીનાગ નાથિયો;
સહસ્ર ફેણા ફૂંફવે જેમ ગગન ગાજે હાથિયો.

નાગણ સહુ વિલાપ કરે છે, નાગને બહુ દુખ આપશે;
મથુરાનગરીમાં લઈ જશે, પછે નાગનું શીશ કાપશે.

બેઉ કર જોડીને વીનવેઃ 'સ્વામી! મૂકો અમારા કંથને;
અમો અપરાધી કાંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને.

થાળ ભરી શગ મોતીએ શ્રીકૃષ્ણને રે વધાવિયા;
નરસૈયાના નાથ પાસેથી નાગણે નાગ છોડાવિયા.

દાણલીલા

૯

જાગો જાગો રે શામળા, જગાવે જશોદા માતા;
જાગો રે સહુ જન જાગિયા, જાગોને હુઓ પ્રભાત.

જશોદાએ જદુપતિ જગાવિયા, ઝાલી સુવર્ણઝારી હાથ;
વદન પખાળો મારા માવજી રે, આરોગો શ્રી જદુનાથ.

જશોદાએ જદુપતિ જગાવિયા, આરોગાવ્યા જગદાધાર;
ધેન છોડીને વાહાલો સંચર્યા, મોહન મદન ગોપાળ.

મોરે તે શ્રીરંગ શામળા, જી રે કેડે તે સઘળી ગાય;
બળદેવ કોટે બાંયડી, પ્રભુ વૃંદાવનમાં જાય.

ઇંદ્રાદિક જગ મોહી રહ્યું, મોહન મધુરો ચરાવે ગાય;
જી રે બજાવે રુડી મોરલી, દુઃખ દળદર ભંજન થાય.

ગાયો ચારે છે ચોફેર ફરી, જી રે ગોવર્ધનને માળ;
બળભદ્રે ફાંસો પાડિયો, શીંકું બાંધ્યું ડાળ.

કો કહે છે કૌવચ લહી, વાહાલા અંબરીષને કર આળ;
અન્યોઅન્ય માને નહીં, હરિ દેવા લાગે ગાળ.

જ્યમ જ્યમ કૌવચ ખાજુએ, જીરે ત્યમ ત્યમ રુએ બાળ;
બળભદ્ર સામું જોઈને, હરિ હસિયા મદન ગોપાળ.

મરકટ કોટે સાંકળાં, જી રે ફૂમતડાં લળકે કાન;
શૃંગાર સર્વ સજાવિયા, તેણે વિચિત્ર શોભે વાન..

છોડી છોડી નાંખે માંકડાં, બાંધે બાંધે નંદકિશોર;
મરકટ માને નહીં માવનું, ત્યારે કરે ઝાઝું જોર.

ઉખાણો સાચો થયો, જી રે મરકટ કોટે હાર;
છોડી છોડી નાખે માંકડાં, બાંધે બાંધે નંદકુમાર.

ગોવાળિયા મંડળી મળી, ઊભી ગોવર્ધનને માથ;
કૃષ્ણ આરોગે રુડો કરમદો, આહીરડાંની સાથ.
ચાખે ને ચખવી જુવે, વહાલો પીએ પીવડાવે ખીર;
જમી જમાડી પોતે જમે, હરી હળધર કેરો વીર.

બમણું તે લે વહાલો વેંહેચતાં, તતક્ષણ આરોગી જાય;
જેનું દેખે વહાલો વાધતું, તેનું પડાવી ખાય.

ગાયો હીંડી ગોવર્ધન ભણી, જી રે ક્ષણું એક લાગી વાર;
વારો આવ્યો પ્રભુ તમ તણો, તમો વાળોને દીનદયાળ.

કર ગેડી લઈ ઊભા થયા, ઘાડે સ્વરે બોલાવી ગાય;
હીંડે વૃંદાવન શોધતા, ચૌદ ભુવનનો રાય.

સિંચાણી બગલી ને સારસી, પારેવી ચાતોર મોર;
પીળી ધોળી ને કાજળી, બોલાવે નંદકિશોર.

ગોવર્ધન ચઢી વાહાલે ચિંતવ્યું, દૂર દીઠી અનોપમ નાર;
તેજે ત્રિભુવન મોહી રહ્યાં, જી રે નરખે નંદકુમાર.

દોડી વહાલો પહોંચી વળ્યા, પૂછ્યું કેની તમો છો નાર;
હીંડો છો રે મલપતી, નચવો ઘુંઘટમાં નેણ ઝલકાર.

છો રે રંભા કે રે મોહની, કે છો રે આનંદ કે ચંદ;
કે રે પાતાળમાંની પદ્મની, એવો વિચાર કરે ગોવિંદ.

નહિ રે રંભા નહિ રંનાદેવી, જી રે નહિ આનંદ કે ચંદ;
ભ્રખુભાનની કુંવરી છું રાધે, બાલમુકુંદ.
ગોકુળ મથુરાં જાઉં આવું ને, શું રે થયા અણજાણ;
હું રે ગોકુળની ગોવાલણી, પ્રભુ ના આપું મહીનાં દાણ.

મુખ ભર્યું એનું મોતીએ, જી રે અમર વાસિક વેખ;
સુંદર સોહિયે રાખડી, નયણે કાજળ રેખ.

ચૂડી મુદ્રિકા ને બેરખી, મુખે ચાવંતી તંબોળ;
વૃન્દાવનમાં સંચર્યાં, જી રે સજીને શણગાર સોળ.

મોર મુકુટ વાહાલે શિર ધર્યો, મકરાકૃત કુંડળ કર્ણ;
પીતાંબર વાહાલે પેહેરિયું, જાણે ઉપમા મેઘ જ વર્ણ.

કેસરનાં તિલક શિર ધર્યા, પેહેર્યો ગળે ગુંજાનો હાર;
પાલવ સાહ્યો પીતાંબરે, દાણ આપ્ય ને જા-ની નાર.

મુખ આડો પાલવ ગ્રહી, તાણ્યાં ભવાંનાં બાણ;
નયનકટાક્ષે નિહાળીને બોલી, 'પ્રભુ શાનાં માગો છો દાણ?'

કનક કલશ તારે શિર ધર્યો, નિરખે તે નંદકુમાર;
આંખો નચાવે શાનિયો, શીખ ન માનું લગાર.

કોણે તે દાણી બેસાડિયો, જી રે કોણે લીધી છે છાપ;
આણે મારગ જાઉં એકલી, હું તો કોને ન દેઉં જબાપ.

નવ રે દીઠું નવ રે સાંભળ્યું, જી રે અમને શાને વિપરીત;
દાણ માગો કેવાં દૂધનાં, કો'ને કિયા તે દેશની રીત?
આધેવાયાં નથી અમ સાથે, કે નથી બળદ કે પોઠ;
એક બે ટકાનું ગોરસડું, તેમાં શાની તે માગો ગોઠ?'

ગંગા ને જમુના વચે, જી રે ચોકી બેસે આદ;
માણસ જોઈને માગીએ રે, જેવો માલ તેવી રે જકાત.

વિત કેટલું છે દાણનું, જી રે જોતા નથી એમાં માલ;
દાણનું લેખું નથી રાધે, સહસ્ર કોટી કે મોંઘી માલ.'

બોલ્યાં રાધા રાણી, હૈડે રીસ આણી, ઘેલા ગોવાળા ઘેર;
છબીલે મોહીની નાંખી ત્યારે, રાધે થઈ પેર પેર.

હાર આપું હૈડાતણો, જી રે ઘરાણે મૂકું ઝાલ;
મથુરામાંથી આવીને, છોડાવી લેઈશું કાલ.

તે વિદ્યા તો શીખ્યા નથી, નથી ભણ્યા કોની પાસ;
હાથમાંથી હરાવીને પછે, કયાં માંડિયે અભ્યાસ?

કૃષ્ણજી પ્રત્યે બોલ્યાં રાધિકા, જી રે ખોટી થાઉં છું હાલ;
મન મનાવોને માવજી, વાઓને વેણુ રસાળ.

કૃષ્ણજીએ વેણુ વાઈને, જી રે રાધે કીધાં રળિયાત;
હસી હસી પૂછે હે સખી, સંભળાવો નવલી વાત.

દાણલીલા ગાઈશું જી રે, હોસે વૈકુંઠ વાસ;
ગાયે શીખે ને સાંભળે, નરસંઈયો હરિની પાસ.

પ્રેમોર્મિનાં પદો-માંથી

૧૦

ક્ષિતિરસ તરુશાખાએ પ્રસર્યો, મનસિજ નયણે વસિયો રે;
રદેભાવ કુચમંડલ પૂર્યો, આવ્યો રતિપતિ રસિયો રે.
ક્ષિતિરસ૦

અતિલિબલ વનસ્પતિનાથે ઊલટપાલટ કીધું રે;
અખિલ બ્રહ્માંડતણું અમૃત રસ જુવતીને વદને દીધું રે.
ક્ષિતિરસ૦

અદ્‌ભુત બલ આપ્યું અબલાને, નર વર કાયર અંગે રે;
હસવું વનવેલીને આપ્યું, કોકિલ-સ્વર મુખ-રંગે રે.
ક્ષિતિરસ૦

યોગ-વિયોગ વિમુખને આપ્યો, ભોગ ભગત-ભગવાન;
તપ-તપસ્યા કર્મજડને આપ્યાં, નરસૈંયાને ગુણગાન રે.
ક્ષિતિરસ૦

૧૧

સુંદરીનાં નયણ શમાં નહિ નયણાં, કવિજન કુરંગ જમલમેં આણે.
બાપડા વનચર રહે વન માંહે, કરી કટાક્ષ શું જાણે?
સુંદરીનાં૦

બિણું એક દ્રષ્ટ અવલોકતાં રે મુનિજનનાં મન મોહે,
ભૂતલ એહવો કોએ નહીં રે, જ્યે વિનતા-વશ નોહે.
સુંદરીનાં૦

સકલ સુરાસુર જ્યેણે કિયુંલા તે અબલા નામ ભણીજે
નારસિંયાચો સ્વામી નયણાં-વશ તે અવર કિસે નવ્ય રીઝે.
સુંદરીનાં૦

૧૨
ચાલ રમીએ, સહી, મેલ મથવું મહી, વસંત આવ્યો, વનવેલ ફૂલી,
મોરિયા અંબ, કદંબ કોકિલ લવે, કુસુમકુસુમ રહ્યા ભમર ઝૂલી.
ચાલ૦
પહેર શણગાર ને હાર, ગજગામિની, ક્યારની કહું છું જે ચાલ ઊઠી,
રસિક-મુખ ચુંબીએ, વલગીએ, ઝુંબીએ, આજ તો લાજની દ્રાહિ છૂટી.
ચાલ૦
હેતે હરિ વશ કરી, લાહો લે ઉર ધરી, કર ગ્રહી કૃષ્ણજી પ્રીતે પલશે,
નારસિંયો રંગમાં અંગ-ઉન્મદ હશે, ખોહેલા દિવસનો ખંગ વલશે.
ચાલ૦

૧૩
કેસરભીના કહાનજી, કસુંબે ભીની નાર
લોચન ભીનાં ભાવ-શું, ઊભાં કુંજને દ્વાર.

બેમાં સુંદર કોને કહીએઃ વનિતા કે વ્રજનાથ?
નિરખું, પરખું પુરુષોત્તમને, માણેકડાં બેહુ હાથ.

વેગે કુંજ પધારિયા, લચકે થઈ ઝકઝોળ;
નરસૈંયાચો સ્વામી ભલે મળિયો, રંગ તણા બહુ રોળ.

૧૪

હીંડોલે તો હીંચું, મારા વાલા, અમને ઘૂમણ ઘાલ રે,
ઘુમણડી ઘાલીને, મારા વાલા, પ્રેમે-શું બોલાવ રે.
હીંડોલે૦
હીંડોલે તો હીંચુ, મારા વાલા, ઘૂમણ ઘાલો લાંબી રે,
પડખો રે પડખો, મારા વાલા, સંમારું પગની કાંબી રે.
હીંડોલે૦
પાલવ છૂટે, ચીર વછૂટે, વેણ ઉઘાડી થાયે રે,
પડખો રે પડખો, મારા વાલા, હીંડોલે ન રહેવાયે રે.
હીંડોલે૦
તમારે પીતાંબર, અમારે ચીર, વાલા, આપણ બેહુ બાંધેશું રે,
તમે નાનડિયા, હું નાનકડી, નવનવા રંગ રમેશું રે.
હીંડોલે૦
આંબા-ડાલે સરોવર-પાલે સહિયર રમતાં રંગ લાગો રે,
આવો રે આવો, સાહેલી, કાન કને કાંઈ માગો રે.
હીંડોલે૦
ચૂઆ ચંદન ને કસ્તૂરી છંટાવો લઈ અંગે રે,
આવો રે આવો, સાહેલી, કાહાન-શું રમીએ રંગે રે.
હીંડોલે૦
શ્રાવણ કેરી મધ્ય શ્રાવણી રે હીંચી હીંચી ધ્રાયા રે,
નારસિયાચો સ્વામી ભલે મલિયો શ્રીગોકુલ કેરો રાયા રે.
હીંડોલે૦

૧૫

મેહુલો ગાજે ને માધવ નાચે, રુમઝુમ વાજે પાયે ઘુઘરડી રે;
તાલ-પખાજ વજાડે ગોપી, વહાલો વજાડે વેણુ-વાંસલડી રે.

મેહુલો૦

દાદુર-મોર-બપૈયા બોલે, મધુરી શી બોલે કોયલડી રે;
પહેરણ, ચરણા ચીર પીતાંબર, ઓઢણ આછી લોબરડી રે.

મેહુલો૦

ધન્ય જમુનાતટ, ધન્ય બંસીવટ, ધન્ય ધન્ય આ અવતાર રે;
ધન્ય નરસૈંયાની જીભલડી જેણે ગાયો રાગ મલ્હાર રે.

મેહુલો૦

૧૬

વાંસલડીએ વીંધાણી વનિતા, વૃંદાવનમાં ચાલી રે,
શામળિયાને મળવા કારણ, જેમતેમ ભૂષણ ઘાલી રે.

વાંસલડીએ૦

મધ્ય રયણી મનમાં નવા આણી, જુવતી જોબનમાતી રે;
ચિત્ત લાગ્યું ચતુર્ભુજ-ચરણે, જીવણ જોવા જાતી રે.

વાંસલડીઅ૦

પ્રેમદા પ્રથમ પ્રણામ કરીને લાગી હરિને પાય રે;
નરસૈંયાસા સ્વામીને દીઠડે હૈયે હરખ નવ માય રે.

વાંસલડીએ૦

૧૭

ગોરી! તારાં નેપુર રણઝણ વાજણાં રે, વાજ્યાં કાંઈ માઝમ રાત મોઝાર;
નાનું સરખું નગર રે, સૂતેલું જાગિયું રે, જાગ્યું ત્યારે ઝાંઝરનો ઝમકાર.

ગોરી૦

સેજલડી ઢંઢોળી હું પાછી ફરી રે, પિયુડો તે પોઢ્યો પડોશણ પાસ;
એક ને અનેક વહાલો મારો ભોગવે રે, અમને નહિ અમારાની આશ!

ગોરી૦

કૂવો હોય તો ઢાંકીને મૂકીએ રે, સાયર ઢાંક્યો ક્યમ જાય?
મનનો માન્યો હોય તો કાઢી મૂકીએ રે, પરણ્યો કાઢી ક્યમ મુકાય?

ગોરી૦

મારે આંગણે આંબો મહોરિયો રે, ગળવા લાગી છે કાંઈ સાખ;
ઊઠો ને આરોગો, પ્રભુજી પાતળા રે! હું રે વેડું ને તું રે ચાખ.

ગોરી૦

મારે આંગણ દ્રાખ, બિજોરડી રે, બિચ બિચ રોપી તે નાગરવેલ;
નરસૈંયાચો સ્વામી મંદિર પધારિયો રે, હૈડું થયું છે કોમળ ગેહેલ

ગોરી૦

૧૮

રૂડી ને રઢિયાળી, કહાના! તારી વાંસળી રે,
તે તો મારા મંદિરિયામાં સંભળાય.
જીવડો આકુળ-વ્યાકુળ થાય.
પાણીડાને મસે રે, બહેની! જોવા નીકળી રે; રૂડી૦

ઉઢાણી ભરાવી આંબા ડાળ,
બેડલું મેલ્યું રે સરોવર પાળ.
કહાનજી કોડીલો રે છેડો મારો ગ્રહી રહ્યો રે; રૂડી૦

'મેલો, મેલો, પાતળિયા કહાન!'
તેણે મારી ગઈ છે સુધ ને સાન.
નરસૈંયાચો સ્વામી રે, બાઈ! મુંને તાંહાં મળ્યો રે, રૂડી૦

૧૯

વારી જાઉં રે, સુંદરશ્યામ! તારા લટકાને (ટેક)

લટકે ગોકુળ ગૌ ચારી રે, લટકે વાયો વંસ રે,
લટકે જઈ દાવાનળ પીધો, લટકે માર્યો કંસ રે.
વારી૦

લટકે ગિરિ ગોવર્ધન ધરિયો, લટકે પલવટ વાળી રે,
લટકે જળ-જમુનામાં પેસી, લટકે નાથ્યો કાળી રે.
વારી૦

લટકે વામનરૂપ ધરીને આવ્યા બલિને દ્વાર રે,
ઊંઠ કદમ અવની માગી, બલિ ચાંપ્યો પાતાળ રે.
વારી૦

લટકે રઘુપતિરૂપ ધરીને તાતની આજ્ઞા પાળી રે,
લટકે રાવણ રણ મારીને લટકે સીતા વાળી રે.
વારી૦

એવા લટકા છે ઘણેરા, લટકા લાખ-કરોડ રે,
લટકે મળે નરસૈંનો સ્વામી, હીંડે મોડામોડ રે.
વારી૦

૨૦

ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી,
સોળ સહસ્ર ગોપીનો વહાલો મટુકીમાં ઘાલી.
ભોળી૦

અનાથના નાથને વેચે આહીરની નારી,
શેરીએ શેરીએ સાદ પાડેઃ 'લ્યો કોઈ મુરારિ.'
ભોળી૦

મટુકી ઉતારી, માંહે મોરલી વાગી,
વ્રજનારીને મુખ જોતાં મૂરછા લાગી.
ભોળી૦
બ્રહ્માદિક-ઇંદ્રાદિક સરખા કૌતક એ પેખે,
ચૌદ લોકના નાથને કાંઈ મટુકીમાં દેખે.
ભોળી૦
ગોવલણીના ભાગ્યે પ્રગટ્યા અંતરજામી;
દાસલડાંને લાડ લડાવે નરસૈંનો સ્વામી
ભોળી૦

૨૧

નહીં આપું રે, નંદજીના લાલ! મહીડાં મારાં રે;
હાં રે તમો વળગો મા, વિઠ્ઠલરાય! અમે નહીં તમારાં રે.
નહીં૦
વહાલો મારો ઊભો છે જમુના-તીર, નેણ-બાણ માર્યાં રે;
આવી વાગ્યાં છે રુદયા મોઝાર, તે મને સાલ્યાં રે.
નહીં૦
કહાના! કાંકરડી ના માર, માટ મારી ફૂટશે રે;
ફૂટે ફૂટે, નંદજીના લાલ! મહી મારું ઢળશે રે.
નહીં૦

વહાલે મારે મારી અવળી દોટ, ઉતારીને લીધાં રે;
લીધાં મહી તે, નંદજીના લાલ! ઉતારીને પીધાં રે.
નહીં૦
એમ જીવ્યા જાદવરાય, કે ગોપિકા હારી રે;
ભલે મળ્યો નરસૈંયાનો નાથ, બોલો બ્રહ્મચારી રે.
નહીં૦

૨૨

આજ રે શામળિયે વહાલે અમ-શું અંતર કીધો રે;
રાધિકાનો હાર હરિએ રુક્મિણીને દીધો રે.
આજ રે૦

શેરીએ શેરીએ સાદ પડાવું ઘેર ઘેર હીંડું જોતી રે;
રાણી રુક્મિણીની કોટે મેં તો ઓળખ્યાં મારાં મોતી રે.
આજ રે૦

જાગતી તો લેવા ના દેતી, કર્મ-સંજોગે સૂતી રે;
એક પલક આંખ મળી ત્યારે 'હરિ હરિ' કરીને ઊઠી રે.
આજ રે૦

ધમણ ધપાવું ને ગોળો ધિકાવું, સાચા સમ ખવરાવું રે;
આજ તો મારા હારને કાજે નારદને તેડાવું રે.
આજ રે૦

રાધાજી અતિ રોષે ભરાણાં, નેણે નીર ન માયે રે;
આપો રે, હરિ! હાર અમારો, નહિતર જીવડો જાયે રે.
આજ રે૦

થાળ ભરી શગ મોતી મગાવ્યાં, અણવીંધ્યાં પરોવ્યાં રે,
ભલે રે મળ્યો નરસૈંયાનો સ્વામી, રૂઠ્યાં રાધાજી મનાવ્યાં રે.
આજ રે૦

૨૩

સખી! આજની ઘડી રળિયામણી રે,
મારો વહાલોજી આવ્યાની વધામણી જી રે.
સખી૦

પૂરો પૂરો, સોહાગણ! સાથિયો રે,

ઘેર મલપતો આવે હરિ હાથિયો જી રે.
સખી૦
સખી! લીલુડા વાંસ વઢાવીએ રે,
મારા વહાલાજીનો મંડપ રચાવીએ જી રે.
સખી૦
સખી! મોતીડે ચોક પુરાવીએ રે,
આપણા નાથને ત્યાં પધરાવીએ જી રે.
સખી૦
સખી! જમુનાજીનાં જળ મંગાવીએ રે,
મારા વહાલાજીના ચરણ પખાળીએ જી રે.
સખી૦
સહુ સખીઓ મળીને વધાવીએ રે,
મારા વહાલાજીને મંગળ ગવરાવીએ જી રે.
સખી૦
સખી! રસ આ મીઠડાથી મીઠડો રે,
મહેતા નરસૈંયાનો સ્વામી દીઠડો જી રે.
સખી૦

૨૪

હળવે હળવે હરજી મારે મંદિર આવ્યા રે,
મોટે મોટે મોટે મેં તો મોતીડે વધાવ્યા રે.

કીધું કીધું કીધું મુને કાંઈક કામણ કીધું રે,
લીધું લીધું લીધું મારું મન હસીને લીધું રે.

ભૂલી ભૂલી ભૂલી હું તો ઘરનો ધંધો ભૂલી રે,
ફૂલી ફૂલી ફૂલી હું તો હરિમુખ જોઈ ફૂલી રે.

ભાગી ભાગી ભાગી મારા ભવની ભાવટ ભાગી રે;
જાગી જાગી જાગી હું તો હરિને સંગે જાગી રે.
પામી પામી પામી હું તો મહાપદવીને પામી રે,
મળિયો મળિયો મળિયો મહેતા નરસૈંયાનો સ્વામી રે.

રતિ-શૃંગારનાં પદોમાંથી

૨૫

ઝાંઝર ઝમકે હું ઝબકીને જાગી,
જાણું મારા પિયુજીને કંઠડે હું લાગી
ઝાંઝર
પછી તો લજાણી રે, આલિંગન દેતાં,
મારે વહાલેજીએ પૂછ્યું: સખી, તુંને વર્ષ કેતાં?
ઝાંઝર
મારાં રે વરસ વહાલા, હું શું રે જાણું?
માસ તો થયા છે મુને એકસો [ને] બાણું.
ઝાંઝર
ભણે નરસૈંયો, મેં સુખ દીઠું;
કાહાને કહ્યું તે મુંને કેવું લાગ્યું મીઠું!
ઝાંઝર

૨૬

જુવતી-વદન ચંદ્ર, કુમુદ કમલાપતિ, જડિત ચિંતામણિ-હેમ-રત્ને
સેજ પર સેજડી વિલસે વહાલો ચડી, રતિ-રણધીર મળ્યાં બહુ રે જત્ને.
જુવતી

માનસર નાભિ, તટ હંસ મુક્તાવલિ, ચકિત ચકોર બેહુ શશીની સંગે;
ઉદધિ-લહેર જ્યારે નીરદ ઉપર વળી, તૃપત ત્રિલોક થયો તેને રંગે.

જુવતી

ચપલ ચંપાકલી, વેણ ચોકડ ભલી, ઝાલ ઝબૂકતી મકર-મીટે;
કવિજન ક્યમ કહે? – દૃષ્ટિગોચર નહીં, નરસૈંયો નાથના પલંગ હેઠે.

જુવતી

૨૭

સુંદરી રત્ન-મુખચંદ્ર અવલોકવા શામળે સંમુખ દૃષ્ટ કીધી;
નયન-નયણાં મલ્યાં, વિરહ-આતુર ટલ્યાં, અંક ભરી નાથે અર્ધાંગ લીધી.

સુંદરી

બાંહ કંઠે ધરી સુ-મુખી ગુણ ઉચ્ચરી 'ત્વમસિ મમ જીવન', નાથ બોલે;
ત્વમસિ શૃંગાર મમ, હાર ઉર-ભૂષણ, ત્વમસિ મમ મગ્નચિત સંગ ડોલે.

સુંદરી

ત્વમસિ મમ પ્રાણવલ્લભ સદા, સુંદરી! માન, મૃગલોચની! વેણ મારું;
યદ્યપિ મુખ થકી વીસર્યો, વલ્લભ! હૃદય માંહે રહે ધ્યાન તારું.'

સુંદરી

ધન્ય કુલકામિની, કૃષ્ણ ગુણસ્તુતિ કરે, જેનું શિવ-વિરંચાદિ ધ્યાન ધરતા,
નરસૈંયાચો સ્વામી સુખસાગર, એહની ગુણસ્તુતિ એહ કરતા.

સુંદરી

૨૮

આવડો શો આસંગો, બાઈ! તારે શામળિયાની સાથે રે?
તેં તો કાંઈ અક્ષત મૂક્યા મંત્ર ભણીને માથે રે!

આવડો

જમુના જળ ઘડુલા ભરાવે, મસ્તક પર મેલાવે રે;
ઊંચા કરાડ ચડતાં-ઊતરતાં બળ કરી બાંહ ઝલાવે રે.

આવડો

ગાય દોહી ગાગર ભરાવે, ઘર લગી સાથે તેડે રે;
વૃંદાવનને મારગ જાતાં કહાન પડે તુજ કેડે રે.

આવડો

કો વેળા વહાલો માથું ઓળાવે, લાંબી વેણી ગૂંથાવે રે;
સેંથા માંહે સિંદૂર ભરાવે, નિલવટ ટીલડી સોહાવે રે.

આવડો

કો વેળા એના ખોળામાં મસ્તક મૂકીને પોઢે રે;
પહેર્યું પીતાંબર એનું લઈને તું ઉર ઉપર ઓઢે રે.

આવડો

રાઓલું રમકડું રે કીધું, મરકટ પેરે નચાવે રે.
નરસૈંયાચો સ્વામી ઢળકણો વણતેડ્યો ઘેર આવે રે.

આવડો

૨૯

સફલ રજની હવી આજની અભિનવી, પલંગ બેસારી વાહાલે હાસ કીધું,
કર દર્પણ ધરી વદન અવિલોકતાં પ્રેમનું ચુંબન ગાલિ દીધું.

કુસુમચા હાર તે કંઠ ભૂષણ ધરી, ભુજ ભીડી ભૂધરે હૃદયા સાથે.
સુરતસંગ્રામમાં સુભટ સાથે ભડી, જીત્યો યદુનાથ કર બેહુ બાથે.

મદનના સેન-શું માન ઘણું, જૂધ જીત્યું રણ હાથ આવ્યું,
ચૌદ ભુવન તણો નાથ મેં વશ કર્યો, અજિત જીત્યા તણું બિરદ કાહાવ્યું.

જ્યમ ગજયુવતી માતંગ મદગલિતા, સુંદરીસેજ હરિસિંહ આવ્યો,
નારસિંયાચો સ્વામી સુભટ સુરાસુર [સરાસર?], કેસરી કાન સાહી નચાવ્યો

૩૦

'પાછલી રાતના નાથ પાછા વલ્યા, શું કરું રે, સખી? – હું ન જાગી;
નિરખતાં નિરખતાં નિદ્રા આવી ગઈ, વહાલોજી દઈ ગયા વાચ, રાખી.
પાછલી

કૃષ્ણજી ક્યાં હશે? શોક્ય સુણશે હવે? પરથમ જઈને એને પાય લાગું;
સરલ છે શામલો, મેલશે આમલો, જઈ રે વહાલાં કને માન માગું'
પાછલી

'બેની, ઊઠ આલસ તજી, નાથ નથી ગ્યા હજી, બાર્યે ઊભા હરિ હેત જોવા;'
'ધન્ય રે ધન્ય નરસૈંયાના નાથને, 'અસૂર થાશે મારે ધેન દો'વા.'
પાછલી

૩૧

સેજ ઉપર બીજી સેજ રચીને, ત્યાંહાં મારા વહાલાને પોઢાડું રે;
બોલંતી, ચાલંતી રમઝમ કરતી જેમ પિયુનું ઉર થાય ટાઢું રે.
સેજ

સંપત્તિ નહોતી દિન આટલડા, મન માંહે રહેતો વિચાર રે;
હવાં ફૂલ ફૂલ્યાં, પરિમલ અતિ વાધ્યો, વિવિધ વસન સુખસાર રે.
સેજ

પોઢો પીતાંબર! પરમ પુરુષોત્તમ! પૂરો મારા મનના કોડ રે;
સાંભરે તો વચે વચે સામું જોજોઃ ભણે નરસૈંયો કર જોડ રે.
સેજ

૩૨

'પલંગ-પાયે તને કુસુમમાલા વડે બાંધીશ બેહુ કર લાજ લોપી;
માહરે મંદિર થકો કોણ મુકાવશે? શું કરશે પેલી શોક્ય કોપી?
પલંગ-પાયે

તું વનમાલી, ને હું કુસુમવન વેલડી, નીર નવ સીંચે તો શીદ રોપી?
ભમરલો હોય તે કુસુમ-મકરંદ-વશે, કમલ માંહે રહે પ્રાણ અરપી.
પલંગ-પાયે
પ્રીત કરવી ઘટે પ્રેમના પાત્ર-શું, તન-મન-ધન જે રહે રે સોંપી;
ભણે નરસૈંયોઃ એ રીસ જ્યમ ઊતરે તેહ ઉપાય તું કરને, ગોપી!
પલંગ-પાયે

૩૩

સાંભલો, કામની, કૃષ્ણ પિયુ કહે, તાહારા મંદિર થકો નહિ રે જાઉં,
અવર કો નાર નહિ તુજ સમી જેહની કુસુમમાલા વડે હું બંધાઉ.

હું વનમાલી, તું કુસુમગુણવેલડી, સીંચું રે અમૃત-દૃષ્ટે કરી,
પ્રેમની વાડ કરું તુઝ પાખલે, રાખું રે સમરથ બાંહે ધરી.

સાંભલો, સુંદરી, એમ કહે શ્રી હરિ, કુસુમમાલા વડે હું રે બાંધ્યો,
ચૌદ ભુવન તણાં બંધન છોડવું, જાણું તે મોહની-મંત્ર સાધ્યો.

માન તું, માનની, માન માગી કહું, નહિ તજું મંદિર, બોલ દીધો,
નરસીયાસો સ્વામી સુખી તણો સાગર, પ્રેમ-શું સુરતસંગ્રામ કીધો.

૩૪

જાગો રે જશોદાના જીવન, વાહાણેલાં વાયાં;
તમારે ઓશીકે મારાં ચીર ચંપાયાં. ટેક.

પાસું રે મરડો તો વાહલા, ચીર લેઉં રે તાણી;
સરખી સમાણી સૈયરો સાથે, જાવું છે પાણી.
જાગો રે

પંખીડાં બોલે રે વાહલા, રજની રહી થોડી;
સેજલડીથી ઊઠો વાહલા, આળસડાં મોડી.
જાગો રે
સાદડી પાડું તો વાહલા, લોકડીઆં જાગે;
અંગુઠો મરડું તો, પગના ઘૂઘરા ગાજે.
જાગો રે
સાસુડી જાગે રે વેરણ નણદી જાગે;
ઓ પેલી પાડોસણને ઘેર, વલોણું વાગે.
જાગો રે
જેને જેવો ભાવ હોય તેને, તેવું રે થાએ;
નરસઈયાચા સ્વામી વિના રખે, વાહણલું વાએ.
જાગો રે

ઉપ

પ્રાત હવું, પ્રાણપતિ! ઇંદુ ગયો આથમી, કાં રહ્યો બાંહોડી કંઠ ઘાલી?
નાથ! મેલો હવે બાથ માંહો થકી, શું કરશો હવે બાંહ ઝાલી?
પ્રાત
અરુણ ઉદે હવો પૂરવ દિશા થકી, તેજ તારા તણું ક્ષીણ દીસે;
દીપક-જ્યોત તે ક્ષીણ થઈ, જાદવા! વચ્છ ધવરાવવા ધેન હીસે.
પ્રાત
લલિત અતિ સુંદરી લલિત આલાપતી, ઘેર દધિમંથન-ઘોષ થાયે;
શબદ સોહામણા સાવજાં અતિ કરે, સુરભિત શીતલ પવન વાયે.
પ્રાત
કમળ વિકસી રહ્યાં, મધુપ ઊડી ગયા, કુક્કુટા બોલે, પિયુ! પાય લાગું;
રવિ રે ઊગતાં લાજી એ ઘર જતાં, નરસૈંયાચા સ્વામી! માન માગું.
પ્રાત

૩૬

સેજેથી ઊઠી રે શ્યામા શીશ અંબોડો વાળે રે;
વદનસુધાકર બાલીને ઉદિયો દિનકરને અજવાળે રે.
સેજેથી
આલસ મોડે, ઉજાગરી અંગે, અલવે કરે ઉન્મેખ રે;
અધર તણા ડંક અદ્‌ભુત દીસે, ખંડિત તિલકની રેખ રે.
સેજેથી
લડસડતી ઉર અંબર ઓઢે, કંચુકી-બંધ સમારે રે;
બાહુલતા જોડીને સ્કંધે નિશાસુખ વિચારે રે.
સેજેથી
'નહિ જાવા દઉં, મારા વહાલા!' મર્મવચન એમ બોલે રે;
નરસૈંયાસા સ્વામી-શું મળી, નહિ એ સુખ કો તોલે રે.
સેજેથી

૩૭

કોણ પુન્યે કરી નાર હું અવતરી, શ્રીહરિ દિન થઈ માન માગે;
અમર અવિગતિ કહે, અકલ કો નવિ લહે, તે કમલાવર કંઠ લાગે.

યજ્ઞયાગે કરી યોગધ્યાને ધરી, બહુ તપ આદરી દેહકષ્ટે,
તોહુ તે હરિ સ્વપને ન પેખીએ, તે હરિ નિરખીએ પ્રેમદૃષ્ટે.

શેષ સુખાસન સેજ સદા સહી, ભવન જશું વૈકુંઠ કાહાવે,
તે પેં અધિક જે મંદિર માહરું, પ્રેમે પીતાંબર પલંગ આવે.

ભગતવછલ તણું બિરદ પોતે વહે, વેદ પુરાણ એમ સ્મૃત વાણી,
નારસહિંયાચો સ્વામી ભલે મલિયો, કીધી કૃપા મુને દીન જાણી.

૩૮

ભૂતકાળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે;
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાસી માંહીં રે.

ભૂતળ

હરિના જન તો મુક્તિ ન જાચે, જાચે જનમોજનમ અવતાર રે,
નિત્ય સેવા, નિત્ય કીર્તન-ઓચ્છવ, નિરખવા નંદકુમાર રે.

ભૂતળ

ભરતખંડ ભૂતળમાં જન્મી જેણે ગોવિંદના ગુણ ગાયા રે,
ધન્ય ધન્ય એનાં માતાપિતાને, સફળ કરી એણે કાયા રે.

ભૂતળ

ધન્ય વૃંદાવન, ધન્ય એ લીલા, ધન્ય એ વ્રજનાં વાસી રે;
અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે રે ઊભી, મુક્તિ થઈ રહી દાસી રે.

ભૂતળ

એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુકજોગી રે,
કાંઈએક જાણે વ્રજની વનિતાઃ ભણે નરસૈંયો ભોગી રે.

ભૂતળ

૩૯.

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વમાં તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.

અખિલ

પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા! વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એ જ આશે.

અખિલ

વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દેઃ કનકકુંડળ વિશે ભેદ ન્હોયે;
ઘાટ ઘડિયા પછી નામ-રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોય.
અખિલ

ગ્રંથ ગરબડ કરી, વાત નવ કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મન-વચન-કર્મથી આપ માની લહે, સત્ય છે એ જ : મન એમ સૂઝે.
અખિલ

વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એ જ પાસે;
ભણે નરસૈંયોઃ એ મન તણી શોધનાઃ પ્રીત કરું, પ્રેમથી પ્રગટ થાશે.
અખિલ

૪૦

હું ખરે તું ખરો, હું વિના તું નહીં, હું રે હઈશ તાંહાં લગી તું રે હઈશે.
હું જતે તું ગયો, અનિર્વાચી રહ્યો, હું વિના તું તુંને કોણ કહેશે?

સગુણ હોય જાંહાં લગી, નિર્ગુણ તાંહાં લગી, તેમ કહે સદ્‌ગુરુ વાત સાચી;
સગુણ શમતાં નિર્ગુણ ગયો છે શમી, શેષપૂરણ રહ્યો અનિર્વાચી.

શિવ ને જીવનો ન્યાય તે એક છે, જીવ હોય તાંહાં લગી શિવ હોયે;
જીવ શમતાં શિવ સ્હેજે શમાઈ ગયો, ટળી જાય દ્વન્દ્વ એ નામ દોયે.

તાહરા માહરા નામનો નાશ છે, લૂણ ને નીર દૃષ્ટાંત જોતે;
મહેતો નરસૈં કહેઃ વસ્તુ વિચારતાં વસ્તુરૂપ થાશે રે વસ્તુ પોતે.

૪૧

જ્યાં લગી આતમા તત્ત્વચીન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
મનખાદેહ તારો એમ એળે ગયો, માવઠાની જેમ વૃષ્ટિ વૂઠી.

શું થયું સ્નાન, સંધ્યા ને પૂજા થકી? શું થયું ઘેર રહી દાન દીધે?
શું થયું ધરી જટા ભસ્મલેપન કર્યે? શું થયું વાળલુંચન કીધે?
જ્યાં

શું થયું જપ-તપ-તીરથ કીધા થકી? શું થયું માળ ગ્રહી નામ લીધે?
શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી? શું થયું ગંગજળ-પાન કીધે?
જ્યાં

શું થયું વેદ-વ્યાકરણ વાણી વદ્યે? શું થયું રાગ ને રંગ માણ્યે?
શું થયું ખટદર્શન-ભેદ સેવ્યા થકી? શું થયું વરણના ભેદ આણ્યે?
જ્યાં

એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, જ્યાંહાં લગી પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરસૈંયોઃ તત્ત્વદર્શન વિના રત્નચિંતામણિ જન્મ ખોયો.
જ્યાં

૪૨.

જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઊંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય-વિલાસ-તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.
જાગીને

પંચ મહાભૂત પરિબ્રહ્મથી ઊપન્યાં, અણુ અણુમાં રહ્યાં તેહને વળગી;
ફૂલ અને ફળ તે તો વૃક્ષનાં જાણવાં, થડ થકી ડાળ નવ હોય અળવી.
જાગીને

વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દેઃ કનકકુંડળ વિશે ભેદ ન્હોયે;
ઘાટ ઘડિયા પછી નામ-રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે.
જાગીને

જીવ ને શિવ તે આપ-ઇચ્છાએ થયો, રચી પરપંચ ચૌદ લોક કીધા;
ભણે નરસૈંયો 'એ તે જ તું', 'તે જ તું' એને સમર્યાથી કંઈ સંત સીધ્યા.
જાગીને

૪૩

નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો? 'તે જ હું,' 'તે જ હું' શબ્દ બોલે;
શ્યામનાં ચરણમાં ઇચ્છું છું મરણ રે, અહીંયા કો નથી કૃષ્ણ તોલે.
નિરખને

શ્યામ-શોભા ઘણી બુદ્ધિ નવ શકે કળી, અનંત ઓચ્છવમાં પંથ ભૂલી;
જડ અને ચેતન રસ કરી જાણવો, પકડી પ્રેમે સજીવંન મૂળી.
નિરખને

ઝળહળ જ્યોત ઉદ્યોત રવિ કોટમાં, હેમની કોર જ્યાં નીસરે તોલે;
સચ્ચિદાનંદ આનંદક્રીડા કરે, સોનાનાં પારણાં માંહી ઝૂલે.
નિરખને

બત્તી વિણ, તેલ વિણ, સૂત્ર વિણ જો વળી, અચળ ઝળકે સદા અનળ દીવો;
નેત્ર વિણ નિરખવો, રૂપ વિણ પરખવો, વણજિહ્વાએ રસ સરસ પીવો.
નિરખને

અકળ અવિનાશી એ, નવ જ જાયે કળ્યો, અરધ-ઊરધની મધ્યે મહાલે;
નરસૈંયાચો સ્વામી સકળ વ્યાપી રહ્યો, પ્રેમના તંતમાં સંત ઝાલે.
નિરખને

૪૪

જે ગમે જગતગુરુ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે, ઊગરે એ જ ઉદ્વેગ ધરવો.
જે ગમે

‘હું કરું, હું કરું’ એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ-મંડાણ છે સર્વ એણી પેરે, જોગી-જોગેશ્વર કોઈક જાણે.
જે ગમે

નીપજે નરથી તો કોઈ નવ રહે દુઃખી, શત્રુ મારીને સહુ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દૃષ્ટે આવે નહીં, ભવન ભવન પર છત્ર દાખે.
જે ગમે

ઋતુ લતા-પત્ર-ફળ-ફૂલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે.
જે ગમે

સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલ કર જોડી-કરી નરસૈંયો એમ કહેઃ જન્મ-પ્રતિજન્મ હરિને જ જાચું.
જે ગમે

૪૫

સમરને શ્રીહરિ, મેલ મમતા પરી, જોને વિચારીને મૂળ તારું;
તું અલ્યા! કોણ? ને કોને વળગી રહ્યો? વણસમજ્યે કહે, ‘મારું મારું.’
સમરને

દેહ તારી નથી, જોને જુગતે કરી, રાખતાં નવ રહે, નેટ જાયે;
દેહ તણા સંબંધ તે દેહ લગણ હશે, પુત્ર-કલત્ર-પરિવાર વહાયે.
સમરને

ધન તણું ધ્યાન તું અહર્નિશ આદરે, એ જ તારે અંતરાય મોટી;
પાસે છે પિયુ અલ્યા! કેમ ગયો વીસરી? હાથથી બાજી ગઈ, થયો રે ખોટી.
સમરને

ભરનિદ્રાએ ભર્યો, રોધી ઘેર્યો ઘણો, સંતના શબ્દ સુણી શે ન જાગે?
જાગતાં, નરસૈંયો! લાભ છે અતિઘણો, જનમોજનમની તારી ખાંત ભાગે.
સમરને

૪૬

રાત રહે જાહરે પાછલી ખટઘડી, સાધુ પુરુષે ત્યારે સૂઈ ન રહેવું;
નિદ્રાને પરહરી સમરવા શ્રીહરિ, 'એક તું, એક તું' એમ કહેવું.

રાત

જોગિયા હોય તેણે જોગ સંભાળવા, ભોગિયા હોય તેણે ભોગ તજવા,
વેદિયા હોય તેણે વેદ વિચારવા, વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા.

રાત

સુકવિ હોય તેણે સદ્ગ્રંથ બાંધવા, દાતાર હોય તેણે દાન કરવું;
પતિવ્રતા નારીએ કંથને પૂછ્યું, કંથ કહે તે તો ચિત્ત ધરવું.

રાત

આ પેરે આપણા ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી;
નરસૈંના સ્વામીને સ્નેહથી સમરતાં ફરી નવ અવતરે નર ને નારી.

રાત

૪૭

ધ્યાન ધર, ધ્યાન ધર, નેત્રમાં નાથ છે, અંતર ભાળની એક-સુરતિ;
દેહીમાં દરસશે, પ્રેમથી પરસશે, અજબ અનોપમ અધર મૂરતિ.

ધ્યાન

મંન પરસન થશે, કર્યાં કર્મ નાસશે, ભાસશે ભૂમિ વ્રજ વંનવેલી;
કુંજ લલિત માંહે કૃષ્ણ ક્રીડા કરે, નિરખને નૈતમ નિત્ય કેલિ.

ધ્યાન

મોરલીના નાદમાં, શ્રવણના સાદમાં, ઝાંઝરી ઝલરી ઝમક વાજે,
તાલ, મૃદંગ ને ચંદ ઉપમા ઘણી, ભેરીનો નાદ બ્રહ્માંડ ગાજે.

ધ્યાન

સુરતસંગ્રામ વિશે નાથ બહુ વિલસે, દરસશે દેહીનું માન મરતાં;
નરસૈંયાનો સ્વામી સર્વ સુખ આપશે, દુક્કિત કાપશે ધ્યાન ધરતાં.

ધ્યાન

૪૮

સ્વામીનું સુખ હતું, માહારે તાંહાં લગી,
જાંહા લગી હદ હુતી રાત કેરી;
સ્વામીના સુખનો સ્વાદ ભાગી ગયો,
(જ્યારે) ઓચિંતો ઉદયો સૂર વેરી.
સ્વામીનું

સૂરના તેજમાં, સાવ સમરસ થઈ,
સેહેજમાં પિયુ માહરો ગઓ સમાઈ,
પિયુને પગલે, ખોળવા હું ગઈ,
પીયુને ખોળતાં, હું ખોવાઈ ગઈ.
સ્વામીનું

એહવા અટપટા ખેલમાં આંખ ઊલટી ફરી,
હું તજી, હું રહી હાર ખાઈ;
વાણીમાં અનુભવ, એહ આવે નહીં;
અનિર્વચન કહે નિગમ ગાઈ.
સ્વામીનું

અચરજ વાત એ, કોએ માને નહીં,
જેહેને વીતી હોયે, તેહ જાણે;
વસ્તુનો સાગર સાવ સમરસ ભર્યો,
અણછતો નરસઈઓ થઈને માણે.
સ્વામીનું

૪૯

વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે ને મન અભિમાન ન આણે રે.

વૈષ્ણવજન

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ-કાછ-મન નિરમલ રાખે, ધન્ય ધન્ય જનની તેની રે.

વૈષ્ણવજન

સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરદ્રવ્ય ન ઝાલે હાથ રે.

વૈષ્ણવજન

મોહ-માયા વ્યાપે નહિ તેને, દૃઢ વૈરાગ્ય તેના મનમાં રે;
રામનામ-શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે.

વૈષ્ણવજન

વણલોભી ને કપટરહિત છે, કામ-ક્રોધ જેણે માર્યા રે,
ભણે નરસૈંયોઃ તેનું દર્શન કરતાં કુળ એકોતેર તાર્યાં રે.

વૈષ્ણવજન

૫૦

કોટિ કંદર્પનું દર્પ હરવા હરિ ભૂતલે ભોગીનું રૂપ લીધું,
કામિની-કેલ કલિ-કાલમાં, અધમ જનને અભેદાન દીધું.

કોટિ

ચાર જુગને વિખે મુગત નહિ નારને, જુગત એ શ્રુતિસ્મૃતિ એમ બોલે,
તેહ જ નાર વિભચાર-ભાવે ભજે, રંગ રાતી સદા સંગ ડોલે.

કોટિ

સારમાં સાર શણગાર રસ કીધલો, તેહ તણી જાણ થઈ મુખ મોડે,
એ રસ શુકદેવ જેદેવે ચાખિયો, નાથ લખમી તણો હાથ ઓડે.

કોટિ

અધમ ઉદ્ધારવા અવતર્યા શ્રીહરિ, એવું જાણી જે કો ગાન કરશે,
તેહ તણી ચરણની રેણમાં લોટતાં, નારસિયા જેવા કંઈ કોટિ તરશે.

કોટિ

૫૧

પઢો રે પોપટ રાજા રામના, સતી સીતા પઢાવે;
પાસે બંધાવી પાંજરું, મુખે રામ જપાવે.
પઢો
પોપટ! તારે કારણે લીલા વાંસ વઢાવું;
તેનું ઘડાવું, પોપટ! પાંજરું, હીરા-રતને જડાવું.
પઢો
પોપટ! તારે કારણે શી શી રસોઈ રંધાવું?
સાકરનાં કરી ચૂરમાં, ઉપર ઘી પિરસાવું.
પઢો
પાંખ પીળી ને પગ પાંડુરા, કોટે કાંઠલો કાળો;
નરસૈંયાના સ્વામીને ભજો રાગ તાણી રૂપાળો.
પઢો

૫૨

સંતો! અમે રે વહેવારિયા રામનામના;
વેપારી આવે છે બધા ગામગામના.
સંતો
અમારું વસાણું સાધુ સહુ કોને ભાવે,
અઢારે વરણ જેને વહોરવાને આવે.
સંતો
અમારું વસાણું કાળદુકાળે ન ખૂટે.
જેને રાજા ન દંડે, જેને ચોર ન લૂંટે.
સંતો
લાખે કરોડે લેખાં નહિ, ને પાર વિનાની પૂંજી;
વહોરવું હોય તો વહોરી લેજો, કસ્તૂરી છે સોંઘી.
સંતો

રામનામ ધન અમારે વાજે ને ગાજે;
છપ્પન ઉપર ભેર ભેરી ભૂંગળ વાજે.
સંતો
આવરો ને ખાતાવહીમાં લક્ષ્મીવરનું નામ;
ચિઠ્ઠીમાં ચતુર્ભુજ લખિયા, નરસૈંયાનું કામ.
સંતો

૫૩
સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં.
સુખ
નળરાજા સરખો નર નહીં, જેની દમયંતી રાણી;
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળ્યાં અન્ન ને પાણી.
સુખ
પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિદ્રા ન આણી.
સુખ
સીતા સરખી સતી નહીં, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતી મહા દુઃખ પામી.
સુખ
રાવણ સરખો રાજિયો, જેની મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લૂંટાણી.
સુખ

૫૪

ઘડપણ કોણે મોકલ્યું? જાણ્યું જોબન રહે સૌ કાળ. (ટેક)
ઉંબરા તો ડુંગરા થયા રે, પાદર થયાં પરદેશ;
ગોળી તો ગંગા થઈ રે, અંગે ઊજળા થયા છે કેશ.

ઘડપણ

નહોતું જોઈતું તે શીદ આવિયું રે? નહોતી જોઈ તારી વાટ;
ઘરમાંથી હળવા થયા રે, કહેઃ ખૂણે ઢાળો એની ખાટ.

ઘડપણ

નાનપણે ભાવે લાડવા રે, ઘડપણે ભાવે સેવ;
રોજ ને રોજ જોઈએ રબડી રેઃ એવી બળી રે ઘડપણની ટેવ!

ઘડપણ

આંખે તો સૂઝે નહીં રે, થરથર ધ્રૂજે કાય,
ખાધું તો અન્ન પચે નહીં રે, વળી બેઠાં તો નવ રહેવાય.

ઘડપણ

પ્રાતઃકાળે પ્રાણ માહરા રે અન્ન વિના અકળાય;
ઘરનાં કહેઃ મરતો નથી રે, તેને બેસી રહેતાં શું થાય?

ઘડપણ

દીકરા તો જૂજવા થયા રે, વહુઅરો દે છે ગાળ;
દીકરીઓને જમાઈ લઈ ગયા રે, હવે ઘડપણના શા હાલ?

ઘડપણ

નવ નાડીઓ જૂજવી પડી રે, આવી પહોંચ્યો કાળ;
બૈરાં-છોકરાં ફટ ફટ કરે રે, બાળક દે છે ગાળ.

ઘડપણ

આવી વેળા અંતકાળની રે, દીકરા પધાર્યા દ્વાર;
પાંસળીએથી છોડી વાંસળી રે લેઈ લીધી તેણી વાર.

ઘડપણ

એવું જાણી સૌ હરિ ભજો રે, સાંભળજો સૌ સાથ,

પરઉપકાર કરી પામશો રે, જે કંઈ કીધુ હશે જમણે હાથ.
ઘડપણ
એવું નફટ છે આ વૃદ્ધપણું રે, મૂકી દો સૌ અહંકારઃ
ધરમનાં સત્ય વચન થકી રે મહેતો નરસૈં ઊતર્યો ભવપાર.
ઘડપણ

૫૫

બાલા રે વરની પાલખી, જોતાં વનિતાને થાય ઉલાસ. બાલા. (ટેક)

નાહીધોઈને પોઢિયા રે, તિલક કીધાં બાલ,
વરના જાનૈયા શોભી રહ્યા રે, માથે નાખ્યાં છે અબીલગુલાલ.
બાલા

લીલા તે વાંસની પાલખી રે, તેના ઊંચકનારા ચાર,
માથે તે બાંધ્યાં ભીનાં પોતિયાં રે, મોઢે રામરામ નામ પોકાર,
ચોરી તે બાંધી ચોકમાં રે, છાણાં તે લાવ્યા બેચાર.
બાલા

ગોલપાપડી દેખે કૂતરાં રે, તે તો મનમાં ઘણું મલકાય,
બાલા રે (વરને) આગળ ચાલે લાકડાં રે, પાછળ ચાલે લાય,
જમાઈ તો ચાલ્યા સાસરે રે, એની સાસુને હરખ ન માય.
બાલા

તોરણે તણખા ઊડિયા રે, માંડવે લાગી લાર,
દીઠ રે સાસુ શંખણી રે, તારો જમાઈ આવ્યો બાર.
બાલા

પંદરસે પેરામણી રે, મસાણા ગામનું નામ,
લાલબાઈની દીકરી રે, ચિતાકુંવરી એનું નામ.
બાલા

જમાઈ તો રહ્યા સાસરે રે, જાનૈયા આવ્યા ઘેર,
ટકો પૈસો સર્વે ખાઈ ગયા રે, વિવાહ કીધો છે રૂડી પેર.
બાલા
બાર ઘડા બાર કોડિયાં રે, ઉપર પૈસો મેલો રોક,
જઈને કહો એના બાપને રે, હવે તાણીને મેલો પોક.
બાલા
જીવને જમડા લઈ ગયા રે, દેહીનો કીધો એ હવાલ,
નરસૈંયાનો સ્વામી મલ્યો રે, તે તો ઊતરિયા ભવપાર.
બાલા

૫૬
ઊંચી મેડી તે મારા સંતની રે
મેં તો મ્હાલી ન જાણી રામ – હો રામ.
ઊંચી
અમને તે તેડાં શીદ મોકલ્યાં,
હે મારો પિંડ છે કાચો રામ;
મોંઘા મૂલની મારી ચૂંદડી,
મેં તો ઓઢી ન જાણી રામ, – હો રામ,
ઊંચી
અરધાં પહેર્યાં, અરધાં પાથર્યાં,
અરધાં ઉપર ઓઢાડ્યાં રામ;
ચારે છેડે ચારે જણા
ડોળી ડગમગ જાયે રામ – હો રામ,
ઊંચી
નથી તરાપો, નથી તુંબડાં,
નથી ઊતર્યાનો આરો રામ;

નરસૈં મહેતાના સ્વામી શામળા,
પ્રભુ પાર ઉતારો રામ – હો રામ,
ઊંચી

૫૭

સારમાં સાર અવતાર અબળા તણો, જે બળે બળભદ્ર-વીર રીઝે;
પુરુષ-પુરુષારથે શું સરે, હે સખી? તેણે નવ નાથનું કાજ સીઝે.
સારમાં

મુક્તિ પર્યંત તો પ્રાપ્તિ છે પુરુષને, સત્ય જો સેવકભાવ રાખે;
રસભર્યું રૂસણું, નાથ નોહરા કરે, તે નહીં નારી-અવતાર પાખે.
સારમાં

ઇંદ્ર-ઇંદ્રાદિક અજ અમર મહામુનિ, ગોપિકાચરણરજ તેહ વંદે;
ગોપીથી આપનું અધમપણું લેખવે, નરપણું નવ રુચે, આપ નિંદે.
સારમાં

વેદ-વેદાંત ને ઉપનિષદ ખટ મળી, જે મથીને રસ પ્રગટ કીધો,
તે રસ ભાગ્યનિધિ ભામિની ભોગવે, અહર્નિશ અનુભવ-સંગ લીધો.
સારમાં

સ્વપ્ન સાચું કરો, ગિરિધર શામળા! પ્રણમું હું, પ્રાણપતિ! પાણ જોડી;
પેંધ્યું પશુ જેમ પૂંઠે લાગ્યું ફરે, ત્યમ ફરે નરસૈંયો નાથ ત્રોડી.
સારમાં

૫૮

પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર, તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે;
દૂબળા ઢોરનું કૂશકે મન ચળે, ચતુરધા મુક્તિ તેઓ ન માગે.
પ્રેમરસ

પ્રેમની વાત પરિક્ષિત પ્રીછ્યો નહીં, શુકજીએ સમજીને રસ સંતાડ્યો;

જ્ઞાન વૈરાગ્યે કરી ગ્રંથ પૂરો કર્યો, મુક્તિને માર્ગે સૂધો દેખાડ્યો.
પ્રેમરસ

મારીને મુક્તિ આપી ઘણા દૈત્યને, જ્ઞાની વિજ્ઞાની બહુ મુનિ રે જોગી;
પ્રેમને જોગ તો વ્રજ તણી ગોપિકા, અવર વિરલા કોઈ ભક્ત ભોગી.
પ્રેમરસ

પ્રેતને મુક્તિ તો પરમ વલ્લભ સદ, હેતુના જીવ તે હેતુ ત્રૂઠે;
જન્મોજન્મ લીલારસ ગાવતાં લ્હાણનાં વહાણ જેમ દ્વર છૂટે.
પ્રેમરસ

મેં ગ્રહ્યો હાથ ગોપીનાથ ગરવા તણો, અવર બીજું કોઈએ ન ભાવે;
નરસૈંયો મહામતિ ગાય છે ગુણ કથી, જતિસતિને તો સપને ન આવે.
પ્રેમરસ

સુદામાચરિત્ર/સુદામાના કેદારા-માંથી ૧, ૫, ૮

૫૯

(૧) 'જદુપતિ નાથ તે મિત્ર છે તમ તણા, જાઓ વેગે કરી કૃષ્ણ પાસે;
પ્રીત પૂરવ તણી, હેત ધરશે હરિ, મન તણા મનોરથ સફળ થાશે.
જદુપતિ

ઘેર બાળક સહુ દુઃખ પામે બહુ, વસ્ત્ર ને અન્નથી રહે છે ઊણાં;
નિર્ધન સરજ્યાં તે પુણ્ય કીધા વિના, કર્મના દોષ તે આવી પૂણ્યા.
જદુપતિ

જગતપતિ જાદવો, ભક્તિવશ માધવો, કરશે કરુણા પ્રભુ દીન જાણી;
ગોમતીસ્નાનથી કોટિ અધ નાસશે, નિરખતાં કૃષ્ણજી પ્રેમ આણી.
જદુપતિ

કૃષ્ણને હળીમળી, શીઘ્ર આવો વળી, જાણશે ત્રીઠ તે અંતરજામી;
વીનતી મન ધરો, આળસ પરહરો સાહ્ય થાશે નરસૈંનો સ્વામી.'

જદુપતિ

૬૦

(૫) ચાલિયો વાટમાં, જ્ઞાનીના ઘાટમાં, મિત્ર મોહન તણું નામ લેતો;
'ધન્ય એ નાર, અવતાર સફળ કર્યો, કૃષ્ણ, તું કૃષ્ણ તું એમ કહેતો.

ચાલિયો

'માગવું મૃત્યુ પરમાણ છે પ્રાણીને, લોભ કીધો તિહાં પ્રીત તૂટે;
મંન અબળા સુખે વાટ જોતી રહે, માગતાં તો બધો મરમ છૂટે.

ચાલિયો

વાટ જોવી નથી, માગિયું મેં નથી, ભોગવું કર્મ જે ભાગ્ય લાવ્યો;
શ્રીપતિ નાથ, ને રંક હું સરજિયો,' એમ કરતાં જદુ-દ્વાર આવ્યો.

ચાલિયો

આવી ઊભો રહ્યો, કંઠ ગદ્‌ગદ થયો, કોટિ-સૂરજ-શશી-જ્યોત ભાસે;
ઉર દયા આણીને, હરિજન જાણીને, પોળિયે જઈ કહ્યું કૃષ્ણ પાસે.

ચાલિયો

મંદિરમાં તેડિયા ચાલીને ભેટિયા, ત્રિવિધના તાપ તે સર્વે નાઠા;
હેમ-સિંહાસને લેઈ બેસાડિયા, તાણતાં વિપ્રનાં વસ્ત્ર ફાટ્યાં.

ચાલિયો

તેલ-ફૂલેલ મર્દન કરાવિયાં, શુદ્ધ ઉષ્ણોદકે સ્નાન કીધું;
કનકની પાવડી ચરણ આગળ ધરી, કૃષ્ણે ચરણોદક શીશ લીધું.

ચાલિયો

પુનિત પીતાબંર પહેરવા આપિયું, કનકને થાળે પકવાન દીધાં;
ભાવતાં ભોજન કૃષ્ણ સાથે કર્યાં, લીધાં આચમન ને કારજ સિધ્યાં.

ચાલિયો

કૃષ્ણે પરિયંક પર હેતે પોઢાડિયા, દધિસુતા વીંઝણે વાયુ ભરતાં;
સત્યભામા આદે નાર નિરખી રહી, નરસૈંનો નાથ ચરણ-સેવા કરતા.

ચાલિયો

૬૧

(૮) ધન્ય તું, ધન્ય તું, રાય રણછોડજી! દીન જાણી મુંને માન દીધું;
નહિ મુજ જોગ તે ભોગ મેં ભોગવ્યા, અજ-અબંરીષથી અધિક કીધું.

ધન્ય

કનકને આસને મુજને બેસાડિયો, રુક્મિણી વચને તે હાથ સાહતાં;
હેત આણી હરિ ચરણ તળાંસિયા, ખટરસ ભોજન સંગ કરતાં.

ધન્ય

બાળપણા તણો સ્નેહ નવ વીસર્યો, મિત્ર મોહન તણી પ્રીત સાચી;
દીન જાણી હુંને દયા કીધી ઘણી, રંક બેસાડિયો કનક-માંચી.

ધન્ય

ધન્ય ધન્ય, કૃષ્ણજી! સંત સેવા કરી, ધ્યાન ધરતો હું નિજ દ્વાર આવ્યો;
રત્નજડિત મણિ, ભવન શોભા ઘણી, દેવ શું દ્વારકા ફરીને લાવ્યો?

ધન્ય

કનકની ભૂમિ ને વિદ્રુમના થાંભલા, અર્કની જ્યોત ઉદ્યોત દીસે;
ખાન ને પાન, વિહાર-સ્થાનક ઘણાં, કામીજન નિરખતાં કામ હીસે.

ધન્ય

સપ્ત-નવ વરસની દીઠી ત્યાં સુંદરી, નારી નવજોબના બહુ રૂપાળી;
સોળ શણગાર તે અંગ સુંદર ધર્યાં, દેવ વિમાનથી રહ્યા નિહાળી.

ધન્ય

સહસ્ર દાસી મળી નાર વીંટી વળી, કામિની કંથની પાસ આવી;

'સ્વામી, રે સ્વામી! હું દાસી છું તમ તણી, મંદિર પધારીએ પ્રેમ લાવી.'
ધન્ય
ગોમતીસ્નાન ને નિરખવું કૃષ્ણનું, પુણ્ય પ્રગટ થયું, પાપ નાઠું;
આ કાળિકાળમાં જંતુ સહેજે તરે, જેને શ્રીકૃષ્ણ-શું હોય ઘાટું.
ધન્ય
કૃષ્ણ-માહાત્મ્ય લહી ઘેર આવ્યો વહી, નવલજોબન થયાં નર ને નારી;
વારતા કથતાં રજની વીતી ગઈ, નરસૈંના નાથની પ્રીત ભારી.
ધન્ય

પુત્રવિવાહનાં પદોમાંથી ૧, ૧૦

૬૨

(૧) મરમ-વચન કહ્યાં ભાભીને હુંને, તે માહરા પ્રાણમાં રહ્યાં વળૂંધી.
શિવ આગળ જઈ, એક-મનો થઈ, ધ્યાન કીધું દિવસ સાત સુધી.
મરમ
હરજીએ હેત ધરી, દીન જાણી કરી, પ્રગટ દર્શન દીધું શૂલપાણિઃ
તારી ભક્તિ ઉપર હું જ પ્રસન્ન થયો, માગ રે માગ,' મુખ વદત વાણી.
મરમ
ગદ્‌ગદ કંઠે હું બોલી શકું નહિ, મસ્તકે કર ધર્યો મુગ્ધ જાણી;
અચેત ચેતન થયો, ભવ તણો અધ ગયો, સૂતી ઊઠી મારી આદ્ય વાણીઃ
મરમ
'તમને જે વલ્લભ, હોય કાંઈ સુલ્લભ, આપો પ્રભુજી! હુંને દયા રે આણી.'
ગોપીનાથે હુંને અભેપદ આપિયું, નરસૈંયો હરિ-જશ રહ્યો વખાણી.
મરમ

૬૩

(૧૦) મહેતા પ્રત્યે તવ બોલિયાં તારુણીઃ 'વિવાહ આવ્યો હવે દિન થોડે.
ઘર માંહે હું કાંઈ નથી દેખાતી, આવે સગાં રહ્યાં મુખ મોડે.
મહેતા
કુંકુમ નાડાં સોપારી શ્રીફળ નથી, નાથજી! હજી જઈ શેં ન શોધો?
નામ લો છો 'હરિ', આળસ પરહરી! કાં રે બેસી રહ્યા? બુદ્ધિ બોધો.
મહેતા
શેઠ ધારો કોઈ વૈષ્ણવ જનને, લીધા દીધાનો વહેવાર સાંધો;
'અડચું રહેશે નહિ કાર્ય વિવાહ તણું, ચપળ થઈને હવે કેડ બાંધો.'
મહેતા
'શેઠ મમ શામળો, સર્વથી છે ભલો, રાખ વિશ્વાસ, તે દેશે આણી;
નરસૈંયો નાગર રંક છે બાપડો, કરશે સંભાળ પોતાનો જાણી.'
મહેતા

મામેરાનાં પદોમાંથી ૪,૫,૧૦,૧૧

૬૪

(૪) જનનીએ મેલ્યા નર જીવે, સ્ત્રીવિછોહ્યા મરી જાય રે, માય.
સંપત્ય-હીણ તે શબવત દીસે, મરે, ન જીવતા થાય ર, માય.

વિશ્વજનેતા સાગરતનયા હરિ-અર્ધાંગે તું, કમળાય.
કૃપાકટાક્ષે જુઓ અમ ઉપર; નરસિંયો કા વિસારિલા, માય?

(૫) નાગર ન્યાતમાં નિર્ધન સરજિયાં, તમ વિના કૃષ્ણજી! કેને કહીએ?
પુત્રીએ પત્ર સીમંતનુ મોકલ્યું, કૂહોને, નારાયણ! કેમ કરીએ?
નાગરી

દીન વચને કરી, નયણે આંસુ ભરીઃ 'નર્ધિન તાત પર નથી રે લેણું;
આવે અવસરે અવસર નહીં સાચવો, તો સાસરિયામાં થાશે મહેણું'
નાગરી

કાજ કોને ભજ્યે થાય, ધરણીધરા? મારે નવનિધ તું, એક રાજ,
આવ્યું સીમંત, જાવું છે, જદુપતિ! કાજ તારું ને તુંને છે લાજ.'
નાગરી

સંગે વેરાગી વૈષ્ણવ તણી મંડળી, ગાય ગોવિંદ-ગુણ દિવસરાત;
મામેરું કરવાને મહેતોજી ચાલિયા, તાળ, મૃદંગ ને ચંગ સાથ.
નાગરી

આવ્યો, વહેવાઈએ દીઠો નરસૈંયાને, તહીં ઘરમાં જઈ કીધી વાતઃ
'વહુજી! વધામણીઃ આવી પહેરામણી, તાળ વાયે ઊભો આંગણ તાત.'
નાગરી

આવી ઊભી રહીઃ 'તાત! ત્રેવડ નહિ, શીદ આવ્યા તમો હાંસુ થાવા?
લોક નિંદા કરે, પડોશ જોવા મળે, તાળ વાઓ, વળી ગીત ગાવાં!'
નાગરી

'દુખ મ કર, દીકરી! ગાઓ ગોવિંદ હરિ, વસ્ત્ર પૂરશે, જો , વૈકુંઠરાય,
ચીર છાયલ ઘણાં, વસ્ત્ર વિધવિધ તણાં; છાબ ઠાલી ધરો મંડપ માંહ્ય.
નાગરી

પહેરે વહેવાઈ, જમાઈ ને દીકરી, તેહ જોશે સર્વે નાગરી નાત;
નરસૈંયાચો સ્વામી સુખદાતા ઘણુંઃ પુત્રીની વાધશે સબળ ખ્યાત.'
નાગરી

૬૬

(૧૦) મહેતો કહેઃ 'દીકરી! ભજને તું શ્રીહરિ, કરોને પહેરામણી, તેડો ડોસી;
આપણો શેઠ લક્ષ્મીસહિત આવિયો, નામ પ્રસિદ્ધ દામોદર દોશી.'
મહેતો
ધાઈ ચરણે નમી, શેઠાણી-મન ગમી, 'આવો, પુત્રી!' કહી માન દીધું;
'લાવ્યાં પહેરામણી, જોઈએ તે લો ગણી,' લખ્યા થકી પણ અધિક કીધું.
મહેતો
હરખ પામી ઘણું: 'કામ થયું આપણું,' ધાઈ આવી વડસાસુ પાસ,
'મહેણાં દેતાં ઘણું, ભક્તથી લાજતાં, તે લખપતિ તાતે પૂરી આશ.'
મહેતો
સાસુ-નણદી, ભોજાઈ-માસી-ફઈ, દેરાણી-જેઠાણી મળ્યાં છે ટોળે;
'ધન્ય રે ધન્ય, વહુ!' એમ બોલે સહુ, મરમ માંહે રહ્યાં મુખ મોડે.
મહેતો
આવી મળિયાં સહુ મંડપ માંહે બહુ, છાબ ઠાલી માંહે મેલી હૂંડી;
નરસૈંયાને જોઈને લોક વિસ્મે થયાં: 'આ તો પહેરામણી કરશે રૂડી.'
મહેતો

૬૭

(૧૧) વિસ્મે થઈ નાત નાગર સહુ નિરખતીઃ 'મિત્ર નરસિંયાનો ક્યાંથો આવ્યો?
રીધ ને સીધનો પાર નવ પામિયે, વસ્ત્ર વિધવિધ તણાં ક્યાંથી લ્યાવ્યો?
વિસ્મે

હસિત વદને હરિ એમ તિહાં ઓચર્યાઃ ‘કોટિ કારજ એવાં નિત્ય કરજો.
આવતાં વાર લાગી રે કાંઈ અમને, એટલું તમો અમ ક્ષમા રે કરજો.’

વિસ્મે

રમાએ કુંવરબાઈ રુદિયા-શું ચાંપિયાં; મસ્તક હાથ મૂકીને પૂછેઃ
‘આવડી દૂબળી કેમ કરી, દીકરી? કહે વારૂ, તને દુઃખ શું છે?’

વિસ્મે

ગદ્‌ગદ કંઠથી કુંવરબાઈ ઓચરેઃ ‘આજ મારું સહુ દુઃખ ભાંગ્યું;
તમ દર્શન વિના હું સદા દૂબળી, માતાનું દર્શન હું નિત્ય માંગું.

વિસ્મે

લક્ષ્મીજી તણાં આભરણ ઓપતાં, સર્વ સમર્પિયાં કુંવરી-હાથ;
‘મ્હેતાજી સાથે માયા એવી ક્યારની? માન તજી પૂછે વ્હેવાણ વાત.

વિસ્મે

લક્ષ્મીજી ઓચર્યાંઃ ‘આદિ ને અંતની માયા અમારી અમ્યો જ જાણું;
અમારે આ વૈભવ આપ્યો મહેતા તણો, એક રસના થકી શું વખાણું?

વિસ્મે

રીતે ને ભાત સહુ આપિયાં નાથજી; આજ્ઞા માગી પછી પ્રભુજી મ્હોતા;
આશ્ચર્જ પામિયા લોક ઊના તણા, અંતરધાન થ્યા સર્વ જોતાં.

વિસ્મે

નાગરી નાત તે સર્વ પાગે પડીઃ ‘ધન્ય મ્હેતાજી, ભક્તિ તમારી;

વિસ્મે

૬૮

(૧) આ જોને, કોઈ ઊભી રે આળસ મોડે.
બાંહે બાજુબંધ બેરખા સોહે, મનડું મોહ્યું છે એને ચૂડે;
ઝાંઝર ઝમકે ને વીંછુઆ ઠમકે, હીંડે છે વાંકે અંબોડે.
આ જોને
સોવ્રણઝારી અતિ રે સમારી, માંહે નીર ગંગાજળ હોડે;
નરસૈંયાને પાણી પાવાને મારો વહાલોજી આવ્યા છે કોડે.
આ જોને

૬૯

(૪) હરિ આવ્યા છે નારીના વેશે રે, એને કોઈ જુઓ રે;
શિવ બ્રહ્મા જેનું ધ્યાન ધરે છે, તેને જોઈ દુખડાં ખુઓ રે.
હરિ
માત-પિતા એનાં મનમાં વિમાસેઃ કહો કે ક્યાં થકી આવી રે?
અચરત સરખું સહુને ભાસેઃ એ જલઝારી ક્યાંથી લાવી રે?
હરિ
બંધવ એનો તત્ક્ષણ ઊઠ્યો, આવ્યો મંદિર જાણી રે;
રતનબાઈ ઘણું વ્યાકુળ ફરે છેઃ ‘તમો લ્યોને, મહેતાજી! પાણી રે.’
હરિ
પરમેશ્વરે પુત્રી કરી જાણી, સભા મધ્યે આણી રે;
અંતર્ધાન થયા અલબેલો, વાત સહુ કોએ જાણી રે.
હરિ

જયજયકાર થયો જગ માંહે, હરખ વાધ્યો હૈયે રે;
નરસૈંયાચો સ્વામી ભલે મળિયો, એનાં ચરણકમળમાં રહીએ રે.
હરિ

વિશેષ પદો ૨

૭૦

(૧) ગિરિ તળાટી ને કુંડ દામોદર, ત્યાં મહેતાજી નાહવા જાય;
ઢેડ વરણમાં દઢ હરિભક્તિ, તે પ્રેમ ધરીને લાગ્યા પાય.
ગિરિ

કર જોડીને કરે પ્રાર્થના, વિનય તણાં બહુ વદ્યા રે વચંન;
'મહાન્તપુરુષ! અમારી અરજ એટલીઃ અમારે આંગણે કરો કીર્તન.
ગિરિ

પ્રેમ-પદારથ અમો પામીએ, વામીએ જન્મ-મરણ-જંજાળ;
કર જોડતાંમાં કરુણા ઊપજી, મહેતાજી વૈષ્ણવ પરમ દયાળ.
ગિરિ

'પક્ષપક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમદૃષ્ટિને સર્વ સમાન;
ગોમૂત્રે તુલસી-થલ લીંપજો,' એવું વૈષ્ણવે આપ્યું વાગ્દાન.
ગિરિ

મેહતાજી નિશાએ આવ્યા, લાવ્યા પ્રસાદ ને કીધો ઓચ્છવ;
ભોર થયા લગી ભજન કીધું, સંતોષ પામ્યા સહુ વૈષ્ણવ.
ગિરિ

ઘેર પધાર્યા હરિ-જશ ગાતા, વહાતા તાળ ને શંખ-મૃદંગ;
હસી હસી નાગર લેતાં તાળીઃ 'આ શા રે બ્રાહ્મણના ઢંગ!'

ગિરિ

મૌન ગ્રહી મહેતાજી ચાલ્યા: 'અદ્દવધરાને શો ઉત્તર દઉં?'
જાગ્યા લોક, નર-નારી પૂછે: 'મહેતાજી! તમે એવા શું?'
ગિરિ

નાત ન જાણો, જાત ન જાણો, ન જાણો કાંઈ વિવેકવિચાર!'
કર જોડીને કહે નરસૈંયો: 'એ વૈષ્ણવ તણો મુજને આધાર.'
ગિરિ

૭૧

(૨) એવા રે અમો એવા રે એવા, તમો કહો છો વળી તેવા રે;
ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો તો કરશું દામોદરની સેવા રે.
એવા રે

જેનું મન જે સાથે રે બાંધ્યું, પહેલું હતું ઘર-રાતું રે;
હવે થયું છે હરિરસ-માતું, ઘેર ઘેર હીંડે છે ગાતું રે.
એવા રે

કરમ-ધરમની વાત જેટલી, તે મુજને નવ ભાવે રે;
સઘળા પદારથ જે થકી પામ્યો, તે મારા પ્રભુજીની તોલે ના'વે રે.
એવા રે

સઘળા સંસારમાં એક હું ભૂંડો, ભૂંડાથી વળી ભૂંડો રે;
તમારે મન માને તે કહેજો, નેહડો લાગ્યો છે મને ઊંડો રે.
એવા રે

હળવાં કરમનો હું નરસૈંયો, મુજને તો વૈષ્ણવ વહાલા રે;
હરિજનથી જે અંતર ગણશે, તેના ફેરા ફોગટ ઠાલા રે.
એવા રે અમો એવા રે એવા...

ooo

૧૦

પદ્મનાભ (૧૫મી સદી ઉત્તરાર્ધ)

જાલોરના નાગર કવિ. એ ત્યાંના રાજા અખેરાજના દરબારી કવિ હતા. એ અખેરાજની પાંચમી પેઢીના પૂર્વજ વીર કાન્હડદેના અલાઉદ્દીન ખીલજી સાથેના સંઘર્ષને આલેખતું આ કવિનું ૪ ખંડ અને ૧૦૦૦ ઉપરાંત કડીઓનું કાન્હડદે પ્રબંધ વીર અને અદ્‌ભુત રસ-યુક્ત પ્રભાવક કાવ્ય છે. આ કવિની બીજી કોઈ કૃતિ મળતી નથી.

કાન્હડદે પ્રબંધ -માંથી

[અલાઉદ્દીન ખીલજીની જાલોર પર ચડાઈ, કાન્હડદે અને એના પુત્ર વીરમદેનો સૈન્ય સાથે સબળ પ્રતિકાર, અંદરના કપટથી આ ચૌહાણ રાજાની હાર છતાં એમનું અપ્રતિમ વીરત્વ, શસ્ત્રો આદિના વર્ણન-સમેત તે સમયની ઐતિહાસિક વિગતોનું વર્ણન –એ બધું વીર રસના આ કાવ્યને નોંધપાત્ર ઠેરવે છે. અલાઉદ્દીનની પુત્રી પીરોજાના વીરમદે પ્રત્યે, પૂર્વજન્મ-સ્મૃતિથી જાગતા પ્રેમનું નિરૂપણ કાવ્યમાં શૃંગાર અને અદ્‌ભુતના રંગ પણ ઉમેરે છે.
કાવ્યના કેટલાક અંશો સમજૂતી સાથે અહીં મૂક્યા છે.]

પ્રથમ ખંડ

દુહા

ગૌરીનંદન વીનવું, બ્રહ્મસુતા સરસત્તિ
સરસ બંધ પ્રાકૃત કવું, દ્યઉ મુઝ નિર્મલ મત્તિ ૧

આદિપુરુષ અવતાર ધુરિ યાદવજુલિ જયવંત
અસુરવંશ નિકંદિઉ, તે પ્રણમું શ્રીકંત ૨

જિણિ યમુનાજલ ગાહિઉં, જિણિ નાથીઉ ભૂયંગ
વાસુદેવ ધુરિ વીનવું, જિમ પામૂં શ્રીકંત ૩

પદ્મનાભ પંડિત સુકવિ, વાણી વચન સરંગ
કીરતિ સોનિગિરા તણી તિણિ ઉચ્ચરી સુચંગ ૪

જાલહુરઉ જગિ જાણીઈ સામતસી-સુત જેઉ
તાસ તણા ગુણ વર્ણવું, કીરતિ કાન્હડદેઉ ૫

[સાર : કાન્હડદે પ્રબંધ, સંપા. કાન્તિલાલ બ. વ્યાસ-માંથી]

(પ્રબન્ધને આરંભે મંગલાચરણમાં કવિ સિદ્ધિદાતા ગણેશ અને બુદ્ધિપ્રદા સરસ્વતીનું સ્તવન કરે છે, વળી આદિપુરુષ વાસુદેવને પ્રણામ કરીને પંડિત કવિ પદ્મનાભ સોનગિરા ચૌહાણ સામંતસી-સુત કાન્હડદેની કીર્તિગાથાનો પ્રારંભ કરે છે, (ખંડ-૧ શ્લોક ૧-૫)

*

ચઉપઈ

તિણિ અવસરિ ગૂજરધર રાય સારંગદે નામઈ બોલાઈ
તિણિ અવગુણીઉ માધવ બંભ તહી લગઈ વિગ્રહ આરંભ ૧૩

રિસાવ્યુ મૂલગુ પ્રધાન, કરી પ્રતન્યા નીમ્યઉં ધાન
ગૂજરાતિ તઉ ભોજન કરું જઉ તુરકાંણઉ આણું અરહૂં ૧૪

માધવ મહુતઈ કરયઉ અધર્મ, નવિ છૂટિયઈ આગિલાં કર્મ
જિહાં પૂજિજ્યઈ સાલિગ્રામ, જિહાં જપિજ્યઈ હરિનઉં નામ ૧૫

જિણિ દેસઈ કરાયઈ જ્યાગ, જિહાં વિપ્રનઈ દીજ્યઈ ત્યાગ
જિહાં તુલસી પીપલ પૂજ્યઈ, વેદ પુરાણ ધર્મ બૂઝીયઈ ૧૬

જિણિ દેસઈ સહૂ તીરથિ જાઈ, સ્મૃતિ પુરાણ માનીયઈ ગાઈ
નવ ષંડે અપકીરતિ હૂઈ, માધવિ મ્લેચ્છ આણીયા સહી ૧૭

(એ સમયે ગુર્જરધરા ઉપર સારંગદે નામે રાજા રાજ્ય કરતો હતો. એણે (પોતાના અમાત્ય) માધવ બ્રાહ્મણની અવમાનના કરી, જેમાંથી વિગ્રહનો આરંભ થયો. એ મહાઅમાત્ય રિસાયો. એણે પ્રતિજ્ઞા કરી કે 'હવે ગુજરાતમાં તો હું ત્યારે જ ભોજન કરું કે જ્યારે તુર્કાને અહીં લઈ આવું.' માધવ મહેતે આ મહાન અધર્મ કર્યો. જે ભૂમિમાં શાલિગ્રામની પૂજા થતી હતી. હરિનું નામ લેવાતું હતું, યજ્ઞયાગાદિક થતા હતા, અને બ્રહ્મણોને દાનો દેવાતાં; જ્યાં તુલસીપીપળાની પૂજા થતી, વેદપુરાણોકત ધર્મનું પાલન થતું, જ્યાં લોકો તીર્થયાત્રાએ જતાં; જ્યાં સ્મૃતિપુરાણો અને ગાયની પૂજા થતી — એવી અતિ પવિત્ર ભૂમિમાં માધવ મ્લેચ્છોને લઈ આવ્યો! માધવને કપાળે આ કાળી ટીલી લાગી! પૂર્વસંચિત કર્મ કદી મિથ્યાં થતાં કથી. (૧૩-૧૭)

*

ચઉપઈ

ભણી જાલહુર સીષામણ દ્યઈ, ચહૂઆણાનઇ પૂછઉ જઈ
તૂં તાહરઉ ભોગવિ પાટ, લસકર ચાલઈ સૂધી વાટ ૨૯

સુરતાણની વાણી સુણી ગ્યા પ્રધાન કાન્હડદે ભણી
પાતિસાહની પહિરામણી ઉગરાહઈ સિંભરિનઉ ધણી ૩૦

કહઈ પ્રધાન, અવધારઉ રાય, સોરઠ ભણી તુરકાંણઉજાઈ
બીજી ભૂમિ દોહિલા ઘાટ, પાતસાહ માગઈ એ વાટ ૩૧

સભા સિદ્ધ રા બોલઈ મર્મ, એ તાં નહી અહ્મારઉ ધર્મ
જિહાં ભાજઈ ગામ જાલિયઈ બાન, અબલા તણા ત્રોડિયઈ કાન ૩૨

જિહાં પીડીઈ વિપ્ર નઈ ગાય, તિહાં વાટ નવિ આપઈ રાય
વલ્યા પ્રધાન, ન સીધઉં કાજ, હિયઈ ઘણી ઉપની લાજ ૩૩

વીનવીયા જઈનઇ સુરતાણ, કાન્હડદે નવિ માનઇ આણ
ચડી વાત ઘણેરઈ પ્રાણિ, નીસાસઉ મેહલુ સુરતાણિ ૩૪

(ગુજરાત ઉપર ચઢાઈ લઈ જતાં વચ્ચે જતાં જાલોર આવે. એથી સુલતાને પોતાના પ્રધાનોને ભેટસોગાદો સાથે જાલોર કાન્હડદે પાસે મોકલાવ્યા. પ્રધાનોએ કહ્યું કે "સુલતાનનું મુસલમાન લશ્કર ચડાઈ લઈ ને સોરઠ તરફ જાય છે. બીજે બધે રસ્તો વિકટ છે, માટે પાદશાહે પોતાના લશ્કરને તમારા રાજ્યમાં થઈને જવા દેવાની માગણી કરી છે. તમે તમારું રાજ્ય નિરંકુશપણે ભોગવો; પાદશાહી લશ્કર સીધે સીધું ચાલ્યું જશે, તમારા પ્રદેશને એ કશી રંજાડ કરશે નહીં."

રાજા કાન્હડદેએ સભા સાથે મંત્રણા કરીને સુલતાનના પ્રધાનોની માગણીનો અસ્વીકાર કર્યો. એણે કહ્યું કે "મુસલમાન લશ્કર જ્યાં જશે ત્યાં ગામો ભાંગશે, લોકોને બાન પકડશે, સ્ત્રીઓને રંજાડશે, ગોબ્રાહ્મણને પીડા કરશે. એ કારણથી એને વાટ આપવીએ અમારો ધર્મ નથી." પ્રધાનો પાછા વળ્યા, અને સુલતાનને જઈને જણાવ્યું કે કાન્હડદે પાદશાહની આજ્ઞા માનતો નથી. આમ વાત મમત ઉપર ચડી. સુલતાને ભાવીનો વિચાર કરીને નિસાસો મૂક્યો. (શ્લોક ૨૯-૩૪)

*

ખંડ ૩

ચઉપઈ

જાસ તણઉ સીતાઈ નામ, આગલિ ઊભી કરઇ સિલામ;
"જાતિસમરણ કાકરુત લહું, શુકન સરુપ વિમાસી કહું.

નવિ અવતારિ દેવ અવતર્યા, જીણઇ અસુર સર્વે સંહર્યા;
ચાહૂઆણકુલિ દસમી વાર, આદિ પુરુષ લીધઉ અવતાર.

પંખ સહિત બાલઇ નિજ અંગ, જઉ દીવઇ જઇ પડઇ પતંગ;
જઉ ચાલી જાઇસિ સુરતાણ, સહી કાન્હડદે લેસ્યઇ પ્રાણ."

બોલ ન માંન્યઉ અસપતિ રાઇ, ગઢ જાલહુર ભણી દલ જાઇ;
તિણિ અવસરિ બઇઠી ઉછંગિ, કુંયરી વાત કરઇ મનરંગિઃ

"આમ તાત, સાંભલિ અરદાસ, વીરમદે છઇ લીલવિલાસ;
રુપ વેષ વય સરીષઇ ભાવિ, કાન્હકુંયર મુઝનિ પરણાવિ."

બોલ્યઉ પાતિસાહ પરિ કરી," ગહિલી વાત મ કરિ કુંઅરી;
તાહરઇ મનિ કૂડઉ ઉછાહ, હીંદૂ તુરક નહી વિવાહ.

નયરિ યોગની મુસલમાન, જે સાહજાદા મોટા ખાન;
તાહરઇ ચિત્તિ ગમઇ વર જેહ, કરઉં વિવાહ, અણાવઉં તેહ."

કુંયરી ભણઇઃ "તાત તુમ્હે સુણઉ, હીંદૂ તુરક આંતરઉ ઘણઉ;
ભોગ પુરંદર હીંદૂ એક, હીંદૂ જાણઇ વચન વિવેક.
હીંદૂ ભોજન ભાવ અઢાર, હીંદૂ તણા ભલા સિણગાર;
તુરક કોઈ વર નવિ સાંસહૂં, વરિ હૂં તાત કુંઆરી રહૂં.

કઇ કુંવર વીરમદે વરું, આમ તાત, કઇ નિશ્ચઇ મરું."
કુંવરી બોલ કહિઉ એ જિસઇ, ગૌલ્હણ સાહ તેડાવિઉ તિસઇ.

પાતિસાહ બોલઇ પરિ ઘણી, "વેગિ જાઉ કાન્હડદે ભણી;
કુંઅરી અમ્હારી વર તાહરઉ, કાન્હ વિછેદઇ વિવાહ જ કરઉ.

જઉ કાન્હડદે બોલ માનસઇ, તઉ દેસ્યું જે મુષિ માગસ્યઇ."
ગૌલ્હણ સાહ જાલ્હુરિ ગયઉ, જઇ વેગિ રાઉલ ભેટીઉ.

સભા માંહિ સહૂ કો સુણઇ, ગોલ્હણ સાહ ઇણી પરિ ભણઇ;
"પાતિસાહની બેટી જેઉ, તે વર માગઇ વીરમદેઉ.

જાસઇ કટક આપણઇ ઠામિ, ગૂજરાતિ આપસઇ અનામિ;
કરિ વિવાહ મનિ આણિ રુલી, છપન કોટિ ધન દેસઇ વલી."

બોલિઉ વીરમદે મનિ હસી, પાતિસાહિ પરિ માંડી ઇસી;
પાતિસાહનઉ ઇસ્યઉ નિવેસ, ઇણિ પરિ માંડી લીજઇ દેસ.

નવિ દેસ્યું વેવાહી માન, નહી આવઈ તુરકાંણઈ જાન;
મેરુસિષર જઉ ત્રૂટી પડઇ, ચાહૂઆણ ચઉરી નવિ ચડઇ.

હાથવાલઇ હાથ નવિ ધરું, નહી બઇસૂં જિમણ માહિરું;
ચાહૂઆણનઉં કુલ નિકલંક, જિસ્યઉ પૂનિમ તણઉ મયંક.
સૂરિજ તણઇ વંસિ હું આજ, વડા પુરુષનિ નાંણૂં લાજ;
ગોલ્હણ, તું મનિ ઝંષિસિ આલ, હિવ લાજઇ માહરું મુહુસાલ.

(કુંયર ઘણી મનિ આણઇ રીસ), લાજઇ રાજકુલિ છત્રીસ;
એકવીસ જે પૃથવી રાજ, તિહાં નીર ઊતરઈ આજ.

લાજઇ રાજગોત્ર અહિઠાણ, લાજઇ ચારિગદે ચહૂઆણ;
હૂં તાં નહીં વિટાલૂં આપ, હિવ લાજઇ કાન્હડદે બાપ.

ગોલ્હણ, તું મનિ નિશ્ચઉ જાણિ, ઇસી વાત નવિ સુણી પુરાણિ;
(કૂંઅરિ વાત વિમાસી કહી,) આગઇ હૂઇ ન હોસઇ નહીં.

પાદશાહે હવે જાલોર તરફ કૂચ આદરી ત્યારે સીતાઈ કે પીરોજા નામની એની કુંવરી, જે ને શકુનાદિનું જ્ઞાન હતું અને પૂર્વ-જન્મનું સ્મરણ હતું, એ પાદશાહને કહેવા લાગી, કે "કાન્હડદે વિષ્ણુનો અવતાર છે; તમે સામે ચાલીને જાલોર જશો તો કાન્હડદેને હાથે હણાશો." પાદશાહે એનું કહેવું ગણકાર્યું નહીં. અને આગેકૂચ કરી. ત્યારે એક દિવસ સુલતાનના ખોળામાં બેસીને એણે પોતાના મનની વાત કહી, કે "મને કાન્હડદેના પુત્ર વીરમદે સાથે પરણાવો; એના રૂપગુણ ઉપર હું મોહિત થઈ છું." પાદશાહે એને સમજાવીઃ "આવી ઘેલી વાત ન કર; હિંદુ-તુરક વચ્ચે વિવાહ થાય નહીં. તને ગમે તે દિલ્હીના મુસલમાન શાહજાદા કે મોટા ખાન સાથે પરણાવું." કુંવરીએ હઠ પકડી કે "પરણું તો વીરમને જ, નહીં તો હું કુંવારી રહીશ કે મરીશ." પાદશાહે ગોલ્હણશાહ નામના કંચુકીને બોલાવીને કાન્હડદે પાસે વીરમ માટે માગું મોકલ્યું. ગોલ્હણશાહે વીરમને જાતજાતનાં પ્રલોભનો આપ્યાં, પણ વીરમે ઘસીને ના કહી. ગોલ્હણશાહ હારીને પાછો ગયો, અને પાદશાહને બધી વસ્તુસ્થિતિ જણાવી.

ooo

૧૧.
જનાર્દન (૧૫મી સદી ઉત્તરાર્ધ)

ઉમરેઠના ખડાયતા બ્રાહ્મણ કવિ. કડવાબદ્ધ આખ્યાન-પદ્ધતિનો આરંભકાળ બતાવતી એમની ૩૨ પદો અને ૨૨૨ કડીઓની કૃતિ 'ઉષાહરણ' જાણીતા ઓખાહરણની કથા આલેખે છે. એમાં દેશી બંધો અને આંતરપ્રાસ-રચના નોંધપાત્ર છે.

'ઉષાહરણ'માંથી

કડવું ૧

ગણપતિ ગુણનિધિ વીનવું. સરસતિ કરઉ પસાય.
નારાયણસુત ગાયસ્યું અનિરુદ્ધ ઉખાનુ વિવાહ.

એક-મના જે ગાયઈ, સાંભલઈ જે રાસ,
તૃતીય જ્વર પીડઈ નહીં, પામઈ પૂર્ણ વિલાસ.

સિરિગુરુચરણઈ પરણમું, કવિજન માગું માન.
જો ગાતાં પદ વીસરઈ, તો મ દેસ્યુ અપમાન.

સોણિતપુર પાટણ ભલું, રાય બાણાસુર નામ.
સાંભલતાં દુસ્કિત હરઈ હરિહરનુ સંગ્રામ.

બિ સઈ વીસઈ પદ ભલાં, રાગ બત્રીસઈ વાણિ.
અમરાવતીઈ ઊપનુ ગ્રન્થ રત્નની ખાણિ.

સંવત પનર અડતાલ વરસ, માસ દામોદર સાર,
ભણઈ જનાર્દન કાર્તિગી એકાદશી ગુરુવાર.

કડવું ૧૨

ઉખા માઝમ રાયણી જાગી રે,
અંગ અનંગજ્વાલા લાગી રે;
'મુહુનઈ કલંગ લાગૂં રે,
કન્યાવ્રત માહારું ભાંગૂં રે.'

સહિયર ભણિઃ 'સુણુ, બાઇ રે!
કન્યાવ્રત કેમઈ નહીં જાઈ રે.'
ઉસા કહઈઃ 'મુઝ તે વરુ રે;
અવર પુરુસ પિતા ગુરુ રે.

વર વરસ્યૂં એ જોખી રે.
નહિતુ પ્રાણ તજૂં તન સોખી રે.'
'ઉષા! પ્રતિજ્ઞા નવિ લીજઈ રે,
સહિયરનૂં તે વાર્યૂં કીજઈ રે.'

સુહણઈ તે લાખ બન્ધાઈ રે,
તે વિહાણઈ મિથ્યા થાઈ રે.'
જનાર્દન ભણઈ ઉખા ભોલી રેઃ
તુહનિ રક્ખા કરઈ હિંગોલી રે.

તૂં મનિ નવિ આણે તાપ રે.
ઉમા સંકર સિર માય-બાપ રે.

૧૨



ભાલણ :
(૧૫મી સદી ઉત્તરાર્ધ–૧૬મી પૂર્વાર્ધ)

૧૪ પદો;
નળાખ્યાન અને કાદંબરી-માંથી અંશો

આખ્યાનકાર, પદકવિ તેમજ અનુવાદક. આખ્યાનને કડવાબદ્ધરૂપે રજૂ કરનાર પહેલો કવિ. 'નળાખ્યાન', 'જાલંધર-આખ્યાન' વગેરે દસેક નોંધપાત્ર આખ્યાન-કૃતિઓ આપનાર આ કવિએ'રામબાલચરિત', 'દશમસ્કંધ' આદિમાં વાત્સલ્ય, શૃંગાર અને કરુણરસનાં અનેક મધુર ભક્તિપદો પણ લખ્યાં છે. 'મુગધ રસિક જનો' માટે, કવિ બાણની ઉત્તમ સંસ્કૃત ગદ્ય-કૃતિ 'કાદંબરી'ને એવી જ શક્તિથી રસાવહ પ્રાસાદિક ગુજરાતી કાવ્યકૃતિરૂપે ઉતારીને ભાલણે ઉત્તમ કવિસૂઝનો પરિચય કરાવ્યો છે.

પદો

૧.
ઝુલડી ક્યાંય વિસારી
ઝુલડી ક્યાંય વિસારી, ઝુલડી ક્યાંય વિસારી?
તમે કહો રઘુબા રામા, છો સંત તણા સુખધામ.

જુગતે પેરાવી ઝુલડી, મૈયા ગઈ નિજ ધામ;
અનુચર એક ઉનાતો આવ્યો, ઝુલડી શોધે રામ.

આગળ પાછળ હીરા જડિયા વચ્ચે માણેક મોતી;
કરમાં લીધો દીવડો ને હીંડે કૌશલ્યા જોતી.

સોના કેરી સોય મંગાવું, રૂપા કેરા ધાગા;
એ ઝુલડી શીવવાને નવલખ દરજી લાગ્યાં.

સમજાવ્યો સમજે નહિ શામો, કહ્યું ન માને કાલો;
રોઈ રોઈને જુલમ કરે, કોઈને જડી જ હોય તો આલો.

રોતા રહીને કહે રાઘવજી, જોડીને બે હાથે;
રાજહંસને મ્હેં હોરાડી, ઊડી ગયો આકાશ.

ગિરિ ગહ્વર ગુફાઓ જોઈ, જોયાં ઝાડેઝાડ;
વશિષ્ટનો શિષ્ય લાવ્યો ઝુલડી, રામે છોડી રાડ.

મુખડું જોઈને માતા કહે છે, અકળિત આ કુમાર;
ભાલણપ્રભુ રઘુનાથ મારો મુક્તિનો દાતાર.

૨.
માતા લડાવે લાલને
માતા લડાવે લાલને, મુખડે કરે રે ચુંબન;
સુરને શોધ્યો તે નવ જડે, ધ્યાન ધરતા મહામુન્ય.

કૌશલ્યા કહે છે કેકૈ સુણો, પ્રગટ્યું પૂરવનું પુન્ય;
નાહ્યાં જઈને રે જાહ્નવી, કીધાં શિવપૂજન,

સાતે સાગર મીઠા થયા, ઊગ્યો પશ્ચિમ ભાણ;
વસુધા વાધી રે મોતીડે, ધન્ય અજોધ્યાને જાણ.

નેત્રસરોજ અંજાવતાં દોડી દૂર પ્રભુ જાય;
કાજળખરડી આંગળી જનની અતિ અકળાય.

આતા, આંખ અંજાવીએ, નૌતમ દુઃખે નહિ નેણે;
આંખથી આદિત્ય ઉપન્યા, માનાં મિથ્યા છે વેણ.

પાયે ઉરાડે રેણુકા, માતા મન ધરે રીશ;
એ રજ શિવજી શોધે, સદા ચડાવે વિરંચી શીશ.

મહેલોમાંહે મસ્તી કરે, કુંવર દોડ્યા દોડ્ય;
હોડે ચડ્યા હારે નહિ, જોવા સરખી છે જોડ્ય.

ખાંતે ખોળામાં ખેલતાં, વળી વળી કરે પયપાન;
ભાલણપ્રભુ રઘુનાથજી, અંતર પડી ઓળખાણ.

ઉ.
રામ રંગે રીખે
રામ રંગે રીખે, કૌશલ્યકુમાર રામ રંગે રીખે.

છબછબ કરતા છેડા પલાળે, પાણીડાં ઢોળે;
ચંચળ ચતુરા રૂદયે ચાંપી, બેસારે ખોળે.

કર ગ્રહી લાવે કૌશલ્યા, મ્હેલે પડશાળે;
ગોત્રજમા-નો ઘૃતદીવડો; તે મુઠ્ઠીમાં ઝાલે.

દીવડો મ્હેલાવી કૌશલ્યા, મણિ કરમાં આલે;
મણિ તો લઈ મુખમાં મેલે, દેવ નભે ભાળે.

સુમિત્રા લાવે શેલડી, તે બાલકને ભાવે;
કટકા લઈ કોરાણે મૂકે પાળી લઈ ચાવે.

ઘૂઘરા ઘમકે તેથી ચમકે, ઉતાવળા ચાલે;
કરતણી કોમલ આંગળીઓ, તે ચણિયારે ઘાલે.

ઘૂલર ઘસે ખડખડ હસે, ક્રોધ કરે માતા;
બાળપણને બલિહારી જાય, શંકર ને વિધાતા.

અતિ આકળી થઈ માતા, લઈ બારણિયે બેસે;
રાયતણા મસ્તાના મદગળ, વચ્ચે જઈ પેસે.

અતિ અડપલા કુંવર આપણા, કહો દિન ક્યમ જાશે?
ભાલણપ્રભુ રઘુનાથજીને, બાંધે પ્રેમતણે પાશે.

૪.
માતાને મોહન ધાવે
માતાને મોહન ધાવે, અતિશે લાગે મીઠું રે;
ચૂલે પય ઉભરાવા લાગ્યું, યશોદાએ તે દીઠું રે.

અધધાવતો મૂક્યો અવની, જનની વેગે ચાલી રે;
આંખે અતિ ખરતાં આંસુ, હરજીએ છેડલે ઝાલી રે.

અતિ આકળી થઈ નીસરી, બળ કરી વછોડી રે;
ડંસ લેઈ ગોવિંદે તે વારે, મહીની ગોળી ફોડી રે.

પૂર નદીની પેરે ચાલે, હરજી સુખે માખણ ખાય રે;
ઊતરીને આવે જેટલે, તેટલે કૌતુક દીઠું માય રે.

બાલ માંકલડાંને ખવરાવે, નાચે પ્રેમે મુદિત થાય રે;
જનનીને આવતી જાણી, ભયભીત થઈ નાસી જાય રે.

કામઠી કરમાંહી લઈ, મૈયા પૂંઠે ધાય રે;
સાસ ભરાયે ભાલણપ્રભુ, લીલા બ્રહ્માદિક ગાય રે.

૫.
મીઠડા મા'વજી રે
મીઠડા મા'વજી રે, મારે મંદિરે આવો;
પ્રેમે પીરસું પરમાનંદ, કૂર ને દૂધ શિરાવો.

મથુરાં રિદ્ધિ પામ્યા ઘણી, વાધ્યું છે અતિ તેજ રે;

સહી જાણજો મારા સરખું, કો નહિ આણે હેજ.

ધવરાવીને હૈયે ચાંપતી, ત્યમ દેવકી નહિ ચાંપે રે;
રોમાંચિત મારી દેહડી થાતી, ત્યમ તેની નવ કાંપે.

માતા નહિ થાઉં તમારી, ધાવ કહીને જાણો રે;
મેં બાંધ્યો જે માખણ માટે, તેણે રોષ ભરાણો.

કાલિંદી માંહે તમ ઉપર, જે હું નવ ઝંપાવી રે;
જાણું છું તે વાત સંભારી, રીસ મન માંહે આવી.

તેં દીધો ત્યમ કોઈ દે નહિ, પ્રીત કરીને છેહ રે;
ભાલણપ્રભુ રઘુનાથ સંભારો, એક ઘડીનો નેહ.

૬.
નાવિક વળતો બોલિયો...
નાવિક વળતો બોલિયો, સાંભળો માહારા સ્વામ;
સાથ સહુ કો નાવે બેસો, નહિ બેસારું રામ.

વાર્તા મેં સાંભળી છે, ચરણરેણુની અપાર;
અહલ્યા તાં થઈ સ્ત્રી સહી, પાષાણ ફીટી નાર.

આજીવિકા માહારી એહ છે, જુઓ મન વિવેક;
સ્ત્રી થાતાં વાર ન લાગે, કાષ્ઠ-પાષાણ એક.

આજીવિકા ભાંગે માહારી, આગે એક સ્ત્રી છે ઘેર;

બે મળીને શું જમે? શી કરું તાં પેર?

હસી વિશ્વામિત્ર બોલિયા, ચરણ-રેણે સ્ત્રી થાય;
તે માટે ગંગાજલ લઈને પખાલો હરિ-પાય.

હસીને હરિ હેઠા બેઠા, રામ અશરણ-શર્ણ;
નાવિકે ગંગાજલ લેઈને, પખાલ્યા તાં ચર્ણ.

૭

પાવલો પારે

પાવલો પારે હરિગોપાળ, જશોમતી હૂલરાવે બાલ. પાવલો.૧
પગ ઉપર પગ ધરતી સહી, ડગમગ પગ માંડે શ્રીપતિ. પાવલો.૨
સાંઈડું દઈ હરિને દૃઢપણે, ક્ષણક્ષણ પ્રત્યે જાવે ભામણે. પાવલો.૩
મુખ ચુંબે અતિ સ્નેહ કરી, એમ રમાડે જનની હરિ. પાવલો.૪
વળી વળી પગ ઉપર હરિ ચઢે, ગોપી સહુ જાએ દુખડે. પાવલો.૫
ભાલણપ્રભુની ક્રીડા ઘણી, બાલક રૂપે વિશ્વનો ઘણી. પાવલો.૬

૮

નંદજી ન શકે બોલી

નંદજી ન શકે બોલી, દુઃખ હૃદેથી ખોલીઃ
આંસુ વહે અતિ નયણે, લથબથ થાયે વયણે. ૧

વયણે અતિ લથબથ થાયે, ગદગદ કંઠે ઉચ્ચરે;
કામિની જે કૃષ્ણે કીધું, એવું કોયે નવ કરે. ૨

કંસને મારી કાજ સારી, દેવકી પાસે ગયા,
રિદ્ધિ દેખી રાજ્યની, પછે પુત્ર પીરાયા થયા. ૩

મુજ સામું જુએ નહિ, વસુદેવશું કરે વિનંતિ,
સગપણ સાચું ગયું કહિયે, રહ્યું નહિ એકે રતી. ૪

પ્રેમ પાખે મને ત્યાં, વાત તો એવી કહી,
તમો ગોકુલ પધારો, અમે પુત્ર તમારા નહિ. ૫

દેવકી(એ) હુંયે જણિયો, જશોદાએ હું પાળિયો,
કંસ-ભોએ રહ્યા તમ ઘર, તે આજ સંદેહ ટાળિયો. ૬

વચન તેનાં સાંભળી હું, દુઃખ અતિ ઘણું પામિયો,
વળતો બોલી નવ શક્યો, મારે હૈડે ડીબો જામિયો. ૭

દામણો દેખી મને ત્યાં, હસીને બોલાવિયો,
ભાલણપ્રભુ રઘુનાથજીની, હું આશા મેલી આવિયો. ૮

૯
પિયુજી મને મોકલો
પિયુજી મને મોકલો, હું તો ગોકુળ જાઉં રે;
પ્રાણજીવનનું મુખડું જોઈ, કાંઈ એક સુખણી થાઉં રે.પિયુજી ૧

અલવે મારી આંખડીએ, એકવાર નિહાળું રે;
વિરહ વ્યાપી રહ્યો છે મનને, તે વેદના ટાળું રે. પિયુજી ૨

છૂટાં છૂટાં પુન્ય કરી ત્યાં, જાવા ચિત્ત લાગે રે;
તમે રહેજો પાપી પાસે, થયો ભાવ નિપાગે રે. પિયુજી ૩

જેમ રહે છે રોહિણી, તેમ રહીશું એ પાસે રે;
રાત્ર દિવસ આનંદે રહેશું, મુખ જોવાની આશે રે. પિયુજી ૪

છાશ લેવાનું મિષ કરીને, અમે મંદિર તેને જાશું રે;
રમતો દેખી હૈડે ચાંપી, ક્ષણું એક સુખિયાં થાશું રે. પિયુજી ૫

કુંવર જો નહિ ઓલખે તો, સાંઈડું લઈશું ગાઢું રે,
ભાલણપ્રભુ રઘુનાથ જોઈ, હૈડું થાશે ટાઢું રે. પિયુજી ૬

૧૦

ગોવિંદ ગોકુલ સામું જુઓ

ગોવિંદ ગોકુલ સામું જુઓ, મુક્તિતણો હરિ દીજે દુઓ. ગોવિંદ ૧
અનેક વા'લા થાએ તમારે પ્રાણજીવન તમો એક અમારે. ગોવિંદ ૨
મેં ઘર માયા સર્વ છોડી, પ્રીત પીતાંબર તુજાશું માંડી. ગોવિંદ ૩
કુબ્જા સરખાં કોટિક આણો, અમને પોતાનાં કરી જાણી. ગોવિંદ ૪
અવગુણ પાખે નવ પરહરિયે, ત્યજીએ તેનું મન કાં હરિયે. ગોવિંદ ૫
મુહૂર્ત-માત્ર મળ્યાની સગાઈ, સાધુ ન છાંડે હળધર ભાઈ. ગોવિંદ ૬
લોકમાંહે દુખ કહેતી લાજું, એક વાર આવો તો ગાજું. ગોવિંદ ૭
દૈવ કઠિન મુને મરણ ન આપે, વિરહાનળ મારા તનને તાપે. ગોવિંદ ૮
નંદ-જશોદાએ મનડું વાળ્યું, નિર્ગુણ જાણીને સગપણ ટાળ્યું. ગોવિંદ ૯
જાણું છું હરિ ક્યાંથી આવે, જેને નગરની નારી ભાવે. ગોવિંદ ૧૦
સીતા સરખીને તમો મેલી, ભાલણપ્રભુ હું થઈ છું ઘેહેલી. ગોવિંદ ૧૧

૧૧

થયા મંગળ તેજ પ્રકાશ

થયા મંગળ તેજ પ્રકાશ, એ રૂપ કુણ કળે.
અવનિકારણ શ્રી અવિનાશી, મહારૂપ કુણ કળે.

કિરીટ મુકુટ શિર સાર સાર, એ૦ શોભે દિનકરનો ઝળકાર, મહા.
શોભે મૃગમદ તિલક લલાટ, એ૦ સુદ અષ્ટમી સોમનો ઘાટ, મહા
શોભે અંબુજ નેણ વિશાળ, એ૦ ભરી ભ્રૂકટી તે ધનુષ્ય આકાર, મહા
મકરાકૃત કુંડળ લલકે કાન, એ૦ અંગ ઈંદુ હળદરવાન, મહા
શોભે લાલ પ્રવાળી અધૂર, એ૦ હાસ્ય વદનમાં અમૃત પૂર. મહા
નાસિકા શુદ્ધ શુકની ચંચ, એ૦ ઝળકે હીરકણીશા દંત. મહા
ભૃગુલાંછન કૌસ્તુભ હાર, એ૦ ઉર હાર સહિત શણગાર. મહા
શુદ્ધ શંખ સરીખી કોટ, એ૦ જાણીએ અધર્મ ઉપર દોટ. મહા
પેટ પોયણી કેસરી લંક, એ૦ કશ્યાં પીતાંબર પીળે રંગ. મહા
જંઘા કોમળ કદળો પાય, એ૦ જેમાં મુનિઓનાં મન લલચાય, મહા
કર આનંદકંકણ પાણ, એ૦ શંખ ચક્ર ગદા અંબુજ જાણ. મહા
ચરણે ચિહ્ન પડ્યું સંજુગ્ત, એ૦ ધજા ચર્મ ને પદ અંકુશ, મહા
માતા દેખી થયા દિગ્મૂઢ, એ૦ જળ ઓળખ્યા ગરૂડારૂઢ. મહા
વભુ ભાગીએ મનની ભ્રાંત, એ૦ રઘુલાલ ખેલવાની ખાંત. મહા
તતક્ષણ થયા પ્રભુ લઘુરૂપ, એ૦ ધણી ભાલણના સુરભૂપ. મહા

૧૨

મૈયા બાવરી થઈ રે

મૈયા બાવરી થઈ રે, મૈયા બાવરી થઈ;
પ્રભુને લૂગડે લપેટ્યા, લાલ દીઠા નહિ રે. મૈયા

હેલી ગોદમાં ઘાલીને, હીંડે બા'ર માનો;
એવો ચંચળ ચકોર, રહ્યો કેમ છાનો. મૈયા

હેલી આશ્ચર્ય એવું, તે શું કહેવું તુંને;
આવો ચંચળ ચકોર, બાળ વરસે કોને મૈયા. મૈયા

પરબ્રહ્મ પરાક્રમ, નથી જાણ્યું થોડું;
એવું સરજ્યું હશે, વિરચીએ વિશ્વમાં સીડું. મૈયા

શિવસનકાદિક ઈમચવે, જે વ્યાપ્યો ચૌદે લોક;
વળી કેશ આવે નેત્રમાં, તો ઊંચા કરે કોક. મૈયા

હેલી શાં તપ કીધાં માતાએ, ઓછંગે મહાલે;
ભાલણપ્રભુ રઘુનાથ, માતાનો પાલવ ઝાલે. મૈયા

૧૩

ઝાંઝરનો ઝમકારો વાગે
ઝાંઝરનો ઝમકારો વાગે, નેપુરનો ઠમકાર રે,
આવ્યો છે અવધતણો, ધણી અધમ-ઉધાર રે.

ઈંદીવર અંગે સુંદર, ભાનુ કુળ ભૂપ રે,
કોટિ કામ વારી નાખું, જોતાં તેનું રૂપ રે.

મુખ જાણે કોટિ શશી ફરકે બાળા કેશ રે;
કાને કડાં અને ઝુમખાં, હતો બાળે વેશ રે.

ભ્રુકુટીમાં બ્રહ્માંડ ભાગે, નેણ બે વિશાળ રે;
કંઠે ઝલકે ઘુલરુ, ગુંચવાણી મોતી માલ રે.

બોલી બોલે કાવલી ને વાણી છે રસાળ રે;
અધર રંગ પરવાળી, જરા ફુલેલા ગાલ રે.
બાજુબંધ ને બેરખા, ને કનકકડાં પણ રે;
કટિ નટે કંદોરામાં ખોસ્યાં ધનુષ ને બાણ રે.

પાએ પહેરી ઝાંઝરી ને દડબડ દડબડ દોડે રે;
ભાલણ-પ્રભુ રઘુનાથ, માહારો ભવ થકી છોડે રે.

૧૪ દેવ ડગલાં ભરે

દેવ ડગલાં ભરે, પ્રભુ પગલાં ભરે. ટેક

ડગમગ કરતાં પગલાં ભરતાં, ઉતાવલા ચાલે રાજકુમાર.
લથડતાં સિંહાસન ઝાલે, બીતા અપરમપાર. દેવ

સિંહાસન મુકાવે રાજા, છૂટા મુકાવે હાથ;
થરથર ધ્રૂજે કાંઈ ન સૂઝે, ઝાલી રહે કોઈ સાથ. દેવ

આફણિયે વળી ઊભા થાયે, ઉલાળે અલંકાર;
સદાએ અર્ધાંગે કમળ, શો કરશે શણગાર. દેવ

મનમાન્યા મસ્તાના ચાલે જેમ માહલે માતંગ;
ભાલણપ્રભુ રઘુનાથ મારો, સદાએ રહે સતસંગ. દેવ

નળાખ્યાન

[એમાંથી કાવ્ય-આરંભનું કડવું ૧;
વનમાં દમયંતીને ઊંઘતી છોડીને જતા નળની દ્વિધા- મૂંઝવણને
આલેખતું કડવું ૧૬; તથા છેલ્લા કડવા ૩૦નો અંત ભાગ.]

કડવું ૧

(રાગ કેદારો)

ગુરુપદપંકજને પ્રણમું, બ્રહ્મસુતાને ધ્યાઉં,
ગુજર ભાખાએ નલ રાજાના ગુણ મનોહર ગાઉં. ૧

નૈષધ ચંપૂ માહાભારતમાં કવિ કીરતિ અતિ લીધી,
કાલાંને પ્રીછવા ભાલણે ભાખાએ એ કીધી. ૨

સાચા હીરા હેમ જડિયા, વૈભવનો શણગાર;
દુર્બલને તો કાચ કથીરે ભૂખણ હોએ અપાર. ૩

ધનવંત ભૂપતિને ભોજન સરવ સંજોગે થાએ;
નિરધન તિવારાં અતિ આનંદે જુવાર બાજરી ખાએ. ૪

સિદ્ધિવંતને સપ્ત ભોમનાં મંદિર, ઊંચા આવાસ;
પર્ણકુટિ રેહે સુખ પામે અત દુર્બલ પામી વાસ. ૫

તાલમયે સકલ અર્થપદબાંધે બાંધૂં નલ-આખ્યાન
મૂરખજન મોહો કરવાને ભાલણ કવે અભિમાને. ૬

પુણ્યશ્લોક-કથારસ પીતાં અમૃત ખાટૂં લાગે,
મહા કવિ શૃંગાર વરણવિયો પૂર્વે જે મહાભાગે, ૭

આર્ષિક પર્વ સકલરસબોલો, દૃષ્ટાંતે એ માંડી
ધર્મરાજાને ધીરજ દેવા દેખાડી શમદાંડી. ૮

સંક્ષેપે તે સકલ ગ્રંથનૂં લઈ કેટલૂં હેત
કહીશ કથા હૂં નલરાજાની થોડા માંહે સંકેત. ૯

રખે ચતુર કોએ મૂરખ માને ભાખાબંધ એ દેખી;
સિસુ લડાવતાં માહાકવિ કાલે બોલે મતિ ઉવેખી, ૧૦
તિમ મેં પામરને પ્રીછવા સુગમ કરીને ભાખી,
કથામાત્ર એ નૈષધ રાજાની અપભ્રંશ એ દાખી. ૧૧

કડવું ૧૬:

(વનમાં દમયંતીને ઊંઘતી છોડીને જતા નળની દ્વિધા-મૂંઝવણ)

રાગ વેરાડી

ભૂપતિ માંડ્યું મને વિચારઃ 'નથી મેહલતી મૂંહનિ નારિ.
દોહુલી વેલાં દુઃખ પામસિ; વિષમ વાટ એ કિમ વામસિ? ૧

નિદ્રા-વશિ છિ, સૂતી ત્યજ્યૂં, આ વનથી બીજૂં વન ભજ્યૂં.
જાગી નહિ દેખિ યેટલિ કુંડનપુરિ જશિ તેટલિ. ૨

એહનૂં એક વસ્ત્ર, કિમ કરૂં? નાગુઇ પણિ કિમ નીશરૂં?
જાગિ નહિ તેમ છેદન કરૂં. હલુઈશૂં મેહેલી સાંચરૂં.' ૩

ઊઠી રાજા જોવા ગયુ, દીઠૂં ખડગ રલિયાઅતિ થયું.
વેગિ લેઇ વધારૂં ચીર, પિહિરી ખંડ નીશરયુ વીર. ૪
ગયુ યેટલિ પગલાં સાત, હઈઅડાશૂં વિમાશી વાતઃ
'હવડાં એ નારી જાગશિ, અણદીઠિ આશા ભાગશિ. ૫

અબલાનૂં અતિ કોમલ મંન, વિરહિ પ્રાણ છાંડશિ તંનઃ
જોઊંઃ જાગી રોતી હશિ, જોવાનિ પગલિ આવશિ.' ૬

એમ ચીંતવિ પાછુ વલુ; મુખ નિહાલિ ઊપરિ ઢલુ.
નિદ્રા-વશ દીઠી વલ્લભા, વલી નીશરયુ મેહેલી સભા. ૭

આઘેરુ જઈનિ ચીંતવિઃ 'લોચન માહરૂં ડાબૂં લવિ.
જોઊંઃ રહી હશિ ટલવલી.' પુનરપિ આવ્યુ પાછુ વલી. ૮

નારી દીઠી સૂતી ભોમિ; ચડ્યુ ઊકાંટો રમિ રોમ.
'યેહનિ દેખતાં નહિ રવિ વાય, તે પડી છિ ઊઘાડી કાય.' ૯

એહવૂં કહી રા કરિ રુદંન, ન્યહાલિ નારી તણૂં વદંન.
વલી નીશરિ, પાછુ વલિ, આણી દુઃખ રાજા ટલવલિ. ૧૦

'કિમ રિહિશિ એ નિરાધાર? વાઘ શંગ કરશિ તાં આહાર.'
એણી પિરિ કરતાં વારોવારિ કલિયુગિ મન પ્રેરયૂં અપાર. ૧૧

તવ રાજ કઠિણ અતિ થયુ, સૂતી નારી ત્યજીનિ ગયુ.
તિહાં થકી તાં દીધી દોટ. વલતી કાંઇ નવિ વાલી કોટ. ૧૨

માયા મેહેલી ગ્યુ ભૂપાલ. નિશા ગઇ, થ્યૂં પ્રાતઃકાલ.
જાગી નારિ, ન દેખિ સ્વામિ, સોધુ સઘલી સભાનુ ઠામ. ૧૩
ચીર વધારૂં દીઠૂં યદા, મનિ સંદેહ પડિયુ તદા.
દીન ઘામણી થઈ તે મંદ, દેખિ નહીં, કરિ આક્રંદઃ ૧૪

'પ્રીઉજી, હાશ્ય કરુ છુ તહ્મો, હવડાં પ્રાણ છાંડશૂં અહ્મો.
પ્રીતિ કાંહાં ગઈ પાછલી? જલ વિણ કિમ જીવિ માછલી?' ૧૫

કડવું ૩૦

કથા એહવી સાંભલી રલિયાતિ કુંતાતંન.
અક્ષવિદ્યા જાણવા વીનવ્યુ ત્યાહારિ મુંનિ. ૪૬

અક્ષહૃદય તવ આપિઉં બૃહદશ્વ આણિ પ્રીતિઃ
શકુનિનાથી અધિક વિદ્યા જાણજ્યો એ રીત. ૪૭

યુદ્ધ કિ વલી જૂવટું પરઠીનિ લેજ્યો રાજ.
બુહિ તાં સરસિ સહી નિશ્ચિત તહ્મારૂં કાજ. ૪૮

શીખ માગી સાંચરચા; ઋષિરાય નામૂં શીસ.
ભ્રાતૃ સહિત તે વુલાવિ પ્રેમિ યુધિષ્ઠિર ઈશ. ૪૯

યુધિષ્ઠિર આનંદ પામ્યા સાંભલી આખ્યાનઃ
વાટ જૂઈ અર્જુનની, સ્મરણ શ્રીભગવાન. ૫૦

આર્ષિક પર્વ તણી કથા યે સાંભલિ નરનારિ,
પામિ સુખ સંસારનાં; પુનરપિ નહીં અવતાર. ૫૧

દુઃખ દેહે પામિ નહીં, યે સાંભલિ કરિ ગાન;
રાજ પામિ આપણૂં યે શુણિ તાં રાજન. ૫૨

સાંભલિ પ્રેમિ કરી તે પામિ પદ નિરવાણિ.
કહિ ભાલણ; બુદ્ધિમાનિ લખ્યૂં એહ પ્રમાણ. ૫૩

○

કાદંબરી

(ભાલણે પોતાના સમયના, સંસ્કૃત ન જાણતા 'મુગધ રસિક જનો' માટે, કવિ બાણની ઉત્તમ સંસ્કૃત ગદ્ય-કૃતિ 'કાદંબરી'ને એવી જ શક્તિથી રસાવહ પ્રાસાદિક ગુજરાતી કાવ્યકૃતિરૂપે ઉતારી હતી. એમાંથી અંશો)

પૂર્વ ભાગ (કડવું ૧, ૨)

કડવું ૧

રાગ કેદારુ

શ્રી ગુરુ ગણપતિ બ્રહ્મસુતાનિ પ્રથમિ કરૂં પ્રણામ,
વિઘન-રહિત જેણિ ગૂઢ ગ્રંથનૂં પૂરણ થાઈ કામ. ૧

ભોજરાયનિ ભુવનિ મહાકવિ પ્રસિદ્ધ પંડિત બાણ,
કાદંબરી-કથા કરિ ઉત્તમ, પ્રીછિ જે અતિજાણ. ૨

અને ઉપમા, કઠિણ, સંસ્કૃત ગદ્ય, પદ્ય કયહીંએક,
સાહિત્ય સકલ તણી ચાતુરી તેહ-માંહાં રચી વિવેક. ૩

અતિ પંડિત હુઈ તે પ્રીછી; તેહનું નહી ઉપાય,
મુગધ રસિક સાંભલવા ઈછિ, પણિ પ્રીછી નવિ જાય. ૪

તેહ્નિ પ્રીછવા કારણિ કીધો ભાલણિ ભાખાબંધ;
સકલ ઉપમા કહી ન જાઈ, કિંચિત કથા-સમંધ. ૫

રજોગુણિ શરજિ નિ પાલિ સત્ત્વવૃત્તિ સંસાર,
પ્રેમિ પ્રણમૂં તે અજનિ, જે તમિ કરિ સંહાર. ૬

વાછયાયન-કુલિ કુબેર નામિ વિપ્ર હૌઓ માહા મુંનિ;
વિપ્રવંદિત યેહનાં પદપંકજ સ્પર્શ કરિ પાવનં. ૭

પુરોડાશ પાવન મુખ યેહનૂં, સોમે કરી સુવાસ,
શ્રુતિ શાંતિ કલ્મષ જોઈ કીધું સરસ્વતી સુવાસ. ૮

મંદિરિ જેહનિ શુક સારિકા ભણિ યજૂ રિચ સામ,
બટુક બાલ શંકિત તે સાથિ ગાઈ ગ્રહીનિ ગ્રામ. ૯

ઉદધિથી જયમ ઈંદુ ઊપનુ, વિનતાથી દ્વિજરાજ,
તિમ તેથી સુત અર્થપતિ એક પ્રગટ હૌઉ શુભકાજ. ૧૦

અનેક યજ્ઞ કરયા શુભ તેણિ યૂપયુક્ત (સુ) વિધાન;
ચિત્રભાનુ સુત (તેહનુ) સુંદર, શ્રુતિ શાસ્ત્રનૂં જ્ઞાન. ૧૧

મખ માંડી કીધા બહુ તેણિ, જયશ જગિ હવૂં વખાણ,
કુલભૂષણ કૂંઅર બહુ તેણિ, (તેહનુ) બુદ્ધિસાગર તે બાણ ૧૨

તેણિ એહ કથા કવિ બાંધી રસિક રંજવા રીતિ,
ચંપકમાલાની પરિ કુહુને મનનિ ન કરિ પ્રીતિ? ૧૩

કડવું ૨

હવિ કથા સંક્ષેપિ કહૂં, ઉપમા કેટલીએક ગ્રહૂં,
યે લહૂં બુદ્ધિપ્રમાણે માહરી રે. ૧

ઢાલ

માહારી બુદ્ધિપ્રમાણિ બોલૂં થોડૂં થોડૂં સાર;
પદિ પદ બંધાણ રચંતાં થાઇ અતિ વિસ્તાર. ૨

એક શૂદ્રક-નામિ રાજા હૌઓ સુરપતિની જાણે જોડ;
આજ્ઞા તેહની કોએ ન લોપિ મોટા મહીપતિ કોડિ. ૩

ચ્યારિ-ઉદધિ-મેખલા મેદની કેરુ એક જ નાથ;
સામંતક રાજા સવિ જોડિ દીન-થકા તે હાથ. ૪

કલ્પદ્રુમ શરખુ આશ્રિતનિ; દ્રવિ ઉદધિ-સમાન;
કાવ્યકલારસની જાણિ ઉતપતિ; સકલ-શાસ્ત્ર-નિધાન. ૫

ધનુષધારી-માંહાં જાણે ગુહ ચતુરશિરોમણિ ભૂપ,
અશ્વિનીસુતનાશ્રી અતિ સુંદર યે રાજાનૂં રૂપ. ૬

નામિ નરપતિ ત્રાસ જ પામિ, જે માહા બલિયા યોધ.
શત્રુમંડલીની મનિ ભાસિ નરહરિના સમુ ક્રોધ. ૭

સેના બહુ શોભાનિ કાજિ, અવરિ ન આવિ કામિ;
આપ-નામ-પ્રતાપિ કરી જેણિ જીત્યા બહુ સંગ્રામ. ૮

મને ધરમ, કોપિ યમ, તાપિ પાવક, ધનદ પ્રસાદ,
રૂપિ મન્મથ, બુદ્ધિ સુરગુરુ, શશિ-સમ મુખ ઓહ્લાદ. ૯

વાણી વેધાપુત્રી, તેજિ તરણિ, મરુત બલમાન,
ભાર સહેવે ભૂ-સમ, તોલિ મેરુ મહીધર સ્થાન. ૧૦

યે રાજા પ્રથવીઅ પાલતિ વર્ણસંકર ચેત્રામિ,
કાવ્ય વિષઇ દઢ બંધ, કેશનૂં ગ્રહણ સુરત-સંગ્રામિ, ૧૧

કનકદંડ તે છત્ર રાયનિ, સ્વપન વિષિ વિયોગ,
ધૂજિ ધ્વજ, પરલોક-થકી ભય, વાંછિત વસુધાં ભોગ, ૧૨

શુક સારિકાનિ રક્ષાગૃહ, સારી રમતાં મારિ,
ધૂમિ અશ્રુપાત, ચાપકિ ફેરવતાં હય પ્રાહાર, ૧૩

શૂલ પ્રાસાદ ચંડિકા કેરિ, ગાંધીનિ પણિ કુષ્ટ,
સંનિ (પાત) વ્યાકરણ વિષિ, તિહાં રોગ નહી દેહ દુષ્ટ, ૧૪

મદ માહા ગજનિ, રાગ ગીત-માંહાં, કય વિક્રય-માંહિ માન,
લોભ ધરમનું, અહંકાર તે જેહનિ બ્રહ્મજ્ઞાન. ૧૫

વિદિશા-નામિ ન (ગરી) નિર્મલ વેત્રવતીનિ તીરિ,
પૃથ્વીમંડલનું જાણે ભૂષણ; રાજિ કરિ જિહાં ધીર. ૧૬

ઉત્તરાર્ધ (અંતિમ અંશ)

અતિસુખ વીતી તે દશ રાત્ર માની તે દિન એકજમાત્ર.
મોકલવિ આવ્યુ જિહાં તાત, અતિ સંતોખી પ્રેમિ માત; ૧૧૦

રાજ લોક આનંદિત કર્યો, સાથ સહૂનુ શોક જ હર્યો.
રાઈ રાજ્ય તણુ સવિ ભાર આરોપ્યુ સુતનિ શિરિ સાર; ૧૧૧

પુંડરીકનિ સુંપ્યૂ સર્વ ચંદ્રાપીડિ છાંડી ગર્વ.
મોતપિતાની સેવા કરિ, ક્યાહારિ ઊજેણી સાંચરિ. ૧૧૨

જન્મભૂમિનિ સ્નેહિ મ્યલી સજન લોકનિ આવિ વલી.
હેમકૂટિ આવી કો (કાલિ) સુખકારણિ ગંધર્વ-ભૂપાલ. ૧૧૩

માહાશ્વેતા નિ કાદંબરી માંહોમાહિ મ્યલિ મન ધરી.
પુંડરીક નિ શશી અતિ (સ્નેહ) માંહોમાંહિ મ્યલિ તાં તેહ. ૧૧૪

અન્યોઅન્યિ નહિ વિયોગ પરિ પરિના ભોગવતાં ભોગ.
સહૂ તાં એણિ પિરિ (નિજ તંનિ) સદા ભોગવિ સ્થિર યૌવન. ૧૧૫

સુખ તણી મર્યાદા નહી. પરમ કોટિ પામ્યાં તે સહી.
પૂરવ કાદંબરીની યથા, ઉત્તર કાદંબરી (એ) કથા, ૧૧૬

ખંડ બુહે (તાં) પૂરણ એહ, બાણ બાણસુત કીધી યેહ.
કિહિ ભાલણ બુદ્ધિમાનિ કરી ગુજજર ભાખાઈ વિસ્તરી. ૧૧૭

ooo

૧૩

લાવણ્યસમય(૧૫મી ઉત્તરાર્ધ–૧૬મી પૂર્વાર્ધ)

આ જૈન સાધુ કવિએ મોટા પ્રમાણમાં પ્રબંધ, રાસ, ચરિત્ર વગેરે નાનીમોટી કથાકૃતિઓ લખી છે. એમાં વિમલપ્રબંધ, નેમિ-રંગ-રત્નાકર-છંદ મહત્ત્વની છે.

'વિમલપ્રબંધ-માંથી

આરંભ
સરસ્વતીસ્તવન

ચઉપઈ
સરસતી વરસતી વાણીસાર, કહઇ કવિયણ મઝુ તસુ આધાર;
સરસતી વિણ જે બોલ્યા બોલ, તે પ્રામાણિ નવિ ચડઇ નિટોલ.

નવઇ ખંડ જોજ્યો નિરમલા, વિમલકીર્તિગુણ ગંગાજલા;
નીનગ લહર વીર વિખ્યાત, ગાઇસુ વિમલમંત્રી અવદાત.

બ્રહ્માની બેટી સરસતી, ગૌરવર્ણ ચાલઇ ગજગતિ;
કમલ કમંડલ વીણા સાથિ, પુસ્તક પરઠિઉં જિમણઇ હાથિ.

ઉરિ મોટઉ મિક્તાફલ-હાર, પાયે નેઉર રણઝણકાર;
કાને કુંડલ વેણીદંડ, લીલા મોહિઉ જિણઇ બ્રહ્માંડ.

રતન-જડત રૂડી રાખડી, લોચન જસ્યાં કમલપાંખડી;
નિર્મલ નાશા તિલનું ફૂલ, દંત તણઉ કુણ કરસિ મૂલ.

રાતા અધર તે વિદ્રુમ રોલ, જાણે જીહ અમીનું ઘોલ;
ચંદલડઇ જીતુ મયંક, કટિ ઝીણઉ લાખીણઉ લંક.

ઉન્નત પીન પયોધર કુંભ, સદલી સાથલ કદલી-થંભ;
ફાલી ચોલી સવિ શણગાર, જાણે વીજ તણઉ ઝબકાર.

વાહની હંસ વિશ્વવિખ્યાત, તે સરસતી ત્રિભુવનની માત;
વિણ સરસતી નવિ કહીઇ જાણ, સરસતી વિણ નહિ વેદ પુરાણ.

વિનય વિવેક વડા આચાર, લક્ષણ લગન લોક-વિવહાર;
માઇ અંક ન એકુ કલા, સરસતી વિણ થાઇ આકુલા.

આગઇ સિદ્ધ અનંતા થયા, સરસતી-બલિ તે સિદ્ધિ ગયા;
સરસતી વિણ નવિ લાધાં જ્ઞાન, વિણ સરસતી નવિ કહનઇ માન.

સરસતી મુક્તિ તણઉં છઇ બીજ, કૂડઉં હૂઇ તુ આપું ધીજ;
છય દરશણ પાખંડ છન્નૂવઇ તે સઘલાં સરસતીનઇ કવઇ.

જેહને વયણે સરસતી-વાસ, તે ખાઈ ગિરુઆના ગ્રાસ;
જેહનઇ સરસતી સુપનિ મલી, તે મૂરખથી જાઇ ટલી.

સરસતી માનઇ મોટા રાય, સરસતી વિણ નાણઉં ન કહાઇ;
માંહિ લક્ષ્મી હુઇ ખરી, તુહઇ સરસતી જો સિરિ ધરી.

ભરહ-ભેદ પિંગલની વાણી, તર્ક છંદ જોતિષની ખાણિ;
ધર્મ્મકર્મ બોલ્યાં સંસારિ, તે સવિ સરસતીનઇ આધારિ.

તું ભારતી તુંહ જિ ભગવતી, તું પદમા તું પદમાવતી;
તું યોગિણી તું જ્વાલામુખી, તાહરઇ તેજઇ ત્રિભોવન સુખી.

ooo

૧૪	કેશવદાસ
૧૫	મીરાં
૧૬	દેહલ
૧૭	નાકર
૧૮	બ્રેહેદેવ
૧૯	શ્રીધર વણિક
૨૦	માંડણ બંધારો
૨૧	ગણપતિ
૨૨	સહજસુંદર
૨૩	કુશળલાભ
૨૪	જયવંત સૂરિ
૨૫	વિષ્ણુદાસ
૨૬	સમયસુંદર
૨૭	નયસુંદર

૧૪

કેશવદાસ(૧૬મી સદી)

આ કવિએ દશમસ્કંધ-આધારિત ૭૦૦૦ જેટલી કડીઓનું કૃષ્ણક્રીડા નામનું કાવ્ય રચ્યું છે એ સંસ્કૃત અક્ષરમેળ છંદોના પ્રયોગને કારણે પણ ધ્યાન ખેંચનારું છે.

કૃષ્ણક્રીડા (માંથી અંશો)

[છંદઃ શાર્દૂલવિક્રીડિત]
આવી એક અનેક નાર્ય જ મળી, ચેષ્ટા ઉદારી કરી,
વાહ્યો વેણુ રસાલ મોહન મુખે, ગાયે સહુ સુંદરી;
આવ્યાં તે યમુનાતટેં સહુ મળી, શીતલ્લ વેલૂ ભરે,
માંડૂં મંડલ રાસ લાલસપણે આનંદ અંગે ધરે. ૧૬

નારી બાહુપ્રસાર રંભણ કરી, ચૂંબન્ન લીયે વલી,
નાના નર્મ નખાગ્રપાત સ્તનને, કામેં હવી આકુલી;
માંની માંનની માધવેં જ મન-શૂં, હંકાર પામી પછે,
જાણ્યૂં આજ ત્રિલોકમાં નહીં વધૂ, તોલે અમારે અછે. ૧૭

તેને સૌભગ ગર્વ સર્વ હરવા, દેવેં દયા તો કરી,
હઈયા અંતરધ્યાન ધૂન્ય ધરતા, હે હૈ! ક્યાંહાં ગ્યા હરિ?
આહા હા ભગવાન! આજ અહ્મનેં મેલી ગયા ભોલવી,
લાગે તાપ અપાર પ્રાણપ્રિય! તે રામા સહુ રોલવી. ૧૮

હીંડે કાંમની ઠાંમ્ય ઠાંમ્ય ગહેલી, કરણી નિહાલે કરી,
ચાલે ગત્યનુરાગ માધવ તણે, ચેષ્ટા વિશેષેં કરી;

એકા હાસ્ય વિહાર લાસ્ય કરતી, બાંહેં ધરી સુંદરી.
ગાએ એક અનેક ઉચ્ચ સૂરથી, તે તેહ કેરેં ગઈ. ૧૯

પૂછે 'પીંપલ! પ્લક્ષ! વૃક્ષ! વટ હો! શ્રીકૃષ્ણ દીઠા કહીં?
ચોરી ચિત્ત અમાહરાં જ સહુનાં, વાહી ગયો એ સહી.
આ હો નામ અશોક! શોણક હરિ, જાણ્યા ગયા કાં વળી?'
પૂછાં પુન્નગ નાગકેશર ઘણાં, ચંપા જ વૃક્ષાવલિ. ૨૦

'દેવી! તૂં જ કહે ભલું તુલસિકા! ગોવ્યંદપાદપ્રિયા!
દીઠો ક્યાંય મુકંદ ચંદ્રવદનો, માયા હરી સુંદરી?
હો હો માલતી? મલ્લિકા જ, કરેણી, જાઈ, જૂઈ કેવડી,
આંબા, જાંબુક, કોવિંદારક ઊંચા. હીહેજ ઊંચો ચડી. ૨૧

રે રે ધન્ય તમારી આ જ ધરણી ઉત્પલ્લવી તે મૃદા,
પૃછી તે હરણી જ, રોઝ સઘળાં, પક્ષી ચ પૂછ્યાં વલી;
કાન્તા અચ્યુત હાવભાવ સઘલાં, મોહી જ વૃક્ષે મલી. ૨૨

... ...

અકેકાં પગલાં સમીપ પલતી, ખોલે જ ખાંતે કરી,
નિરખે તાં નિજ નાર્ય એક જ મલી, સાથે અછે સુંદરી;
'કાંહો, કામની! કોણ કૃષ્ણ, સરસી,' આનંદક્રીડા કરે?
મૂક્યો કંધિ જ હસ્ત હસ્તિનિ-પર્યે, લાવણ્ય લીલા ધરે. ૨૩

કીહાં પુણ્ય અગણ્ય એણીયે કર્યાં? શ્રીનાથ પૂજ્યા સહી,
મેહેલા અમને એકલાં જ સઘલાં, એકાંત એ-શૂં રમે?
આ જો ઈહ્યાં નથી દીસતાં જ પગલાં, કંધે ચડાવી ગયો,
કામી કામિની કામનીય જ કેડે, તો વશ્ય તેહ્ને થયો.' ૨૪

વીણ્યાં ફૂલ અમૂલ વેણી ભરવા, માનોહરાં માલતી,
ગૂંથી રંગ અનંગ સોય સરખી, ચાહે વલી ચાલતી;
'મૂકી નાર્ય મુરાર ત્યાંહ સઘળી, મૂંને જ લીધી મળી,
તેમાં રૂપ નહીં, કલા ગુણ નહી. ગોવિંદ ચિંત્યે ટલી. ૨૯

તો હૂં કામની કોડથી ગુંણવતી, રૂપે જ રૂડી સદા,
માહ્રો સૌભગ હાવભાવ મહિમા માધવ જાણ્યો મુદા.'
'થાકી હૂં હરિ ચાલતી જ પલતી, કંધે ચડાવી જવે.
જાયો જ્હાં મન રાત્ય કેલિ કરવા, સંતોષ થાવા ઘણે. ૩૦

હા હા હા! અતિ આકુલી જ શ્રમ થ્યોં, 'બેસે નકંધે ચડી.'
ઊંચો પાગ કર્યો અદશ્ય હરિ થ્યા, પાછે મૂંઢે તે પડી;
આત્મરાંમ રમે અખંડિત અશુ, તે જાંણ જાંણે ઘણૂં,
દાખે તે ઘણૂં દૈન્ય કાંમ વસતૂં, દૌરાત્મ્ય નારી તણૂં. ૩૧

દીઠે તે અતિ દીન દુઃખિત થકી, પૂછે સહું કાંમની,
(કે)હુતી નાર્ય દયાલુતા જ હરિની, મૂઢત્વ જે માંનની;
તો આવ્યાં તૃણ વૃક્ષ વીરુધ ઘણાં, વેગે વિમાસે વલી,
દીસે નહિ પગલાં જ પ્રેમ ધરતી, પાછી વલી પ્રેમદા. ૩૨

ગાતી ગીત અનંત ચિત્તે ચલકી, ગાલીતી અંગેં જિહાં,
અંતર્ધ્યાન મુરારિ ધ્યાંન ધરતી, વાટ જ જો(તાં) ત્યહાં;
'જે જે તે તવ જન્મથી અધિક થ્યો, ગૌકુલ વાસેં રમ્યાં,
સ્વામી! દર્શન દાખ્ય સખ્ય સૂર છે, પ્રાંણેં નહી તૂં સમાં. ૩૩

રાખ્યાં તેં બહુ વાર વારિ વિષથી, જે વિઘ્ન આવ્યાં ઘણાં,
માર્યા દૈત્ય અસંખ્ય વ્યાલ, વૃષ જે ઉગારયાં આપણાં;
તૂં તો કેવલ નંદનંદન નહીં, આત્મા સહુનો રટે,
બ્રહ્માયેં વિધિનાર્પિતો યદુકુલે, તૂં સત્ય પાંમયો ઉદે. ૩૪

સેહેજે સત્વત સર્વ સંત જનનેં, દે તૂં અભે સર્વદા,
પદ્મા જેહ કરારવિંદ ગ્રહીને, મસ્તક મૂંકે સર્વદા;
ટાલે (જેહ) પ્રણિપાત પાતક સહૂ, ગોવત્સ પૂંઠે ફરે,
વાહ્લાં તેહ પદારવિંદ વેહેલાં, હઈયે જ આંણી ધરે. ૩૫

જીવે સજ્જન તાપ ટાલી તરશા, પીતાં જ તાહી કથા,
નાસે કલ્મષ કોટિ કોટિ ભવનાં, તૂં કાં ન ટાલે વ્યથા?
મૂક્યાં સજ્જન તાત માત ભર્તા, ભ્રાતા ઉલ્લંઘી કરી,
આવ્યા શર્ણ જ એક નાથ તાહરે, તૂં કાં તજે શ્રીહરિ?' ૩૬

ગોપી એક અનેક પ્રેમભરથી, ગેહ્લી વિલાપે થઈ,
નાવે નાથ અનાથ (સાહ)સ ઘણું, તો દેહલજ્જા ગઈ;
દીઠા દેવ મુરારિ દૃષ્ટિ સહસા, સૂર્યેન્દુ કોટિ કલા,
પીતાંબર પરિધાં(ન) સ્યામ તનુને, સોહે મહા નિર્મલા. ૩૭

ચર્ચ્યૂં ચંદન પુષ્પ સાર તુલશી, મન્મત્થ મંથે ઘણૂં,
ઊઠી સુંદરી સાંમટી જ સંઘળી, જે પ્રાંણ આવ્યેં હૃદે.
એકા કૃષ્ણ કરારવિંદ ગૃહીનેં, આનંદ અંગેં ધરે,
એકા તાંબુલપત્ર ચર્વિત ધરી, ચુંબંન તેહંનેં કરે. ૩૮

એકા અંઘ્રિ અનંત સંત ભજતાં, તે સ્તન્ય સથ્યેં ઘસ્યાં,
ટાલો તાપ અપાર પાપ ભવનાં, શ્રીકૃષ્ણ હૈયે જ હશ્યાં;
એકા કોપિ કરી કટાક્ષ ધનુષા, બાણં ચ સંધાંનતી,
તે-શૂં અંગ અનંગ બાણ બહુલાં, પ્રેમેં જ તે બાંધતી. ૩૯

એકા કૃષ્ણ મુખારવિંદ નિરખે, આંખ્યેં નિમિષે નહીં,
પીયે અમૃત પાદ સંત સંઘળાં, નિત્યે અતૃપ્તા સહી;
એકા નેત્ર કરી જ કૃષ્ણ ગ્રહતી, યોગીવ માંહે મલી,
તે આનંદ મહારસી રસભરી, થઈ મગ્ન, સંજ્ઞા ટલી. ૪૦

ગોપીનાથ નિરક્ષણે જ હરખી, સંતોષ સાચો થયો,
પાંમે પ્રાજ્ઞ અનંત ચિત્ત ધરતાં, તિમ તાપ તેહનો ગયો.
કાંતા-યૂથ વિધુત-શોક-કલુષા, પાખલ્ય તે પર્વરી,
સોહેં જમ સવે જ ભકત્ય કરતી આનંદ લીલા ધરી. ૪૨

... ...

બાંધી બાહુ પ્રસારિ સાર રસ-તેં, સ્ત્રીરત્ન સાથેં રમેં,
લાગાં કંઠ કરાગ્ર ઉગ્ર તપતે, હસ્તાં જ હઈયે ગમેં;
જોએ જે સુરલોક લોક સંઘળા, બેંસી વિમાને બહુ,
તેની નારી અનંત પ્રીત ધરતી, સાથ્યેં જ લાવ્યા સહુ. ૪૮

વાહે દુંદુભી દેવ સેવ કરતા, પુષ્પે જ વર્ષી રહ્યા,
ગાયે કિન્નર સર્વ કૃષ્ણગુંણને, તેણે ન જાયે કહ્યા;
વાજે નૂપુર કિંકિણી વલયયુક્ત, ગૌરાંગી ગોપી-તણી,
સોહે મધ્ય મુરારિ મર્કત જશો, હેમાંગ-માંહે મણિ. ૪૯

પાદન્યાસ, વિલાસ હાસ્ય મુખનું, તે ધન્ય વેલ વલી,
હાલે જે કુચ, વસ્ત્ર, કુંડલ કરી, વર્ષા જસી વીજલી;
ગાએ એક અનેક ઉચ્ચ સ્વર-શું, નાચે બહુ બાલિકા,
તેનૂં ગીત ચરિત્ર વ્યાપ્ત સઘલે, દે(તી) વને તાલિકા. ૫૦

એકા ગાન સુકંઠ વંશ-સરખું, સારું વખાંણે સહી,
એકા શ્રાંત અનંત નૃત્ય કરતી, વાહલા વ્યલાગી રહી;
એકા ચંદનલિપ્ત હાથ હરિનો, સૌરભ્ય ચૂંબે ગ્રહી.
તન્વી તાંબુલ-ચર્વિતં ચ બહુલં, ગાલે ધસે લે સહી. ૫૧

ooo

૧૫
મીરાં (ઈ. ૧૬મી સદી) :



૪૧ પદો;
સતભામાનું રૂસણું-માંથી

મીરાં મધ્યકાલીન કવિતાનાં સર્વોત્તમ સ્ત્રી-કવિ. પ્રેમલક્ષણાની પરંપરાનાં, મુખ્યત્વે તો કૃષ્ણપ્રીતિનાં મીરાંબાઈનાં પદો ગુજરાતી ઉપરાંત વ્રજ, રાજસ્થાની, હિંદીમાં પણ રચાયેલાં છે. ઘણાં પદો ત્રણે ભાષાની મિશ્ર અસરબતાવનારાં છે. એમાં મીરાંનો દ્વારકાથી વ્રજ સુધીનો પ્રવાસ અને એથી વિશેષ તો આ સમગ્ર પ્રદેશમાં મીરાંની કવિતાની અત્યંત લોકપ્રિયતા કારણરૂપ હતી. એમનાં લોકપ્રિય પદો કંઠોપકંઠપરિવર્તન પામતાં રહ્યાં હોવાથી એક જ પદ ગુજરાતીમાં મળતું હોય ને સાથેસાથે રાજસ્થાની-હિંદીમાં પણ મળતું હોય એવું બન્યું છે.

મીરાંનાં જ ગણાવી શકાય એવાં પદોના વિષયોમાં પણ વૈવિધ્ય નથી - કૃષ્ણપ્રીતિ ને વિશેષે તો કૃષ્ણઝંખનાની વિયોગાવસ્થાનું સંવેદન મુખ્યત્વે એમનાં પદોના વિષયો છે. પરંતુ રચનાચાતુરીના અભાવવાળાં આ પદો સંતહૃદયની સંવેદનાની તીવ્રતા, એનું સંગીતમય માધુર્ય, એનું સોંસરું પ્રાસાદિક ભાવાલેખન આદિથી મીરાંને ઉત્તમ ઊર્મિકવિ ઠેરવે એવાં છે. વૈવિધ્ય નહીં પણ હૃદયવેધક ઊર્મિ-આલેખનનું નીતર્યું સૌંદર્ય મીરાંનો કવિવિશેષ છે.

પદો

૧.
ઝેર તો પીધાં છે
ઝેર તો પીધાં છે જાણી જાણી, મેવાડા રાણા!
ઝેર તો પીધાં છે જાણી જાણી.
કોયલ ને કાગ રાણા એક જ વર્ણા રે;
કડવી લાગે છે કાગવાણી.
ઝેરના કટોરા જ્યારે રાણાજી મોકલે રે;
તેનાં બનાવ્યાં દૂધપાણી.
સાધુનો સંગ મીરાં છોડી દિયો રે;
તમને ગણીશું પટરાણી.
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ
મને રે મળ્યા સારંગપાણિ.
મેવાડા રાણા, ઝેર તો પીધાં છે જાણી જાણી.

૨.
ગોવિંદો પ્રાણ અમારો
ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે.
મને મારો રામજી ભાવે રે, બીજો મારી નજરે ન આવે રે.
મીરાંબાઈના મહેલમાં રે, હરિસંતનનો વાસ;
કપટીથી હરિ દૂર વસે, મારા સંતન કેરી પાસ.
રાણોજી કાગળ મોકલે રે, દેજો મીરાંને હાથ;
સાધુની સંગત છોડી દ્યો તમે, વસોને અમારે સાથ.
મીરાંબાઈ કાગળ મોકલે રે, દેજો રાણાજીને હાથ;
રાજપાટ તમે છોડી રાણાજી, વસો રે સાધુની સાથ.

વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દેજો મીરાંને હાથ;
અમૃત જાણી મીરાં પી ગયાં, જેને સહાય શ્રી વિશ્વનો નાથ.

૩.

મુખડાની માયા લાગી
મુખડાની માયા લાગી રે,
મોહન! તારા મુખડાની માયા લાગી રે.
મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું;
મન મારું રહ્યું ન્યારું રે.... મોહન
સંસારીનું સુખ એવું, ઝાંઝવાનાં નીર જેવું;
તેને તુચ્છ કરી ફરીએ રે.... મોહન
સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું;
તેને તે ઘરે શીદ જઈએ રે? મોહન
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો;
રંડાવાનો ભય ટાળ્યો રે... મોહન
મીરાંબાઈ બલિહારી, આશા મને એક તારી;
હવે હું તો બડભાગી રે... મોહન

૪.

પ્રેમની પ્રેમની પ્રેમની રે
પ્રેમની પ્રેમની પ્રેમની રે, મને લાગી કટારી પ્રેમની.
જળ જમુનાનાં ભરવા ગયાં'તાં, હતી ગાગર માથે હેમની રે. મને
કાચે તે તાંતણે હરિજીએ બાંધી, જેમ ખેંચે તેમ તેમની રે. મને
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, શામળી સૂરત શુભ એમની રે. મને

૫.

કાનુડે ન જાણી મોરી પીર

કાનુડે ન જાણી મોરી પીર, બાઈ હું તો બાળકુંવારી રે,
કાનુડે ન જાણી મોરી પીર.
જલ રે જમના અમે પાણીડાં ગયાં'તાં વહાલા,
કાનુડે ઉડાડ્યાં આછાં નીર, ઊડ્યાં ફરરરરર રે. કાનુડે
વૃન્દા રે વનમાં વા'લે રાસ રચ્યો છે;
સોળસેં ગોપીનાં તાણ્યાં ચીર; ફાટ્યાં ચરરરરરર રે. કાનુડે
હું વરણાગી કા'ના તમારા રે નામની,
ખેંચી મારેલાં પ્રેમ તીર; વાગ્યાં અરરરરરર રે. કાનુડે
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
કાનુડે બાળીને કીધાં ખાખ; રાખ ઊડી ફરરરરરર રે. કાનુડે

૬.

નંદલાલ, નહિ રે આવું

નંદલાલ! નહિ રે આવું ને ઘરે કામ છે. તુળસીની માળામાં શ્યામ છે.
વૃંદા તે વનને મારગ જાતાં, રાધા ગોરી ને કહાન શ્યામ છે.
વૃંદા તે વનમાં રાસ રચ્યો છે, સહસ્ર ગોપી ને એક કહાન છે.
વૃંદા તે વનને મારગ જાતાં, દાણ આપ્યાની ઘણી હામ છે.
વૃંદા તે વનની કુંજગલીમાં, ઘેર ઘેર ગોપીઓનાં ઠામ છે.
આણી તીરે ગંગા, પેલી તીરે જમુના, વચમાં ગોકુળિયું ગામ છે.
ગામનાં વલોણાં મારે મહીંના વલોણાં, મહીડાં ઘૂમ્યાની ઘણી હામ છે.
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ચરણકમળ સુખધામ છે.

૭.

ચાકર રાખો જી

ચાકર રાખોજી રે, અમને ચાકર રાખોજી,
શામળિયા ગિરધારી લાલ! ચાકર રાખોજી.
હજુરી ચાકર રહેશુંજી,
મોહન મોરલીવાળા કા'ન, ચાકર રહેશુંજી.
ચાકરીમાં સમરન માગું, દર્શન માગું ખરચી;
ભાવભક્તિ ઝાઝેરી માગું, ચારે વાતો સરખી.
જપ કરવાને બ્રાહ્મણ સરજ્યા, તપ કરવા સંન્યાસી;
ભજન કરવા સંત સરજ્યા, વૃંદાવનના વાસી.
ચાકર રહેશું ને બાગ બનાવશું ને નિત નિત સેવા કરશું;
બાઈ મીરાં કહે ગિરિધારીલાલ, રાધેગોવિંદ ગાશું.

૮

દવ તો લાગેલ

દવ તો લાગેલ ડુંગરમેં, કહોને ઓધાજી! હવે કેમ કરીએ?
કેમ તે કરીએ, અમે કેમ કરીએ? દવ તો લાગેલ ડુંગરમેં.
હાલવા જઈએ તો વહાલા હાલી ન શકીએ;
બેસી રહીએ તો અમે બળી મરીએ રે.
આ રે વરતીએ નથી ઠેકાણું રે વહાલા હે રી,
પર વરતીની પાંખે અમે ફરીએ રે.
સંસારસાગર મહાજળ ભરિયો વહાલા હે રી,
બાંહેડી ઝાલો નીકર બૂડી મરીએ રે.
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર હે રી,
ગુરુજી! તારો તો અમે તરીએ રે.

૯.

મુજ અબળાને

મુજ અબળાને મોટી મિરાત, બાઈ, શામળો ઘરેણું મારે સાચું રે.
વાળી ઘડાવું વિઠ્ઠલવર કેરી, હાર હરિનો મારે હૈયે રે;
ચિત્તમાળા ચતુરભુજ ચૂડલો, શીદ સોની ઘેર જઈએ રે?
ઝાંઝરિયાં જગજીવન કેરાં, કૃષ્ણજી કલ્લાં ને કાંબી રે;
વીછુવા ઘૂઘરા રામનારાયણના, અણવટ અંતરજામી રે.
પેટી ઘડાવું પુરુષોત્તમ કેરી, ત્રિકમ નામનું તાળું રે;
કૂંચી કરાવું કરુણાનંદ કેરી, તેમાં ઘરેણું મારું ઘાલું રે.
સાસરવાસો સજીને બેઠી, હવે નથી કાંઈ કાચું રે;
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, હરિને ચરણે જાચું રે.

૧૦.

બાઈ, મેં તો પકડી આંબલિયાની ડાળ

બાઈ ! મેં તો પકડી આંબલિયાની ડાળ રે,
જંગલમાંહી એકલી હો જી.
ઓતર-દખણથી ચઢી એક વાદળી રે,
વરસ્યા બારે મેઘ રે, બીજાની મારે આખડી હો જી.
નદીરે કિનારે બેઠો એક બગલો રે,
હંસલો જાણી કીધી પ્રીત રે, મોઢામાં ઝાલી માછલી હો જી.
ફૂલન પછેડો ઓઢું પ્રેમ-ઘાટડી રે,
બાઈ મારો શામળિયો ભરથાર રે, બીજાને મારી ચૂંદડી હો જી.
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ,
મારો પિયુડો પરદેશ રે, ફરુકે મારી આંખડી હો જી.

૧૧.

બોલે ઝીણા મોર

બોલે ઝીણા મોર, રાધે! તારા ડુંગરિયા પર બોલે ઝીણા મોર.
દાદુર મોર બપૈયા બોલે, કોયલ કરે કલશોર.
કાલી બદરિયાંમેં બિજલી ચમકે, મેઘ હુવા ઘનઘોર.
ઝરમર ઝરમર મેહુલો વરસે, ભીંજે મારા સાળુડાની કોર.
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર! પ્રભુજી મારા ચિતડાનો ચોર.

૧૨.

હાં રે કોઈ માધવ લ્યો

હાં રે કોઈ માધવ લ્યો, માધવ લ્યો, વેંચતી વ્રજનારી રે.
માધવને મટુકીમાં ઘાલી, ગોપી લટકે લટકે ચાલી રે.
ગોપી ઘેલું શું બોલતી જાય, કા'ન મટુકીમાં નવ સમાય રે.
નવ માનો તો જુઓ ઉતારી, માંહી જુઓ તો કુંજવિહારી રે.
વૃંદાવનમાં જાતાં દહાડી, વા'લો ગૌ ચારે ગિરિધારી રે.
ગોપી ચાલી વૃંદાવન વાટે, સહુ વ્રજની ગોપીઓ સાથે રે.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર; જેના ચરણકમળ સુખસાગર રે.

૧૩.

વાગે છે રે વાગે છે

વાગે છે રે વાગે છે, વૃંદાવન મોરલી વાગે છે,
તેનો નાદ ગગનમાં ગાજે છે.
વૃંદા તે વનને મારગ જાતાં, (વહાલો) દાણ દધિનાં માગે છે.
વૃંદા તે વનમાં રાસ રચ્યો છે, (વહાલો) રાસ મંડળમાં બિરાજે છે.
પીળાં પીતાંબર જરકસી જામા, પીળો તે પટકો રાજે છે.
કાને તે કુંડળ મસ્તકે મુગટ, મુખ પર મોરલી બિરાજે છે.

વૃંદા તે વનની કુંજગલનમાં, વહાલો થનક થનક થૈ નાચે છે.
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, દર્શન થકી દુઃખ ભાગે છે.

૧૪.

નહિ રે વિસારું હરિ

નહિ રે વિસારું હરિ, અંતરમાંથી નહિ રે વિસારું હરિ.
જલ જમુનાનાં પાણી રે જાતાં, શિર પર મટકી ધરી.
આવતાં ને જાતાં મારગ વચ્ચે અમૂલખ વસ્તુ જડી.
આવતાં ને જાંતાં વૃંદા રે વનમાં, ચરણ તમારે પડી.
પીળાં પીતાંબર જરકશી જામા, કેસર આડ કરી.
મોરમુગટ ને કાને રે કુંડલ, મુખ પર મોરલી ધરી.
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, વિઠ્ઠલવરને વરી.

૧૫.

જૂનું તો થયું રે દેવળ

જૂનું તો થયું રે, દેવળ જૂનું તો થયું;
    મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું.
આ રે કાયા રે હંસા, ડોલવાને લાગી રે;
    પડી ગયા દાંત માંયલી રેખું તો રહ્યું.
તારે ને મારે હંસા, પ્રીત્યું બંધાણી રે;
    ઊડી ગયો હંસ પાંજર પડી તો રહ્યું.
બાઈ મીરાં કહે છે પ્રભુ ગિરિધરના ગુણ;
    પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીઉં.

૧૬.

આ દિલ તો ખોલીને દીવો કરો
તમે જાણી લો સમુદ્ર સરીખા મારા વીરા રે,
આ દિલ તો ખોલીને દીવો કરો રે,
આ રે, કાયામાં છે વાડીઓ રે હોજી,
માંહે મોર કરે છે ઝીંગારા રે.
આ રે કાયામાં છે સરોવર રે હોજી,
માંહે હંસ તો કરે છે કલ્લોલા રે.
આ રે કાયામાં છે હાટડાં રે હો જી,
તમે વણજવેપાર કરોને અપરંપારા રે.
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ હો જી,
દેજો અમને સંત ચરણે વાસેરા રે.

૧૭.

રામ રાખે તેમ રહીએ

રામ રાખે તેમ રહીએ, ઓધવજી! રામ રાખે તેમ રહીએ.
આપણે ચિઠ્ઠીના ચાકર છઈએ,
કોઈ દિન પે'રણે હીર ને ચીર, (તો) કોઈ દિન સાદાં રહીએ.
કોઈ દિન ભોજન શીરો ને પૂરી (તો) કોઈ દિન ભૂખ્યાં રહીએ.
કોઈ દિન રહેવાને બાગબગીચા (તો) કોઈ દિન જંગલ રહીએ.
કોઈ દિન સૂવાને ગાદી ને તકિયા, (તો) કોઈ દિન ભોંય સૂઈ રહીએ.
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, સુખદુઃખ સૌ સહી રહીએ.

૧૮.

ઉપાડી ગાંસડી વેઠની રે
ઊપાડી ગાંસડી વેઠની રે, કેમ નાખી દેવાય?

એ છે રણછોડરાય શેઠની રે, કેમ નાખી દેવાય?
એ છે શામળશા શેઠની રે, કેમ નાખી દેવાય?
ઊની ઊની રેતીમાં પગ બળે છેઃ
લૂ વાય છે માસ જેઠની રે; કેમ નાખી દેવાય?
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
મને લગની લાગી છે ઠેઠની રેઃ કેમ નાખી દેવાય?

૧૯

ઓ રાણા! જીવનો સંગાથી
ઓ રાણા! જીવનો સંગાથિ હરિ વિણ કોઈ નથી.
પ્રભુ ભજવાની હામ રે મારે, હરિ ભજવાની હામ રે. જીવનો

ઓ રાણા! એક રે ગાય ને દો દો વાછડા,
તોય એના જુદા રે જુદા લેખ;
એક રે શિવજી-ઘેર પોઠિયો, બીજો ફરે ઘાંચીડાને ઘેર. જીવનો

ઓ રાણા! એક રે માટીનાં દો દો માટલાં,
તોયે એના જુદા રે જુદા લેખ;
એક રે માટલું જસોદા માતાનું, બીજું દીસે કલાલને ઘેર. જીવનો

ઓ રાણા! એક રે વેલાને બે બે તૂંબડાં,
તોયે એના જુદા રે જુદા લેખ;
એક રે તૂંબડું સાધુના હાથમાં, બીજું રાવળિયાને ઘેર. જીવનો

ઓ રાણા! એક રે માતાને દો દો બેટડા,
તોયે એના જુદા રે જુદા લેખ;

એક રે બેટો ચોરાસી ધૂણી તપે, બીજો ઘૂમે લખચોરાશી ફેર.જીવનો

એક રાણા! એક રે વાંસની દો દો વાંસળી,
તોય એના જુદા રે જુદા લેખ;
એક રે વાંસળિ કા'નકુંવરની, બીજી વાગે વાદીડાને ઘેર. જીવનો

ઓ રાણા! ગુરુને પ્રતાપે મીરાં બોલિયાં,
દેજો અમને સંતોનાં ચરણોમાં વાસ.

૨૦

માછીડા રે હોડી હલકાર
માછીડા રે હોડી હલકાર, મન છે મળવાનું,
આણી તીરે ગંગા ને પેલી તીરે જમુના, બીચમેં ખડો રે નંદલાલ. મન
સોના રે દઉંગી ને રૂપા રે દઉંગી, દઉંગી મોતનકી માળ. મન
તારી રે હોડીએ હીરલા જડાવું, ફરતી મુકાવું ઘૂઘરમાળ. મન
તારી રે હોડીએ ભાર ઘણો ર, ઉતારો પેલે પાર. મન
મન કરું મછવા ને તન કરું તછુવા, જીવ મૂકું રખેવાળ. મન
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ઉતારો ભવ પાર. મન

૨૧

ચાલને સખી
ચાલને સખી મારો શ્યામ દેખાડું, વૃંદાવનમાં ફરતો રે,
નખશિખ સુધી હીરાને મોતી, નવનવા શણગાર ધરતો રે. ચાલ

પાંપણ પાઘ કલંકી તોરો, શિર પર મુકુટ ધરતો રે;
ઘેનુ ચરાવે ને બેનુ બજાવે, મન મારાને હરતો રે. ચાલ

રૂપને સંભારું કે ગુણને સંભારું, જીવ રણછોડમાં ભમતો રે;
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, શામળિયો કુબજાને વરતો રે. ચાલ

૨૨

રામ-રમકડું

રામ-રમકડું જડિયું રે રાણાજી!
કારજ મારું સરિયું, રાણાજી! મુને રામ-રમકડું જડિયું.
રૂમઝૂમ કરતું મારે મંદિરે પધાર્યું, કોઈના હાથેથી નથી ઘડિયું.
મોટામોટા મુનિજન મથીમથી થાક્યા, કોઈ વિરલાને હાથે ચડિયું.
શૂન્ય-શિખરના રે ઘાટોથી ઉપર, અગમ અગોચર નામ પડિયું.
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, મારું મન શામળિયાસું ભળિયું.

૨૩

શું કરું રાજ તારા?

મીરાં : શું કરું રાજ તારાં? શુ કરું પાટ તારાં?
ચિતડાં ચોરાણાં તેને શું રે કરું? રાણાજી! શું રે કરું?
ભૂલી ભૂલી હું તો ઘર કરાં કામ. રાણાજી! શું રે કરું?
અન્નડાં ન ભાવે, નેણે નિદ્રા ન આવે;
ગિરિધરલાલ વિના ઘડી ન આરામ. રાણાજી! શું રે કરું?

રાણો : ચિતોડગઢમાં રાણી! ચોરે ચૌટે વાતો થાય;
માનો, મીરાં! આ તો જીવ્યું ન જાય.
રાણાજી! શું રે કરું?

મીરાં : ઊભી બજારે રાણા! ગજ ચાલ્યો જાય છે;

શ્વાન ભસે તેને લજ્જા નવ થાય રાણાજી! શું રે કરું?
નિંદા કરે રાણા! તારા નગરના લોક એ;
ભજન ભૂલું તો મારો ફેરો થાયે ફોક. રાણાજી! શું રે કરું?

રાણો : મનમાં ભજો મીરાં! નારાયણ નામને;
પ્રગટ ભજો તો મીરાં! છોડી જજો ગામ.
રાણાજી! શું રે કરું?

નગરીના લોકો રાણી મીરાંને મનાવે સૌ;
માનો માનો ને કંઈ છોડો એવી ચાલ.
રાણાજી! શું રે કરું?

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ વહાલા;
હરિને ભજીને હું તો થઈ હવે ન્યાલ. રાણાજી! શું રે કરું?

૨૪

અબોલા

તમે અબોલા શીદ લ્યો છો રાજ?
અમને દુઃખડાં શીદ દ્યો છો રાજ?
તમે અમારા, અમે તમારાં, વળી દોષ શું દ્યો છો રાજ?
અમૃત પાઈ ઉછેર્યાં વહાલા, વિખ ઘોળી શું દ્યો છો રાજ?
ઊંડે કૂવે ઉતાર્યાં વહાલા, છેહ આમ શું દ્યો છો રાજ?
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, હૃદયકમલમાં રહો છો રાજ.

મારું મનડું વીંધાણું

મારું મનડું વીંધાણું, રાણા! ચિતડું ચોરાણું, રાણા! શું રે કરું?
શું રે કરું? વિષ પીધે ના મરું, હો રાણા, શું રે કરું?

નિંદા કરે છે મારી, નગરીના લોક રાણા!
તારી શિખામણ હવે મારે મન ફોક, રાણા! શું રે કરું?

ભરી બજારમાંથી હાથી ચાલ્યો જાય, રાણા!
શ્વાન ભસે છે તેમાં હાથીને શું થાય, રાણા! શું રે કરું?

ભૂલી-ભૂલી હું તો ઘરનાં રે કામ, રાણા!
ભોજન ન ભાવે, નયણે નિંદ છે હરામ, રાણા! શું રે કરું?

બાઈ મીરાં કહે પ્રભુ! ગિરિધર નાગર વહાલા!
પ્રભુને ભજીને હું થઈ ગઈ ન્યાલ, રાણા! શું રે કરું?

૨૬

કામ છે, કામ છે

કામ છે, કામ છે, કામ છે , રે ઓધા! નહિ રે આવું, મારે કામ છે.
શામળિયો ભીને વાન છે રે. ઓધા

આણી તીરે ગંગા ને પેલી તીરે જમના, વચમાં ગોકુળિયું ગામ છે રે. ઓધા

સોનું રૂપું મારે કામ ન આવે, તુલસી તિલક પર ધ્યાન છે રે. ઓધા

આગલી પરસાળે મારો સસરો પોઢે, પાછલી પરસાળે સુંદર શ્યામ છે રે.ઓધા

મીરાંબાઈ કે પ્રભુ ગિરિધરના ગુણ, ચરણકમળમાં મારો વિશ્રામ છે રે. ઓધા

૨૭

તમે જાણી લો સમુદ્ર સરીખા
તમે જાણી લો સમુદ્ર સરીખા, મારા વીરા રે,
આ દિલ તો ખોલીને દીવો કરો રે, હોજી
આ રે કાયામાં છે વાડીઓ રે હોજી, માંહે મોર કરે છે ઝીંગોરા રે.
આ દિલ તો

આ રે કાયામાં છે સરોવર રે હોજી, માંહે હંસ તો કરે છે કલ્લોલા રે.
આ દિલ તો
આ રે કાયામાં છે હાટડાં રે હોજી, તમે વણજવેપાર કરોને અપરંપાર રે.
આ દિલ તો
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ હોજી, દેજો અમને સંતચરણે વાસેરા રે.
આ દિલ તો

૨૮

બોલ મા બોલ મા
(રાગ-ઝીંઝોટી - તાલ ત્રિતાલ)
બોલ મા, બોલ મા, બોલ મા રે, રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા.
સાકર-શેલડીનો સ્વાદ તજીને, કડવો લીમડો ઘોળ મા રે.
રાધાકૃષ્ણ વિના

ચાંદા-સૂરજનું તેજ તજીને, આગિયા સંગાથે પ્રીત જોડ મા રે.
રાધાકૃષ્ણ વિના
હીરા-માણેક-ઝવેર તજીને, કથીર સંગાથે મણિ તોળ મા રે.
રાધાકૃષ્ણ વિના
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, શરીર આપ્યું સમતોલમાં રે.
રાધાકૃષ્ણ વિના

૨૯

પ્રીત પૂરવની
પ્રીત પૂરવની રે શું કરું, ઓ રાણાજી!
મારી પ્રીત પૂરવની રે શું કરું?
હો મેવાડા રાણા! મનડું લોભાણું તેને શું કરું? રાણાજી

રામજી ભજું તો મારું હૈયું ઠંડું થાય;
ભોજનિયાં ન ભાવે, નયને નિંદલડી ન આય. રાણાજી

કંઠે માળા દોવડી, મારે શીલવ્રત શણગાર;
કેમ કરી વીસરું રામને, મારા ભવભવનો ભરથાર. રાણાજી

પેઈઆ બાસક ભેજિયા ને દિયા મીરાંને હાથ;
હાર ગળામાં નાખિયો ને મહેલ ભયો ઉજાસ. રાણાજી

વિખના પ્યાલા ભેજિયા ને દો મીરાંને હાથ;
કરી ચરણામૃત પી ગયાં, મારા રામતણે વિશ્વાસ. રાણાજી

વિષના પ્યાલા પી ગયાં ને ભજન કરે રાઠોડ;
તારી મારી નહિ મરું, મને રાખણવાળો ઓર. રાણાજી

રાઠોડાંની દીકરી ને સીસોદાંને સાથ;
લઈ જાતી વૈકુંઠડે, મારી પ્રથમ ન માની બાત. રાણાજી

મીરાં દાસી રામકી ને રામ ગરીબનવાજ;
મીરાંકી લજ્યા રાખજો, મારી બાંહ ગ્રહ્યાની લાજ. રાણાજી

૩૦

જેને મારા પ્રભુજીની ભક્તિ
જેને મારા પ્રભુજીની ભક્તિ ના ભાવે રે
તેને ઘેર શીદ જઈએ?
જેને ઘેર સંત પ્રાહુણો ના આવે રે,
તેને ઘેર શીદ જઈએ?
સસરો અમારો અગ્નિનો ભડકો,
સાસુ સદાની શૂળી રે;
એની પ્રત્યે મારું કંઈ ના ચાલે રે,
એને આંગણિયે નાખું પૂળી રે.
જેઠાણી અમારી ભમરાનું જાળું,
દરાણી તો દિલમાં દાઝાં રે;
નાની નણંદ તો મોં મચકોડે
તેણે ભ્રમ ગયો છે મારો ભાગી રે.
પાડોસણ અમારી તો ઓછામાં અદકી,
તે બળતામાં નાખે છે વારિ રે.
મારા ઘર પછવાડે શિદ પડી છે?

બાઈ તું તો જીતી ને હું હારી રે.
ખૂણે બેસીને મેં તો ઝીણું રે કાત્યું
તેમાં નથી રાખ્યું કાંઈ કાચું રે;
દાસી મીરાં લાલ ગિરિધર,
મારા આંગણિયામાં થૈથૈ નાચું રે.

૩૧

રાણાજી! હું તો ગિરિધરને મન ભાવી.
પૂર્વ જનમની હું વ્રજતણી ગોપી, ચૂક થતાં અહીં આવી રે.
રાણાજી
જનમ લીધો નૃપ જયમલ-ઘેરે, તમ સંગે પરણાવી રે.
ગિરિધર નામ હું તો ઘડી નવ છોડું, ભલે નાખોને મરાવી રે.
રાણાજી
મીરાંકે પ્રભુ ગિરિધર નાગર! હરિસંગે લગની લગાવી રે.
રાણાજી

૩૨

મારી દસ આંગળીઓ થઈ છે લાલ, હું તો સપનામાં પરણી શ્રી ગોવિંદને.
કાશી ગામના રૂડા જોશી તેડાવું, હું તો રૂડા જોશ જોવડાવું. હું તો

વાંસ મંગાવું હરિયા બાગના, હું તેના રૂડા મંડપ રચાવું. હું તો

ગંગાજમુનાની રૂડી ગોરમટી મંગાવું, હું તો તેની રૂડી ચોરીઓ ચીતરાવું. હું તો

અટપટી પાઘ કેસરિયા વાઘા, રેશમી સુરવાલી સીવરાવું. હું તો

કેસરી તિલક કરું ભાલ, મારા વા'લા! હાથે બાજુબંધ પે'રાવું. હું તો

બાઈ મીરા કહે પ્રભુ ગિરિધરના ગુણ, ચરણકમલ ચિત્ત લાવું. હું તો

૩૩

ઘેલાં અમે થયાં

ઘેલાં અમે ભલે થયાં રે, બાઈ! મારે ઘેલામાં ગુણ લાધ્યો.
આટલા દિવસ હરિ જાણ્યા વિનાનું મન માયામાં બાધું;
ભવસાગરમાં ભૂલાં પડ્યાં ત્યારે, મારગ મળિયા સાધુ. ઘેલાં
ઘેલાં તો અમે હરિનાં ઘેલાં, નિર્મલ કીધાં નાથે;
પૂરવ જનમની પ્રીત હતી ત્યારે, હરિએ ઝાલ્યાં હાથે. ઘેલાં
ઘેલાંની વાતો ઘેલાં જાણે, ને દુર્જનિયાં શું જાણે?
જે રસ તો દેવતાને દુર્લભ, તે રસ ઘેલાં માણે. ઘેલાં
ઘેલાં મટી અમે ડાહ્યાં ન થઈએ, ને સંતનાં શરણાં લીધાં;
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, કારજ સઘળાં સીધ્યાં. ઘેલાં

૩૪

લે ને તારી લાકડી

(રાગ ગુર્જર)

લેને તારી લાકડી રે, લેને તારી કામલી,
ગાયો તે ચરાવવા નહિ જાઉં માવડલી. લેને તારી
માખણ તો બલભદ્રને ખાયો, હમને પાયો ખાટી છાશલડી.
લેને વૃંદાવનને મારગ જાતાં, પાંવમેં ખૂંચે ઝીણી કાંકલડી. લેને તારી
મીરાંબાઈ કે પ્રભુ ગિરિધરના ગુણ, ચરણકમલ ચિત્ત રાખલડી.
લેને તારી

૩૫

લાવો લાવો કાગળિયો

લાવો લાવો કાગળિયો દોત, કે લખીએ હરિને રે;
તેમાં શીઓ અમારો વાંક, કે ના'વ્યા ફરીને રે. લાવો
વહાલાં અમૃત ભોજનિયાં આજ જમાડ્યાં અમને રે;
હવે વીખડાં ઘોળી મ પાઓ, ઘટે નહીં તમને રે. લાવો
વહાલા! પ્રેમ પછેડો આજ ઓઢાડ્યો અમને રે;
હવે દઈને પાછો ન લીઓ, ઘટે નહીં તમને રે. લાવો
વહાલા! કુંજગલનમાં રાસ રમાડ્યા અમને રે.
હવે તજીને ચાલ્યા મ જાવ, ઘટે નહીં તમને રે. લાવો
વહાલા દર્શન દ્યો ભગવાન! કે કારજ સીધાં રે.
એમ બોલ્યાં મીરાંબાઈ, કે પ્રેમરસ પીધાં રે. લાવો

૩૬

માવાને મા દઈશ

મ્હાવાને મા દઈશ, મા મોરી! મ્હાવાને મા દઈશ;
હું તો ઝીણેરું કાંતીશ, મા હું આછેરું પીલીશ.
ક્ષણમાં ननो ને ક્ષણમાં મોટો, અકળ કળ્યો નવ જાય,
એની સેવા કેઈ પેર સાધું, હેઠણીઓ નવ થાય.
નવલખ ધેનુ નંદઘેર દૂઝે; મેરુ રવૈયો ગોળી;
એનું વાસીદું કેઈ પેર વાળું, હું તો હૈયાની ભોળી.
ચૌદ લોક એના મુખમાં સમાયા, સાત સાગર નવ બેટ;
એનું રાંધણ કઈ પેર રાંધું, મ્હાવાનું મોટું પેટ.
નાનકડીઓ નખ જેટલો, એનો ઢોળિયો ધરણી ન માય;
મીરાં વ્રેહની વ્યાકુળી, મને વારે વારે શીદ વ્હાય?

૩૭

કૃહાન વર

કૃહાન વર તો કુબજાને જાય રે,
ગોકુળિયાને ઘેલું કરીને; બહેની મારા પ્રાણ હરીને.

મથુરાંને મારગે હાલતાં ચાલતાં;
એક વાર આવો દીનાનાથ રે, મોહન વર રે પાછા ફરીને.

મામા તે કંસને મળવાને જાવું,
વળતી વળશું તો રહીશું રાત રે, સાંભળ ગોપી નિશ્ચય ધરીને.

નહીં આવો તો હરિ જીવથી જઈએ અમે,
નિશ્ચે મરીશું મહારાજ રે, આતમહત્યા દેઈશું હરિને.

મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
ભેળા વસોને ભગવાન રે, વિઠ્ઠલજી વર રે વરીને.

૩૮

ગાય લાવી દ્યો

ગાય લાવી દ્યોને મારી ગોતી ગોતી, વ્રજવાસી ગોવાળિયા!
ગાય લાવી દ્યોને મારી ગોતી.
કહાના ગોવાળિયા! તમને ભળાવી'તી; હાવે કેમ કહો છો ગાય નહોતી?
આંખે છે આંજણાં ને મોંઢે છે મૂંઝણી, હૈયા સમાણી ગાય હોતી.

સોના શીંગડીએ ને રૂપાની ખરીએ, હીરલાની દોરીએ હોતી.
હાથે છે ચૂડલો ને ગોઠણમાં ધોંણીઓ; લટકે શું માવડી દોહતી.
માખણનો પિંડો હું તો મોટો ઉતારતી; હળવે શું મહીડાં વલોવતી.
ગોકુળ જોયું ને વૃંદાવન જોયું; જમના-તીરે ગાય નહોતી.
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, ગાય આપતી'તી સાચાં મોતી.
ગાય લાવી દ્યોને મારી ગોતી.

૩૯

વર તો વિઠ્ઠલને
વર તો વિઠ્ઠલને હું વરી રે,
રાણાજી! હવે લાજ કોની કરીએ રે?
ગુરુનાં વચન અમે કેમ ઉથાપીએ?
સંતનાં કહ્યાં કરીએ રે. રાણાજી
તમથી વડેરું કોઈ નહીં મારે,
અમે કોનો મલાજો કરીએ રે? રાણાજી
તિલક છાપ તુલસીની માળા,
હરિએ હાથે દીધી રે. રાણાજી
લોક અમારી નિંદા કરે રે,
અમે ધોખો તેનો ના ધરીએ રે. રાણાજી
વરમાળા વનમાળીની પહેરી,
અમે છૂટે છેડે ફરીએ રે. રાણાજી
મીરાંબાઈ કહે પ્રભુ ગિરધર નાગર,
સંતને ચરણે તરીએ રે. રાણાજી

૪૦

હેરી મૈં તો પ્રેમદિવાની, મેરા દરદ ન જાને કોઈ. ટેક.
સૂલી ઉપર સેજ હમારી, કિસ બિધ સોણા હોઈ;
ગગન મંડલપે સેજ પિયાકી, કિસ બિધ મિલણા હોઈ.

ઘાયલકી ગત ઘાયલ જાને, કિ જિન ઘાયલ હોઈ;
જૌહરીકી ગત જાહરી જાને, કિ જિન જૌહરી હોઈ.

દરદકી મારી બન બન ડોલું, બૈદ મિલ્યા નહિ કોઈ.
મીરાં કે પ્રભુ પીર મીટેગી, જો બૈદ સાંવલિયા હોઈ.

૪૧

બંસીવારા આજ્યો મ્હારે દેસ, થારી સાંવરી સુરત પ્યારો બેસ.
આઊં–આઊં કર ગયા સાંવરા, કર ગયા કૌલ અનેક;
ગિણતા-ગિણતા ઘસ ગઈ મ્હારી આંગળિયારી રેખ.

મૈં બૈરાગિણ આદિકી જી થારે, મ્હારે કદકો સનેસ;
બિન પાણી બિન સાબુણ, સાંવરા હોઈ ગઈ ધોઈ સપેદ.

જોગણ હોય જંગલ સબ હેરુ, તેરા નામ ન પાય ભેસ;
તેરી સુરતકે કારણે, મ્હેં ધર લિયા ભગવા ભેસ.

મોર-મુગટ પીતાંબર સોહૈ ઘૂંઘરવાળા કેસ,
મીરાં કે પ્રભુ ગિરિધર મિલિયાં, દૂનો બઢૈ સનેસ.

o

સતભામાનું રૂસણું

"જાણ્યું જાણ્યું હેત તમારું જાદવા રે લોલ,
હેત જ હોય તો હૈડામાં વરતાય જો;
અમે તમારી આંખડિયે અળખામણાં રે લોલ,
વા'લ હોય તો નયણામાં ઝબકાય જો;

જાણ્યું જાણ્યું૦

પારિજાતકનું ફુલ રે નારદ લાવિયા રે લોલ,
જૈ સોંપ્યું રાણી રુકમિણીને દરબાર જો;

એકે પાંખલડી મારે મંદિર ન મોકલી રે લોલ,
કીધી મુજથી એ અદકેરી નાર જો;

જાણ્યું જાણ્યું૦

અચરત પામ્યાં ને આનંદ ઊતર્યો રે લોલ,
જાઓ જાઓ નહિ બોલું સુંદર શ્યામ જો;
રુકમિણીને મંદિર જૈને રંગે રમો રે લોલ,
હવે તમારે અમ સાથે શું કામ જો;

જાણ્યું જાણ્યું૦

અળગા રહો અલબેલા મને અડશો નહિ રે લોલ,
તમ સાથે નહિ બોલું નંદકુમાર જો;
મોલે તો પધારો માનીતી તણે રે લોલ,
આજ પછી નવ આવશો મારે દ્વાર જો;

જાણ્યું જાણ્યું૦

નારદે કહ્યું સતભામા સાંભળો રે લોલ,
એ નિર્લજને નથી તમારું કામ જો;
કાલા ને વાલા કરતો ને આવશે રે લોલ,
મોટા કુળની મૂકશો માં તમે માંમ જો;

જાણ્યું જાણ્યું૦

ઉતાર્યાં આભ્રણ રે સર્વે અંગ થકી રે લોલ,
લો શામળિયા તમારો શણગાર જો;
મારા રે મૈયરની ઓઢું ઓઢણી રે લોલ,
બીજું આપો માનીતીને દરબાર જો;

જાણ્યું જાણ્યું૦

ચરણા ચીર ઉતારી ચોળી ચુંદડી રે લોલ,
ઉર થકી ઉતાર્યો નવસર હાર જો;
કાંબી ને કડલાં રે ત્રોટી દામણી રે લોલ,
સર્વ સંભાળી લેજો નંદકુમાર જો;

જાણ્યું જાણ્યું૦

આગળથી નવ જાણ્યું મેં તો એવડું રે લોલ,
ધરથી ન જાણ્યો ધુતારાનો ઢંગ જો;
બાળપણાની પ્રીત અમારી પાલટી રે લોલ,
એ નિર્લજને શાનો દીજે રંગ જો;

જાણ્યું જાણ્યું૦

ધીરજથી વાતો ધરથી જાણી નહિ રે લોલ,
પ્રીત કરીને પરવશ કીધા પ્રાણ જો;
કાળજાડાં કોરીને ભીતર ભેદિયાં રે લોલ,
મીટડલીમાં માર્યા મોહનાં બાણ જો;

જાણ્યું જાણ્યું૦

પ્રીત કરી પરહરવું નો'તું પાધરું રે લોલ,
થોડા દિવસમાં શું દીધાં મને સુખ જો;
સ્વપ્નાનાં સુખડાં રે સ્વપ્ને વહી ગયાં રે લોલ,
દેહલડીમાં પ્રગટ્યાં દારુણ દુઃખ જો;

જાણ્યું જાણ્યું૦

પૂરણ પાપ મળ્યાં રે એ અબળા તણાં રે લોલ,
જેનો પરણ્યો પરઘેર રમવા જાય જો;
અબોલડા લીધા રે બાળે વેશથી રે લોલ,
તે નારીનું જોબન ઝોલાં ખાય જો;

જાણ્યું જાણ્યું૦

પાણીડાં પીને રે ઘર શું પૂછિયે રે લોલ,
વેરી પિતાએ પૂરણ સાધ્યાં વેર જો;

ઉછેરી આપી રે એન હાથમાં રે લોલ,
ગળથૂથીમાં ધોળી ન પાયાં ઝેર જો.

જાણ્યું જાણ્યું૦

શોકલડીનાં વેણ મને બહુ સાંભરે લોલ,
નાયણાંમાંથી છૂટ જળની ધાર જો;
હૈડું ન ફાટ્યું રે હજુયે અમતણું રે લોલ,
ઉર ઉપર કાંઈ ઊઠ્યા મેઘ મલાર જો;"

જાણ્યું જાણ્યું૦

"એવાં તે મેણાં શું બોલો મુખ થકી રે લોલ,
ભોળાં મનની શું આણો છો ભ્રાંત જો;
નારી મત શું રાખો નારદને કહ્યે રે લોલ,
કુળવંતી તમે કેમ કરો કલ્પાંત જો;

જાણ્યું જાણ્યું૦

પટરાણી તમથી બીજી પ્યારી નથી રે લોલ,
શું સતભામા, કૂડો આવ્યો ક્રોધ જો;
કપટી નારદિયાનાં કેહેણ ન માનિયે રે લોલ,
ઘણો વધારે ઘેર ઘેર જઈ વિરોધ જો;

જાણ્યું જાણ્યું૦

સાચું જો કહું તો તમે નવ સાંભળો રે લોલ,
કહો સતભામા, ખાઉં તમ આગળ સમ જો;
કાળુડા નાગને આપું આંગળી રે લોલ,
તોયે તમારું મન નવ માને કયમ જો;

જાણ્યું જાણ્યું૦

મોહનજી કહે રે સતી તમે સાંભળો રે લોલ,
કહો તો મંગાવું પારિજાતકનું ઝાડ જો;
આણીને રોપાવું તમારે આંગણે રે લોલ,
રાણી રોષ તજીને મૂકો રાડ જો;"

જાણ્યું જાણ્યું૦

હરખીને બોલ્યાં હરિથી હેતશું રે લોલ,
સતભામાને સૌકો લાગ્યાં પાય જો;
વાજાં ને વાગે રે વાંસળી રે લોલ,
ગીત ગાન ને નૌતમ ઉચ્છવ થાય જો;

જાણ્યું જાણ્યું૦

કુમકુમ ને કસ્તૂરી બેહેકે કેવડો રે લોલ, ૨
ૂવા ચંદન ઊડે અબીલ ગુલાલ જો;
આનંદ-ઓછવ રે થાય અતિ ઘણો રે લોલ,
ભેર ભૂંગળ ને વાગે મૃદંગ તાલ જો;

જાણ્યું જાણ્યું૦

રૂશણું ગાયું રે રૂડી રીતશું રે લોલ,
સતભામાનાં મનાવ્યાં છે મન જો;
મીરાંનો સ્વામી રે મોલ પધારિયા રે લોલ,
સતભામાનાં જીવન કીધાં ધન્ય જો;

જાણ્યું જાણ્યું૦

ooo

૧૬

દેહલ (૧૬મી સદી)

આ કવિનું, ચોપાઈ-દોહરાની ૪૦૦ ઉપરાંત કડીઓમાં લખાયેલું આખ્યાન-કાવ્ય 'અભિવન-ઊંઝણું' ઉત્તરાને તેડી લાવવા અભિમન્યુએ મોકલેલા આણા(ઊંઝણું)ના પ્રસંગને આગવી રીતે આલેખતું, ગુજરાતીનાં અભિમન્યુ-વિષયક કાવ્યોમાં સૌથી જૂનું ગણાયું છે. કવિની વર્ણનશક્તિ પણ નોંધનીય છે.

'અભિવન-ઊંઝણું'-માંથી

(અભિમન્યુનો શૌર્યોદ્‌ગાર)

એહવાં વચન શ્રવણે સુણી, ચરણિ ઝાલા મસ્તકિ નીસરી;
તેહનું માથા ખસિઉં પાગરણ, તેણી ત્રોડીઉ નવસરિ હાર;
શોક ધરી રે રાણી સુભદરા.
ફરકિ ફરકિ રૂંગું આવિ, સુભદ્રા અન ન ભાવિ;
ચડી કોશીશિ ચહુ દિશિ ચાહિઃ "હજી અરજન કાં ન આવિ?"

એક પુત્રની માય ભણીજિ, કાલિ સર્પ્યિ ખાધ;
અરજન તાં જાલંધર ચાલ્યા, બાલિ રણવટ બાંધ્ય.

એક આંખિ અણઆંખિ જ માંહિ, તે મુઝ લાગિ છોહ;
માહરિ બાલુડિ તાં રણવટ બાંધયિઉ, હીયડું ન ફાટિ, લોહ.

માહરુ મદ્દિમાતુ, નિ બેહુ પખિ સુધુ, કુણ કહિસિ રવિ રુંધિઉ?
જેણિ ઊસરીઇ અર્જુન તુ તેણિ ધુંસરીઇ જૂતુ,

એક પુત્ર છિ યેહનિ ઘરિ તેહનૂં ઘર સૂનું બાલુ રણવટિ જાઇ;
બાલાનુ પિતા જુ ઘરિ જ હોઇ, તુ અભિવનનિ રાણિ ન મોકલિ કોઈ.

થાન તણી મુખિ આવિ ધાણિ, તે કમ ખમસિ રાણોરાણિ?
સીહ તણી આરેણિ ભણી જિ, સોઇ ક્રિમ સુણી જાય?
માહરિ બાલુડિ તાં રણવટ બાંધઉ, રાજ કરે તું રાય!"

કૃષ્ણ રે બાલિથિ યમુનાજલ ડોહીઉં, ફોડીઉં સપત પિઆલ,
કંસનાં કમલ સમારચ્યાં રે.

(ડુઢિ)
કંસનાં કમલ સમાર્યાં, નાથિયુ કાલીનાગ;
બાલ તિ વામનિં વાસુદેવિં મહી ભરી ત્રિણિ પાગ.

બાલુ હુતાસન જગ દહિ, અથિર નિ અસમાનિ;
બાલિ તે વજ્જનિ થંભ ફાડિઉ, નહી કહિ સમાન.

બાલુ તે વીસહર-ડંકણુ, ભાર કરિ અખંપ;
બાલુ દડુલો ઝોટાવિયુ, યમુના તે દીધી ઝંપ.

બાલુ તે જલહર વરસણુ, નીર ભરિ નવખંડ;
પરઘલ પાણી, અન્ન-નિસપતિ, આસ કરિ અખંડ.

બાલુ તે શશિહર ઊગમિ, જે નવિ ખંડિ ઊજાસ.
બાલુ તે અતિઘણ પ્રાણ મંડિ, માતા! પૂરણ આસ.

બાલુ તે દિણયર ઊગમિ, ગાલા ઘૂટિ ગાઇ;
વાછરુ પયપાન પામિ, સાંભલિ, ભોલિ માઇ!"

સહુ મિલી મંગલ ચ્યારિ ગાતુઃ 'અમર હોજ્યો બાલ;
મૃદંગ ઝાલર ભેર ભૂંગલ, તવિલ તાલ કંસાલ.

"બાલિ તે યમુનાજલ ડોહીઉં, ફોડીઉં સપત પિઆલ;
કંસનાં કમલ સમાર્યા રે.

(પૂર્વછાયુ)
બાલુ કેશરિ વનિ વાસિ, તિ ભગ્ગ હસ્તીનાં યૂથ ત્રાસિ;
બાલુ રતન અમૂલિક હોઇ, માત! તે પરમારથ જોઇ રે.

કેસરિ લહુડુ ગઇ વડુ, એ દલ અવદલ વિનાણ,
લૂંઠ વડાઇ સૂં કરિ? વઢૂં-ન ક્ષત્રપ્રમાણ.

હું કેસરિ, દૂઅંગમો, હણિઉ ગયંદા-માણ;
પૃથિવી કરું ન-કૂરવી, તુ તૂં–જાય પ્રમાણ."

ooo

નાકર (ઈ. ૧૬મી સદી):

આ આખ્યાનકાર કવિનું મહત્ત્વનું પ્રદાન એ છે કે એમણે કડવાને અંતે કથાઅંશનો ઉપસંહાર કરતા 'વલણ' કે 'ઉથલા'નો સમાવેશ કર્યો. એથી એક કડવાને પછીના કડવા સાથે જોડતી રચનાપદ્ધતિથી આખ્યાનની કથાને સળંગસૂત્રતા મળી. 'વિરાટપર્વ', 'રામાયણ', 'નળાખ્યાન', હરિશ્ચંદ્રાખ્યાન જેવાં અનેક આખ્યાનોમાં, સમકાલીન સમાજજીવનના રંગો ઉમેરીને નાકરે પહેલીવાર આખ્યાનને લોકભોગ્યતા આપી. અનુગામી ખ્યાત આખ્યાનકાર પ્રેમાનંદને પણ નાકરની આવી ઘણી નિરૂપણસામગ્રી કામ આવેલી છે.

એમની આખ્યાનેતર લઘુ કૃતિઓમાં, શિવરાત્રિ-મહિમા આલેખતી 'વ્યાધમૃગલી-સંવાદ' જાણીતી છે બીજી 'સોગઠાનો ગરબો' –જેમાં 'ગરબો' શબ્દ ગુજરાતીમાં સંભવતઃ પહેલી વાર યોજાયો છે.

૧ ગરબો, હરિશ્ચંદ્રાખ્યાન, વિરાટપર્વ

૧.

સોગઠાનો ગરબો

અંબકાલાલ આવો ની અલબેલા રમીએ શોકટે રે
બેસીએ સાંહામસાંહાંમાં સહીઆરીની પઠે રે (૧)
હોડિ બદીયે હારે તેહને શું કરવું ઘટે રે
પુઠિ પુઠે ઉઠીએ તો જંજાલ મિટે રે (૨)
ચોર્યા ચીપ્યાના તો સમ ખાઈએ આકરા રે
લજ્જા રમતા રાખવી નહી જો ઠાકરા (૩)
મહારી રાતી નીલી કાલી પીલી તમ તણી રે
પાસા ખલભલાવી નાખવા ભીરુ ભણી રે (૪)

આઠ કાચી યે હરાવું દા તો હું ખરી રે
પાસા ચીપી નાખો તો દા નંખાવું ફરી રે (૫)
સારી ઘોડે છકેં ચોકેં તો મુકું નહીં રે
ઘાત છપગડી ત્રપગડી જાલવું સહી રે (૬)
રોઈ ખાઓ તો તમ સાથે હું રમું નહીં રે
પાસો હેઠો પડશે તેહનો તે દા ગ્યો સહી રે (૭)
મા તારે મંચકથી સારી ઉતરવા નહીં દેયુ રે
તહ્મારી પાકવા આવે તો જાણું સર્વે ગયું રે (૮)
જાડ કરીશ તો માહારી રાતી નીલી નહીં મરે રે
છૂટી રાખીશ તો કાલી પીલી પુઠે ફરે રે (૯)
રમતાં પાણી પીવા માહારે ઉઠવું નહીં રે
કુંભ ઘીનો ઢલતો હોય તો ન જાવું સહી રે (૧૦)
રમતાં જીતીએ જો એક ચીત રાખીયે રે
જોઈએ દા તે પ્રાર્થી પાસાને નાંખીએ રે (૧૧)
રમીએ ત્યાંહાં સુધી આપણ ચાકર પાસા તણાં રે
રમતાં નુના દ્યૂત કો નહીં શરખા બે જણાં રે (૧૨)
હારશો ત્યવ્હારે મોહ એહવું તો નહીં રહે રે
હારે તે તો પાટ શોકઠાં શીશે વહે રે (૧૩)
હારશો તિવારાં તો હઈઉ ભઈ આવશે રે
તિવારાં હાર્યા કહીને લોક ટાલોટા પાડશે રે (૧૪)
હારશો ત્યવ્હારાં હશું આવશે નહીં રે
અબલા સાથે તે શું હાર્યા સહુ કહેશે સહી રે (૧૫)
હોંડ હાર્યાની લેતાં તો શર્મ નહીં ગણું રે
રમતાં હાર્યાનાથી દુઃખ બીજું નહીં ઘણું રે (૧૬)
પ્રાંણે પ્રાંણે હસું આવે હાર્યા જન્નને રે
પણ હૈયામા હોલી શરખું લાગે મનને રે (૧૭)

રમતાં રાજા ને રાંક એક હારિમાં રે
અભીમાન ખેલમાં નહીં એહ વેવ્હારમાં રે (૧૮)
પઠ એહવો પરઠીને ચાલ માંડીઓ રે
સારી કૃષ્ણની રાધાએ સઘલી ખાંડીઓ રે (૧૯)
કૃષ્ણ શોકઠી મરાવે જાણી જોઈને રે
જાણું પ્રેમ એહના શરખો નથી કોઈને રે (૨૦)
જાંણી જોઈને હાર્યા તો હરજી ખરા રે
રાધા હાર્યો તમ સાથે કહે છે ધરણીધરા રે (૨૧)
હું ને તાહારા સરખુ રમતાં આવડતું નથી રે
હોડી હાર્યાની હું આપું જે તમ્હો કહો કથી રે (૨૨)
કોહો તો ચાકર થૈ ને ચાકરી કરું ઘણી રે
કહો તો લ્યખી આપું તનમનના તહ્મો ધણી રે (૨૩)
હાર્યો તમ સાથ તો તે માહારે માન્ય શું રે
તહ્મને સર્વ સમરપણ કરતાં માહારે જાંન શું રે (૨૪)
વચન કૃષ્ણનાં શુંણી તે રાધાજી હશાં રે
મીઠાં લાગાં તે ચીતમાં અમી જશાં રે (૨૫)
વેણ્ય આકરાં કહ્યાં મેં તહ્મને ખેલતાં રે
ચીતમાં છે તે શર્મ થાએ મેલતાં રે (૨૬)
હવે હું હારી ને દાશી થાઉં તમ તણી રે
હોડિ આપું મોહ માગો તે થકી ઘણી રે (૨૭)
માહારા સાહબ છો તે હાર્યો તહ્મને કિમ કહું રે
હું અલબેલાલાલ આગળ ઊભી થૈ રહું રે (૨૮)
એમ રાધા ને રઘુનાથ શોકઠે રમ્યાં રે
નેન અમીઆં ભરી યે માહામાં રમ્યાં રે (૨૯)
નાકર કર જોડીને કહે છે સાધુસંતને રે
ભાવે ભજીયે નીત્યે રુક્મણીના કંથને રે (૩૦)

ગરબો ગાઈએ તો ક્યેહીએ હારીએ નહીં રે
રાધાકૃષ્ણજીને ચર્ણે તો રહીએ સહી રે (૩૧)

૨
.હરિશ્ચંદ્રાખ્યાન-માંથી

કડવું ૧
રાગ રામગ્રી
સરસ્વતીકેરા પુજાું પાયજી, શારદામાતા કરો પસાયજી;
ગણપતિ ગુણનિધી ગુણભંડારજી, સેવક જનની કરજો સ્હાયજી.

ઢાળ

કરો સેવક ની સ્હાયસ્વામી, નિર્મળ તમારૂં નામ;
નિર્મળ વાણી આપીએ, સુધબુધ કેરા શામ.
ઉમયાને અંગે ઉપન્યો, વરતીયો જયજયકાર;
સુરસર્વ સેવા કરે, સુર સર્વનો પ્રતિહાર.
કપૂરે કરૂં આરતી, સિંદુરે કરૂં શણગાર;
એકદંતો સુંઢાળો, મોદીક વલ્લભ અહાર.

વલણ

મોદીક વલ્લભ અહાર સ્વામિ, પાયે લાગી પ્રણમું;
દોમતિ માતા શારદા, સરસ્વત સ્વામને નમું.

કડવું ૨

રાગ રામગ્રી
નગર અજોધા સુંદર વાસજી, આશ તે પહોચે પ્રજા નિવાસજી;
ત્રિસંગરાયનો કુંવર નિર્વાણજી, હરિશ્ચંદ્રની વર્તે આણજી.
આણ વર્તે હરિશ્ચંદ્રની, અસત્ય ન ભાખે જ્યાંહે;
પુણ્યે પુણ્યવંત આગળો, વસે અજોધા માંહે.
ધન્ય ધન્ય છે તે ધર્ણને, મોટી અસંભવ વાત;
એક વાર ત્યાં વાવે કરશણ, લણે છે વાર સાત.
બ્રદ મોટું એ કહું ન મરે, પિતા પેહેલાં તન.
જૂઠો જૂહારી ચોર ચરપટ, ચિત્તે લંપટ જેહ;
ચક્ર આવે હરિશ્ચંદ્રનું, સઘ શીશ છેદે તેહ.

વલણ
સત્યવ્રત સર્વકો પાળે, વહાલે મન શું ધર્મશું;
આશ પહોંચે સર્વની, વાઘ ધેનુ મળી રહે પશું.

કડવું ૩

રાગ દેશાખ.
વિશ્વામિત્રે તપ માંડીયો, લક્ષ્મીને વશ આણવા;
રૂદન કરે લક્ષ્મી ઘણું, અરણ્યમાં રહી જાણવા.

ઢાળ
અરણ્યમાં સતિ એકલાં, રૂદન કરે છે અપાર;
હરિશ્ચંદ્ર રાજા સાંભળી, રોતીતે શ્રવણે નાર.

મૃગયાથી વનમાં ત્યાં ગયો, જ્યાં રડે લક્ષ્મીનાર;
રાજા તે લાગ્યો પૂછવા, રડતી રહેરે કુમાર.
કોણે તુજને દુઃખ દીધું, કોણે દેખાડયા હાથ;
કોણ એવો વસે પૃથ્વી, તેને કરૂં ઉપઘાત.

વલણ

કોણે કર્યો ઉપઘાત તુજને, એમ રાજા લાગ્યો પૂછવા;
રાય વિશ્વામિત્રે તપ માંડ્યો, તે હું લક્ષ્મીને વશ આણવા.

કડવું ૪ - રાગ રામગ્રી.

રોષે ભરીયો રાજા જાયજી, તપ જ્યાં કરે છે મહા રૂષીરાયજી.

ઢાળ

રૂષીજન જઈને જગાડીયો, ને ઉઠાડ્યા તહાં રૂક્ષ;
તે ઉઠીને બેઠો થયો, મનમાં આણીને દુઃખ.
ત્યાં વિશ્વામિત્ર ક્રોધે વદે, હું દઈશ તુજને શાપ;
મારૂં તપ ખંડન કાં કર્યું, મુને જગાડ્યો શા માટ.
વળતો તે રાજા બોલીયો, સાંભળો વિશ્વામિત્ર;
અબળા સાથે બલ કરે, તું ગાધીરાયનો પુત્ર.
તારે જે જોઈએ તે લે વિચારી, માગતાં આપું તેહ;
રૂષીરાજ વળતો બોલીયો, રાય વચન પાળજે એહ.

વલણ

પાળજે સત્ય વચન તારૂં, રૂષીરાજ એમ બોલીયો;
તત્ક્ષણ ત્યાંથી તપ તજીને, બ્રહ્મ સદનમાં આવીયો.

રાગ વેરાડી.
બ્રાહ્મણ સૌ. સંતોષીયા, પછી તારા ત્યાંથી જાય;
નયણે તે આંસુ પડે, રૂદન કરે વનમાંય-કુંવર મુખ બોલીયે- ટેક

રાણી આવીને ઊભી રહી, સતિ ભણે કાંઇ શાપ;
પેરેપેર હીંડે પેખતી, મનમાં કરે વિલાપ. કુંવર૦

હંસ ગયો ને વદન હસતું, આતા કહો મને માય;
હું પારણે પોઢાડતી, મુખ ચુંબન દેતી ભાય. કુંવર૦

માડીના માંડણ કુંવર મારા, હું વિદેશે વિશ્રામ;
બોલડા દો રે બાઢવા, તુંને કરાવું પયપાન. કુંવર૦

વાણીને તારી નિર્મળી, શ્રવણ તે પોયણપાન;
નાસીકા તારી શોભતી, તું કેમ સુતો વન રાન. કુંવર૦

પાતળી પોળી પીરસતી, અમૃત આંબા ઘોળી;
કનકકંચોળે ઘી મેલું, તે તું નાંખી દે કાં ઢોળી. કુંવર૦

ઢોલીએ તળાઇએ પોઢતો, ને ખૂંચતા પરરોમ;
દોહલાં મારાં નાનડા, તુ કેમ પોડ્યો ભોમ. કુંવર૦

એક દુઃખ છે મુજને સ્વામિ કેરૂં, બીજું પુત્ર થયો પતન;
હઇડું તે ત્યાં ફાટે નહીં, ફટરે ભૂંડા મન. કુંવર૦

રાગ મલાર
સતિ શબ લઇને સાંચરી, કુંવરને દેવા દહન;
અગર ચંદનનાં લાકડાં, તે મોકલ્યાં બ્રાહ્મણ. સતિ શબ૦

ચિતા રચી તે કાષ્ટની, સુવાડ્યો રોહીતાશ્વ;
સાધવી ત્યાં એકલી, બીજા નહીં કા પાસ. સતિ શબ૦

વિશ્વામિત્ર વેગે ચાલીયો, મેહ વાત સાંભળ આપ;
કહ્યું મારૂં નહીં કરે, તો દઈશ તુજને શાપ. સતિ શબ૦

બારે મેહ તમે જઈને વરસો, વરસો મૂશળધાર;
પૂર જેમ આવે નદી, સત્ય છાંડે જેમ નાર. સતિ શબ૦

બારે મેઘ ત્યાં જઈ ચૂડયા, વાયુ વસમા વાય;
પાવકને ત્યાં ઓલવ્યો, ત્યાં આવ્યા હરિશ્ચંદ્રરાય. સતિ શબ૦

આવીને ત્યાં બોલીયા, તું કોણ કરે એ કામ;
રીત આપોની રાવલી, જે લાગે મારો દામ. સતિ શબ૦

તારા સતિ ત્યાં બોલીયાં, મારી ગાંઠે નહીં કંઈ દામ;
ચીર અર્ધું આપ્યું ફાડી, એટલે ઠારો કરો કામ. સતિ શબ૦

પછી પૂર ત્યાં આવી નદી, શબ તણાઈ જાય;
અધ બળ્યું સતિએ કાઢીયું, નિશા રહી દેરામાંય. સતિ શબ૦

તવ વિશ્વામિત્રે છળ કર, કીધો એક ઉપાય;
કુંવર રાય ચિત્રસેનનો, ત્યાં હર્યો વિશ્વામિત્ર રાય. સતિ શબ૦

નગ્ન લોક જોવાને ધસમસ્યા, જઈ રહ્યા દેરામાંય;
ત્યાં શબ લઈને સતિ બેઠી, દીઠી દરામાંય. સતિ શબ૦

તે સતિ બાંધી પછોવાઈએ, મારતા લાવ્યા કાળ;
રંડા તું શીકોતરી, તેં ખાધો મારો બાળ. સતિ શબ૦

કડવું ૨૯

રાગ આંદોલ ગોડી.
સ્વામિજી સતિને બાંધી બંધરે, મારવાને આગળ ઊભી કરીરે;
રાજાજી તેડાવ્યો ઝાંપડો, માહારરે, ખડગ લેઈ તે ઊભો રહ્યો રે.

ઢાળ

ખડ્ગ લઈ આગળ રહ્યો, ઈસકારી મેલ્યા શ્વાન;
અનામિક ઊભો રહ્યો, નહી મેલે ઊપર ધાય;

પ્રથમે તે મારૂં ઝાંપડો, બોલ્યો ચિત્રસેનરાય.
વિશ્વામિત્ર વહેલો સાંચર્યો, ગયો ઝાંપડાને પાસ;

ઠાકોર તારો મારીયા, તેં સીદ રાખ્યો દાસ.
અનામીક તે ઝાંપડાનો, સ્વામિ કહીએ જેહ;

તેને દયા આવી નારની, હાથ ન ચાલે તેહ.
હરિશ્ચન્દ્ર વળતા આવીયા, આણીને મનમાં દ્વેશ;

અબળા હું તુજને કહું છું તુંને આ ઘડી મારેશ.
વળતી તે વિનતા વિનવે, મારે બીજો નથિ નરેંદ્ર;

જે પાલવ બાંધીયા, તે સ્મરીયે હરિશ્ચન્દ્ર.
એણી પેરે બોલી અંગના, સ્વામી સાંસો રખે કરશે;

તારે હાથે હું જો મરૂં, તો વૈંકુંઠવાસ વસેશ.
ઠાકોર કને તે આવીયો એને મારશું અમે શામ;

ખડ્ગ લીધું હાથમાં, એ અમારાં કામ.
પ્રેમદા પેરપેર પ્રીછવે, મારા નાથજી અવિધાર;

આરોગ્ય હશો સ્વામી મારા, તો તમને ઘણી નાર.
જીત્યું ફળ મા હારશો, સ્વામી લગારેકનું કામ;

ચટ દઈ શીર કાપશો, પામશું ઉત્તમ ઠામ
ખડ્ગ લીધું હાથમાં, તવ શીદ્રે નામ્યું શીશ;

આવીને ઊભા રહ્યા, સમર્થ શ્રી જાુગદીશ.
માગ વર હરિશ્ચન્દ્ર રાજા, બોલ્યા વૈકુંઠરાય;

કુંવર તારો તેડને, તુજને દીએ દેખાય.
બોલાવતાં રોહીતાશ્વ આવ્યો, હઈડે તે હરખ અપાર;

ચર્ણે લાગ્યો પ્રભુજીને, જય જીવન જાગદાધાર

કડવું ૩૦ મું-રાગ આંદોલ ગોડી.

એક કર્મે જાગમાં કો ન મેલ્યું, જાણો પ્રાણી માત્ર;
દોહલા હવા તે દેવ સરખા, તો માનવી કોણ માત્ર.

ઢાળ

સુખ દુઃખ આવે દેવને, માનવી કોણ માત્ર;
કર્મે તે કોન મેલ્યું, સદપાત્ર તે કૂપાત.

કર્મે રાવણ રામે રોળ્યો કર્મે ન મેલ્યો ઈંદ્ર;
દશરથ નંદન વિશ્વવંદન, વન ભોગવ્યું રામચંદ્ર.

વલણ

પાંડવ પાંચે વન ભમ્યા, કર્મે તે કુંતા માત;
કરમે નમેલી દ્રૌપદી, જેને ધર્મ સરખા નાથ.

વલણ પાંડવ પાંચે પતિ જેને, કરમ કરે તે કો ન કરે;
વળી વળી તારા વિનવે, મુરખ માનવી શું ગર્વ કરે.

કડવું ૩૧
રાગ મેઘ મલ્હાર.
માગ માગ વરદાન રાજા, એમ વદે શ્રી અવિનાશ;
હરિશ્ચન્દ્ર તારાલોચની, ત્રીજો ત્યાં રોહિતાશ્વ.

માગ રાજા ઈચ્છા હોય તે, બોલીયા અવિનાશ;
પ્રભુ અમો તારાં ચર્ણ પામ્યાં, પોહોતી અમારી આશ.

વસિષ્ઠ ગુરૂ મન હર્ષ પામ્યા, વિશ્વામિત્ર અતિ આનંદ;
ધન્ય ધન્ય રાજા ધૈર્ય તારૂં, ધન્ય રાજા હરિશ્ચન્દ્ર.

ધન્ય તારાલોચની ને, ધન્ય તે રોહિતાશ્વ;
ધન્ય સૂર્યવંશી કુળ વિષે, ધન્ય ધન્ય તારો વાસ.

વિષ્ણુ ત્રૂઠયા દૂધે વૂઢયા, પુષ્પની વૃષ્ટી હોય;
હરિશ્ચન્દ્ર પુરી જે સાંભળે, વૈકુંઠ પામે સોય.

એક મને જે શ્રવણે ઘરે, દ્રઢ રાખી મન વિશ્વાસ;
પુત્ર વિયોગ ન હોય તેને, ઉદ્ધારે શ્રી અવિનાશ.

દ્વિશાવાળ કુળ અવતર્યો, વિરક્ષેત્રમાં વાસ
વીકાનો સુત વિનવે, નાકર હરીનો દાસ.

ચોપાઈ
રામગ્રી દેશાખ ને આશાવરી, ગોડી ભૂપાલ ને ધન્યાશરી;
રામકલી વેરાડી શોખ, સામેરી સોરઠીનો જોગ;

મલાર આંદોલ ગોડીને મેઘ, સોરઠી એવો વીવેક.
રાગ તે સુંદર કડવાં બત્રીશ, શ્લોક બસેં ઉપર બત્રીસ.

સંવત ૧૫૭૨ અભ્યાસ, બુદ્ધાષ્ટમી ભાદરવો માસ.
દર્શને ગયાતા ઉમરેઠ ભણી, ત્યાં કથા માંડી જોડણી.
અજ્ઞાને કીધો અભ્યાસ, કહે નાકર છઉં હરીનો દાસ

૩
'વિરાટ પર્વ'-માંથી

વિરાટના નગરમાં ભીમ
વનિતા વીર બિ બઇઠાં રહ્યાં; તજિ વેષ વૃકોદર ગયા;
વૃક્ષ તણું થડ ચાટુ કરી, ચાલુ વીર કન્ધોલઇ કરી.

નગર ભણી ભડ પગલાં ભરઇઃ ગાજઇ વ્યોમ; ધરા થરથરઇ;
દૂરિ થકી દીઠા જેટલઇ, કર્યા પાગ ગોપતિ તેતલઇ.

ગયા ભૂંઠા વહી સીમ મઝારિ; ઊભા ન રહ્યા એક લગાર;
"મહાદૈત્ય જક્ષ રાક્ષસ-રૂપ, ભાઈ! એ આગલિ બઇઠા ભૂપ.

તે રાઇ રાખ્યા છઇ નગરમઝરિ; અરે ભક્ષ કરતાં નહીં લાગઇ વાર;
ભાઇ! ખભિ ચાટૂઉ દીઠુ સવે; અર ખાધૂ નગર; સહૂ ભિક્ષુ હવે.

કહિશુ, કરશું કુણ ઉપાય? છીંડી જૈઇ ચેતાવું રાય.
ભાઈઓ! એ આગલિ કુણ ઊગરઇ? સહુ નાસતાં ભડ ચાટુ ભરઇ."

બિન્યાઈ વીર નાઠા બાપડા; "આહાં કાલરૂપ એહનિ કેડિ પડ્યા;
ભેલું નગર; ભીખ્યા સવિ લોક, પુણ્યવન્ત રાઇ રાઇ ઊપજશિ શોક.

તે જાવા શિ ન દીધા પહરા? ગ્રહ્યા કેશ માથા ઊફરા;
શું કરશિ? ભોલુ છઇ ભૂપાલ, જવ દૃષ્ટિ પડશિ આ કાલ."

એતલઇ ભીમ નગરમાંહિ ગયા; દ્વારપાલ તવ નાશી ગયા;
ગામનિવાસી લોક હડબડ્યાં; ગઢ–મઢ–મન્દિર–મેડે ચડ્યાં.

દીઠૂં રૂપ; નવિ બોલઇ કોઇ; શબવત થ્યા સવિ ટગમગ જોઈ;
'આ શું ચાટુ?' વિસમઇ સહુ થયું, 'દુહવ્યો, ભૂપતિ તણું ઘર ગયું.

અરે કિંક, વૃન્દલ કુણ રૂપ? ભોલુ રાય ન જાણઇ ભૂપ;
આ લોક શી કરશિ પઇરિ? યમરૂપ ચાલિ ગયુ ધરિ."

નગર–માંધ ગઢ વાંશિ ગયુ, એક ક્ષણ ત્યહાં ઊભું નર રહ્યું;
પઇહલિ પોલીઇ સિધિ જવ કહી, રહ્યુ રાય તવ ઝાંખુ થઈ.

ભીમિ હાથ બિ ઊંચા કરી, ગઢ કોશીસાં ઊપરિ કરી,
આઘૂં મુખ કર્યું જેતલઇ, ભડકી જ્યોધ ઊઠ્યા તેટલઇ.

સજઇ સન્નાહ; ધરઇ હથિયાર; ધડકઇ યોધ; ધસઇ ઝૂઝાર;
રાય પાખલિ વીંટી સહૂ રહ્યા, યુદ્ધ કરવા સપરાણા થયા.

વીર વૃકોદર બેવડ થયા; પઇશી પોલિ સભા વિચિ ગયા;
જે રાઇ પાખલિ રહ્યા તરવરી, તે નાઠા યાધ; ન જોઇ ફિરી.

ભૂપ કિંક સભા મધિ રહી; ભીમ મહા ભડ નમિયા જઈ.
પાણ્ડુપુત્ર બોલ્યા તેણી વાર, "આવુ વાલુઆ! રાઇ-સૂઆર!"

કિંક તણાં રાઇ સુણી વચન્ન; પાછુ જીવ આવ્યુ મધિ તન્ન;
છાંડી આસન કર્યુ પરણામ, "ભલિ આવ્યા શિર ઊપરિ, સ્વામી!

જે સમુતા ભડ પાછા વલ્યા, કૌતક જોવા ટોલિ મિલ્યા;
જાણ્યૂ'તું જે જીવિતવ્ય નથી, તે કૈં દિન રાખ્યા કમલાપતિ.

મહાસ્વરૂપ દીસઇ વિકરાલ; રક્તનેત્ર પાવકની ઝાલ;
સ્થૂલ કન્ધ; આજાન ભુજ-દણ્ડ, ઉરુ કટિ, પૂઠિ પગ મહાપ્રચણ્ડ.

વિકટ વદન, મુખ વાંકી મૂંછિ; મહા બલિયા; કુલ દીસઇ ઊંચ.
મન્નિ જાણી બોલ્યુ ભૂપતિ, 'ધર્યું ચાટુ તે કુણ યુગતિ?

પૂછતાં, ભાઈ! મ કરશુ રીસ, ખુલઇ તમારિ મૂક્યુ શીશ;
અમ સરખા કાંઈ ઉત્તર કુહુ; કૃપા કરી શિર ઊપરિ રહુ."

દીન વચન રાઇનાં મનિ ધરી, વાયુપુત્રિ વાણી ઊચરઃ
"હું તે ભીમ તણઉ સૂઆરિ; કલશી પાંચ તણુ મુઝ આહાર.

તું બહુ-આહારી જાણશિ, રાજાન! મુઝ પ્રાક્રમ પોઢાં ભીમ સમાનિ.
તે ભાઈ નષ્ટચર્જાઇ ગયા; તે માટઇ આંહાં આવી રહ્યા.

તું રલિઆતિ થાએશ અતિ ઘણું, બોલાવીઇ કહિશ આપણું;
પરદલ ગઢ-સંકટ જે પડઇ, મુઝ પિહિલુ ભડ કો નવિ ભડઇ.

ગોબ્રાહ્મણ સ્ત્રી બાલ પ્રસાદ, તે દુહવઇ, તેહનું ઊતારૂં નાદ;
લ્યાવૂં ઇંધણ, મલ્લશું વિઢું; ગહું ગજ; પાડાશું ભડું.

રાધું અન્ન અતિ સ્વાદિષ્ટ સાર, ખાટાં મીઠાં તીક્ષણ ક્ષાર;
નાનાવિધ પકવાન હું કરું; જિમઇ રાઇ, સર્વ આગલિ ધરું.

પાકશાલાનઇ પાસઇ રહૂં; કરુ આગન્યા; વિનુ નિતિ વહૂં;
વર્ષ એક રહીશું તમ ઠામિ; સૂઆર વાલુઓ મારું નામ."

વલતા રાય બોલ્યા તેણી વાર, "હું સેવક; તું ઠાકુર–ઠાહરિ.
પાકશાલાઇ નિરન્તર રમુ; મુખ પૂછી પંચામૃત જિમુ."

તેડી સૂઆર લગાડ્યા પાઇ; ઠાકુર સેવક કેરુ ન્યાય;
"વદિ વતાં જે તે તે સહુ કરુ; એ છઇ રીસાલ માથા-ઊફરું.

તમ રાંધણ કેરી શિર ઓપમા; પડિ વિરાંસઇ કરજ્યો ક્ષમા.
છઇ વિરાટ અનુચર તમ તણુ" વિનય વિવેક કીધુ અતિઘણું.

આવ્યા લોક ભડક્યા'તા ખરા, તે હૈડિયા આન્તર ઊતર્યા.
સુણ્યૂં સૂઆર થૈ નર રહ્યા; નગર-નિવાસી સુખિયા થયા.

ooo

૧૮
બ્રેહેદેવ (૧૬મી સદી)

આ સંસ્કૃતજ્ઞ વૈષ્ણવ કવિની ૪૦ કડવાંની 'ભ્રમરગીતા' ગોપી-ઉદ્ધવ વચ્ચેના મરમાળા સંવાદરૂપે લખાયેલી ને પદબંધની વિશેષતાવાળી મહત્ત્વની કૃતિ છે. એ ઉપરાંત એમણે પદરચના પણ કરેલી છે.

ભ્રમર-ગીતા -માંથી

વિરહની વેધી વિરહણી ઉચ્ચરઇ,
મનોહર વાંણી ઉદ્ધવજી મન ધરઇ.
તેણી સમિ આવી મધુકર સ્વર કરઇ,
ચેરણ ગોપિનઇ સહિજિ અનુસરઇ.

ઢૂઢિ

અનુસરઇ અલીઅર ચરણઇ, ગોપી ખેદ પાંમી તાંહાં સ્થકી,
"મુજ અડિસ માં, તું રહેની અલગઉ, જા તૂ આવ્યઉ જાંહાં સ્થકી!"
મધુકરને મિષંતરે ઉદ્ધવને, કહઇ છિ વ્રજ અંગના,
"સ્યૂં સુદ્ધ લેવા આવિયઉ?, જા દુષ્ટ, દૂત શ્રીરંગના!
દેખાડવા તાહરુ વદન રાતૂ, માંડ ગોકુલ મોકલ્યઉ;
પલઉ નંદનઉ ગોવાલીઉ, સ્યું આજ થઈ બેઠઉ ભલઉ!
મધુપ! મેં સહી જાણીઉ વદન–રાતૂ–માં શોભા ધરે!"
એહવાં આકરાં વચન સુણઇ ઉદ્ધવ, વિરહની વેધી ઉચ્ચરઇ.

કાલા સઘલા હૂઇ કૂડિ ભરા,
ચંપક સરીખા કાલિ પરિહરાં.
તહ્યો સ્યૂં કાલાનિ ઉદ્ધવ, અનુસરું?
આગિ અમસ્યૂં કાલિ છેહ કરુ?

ડૂઢિ

છેહ કરિ છેહાં છલ રમ્યું, પછિ માંડ મધુકર મોકલ્યું;
મન મનાવા મુખ ગાન કરતું, ચતુર ચરણે નમુ ભલું.
ધર લગી યેહનું ધણી ધૂરત, ભ્રાત તેહના કિમ હુઈ ખરા?
તોરુ વદન રાતુ ભાઈ! અમરસ્યું, માણ્ય મોટમ્ય, મધુકરા.
માહારિ સઉક્યનિ ઉરૂય અનુસરુ, ત્યારિ કુચ-કુંકમ લાગીયું;
વનમાળા તે તારિ લહી, જ્યારિ અવસ આસન માગીયું.
માલા તણું મકરંદ લેતાં, હવું ભૂષણ મધુકરા!
(ગદ્‌ગદ્ કંઠિ કિહિ ગોપી) કાલા સઘલા હઇ કૂડિ ભરાં!"

"સાંમલડાંનિ રખે કો વીસસિ;
સામલડાં-માંહિ સિહિજે વિષ વસી.

શ્યામ ભોયંગમ પય પાતાં ડસિઃ"
વયણ સુણીનિ ઉદ્ધવ મંન્ય હસિ.

ડૂઢિ

મંન્ય હસિ, ઉદ્ધવ મોહ પામ્યા, ભક્તિ દીઠી નારની;
જલ નયણ મૂકિ, વયણ સૂકિ, કરિ વાત મોરારની.
"મધુપતી ગત્ય એહવી, નિ કાલા એ કૈતવ જાણિવા;
નવ-કમલ ઉપરિ નેહ ધરિ, મકરંદ તેહનું માણિવા.
કાલુ છે કર્મ કૃપા-રહિત, કાલુ નીગુણ-સગુણ કાંઈ નવ્ય લહિ,
જિહિનું રૂપ પાર વિચારતાં, 'નેતિ નેતિ' નિગમ કહિ.
નટ-વેષ વ્રજલીલા ધરિ, પરનારચ-શ્યૂં પ્રેમ હસિ,
એહેવું જાણી જુઉ ઉદ્ધવ! સામલડાંનિ રખે કો વીસસિ."

ooo

૧૯.

શ્રીધર (વણિક) (૧૬મી સદી)

આ કવિએ લખેલી રાવણ-મંદોદરી-સંવાદ તથા ગૌરીચરિત્ર સુંદર કૃતિઓ છે.

ગૌરીચરિત્ર -માંથી

શિવ–ભીલડીનો સંવાદ

પેખતાં હરજી હરખ પામ્યા, ભાવ લાગ્યો ભામિની;
દિલે અતિશય અનંગ વ્યાપ્યો, મુખકમલ દીઠું કામિની.
મન કામિની – અભિલાષ લાગ્યો, સાદે તેડી સુંદરી;
'કવણ કારણ કહે મુજને, એકલી વન કિનરી?
કિનરી! મંદિર ક્યહાં તારું, ક્યહાં વસો વનગહ્વરે?
સાસરે પિયરે સાખ શી, તારો કંથ કામ કશું કરે?
શું કરે અંતરિયાળ ઊભી, નારી નવયૌવનભરી;'
મહાદેવને મન મોહ લાગ્યો, રૂપ દીઠે ભીલડી.
પૂછંતી એ પુલંદરી, મદ ને મત્સરે ભરી;
ઉત્તર આપ્યો હરને મરકલે એ.
મરકલે હરશું હસી, 'સ્વામી તમો કહીએ તપશી;
પરાઈ કથની એવડી તે કાં કરો એ?
કથની પરાઈ કાં કરો, તમો બ્રહ્મચારી વન વસો'

શિવ: 'પરનાર દેખી શાણપ હરું, જોઉં કાંક ભાવ કરી હસો.'
હર હસે, હરશું હસી બોલે, ચક્ષુપાલ કરે ઘણી;
શીધરા સ્વામી દેવ સાંભળ, કહું કથાવત અમતણી.

ભીલડી: 'અમતણી જાત કુજાત કોળી, ભીલ ભરથારે વરી;
છ માસ થયા છાંડી ગયા, તે નાથ જોવા નીસરી.

નીસરી પણ માર્ગ ભૂલી, આ લવું આ રતિ કરી;
માર્ગ મારો કહો જોગી,' પૂછે નારી પુલંદરી.

શિવઃબોલીઆ લીલવિલાસ, છાંડી ગયા છ માસ;
તેની રે આશા તે ભીલી કાં કરો એ?
આશા તેહની પરહરી, તું આવની રે અમારે ઘરી;
પાઠવું પીયેર ભલી પેર કરીએ.
પાઠવું પીયેર પેર કરી, તું હા ભણે જો હેલડી.
માય બાપ બાંધવ બેહેન માંહે, ભલી ભવાડું ભીલડી.
ભીલડી, રે ભરથાર પાખે, નારી સદા નિરુપરી;
અનેક જન અપવાદ બોલે, એકલી કાં નીસરી?
પરવરો તો સહુ પાય લાગે, નમે સહુ સોહામણી;
પતિ જમલી પૂજાયે, તું સદા સાસરવાસણી.
વાણી વિશ્વાધાર બોલે, નારી, જો તું કહ્યું કરે;
સંન્યાસ છાંડું, ગેહ માંડું,' લીલ-વિલાસી ઊચરે.

પાર્વતીઃ 'મદ્યમાંસાહારો હું છું નારી, બ્રહ્મચારી ક્યમ વરે?
લોભે વાહ્યો મ બોલ જોગી, ગઈ તારી સૂધ રે.
પરવરું તુજશું ભસ્મ ચોળું, જોગવું જોગણ થઈ.
માબાપ બાંધવ બેન મારી, હસાવી સઘળી સહી.
સહિયર સઘળી હસે મુજને, પચારે પ્રમદા વળી,
ખાખી સંગે કેમ રહીએ? જન્મારો જાયે બળી.'

શંકરઃ 'સાંભળ રે અમારું નામ, ગામ કૈલાસ કેરો ધણી;
ધણીઆણી રે તું ઘરનાર, ઘરુણી થા તું શંકરતણી.'

પાર્વતીઃ ‘શંકરની ઘરુણી ક્યમ થાઉં, અબળા આગે બેય છે;
દિન પાંચ પૂઠે તું પરવરે, તવ ભીલમન ભાજે પછે.
ભાજે મન ભરથાર કેરું, પડે પિયરની દશા;
શિવતણે ઘેર સાંભળી જે, કલત્ર છે બે કર્કશા.
કર્કશા કોપે, લાજ લોપે, તવ ન માને તુજને;
ચડવડી આવે શૌક્ય બે, તવ મળી મારે મુજને.
મુજને અહર્નિશ દીસે દોહેલું, શૌક્ય સંતાપે વડી;
બે નારી હેઠળ દાસ ક્યમ હોઉં, કહે ભવાની ભીલડી.

શંકરઃ ‘ગંગાની સંગત નવ કરું, મેં ભાવે છાંડી ભગવતી;
(ત્રિપુરારિ કહે) તુજને ન મૂકું, પરહરી વળી પાર્વતી.
પારવતીને પિયર મૂકું, કાં તો કરાવું સેવના;
જાહ્નવી જમલાં ચર્ણું વંદે, નમે બહુ દેવાંગના.
પારવતીને પિયર મૂકું, કાં તો કરાવું સેવના;
જાહ્નવી જમલાં ચર્ણું વંદે, નમે બહુ દેવાંગના.
શૃંગાર તણો વિહાર કીધો, અચલતનયા ઓળખી.
ઓળખી તવ અમર હસીયા, કલત્ર કરે પચારણું;
આકાશમાર્ગે ઈશ હસીયા, શિવ લાજ્યા અતિઘણું.
અતિઘણો કોપે કંદર્પ શાપ્યો, અનંગ વિના હશે કશું;
જો ચૂકવ્યો કૈલાસવાસી તો, અવર પુરુષ કહીએ કશું?
અવર પુરુષ કહીએ કશું, માયે જોગી હર ઘર આણીયો;
તે દેવીનાં હું ચરણ પૂજાું, જેણે મુનિવર માણીયો.

ooo

૨૦

માંડણ બંધારો (૧૬મી સદી)

અખા પૂર્વેના જ્ઞાનમાર્ગી કવિ. લૌકિક કહેવતોને ગૂંથતી એમની ૨૦-૨૦ કડીનો એક એવા બત્રીસ અંશોમાં લખાયેલી કૃતિ 'પ્રબોધબત્રીસી/માંડણ બંધારાનાં ઉખાણાં'માં આવી લાક્ષણિક કવિતા છે.

પ્રબોધબત્રીસી-માંથી

૧

વૈષ્ણવ હરિનામિ પૂરીઉં, અન્ય પ્રબોધ ભલા તાં દીઉ,
'ક્ષાર સમુદ્રમાંહિ મીઠું કૂઉ,' બીજી શીય મતિ તસ દીઉ?
ગાઢુ ગુરુ થઈ દક્ષા દીઇ એ 'આંબિઇ તોરણ બાંધીઇં.'

ફલકાલિ તરુઅર નમતા જોઇ, 'પયભારી ગૌ સો પરિ હોઇ.'
વૈષ્ણવ વિગતઇ કરે પ્રણામ, હરિઇ કીધાં મનિ વિશ્રામ.
વૈષ્ણવ મનિ અહંકાર નવિ ધરઇ, 'ઊંચા મેહ નીચા થૈ ભરઇ.'

સજન મનિ ન હરિપદ ટલઇ, લોક માહિ સિરખા થઈ મિલઇ,
નાચી કુંભ શીશિ સાચવઇ, વાટઇ વાત પરિ પ્રીછવઇ.
'હાથીદાંત બિહુ પરિ હૌઆ, ચાવઈ અન્ય દેખાડી જૂઆ.'

('સજ્જનવીશી'માંથી)

૨

‘ઇંદ્રઇ વસિ કિમ રાખી શિકાઇ? ‘ભારુ સાપ તણુ ન બંધાઇ.’
‘પાણીમાંહિ દીપ કિમ ભડઇ?’ ‘ભાગુ મોતી પછઇ નવિ જડઇ.’
‘ફાટઇ આભિ થીગડ કિહાં લાઇ?’ ‘પાણી નવિ પોટલઇ બંધાઇ.’

(‘યોગવિડંબન વીશી’માંથી)

૩

માહિ મલાઇ નઇ કરિ સનાંન, પરદ્રોહી નઇ આપિ દાન.
‘મુહિ મીઠા અંતરિ ગુણ જૂઆ’, માહિ મોટા વિષના લાડૂઆ.
ઇમ કરતાં કિમ જાશુ પારિ? ‘મીની જઇ આવી કેદારિ.’

(‘પાખંડવીશી’માંથી)

૪

પાપમતિ નઇ મદિરા પીધ, ‘વઢકણી વહુ નઇ પ્રીય પક્ષ કીધ.’
હૃદય સૂનું ભાંગિ વાવરઇ, વ્યાધિં પીડ્યું દુઃકૃત કરઇ.
કમાર્ગી નઇ કસંગતિ જડી, ‘યંમ કારેલી લીંબડિ ચડી.’

(‘હાસ્યવીશી’માંથી)

૫

‘પામર શા પ્રતિબોધા વરઇ? અંધ અરીસુ કહિ શું કરઇ?’
‘આણીતાં આધેરુ જાઇ, વારીતાં વાંકેરુ થાઇ.
‘સ્વાંન પૂંછ નલી ખટ માસ, તુહિ ન છંડઇ વંક અભ્યાસ.’

(‘મૂર્ખવીશી’માંથી)

ooo

૨૧
ગણપતિ(૧૬મી સદી)

આ વિદગ્ધરસિક કવિની રતિ-શૃંગારકેન્દ્રી પદ્યવાર્તા 'માધવાનલ-કામકંદલા-દોગ્ધક' મધ્યકાળની ઉત્તમ કૃતિઓમાંની એક છે.

'માધવાનલ-કામકંદલા દોગ્ધક'-માંથી

૧. કામકંદલાનો પ્રેમોદ્ગાર

પુષ્પિં પરિમલ ઇક્ષુ રસ, દૂધ માંહિ ઘૃત જેમ;
સુણિ પ્રીઉડા! તિમ માહરઇ પંજરિ પસરિઉ પ્રેમ.

નીલ પટઉલે ચોલના રંગતણી પરિ જેમ;
સુણિ પ્રીઉડા! તિમ માહરઇ પંજરિ પસરિઉ પ્રેમ.

ત્વચા રક્ત મજ્જા–માંહિ અસ્થિ ગૂઢ છઇ જેમ;
સુણિ પ્રીઉડા! તિમ માહરઇ પંજરિ પસરિઉ પ્રેમ.

નાર યથા મણિહારમાંહિ, રસ તુઅરમાંહિ જેમ;
સુણિ પ્રીઉડા! તિમ માહરઇ પંજરિ પસરિઉ પ્રેમ.

કાજલ માંહિ કાલિમા, રગતિ રાતડિ જેમ;
સુણિ પ્રીઉડા! તિમ માહરઇ પંજરિ પસરિઉ પ્રેમ.

નીરિ નીર નિરંતરિઉં, ક્ષીરિ ક્ષીર જ જેમ;
સુણિ પ્રીઉડા! તિમ માહરઇ પંજરિ પસરિઉ પ્રેમ.

લોહડા માંહિ લીન થ્યુ, પાવક પ્રસરઇ જેમ;
સુણિ પ્રીઉડા! તિમ માહરઇ પંજરિ પસરિઉ પ્રેમ.

સ્વાદ ક્રિયાલઇ, તકલ તલઇ, જલ માંહિં શીત જેમ;
સુણિ પ્રીઉડા! તિમ માહરઇ પંજરિ પસરિઉ પ્રેમ.

સોનૂં-રુંપૂં સમ-રસ્યાં, અંતર થાય ન જેમ;
સુણિ પ્રીઉડા! તિમ માહરઇ પંજરિ પસરિઉ પ્રેમ.

વાણી બાવન વર્ણ મહિં, જગન્નાથ જગ જેમ;
સુણિ પ્રીઉડા! તિમ માહરઇ પંજરિ પસરિઉ પ્રેમ.

પ્રેમ-પનુતુ પરિ કિસી, નમવિઉ કોઈ ન ક્ષત્રિ;
સહી ન સીમા વૃદ્ધિની, કીધી ચિત્રવિચિત્ર.

પાવક કઠ્ઠ-પ્રસંગથી, દાન સુ-પર્વણિ જેમ;
તિમ તનિ વદ્ધઇ માહરઇ માધવ કેરુ પ્રેમ.
બાણ યથા અર્જુન તણાં, હણૂઆ પૂછ્ઠ જેમ;
તિમ તનિ વદ્ધઇ માહરઇ માધવ કેરુ પ્રેમ.

જૂઉ વલી વયરિ કહુ, તેલ પડિઉં જલિ જેમ;
તિમ તનિ વદ્ધઇ માહરઇ માધવ કેરુ પ્રેમ.

સિઆલઇ શીત જ સરઇ, ઊંહ્વાલઇ લૂ જેમ;
તિમ તનિ વદ્ધઇ માહરઇ માધવ કેરુ પ્રેમ.

ક્રોધિં કલહુ, સ્નેહિં સગાં, વરસાલઇ જલ જેમ;
તિમ તનિ વદ્ધઇ માહરઇ માધવ કેરુ પ્રેમ.

વિત્ત વિણજઇં, સત્ત સાહસઇં, દાનઇં કીરતિ જેમ;
તિમ તનિ વદ્ધઇ માહરઇ માધવ કેરુ પ્રેમ.

આલસિ દારિદ્ર, વયર હઠિ, કુમતિ કુસંગિ જેમ;
તિમ તનિ વદ્ધઇ માહરઇ માધવ કેરુ પ્રેમ.

અભ્યસિ વિદ્યા, વિનયિ ગુણ, નૃપિ ઉત્તમ ગુણ જેમ;
તિમ તનિ વદ્ધઇ માહરઇ માધવ કેરુ પ્રેમ.

દયા ધર્મ તપ નીમથી, ઉત્તમ વાચા જેમ,
તિમ તનિ વદ્ધઇ માહરઇ માધવ કેરુ પ્રેમ.

છાયા નમાતા દીસની, જીવત જોગી જેમ;
તિમ તનિ વદ્ધઇ માહરઇ માધવ કેરુ પ્રેમ.

૨. માધવનો વિરહાલાપ

આષાઢઇ અંહર ધરણિ, મેઘ કરઇ ઇક સાથ;
હું બૂડઉ રે બપ્પડી, હેલિ! દીઇશિ ન હાથ?

વીજ લવઇ ગજજઇ ગયણ, પવન તણા પરિચાર;
ઇણિ આષાઢિ હું ડરું, દહિ દિગંતર દાર.

કાલા વાદલ ઊતરઇ, મોર કરઇ કિંગાર;
આષાઢઇ અમૃત ઝરઇ, મુઝ લાગઇ અંગાર!

શ્રાવણ સૂતાં સાલવઇ, જગાવતાં જગમાંહી;
હૂં ધ્રૂજી ધરણિ ઢલૂં, બાલ વિલાઇ બાંહિ.

તીવ્ર સ્વર તિમરી કરઇ, ભરઇ વાહુલા વાહ;
શ્રાવણ તઉ પણિ માહરઇ હૈડા ભીંતરિ દાહ!

શ્રાવણ-પાખઇ સિઉં રાહિઉં? કાં આંણિઉ? કિરતાર!
શનિ શનિ વરસઇ સરવડે, દૂરિ દહઇ મુઝ દાર.

ભાદ્રવડઇ સરોવર ભરિયાં, નીર નિરંતર હોય;
રિદયાં-ભીંતરિ હું રડું, નીર નિવારી ન કોઈ!

બાપીઅડુ 'પ્રીઉ' 'પ્રીઉ' કરઇ, કામકંદલા જેમ;
તિમ તિમ તન માહારા તણૂં ક્ષીણું થાઇ ક્ષેમ.

ભાદ્રવડઇ ભાગી મણા, ઉતપતિ અન્ન સગાલ;
કામકંદલા! તૂં-પખઇ, માહરઇ દહરિ દુકાલ!

આસો માસઇ ઊંમટિયાં ખંજન ઊજલ શ્યામ;
કાગલ જાણી વાંચતું, પચ્છિ તણાં ચિત્રામ!

આસો! આશા પૂરિ તું, નવદુર્ગાના દીહ;
બીજા બલિ દિહ બોકડું, હું હોમાવિશિ સિંહ.

પ્રમદા! તાહરું પ્રેમ-જલ, ઊંડેરું અવગાહાશિ;
આસો કેરાં નૂરતાં, નિત નિત ઊઠી નાહાશિ.

ooo

૨૨

સહજસુંદર(૧૬મી સદી)

ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથસ્વામીની પરંપરા સાથે સંબંધિત ઉપકેશગચ્છના રત્નસમુદ્રના શિષ્ય સહજસુંદર જૈન પરંપરાના એક તેજસ્વી કવિ છે. તેમણે રચેલી કૃતિઓ આલંકારિકતા તેમ જ સપ્રમાણ નિરુપણથી આકર્ષક બને છે. તેમની પરદેશી રાસ, રત્નસારકુમાર રાસ, શુકરાજ સાહેલી રાસ, જંબુસ્વામીરાસ, પ્રસન્નચંદ્ર રાજાર્ષિ રાસ અદિ નોંધપાત્ર કૃતિઓ છે.

એમાં ગુણરત્નાકર છંદવધુ મહત્ત્વની છે.

ગુણરત્નાકર છંદ-માંથી

(આ કૃતિ પ્રસિદ્ધ નાયક સ્થૂલિભદ્રના જીવનને ચારણી શૈલી અને અર્થાલંકાર સઘન પદ્ધતિની આલેખે છે.)

ષટ્પદ

પૂછઈ સહીઅરસાથિ ઇંદ્ર અવતર્યઉ કિ. ના ના,
પારવતી-ભરતાર ચંદ્રસૂરિજ કઈ ના ના,
નવકુબ્બર કઈ ધનદ કઈ સુરતિવલભ ના ના,
ભરહેસર હરિચંદ દેવ નારાયણ કિ ના ના,
પંખીઉ પુરુષ પરવસિ થઈ અક્કાવારી નવિ રહઈ,
સગડાલપુત્ર મ મ ઝંખિ તું સખી એમ ના ના કહઈ. ૫૬

ગદ્યાનુવાદ : સહિયરોનો સાથ પૂછે છે કે 'શું ઇદ્ર અવતર્યો?' 'ના રે ના' 'શું એ પાર્વતી પતિ (શંકર) છે કે ચંદ્ર સૂરજ?' 'ના રે ના.' 'શું એ નલકુબેરનો (પુત્ર), કુબેર કે સુરતિલ્લભ (કામદેવ) છે?' 'ના રે ના' 'શું એ ભરતેશ્વર, હરિશ્ચંદ્ર કે

નારાયણદેવ છે?' 'ના રે ના.'

પુરુષને જોયો ને (કોશા) પરવશ થઈઃ વડીલ વેશ્યા (અક્કા)ની વારી ન રહી. એ શકટાલપુત્રને તું ઝંખીશ નહીં, સખી!' એમ અક્કા 'ના ના' કહે છે,

સખી સુણ્યઉ જે શ્રવણિ, સગુણ નર સોભઇ કિ હા હા,
પિંગલ ભરહ કવિત્ત ગીત ગુણ જાણ કિ હા હા,
વિજ્જાહલ વ્યાકણર્ણ લહઈ પારસી કિ હા હા,
ચઉરાસી આસન્ન કોકરસ લહઈ કિ હા હા,
સુકબહુત્તરી વિનોદકથા સવિ કહઈ કિ હા હા,
કવિ કહઈ સહજસુંદર સદા કરઈ ગોઠિ મીઠી ઘણી
પ્રસ્તાવ ભાવ વેલા લહઈ બોલિ બોલિ હા હા ણી. ૫૭

ગદ્યાનુવાદઃ 'સખી, કાને જે સાંભળ્યો તે જ આ સગુણ પુરુષ કે?' 'હા હા'. 'પિંગળ, ભરત (નૃત્ય-નાટ્ય), કવિત ગીતના ગુણો જાણકાર કે?' 'હા હા.' 'ફલવિદ્યા (જ્યોતિષ), વ્યાકરણ, પારસી જાણે છે તે જ કે?' 'હા હા.' 'ચોર્યાસી ભોગાસન, કામક્રીડાનો રસ જાણે છે તે કે?' 'હા હા.' 'શુકબહોંતેરી, વનોદકર્થા સર્વ કહે છે તે કે?' 'હા હા' કવિ સહજસુંદર કહે છે કે. 'તે સદા મીઠી ગોષ્ઠી કરે છે? વિવિધ વિષયો ને ભાવોનો સમય ઓળખે છે? કહે કહે 'હા હા' બોલી.

સઘલી ગણિકા માંહિ, કોસિ મૂલગી સપલ્લવ,
રણઝણતા નર ભમર, ફિરઈ પાખતી નરાહિવ,
નાહણ સોવિન ખાલિ, ભમર ગુંજારવ મંડઈ,
રયણીનઉ એક લક્ષ, રાય રાણા પરિ ડંડઈ,
ભૂભંગિ ભાવઈ જગ ભોલવ્યઉ છલ્યા લોક છંદા કરી,
શ્રી થૂલીભદ્ર પેખી કરી થઈ વેશિ તે કિંકરી. ૫૮

ગદ્યાનુવાદઃ સઘળી ગણિકાઓમાં કોશા મુખ્ય પલ્લવિત છોડ છે; (જેના ઉપર) નર-ભ્રમરો રણઝણે છે (ગુંજારવ કરે છે.) જેની આસપાસ નરાધિપ (રાજા) ફરે

છે. સ્નાનજળની સોનેરી ખાળે ભ્રમર ગુંજારવ માંડે છે. -રાજારાણાની પેઠે (કોશા) રાત્રિનો એક લાખ દંડ કરે છે (દ્રવ્ય વસૂલ કરે છે.) જેણે ભ્રૂ-ભંગ વડે ભાવથી જગતને ભોળવ્યું અને ચેષ્ટાઓ (હાવભાવ) કરીને લોકને છતર્યા તે વેશ્યા શ્રી સ્થૂલિભદ્રને જોઈને એની દાસી બની.

ગોત્રજ ગઉરિ, ગણેશ, મયા મુઝ ઝાઝી કરયો,
થૂલિભદ્ર વસિ કરું, વિઘન સઘલાં પરિહરયો,
દેયો બુદ્ધિપ્રકાશ, હાથિ માહરઈ જિમ આવઈ,
છયલ પુરુષ છઈ કોડિ, સખી પણિ એ મુઝ ભાવઈ,
સંસાર માહિં જોતાં ઈસ્યઉ, સજ્જન કો દીસઈ નહીં,
જાગિયો દેવદેવી સહૂ, આસ એહ પૂરુ સહી. ૫૯

'હે ગોત્રજ, ગૌરી, ગણેશ, મારી ઉપર ઝાઝી કૃપા કરજો, હું સ્થુલિભદ્રને વશ કરું એમાં સઘળા વિઘ્નો દૂર કરજો. મને એવો બુદ્ધિપ્રકાશ દેજો જેથી તે મારે હાથ આવે. છેલછબીલા પુરષો તો કરોડો/ક્રોડો છે, પણ હે સખી, મને તો એ જ ગમે છે. સંસારમાં નજર કરતાં એવો સજ્જન કોઈ દેખાતો નથી. હે સહુ દેવદેવીઓ જાગજો, મારી એ આશા જરુર પૂરી કરો.'

ooo

૨૩

કુશળલાભ (૧૬મી ઉત્તરાર્ધ)

જૈન સંપ્રદાયના આ કવિએ સ્તવન,રાસ, ચોપાઈ એવી જૈન ધર્મવિષયોની કૃતિઓ ઉપરાંત 'માધવાનલ-કામકંદલા ચોપાઈ' તથા 'મારુ-ઢોલા ચોપાઈ' જેવી પ્રેમશૃંગાર-વિષયક કૃતિઓ લખી એ નોંધપાત્ર છે. સંસ્કૃત-ગુજરાતી સુભાષિતોને તથા ગદ્યઅંશોને ગૂંથતી એમની અભિવ્યક્તિ પણ ધ્યાનપાત્ર છે.

'માધવાનલ–કામકંદલા ચોપાઈ' -માંથી

(કામકંદલાનો માધવને સંદેશો)

(સોરઠા)

"તે સુખ જાણઇ નીંદ સુપને મિલિઉ, સાજણા!
જઉ આંખિ ન આવઇ નીંદ, કિહાં મિલવઉ? કિહાં બોલવિઉ?

(દૂહા)

માણસ–થકી પંખી ભલા, અલગા ચૂણે ચૂણંતિ;
તરુવર ભમિ સંઝા-સમઇ, માલઇ આવી મિલંતિ.

(સોરઠા)

પ્રીતમ-કેરી વાટ, જોતાં હી દિન નીંગમું;
હીયડું ન પડઇ ફાટ, કહતાં દીસઇ કારિમું.

કીધઇ ઘણું વિલાપ, તન મૂરખ! કાં સુહવઇ?
કાગલ-તણઇ મેલાપ, મન સંતોષ જ માનિઇ.

લિખિવા બઇસું જાણ, કાગલ-મસિ લેઇ કરી.
હીયડઉં ભરાઇ તાણ, નયણિ નીઝરણાં વહઇ.

(દૂહા)

કાગલ કેતા હું લિખું? કેતા કહું મુખ વયણ?
વાલ્હાનઇ મિલવા ભણી, વહિલા આવે સયણ!

પ્રીતમ! પ્રાણ-આધાર તૂં, મનમોહન ભરતાર;
(માધવ! વાંચઇ પ્રેમ ભરિ, સંદેશા સુવિચાર.)

‘કંતા! મંઇ તૂં બાહરી, નયણ ગમાયાં રોઇ;
હત્યાલી છાલાં પડ્યાં, ચીર નિચોઇ નીચોઇ!

(દૂહા)

પંથી! એક સંદેસડઉ, પ્રીતમ લગિ પહુંચાઇ;
જોવન-કલિયાં મઉરિયાં, તું ભમર ન બઇસઇ આઇ!

મત જાણઇ પ્રી! નેહ ગયુ, દૂરિ વિદેસિ ગયાઇં;
બિમણઉ વાધઇ સાજણાં, ઊછઉ હોઇ ખલાઇં.

હું કુમલાણી કંત વિણ, જિમ જલ વિહુણિ વેલિ;
વિણજારા–કી ધાહ જિમ ગયઉ ધખંતી મેહિલ.

જેહ–સિઉં હસિ મુખ બોલતે, ઉરિ ચઢઇ વિશ્વાસ;
લાલ પિયારા સજ્જનાં, કીયઉ દેસાઉર વાસ.

માસ વરસ દિન જો સફલ, ઘડી જિ લેખઇ સોઇ.
સાજણસું મેલાવડઉ, જિણ વેલા મુજ હોઇ.

સજ્જનથી વિસહર ભલો, ડંકી જીવ જ જેહ;
ણેહ વધઇ દૂરઇ રહઇ, પલ પલ સલ્લઇ સ્નેહ.

હીયડા-ભીતરિ પઇસિ કરિ, વિરહ લગાઈ અગ્ગિ;
પ્રીઉ–પાણી વિણ ના બુઝઇ, બલઇ સલગ્ગિ સલગ્ગિ.

વહિલઉ આવિ વલ્લહા! નાગર ચતુર સુજાણ;
તૂં વિણ ધણ ઝાંખી ફિરઇ, (જિમ) ગુણ વિણ લાલ કમાણ.

સુપનંતરિ નિત હૂં મિલી, જદિ પરતિફખ મિલેસિ;
તદિ પ્રી મોતીહાર જિઉ, કંઠાગ્રહણ કરેસિ.

આડા ડુંગર વન ઘણા, આડા ઘણા પલાસ;
તે સાજણ કિમ વીસરઇ, બહુ ગુણ તણા નિવાસ?

આંખડિયાં ડંબર થઈ, નયણ ગમાયાં રોઈ,
તે સાજણ પરદેસડઇ, રહ્યા વિડાણા હોઈ.

પ્રીતમ! એક સંદેસડુ, દિસિ સજ્જણાં સલામ;
જબહી તુમ્હથી વીછડ્યાં, નયણાં નીંદ હરામ.

પંથી! એક સંદેસડુ, પ્રી લગિ લેઈ સિધાઉં;
જોવન-હસ્તી જઉ ગડ્ડિઉ, તુ અંકુસ લે ઘરિ આઉ.

મુખિ નીસાસા મેહલીઇ, નયણે નીર-પ્રવાહ;
સૂલી સરિખી સેજડી, તુઝ-વિણ જાણીઇ નાહ!"

ooo

૨૪
જયવંતસૂરિ (૧૬મી ઉત્તરાર્ધ)

કાવ્યશાસ્ત્રના અભ્યાસી આ રસજ્ઞ જૈન કવિએ ધર્મબોધ કરતાં પણ સૌંદર્યબોધ પર વિશેષ ધ્યાન આપેલું. એમની અનેક કૃતિઓમાં 'નેમિનાથ-રાજિમતીના બાર માસ' ,'શૃંગારમંજરી', તથા 'સ્થૂલિભદ્ર-કોશા-પ્રેમવિલાસ ફાગ' અલંકારયુક્ત બાનીથી જુદી તરી આવે છે.

'નેમિનાથ-રાજિમતીના બાર માસ' -માંથી

(દૂહા)
વિમલ વિહંગમ-વાહના માતા! દ્યઉ વરદાન,
દ્વાદશ માસ સોહામણા ગાઇસુ જિન-ગુણગાન.

વેધક-જન-મન રીજવઇ, માનિની મોહણ-વેલી
ગુણ-સોભાગ-સોહામણી વાણી દ્યુ રંગ-રેલિ.

મુગતિ-માનિની મનિ ધરી રાજુલિ છંડી નેમિ.
પીઉ-વિછુરતિ-ભોજ-કુંઅરિકું વિરલ દહઇ યું નેમિ.

(રાગ મલ્હાર)
શ્રાવણ સંજોગી માસ કિ ભુઇં હરિયાલીયા રે,
ચોલી ચરણા નીલ કિ પહિરઇ યું બાલીયા રે.

પાવસ પ્રથમ સંયોગિ કિ રોમંચી અંકુરઇ રે,
પાલવ-નખ નિરખંતિ કિ મયણા મદ કરઇ રે.

વાદલ મન મથવા દલ, ઘનાઘન ઘન-ઘટા રે,
જે જે વરસઇ ધાર તે વિરહી-તનિ સટા રે.

વીજલી-અસિ ઝલકાય ડરાવઇ વાછર્યાં રે,
કેકી-બોલ સુણંત કિ મૂરછાઇ પડ્યાં રે.

મેહકી આ રતિ આરતિ આવઇ મોરડી રે,
આ રતિ સેજ આરતિ ઝૂરઇ ગોરડી રે.

ખિનિ ખિનિ તુહૂંની આરતિ બપીહા! દેતુ હઇ રે,
પાવસિ વિરહી પ્રાણ કિ દૈઆ લેતુ હરઇ રે.

(દુહા)

વરસાલઉ સાલઇ ઘણું જે વાલિંભ પર તીરિ;
ઊડી તબ હી જાઇઈ હુઇ પંખ સરીરિ.

વર મંડારા કિઉ બદરીયાં, દેખિ થિરાઉતચીંત,
કુંથુ પરિ સો જીય ગઉ જાકું બિદેસી મીત.

બ છિરે છતીયાં ઉઠત કયું પાવક ભટકિ હટકિ,
બીજુરીઆઇ પરોકી જાં બદરી ધૂમ-ધટક્કિ.

અવધિ બધી બિષભર ભઇ બિરહિની બિરખા દેખિ;
પીઉ પીઉ કરતાં જીઉ ગયુ, સોઇ પોકારઇ ભેક.

(દેસી પાછિલી)
ભાદ્રવઇ ગુહિર ગંભીર કિ મેહા ઝડિ કરઇ રે,
રયણી ઘોર અંધાર કિ વાહલા સાંભરઇ રે.

વીજલીયાં ચમકંતિ કિ કલમલ હુઇ હઇયા રે,
દાધા ઊપરિ લૂણ લગાવઇ બપહીયા રે.

સૂતાં રતિ નહી સેજિ, બઇઠાં તનુ કલમલઇ રે,
કોઉ લાગી ભીતરિ કિ ભટકે પરજલઇ રે.

જિમ કૂયાની છાંહ અમુઝી માંહિ રહઇ રે,
વયર વસાયું નેહ કરિ મન, દુઃખ મન લહઇ રે.

અસલસ લાવિ સાલ કિંગાઇ વિરહણી રે.
સોહલી તરલ તરવાર, કિ દોહિલી નર-હીણી રે,

સહી ન સકું એ વેદન, મેહલિ નવિ રહણી રે,
ઊલટપાલટ સેજિ કિ રોઇ વિરહણી રે.

(દૂહા)
મત હી સુરાઉ બપ્પીહા! જબ હી સુભગ સરાઈ,
એક નીસાસઇ જગ જલઇ, સબ સોણિત સોસાઇ.

ગડયડ ગાજઇ મેહલા મયણ-તણા નીસાણ,
મીત્ત સંભારી અપ્પણા વિરહણી છંડિ પ્રાણ.

મોર–બપીહા બોલતઇ વાદલ ગડગડઇ મેહ,
ઇણિ રતિ અણમાર્યાં મરઇ જેહનઇ સાલઇ નેહ.

મહિર ન આણી મીત! તઇં, ઇણિ દિનિ તિજી નિરાસ;
તિમ પીલી જિમ ઘાણીઇ તિલ પીલીઇ સરાસ.

(ઢેસી)
પીઇ તિજી તિમ આસોઇ કિ પીછ જિમ મોરડઇ રે,
ઝૂરી ઝૂરી હૂઇ પંજર (કિ) છાની ઓરડઇ રે.

જોયઉ ન જાઇ ચંદ કિ વરહિ ભટકલે રે;
રયણિ અનીઠી, નીંદ ન આવઇ નયણલે રે.

શીતલ જલ ભરી ચીર કિ તનિ સીચઇ સહી રે,
વિરહ-અંગીઠી-તાપ તે ખિણ સૂકઇ સહી રે.

(દૂહા)
મીઠી રાતિ સુચાંદ્રણી વીછડ્યાં હીસઇ ભોગિ,
ચકવાકી પરિ વિલપતાં જાગીસઇ સવિ લોક.

તવ હસતી અણરાગીયાં, નેહ નથી જસ ચીતિ;
અઇ મંઇ બૂજ્યા એતના, કોઇ મ કરજો પ્રીતડિ.

ઘણ લાગુ ઘટ–ભીતરિ, બાહરિ દીસઇ ષોષ,
સો કિમ માચઇ જેહનઇ પીડિ આસંક દોષ?

ooo

૨૫

વિષ્ણુદાસ (૧૬મી ઉત્તરાર્ધ – ૧૭મી પૂર્વાર્ધ)

નાકર પછીનો અને પ્રેમાનંદ પૂર્વેનો મહત્ત્વનો આખ્યાન કવિ. રામાયણ-મહાભારત ઉપરાંત જૈમિનીય અશ્વમેધનાં વિષયવસ્તુ પર લખેલાં એનાં આખ્યાનોમાં ચંદ્રહાસ-આખ્યાન વધુ ધ્યાનપાત્ર છે.

ચંદ્રહાસ-આખ્યાન સ્તુતિ, કડવું ૨,૩,૭,૧૫,૧૭,૨૧,૩૦,૩૧-માંથી

સ્તુતિ

રાગ રામગ્રી

પ્રથમે પ્રણમું ગિરજાનું બાલ જી,
શંભુજીનો સુત છે સુંઢાલ જી;
એકદંતો દુંદ વિશાલ જી,
માઆ કરો મુજને દેવદઆલ જી. [૧]

ચાલ

માઆ મુજને કીજીએ, જશ દીજીએ માહા પ્રૌઢ;
હું મુજ મતિ તુજને સ્તવું, મત માહારી છે મૂઢ. [૨]

કડવું ૨

રાગ રામગ્રી

સહુ કો કરે વિચારજી;
હવે ...જે શો કરવો પ્રકારજી. ૧

હવે શો પ્રકાર કરશું, વિમાસે મંનમાંહે;
પેર્યપેર્ય પેખે પણ અશ્વનાં પગલાં ન દેખે તાંહે. ૨

આકાશમારગે હે ગયા, કે હે ગયા પાતાલ;
દશો દિશા અવિલોકતાં, તેહેની કહીંએ ન લાધે ભાલ. ૩

વિમાંસણ કરે અરે અતિ ઘણી, હવે કરશું કવણ ઉપાય;
અંત્રીખથી એવે આવિયા રે, બ્રહ્માતન ઋષિરાય. ૪

અરઘપાદ પૂજા કરી ને આપિયું આસંન;
પછે નારદઋષિએ પૂછિયું, કાં દુખી તું અરજુન? ૫

પછે ધનજે ઉચરે, સાંભલો દેવદયાલ;
સ્વામી કહીં નથી લાભતી મારા અશ્વકેરી ભાલ. ૬

શ્રી નારદ ઋષિ વલતા ઉચરે, તમો આંણો મન વિશ્વાસ;
એ અશ્વ કુંતલપુર ગયા, જાંહાં રાજ કરે ચંદ્રહાસ. ૭

સુધારમિક રાજા તણો, સાહસિક તેહ કુમાર;
તેને કોલંધે પાલિયો, સુણ પારથ સારોધાર. ૮

કુંતલિકરાયનો દુષ્ટબુધ પરધાંન જેહ અવિધાંન;
તેની તે તનયા વર્યો, વિષયા જેહનું નાંમ. ૯

પરિબ્રહ્મના પાસાયેથી નવનિધ્ય પામ્યો તાંહે;
કુંતલિક રાજા રાજ આપી ગયો તે વનમાંહે. ૧૦

પછી પ્રજા પાલી પ્રેમશું, પરહર્યાં દુખ ને શોક;
તે નગરમાં તીણે સહુ વિષ્ણુભગત્ય કીધા લોક. ૧૧

પાતાલમાં જમ બલી તપે, ને ધ્રુ તપે આકાશ;
અંત્રીષ રવિ સસી તપે, મ્રત લોકમાં ચંદ્રહાસ. ૧૨
અસ્વ તીણે નગર ગયો, સત જાણજો મનમાંહે;
પ્રાક્રમ તમારું હોય તો, મુકાવજો જઈ તાંહે. ૧૩

વલણ

મુકાવજો જઈ૦ તાંહ રે, નારદજી કેહે વારોવારજી;
જઈમુનિ બોલ્યા સુણો નિરધારજી. ૧૪

કડવું ૩

રાગ કેદારો

અર્જુન વાણી ઉચરે, શ્રી નારદજી શ્રવણે ધરે;
સ્વામી તું પતીતને પાવન કરે રે. ૧

ઢાલ

પતીતને પાવન કરેવા ઈછા પૂરો માહારી;
વિષ્ણુભગત ચંદ્રહાસતણી મુને કથા કોહો વિસ્તારી. ૨

સ્વામિ, પુત્ર સુધરમિક કેરો કોલંધે ક્યમ પાલ્યો;
કુંતલિક રાજા રાજ આપીને કેહી પેરે વન ચાલ્યો. ૩

તેહ તણો પરધાન જ મોટો દુષ્ટબુધ તાં જેહે;
તેહ તણી તનઆ વિખઆને કેહી પેર પરણો તેહ. ૪

તે કથા મને કો વિસ્તારી, થઉં છું મુજને કોડ;
વલીવલી કરું છૈ વિનતી, કહું દોહે કર જોડ. ૫

વલતા નારદ એણીપેરિ બોલ્યા, સાંભલ અર્જુન વાત;
વિષ્ણુભગત ચંદ્રહાસતણી ભાઈ છે ત્યાં મોટી ખ્યાત. ૬

આ સેના સાથે તું પરવરીઓ, પ્રસ્ન કરું તે મુજને;
પણ સમે વિના એ કથા વિસ્તારી ક્યમ કેવાયે તુજને? ૭

પારથ કેહે કરુષેત્ર વિષે, રણ ચઢા હતા જેણીવાર;
તીણે સમે ગીતા સંભલાવી જીવન જુગદાધાર. ૮

તેટલો વિલંબ અહીં નહીં થાયે, એ સુઆશ્રજ કહીએ;
ધન વેલા તે કહીએ, જે સાધુ તણા ગુણ સુણીએ. ૯
વલણ
સાધ તણા ગુણ શ્રવણે સાંભલી પાતક ભવનાં જાય;
તાર પછી ચંદ્રહાસ તણી મુને કથા કહો ઋષિરાય. ૧૦

કડવું ૧૫
રાગ વેરાડી

દુષ્ટબુધ વાણી એમ ઓચરે, કોસંધ સાંભલ વાત;
તારું ધન્ય જીવ્યું જે પામ્યો પુત્ર વિષ્ણુભગત વિખ્યાત. ૧

મુખ મધુર વાંણી ઉચરે ને હૈઈડામાંહે તેને ભિન્ન;
કોસંધરાયના કુંવર ઉપર્ય, પછે દુષ્ટ કર્યું તેણે મંન. ૨

ચંદ્રહાસ કુંવર તેડાવ્યો, આવીને લાગ્યો પાયે;
તેની રૂપકલા વાત ઘણી રે,તે તાં કહી નવ જાયે. ૩

મારે કાંઈક કામ છે રે, કંમ તું તેહ કરીશ;
મુજને આઈસ દો રે સ્વામી, લેઈ ચઢાવું શીશ. ૪

તુજ હાથ એક પત્ર લખું, તે લેઈ ચાલે નિરધાર;
મદંન કુંવરને જઈ આપજો, કુંતલીક પુર મોઝાર. ૫

નારદ ઋષિ વાંણી એમ ઉચ્ચરે, અર્જુન તું અવિધાર;
પત્રમાંહે તેણે શું શું લખીઉ, તેહનો કરું વિસ્તાર. ૬

સ્વસ્ત શ્રી કુંતલીકપુર સ્થાંને, જોગ મદનકુમાર;
ચંદનાવતીથી દુષ્ટબુધે લખ્યું પત્ર નિરધાર. ૭

આ તાં મેં તુજ કને મોકલ્યો, ચંદ્રહાસ એહનું નાંમ;
મારી સંપત્યનો પત જાંણી કરજો એહનું કાંમ. ૮

રૂપ મ જોઈશ રેખ મ જોઈશ મ જોઈશ પ્રાકર્મ;
કુલ મ જોઈશ શીલ મ જોઈશ મજોઈશ વઁશ ઉત્તમ. ૯

વદા મ જોઈશ વીત મ જોઈશ મ જોઈશ મુખકલાવંન;
જંમતંમ કરી એને વિષ દીજે, માહારા પુત્ર મદંન. ૧૦

ઘણું ઘણું શું લખીએ કુંવર, કાગલમાં અસ્વમેવ;
વાંચ્યા પૂંઠે કરવું હોયે, તે કરે તતખેવ. ૧૧

કડવું ૧૭

એમ કરતાં આવી રાય પાસે,
કાંઈ એક લાજે ને મંન વિમાસે;
કરી પાલવ અલગો મુખ નીરખે,
તે જોતાં વિષયા હરખે. ૯

જાણે ચંદ્રબિંબ પૂરણ કલા,
તે નીરખતાં થઈ વાકુલા;
પછે જુએ તો સુંદર ધાંમ,
પછે મનમાં પાંમી અભિરાંમ. ૧૦

તેનાં લોચન જાંણે અંબુજ ફૂલાં,
તે જોઈને વિષયા ભૂલાં;
નિજ ચાર કપોલ સેજે હસે,
કો રુચિર સુધા અમૃત વસે. ૧૧

તેની નાસિકા કીર સોહાંમણી,
જાણે ગ્રીવા ઉદર બાંધો મણિ;
તેનું દરસન જોતાં હીરાવલી,
જડિત્ર કવિન જાંણે સસી ચલી. ૧૨

ભુજ પ્રચંડ કટ કેસરી,
તે જોતાં સુધ વીસરી;
વ્રક્ષ વિશાલ સૂક્ષ્મ કટિ
તે નીરખતાં થઈ એક ઘડી. ૧૩

તેનાં ચરણકમલ જાંણે રવિશશી,
નખમણિ જોતાં હીરાવશી;
અંગ અંગ તેહ ઉદાર,
જાંણે મનમથ કેરો અવતાર. ૧૪

ધન્ય ધન્ય કો માંહતિ,
જે પાંમશે એહવો ભૂપતિ;
રહી દૂર થકી નીરખે સતી,
વિષયા જાંણે ચિત્ર લખી. ૧૫

એહવે કસ દ્રષ્ટે પડી,
જાંહાં કાગલ બાંધ્યો છે બીડી;
પછે રુંધો સાસ ને ગઈ પાસે,
આ કાગલ શો બાંધ્યો દિસે. ૧૬

તે શનૈ શનૈ છોડી લીધો,
પટ બીડો થો અલગો કીધો;
સરનાંમું જોતાં વિસમે થઈ,
કાંઈ કાજગરો દિસે સહી. ૧૭

તતખેવ ઉકેલ્યો વદી,
કુંતલીકપુર જોતાં આનંદી;
સ્વસ્ત શ્રી કુંતલીકપુર સ્થાંને,
ચિરંજીવી તું મદનમાંને. ૧૮

રાયે કોસંધનો કુંવર જેહ,
મેં તુજ કને મોકલ્યો તેહ;
રૂપકલા ને લાવંન,
મ જોઈશ મધુર વચંન. ૧૯

એની શીલ ચાતુરી જે છે સાર,
મ જોઈશ એહના શણગાર;
જંમતંમ કરી એને વિષ દેજે,
પછે સુખ પાંમી રાજ કરજે. ૨૦

તે વાંચીને સુખ નવ પાંમે,
પછે માત ઉમિયાને શિર નાંમે;
આઈ ભવાંની જગત માતા,
કામ અભિલાષની તું દાતા. ૨૧

મેં તાત કને માગ્યો વર,
તેં મોકલીઓ જોઈ સુંદર;
મારો ભાઈ એહ કાગલ વાંચશે,
તો વિષ દેઈ એહને મારશે. ૨૨

પછે હાસ વાયક તાંહાં કેવાસે,
છે સવલું તે અવલું થાસે;
મમ તાત તણી બુધ્ય સબલી ગઈ,
કાંઈ કારણ તાં દિસે સહી. ૨૩

કે વસુંધરા શું થઈ આડી,
કે કાગલ લખતાં રાત પડી;
કે અથવા શું ધ્રૂજ્યો હાથ,
એ શો કહીએ ઉતપાત. ૨૪

કે કાગલ લખતાં વિગ્રહ હશે,
ચૂક પડી તે મરમ કશે;
કે વચમાં કોણે વાત જ કરી,
તેણે તે ગયા વીસરી. ૨૫

કે વર જોતાં હરખે ભરા,
તેણે અ આ ગઆ વીસરા;
એણીપેર્ય કરતી આલોચ,
હવે અક્ષરનો કીજે સોચ. ૨૬

પછે કાજલ રસ સલીએ ભરી,
વિષયા લખીસ સુધ કરી;
પ્રેમે કરી અક્ષર સાંધ્યો,
પટ બીડીને પાછો બાંધ્યો. ૨૭

પછે માત ઉમયાની સુત્ય કરી,
મુજને દેજો એહ હરિ;
પછે શનઈ શનઈ પાછી વલી,
પોતી ત્યાં મનની રલી. ૨૮

કટ અંબર કાછ ભીડો હાથ,
તે દૂર થકી નરખો નાથ;
તારે નારદ કે સુણ ઉપાય,
તેનાં કોટ વિઘન મિથ્યા થાય. ૨૯

બોલા જઈમુન જનમેજે રાય,
તેનું તુજને કહું ઉપાય;
જેની સાર કરે શ્રી જદુરાય,
તેને અવલાનું સવલું થાય. ૩૦

કડવું ૨૧
રાગ અધરસ
દુષ્ટબુધ બોલ્યો વાંણી,
ક્રોધ અભિઅંતર આંણી;
કાંમ કર્યું રે પાપીશુ હઈડે જાંણી,
દુષ્ટબુધ બોલ્યો વાંણી. ૧

મેં ત્યાંથી મોકલ્યો જેહ,
મારવા કારણ તેહ;
વિષયાસરસો તેં કંમ પરણાવ્યો એહ, દુષ્ટ૦ ૨

કાગલમાંહે લખ્યું એવું,
પુત્ર તેં નવ કીધું તેવું;
મેં નવ જાણ્યું નીપજશે એવું, દુષ્ટ૦ ૩

મેં ત્યાં જે કહ્યું વચંન,
તેં ત્યાં તે નવ કીધું તંન;
માહારી દષ્ટિ આગલથી પાપી જા વંન, દુષ્ટ૦ ૪

તાતનું વાયક જેહ,
પુત્રે ત્યાં સાંભલ્યું તેહ;
અપાર તાત હું સીસ ચઢાવું એહ, દુષ્ટ૦ ૫

સાંભલો તાત વચંન,
નથી વીરાંસો તાહરો તંન;
લખ્યાથી અદકું ન કરે મદંન, દુષ્ટ૦ ૬

પછે કાગલ મોકલ્યો જેહ,
આંણીને વંચાવ્યો તેહ;
જમતમ કરી વિષયા દેજે, એહ. દુષ્ટ૦ ૭

સાંભલો વાયક સોયે,
હઈડે આશ્રજ હોયે;
દૈવ કરે તે ન કરે કોયે. દુષ્ટ૦ ૮

પુત્રીનું વિધવાપણું જેહ,
વેર તાંહાં પાલીશું તેહ,
હું નિશ્ચે પતન પમાડું એહ, દુષ્ટ૦ ૯

કડવું ૩૦
રાગ મેઘ ગોડી

જઈમુન વાંણી ઉચરે, સાંભલ જનમેજે રાય;
અર્જુન કહે શ્રવ જોધને, કરવું કવણ ઉપાય. ૧

વલી પારથ વાંણી ઉચરે, વેગે મ લાઓ વાર;
નગર ચંદ્રહાસનું, તાં સંચરો નિરધાર. ૨

મકરધ્વજ માહા પ્રાક્રમી પદમાક્ષ બીજો જેહ;
પ્રાત સમે પાંડવ તણા હે હરી લાવ્યા તેહ.૩

આવીને ઊભા રહ્યા ચંદ્રહાસ બેઠો જાંહે;
પછે પત્ર છોડીને વાંચી આનંદીઆ મંનમાંહે. ૪

હેવર છે પાંડવતણા, સાથે છે કૃષ્ણ ને અર્જુન;
બલવંત હોયે તે બાંધજો, એવું લખ્યું છે વચંન. ૫

ચંદ્રહાસ મન હરખ્યો ઘણું, આનંદ અંગ ન માય;
સેના સકલ લેઈ કરી, ચાલ્યા ચંદ્રહાસ રાય. ૬

સાંમસાંમા દીઠા દલ તારિ આવતા અશ્વમેવ;
અર્જુનને રથે બેઠા સ્વામી દેવાધદેવ. ૭

પછે કૃષ્ણ કેહે અર્જુનને, 'આવે છે મારો દાસ';
એવું કહી ચત્રભુજ હરખ્યા સ્વામી શ્રી અવિનાશ. ૮

'આલિંઘન દો બેહુ જણા, આંણી અભિંતર ઉલાસ';
પછે અર્જુન કેહે, 'કૌરવ વઢતાં દીધી આશ,
આજ એમે શેં કોહો છો સ્વાંમી શ્રી અવિનાશ.' ૯

શ્રીકૃષ્ણ વાંણી ઉચરે, મારો ભગત છે એહ;
મુજને કહીં એ ન વીસરે, એહના ગુણ છે જેહ. ૧૦

ચંદ્રહાસને અર્જુનને ભેટાડ્યા તતખેવ;
પછે નગરમાં પધરાવીઆ સ્વાંમી દેવાધદેવ. ૧૧

મદનપ્રધાને આવી કીધો કૃષ્ણને પ્રણાંમ;
ગાલવગુરુ ભેટ્યા સહી, પ્રણમ્યા શ્રી હરિસ્વાંમ. ૧૨

પાંચ દિવસ ત્યાં રહ્યા સ્વામી દેવાધદેવ;
પછે સંચરવા સજાઈ કરી તતખેવ. ૧૩

પછે કૃષ્ણે તેડ્યો મકરધ્વજ તેને આપ્યું રાજ;
ગાલવની આગનાથી સંચર્યા મહારાજ. ૧૪

શ્રી હરિ કેડે સંચર્યા ચંદ્રહાસ રાય;
આગલથી હેવર પૂંઠે શ્રવ સેના પલાય. ૧૫

આગલ બગદાલભને આશ્રમ હેવર પહોંત્યો તેહ;
જઈમુન જનમેજેને કેહે ઉત્તમ આખ્યાંન એહ. ૧૬

એક-મના જે સાંભલે તેને ગંગા કેરું સનાંન;
પ્રેમ પ્રીત મન ઊપજે ભ[વ]દુખ ભાજે શ્રી ભગવાંન. ૧૭

ગાતાં સુણતાં શ્રીહરિ પૂરે મનની આશ;
બેહુ કર જોડી વિનવે વિષ્ણુભગત વિષ્ણુદાસ. ૧૮

કડવું ૩૧

પદ પાંચસે ચાલીસ પ્રમાંણ,
બુધ માંને બોલો નિરવાંણ;
સંવત સોલ સાત્રીસે સાર,
ચઈત્ર માસ ઉતમ ગરુવાર. ૧૩

કૃષ્ણપક્ષ ને તથ ત્રીઓદશી,
સુણી કથા માહારે મન વસી;
અણજાંણે કીધો અભ્યાસ,
બેહુ કર જોડી કેહે વિષ્ણુદાસ. ૧૪

ooo

૨૬

સમયસુંદર (ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ – ૧૭મી પૂર્વાર્ધ) :

સંસ્કૃત-પ્રાકૃત-અપભ્રંશ તથા ગુજરાતીમાં સાહિત્યસર્જન કરનાર આ અભ્યાસી કવિ સંગીતજ્ઞ પણ હતા. અનેક રાસકૃતિઓ તથા બત્રીસી, બારમાસા અને ટૂંકી પદરચનાઓ આપનાર આ કવિની 'સાંબપ્રદ્યુમ્ન ચોપાઈ', 'પ્રત્યેકબુદ્ધ ચોપાઈ','મૃગાવતી ચોપાઈ' 'નલદવદંતી રાસ' અને 'સીતા-રામ ચોપાઈ' ધ્યાનાર્હ ને કવિત્વપૂર્ણ કૃતિઓ છે. એમનાં પદોની ગેયતા જૈન-સંપ્રદાયમાં ખૂબ પ્રચલિત છે. પાંડિત્ય અને કવિત્વનો સુયોગ એમની કૃતિઓમાં જોવા મળે છે.

૧ પદ; નળદમયંતી રાસ; સીતારામ ચોપાઈ

પદ

૧

પ્રીતડિયા ન કીજઈ
પ્રીતડિયા ન કીજઈ હો નારિ પરદેખિયા રે,
ક્ષણે ક્ષણે દાઝે દેહ.
વીછડિયા વહાલેસર મલવો દુહિલોજી,
સાલે સાલે અધિક સ્નેહ.
પ્રીતડિયા ન કીજઈ નારી પરદેસિયા રે.
કાલ આવ્યા ને આજ ઊઠી ચાલસો રે,
ભમર ભમતો જોઈ
સાજણિયા વાળાવીને પાછા વળતા જી
ધરતિ ભાર ન હોઈ.

પ્રીતડિયા ન કીજઈ નારી પરદેસિયા રે.

મનના મનોરથ સવિ મનમાં રહ્યા જી,
કહીએ કેહનિ સાથ.
કાગલીઓ લખતાં ભીનો આંસુએજી.
ચડિયો હો દુર્જન-હાથ.
પ્રીતડિયા ન કીજઈ નારી પરદેસિયા રે.

થૂલભદ્ર કોસા બૂઝવીજી, પાલિ હો પૂરવ પ્રેમ,
સીલ સુરંગી પેહરો ચુનડિજી, સમયસુંદર કહે એમ.
પ્રીત ડિયા ન કીજઈ નારી પરદેસિયા રે.

૨. 'નલ-દમયંતી રાસ' માંથી

(દમયંતી-વસ્ત્ર છેદતાં નળના ડાબા-જમણા હાથ વચ્ચેનો સંવાદ)

લીધી હાથી કૃપાણિકા રે, છેદિવા માંડ્યઊ ચીર,
જિમણઊ ડાવાનઈ કહઈ રે, આવી તું ચીર છેદિ ચીર.

ચઊરી માંહે મઈ ચડી રે, જિણ પરણી બહુ પ્રેમ,
જિમણઊ કહઈ મુજ ચીરનઈ રે, છેદતાં આવઈ કેમ?

ડાવઊ જિમણાનઈ કહઈ રે, સાંભલિ મોરી મીત,
હથ લેવઈ રસતઈ લીયઊ રે, તે વાત આણી તું ચીત.

કંસાર ખાધઉ તઈ એકલઈ રે, મુજનઈ ને તેડ્યઉ તેથિ,
તું પેઠ તૂં મંગતઉ રે, મુજ કયુ તેડઈ એથિ.

ભોજન જીમઈ તું ભલાં રે, માખી વીજાવઈ મુજ,
તું નાસઈ તીર નાંખતાં રે, હું આગઈ કયું ઝુબ્બ.

તું વીટઈ સિર પાઘડી રે, હું સમારિ કયું સૂલ,
હું ભારીખમઉ તોલતાં રે, તે વાત ગઈ તુજ ભૂલ.

ડાવઉ જિમણઉ બે મિલી રે, વીનતી કરઈ સુણિ હાય,
બીજું કહઈ તેમ્હે કરાં રે, પણ ચંડાલ કરમ ન થાય.

૩. સીતારામ ચોપાઈ -માંથી

ખંડ ૧
પ્રારંભ સ્તુતિ

દુહા
સ્વસ્તિ શ્રી સુખ સંપદા, દાયક અરિહંત દેવ
કર જોડી તેહનઈ કરું, નમસ્કાર નિતમેવ ૧

નિજ ગુરુ ચરણકમલ નમું, ત્રિણ તત્ત્વ દાતાર
કીડી થી કુંજર કિયઉ, એ, મુજને ઉપગાર ૨

સમરું સરસતિ સામિણી, એક કરું અરદાસ
માતા દીજે મુજને , વારુ વચન વિલાસ ૩

'સાંબપ્રદ્યુમ્ન' કથા સરસ,' પ્રત્યેકબુદ્ધ' પ્રબંધ
'નલદવદન્તિ', 'મૃગાવતી',-- ચઉપઈ ચ્યાર સબંધ ૪

આઈ તું આવી તિહાઁ, સમર્‌યા દીઘઉ સાદ
સીતારામ સબંધ પણિ, સરસતિ કરે પ્રસાદ ૫

કલંક ન દીજઈ કેહનઈ, વલી સાધ નઈ વિશેષિ
પાપવચન સહુ પરિહરઉ, દુઃખ સીતાનું દેખિ ૬

સીલ રતન પાલઉ સહૂ, જિમિ પાલઉ જસવાસ
સીતાની પરિ સુખ લહઉ, લાભઉ લીલ-વિલાસ ૭

સીતારામ સબંધ ના, નવ(૯) ખંડ કહીસિ નિબદ્ધ
સાવધાન થઈ સાંભલઉ, સીલ વિના સહુ ધધ ૮

ખંડ ૧ : ઢાલ પાંચમી
(સીતાના રૂપનું વર્ણન)
સીતા અતિ સોહઈ, સીતાતઉ રુપઈ રુડી
જાણે અમ્બા ડાલિં સૂડીં હો સીતા૦

વેણી સોહઈ લાવી, અતિ સ્યામ ભમરકડિ આવી હો સીતા૦

મુખ સસિ ચાંદ્રણઉ કીધઉ, અધારઈ પાસઉ લીધઉ હો ૧ સીતા૦

રાખડી સોહઈ માથઈ, જાણે ચૂડામણિ સાથઈ હો સીતા૦

શશિદલ ભાલ વિરાજઈ, વિચિ વિંદલી શોભા કાજઈ હો ૨ સીતા૦

નયનકમલ અણિયાલા, વિચિ કીકી ભમરા કાલા હો સીતા૦

સૂડા ની ચાંચ સરેખી, નાસિકા અતિ ત્રીખી નિરખી હો ૩ સીતા૦

નકવેસર તિહા લહકઈ, ગિરુયા ની સગતિ ગહકઈ હો સીતા૦

કાને કુંડલની જોડી, જેહ નઉ મૂલ લાખ નઈ કોડી હો ૪ સીતા૦

અધર પ્રવાલી રાતી, દત દાડિમ કલિય કહાતી હો સીતા૦

મુખ પુનિમ નઉ ચદઉ, તુસ વચન અમીરસ વિંદઉ હો ૫ સીતા૦

કંઠ કદલવલી ત્રિવલી, દક્ષણાવ્રત સખ જ્યુ સવલી હો સીતા૦

અતિ કોમલ બે બાંહાં, રક્તોપલ સમ કર તાંહાં હો ૬ સીતા૦

ઘણ થણ કલસ વિસાલા, ઉપરિ હાર કુસમની માલા હો સીતા૦

કટિ લક કેસરિ સરિખઉ, ભાવઈ કોઈ પડિત પરિખઉ હો ૭ સીતા૦

કટિ તટ મેખલા પહિરી, જોબન ભરી જાયઈ લહરી હો સીતા૦

રોમ રહિત બે જંઘા હો, જાણે કરિ કેલિ ના થંભા હો ૮ સીતા૦

ઉન્નત પગ નખ રાતા, જાણે કનક કૂરમ બે માતા હો સીતા૦

સીતા તઉ રુપઈ સોહઈ, નિરખતા સુર નર મોહઈ હો ૯ સીતા૦

ખંડ ૨ : ઢાલ પાંચમી

[રામ-લક્ષ્મણ વનમાં જવા તૈયાર થાય છે ત્યારે સાથે જવા સીતા વિનવે છે]

લક્ષ્મણ રામ બે મિલી રે, હિવ ચાલ્યા વનવાસો
સીતા પાણિ પૂંઠિ ચલી રે, સમજાવઈ રામ તાસો રે ૧

રામ દેસઉટઈ જાય, હિયડઈ દુઃખ ન માયો રે
સાથિ સીતા ચલી, જાણી સરીરની છાયો રે ૨

અમ્હે વનવાસે નીસર્યારે, તાત તણે આદેશ
તૂં સુકુમાલ છઈ અતિ ઘણું રે, કિમ દુઃખ સહિસિ કીલેસોરે ૩

ભૂખ તૃષા સહિવી તિહારે, સહિવા તાવડ સીત
વન અટવી ભમિવઉ વલી રે, ન કો તિહાં આપણૌ મીતો રે ૪

તે ભણી ઈહાં બેઠી રહે રે, અમ્હે જાવા પરદેસ
પ્રસ્તાવઈ આવી કરી રે, આપણઈ પાસિ રાખેસોરે ૫

સીતા કહઈ પ્રીતમ સુણઉ રે, તુમ્હે કહઉ તે તૌ સાચ
પણિ વિરહઉ ન ખમી સકું રે, એકલડી પલ કાચો રે ૬

ઘર મનુષ્ય ભસ્યઉ તસ્યઉ રે, પણિ સૂનઉ બિણ કંત
પ્રીતમ સૂઁ અટવી ભલી રે, નયણે પ્રીયૂ નિરખંતો રે ૭

જોબન જાયઈ કુલ દિઈ રે, પ્રીયુસૂં વિન્રમ પ્રેમ
પંચદિહાડા સ્વાદ નારે, તે આવઈ વલિ કેમો રે ૮

કંત વિહુણિ કામનિ રે, પગિ પગિ પામઈ દોપ
સાચઉ પણિ માનઈ નહિ રે, જલ બલિ તે પાયઈ કોસો રે ૯

વર બાલાપણઈ દીહડા રે, જિહા મનિ રાગનઈ રોસ
જોવન ભરિયાં માણસા રે, પગિ પગિ લાગઈ છઈ દોસો રે ૧૦

ભઈ પ્રીતમ નિશ્ચય કિયઉ રે, હું આવિસિ તમ સાથિ
નહિ તરિ છોડિસિ પ્રાણ હું રે, મુક્ત જીવિત તુમ હાથો રે ૧૧

પાલી ન રહઈ પદમિની રે, સીતા લીધી સાથિ
સૂર વીર મહા સાહસી રે, નીસર્યા સહુ તજી આથો રે ૧૨

ખંડ ૫ : ઢાલ ૨

[રાવણનો જન્મ ને એનું વૃત્તાંત]

મેઘવાહન વિદ્યાધર વંસઈ, બહુ રાજા હુયા કેઈજી
તસુ કમિ રતનાશ્રવ અંગજ, રાવણ રાજા કરેઈ જી ૧૧

પ્રબલ પ્રચંડ ત્રિખંડ તણો ધણી, ત્રૈકોક્ય કંટક તેહજી
તેજ પ્રતાપ તપઈ રવિ સરિખઉ, અરિબલ ગંઝણ એહજી ૧૨

વાલપણે બાપે પહિરાયો, દેવ સંબંધી હારજી
તસુ રતને બાલક નવમુહઢા, પ્રતિબિમ્બા અતિ સાર જી ૧૩

દસમુહડા દેખી બાલખના, રતનાશ્રવ થયો પ્રેમજી
દીધઉ નામ દસૂઠણ દિવસે, એ દસવદન તે એમજી ૧૪

દિન અષ્ટાપદ ગિરિ ઉપરિ, બહતા થમ્યો વિમાનજી
ભરત કરાયા ચૈત્ય મનોહર, ઉલ્લંઘ્યા અપમાનજી ૧૫

ચિત ચમક્યો તિહાં દેખિ દશાનન, તપ કરતો રિષિ બાલિ જી
ઈણ રિપિ સહીય વિમાન થમ્યો મુજ, કીધઉ કોપ ચણ્ડાલજી ૧૬

અષ્ટાપદ ઉપાડ્યો ઉંચઉ, ભુજાદંડ કરિ જેણજી
ચૈત્ય રક્ષા મણી વલિ કરિ ચાપ્યો, બાલિ રિપીસરતેણજી ૧૭

મુક્યો મોટો રાવ સબદ તિણિ, રાવણ ચોજો નામ જી
તે રાવણ રાજા લંકાગઢ, રાજા કરઈ અભિરામજી ૧૮

ચન્દ્રનખા નામઈ તસુ ભગિની, ચન્દ્રમુખી રુપવન્ત જી
ખરદૂષણને તે પરણાવી, જીવસમી ગિણે કન્તજી ૧૯

પાતાલ લંકાનો રાજ દીધો, રાવણ નિજમનિ રંગજી
ચન્દ્રનખા અગજાત વે વેઢા, સંબ સંબુક્ક સુચંગજી ૨૦

સંબુક્ક વિદ્યા સાધણ ચાલ્યો, વારીતો સૂરવોર જી
દંડકારણ્ય ગયો એકેલો, કુંચરવા નદી તીર જી ૨૧

ગુપિલમહાવંસજાલિ માહે જઈ, વિદ્યા સાધઈ એહ જી
પગ ઉચા મુખનોચૌરાખો, ધૂમ્રપાન કરેઈ તેહજી ૨૨

બારહ વરસ ગયા સાધન્તા, વલિ ઉપરિ ચ્યાર માસજી
તીન દિવસ થાકઈ પૂરઈ થયઈ, લહિયઈ લીલ વિલાસજી ૨૩

પંચમા ખંણ્ડ તણી ઢાલ બીજી, રાંવણ ઉતપતિ જાણજી
સમયસુંદર કહઈ હુઠુ છદમસ્થ, કેવલિ વચન પ્રમાણજી ૨૪

ખંડ ૫ : ઢાલ ૨

દુહા ૯

[રાવણની બહેન ચંદ્રનખા (રામાયણમાં જે શૂર્પનખા) રામ પર મોહિત થાય છે]

ચંદ્રનખા ભમતી થકી દીઠા દસરથ પુત્ર
રુપ અનોપમ દેખિ કરિ, વિસ્મય પડી તુરત્ત ૧

પુત્રસોગ વીસરિ ગયો, જાગ્યો મદન વિકાર
ઈણ સેતી સુખ ભોગવું, નહીંતર ધિગ અવતાર ૨

કન્યારૂપ કરી નવો, પહુંચી રામ સમીપિ
હાવભાવ વિભ્રમ કરઈ, કામકથા ઉદીપિ ૩

એ એ કામ વિટંવના, કામ ન છૂટઈ કોઈ
પુરુષ થકી એ અઠગુણો, અસ્ત્રીનઈં એ હોઈ ૪

રામઉ પૂછ્યો કવણ તુ, સુંદરિ સાચો બોલિ
કિણ કારણ વનમઈં ભમઈં, એકલી નિપટ નિટોલ ૫

વણિક સુતા હું તે કહઈ, વંસસ્થલ મુજ ગામ
મા બાપ માહરાં મરિ ગયાં, હું આવી ઈણ ઠામ ૬
કામી, લિંગી, વાણિયો, કપટિ અનઈ કુનારી
સાચ ન બોલઇ પાંચ એ, છઠ્ઠઉ વલી જુયારી ૭

હિવ મુજ સરણો તમ તણો,હાથ સુ ઝાલઉ હાથ
પ્રારથિયા પહિઢઇનહીં, ઉત્તમ કરઇ સનાથ ૮

મૌન કરી બઈસી રહ્યા, રામ ઉત્તમ આચાર
પડઉત્તર દીધો નહીં,પણિ કુણ થયો પ્રકાર ૯

ખંડ ૬
ઢાલ બીજી

[હનુમાન સીતાને રામની મુદ્રા(વીંટી) આપે છે ત્યારે મંદોદરી પર સીતાનો રોષ અને હનુમાન-સીતા સંવાદ]

રાગ મારુણી
સીતા હરિખીજી, નિજ હીયડઈ સીતા હરિખીજી
હનુમંત દીધ રામના હાથની, મુંદ્રડી નયણે નિરખીજી ૧ સી૦

હલુચઈ હનુમંત જાઈ, સીત પ્રણામ કરેઈ
મુદ્રી ખોલા માહે નાખી, આણંદ અંગિ ધરેઈ ૨ સી૦

મુંદ્રડી દેખિ સીતા મન હરખી, જાણિ હુયો પ્રિય સંગમ
અમૃતકુંડમાંહે જાણે નાહી, વિહસ્યો તનુ થયો સંભ્રમ ૩ સી૦

રતન જડિત રંગીલો ઓઢણા, સીતા વગિસ્યઉં ઉત્તમ
હનુમંતને વલિ પૂછઈ હરખઈ, 'કુશલખેમ છઈ પ્રીતમ'? ૪ સી૦

કહઈ હનુમંત સંદેસો સગલો, રામ કહ્યો જે રંગ ભરિ
સુણિ સીતા વલિ અતિઘણું હરખી, દેખિ ભણઈ મંદોદરિ ૫ સી૦

'સુંદરિ આજ તું કિમ હરષિત થઈ, સંતોષી મુજ પ્રિયુડઈ?'
કોપ કરઈ સીતા કહઈ, 'કા તું ફોકટ ફાટઈ હિયડઈ ?
૬ સી૦

હરખનો હેતુ જાણિ તું એ મુખે, પ્રિયુની કુશલિ ખેમી
ઈનિ સાપુરસ મુદ્રડી આણી, આણંદ તેણ કરેમી' ૭ સી૦

પૂછઈ સીતા 'કહિ તું કુણ છઈ, કેહનો પુત્ર તું પરકજ?'
કહઈ 'હું પવનંજયનો નંદન, અંજનાસુંદરિ અંગજ. ૮ સી૦

હનુમંત માહરો નામ કહીજઈ, સુગ્રીવનઉ હૂં ચાકર
સુગ્રીવ પણિ રામનો ચાકર, રામ સહૂનો ઠાકર.' ૯ સી૦

ખંડ ૭ : ઢાલ ૧

[સીતાની મૂર્છા અને રાવણનો પશ્ચાત્તાપ]

‘સુણિ રાવણ’, સીતા ભણઈ, ‘મુક્ત ઉપરિતુ તાહરું સનેહ રે
થોડોઈ પણિ જો ધરઈ, જાણિ પરમારથ એહ રે ૧ ૪
વિ૦

લખમણ રામ ભામંડલા, જા જીવિસ્યઈ તા સીમ રે
હુંપણિ જીવિસિ તાં લગી, એહવો જાણિજો નીમ રે’ ૧ ૫
વિ૦

ઈમ કહતી ધરણી ઢલી, એ એ મોહની કર્મ રે
મરણ સમાન સીતા થઈ, રાવણ જાણ્યો તે મર્મ રે ૧ ૬
વિ૦

અવસર દેખનઈં ઈમ કહઈ, ‘હા હા મઈં કીધઉ અન્યાય રે
નિરમલ કુલ મઈ કલંકિયો, કુમતિ ઉપની મુક્ત કાઈ રે ૧ ૭
વિ૦

અત્યન્ત રાગ મગન થકા, હા હા વિછોહ્યા સીતા રામ રે
ભાઈ વિભીષણ દૂહવ્યો, મઈ કીધો ભુણ્ડો કામ રે ૧ ૮
વિ૦

જઉ હું સીતાનઈ પાછીસુપસ્યુ, તઉ લોક જાણિસ્યઈ આમ રે
દેખો લંકાપતિ વીહતઈં, એ કીધો અસમત્થ કામ રે ૧ ૯
વિ૦

હિવ મુક્ત ઈમ જુગતો અછઈ, સંગ્રામ કરુ એક બાર રે
લખમણ-રામ મૂકી કરી, બીજાનો કરું સંહાર રે' ૨ ૦
વિ૦

ઈમ મન મઈ અટકલ કરી, ઉઠ્યો સંગ્રામ નિમિત્ત રે
તિણિ સમઈં તિહા ઉપદ્રવ હુવા, ભૂકંપા દિગ્દાહ નિત્ત રે ૨ ૧
વિ૦

આડઉ કાલઉ સાપ ઉતર્યો, ચાલતા પડ્યો સિર છત્ર રે
સેઠ સેનાપતિ મંત્રવી, વારીજતો યત્ર તત્ર રે ૨ ૨
વિ૦

નગરી લંકા થકી નીસર્યો, સજિ સંગ્રામનો સાજ રે
બહુરુપિણિ ઈન્દ્રરથ સજ્યો, તિહાં બઈઠો જાણે સુરરાજ રે ૨ ૩
વિ૦

આગઈ હજાર હાથી કીયા, પાંચ પૂરે હથિયાર રે
માથઈ મુગટ રતને જડ્યો, કાને કુંડલ અતિ સાર રે ૨ ૪
વિ૦

ખંડ ૭ ઢાલ ૨

[લક્ષ્મણના ચક્રથી રાવણનો વધ]

રાવણ રોસ કરિ કહઈ જાણ્યો, તઈં તઉ ચક્ર તણો બલ આણ્યો ૪૭

અમ બોલઈ તો રાવણ દીઠો, લખમણ જાણ્યો એ તો ધીઠો ૪૮

લખમણ ચક્કરતન લે મુંકઈ, તે પણિ રાવણ થકી ન ચૂકઈ ૪૯

ચક્ક રાવણ નઈ થયો એહવો, પર આસક્ત નારી જન જેહવો ૫૦

તે તિણ કરિ ઝાલ્યો સુવિચારી, તેહિજ ફિરિ નઈ થયો ક્ષયકારી ૫૧

રાવણ લખમણ ચક્ક પ્રહારઈ, તતખિણ ઠલિ પડ્યો ધરતી તિવારઈ ૫૨

રાવણે પ્રબલ પવન કરિ ભાગો, રાવણ તાલ જ્યું દીસિવા લાગો ૫૩

રાવણે કેતુ ગ્રહ ઉપરતી, કિંવા ત્રુટિ પડ્યો એ ધરતી ૫૪

રાવણ સોહઈ પડિયો ધરતી, જાણે આથમતઉ સઉ દિનપતિ ૫૫

રાવણ પડતઉ દેખી ત્રાઠા, રાક્ષસ સુમટ સહુ જાયઈ નાઠા ૫૬

રાવણ સુગ્રીવ વિભીષણ ભાખઈ, ઈમ આશ્વાસન દેઈ રાખઈ ૫૭

તુમ્હનઈ એ નારાયણ સરણં, મત કો આણો ડર ભય મરણં ૫૮

સગલઉ રાવણ કટક નઉ મેલો, જઈ થયો રામચંદ્ર નઈ મેલો ૫૯

ઢાલ એ સાતમી ખંડની જાણો, બીજી ઢાલઈ માર્યો રાવણ રાણો ૬૦

પામી જયત પતાકા રામઈ, ઈમ કહઈ સમયસુંદર ઈણ ઠામઈ ૬૧

ખંડ ૯ ઢાલ ૨

દુહા ૧૩

[સીતાનો વિતરાગ, કેશલુંચન અને દીક્ષા]

કહઈ સીતા પ્રીતમ સુણો, તુમ્હે કહ્યો તે તેમ
પણિ હું ભોગથી ઉભગી, ચિત્ત અમ્હારો એમ ૧

પ્રેમઈ લપટાણી હુંતી, પહિલી તુમ્હ સું કંત
ઈણિતઈ મુઝનઈ પરિહરી, તે સાંમરઈ વૃત્તાંત ૨

તુલુ સુખુ સંસારના, દુખુ ઘણો દીસંત
સરવ મેરુ પટંતરઈ, કહો મન કિમ હીસંત ૩

તિણવાપુરિસે પરિહર્યો, કુટમ્બતણો પ્રતિબંધ
અંતકાલિ દુખ ઉપજઈ, પ્રીતમ પ્રેમ સમ્બન્ધ ૪

હા હા પછતાવો કરઈ, જઉ પહિલો પ્રતિ પ્રેમ
છાડ્યો હુત તો મુઝને, એ દુખ પડતા કેમ ૫

ભોગ ઘણેહી ભોગવે, જીવનઈ તૃપતિ ન હોઈ
સુપન સારીખ સુખુ એ, દુરગતિ દુખ દેઈ સોઈ ૬

તે સુખનહિં ચક્રવર્તિનઈ, જે સુખ સાધનઈ જાણિ
મઈ મનિ વાલ્યો માહરો, મ કહિસિ મુઝનઈ તાણિ ૭

ઈમ કહતી સીતા સતિ, કીધો મસ્તક લોચ
કેસ ક્લેસ દૂરઈં કિયા, સહુ ટલી મનની શોચ ૮

રામ દેખિ સીતા તણા, સ્યામ ભમરતે કેશ
મૂરછાગત ધરતી પડ્યા, આંણી મન અંદેશ ૯

ચંદનપાંણી છાંટિનઈ, ઘાલ્યા શીતલ વાય
બાંહ ઝાલી બઈઠા કિયા, રામ કહઈ હાય હાય ૧૦

તેહવઈ તિહા આયોવહી, સર્વગુપ્તિ મુનિરાય
તિણ દીક્ષા દીધી તુરત, સીતાને સુખદાય ૧૧

ચરણસિરી તિહા પહુતણી, તેહનઈ સુંપી એહ
સીતા પાલઈ સાધવી, સંયમ સૂધો જેહ ૧૨

પાંચસુમતિ ત્રિણ્હ ગુપતિ સું, નિરમલ ન્યાન ચરિત્ર
સાધઈ સીતા સાધવી, ઈરત અનઈ પરત ૧૩

ખંડ ૯ ઢાલ ૫

દુહા ૩૭

[સીતા છદ્મ રૂપે રામના સંયમની કસોટી કરે છે તે, અને રામનો સાચો વૈરાગ્યભાવ, કેવલી ધર્મ]

રામ ઉપરિ ફૂલાતણી, ગંધોદકની વૃષ્ટિ
કીધી સીતેન્દ્રઈ તિહા, ધારી રાગની દૃષ્ટિ ૬

સીતા રુપ પ્રગટ કરી, દિવ્ય વિકુર્વી રિદ્ધિ

રામચંદ્ર આગઈ કીયા, નાટક બત્રીસવદ્ધ ૭

નૃત્ય કરઈ અપછરા તિહા, ગાયઈ ગીત રસાલ
હાવ ભાવ વિભ્રમ કરઈ, વારુ નયન વિસાલ ૮

સીતા કહઈ થાવો તુમ્હેં, મુઝા ઉપરિ સુપ્રસન્ન
સામ્હો જોવો હે પ્રિયૂ, મુખિ બોલો સુવચન્ન ૯

આલિંગન દ્યઈ આવિનઈ, મુઝનઇ અપણી જાણિ
વિરહાનલ મુઝ વારિ તું, હે જીવન હે પ્રાંણ ૧૦

એ વિદ્યાધર કન્યકા, રૂપઇં રમ્ભ સમાન
તુઝ ઉપરિ મોહિ રહી, દ્યઉ તેહનઇ સનમાન ૧૧

પ્રીતમ કરિ પાણિગ્રહણ, ભરજોવન એ નારિ
ભોગવિ ભોગ સભાગિયા, લ્યઉ જીવન ફલસાર ૧૨

ધરમ કરિજઇ સુખભણી, તે સુખ ભોગવિ એહ
કર આયા સુખ કાં તજી,પ્રીતમ પડઈ સંદેહ ૧૩

વચન સ-રાગ સીતા કહ્યા,ઇમ નાના પરકાર
બીજા નર ચૂકઈ તરત, વચન સુણી સવિકાર ૧૪

પણિ શ્રીરામ મુનિસરુ, રહ્યા નિશ્ચલ કાઉસગ્ગ
રામરાય ચૂકા નહીં, જિમિ ગિરિ મેરુ અડિગ્ગ ૧૫

રામ ક્ષપક શ્રેણઈ ચડી, ધર્યો નિરંજન ધ્યાન
ચ્યારિ કરમ ચૂરી કરી, પામ્યો કેવલ ન્યાન ૧૬

કેવલિ મહિમા સુર કરઈ, કંચણ કમલ ઠવેઈ
પદ વંદઈ સીતેન્દ્ર પણિ, ત્રિણ્ય પ્રદક્ષિણા દેઈ ૧૭

મોક્ષ તણો મારગ કહ્યો, સુધો સાધનો ધર્મ
બીજો શ્રાવકનો ધરમ, ત્રીજો સગલો ભ્રમ ૨૧

સાંભલિજે સીતેન્દ્ર તું, રાગ-દ્વેષ એ બેય
પાપમૂલ અતિ પાડુયા, દુખુ નરગના દેય ૨૨

રાગ-દ્વેષ છોડી કરી, કરિ શ્રી જિનવર ધર્મ
સુખુ પામઈ જિમ સાસતા, બાત તણો એ મર્મ ૨૩

ખંડ ૯ : ઢાલ ૭

[કાવ્યનો અંતિમ અંશ, પૂર્ણાહુતિ]

રાગ ધન્યાસિરી

ઢાલ-સીલ કહઈ જગિ હુ બડો એ સંવાદશતક ની બીજી ઢાલ
અથવા પાસ જિણદ જુહારિયઈ એ તવનની ઢાલ

સીતારામની ચઉપઈ, જે ચતુર હુયઈ તે વાચો રે
રાગ રતન જવહર તણો, કુણ ભેદ લહઈ જે કાચો રે ૧ સી૦

નવરસ પોષ્યા મઈ ઈહાં, તે સુઘડો સમજી લેજ્યો રે
જે જે રસ પોષ્યા ઈહા, તે ઠામ દીખાડી દેજ્યો રે ૨ સી૦

કે કે ઢાલ વિષમ કહી, તે દૂપણ મતિ ઘો કોઈ
સ્વાદ સાબૂની જે હુયઈ, તે લિહંગટ કદે ન હોઈ રે ૩ સી૦

જે દરબારિ ગયો હુસ્યઈ, ઢુંઢાડિ મેવાડિનઈ દિલ્લી રે
ગુજરાતી ને મારવાડીમાં તે કહિસ્યઈ ઢાલ એ ભલ્લી રે ૪ સી૦

x x x

સીતારામની ચઉપઈ, એહનઈ આગ્રહ કરિ કીધી રે
દેસપ્રદેસ વિસ્તરી, જ્ઞાન બુદ્ધિ લિખવંતા લીધી રે ૨૩ સી૦

શ્રી ખરતરગચ્છ રાજીયા, શ્રીયુગપ્રધાન જિનચન્દો રે
પ્રથમ શિષ્ય શ્રીપૂજ્યના, ગણિસકલકંદ સુખકંદો રે ૨૪ સી૦

સમયસુંદર શિષ્ય તેહના, શ્રી ઉપાધ્યાય કહીજઈ રે
તિણ એ કીધી ચઉપઈ, સાજણ માણસ સલહીજઈ રે ૨૫ સી૦

વર્તમાન ગચ્છના ધણી, ભટ્ટારક શ્રી જિનરાજો રે
જિનસાગરસૂરીસરુ આચારિજ અધિક દિવાજો રે ૨૬ સી૦

એ ગુરુનઈ સુપસાઉલઈં, એ ચઉપઈ ચડી પ્રમાણો રે
ભણતાં સુણતાં વાંચતાં, હુયઈ આણંદ કોડિ કલ્યાણો રે ૨૭ સી૦

ooo

૨૭

નયસુંદર(૧૬મી ઉત્તરાર્ધ–૧૭મી પૂર્વાર્ધ)

વડ-તપગચ્છના ધનરત્નસૂરિની પરંપરામાં પંડિત ભાનુમેરૂગણિના શિષ્ય કવિ નયસુંદરે રૂપચંદકુંવર રાસ, સુરસુંદરી રાસ જેવી ઘણી લાંબી કૃતિઓ તથા સ્તવનાદિ લઘુ કૃતિઓ રચનાર આ કવિ સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, ઉર્દૂના જાણકાર હતા.

સુરસુંદરી રાસ-માંથી

ઢાળ પમી

(આ ઢાળમાં પિતાની પુત્રી માટે વિવાહ ચિંતા અને શેઠના દીકરા માટેની પસંદગીનો પ્રસંગ સુંદર રીતે વર્ણવાયો છે.)

રાગ રામગ્રી
રાય કહેં રાણી પ્રતિ, સુણો કામિનીજી,
વાત અપૂરવ એક, ગજગામિનીજી;
એ કુમરી સુરસુંદરી, સુણો કામિનીજી,
શીખી વિનય વિવેક, ગજગામિનીજી. ૧

ચોસઠ કળા કુશળ હવી, સુણો કામિનીજી,
જાણે શાસ્ત્રવિનોદ, ગજગામિનીજી;
દેખી સુતાની ચાતુરિ, સુણો કામિનીજી,
મુજ મન થાય પ્રમોદ, ગજકગામિનીજી. ૨

યૌવન વય પૂરણ હવી, સુણો કામિનીજી,
રૂપતણો ભંડાર, ગજગામિનીજી;

રાજધાની પંચબાણની, સુણો કામિનીજી,
ગુણ નવિ લાભેં પાર, ગજગામિનીજી. ૩

શશિવદની મૃગલોચની, સુણો કામિનીજી,
સિંહ હરાવે લંકા, ગજગામિનીજી.
પદમ લીણું જઈ પંક, ગજગામિનીજી. ૪

એ સરીખો વર કુણ હસેં, સુણો કામિનીજી,
અમ મન ચિંતા એહ, ગજગામિનીજી.
સરિખા સરિખી જોડી મિલેં, સુણો કામિનીજી,
તો વાધે બહુ નેહ, ગજગામિનીજી. ૫

મેં પટ લિખી અણાવીઆ, સુણો કામિનીજી,
રાજકુમર બહુરૂપ, ગજગામિનીજી;
પણ એ યોગ એકુ નહિ, સુણો કામિનીજી,
વળીવળી ભાખે ભૂપ, ગજગામિનીજી. ૬

નગરશેઠ છે આપણો, સુણો કામિનીજી,
વ્યવહારીઓ સુજાણ, ગજગામિનીજી;
નામે ધનાવહ ધનધણી, સુણો કામિનીજી,
પાળે જિનવર આણ, ગજગામિનીજી. ૭

પુત્ર અનોપમ તેહનો, સુણો કામિનીજી,
સકળ કળા શિણગાર, ગજગામિનીજી;
રૂપેં અમર હરાવીએ, સુણો કામિનીજી.
નામે અમરકુમાર, ગજગામિનીજી. ૮

એક નેશાળેં બેહુ ભણ્યાં, સુણો કામિનીજી,
સુતા આપણી સોય, ગજગામિનીજી;
સરિખા-સરિખી છેં કળા, સુણો કામિનીજી,
રૂપેં સરિખા દોય, ગજગામિનીજી. ૯

શાસ્ત્ર-સંવાદ કરાવીઓ, સુણો કામિનીજી,
સભા માંહિં મેં કોડી, ગજગામિનીજી;
બિહુ તવ સરિખાં પરખિયાં, સુણો કામિનીજી,
એ દીસેં સરિખી જોડી, ગજગામિનીજી. ૧૦

ચિત્ત રૂચેં જો તાહરે, સુણો કામિનીજી,
તો કીજે એ વાત, ગજગામિનીજી;
કુઅર વ્યવહારી તણો, સુણો કામિનીજી
કરો યુવતી યામાતા ગજગામિનીજી ૧૧

ooo

૨૮ નરહરિ
૨૯ અખો/અખાજી
૩૦ યશોવિજય
૩૧ આનંદઘન
૩૨ વજિયો
૩૩ બૂટા/બૂટિયો/બુટાજી
૩૪ ઇન્દ્રાવતી/પ્રાણનાથ સ્વામી
૩૫ શિવાનંદ
૩૬ આંબાજી/આંબો છઠ્ઠો
૩૭ ભાણદાસ
૩૮ ગોપાળદાસ
૩૯ માધવ
૪૦ વિશ્વનાથ
૪૧ પ્રેમાનંદ
૪૨ લાલદાસ
૪૩ રત્નેશ્વર
૪૪ નયવિજય
૪૫ અનુભવાનંદ
૪૬ ઉદયરત્ન
૪૭ જિનહર્ષ
૪૮ જ્ઞાનવિમલ/નયવિમલ
૪૯ મૂળદાસ
૫૦ પુરીબાઈ
૫૧ મેકરણ

૨૮

નરહરિ (૧૭મી સદી પૂર્વાર્ધ):

આ જ્ઞાનમાર્ગી ધારાના કવિ અખાના નિકટના પુરોગામી હતા. 'હસ્તામલક' કે 'શિવગીતા' એમની સૌથી લાંબી (૫૦૧ કડીઓની) કૃતિ છે. પણ એમની સર્વોત્તમ કૃતિ તો જ્ઞાનવિચારને પ્રૌઢિ અને પક્વતાથી આલેખતી 'જ્ઞાન-ગીતા' છે. 'હરિલીલામૃત' જેવાં બીજાં લાંબાં કાવ્યો પણ એમણે લખ્યાં છે. 'કક્કો', 'માસ' આદિ લઘુકૃતિઓ ઉપરાંત વૈષ્ણવસંસ્કારોને વ્યક્ત કરતાં થોડાંક 'કીર્તનો' પણ એમણે રચ્યાં છે, એમાં અધ્યાત્મજ્ઞાન ઉપરાંત ભક્તિભાવનું આકર્ષક મિશ્રણ થયેલું છે.

૧ પદ; જ્ઞાનગીતા

૧.

ભાઈઓ, ભરમ ન ભૂલીયિ
ભાઈઓ ભરમ ન ભૂલીયિ માયા મૃગજલ રૂપ રે
સંસાર સ્વપ્ન સમતુલ્ય છે સત્ય બ્રહ્મસ્વરૂપ રે.

રૂપનાંમ સ્થિરતા નહી યમ નહી રજૂ ભૂજંગ રે,
શૂક્તિ રજત વર્ણાશ્રમ તેહશૂં કીશો પ્રસંગ રે

.

ભૂત ભવિશ્ય ને વર્તમાંન એ પદારથ જ ચ્યાર રે,
વ્યોમ કુસુમવત જાંણયો જે જન્મમરણ અવતાર રે.

મન કલ્પી યે યે કહ્યું નાંમમાત્ર તાં તેહ રે,
શશકશ્રૃંગ વંધ્યાસુત તેહ શું કીશો સનેહ રે.

અણકલ્પ્યૂં અવીનાશ છે તે તો પદનીર્વાણ રે,
આપિ આપ લ્યો ઓલષી એ અનૂંભવ પ્રમાણ રે.

જાંણનહાર તે જાંણયો જાંણે જાંણવૂં છે એહ રે,
કહિ નરહરિ એ ઓલષી ટલિ સર્વ સંદેહ રે.

'જ્ઞાનગીતા' -માંથી

પરબ્રહ્મનો પ્રકાશ

બુધ્ય સંસારી ટલે, પ્રકાશ હોયે પ્રબ્રહ્મનો;
ગ્રંથિ ગલે, સંશે ટલે, ક્ષય હોયે સર્વ કર્મનો.

પરબ્રહ્મ હસ્તામલક હોયે, અને ટલે સકલ વિકાર;
એ આત્મવિદ્યાને અનુભવે, ભાસે નહી સંસાર.

જ્યમ એક જ્યોત્ય દીપક બહુ, અને એક નીર બહુ કૂપ;
કનક એમ ભૂષણ બહુ, ઈમ એક આત્મા બહુ રૂપ.

રત્નકુંભવત્ આત્મા, સ્વયં બાહ્ય મધ્ય પ્રકાશ;
ઈમ નિરંતર નિર્મલ નિશ્ચલ, અખંડિત અવિનાશ.

દ્વૈતબુધ્ય હોયે જ્યહાં લગે, ભાઈ! ત્યહાં લગે અજ્ઞાન;
દ્વૈતબુધ્ય ત્યારે ટલે, જ્યારે આવે બ્રહ્મજ્ઞાન.

બ્રહ્મજ્ઞાને ભરમ ભાજે, નિરંતર બ્રહ્મ જોય;
બ્રહ્મજ્ઞાન તો પ્રગટે, જો સંત-સંગત હોય.

સતસંગે ટલે સંશે, હોય દૃષ્ટિ સમાન;
વિશ્વ બ્રહ્માકાર ભાસે, ઈમ કહે શ્રીભગવાન.

જ્યમ પાણીથી પાલો હોયે, પાલો તે પાણીરૂપ;
ઈમ નિર્ગુણ સગુણ પરમાત્મા, સઘલે તે સત્યસ્વરૂપ.

એહ લક્ષણ જ્ઞાનનું, જે ભિન્ન ભાવ ન હોય;
વિશ્વ આત્મસ્વરૂપ જાણે, બ્રહ્મવેત્તા (તે) સોય.

રૂપ માંહે અરૂપ વ્યાપક, અરૂપ માંહે રૂપ;
આકાશવત્ પરમાત્મા, ચૈતન્ય બ્રહ્મસ્વરૂપ.

જ્યમ અમ્રિત પામી અમર હોયે, એમ બ્રહ્મભાવે હોયે બ્રહ્મ;
એ અનુભવ રુદે રાખો, છાંડો હું-તું ભર્મ.

સમાન દૃષ્ટિ સઘલે કરો, પરહરો રાગ ને દ્વેષ;
ત્યહાં લગે તત્ત્વ ન જાણીયે, જ્યહાં લગે હું-તું શેષ.

હું-તું ટળતાં જે રહે, ભાઈ! તત્ત્વ કૈવલ્ય તેહ,
તત્ત્વે તત્ત્વ તે જાણીયે, એ માંહે નહીં સંદેહ.

જ્યમ ચંદ્રકાંતે ચંદ્ર દીસે, અર્કે (તે) અર્ક પ્રકાશ;
રત્નતેજે રત્ન દીસે, ઈમ વસ્તેં વસ્તુ સમાસ.

વસ્તુ માંહે વિશ્વ વરતે, વિશ્વ માંહે વસ્ત;
વસ્તુ તેહ તહ્યો જાણજ્યો, જે રહિત ઉદે ને અસ્ત. ૦ ૦ ૦

૨૯

અખો (ઈ. ૧૭મી સદી પૂર્વાર્ધ):



૧૨ પદો; ૬૭ છપ્પા;
અખેગીતા; અનુભવબિંદુ;
ચિત્તવિચાર સંવાદ; ગુરુશિષ્ય સંવાદ

ગુજરાતીની જ્ઞાનમાર્ગી કવિતાના આ સર્વોત્તમ કવિએ શાંકરવેદાન્તના તત્ત્વજ્ઞાનને ઘૂંટીને તથા લોકપ્રચલિત દૃષ્ટાન્તો-રૂઢપ્રયોગોને ગૂંથીને એને કવિતાની ઊંચાઈએ પહોંચાડેલું છે. 'અખેગીતા', 'અનુભવબિંદુ', 'ગુરુશિષ્ય-સંવાદ', ચિત્તવિચાર-સંવાદ' આદિ સળંગ દીર્ઘ કાવ્યકૃતિઓમાંઅખાએ, ઉમાશંકર જોશી કહે છે એમ, 'તત્ત્વ-વિચારને શિખરે પલાંઠી લગાવી છે' , તો જુદાજુદા સમયે લખાયેલા સાડાસાતસો જેટલા 'છપ્પા'માં એ જ તત્ત્વવિચારને એમણે લોકભોગ્ય ભૂમિકાએ આલેખ્યો છે અને ધાર્મિક દંભ સામેના રોષને કટાક્ષ દ્વારા નિરૂપ્યો છે.

આ ઉપરાંત એમણેસોરઠા, રમેણી, કુંડળિયા, સાખી, કક્કો, મહિના, પદો, આદિ વિવિધ સ્વરૂપોમાં ટૂંકી રચનાઓ કરી છે ને વિષય-સ્વરૂપ આદિનું વૈવિધ્ય તથા જ્ઞાનલક્ષી કવિત્વનું ઊંડાણ સિદ્ધ કર્યું છે. એમનાં પદોમાં મુખ્ય ભાવે તત્ત્વવિચાર રહેલો હોવા છતાં એમાં ભક્તિસંવેદન અને ભક્તિબોધની વધુ મોકળાશ પણ જોવા મળે છે. પદોમાં રાગ-ઢાળ વૈવિધ્ય અને પ્રાસાદિકતા પણ અનુભવાય છે.

પદો

૧.
શાં શાં રૂપ વખાણું, સંતો રે શાં શાં રૂપ વખાણું?
ચાંદા ને સૂરજ વિના, મારે વાયું છે વહાણું.
નેજા રોપ્યા નિજ ઘામમાં, વાજાં અનહદ વાજે;
ત્યાં હરિજન બેઠા અમૃત પીએ, માથે છત્ર વિરાજે.

નૂરત સૂરતની શેરીએ, અનભે ઘર જોયું,
ઝળમળ જ્યોત અપાર છે, ત્યાં મુજ મન મોહ્યું.

વિના રે વાદળ, વિના વીજળી, જળસાગર ભરિયું;
ત્યાં હંસરાજા ક્રીડા કરે, ચાંચે મોતીડું ધરિયું.

માનસરોવર ઝીલતાં, તું તો તારું તપાસે;
તેને તીરે વસે નાગણી, જાળવજે નહિ તો ખાશે.

ઝગમગ જ્યોત અપાર છે, શૂન્યમાં ધૂન લાગી;
અખો આનન્દશું ત્યાં મળ્યો, ભવભ્રમણા ભાગી.

૨.
કાગળ સદ્‌ગુરુ લખે, જેના વિરલા છે વાંચણહાર.

જ્ઞાનવૈરાગ્યનો દેહ ધર્યો, માંહી જોગપણાને જીવ;
ભક્તિ આભૂષણ પહેરિયાં રે, એવો કોઈએક સેવક શિવ.

શીલરૂપી ખડિયો કર્યો, માંહી પ્રેમતણી રુશનાઈ;
કલમ બુદ્ધિ સંતની રે, ત્યાં તો અદ્વૈત આંક ભરાઈ.

સુરતનુરતની દોરી લીટી, માંહી વિવેક તણી ઓળ;
વિચારી અક્ષર ત્યાં લખ્યા રે, તેમાં ઉતારી પાટણપોળ.
સમજણ કાનો માતરા રે, માયા ઉપર શૂન્ય;
તેમાં પરિપૂરણ બ્રહ્મ છે રે, ત્યાંહાં નહિ પાપ ને પુન્ય.

કોટિ કોટિ પંડિત પચી મૂઆ રે, પઢી પઢી વેદ પુરાણ;
તોયે અક્ષર એકે ન ઊકલ્યો રે, સરવે થાક્યા છે જાણ સુજાણ.

અંધે તે અક્ષર વાંચિયા રે, બેહેરે સુણી વાત;
મુગે ચરચા બહુ કરી રે, તેની વેદ પૂરે છે સાખ.

જોગપણું જુગતે લહ્યું રે, મન મળી મંગળ ગાય;
વિચારી અક્ષર સૌ લખે રે, તોયે કાગળ કોરો કહેવાય.

અમરાપુરી નિજ ઘટમાં રે, ત્યાંહાં છે તેહનો વાસ;
કર જોડીને અખો કહે રે, એવા નિર્મળ હરિના દાસ.

૩.
સગુરા બહુ મળે રે, તે નગુરો નિરંજન નાથ;
તે ઉપદેશ પાખે એકલો, તેનું હારદ નાવે હાથ.

જેણે વણનિર્મ્યું તે વિશ્વ નિર્મ્યું, વણમશાલે વીર;
અવનીદળ ક્યાંહાંથું કર્યું? અને ક્યાંહાંથું કહાડ્યું નીર?

તેજ તે તપતું કર્યું અને અનિલે કીધો અરૂપ;
આકાશ કીધું અટપટું, તે નગુરો કહાવે ભૂપ.

નગુરા વડે ગુરુઆ ગુરુ, બાંધે ગિરાના બંધ;
તે ખટ દર્શન થઈ ખટપટે, પણ અનુભવવિહુણા અંધ.
તે સ્વે સગુરા, સગુરો કરે, જે કો મળે એવી આશ;
જેમ મૃગ મરાવ્યું મલપતાં, પાડી પશુને પાશ.

નગુરો નિઃશેષે નિર્મળો, જેને અંતર નહીં કશું આપ;
તે મણિની પેરે ઝળહળે, તેને તેજ, પણ નહીં તાપ.

એ તો દિનકર વડે દિન પરઠીએ, નહીં તો દિવસ નહીં, નહીં રાત;
નિર્વાણી પદ નગુરા તણું, જ્યાંહાં મન વાણી નહીં, તાત!

રચના તે રચતે રુંધમાં, ભાઈ નભ ન આવે જેમ;
તે ગૂઢ રાખે ગોલકે, પોતે પપસરતું તેમ.

અધો ઊર્ધ્વ શું? શા થકું? જો જમલી નહીં કો જોડ;
તેમ નગુરો નિર્દાવે રહે, જ્યાંહાં ઘટ નહીં, નહીં મોડ.

સન્મુખ થઈને સમજતા, ભાઈ! વોળે આવે વાત;
પણ વાદે વળગણ વાધતી, ભાઈ! ધામ ન પામે ધાત.

નગુરો તે સ્વે નરહરિ, જ્યાંહાં દ્વૈત નહીં, નહીં એક;
જ્યમ છે ત્યમનું ત્યમ અખા, નેતિ નેતિ ને શેષ.

૪.
સમજણ વિના રે સુખ નહિ જંતને રે;
વસ્તુગતિ કેમ કરી ઓળખાય?
આપમાં વસે છે આપનો આતમા રે,
તેણે કાંઈ જીવપણું નવ જાય.

રવિ રવિ કરતાં રે રજની નહિ મટે રે,
અંધારું તો ઊગ્યા પૂંઠે જાય;
રુદે રવિ ઊગે રે નિજ ગુરજ્ઞાનનો રે,
થનાર હોય તે સહેજે થાય.

જળ જળ કરતાં રે તૃષ્ણા નવ ટળે રે,
ભોજન કહેતાં ન ભાંગે ભૂખ;
પ્રેમરસ પીતાં રે તૃષ્ણા તુરત ટળે રે,
એમ મહાજ્ઞાનીઓ બોલે છે મુખ.

પારસમણિ વિના રે જે પથરા મળે રે,
તેણે કાંઈ કાંચન લોહ ન થાય;
સમજણ વિના રે જે સાધન કરે રે,
તેણે કાંઈ જીવપણું નવ જાય.

દશ મણ અગ્નિ રે લખિયે કાગળે રે.
એને લઈ રૂ માં જો અલપાય;
એની અગ્નિથી રે રૂ નથી દાઝતું રે,
રતી એક સાચે પ્રલય જ થાય.

જીવપણું માટે રે અનહદ ચિંતવ્યે રે,
એ તો વાણી રહિત છે રે વિચાર;
જે જે નર સમજ્યા રે તે તો ત્યાં સમ્યા રે,
કહે અખો ઊતર્યા પેલે પાર.

૫.
સંતો! આવોજી દેશ હમારડે, જ્યાં છે સદા રે વસંત;
સ્વર્ણ-સ્ફટિકવર્ણાં રે ફૂલડાં, તેનો નાવે રે અંત.

સંતો! મૃદંગ બાજે રે અણમઢ્યાં, વિના મુખ ગાવે રે ગીત;
દિવસ રજની રે સંતો! ત્યાં નહીં, નહીં ઉષ્ણ ને શીત.

સંતો! ઇન્દ્રિય અગોચર તે સદા, ત્યાં નહીં કાળ ને કર્મ;
પવન-પ્રવેશ સંતો! ત્યાં નહીં, ત્યાં છે હરિ પરબ્રહ્મ.

ગુરુગમ હોય તે ચાલે એણે મારગે, વાટ વિહંગમ કેરી;
પગ ન ટકે રે પિપીલનો, ત્યાં છે સાંકડી શેરી.

સંતો! મુનિવર મેળો રે ત્યાં કરે, ત્યાં નહીં બિંદુ ને નાદ;
તુરીયાતીત સંતો! ત્યાં લહે, જો જાયે અહંવાદ.

સંતો! મન રે મારીને મજ્જન કરે, પરમ જ્યોતમાં ભળે;
ખગાકાર એ તો થઈ રહે, તે નર પાછો ના વળે.

સંતો! આકાશથી ઓઘેરડું, તેનું રૂપ નહીં નામ;
સહેજે શૂન્ય નિહાળતાં, દેખ્યું પૂરણ ધામ.

સંતો! જ્ઞાન-હિમાળે જે ગળે, તે નર આવે ન જાય;
અખા ગુરુ બ્રહ્માનંદ ભેટતાં, જ્યોતમાં જ્યોત સમાય.

૬.

ભાઈઓ રે, વહેણે ના વહીએ;
આતમ શું અવલંબીએ, લેહેમાં લીન થઈએ.

અધિષ્ઠાન ઓળખ્યા વિના, સહુ પંથે પળાય;
ધાતા ધસતા દેખીએ, ઘરના ઘરમાંય.

માયાનું મોહદપણું, અટપટું એવું;
સૂક્ષમથી અતિ સાંકડું, વિસ્તરણે તેવું.

જ્યમ ઘાયો ઘાણી તણો, નિશદિન બહુ હીંડે;
તે જાણે જે આઘો ગયો, માયા મીંડેની મીડે.

એહ અજાને લ્યો ઓળખી, ધાતાં ધામ ન આવે;
અંધારું ઉલેચતાં, નહીં તિમિર નશાવે.

જ્યમ વહેતે વહેતું દેખીએ, બેઠાં બેઠાં જલકાંઠે,
ઠેરાણા તે ઠામ છે, પામો મણિ કંઠે.

ઊંચો અનુભવ આણીએ, દિશા દિવ્યની લીજે;
કામ ક્રોધ કૃત કામના, મહાજન નહીં રીઝે.

જાણી શકો તે જાણજો, થોડામાં ઘણું ભાખ્યું;
લહી શકે તે લહે અખા, અજમાલે નાખ્યું.

૭.

"લાજુ, લાજ ન રહિયે, માહારી સજની! ગઈ લાજ બોહોર ન આવે રે;
માહારું કહ્યું તું માન, માનુની! જો તાહારે મન ભાવે રે.

આઠે પોહોર રહે ઘૂંઘટમાં, મનમાં જાણે હું જાગી રે;
તાહારો જાગણો નીંદ સરીખો, જો સાચે સંગ ન લાગી રે.

ગળે બાંહોલડીનો મર્મ ન જાણ્યો, બાહાર ફરે બુધ્યહીણી રે;
તેરી ચતુરાઈ મૂરખ હોય નીમડી, જો વાત ન સમઝી ઝીણી રે.

સરખી સહિયરમાં હરતી ને ફરતી, પણ લાભ લીધા વિના લૂખી રે;
આછો અંગ દિખાયો લોકનમેં, પણ ભોગ સમે રહી ભૂખી રે.

લટકાળા લાલસું લાહો ન લીધો, ગાયો નહીં જસ ન્યારો રે;
ભલે ભૂલી તું ભોળી ભામિની" કેહેત અખો સોનારો રે.

૮,

એક સેજે સખી વીતી સર્વ શર્વરી, પરવરી પિયુ શું પ્રેમરંગે;
રસબસ થાતાં કહેવા કંઈ નવ રહ્યું, અદ્‌ભુત રસ પડ્યો એક અંગે.

એક અનુભવ તે જુગમ થઈ નીમડે, જુગમ જોતે થકે એક ભાસે;
(એમ) જાણી વિચારીને વિધ્ય વિધ્યે વિલસતાં, કંઠ પરસ્પર હસ્ત હાસે.

શાસ્ત્ર સઘળાં જ સિદ્ધાંત કરતે થકે, વદ કરતાં વપુ જાય છૂટી;
તે પ્રભુ અધક્ષણ અંગ અલગો નહીં, રસતણો સિંધુ નવ જાય ખૂટી.

હું ખોળે પિયુ મુજ મુખે નેત્ર લખે, મુજ પખે નવ રહે નાથ નેમે;
ભોગ વિલાસ આનંદ નિત નવનવા, મુજ પડ્યું પાધરું પૂર્વ પ્રેમે.

અદ્‌ભુત રસ પુરાતન પદ્મની, અસનપણે તે રહેતો અજાણ્યો;
જાણ યૌવનપણું આવ્યું અંગે અખા, દ્વૈત અદ્વૈત રસ મંન માણ્યો.

૯.
નટ વપુ નીરખીને નાર થઈ વ્યાકુળી, આકુળી અંગના એમ ભાખે:
'શોભા-સિંધુમાંહાં પ્રાણ મોરા, સખી! શીઘ્ર થૈને આજ તું જ રાખે. ૧

કોટિ કંદર્પ સુભગ શ્યામલવરણ, નૃપ નંદલાલ નીરખો જ નેણે;
ચિત્તતણું ચિત્ત ચાલ્યું ચિદાનંદમાં, વલ્લભ વક્ર ન થાય વેણે.' ૨

નેત્રને નીરખીને નાર સમરથ નથી, માનિની થઈને કો માન કરવા;
નેણ ને વેણ વાર્યું કોઈ નવ કરે, એક એક આગળે જાય વરવા. ૩

મસમસતો મોડે ભર્યો મહાવજી, મરકલાં કરતો સુરતવંતો;
મનોજની ફોજ જીતીને પાછો ફર્યો, મહાસતી કેરડાં મંન હરતો. ૪

સખીએ સંયોગ કર્યો શ્રીનાથનો, રસભર્યાં રેણ, રસ વાધ્યો રંગે;
સુરત-સાગર માંહાં બેહુ ઝીલતાં હવાં, અખા અવલોકતાં આવ્યાં અંગે.૫

૧૦.

સાંતીડું જોડીને સમજાવીએ, રૂડાં રામનાં બીજ લઈ વાવીએ. ટેક

દયા મયાના ડોળિયા, પ્રાણી પ્રેમનાં જોતર વાળ,
પ્રાણી! પ્રેમના જોતર વાળ;
રાશ લેજે ગુરુજ્ઞાનની, તારે સંત પરોણો હાથ. – સાંતીડું

પહેલી ગણ પધોરની, પ્રાણી! કાળનાં ગુંડા કાઢ, પ્રાણી! કાળનાં
બીજી ગણ બહુ નામની, તારાં પાપ સમૂળાં જાય. – સાંતીડું

ત્રીજી ગણ ત્રિભોવનની, પ્રાણી! ત્રષ્ણા-બેડી ટાળ, પ્રાણી! ત્રષ્ણા
ચોથી ગણ ચત્રભુજની, તારાં ખેતર આવ્યાં તાર. – સાંતીડું

ત્રાટકતી આવી વાવણી, ભાઈ! સત્યની ઓરણી બાંધ, પ્રાણી! સત્યની
પાંચ આંગળીએ રે પૂરજે, તારે લાખે લેખાં થાય. – સાંતીડું

ઊગીને જ્યારે ઓળે ચડ્યું, પ્રાણી! વાડની મકર વેલ, પ્રાણી! વાડની
ચોયે દિશાએ રાખ સુરતા, એથી પાકશે રૂપારેલ. – સાંતીડું

પોંક આવ્યો હવે પાકશે, પ્રાણી! મનનો મેડો નાખ, પ્રાણી! મનનો
ગોફણ લેજે જ્ઞાનની, ભાઈ! પ્રેમના ગોળા ફેંક. – સાંતીડું

ઢાળીડો આવ્યો ઢાળવા, પ્રાણી! ઢાળ ભલેરી થાય, પ્રાણી! ઢાળ
ખાઓ પીઓ ધન વાવરો, એનો ભોગ ભગવાનને જાય. – સાંતીડું

ગાણું ગાજે હવે જ્ઞાનનું, ભાઈ હૈયાની હુંપદ હાર, પ્રાણી! હૈયાની

અખો ભગત કહે પ્રભુ ભજ્યા વિના, નહિ ઊતરો ભવપાર;
સાંતીડું જોડીને સમજાવીએ, રૂડાં રામનાં બીજ લઈ વાવીએ.

૧૧

શાં શાં રૂપ વખાણું, સંતો રે! શાં શાં રૂપ વખાણું?
ચાંદા ને સૂરજ વિના, મારે વાયું છે વહાણું. સંતો૦

ને જા રોપ્યા નિજધામમાં, વાજાં અનહદ વાજે;
ત્યાં હરિજન બેઠા અમૃત પીએ, માથે છત્ર વિરાજે. સંતો૦

નૂરત-સૂરતની શેરીએ અનભે ઘર જોયું;
ઝળમળ જ્યોત અપાર છે, ત્યાં મુજ મન મોહ્યું. સંતો૦

વિના રે વાદળ, વિના વીજળી, જળ સાગરભરિયું;
ત્યાં હંસરાજા ક્રીડા કરે, ચાંચે મોતીડું ધરિયું. સંતો૦

માનસરોવર ઝીલતાં, તું તો તારું તપાસે;
તેને તીરે વસે નાગણી, જાળવજે, નહિ તો ખાશે. સંતો૦

ઝગમગ જ્યોત અપાર છે, શૂન્યમાં ધૂન લાગી;
અખો આનંદ-શું ત્યાં મળ્યો, ભવભ્રમણા ભાગી. સંતો૦

૧૨

જ્ઞાનઘટા ચડ આઈ, અચાનક જ્ઞાનઘટા ચડ આઈ! ટેક
અનુભવજલ-બરખા બડી-બુંદન, કર્મકી કીચ રેલાઈ! અચાનક૦

દાદુર, મોર, શબદ સંતનકે, તાકી શૂન્ય મીઠાઈ. અચાનક૦
ચહુદિશ ચિત્ત ચમકત આપનપોં, દામિની સી દમકાઈ. અચાનક૦
ઘોર ઘોર ગરજત ઘન ઘેહેરા, સતગુરુ સેન બતાઈ. અચાનક૦
ઊમગી ઊમગી આવત હે નિશદિન, પૂરવ દિશા જનાઈ. અચાનક૦
ગયો ગ્રીષ્મ અંકુર ઊગી આયે, હરિહરકી હરિયાઈ. અચાનક૦
શુક્ર-સનકાદિક શેષ સહરાયે, સોઈ અખાપદ પાઈ! અચાનક૦

છપ્પા (૭૫૬માંથી ૬૭)

શિષ્ય અંગ

સુતર આવે ત્યમ તું રહે, જ્યમત્યમ કરીને હરિને લેહ.
વેષ-ટેક છે આડી ગલી, પેઠો તે ન શકે નીકળી.
અખા કૃત્યનો ચઢે કષાય, રખે તું કાંઈ કરવા જાય! ૧

રંગ ચઢે તે જાણો મેલ, પોતે રહેતો સામું સહેલ.
આપે આત્મ સ્વયંપ્રકાશ, કર્મધર્મનો કાં દે પાસ?
અખા એ સદ્‌ગુરુનીકલા; સમજી રહે, નહિ તો વાધે બલા. ૨

ખટદર્શનના જૂજવા મતા, માંહોમાંહે તેણે ખાધી ખતા.
એકનું થાપ્યું બીજો હણે, અન્યથી આપને અધિકો ગણે.
અખો એ અંધારો કૂવો, ઝઘડો ભાગી કો નવ મૂઓ. ૩

પડે નહીં જે પૃથ્વી સૂએ, કને નહીં તે કહો શું ખુએ?
ટાઢું ઊનું નોહે આકાશ, પાણીમાં નોહે માખણ છાશ.
બ્રહ્મજ્ઞાન એવું છે અખા, જ્યાં નહિ સ્વામી, સેવકને સખા. ૭

છોત અંગ

બારે કાળ ભોગવે એ બે, સહુને ઘેર આવીગઈ રહે.
અખા હરિજાણ્યે જડ જાય, નહિ તો માનસાવાચા પેસી રહે કાય. ૯

ઈશ્વર તે જાણ્યો આચાર, પણ એ છે ઉપલો ઉપચાર.
જ્યમ મીઠાં મહુડાં માન્યાં દ્રાખ, અન્ન નોહે અન્નમાંહેની રાખ.
સોનમખીસોનું નવ થાય, અખા આંધળીને પાથરતાં વા'ણું વાય. ૧૧

ગુરુ અંગ

ગુરુ થઈ બેઠો હૂંસે કરી, કંઠે પા'ણ શકે ક્યમ તરી?
જ્યમ નાર નાનડી હવું પ્રસૂત, વળતી વાધે નહિ અદ્‌ભુત.
ત્યમ શિષ્યને ભારે ભારો રહ્યો, અખા તે મૂળગેથો ગયો. ૧૨

પોતે હરિને ન જાણે લેશ, અને કાઢી બેઠો ગુરુનો વેશ.
જ્યમ સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી વળ્યો ઘેર આપ.
એવા ગુરુ ઘણા સંસાર, તે અખા શું મૂકે ભવપાર? ૧૩

તું તારું સલૂઝીને બેસ, કાં ચોળે ડિલ પિયારી મેશ?
તૂંબડું જ્યમ માંહેથું મરે, તો જે લેઈ પેસે તે સહુ તરે.
જ્યમ તરુવર ફલ આપવા નવ જાય, અખા આવી જાચે તે ખાય. ૧૪

આપે આપ પૂરણબ્રહ્મ હરિ, પોત પસાર્યું રચના કરી.
ચૈતન્ય બ્રહ્મશલાનું ચિત્ર; ઋષિ યક્ષ માનવ દેવ પશુ પિત્ર
થાય જાય એ માયાભેદ, પણ અખા ચૈતન્યનો નોહે ઉછેદ. ૧૭

કવિ અંગ

કવિતા ઘણા કવિ કવી ગયા, આદ્યાપિ કવે છે પ્રત્યક્ષ રહ્યા.
વળી આગળે કવશે બહુ કવિ, સર્વ મનની વૃત્ય જોજો અનુભવી.
અખા મનાતીત ત્યમનું ત્યમ, એ તો મનની વૃત્યમાં મનની ગમ. ૨૧

જ્ઞાનીને કવિતા ન ગણેશ, કિરણ સૂર્યનાં કેમ વણેશ?
શબ્દ કેરો શઢ ક્યમ થાય? આકાશ તે ક્યમ તોળ્યું જાય?
એવું વચન અણલિંગી તણું, અખા નહીં કો પર આપણું. ૨૨

વૈરાગ્ય અંગ
સત્ય વૈરાગ્ય સ્વેં જાણો હરિ; ત્યાં માયા નહિ, શું ગ્રહીએ આદરી?
જ્યમ નવે ગ્રહના રતન મૂલવાય, પણપારસનું મૂલ કોણે ન થાય.
અખા તે વૈરાગ્ય વિચાર, કાંઈ વેષ તુંને નહિ મૂકે પાર. ૨૮

જતિ કહાવે તો મનને જીત, બાકી જે કરેશ તે રીત.
ચાર વરણ ને આશ્રમ ચાર, જ્યાં અવતરે ત્યાં વેશવહેવાર.
અખા વાત પામ્યો શી નવી? એ તો લાગ્યું તે છૂટો ભોગવી. ૨૯

ગોળે મરે, કાં શોધે વખ? તપી ભમી કાં પામે દુઃખ?
કરતા ફરતા દીસે ઘણા, જ્યમ તાતી વેળુમાંહે ચણા.
અખા ઊડી તે અળગો પડે, જો વસ્તુવિચાર સદ્‌ગુરુથી જડે. ૩૧

હેત વિના પ્રવૃત્ય બહુ વધે, જ્યમ હૂંસે કુબુદ્ધિ બેસે ગધે.
ત્યમ દેખાદેખે સહુ કો કરે, પણ કો ન જુએ જે શું છે સરે.
અખા જો વિચારી જુએ, તો રોતાં દેખી સહુ કો રુએ. ૩૨

સ્વસ્વરૂપ અંગ

પ્રીછે તો ગુણપારે રહે, ગુણમાં આવે તેને ભે.
જે ઊડ્યો જાયે આકાશ, તેને નોહે પૃથ્વીના પાશ.
અખા એમ સમજ્યો તે હરિ, તેને સરખી દરી સુંદરી. ૪૩

અહંબ્રહ્મ જાણીને રહે, શબ્દપ્રવાહમાં શાને વહે?
વસ્તુવિચાર વિણ અન્ય અભ્યસે, જ્યમ કંચન કથીરે રસે.
અખા શમી રહે તું તુજમાંય, બીજાની ન વળગેશ બાંય. ૪૪

માયા અંગ

માયાના ગુણ કર્મ રૂપ નામ, માયાના ગુણ શ્વેત ને શ્યામ.
માયાને મારા પારકા, દેવદાનવ બેઉ માયા થકા.
માયાના ગુણ જ્યાં નવ છબે, તેહ અખાને આવ્યું લબે. ૫૭

મહા-ઠગણી માયા પાપણી, જ્યમ સેવંતાં ડસે સાપણી.
સિધ્યને કાજે યોગીજંન, થાવા અજરામર કરે જતંન.
તેને મંત્ર અઘોર ખવરાવે નર્ક, પણઅખા ન દેખાડે આતમઅર્ક. ૬૨

ક્ષમા અંગ

અખિલ જગત મૂર્તિ રામની, તેમાં જ્ઞાનીની મૂર્તિ તે છે કામની.
જડથી ચૈતન્ય મૂર્તિ ભલી, પણ જ્ઞાની મૂર્તિ સર્વે ઉપલી.
કારણ તેનું એક વિશેષ, અખા હું ન મળે જ્યાં શેષ. ૭૫

સોળે અંશે હરિ જ્ઞાનીને રદે, જેની વાણી બીજું નવ વદે.
જ્યમ અગ્નિથી દીવો થયો, તે દીવામાં દાવાનળ રહ્યો.
તે માટે હરિજન સ્વેં હરિ, અખા રખે કો પૂછો ફરી. ૮૦

તીર્થ અંગ

જો મુક્તિ વાંછે માનવી, તો એ કાશી ને એ જાહ્નવી.
પ્રગટ મુક્તિ આપે હરિદાસ, હરિ દેખાડે સર્વાવાસ.
અખા નહીં ઉધારે પડી, હરિજન મુક્તિ આપે રોકડી. ૮૨

ચૂસે અસ્તશ્વાન મહાદુખે, નીસરે રુધિર પોતાને મુખે.
રાતો રંગ દેખી મકલાય, પણ કારણ પડિયું પોતામાંય.
સઘળે રચાણું તારું મંન, અખા ગમે ત્યમ કરે જતંન. ૯૨

કૃપા અંગ

એક અક્ષીણ બીજો સંસારી રસ, અધિક કરે ત્યમ આપે કસ.
જ્યમજ્યમ અધિકું ખાતો જાય, ત્યમ અંગે અક્કલે હીણો થાય.
જો મૂકે તો મૂકે સરે, નહિ તો અખા તે ખાતો જ મરે. ૧૧૬

સૂઝ અંગ

જ્યમ જન કો ભૂખ્યો ઊંઘી ગયો, કરે આહાર સ્વપ્નવશ થયો,
ભક્ષ કરે પણ માંહે ભૂખ, ઠાલીની ઠાલી રહે કૂખ;
ત્યમ અખા સઘળો સંસાર ત્રિગુણ ભોગ કરે છે આહાર. ૧૩૦

વિશ્વરૂપ અંગ

વસ્તુ જાણવા સાધન કાજ, આરોપી બોલ્યા કવિરાજ.
ફળ તેનું તે જ્ઞાનવિવેક, જ્યમત્યમ કરી હરિ જાણેવા એક.
સમજી અખા સર્વ ધોઈ કાઢ, નહિ તો હરિમારગમાં થાશે આડ. ૧૫૪

પ્રપંચ અંગ

પૂજાવા મનમાં બહુ કોડ, શબ્દ તણા જોડે બહુ જોડ.
જ્યમ ભૂખ્યો નર બહુ તક્રા પીએ, જાણે ઉદર ભરીને પુષ્ટિ પામીએ,
તેણે ધરાયે નહિ ને વાધે રોગ, એમ અખા નોહે આતમભોગ. ૧૬૫

કવિતા થઈ અધિકું શું કવ્યું, જો જાણ્યું નહિ બ્રહ્મ અણચવ્યું?
રાગદ્વેષની પૂંજી કરી, કવિ વ્યાપાર બેઠો આદરી.
તેમાં અખા શું પામે લાભ, વાએ ગયો જેમ સ્ત્રીનો ગાભ? ૧૬૬

ગુરુ કર્યા મેં ગોકુળનાથ, નગુરા મનને ઘાલી નાથ.
મન મનાવી સગુરો થયો, પણ વિચાર નગુરાનો નગુરો રહ્યો.
વિચાર કહે પામ્યો શું અખા? જન્મજન્મનો ક્યાં છે સખા? ૧૬૮

બહુ કાળ હું રોતો રહ્યો, આવી અચાનક હરિ પરગટ થયો.
ત્રણ મહાપુરુષ ને ચોથો આપ, જેનો ન થાયે વેદે થાપ,
અખે ઉરઅંતર લીધો જાણ, ત્યાર પછી ઊઘડી મુજ વાણ. ૧૬૯

જીવઈશ્વર અંગ

ભગતજગતને વેર સદાય, હરિજન આપ્યું હરિનું ખાય.
લોક લોભ ઉપાય બહુ કરે, જન જમતા રમતા સુખિયા સરે.
તે દેખી ન શકે સંસાર, કરે નિંદા અખા લે શિર ભાર. ૧૮૮

ખટને તું ખટપટવા દે, તું અળગો આવી પ્રીછી લે.
જંઘી ઢોલ ગણા ગડગડે, ત્યાં ઝીણી વાત કાને નવ પડે.
નિરદાવાના જનને ખોળ, તે અખા બેસારે બોલ. ૧૯૦

પાને પોથે લખિયા હરિ, જ્યમ વેળુમાં ખાંડ વીખરી.
તે સંતે ખાધી કીડી થઈ, અને વંચકે સમૂધી વહી.
તે માટે તે તેવાના તેવા રહ્યા, અખા સંત પારંગત ગયા. ૧૯૧

એક પરમેશ્વર ને સઘળા પંથ, એ તો અળગું ચાલ્યું જંથ.
જ્યમ અગ્નિ અગ્નિને સ્થાનકે રહ્યો, અને ધુમાડો આકશે ગયો.
પણ અળગો ચાલ્યો તે ક્યમ મળે? એમ અખા સહુ અવળા વળે. ૨૦૩

ચાનક અંગ

હઠ કરીને ઓળખ હરિ, નહિ તો કાચો જીવ જાશે નીસરી.
જ્યમ નીંભાડે ભાજન કાચું રહ્યું, ન સર્યું કામ માટીથું ગયું.
છતી બુધ્યે હરિ ન અભ્યસ્યો, હવે ડાહ્યા ડેહેકાણા જશો. ૨૧૪

ચીકણિયા અંગ

વરણ-આશ્રમે મન જે તણું, તેને નિદ્રા ઘેરે ઘણું.
નિજરૂપે તાં રહી નવ શકે, નાના કર્મ ધર્મ બહુ બકે.
મધ્યે વ્યસન લાગ્યે કરી જીવ, અખા આદિ અંતે શિવ. ૨૩૬

ભાષા અંગ

ભાષાને શું વળગે, ભૂર! જે રણમાં જીતે તે શૂર.
સંસ્કૃત બોલ્યે શું થયું, કાંઈ પ્રાકૃતમાંથી નાશી ગયું?
બાવનનો સઘળો વિસ્તાર, અખા ત્રેપનમો જાણ્યે પાર. ૨૪૭

સંસ્કૃત પ્રાકૃત વડે ભણે; જ્યમ કાષ્ઠ વેષે કરે ભારા તણે,
તે છોડ્યાવહોણો નાવે અર્થ, ત્યમ પ્રાકૃત વિના સંસ્કૃત તે વ્યર્થ.
જ્યમ બાધા દામ વ્યાપારી લખે, પણ અખા વણજ નો હે છૂટાપખે. ૨૪૮

અર્ખે કરખે અનુભવમાં કશા, જ્યમ આકાશ ઉદરમાં વરતે દશે દિશા.
જ્યારે જેનું રાજ જ જાણ, ત્યારે માનવી તેની આણ.
જ્ઞાન ગગનમાં નોહે દેશકાળ, એ તો અખા અણજાણ્યા બોલે આળ. ૨૪૯

જ્ઞાનદગ્ધ અંગ

જ્ઞાનીનાં નોહે ટોળંટોળ, જ્યમ મુક્તા નોહે સર્વંગ જકપોલ,
શબ્દવેધ જોદ્ધા કો તંત, શંખ સકળ નોહે દક્ષણાવંત.
બહુમાં નીપજે કોએક જન, બાકી અખા રમાડે મન. ૩૬૩

વિભ્રમ અંગ

તું તીરથ કાં સામું જુએ? કાં પોતાને પ્રતિબિંબે મુહે?
એવી બુધ્ય જેણે આદરી, તેણે આપથો બીજો કીધો હરિ.
તું કલ્પમુદ્ર, કાં કલ્પી મરે? –અખા એમ પ્રીછ્યે અર્થ જ સરે. ૪૦૪

વિચાર અંગ

દીઠાને વળગે સહુ ભૂર, વણદીઠું વેધે તે શૂર.
દૃષ્ટિપદારથ જૂઠો થશે, વૈકુંઠ આદ્યે સર્વે જશે.
ધ્યાન ધર્યે દીસે જંજાળ, અખા નોહે એ હરિની ભાળ. ૪૦૯

વર્ણાશ્રમે શું વળગે અંધ? જાણ એ માયાના બંધ.
લહેરે વળગ્યો કો નવ તર્યો, નિજબળ આવ્યું તે ઊગર્યો.
હાડચર્મ કાં દેખે, ભૂર? આખા બ્રહ્મ રહ્યો ભરપૂર. ૪૧૪

વિષવિચાર અંગ

ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય, પદારથ એક ત્રણ નામ વિભાગ.
તેને અણજાણ્યો કહે જૂજવા, પણ સમજ્યાને તે એક જ હુઆ.
અનુભવતાં જાણીજે ભેદ, ભક્તિ જ્ઞાન અખા નિર્વેદ. ૪૫૩

સંત અંગ

જો ભૂંડા, તું છે ચિદ્‌અંશ, જોને વિચારી તારો વંશ.
તું રાજપુત્ર કાં દીનમાં ભળે? કાં વિચારવો'ણો ઘરઘર રળે?
નિજપદ બેસ, ટળી જા જંત, એમ અખા પદ પામ્યા સંત. ૪૭૨

અજ્ઞાન અંગ

એમ અખા સહિયારી વૃત્ય, હાથોહાથ દીસે છે તુર્ત.
નટ તણી હાલે આંગળી, હું હાલું જાણે પૂતળી.
તેનો બોલ પોતે નટ કહે, ઊંડે વિચારે અમથું રહે. ૬૦૯

વૈરાગ્ય અંગ

સમજણમાં નથી રાગવિરાગ, જ્યમ વાયુ હીંડે વિના પર-પાગ.
લોક ચૌદ લગી વાપરે, ત્યમ સમજણથી અર્થ સઘળો સરે.
અખા રામ નથી ઘેર કે વને, જ્યાં મળે ત્યાં પોતા કને. ૬૧૫

ફૂટકળ અંગ

તિલક કરતાં વેપન થયાં, જપમાલાનાં નાકાં ગયાં,
તીરથ ફરી ફરી થાક્યા ચરણ, તોય ન પોહોતો હરિને શરણ.
કથા સુણી સુણી ફૂટ્યા કાન, અખા તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન. ૬૨૮

એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન.
એ અખા વડું ઉતપાત, ઘણા પરમેશ્વર એ ક્યાંની વાત? ૬૨૯

આવી નગરમાં લાગી લાય, પંખીને શો ધોખો થાય?
ઉંદર બિચારા કરે શોર, જેને નહિ ઊડવાનું જોર.
અખા જ્ઞાની ભવથી ક્યમ ડરે, જેની અનુભવ પાંખ આકાશે ફરે? ૬૩૫

જો જો રે મોટાના બોલ, ઊજડ ખેડે બાજ્યું ઢોલ.
અંધ અંધ અંધારે મળ્યા, જ્યમ તલમાં કોદરા ભળ્યા;
ન થાયે ઘેંસ કે ન થાય ધાણી, કહે અખો એ વાતો અમે જાણી. ૬૩૬

આંધળો સસરો ને સરંગટ વહુ, એમ કથા સાંભળવા ચાલ્યું સહુ.
કહ્યું કાંઈ ને સમજ્યું કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું.
ઊંડો કૂવો ને ફાટી બોક, શીખ્યું સાંભળ્યું સર્વે ફોક. ૬૩૭

વ્યાસ વેશ્યાની એક જ પેર, વિદ્યાબેટી ઉછેરી ઘેર.
વ્યાસ કથા કરે ને રડે, જાણે જે દ્રવ્ય અદકેરું જડે.
જો જાણે વાંચ્યાની પેર, તો અખા વાંચે નહિ આપને ઘેર? ૬૩૮

સ્વામી થઈને બેઠો આપ, એ તો મનને વળગ્યું પાપ.
શિષ્ય શાખાનો શિર પર ભાર, ઉપર ત્યાગ ને અંતર પ્યાર.
આશા રજ્જુની બાંધ્યો પાશે, અખા તે શું જાણે જ્ઞાનીની આશે? ૬૪૪

ગુરુ થઈ મૂરખ જગમાં ફરે, બ્રહ્મવેત્તાની નિંદા કરે.
ભૂતકાળમાં જે થઈ ગયા, તેની મનમાં ઇચ્છે મયા.
અખા તે ક્યમ ભવની ટાળે વ્યથા, જે નિત્ય મડદાંની વાંચે કથા? ૬૪૬

જોજો રે ભાઈ વાતનું મૂળ, પેટ ચોળી ઉપાયું શૂળ.
એક સમે ખર ભાડે ગયો, કાંદા દેખી ગળિયો થયો.
ખરે આપી તેજીને પેર, એવું જાણી અખા જૂતો ઘેર. ૬૪૯

દેહાભિમાન હૂતો પાશેર, તે વિદ્યા ભણતાં વાધ્યો શેર;
ચર્ચાવાદમાં તોલે થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો.
અખા એમ હલકાથી ભારે હોય, આત્મજ્ઞાન મૂળગું ખોય. ૬૫૨

સસાશીંગનું વહાણ જ કર્યું, મૃગતૃષ્ણામાં જઈને તર્યું;
વંધ્યાસૂત બે વા'ણે ચઢ્યા, ખ પુષ્પ વાસાણાં ભર્યા.
જેવી શેખસલીની ચાલી કથા, અખા હમણાંને આગળ એવા હતા. ૬૫૩

કો આવી વાત સૂર્યની કરે, તે આગળ લેઈ ચાંચ જ ધરે.
અમારે હજાર વર્ષ અંધારે ગયાં, તમે આવા ડાહ્યા બાળક ક્યાંથી થયા?
અખા મોટાની તો એવી જાણ, મૂકી હીરો ઉપાડે પહાણ. ૬૫૪

અંગ આળસ ને તપસી થયો, ઘર મેલીને વનમાં ગયો.
કામબાણ ન શક્યો જાળવી, પછે રડવડતી એક આણી નવી.
શ્વાન ભસાવે હીડે છક્યો, અખા હગ્યો નહિ ને ઘર નવ રખ્યો. ૬૫૬

શબરી સંસ્કૃત શું ભણી હતી ભાઈ, કયા વેદ વાંચ્યા કરમાબાઈ?
વ્યાધ તે શું ભણ્યો'તો વેદ, ગણિકા શું સમજતી ભેદ?
વળી શ્વપચની સમજો રીત. અખા હરિ તેના, જેની સાચી પ્રીત. ૭૧૭

નાહ્યાધોયા ફરે ફૂટડા, ખાઈ પીને થયા ખૂંટડા;
જાગતપ્રમોદે જાડા થઈ, પણ ઝીણી માયા તે માંહી રહી.
કાય કરે તે ઝીણીની પક્ષ, ઝીણી જાડાને કરશે ભક્ષ. ૭૧૯

છતી આંખ ને જઈ આથડે. જેમ પતંગિયો દીવામાં પડે.
જો કદાપિ ઊપજે વૈરાગ, તો મીઠી માંહીથી ન દિયે માગ.
કોઈ કમાય ને કોઈ ખાય, કહે અખો મૂડી ક્યાંથી થાય? ૭૨૦

રોગીને તો કડવું ઘટે, લીમડો પીધે રોગ માંહીથી મટે.
નિર્ગુણ લીમડો જો રોગ નિર્ગમે, તો સગુણ ભોજન સુખે જમે.
નિર્ગુણ થઈ ને સગુણમાં મળે, તો અખા જેમ દૂધમાં સાકર ભળે. ૭૩૦

સંતનો આશય કોયે નવ લહે, મૂરખ સર્વ દેહ સરખા કહે.
અરૂપ ભગવાન એમ વેદ જ વેદ, તેને સંત ધરી રહ્યા રદે.
ગુંજા-રત્ન એક કાં ગણે? અખા ગણ્યા વિના શું ભણે? ૭૫૬

અખેગીતા : (કુલ ૪૦ કડવાં અને ૧૦ પદ)-માંથી કડવાં ૧થી૪;
પદો ૧,૪,૫,૮,૧૦

કડવું ૧

(રાગ ધનાશ્રી)

ૐ નમો ત્રિગુણપતિ રાયેજી,
સર્વે પહેલો જે પૂજાયેજી;
અગમ અંગોચર જેને વેદ ગાયેજી,
તેનાં ચર્ણ ચીતવી હું લાગું પાયેજી. ૧

ઊથલો:
ચર્ણ ચીતવી સ્તુતિ કરું ચિદશક્તિ બ્રહ્માનંદની;
અણછતો અખો અધ્યારોપ કરે તે કથા નિજ આનંદની. ૨
ગુરુ ગોવિંદ, ગોવિંદ ગુરુ, નામ જુગમ રૂપ એક;
તેને સ્તવું નીચો નમી, કરું બુધ્યમાને હું વિવેક. ૩

પરાત્પર પરબ્રહ્મ જે, તે મનવાણીને અગમ્ય;
તેનો લક્ષ આપી શકે તે, તે માટે ગુરુ તે બ્રહ્મ. ૪

શ્વાન સૂકર બિડાલ ખર, તેના ટોળમાંનો જે જંત;
તેને મૂકે હરિ કરી, જેને મળે સદ્‌ગુરુ સંત. ૫

ગુરુમહિમા છે અતિ ઘણો, કો સમઝે સંત સુજાણ;
તે ગુરુ ગોવિંદ એકતા ભજે, જેને લાગ્યાં સદ્‌ગુરુ બાણ. ૬

જ્યમ રવિ દેખાડે રવિધામને, ત્યમ ગુરુ દેખાડે રામ;
તે માટે હરિ તે ગુરુ, ગુરુગોવિંદ એવું નામ. ૭

ચાંહીન સમી તે સંતની, જે ગુરુગોવિંદ એકતા ભજે;
જ્યમ બીબામાંહે રસ ભર્યો, વણઘડ્યે રૂપ નીપજે. ૮

જ્યમ સૌવર્ણ કેરી મોહોર માંહે, અન્ય મુદ્રા છે અતિ ઘણી;
ત્યમ ગુરુભજનમાં સર્વ આવે, જો મન વળે ગુરુ ચર્ણ ભણી. ૯

જ્યમ બધિર ન જાણે નાદસુખ, સ્વાદ નોહે રસના વિના;
ત્યમ ગુરુ વિના હરિ નવ મળે, જ્યમ ભોગ ન પામે નિર્ધના. ૧૦

કહે અખોઃ સહુ કો સુણો, જો ટાળવા હીંડો જંતને;
એ આરતશું ઉરમાં ધરો અને સેવો હરિ-ગુરુ-સંતને. ૧૧

કવિજને આગે ગ્રંથ બહુ કર્યા,
વિધવિધ કેરા જુગતે વિસ્તર્યા;
ખટદર્શનના મત બહુ ઊચર્યા;
પૂર્વના જે કવીતા તે નવે બહોળા ધર્યા. ૧

ઊથલો:
બહોળા ધર્યા સ્તુતિ કરીને, એવી ગ્રંથકારની રીત્યે છે;
કહ્યું: 'સુર્ય આગળે ખદ્યોત કશો? - એવી બોલ્યાની નીત્ય છે ૨

'જાહ્નવી આગળ જ્યમ વહેંકળો, સુરતરુ ને બદરી જથા;
પારિજાતક પાસ અરણી, મહાકવિ આગળ હું તથા. ૩

ગરુડ આગળ જથા કુરરી, સાગર આગળ જ્યમ કૂપ;
મેઘ આગળ જથા ઝાકળ. ક્યાં તેલ, ક્યાં તૂપ? ૪

બાવનાચંદન બેહેક આળ કશો શોભે કરીર?
કશું નીર નવાણનું, જ્યાં રસકૂપિકાનું નીર? ૫

પારસના પ્રતાપ આગળ અન્ય વિદ્યા કેહી માત્ર?
ક્યાં ક્ષુદ્ર દેવ ઉપાસના, ભાઈ, જેને કરે અખેપાત્ર? ૬

– એવાં કવિજન ગ્રંથ આદ્યે ગલિત વચન બોલતા હવા,
કહ્યું: 'કોપ ક્રોધ કરો રખે, હીંડું બાળકબુધ્યે બોલવા. ૭

તેણે ગ્રંથ પહેલું એમ જણાવ્યું; 'અમો મગણ જગણ નથી જાણતા;
તુક ચોજ ને ઝડઝમક, અમો લહ્યા વિના નથી આણતા.' ૮

- એમ ગલિતપણે ગરુઆ થયા, કરુણા ઉપજાવી કવિજને;'
હુંયે એટલું કહી સ્તવું, જો કવીતા જાણું હું મુજનેઃ ૯

'હું તો જ્યમ દારની પૂતળી, તે ચાળા કરે અપાર;
પણ કાષ્ઠમાં કાંઈયે નથી, એ તો કળ ચાંપે સૂત્રધાર.' ૧૦

કહે અખોઃ સહુ કો સુણો, એમ સમઝો નિજ જંતને;
પરમપદને પામવા તમો સેવો હરિ-ગુરુ-સંતને. ૧૧

કડવું ૩

અણછતો આતમા તે શું ઊચરે,
આપનું વર્ણવ તે આપે કરે;
જીવતણું પદ તે જોતાં નહિ શરે,
સાંખ્યયોગ જોતાં જે હરિ ઊગરે. ૧

ઊથલોઃ
ઊગરે જે વિચાર કરતાં બ્રહ્માદિક જે ગ્રહી રહ્યા;
તમો તે હરિને ઓળખો, જે આદ્ય પુરુષે અજને કહ્યા. ૨

જે પદ શિવના તંન પ્રત્યે દત્તે કહ્યું વિશદ કરી,
આકશવત્ કેરી કથા, ભાઈ, ષડાનને ઉરમાં ધરી. ૩

વિધે વશિષ્ઠે કહી કથા રઘુનંદનને જેહ,
અર્ણવ બ્રહ્મવિદ્યા તણો, ભાઈ, દેખાડ્યો છે તેહ. ૪

અનંત પ્રકારે અચ્યુતે ભારતને કહ્યું જ્ઞાન,
ગીતા ગાઈ ગોવિંદે કર્મયોગ નિદાન. ૫

સમઝાવ્યા સાને કરી જનકે જે શુકદેવ,
મહામુક્ત થઈ સંચર્યા જ્યારે પ્રીછ્યો અંતરનો ભેવ. ૬

ભીષ્મે ભગવાન સાંનિધ્યે પાંડવ પ્રત્યે જે કહ્યું,
શાંતિ પર્વે શાંતિ કીધા, હત્યાનું હારદ ગયું. ૭

વેદવ્યાસે વેદ વહેંચ્યા, કર્મધર્મ પોષ્યા જીવને;
પણ દાઝે લાગ્યા દાઝવા, ભાઈ, જો જાણ્યો નહિ શિવને. ૮

પછે નારદે નારાયણ કેરું નિજ જ્ઞાન કહ્યું મહાદ્વિજને;
ત્યારે દ્વીપાયનની દાઝ ભાગી, જ્યારે ક્રિયા કીધી સંતજને. ૯

શિવે કહ્યું જે શિવા પ્રત્યે, નિરાલંબ નિજ ધામ;
અમર કીધો આતમા અદ્યાપિ સહસ્ર નામ. ૧૦

કહે અખોઃ વસ્તુ જ્ઞાન વિના કુશલ ન હોયે જંતને;
નિજ ધામ હીંડો જાણવા તો સેવો હરિ-ગુરુ-સંતને. ૧૧

જંતે ન જાન્યો જેણે નિજ આતમા,
ભટક્યો ભમિયો માયા સાથમાં;
જ્યમ રયણીનો ભૂલ્યો ઘર પામે પ્રાતમાં,
પણ દિવસે જે દશ મોડ્યો તે ઘણું ભ્રમે રાતમાં. ૧

ઊથલો:
રાતમાંહે રડવડે, અજ્ઞાને આવર્યો હુતો;
તે નિજ આતમથો ઓતળીને વિચરતો માયાવતો. ૨

જ્યમ સૂતો નર નિદ્રા વિષે માયા બહુ બીજી રચે;
તે કાર્યકારણ પોતે થઈને નિદ્રાવશ માંહે પચે. ૩

આપ થકી ઓતળ્યે થકે અસંભાવના ઊપજે;
પછે વિપરીત ભાવના મન આણે, દુઃખ પામે થોડે ગજે. ૪

પંચ-પરવા માયા અવિદ્યા, જ્યાં હું – મારું આદ્યે સહી;
તે ફરે ફેરા ભવ વિષે, જ્યમ મણિ નિગમ્યે આંધળો અહી. ૫

તે ભોગ દેખીને ભૂર થાયે, લડાવા ઇન્દ્રી વિખે;
સંસારનાં સુખ અધિક જાણી, કર્મ માદક નિત્ય ભખે. ૬

કર્મજડને કર્મ વહાલાં, પણ મર્મ ન પ્રીછે બ્રહ્મનો;
ફરી ફરી તે આચરે, પણ ટળે નહિ દેહચર્મનો. ૭

પરમાત્માને પૂઠ દેઈ આતમા ઇન્દ્રી જુએ;
ઈન્દ્રીની દ્રિષ્ટિ વિષમ સામી, એમ આપોપું નર ખુએ. ૮

વિષે વગૂતો કરે હરિથી, નીચપણું દે જીવને;
અજ્ઞાને અવળો ફર્યો તે સન્મુખ નોહે શિવને. ૯

સંસારનાં સુખ અધિક દેખી ક્રિપા માને ઈશ્વરી;
પણ અંતરમાંહેનું જાન ન જાણે, જે પ્રાણપતિ ગયો વીસરી. ૧૦

કહે અખોઃ સહુ કો સુણો, જો આણો જીવના અંતને;
હીંડો પરમાનંદ પામવા, તો સેવો હરિ-ગુરુ-સંતને. ૧૧

પદ ૧

જીવની આદિ વિચારો રે પંડિતો,
આદિ જોતાં તે અનાદિ દીસે;
દેહ તણી છાયા સમાયે તે દેહ વિષે
જ્યારે મધ્ય આવે સૂર શીષે.
હો જીવની –૧
તનમનને ઓળખ્યા વિના ઓતળે,
જ્યમ સૂત્રધાર નિજ નાવ નિર્મે;
તે જ સૂત્રધાર તે નાવે બેઠે થકે
પછે પરવશ પડ્યો પંથ કરમે.
હો જીવની –૨
તન મન નૌકા જીવ ગણે માહરું,
પણ ભવસાગર મધે કાળ ખેડે;

કર્મના વાયુને વશ લાગ્યો ડોલવા,
ત્યારે હાથથી વાત વટકી જ નેડે.
હો જીવની – ૩
ભર્મે ભર્મ ભટકે ઘણા ભવ વિષે,
ગુરુ ગોવિંદના શર્ણ પાખે;
માયા રૂપિણી મા જ વા'લી અખા,
તે જાણીને જનુની ભેદ રાખે,
હો જીવની – ૪

પદ ૪

(રાગ કાનડો)

અકલ કલા ખેલે નર જ્ઞાની,
જેસે હિ નાવ હરેફરે દહું દિશા, ધ્રુવતારે પર રહેત નિશાની,
અકલ૦ ૧
ચલન હલન અવની પર વાકો, મનકી સૂરત આકાશ ખેલાની;
તત્ત્વસમાસ ભયો હે સતંતર, જેસે હેમ હોત હૈ પાની.
અકલ૦ ૨
છૂટી આદ્ય અંત નહીં પાયો, જાઈ ન શકે જાંહાં મનબાની;
તા ઘર સ્થિત્ય ભઈ હે જીવકી, કહી ન જાયે એ અકથ કહાની.
અકલ૦ ૩
અજબ ખેલ અદ્‌ભુત અનોપમ, જાકું હે પહેચાન પુરાની;
ગગન ગેબ ભયા ને બોલે, એહી અખા જાને કો જ્ઞાની.
અકલ૦ ૪

પદ ૫

(રાગ ભૈરવ)

મર્મ સમઝ રે મનૂઆ મેરા, તોમે સમાસ હોવે જબ તેરા;
મન જગતકા ધરનહારા, મન મૂઆ નીમડા સંસારા.
મર્મ સમઝ૦ ૧
ચૌદ લોક સ્ફૂર્યા હે મનકૂં, તાથેં મન પાવે બંધનકૂં;
મન મૂઆ તબ હે સબ રામા, ઇહલોકી પરલોકી ભાગી કામા.
મર્મ સમઝ૦ ૨
મન મૂએથે રહે જે મનવા, સો હરિ રૂપ જાણજે જનૂઆ;
કહે અખો રહ્યા નાહીં બાકી, જબ હિકમત બૂઝી ઘર વાકી.
મર્મ સમઝ૦ ૩

પદ ૮

(રાગ સિંધુડો)

હરિ હરિજન અળગા કરી રખે ગણો,
સંત સેવ્યા તેણે સ્વામી સેવ્યા;
નિર્ગુણ બ્રહ્મ સગુણ સંત જાણવા,
જ્યમ વહ્નિનથી તેજવંત થાયે દીવા.
હરિ હરિજન. ૧
જ્યમ અગ્નિથી દીપ થાયેબહુ જ આદર કર્યે,
પણ દીપથી દીપ થાયે અતિ સહેલો;
ત્યમ જ્ઞાની મૂર્તિ તે જાણો ગોવિંદની,
ત્યાંહાં ભગવાન ભેટે જ વહેલો.
હરિ હરિ૦ ૨

દૃષ્ટિ ઉપદેશ તે આપે મોટી કલા,
જેણે તે જંતનાં કાજ સીઝે;
સેવંતાં સુખ હોયે અતિશે ઘણું,
જો સદ્‌ગુરુ તણું મન રીઝે.
હરિ હરિ૦ ૩
પ્રત્યક્ષ રામ તે તત્ત્વવેત્તા વિષે,
જ્યમ કુંડલ ને કનક દીસે;
મન કર્મ વચને જે કો ભજશે અખા,
તેહનું દ્વૈત દેખી મન નહીં જ હીંસે.
હરિ હરિ૦ ૪

પદ ૧૦

(રાગ ધનાશી)
અભિનવો આનંદ આજ, અગોચર ગોચર હવું એ;
પરપંચપાર મહારાજ, તે પૂરણ બ્રહ્મ હું સ્તવું એ.

હરિહર અજ ભુવનેશ, તે તણો ઈશ અજાપતિ એ;
તે જાણો અંગ ઈશ, જેહને ગાય નિત્ય શ્રુતિ એ,

સ્વેં ચૈતન્ય ઘનરાય, શૂન્યમાં સોહામણો એ;
તે ના'વે વાણી માંહે, તે નહિ વિરાટ ને વામણો એ.

તે જાયે ન આવે ક્યાંહી, સ્થિર પૂરણ અવિનાશ છે એ;
લિંગ-ભંગ તેમાં નહિ, જે વડે આકાશ છે એ.

એ જાણ્યે જાયે જંજાલ, યથારથ જેમ તેમ થયું એ;
જિહાં કર્મ ન લાગે કાલ, સભર ભરાઈ તે રહ્યું એ.

તિહાં હવું મન લેલીન, જઈ ચૈતન્ય સભર ભર્યું એ;
નહિ કો દાતા-દીન, તન-મન સહજે સજ થયું એ.

પ્રગટ્યાં કોટિ કલ્યાણ, આપાપાર વિણસે રહ્યું એ;
સદા સદોદિત ભાણ, ઉદે-અસ્ત આ કારણ ગયું એ.

કહે અખો આનંદ, અનુભવને લેહવા તણો એ;
એહવો પૂર્ણ પરમાનંદ, નિત્ય સરાઉં અતિઘણો એ.

અનુભવ બિંદુ (૪૦ છપ્પા – એમાંથી ૮)

૧

પરમધામ પ્રભુ હરિ, હું પ્રથમ કરું પ્રણામ,
(તમો) પરમજ્યોત પરબ્રહ્મ સદ્ય, (જાંહાં) મળે ન રૂપ ને નામ;
(તાંહાં) અણછતો થઈ હું પરણમું, વરણવું વાક્યવિલાસ.
મન-વાણી પોહોંચે નહીં, ત્યાંહાં શું કહી સ્તવે દાસ?
નિર્ગુણમાં ગુણ અણછતા આરોપી અખે ઉચ્ચર્યું;
'સત્ય સત્ય પરમાત્મા, હું નહિ નહિ' એહવી સ્તુતિ કરું.

૨

નિર્ગુણ ગુણપત્ય નામ, ધામ ઘર ગુણનું આલે;
અચ્યુત અંબરાતીત, દ્વૈત નહિ, નિરંગ નિરાલે;
(તેણે) આરોપ્યા ગુણ ઈશ, શીશ ઢળે જેહને ચંમર;
નિકટ રહી અષ્ટ સિધ્ય, નિધ્ય નવ, બુધ્ય-બહુ અંમર,
સ્વર-વેણા ધરતી થકી ચિદ્‌શક્તિ મહા સરસ્વતી;
(તેહેને) અખો જમલ જાણિ સ્તવે સર્વાતીત સર્વનો પતિ.

૩

અનુકરમે કહું એહ જેહ છે પરપંચ પારે,
તત્ત્વમસિ પદ જેહ તેહ કહું વાણી-ઉચારે;
કૈવલ્ય-ઈશ્વર-જીવ, જાય ગુણ તત્ત્વ જ ધારે (યેં).
જ્ઞાન-ભક્તિ-વૈરાગ્ય-ઘર, બોલે અખો વાણી અમળ;
ભાષા બ્રહ્મવિચાર વિધ્ય સમઝે તો નર જળ-કમળ.

૨૧

(કો) કરતા દીસે ગાન, જ્ઞાનને સાધન માને;
(કોહોને) વર્ણાશ્રમ-અભિમાન, દાન દે મુજ સમાને.
કો સાધે અષ્ટાંગ, સાંગ કાયાકૃત્ય જાણે;
કો કરે પૂજન દેવ, સેવ્ય અધિકતા આણે.
એ સહુ કાયાકલેશ છે, મન માનીનતા એ સહી;
અખા તક્રના પાનથી અલંતા ઊપજે નહીં.

(હોય) ખટ દરશનનું જ્ઞાન, વાન જિહ્વાને અગ્રે;
(કો) ઈશ્વર થઈ પૂજાય, ગાય જશ નગ્રે નગ્રેઃ
કો કહાવે ચિર-કાય, પાય પૃથ્વીપતિ લાગે;
કો કહાવે દાનેશ, ઈશ કર્ણાદિક આગે.
તોહે તે જાણ્યે અખા, સમ્યક સઘળી વાસના,
લિંગ ભંગ થયા વિના એ સરવે મંન-ઉપાસના.

૩૮

જાણ્યો નથી કો જંન, તંન શું કાળું-ગોરું?
કેહેનાં કહીએ માત-તાત જો ન મળે છોરું?
ત્યમ છતે અનછતી વાત, ધાત આવે તો આવે;
વાંઝ તણો સુત જેહ, તેહ જીતી રણ ફાવે.
અખા એ અકથ કથા, સમઝંતો નર સમઝશે;
એ મહાઅનુભવ આકશવત્, પણ ક્ષેત્ર સારું ઊગશે.

૩૯

જે સુણે નર - નાર, સાર વસ્તુ સ્વે થાશે;
બ્રહ્મ-હેમાળો જેહ, દેહ ગળી જળમાં જાશે.
જ્યમ પવને જાય બરાસ, આયાસ કીધા વિણ ઊડે.
ત્યમ એ બ્રહ્મવિચાર, સાર પામે સત્ય ગૂડે.
જે જાણ્યો તે જાણજો, બુધ્યમાને એ ઉચ્ચર્યું.
નિમિત્ત માત્ર અખો કહ્યો, પણ તે જાણે જેણે કર્યું.

આદ્ય, મધ્ય ને અંત, બુધ્ય-શું જુએ વિચારી;
તે તે કૈવલ્ય બ્રહ્મ, ચર્મ નોહે નર-નારી.
છપ્પા એ છત્રીસ, દિવસ છે ભ્રમ-નિશાનો;
ચાર કહ્યા ફળ-સ્તુત્ય, લેખ તે બ્રહ્મ-દિશાનો.
સર્વ મળી ચાલીસ છે, અખા જે ઉર માંહાં ધરે;
ચિદાનંદ ચિદ્રૂપ એ, શ્રીમુખે હરિ ઉચ્ચરે.

ચિત્તવિચાર સંવાદ : [૪૧૨ કડીઓ]-માંથી કડી ૧થી૧૨ અને કડી ૪૦૬થી૪૧૨

ચિત્ત કહે છે સુણ્ય રે વિચાર, હું તું મલી કીજે નિરધાર,
માહરે તાં પરિવાર છે બહુ, કામ ક્રોધ મોહાદિક સહુ. ૧

બીજો પરિવાર વિવેક તુજ આદ્ય, પણ શુદ્ધ મારગ તે તાહારે સાધ્ય.
પ્રવૃત્તિમારગ માંહાં તું મુખ્ય હૂતો, સહુ પહેલોહું તું ને પૂછતો. ૨

અનંત શાસ્ત્ર કીધા તુજ વડે હું સત્ય માનું જે હું તુજ વડે,
ચૌદ વિદ્યા અષ્ટાદશ પુરાણ, તુજ વડે બાંધ્યાં બંધાણ. ૩

સુર અસુર ખટ દરશન વેદ, તુજ વડે બહુ ભેદાભેદ,
જ્યારે હું જે ઉપર્ય થયો, ત્યારે તુંએ તે ઉપર્ય આવી ગયો. ૪

વિષેભોગ રચ્યા પરપંચ, તેએ ત્યેં જ દેખાડ્યા સંચ,
જ્યાહારે જેહેવું માહારું સ્વરૂપ, ત્યારે તું થાએ તદ્રુપ. ૫

હવે જે ઉમેદ છે મુને, જોને તે ગમે છે તુંને,
વિચાર કહે કહોજી પિતા અમ્હો છું તમ્હારા હુતા. ૬

જેહેવો આશે દેખેશ તમતણો તેહેવો ઉકેલ ઉકેલેશ ઘણો,
મુજ સભાવ દીપકની જોત્ય, આગલ આગલ્ય ચાલે ઉદ્યોત. ૭

મોરો સુભાવ છે પાણી તણો, સંગ સરીખો રંગ આપણો,
જેહેવો આશે પૂછશોજી પિતા, તેહેવા અમ્હો પડીશું છતા. ૮

ચિત્ત કહે ઊંડો આશે છે મુજ તણો, જો લાગી શકશે લક્ષ આપણો
આગે મેં ઉપનિષદ કર્યા, ઊપનાં તત્ત્વ પાછાં ઊધર્યાં. ૯

ઊપનાં કેરો કીધો નિષેધ, પણ અમથો રહ્યો અવશેષ ઉમેદ,
વિચાર કહે ઊપનું જો ટલ્યું, તો અવશેષ તો વણમેલ્યું મલ્યું. ૧૦

ચિત્ત કહે માહારું કર્યું ન થાઈ, તો વસ્તુરૂપ તે ક્યમ કેહેવાઈ,
વિચાર કહે એ તો ચિત્ત હૂંસ, જીવપણાની ચાલી રૂંસ. ૧૧

ચિત્ત કહે જીવ તે સ્થાનો રહ્યો, પોતે ટલ્યાથી પોતે થયો,
વિચાર કહે તું વાતે વદે, પણ તદ્રુપી થયું નથી રદે. ૧૨

કરવી કહીતી જે મેં ભકત્ય, તેહેની એમ જાણી લે જુક્ત્ય.
ગુરુ સેવા ને આતમલક્ષ, માહારો ત્યાં છે એહ જ પક્ષ. ૪૦૬

જો નીપજે તો એમ નીપજે, બાકી સહુ મનગમતું ભજે,
દેહાભિમાન એ મોટો રોગ, જેણે ન હોઈ આતમભોગ. ૪૦૭

સમઝ્યો છે મરમ ચિત્ત એહ, રખે કરે ચિત્ત અહં જાડો દેહ,
દેહાભિમાન ઉછેરે અહીં, તેહેને તે કુશળ કોહો કેહી. ૪૦૮

અહીં તો છે ટલવાનું કામ, અહં ટલતે રહે આતમરામ,
જો જાણે તો એમ જ જાણ્ય, મેં તો કહી મૂક્યું નિરવાણ્ય. ૪૦૯

ચિત્ત કહે મારો ભાગો ભ્રમ, ભાગાથી પામ્યો મેં મર્મ,
વચન માત્ર મોરું ચિત્ત નામ, પણ જ્યમ છે ત્યમ એ સ્વે નિજધામ. ૪૧૦

મોરો મુજ માંહાં થયો સમાસ, તુજ દ્વારા પૂરણ પ્રકાશ,
હવે નથી પૂછેવા વાત, જ્યમ છે ત્યમ સ્વે જ સાક્ષાત્. ૪૧૧

જ્યાંહાં જેહેવો ત્યાંહાં તેહેવો, હું, તેહેવા સરખા હું ને તું,
અહં બ્રહ્મ સ્વે જ સાક્ષાત્, સ્વે માંહે એ સઘળી વાત. ૪૧૨

ગુરુશિષ્યસંવાદ : (૪ ખંડની ૩૨૫ કડીઓનું દોહરા-ચોપાઈનું કાવ્ય]-માંથી
ખંડ ૧ કડી૧થી૮; ખંડ ૪ કડી ૮૦થી ૮૫)

પ્રથમ ખંડ : ભૂતના ભેદ

દોહરા

ગુરુચરણે શિષ્ય આદરે, પ્રેમે કરી પ્રણામ;
પદપંકજ પાવન સદા, નમો નમો પરધામ. ૧

તપત થયો મહારાજ હું, ભવતાપ અંતર્બહુલ;
તમ કૃપારૂપી વચન જે, તે વહી આવિયો મુજ તુલ. ૨

મંદબુદ્ધિ હું પૂછવા, સામર્થ્ય નહિ ગુરુરાય;
પ્રભુ પધારો અંતરે તો, મારું સાર્થક થાય. ૩

ગુરુ: ભલે ભલે શિષ્ય ઉગ્રબુદ્ધિ, મહાઆશય તું વીર;
હું જાણું તુજ બોલતાં, તું પરંપદ પૂછીશ ધીર. ૪

શિષ્ય: સત્ય સત્ય સ્વામી ગુરુ, તમે હાર્દ લહ્યું હરિરૂપ;
પરમપદ તે મુજને કહો, ટળે પ્રપંચ અંધકૂપ. ૫

ગુરુ: ગુરુ કહે શિષ્ય પરંપદનો, રસનાએ નહિ થાપ;
કરે ગ્રહી નથી આપવા, તે સમજે સન્મુખી આપ. ૬

પ્રકૃતિ પુરુષનો વિવેક એ, જો બુદ્ધિ ગોચર થાય;
તો જન્મમરણ સંશય ટળે, મન તુર્યાતીત ઠહેરાય. ૭

વિધિ વિવેકે પ્રીછતાં, દીસે આપોપું અલગ;
આત્મઅર્ક ઉદે હવો, તાં તેજ છે તત્ત્વ સળંગ. ૮

ખંડ ૪

સંસાર દીર્ઘ રોગને, ટાળવા હીંડે જેહ;
તેને ઔષધ આ ઘટે, હોય જીવન્મુક્ત વિદેહ. ૮૦

મોહકળણે કળ્યો કંઠ લગી, મનની તજવા ધાંખ;
તેને હરિ હીંડે કાઢવા, તો તેને એ પાંખ. ૮૧

અજ્ઞાન અર્ણવે માનવી, ડૂબ્યો ભટકે ભૂર;
હીંડે નિજ ગૃહ પામવા, તો તેને આ સૂર. ૮૨

અંતર આશય, મુગટનો, મુમુક્ષુને ઉપાસ્ય;
મૂરખને કાંઈએ નહીં, શ્રીફળ વાનર પાસ. ૮૩

ગુરુ-શિષ્યનામે ગ્રંથ એ, જેમાં ખંડ છે ચાર;
હરિચરણે જેને વાસ કરવો, હોય તે સુણો નરનાર. ૮૪

અંતરજામીએ જે કહ્યું, તે અખે કીધો વિવેક;
દૂષણભૂષણ હરિ ભણી, એંશી ઉપર વળી એક. ૮૫

ઈતિ શ્રીગુરુશિષ્યસંવાદે તત્ત્વજ્ઞાનનિરુપણં નામ ચતુર્થખંડઃ ॥૧॥

ooo

૩૦

યશોવિજય (ઈ. ૧૭મી સદી) :

૩ પદો;
જંબુસ્વામી રાસ;
સમુદ્ર-વહાણ સંવાદ

જૈન સંપ્રદાય ને સાહિત્યની મોટી પ્રતિભા ગણાયેલા આ વિદ્વાન સાધુ કવિએ સંસ્કૃત-પ્રાકૃત અને ગુજરાતી-હિંદીમાં અનેક નાની-મોટી ગદ્ય-પદ્ય રચનાઓ કરી છે. એમાં 'જંબુસ્વામી રાસ' તથા 'સમુદ્ર-વહાણ સંવાદ' જેવી એમની દીર્ઘ કૃતિઓ ઉપરાંત 'ચોવીસીઓ', અને ઘણાં સ્તવનો-પદો-સઝ્ઝાયોનો સમાવેશ થાય છે. જ્ઞાનમીમાંસા,ભક્તિચરિત્રગાન અને ધર્મોપદેશ એમના વિષયો છે. પદો આદિમાં લય-ઢાળનું વૈવિધ્ય અને પ્રાસાદિક અલંકરણ ધ્યાનપાત્ર છે.

સ્તવનો-પદો

૧ શ્રી નેમિનાથ જિન સ્તવન

તોરણથી રથ ફેરી ગયા રે હાં,
પશુઆં શિર દેઈ દોષ, મેરે વાલમા;
નવભવનેહ નિવારિયો રે હાં,
શ્યો જોઈ આવ્યા જોષ? મેરે વાલમા ૧

ચંદ્ર કલંકી જેહથી રે હાં,
રામ ને સીતા વિયોગ, મેરે વાલમા;
તેહ કુરંગને વયણડે રે હાં,
પતિઆવે કુણ લોગ? મેરે વાલમા. ૨
ઉતારી હું ચિત્તથી રે હાં,
મુગતિ ધુતારી હેત, મેરે વાલમા;
સિદ્ધ અનંતે ભોગવી રેહાં,
તેહ શ્યું કવણ સંકેત? મેરે વાલમા. ૩
પ્રીત કરંતા સાહેલી રે હાં,
નિરવહતાં જંજાલ, મેરે વાલમા;
જેહવો વ્યાલ ખેલાવવો રે હાં,
જેહવી અગનની ઝાળ, મેરે વાલમા. ૪
જો વિવાહ-અવસર દીઓ રે હાં,
હાથ ઉપર નહીં હાથ, મેરે વાલમા;
દીક્ષા અવસર દીજીએ રે હાં,
શિર ઉપર જગનાથ, મેરે વાલમા. ૫
ઈમ વિલવતી રાજુલ ગઈ રે હાં,
નેમિ કને વ્રત લીધ, મેરે વાલમા;
વાચક યશ કહે પ્રણમીએ રે હાં,
એ દંપતી દોય સિદ્ધ, મેરે વાલમા. ૬

૨. સુમતિનાથ ગુણ શું મિલીજી

સુમતિનાથ ગુણ શું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ,
તેલબિંદુ જિમ વિસ્તરે જી, જલમાંહી ભલી રીતિ,
સોભાગી જિન શું લાગ્યો અવિહડ રંગ. ૧
સજજનશું જે પ્રીતડી જી, છાની તે ન રખાય,

પરિમલ કસ્તૂરી તણોજી મહી માંહી મહકાય
સોભાગી. ૨
અંગુલિએ નવિ મેરુ ઢંકાયે, છાબડીએ રવિ-તેજ,
અંજલિમાં જિમ ગંગ ન માયે, મુજ મન તિમ પ્રભુ-હેજ.
સોભાગી. ૩
હુઓ છીપે નહીં અધર અરુણ જિમ, ખાતાં પાન સરંગ,
પીવત ભર ભર પ્રભુગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ.
સોભાગી. ૪
ઢાંકી ઈક્ષુ પરાળશું જી, ન રહે લહી વિસ્તાર,
વાચક 'જસ' કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ-પ્રકાર.
સોભાગી. ૫

૩.
સખી પ્રત્યે રાજુલ
વીનતડી કહ્યો રે મોરા કંતનઈ
સીખામણ મુજ પ્રભુ તુજનઈ, જીભ ભલામણ દંતનઈ. વી ૧

યૌવન વય યુવતી જે છોરી, ખાર દીધો તે ખંતનઈ;
ચૌદ જાણઈ તે ચ્યાર ન ભૂલઈ, શ્યૂં કહવું એ સંતનઈ. વી ૨

કર્મદોષ પરનઈ નવિ દીજઈ, સાધ્ય ન એ મંત-તંતનઈ;
મિલી અભેદ રાજુલ ઈમ કહતી, જશ પ્રભુ નેમિ-અરિહંતનઈ. વી ૩

'જંબૂસ્વામીરાસ' –માંથી

(છેહ ન દેવા જંબુસ્વામીને વીનવતી એમની આઠ રાણીઓ)

દઢ નિશ્ચય જાણી કરી, હવઈ જંબૂની નારિ;
આઠઈ કર જોડી વદઈ, તૂં તરિઉ અમ્હ તારિ ॥૭૯॥

છાયા જિમ કાયા થકી, અલગી કદી ન હોઈ;
તિમ અમ્હે તુજથી કિમ રહું, અલગાં વાલિંભ જોઈ ॥૮૦॥

પાંચ સાષિ પ્રેમઈ દિઉ, હાથ ઉપરિ જે હાથ;
ભોગઈ જો પિઉ નવિ બન્યો, જોગઈ હો તુજ સાથ ॥૮૧॥

આઠઈ વહુઅર વીનવઈ રે, હવઈ પામી પ્રતિબોધ;
લારાં મ્હાંનઈ લીજિંઈ રે, થે છો વડવર જોધ;
મ્હાંકા વાલંભ છાંડ્યા કિઉં જવાસી,
આપણકા કિઉ છેડો હો,
અવરાંસ્યું રતિ જોડો હો,
છાંડ્યાં કિઉં જવાસી ॥૮૨॥

થે સિદ્ધ તો મ્હે સિદ્ધિ છાં રે, હર તો મૂરતિ આઠ;
થે અંબર મ્હે દિસિ ભલી રે, વાસ જો ચંદન કાઠ
॥૮૩॥ મ્હાંકા

થે ચાંદા મ્હે ચાંદણી રે, થે તરુઅરિ મ્હે વેલિ;
સૂકાં પણિ મુંકાં નહી રે, લાગી રહું રંગ રેલિ
॥૮૪॥ મ્હાંકા

થે વન તો મ્હે કેતકી રે, થે દીપક મ્હે જ્યોતિ;
થે યોગી મ્હે ભૂતિ છાં રે, અધિકારી તો દોતિ

॥૮૫॥ મ્હાંકા

થે આંબા મ્હે માંજરી રે, થે પંકજ મ્હે બાગ;
થે સૂરય મ્હે પદ્મિની રે, થે રસ તો મ્હે રંગ

॥૮૬॥ મ્હાંકા

થે ધરણીધર મ્હે ધરા રે, ષેત્ર ફળ્યા તો વાડિ;
થે પુણ્ય તો મ્હે વાસના રે, ભાગ્ય તો રેખા નલાડિ

॥૮૭॥ મ્હાંકા

થે સાયર તો મ્હે નદી રે, થે ઘન તો મ્હે વીજ;
શત શાખાઈં વિસ્તર્યા રે, થે વડ તો મ્હે બીજ

॥૮૮॥ મ્હાંકા

થે કંચન મ્હે વર્ણિકા રે, નંગ તો મુદ્રા સાર;
થે ચંપક મ્હે પાંખડી રે, મણિ આ જો થે હાર

॥૮૯॥ મ્હાંકા

જો પ્રસાદ તો વેદિકા રે, સૌધ તો ધ્વજ લહકંત;
દ્વીપ હુતાં જગતી હુસ્યાં રે, મેલ જ્યું રસના દંત

॥૯૦॥ મ્હાંકા

જો સંયમ તો ધારણા રે, જો રૂપી તો રૂપ;
સાકારઈં સાકારતા રે, અનુભવમાંહિ અનૂપ

॥૯૧॥ મ્હાંકા

અંતરયામી જાણસ્યઈ રે, અંતરંગ રસ ગોઠિ;
દૃષ્ટાંતઈ જે ભાષવું રે, હઈઈ તે આવઈ હોઠિ

॥૯૨॥ મ્હાંકા

સંયમ લેતાં સાથ રે, પ્રથમ દશાઈ સરાગ;
ધર્મ સંન્યાસિ પ્રકટ હુસ્યઈ રે, ઈમ તેહનો પણિ ત્યાગ
॥૯૩॥ મ્હાંકા

કેતા કહિઈં બોલડા રે, તુમ્હે છો ચતુર સુજાણ;
છેહ મ દેયો સાહબા રે, સુજસ વિલાસ પ્રમાણ
॥૯૪॥ મ્હાંકા

સમુદ્ર-વહાણ સંવાદ-માંથી ઢાલ ૧,૧૦, ૧૧, ૧૨,૧૩,૧૭:

ઢાલ ૧

દુહા
શ્રી નવખંડ અખંડ ગુણ, નમી પાસ ભગવન્ત;
કરસ્યૂં કૌતક કારણે, વાહણ-સમુદ્ર વૃત્તાંત. ૧

એહમાં વાહણ સમુદ્રનાં, વાદ-વચન-વિસ્તાર,
સાંભળતાં મન ઉલ્લસે, જિમ વસંત સહકાર. ૨

મોટા નાના સાંભળો, મત કોઈ કરો ગુમાન;
ગર્વ કર્યો રયણાયરે, ટાળ્યો વાહણે નિદાન, ૩

રત્નાકરે વાદ હુઆ કિમ માંહોમાંહે અપાર;
સાવધાન થઈ સાંભળો, તે સવિ કહું વિચાર. ૪

ઢાળ ૨

(સૂરતી મહિનાની; યા ભમરગીતાની દેશી,
અથવા વિજય કરી ધરી આવિયા, બંદિ કરે જયકાર-એ દેશી.)

સિંધુ કહે 'હવે સિંધુર, બંધુર નાદ વિનોદ,
ઘટતો રે ગર્વ કરૂં છું પામું છું ચિત્તિ પ્રમોદ;
મોટાઈ છઈ રે માહરી, સારે જગત પ્રસિદ્ધ,
સિદ્ધ અમર વિદ્યાધર, મુજ ગુણ ગાઈ સમૃદ્ધ ૧

રજત સુવર્ણના આગર, મુજ છે અંતરદ્વીપ,
દીપ જિહાં બહુ ઔષધિ જિમ રજની મુખ દીપ;
જિહાં દેખી નરનારી, સારી વિવિધ પ્રકાર,
જાણીએ જગ સવી જોઇઉં, કૌતુકનો નહિ પાર ૨

તાજી રે મુજ વનરાજિ, જિહાં છે તાલ તમાલ,
જાતિફલ દલ કોમલ, લલિત લવિંગ રસાલ;
પૂગી શ્રીફલ એલા, ભેલા નાગ પૂંનાગ,
મેવા જેહવા જોઈયે, તેહવા મુજ મધ્ય ભાગ. ૩

ચંપક કેતકી માલતિ, આલતિ પરિમલ વૃંદ,
બકુલ મુકુલ વલિ અલિકુલ, મુખર સખર મુચકુંદ
દમણો મરૂઓ મોગરો, પાડલ ને અરવિંદ
કંદ જાતિ મુજ ઉપવને, દિએ જનને આનંદ. ૪

મુજ એક શરણે રાતા, રાતી વિદ્રુમ વેલિ,
દાખી રાખી તેહમાં, મેં સાચી મોહણ વેલિ;
વનિતા અધરની ઉપમા તે પુણ્યે લાભંત. ૫

નવગ્રહ જેણે રે બલે, બાંધ્યા ખાટને પાય,
લોકપાલ જસ કિંકર, જેણે જિત્યો સુરરાય;
કિઓ રે ત્રિલોકી કંટક, રાવણ લંકા–રાજ,
મુજ પસાયે તેણે કંચન, ગઢમઢ મંદિર સાજ. ૬

પક્ષ લક્ષ જબ તક્ષતો, પર્વત ઉપરિ ધાઈ,
કોપાટોપ ધરી ઘણો, વજ્ર લેઈ સુરરાય;
તડફડિ પડિયા રે તે સવિ, એક ગ્રહે મુજ પક્ષ,
તબ મેનાક રહિઓ, તે સુખિયો અક્ષતપક્ષ. ૭

જગ સચરાચર જસ તનુ, માયા પીલે ચીર,
તે લક્ષ્મીનારાયણ, ગોવર્દ્ધન-ધર ધીર;
મુજમાંહે પોઢ્યા હેજે, સેજ કરી અહિરાજ,
હોડ કરે કુણ માહરી? હું તિહુઅણ-સિરતાજ. ૮

વાહણ! પાહણ પણિ તુજથી, ભારે તૂં કહેવાય,
હલુઓ પવન ઝકોલે, ડોલે ગડથલાં ખાય;
તો હલુઆ તુઝ બોલડા, હલુઓ છે તુજ પેટ,
મુજ મોટાઈ ન જાણે, તાણે નિજ મત નેટ. ૯

ગુરુયાના ગુણ જાણે, જે હૂઇ ગિરુઆ લોક,
હલુઆને મનિ તેહના, ગુણ સવી લાગે ફોક;
વાંઝિ ન જાણે રે વેદના, જે હુઇ પ્રસવતાં પુત્ર,

મૂઢ ન જાણે પરિશ્રમ, જે હુઈ ભણતાં સૂત્ર.' ૧૦

દુહા

સાયર જબ ઇમ કહિ રહ્યો, વાહણ વદે તબ વાચ;
'મા આગલિ મોસાલનૂં, એ સવિ વર્ણન સાચ. ૧

વાણીને જિમ ગ્રંથગતિ, સુર-થિતિ હરિને જિમ;
કાંઈ અજાણી મુજ નહી, તુઝ મોટાઈ તેમ. ૨

વિસ્તારૂં છું ગુણ અહ્મે, ઢાંકું છું તુઝ દોષ;
તો એવડું શ્યું ફુલવું?, સ્યો કરવો કંઠ-શોષ? ૩

મેલો પિણ મૃગ ચંદલે, જિમ કીજે સુપ્રકાશ;
તમ અવગુણના ગુણ કરે, સજ્જનનો સહવાસ. ૪

ગુણ કરતાં અવગુણ કરે, તેતો દુર્જ્જન ક્રૂર;
નાલિકેર-જલ મરણ દિયે, જો ભેલિયે કપૂર. ૫

હિત કરતાં જાણે અહિત, તે છાંડીજે દૂર;
જિમ રવિ ઊગ્યો તમ હરે, ધૂક-નયન તમ-પૂર. ૬

ઢાળ ૧૦

ઢાળ કડખાની.

વાહણ કહે "શરણ જગિ ધર્મ વિણ કો નહિ,
તૂં શરણ સિંધુ! મુજ કેણિ ભાંતિ?
શરણ આવ્યા તણી શરમ તે નિરવહે,

જેહ જાયા હુએ સુજસ રાતિ. વાહણ. ૧

કાલ વિકરાલ કરવાલ ઊલાળતો,
ફૂંક મુકે પ્રબલ વ્યાલ સિરખી;
જૂઠ અતિ દુઠ જન સુખ સરડોહતા,
યમ મહિષ સાંભરે જેહ નિરખી. વાહણ. ૨

ચોર કરિ સોર મલબારિયા ઘારિયા,
ભારિયા ક્રોધ આવે હકાર્યા;
ભૂત અવધૂત યમદૂત જિમ ભયકાર,
અંજના-પુત નૂતન વકાર્યા. વાહણ. ૩

હાથિ હથિયાર શિર ટોપ આરોપિયા,
અંગિ સન્નાહ ભુજ વીર વલાયાં;
ઝલકતે નૂર દલપૂર, બિહું તબ મલ્યાં,
વીર રસ જલધિ ઊધાણ બલિયાં. વાહણ. ૪

નીલ સિત પીત અતિશ્યામ પાટલ ધ્વજા,
વસન ભૂષણ તરૂણ કિરણ છાજે;
માનું બહુ રૂપ રણ-લચ્છિ હૃદય-સ્થલે,
કંચુઆ પંચ–વરણી વિરાજે. વાહણ. ૫

ભૂર રણતૂર પૂરે ગયણે ગડગડે,
આથડે કટકની સુભટ-કોડી;
નાવસ્યું નાવ રણભાવ ભર ભેળવી,
કેલવી ઘાઉ દિએ મૂછ મોડી. વાહણ. ૬

નિશિતશિર ધાર જલધાર રસે ઘણું,
સંચરે ગગનિ બક-ધવલ નેજા;
ગાજ સાજે સમર-ઢોલ વાજે સબલ,
વીજ જિમ કુંત ચમકે સતેજા. વાહણ. ૭

ક્રૂર-રસશૂર ગજ કુંભ સિંદૂર સમ,
રુધિરનાં પૂર અવિદૂર ચાલે;
સૂર ચૂરઈ સમર ભૂમિ સૂરણ પરિ,
સીસ કાયર ધરા હેઠિ ઘાલે. વાહણ. ૮

ભંડ બ્રહ્મંડ શત-ખંડ જે કરી સકે,
ઊછલે તેહવા નાલિ-ગોળા;
વરસતા અગન રણ-મગન રોસે ભર્યા;
માનું એ યમતણા નયન-ડોલા. વાહણ. ૯

ચોર ભૂંકે મહા ક્રોધ મૂકે વલી,
વાહણ ઊપરિ ભરી અગનિ હોકા;
કોક બાણે વઢે સુબટ રણ-રસિ ચઢે,
બિરુદ ગાયે તિહાં બંદિ લોકા. વાહણ. ૧૦

ઓસરી ચોર જલિ સોર બહુ પાથરઈ,
સાથ રઈ અગનિ તિહાં સબલ લાગે;
ખાલતો બાલતો ટોળતો દર્પ તુજ,
તેહ તૂં દેખતો કિમ ન જાગે? વાહણ. ૧૧

શેષ પિણ સલસલે મેદિની ચલચલે,
ખલભલે શલ્ય તે સમર-રંગે;
લડથડે ભીરૂ ઇક એક આગઈ પડે,
સુભટ સન્નાહ માએ ન અંગે. વાહણ. ૧૨

ઘોર રણજોર ચિહુ ઓર ભટ ફેરવે,
દેવ પિણ દેખતાં જેહ ચમકે;
બાણ બહુ ધૂમથી તિમિર પસરે સબલ,
કૌતુકી અમરના ડમરૂ ડમકે. વાહણ. ૧૩

એહવે રણ શરણ તૂં કિસ્યું મુજ કરે?
ખલપરિ દુષ્ટ દેખઈ તમાસા;
એક તિહાં ધર્મ છે શરણ માહરે વડું,
સુજસ દિએ તે કરે સફલ આશા." વાહણ. ૧૪

દુહા.
સાયર કહે"તૂં ભોગવે, ઘણા પાપનો ભોગ;
એહ મુજ નિંદા કરી, સ્યો અધિકો ફલ ભોગ? ૧

વીંધ્યો ખીલે લોહને, તૂં નિજ કૂખિ મઝારિ;
બાંધ્યો છે દઢ દોરસ્યૂં, નિજ વશ નહિ લગાર. ૨

દુબ્ભર ભરિએ તુજ ઉદર. ઘાલિ ધૂલિ પાષાણ;
વાય ભર્યો ભચકે ઘણું, તૂં જગિ ખરો અજાણ." ૩

વાહણ કહે "સાયર! તુહ્યો, વડા જડાશય જગ્ગિ;
દેખો છો ગિરિ પ્રજલતો, નવિ નિજ પગવિચ અગ્ગિ. ૪

મેરૂ મંથાણે તૂં મથ્યો, રામશરે વલિ દગ્ધ;
ઊછાલી પાતાલ ઘટ, પવને કીદો અદ્ધ. ૫

પામે મૂર્છા તે દુખે, મુખે મુકે છે ફીણ;
સન્નિપાતિઓ ઘુરઘુરે, લોટે કચરે લીણ ૬

ભોગવતો ઈમ પાપ ફલ, નવિ જાણે નિજ હાનિ;
દોષ ગ્રહે તૂં પર તણા, તે નવિ આવે માનિ" ૭

ઢાલ ૧૧.

ઇણિ પુરિ કંબલ કોઈ ન લેસી-એ દેશી.

સાયર કહે "તૂં બહુ અપરાધિ, વાહણ! જીભ તુઝ અધિકી વાધી;
ખોલે મર્મ અનેક અહ્મારાં, ઢાંકૂં છિંદ્ર અહ્મે તુજ સારા. ૧

જો હવઈ ન રહિસ નિંદા કરતો; મર્મ ઉઘાડિસિ માહરા ફિરતો;
પોત તરંગ ઘુમરમાં બોળી, તો હું નાંખીશ તુજને ઢોળી. ૨

તુજવિણ મુજ નવિ હોસ્યે હાણી, તુજ સરિખા બહુ મેલિસિ આવી,
જો અખૂટ છે નૃપ ભંડાર, તો ચાકરનો નહીં કો પાર. ૩

ઉષ્ણ અગનિ-તાપે હુએ ગાઢું, જેહ સ્વભાવે જલ છેટાઢું;
તિમ તુજ મર્મ વચને હું કાપ્યો, ક્ષમાવંત ધૂરિ જે આરોપ્યો. ૪

મોટાસ્યું હઠવાદ નીવાર્યો, નીતિ ઋજુમાર્ગ તેં વિસાર્યો;
મુજ કોપિ તૂં રહિએ ન સકઈ, પડે કએ લહરીને ધક્કઈ. ૫

કોડિ તરંગ શિખર પરિ વાધે, જઈઅ ફીરઈ તે અંબર આધે;
એ તરંગ સબલ નભ ભાજે, કાજ ઘણા તૂં સ્યૂં ઈમ લાજે? ૬

પવન ઝકોલે દિએ જલ ભમરી,માનું મદ–મદિરાની ઘુમરી;
તેહમાં શૈલ–શિખર પણિ ત્રૂટે, હરિ શય્યા ફણિ–બંધ વિછૂટે. ૭

નક્ર ચક્ર પાડિન અતુચ્છ; ઊછળતા આછોટઈ પુચ્છ;
જઈ લાગે અંબર જલ કણિયા, છમકે ગ્રહગણ તાતા મણિયા. ૮

એહવે મુજ કોપે તુજ સર્વ, ગલસ્યે જે મનમાં છે ગર્વ;
જે બોલે અસમંજસ ભાષા, તે ફલસે સઘલી શત શાખા." ૯

દુહા.
વાહણ કહે 'મત રાખજે, સાયર! પાછું જોર;
ચાલે તે કરિસ્યું વૃથા, ફૂલી કરે બકોર. ૧

વચન ગુમાને તુજ ભરિયાં, સાચ નકા તિહાં ભાખ;
કેતાં કાલાં કાઢિએ, જિમતાં દહિ ને માખ. ૨

રઈવતના ગિર પોપટા–એ દેશી.

સાયર! સ્યૂં તું ઉછલે?, સ્યૂં ફૂલે છે ફોક?
ગરવ-વચન હું નવી ખમું, દેસ્યૂં ઉત્તર રોક. સાયર!૧

વાત–પ્રસંગે મેં કહ્યા, ઉત્તર તુજ સાર;
મર્મ ન ભેદ્યા તાહરા, કરિ હૃદય વિચાર. સાયર!૨

નિજ હિત જાણી બોલિએ, નવિ શાસ્ત્રવિરૂદ્ધ;
રૂસો પરિ વલિ વિષ ભખો, પણિ કહીયે શુદ્ધ. સાયર!૩

છિદ્ર અહ્મારાં સંવરે, તૂં કિહાંરે? ગમાર!
છિદ્ર એક જો તનુ લહઈ , તો કરેરે હજાર. સાયર!૪

શાકિનિ પરિ નિતિ અમ્હ તણા, તાકે તૂં છિદ્ર;
પણિ રખવાળો ધર્મ છે, તે ન કરે નિદ્ર. સાયર!૫

બોલે શરણાગત પ્રતિ, જે નીર મઝાર;
કઠિન વચન મુખિ ઉચ્ચરે, તે તુજ આચાર. સાયર!૬

પણિ મુજ રક્ષક ધર્મમાં, નહિ તુજ બલ લાગ;
જેહથી મુજ બૂડે નહીં, બાવનમો ભાગ. સાયર!૭

મનમાં સ્યૂં મૂંઝી રહ્યો, સ્યૂં માને શંક;
અહ્મ જાતાં તુજ એકલો, ઊગરસ્યૈ તો પંક. સાયર!૮

તું ઘર–ભંગ સમર્થ છે, કરવા અસમરત્થ,
શ્રમ કરવો ગુણ–પાત્રનો, જાણે ગુરૂ હત્થ. સાયર!૯

હંસ વિના સરવર યથા, અલિવિણ જિમ પદ્મ,
જિમ રસાળ કોકિલ વિના, દીપક વિણ સદ્ય. સાયર!૧૦

મલયાચલ ચંદન વિના, ધન વિણ જિમ દ્રંગ;
સોહે નહિ તિમ અહ્મ વિના, તુજ વૈભવ રંગ. સાયર!૧૧

કરહ પિઠિ જલ વરસવું; તૂઝને હિતવાણિ;
મૂરખ જો લાજે નહિ, જાણિ નિજહાણિ. સાયર!૧૨

ગગન પાત ભયથિ સૂએ, કરી ઉંચા પાય;
ટીંટોડી જિમ તુજ તથા, કલ્પિત મદ થાય. સાયર!૧૩

ઉન્હો સ્યું થાએ વૃથા? મોટાઇ જેહ,
તેતો બેહું મિલી હોઈ, બિહું પકખ સનેહ. સાયર!૧૪

દુહા.

રાજા રાજિ પ્રજા સુખી, પ્રજા રાજ નૃપ રૂપ;
નિજ કરિ છત્ર ચમર ધરે, તો નવિ સોહે ભૂપ ૧

મદ ઝરતે ગજ ગાજતે, સોહે વંધ્ય નિવેસ;
વિંધ્યાચલ વિણ હાથિઆ, સુખ ન લહે પરદેશ. ૨

અગંજેય વન તે હુઈ, સિંહ કરે જિહાં વાસ;
વનનિકુંજ છાયા વિના, ન લહે સિંહ વિલાસ. ૩

હંસ વિના સોહે નહિં, માનસસર જલપુર;
માનસ સરવર હંસલા, સુખ ન લહે મહમૂર; ૪

ઇમ સાયર! તુજ અહ્મ મિલી, મોટાઈ બિહુ પક્ખ;
જો તૂં ચૂકઈ મદ–વહ્યો, તો તુજ સમ મુજ લક્ખ. ૫

હંસ સિંહ કરિવર કરે, જિહાં જાઈ તિહાં લીલ;
સર્વ ઠામિ તિમ સુખ લહે, જે છે સાધુ સુસીલ" ૬

સાયર કહે "તૂં મુજ વિના, ભરી ન શકે ડગ્ગ;
મુજ પ્રસાદિ વિલસે ઘણૂં, હું દિઉં છૂં તુજ મગ્ગ. ૭

મુજ સાહમૂં બોલે વલી, જો તૂં છાંડી લાજ;
તો સ્વામી દ્રોહા તણી, શીખ હોસ્યે તુજ આજ." ૮

વાહણ કહે "સાયર! સુણો, સ્વામિ તે સંસાર;
ગિરૂઓ ગુણ જાણી કરે, જે સેવકની સાર. ૯

ભાર વહે જન ભાગ્યનો, બીજો સ્વામી મૂઢ;
જિમ ખરવર ચંદન તણો, એ તું જાણે ગૂઢ. ૧૦

ઢાળ ૧૩.

ભોલુડા હંસા–એ દેશી.

એહવે વયણેરે હવે કોપેઈ ચડ્યો, સાયર પામ્યોરે ક્ષોભ;
પવન ઝકોલેરે જલ ભર ઊછલી, લાગે અંબર મોભ. એહવે૦ ૧

ભમરી દેતાંરે પવન ફિરી ફિરીરે, વાલે અંગ તરંગ;
અંબર વેદીરે ભેદી આવતા, ભાજે તે ગિરિ–શૃંગ. એહવે૦ ૨

ભૂત ભયંકર સાયર જબ હુઓ, વીજ હુઈ તવ હાસ;
ગુહિરો ગાજીરે ગગને ઘર કરે, ડમ ડમ ડમરૂ વિલાસ. એહવે૦ ૩

જલનઈ જોરઈ રે અંબર ઊછલઈ, મચ્છ પુચ્છ કરી વંક;
વાહણ લોકનઈરે જો દેખી હુઈ, ધૂમકેતું શત શંક. એહવે૦ ૪

રોષ અગનિનોરે ધૂમ જલધિ તણો, પસર્યો ઘોર અંધાર;
ભયભર ત્રાસેરે મશક પરિતદા, વાહણના લોક હજાર. એહવે૦ ૫

ગગનિ ચઢાવીરે વેગિ તરંગને, તલે ઘાલિજે રે પોત;
ત્રટત્રટ ત્રૂટઈરે બંધન દોરનાં, જલ લખ જોતા રે જોત. એહવે૦ ૬

નાંગર ત્રોડીરે દૂરિ નાંખીએ, ફૂલ તણા જિમ બીંટ;
ગગનિ ઉલાલીરે હરિઈ પાંજરી, મોડિ મંડપ મીટિ. એહવે૦ ૭

છુટે આડારે બંધન થંભનાં, ફૂટઈ બહુ ધ્વજદંડ,
સૂક વાહણ પણિ છોતા પરિ હુઇ, કુઆ–થંભ શતખંડ. એહવે૦ ૮

સબલ શિલા વચિ ભાગાં પાટીયાં, ઊછલતે જલ ગોટ;
આશ્રિત દુખથીરે વાહણ તણો હુઓ, માનુ હૃદયનો ફોટ. એહવે૦ ૯

તે ઉત્પાતિ પ્રલય પરિ હુવે, લોક હુઆ ભયભ્રાંત;
કાયર રોવેરે ધીર તે ધૃતિ ધરી, પરમેશ્વર સમરંત. એહવે૦ ૧૦

દુહા.

ઇમ સાયર કોપે હુઓ, દેખી વાહણ વિલકખ;
વિચિ આવી વાણી વદે, ઉદધિકુમર નાલકખ ૧

'વાહણ! ન કીજે સર્વથા, મોટા સાથે ઝૂઝ;
જો કીધૂં તો ફલ લહ્યું, મુંઝઈ કાઈ અબૂઝ. ૨

તુજમાં કાંઈ ન ઉગર્યો, વહિ જાઈસે જલવેલ;
હજી લગિ હિત ચાહિ તો, કરે સામરસ્યું મેલ. ૩

ઢાળ ૧૭

આવ્યાં વાહણ સોહામણાં હો, ઘોઘા વેલાકુલ;
ઘરઘર હુઆં વધામણાં, શ્રી સંઘ સદા અનુકુલ. હરખિત૦ ૧૩

ઈણ પરિ જેહના દ્રવ્યનો હો, આવ્યો પ્રભુને ભોગ;
સાયરથી મોટું કર્યું, તે જિહાજ મિલિ સવિ લોગ. હરખિત૦ ૧૬

એ ઉપદેશ રચ્યો ભલો હો, ગર્વ–ત્યાગ હિત કાજ;
તપગચ્છ ભૂષણ સોહતા, શ્રી વિજયપ્રભ સૂરિરાજ. હરખિત૦ ૧૭

શ્રી નયવિજય વિબુધ તણો હો, સીસ ભણે ઉલ્લાસ;
એ ઉપદેશે જે રહે, તે પામે સુજસ વિલાસ. હરખિત૦ ૧૮

વિધુ મુનિ સંવત જાણિએ હો, તેહજ વર્ષ પ્રમાણ;
ઘોઘા બંદિરે એ રચ્યો, ઉપદેશ ચઢ્યૌ સુપ્રમાણ. હરખિત૦ ૧૯

ooo

૩૧
આનંદઘન (૧૭મી સદી):

૫ પદો

જ્ઞાનમાર્ગી કવિતાપરંપરાના જૈન પદકવિ. સાધકના અનુભવ-આનંદને તથા તત્ત્વવિચારને આલેખતાં એમનાં 'આનંદઘન-ચોવીસી'નાં સ્તવનો તથા 'આનંદઘન-બહોંતરી'નાં પદોમાં સામ્પ્રદાયિકતાને બદલે વ્યાપક અધ્યાત્મભાવ ઊઘડે છે એ એમનો વિશેષ છે.

તીર્થંકારો વિશેનાં કેટલાંક પદો પણ એમણે રચ્યાં છે. આનંદઘનની કૃતિઓની ભાષારાજસ્થાનીમિશ્ર ગુજરાતી છે.

૧

મૂલડો થોડો ભાઈ વ્યાજડો ઘણો રે,
કેમ કરી દીધો રે જાય?
તલપદ પૂંજી મેં આપી સઘલી રે,
તોહે વ્યાજ પૂરું નહિ થાય. મૂલડો.

વ્યાપાર ભાગો જલવટ થલવટે રે,
ધીરે નહિ નીસાની માય;
વ્યાજ બોડાવી કોઈ ખંદા પરઠવે રે,
તો મૂલ આપું સમ ખાય. મૂલડો
હાટડું માંડું રૂડા માણેકચોકમાં રે,
સાજનિયાંનું મનડું મનાય,
આનંદઘનપ્રભુ શેઠ શિરોમણિ રે,
બાંહડી ઝાલજો રે આય. મૂલડો

૨

સુહાગણ જાગી અનુભવ પ્રીત; સુહાગણ
નિંદ અનાદિ અજ્ઞાનકી મિટ ગઈ નિજ રીત. સુહાગણ

ઘટમંદિર દીપક કિયો, સહજ સુજ્યોતિ સરૂપ;
આપ પરાઈ આપુહી, ઠાનત વસ્તુ અનૂપ. સુહાગણ

કહાં દિખાવું ઔરકું, કહાં સમજાઉં ભોર;
તીર અચૂક હૈ પ્રેમકા, લાગે સો રહે ઠોર. સુહાગણ

નાદવિલુબ્ધો પ્રાણકું, ગિને ન તૃણ મૃગલોય;
આનંદઘન પ્રભુ પ્રેમકી, અકથ કહાની હોય. સુહાગણ

૩

અવધૂ નામ હમારા રાખે, સો પરમ મહારસ ચાખે. અવધૂ

નહીં હમ પુરુષ, નહીં હમ નારી, વરન ન ભાત હમારી;
જાતિ ન પાંતિ, ન સાધન સાધક, નહીં હમ લઘુ, નહીં ભારી. અવધૂ

નહીં હમ તાતે, નહીં હમ સીરે, નહીં દીર્ઘ, નહીં છોટા;
નહીં હમ ભાઈ, નહીં હમ ભગિની, નહીં હમ બાપ, ન બેટા. અવધૂ

નહીં હમ મનસા, નહીં હમ શબદા, નહીં હમ તનકી ધરણી;
નહીં હમ ભેખ, ભેખધર નાંહી, નહીં હમ કરતા કરણી. અવધૂ

નહીં હમ દરસન, નહીં હમ પરસન, રસ ન ગંધ કછુ નાંહી;
આનંદઘન ચેતનમય મૂરતિ, સેવકજન બલિ જાહીં. અવધૂ

૪

નિશાની કહા બતાવું રે, તેરો અગમ અગોચર રૂપ.

રૂપી કહું તો કછુ નહિ રે, બંધે કૈસે અરૂપ?
રૂપારૂપી જો કહું પ્યારે, ઐસેં ન સિદ્ધ અનૂપ.

સિદ્ધ સરૂપી જો કહું રે, બંધન મોક્ષ વિચાર,
ન ઘટે સંસારી દશા પ્યારે, પુણ્ય પાપ અવતાર.

સિદ્ધ સનાતન જો કહું રે, ઉપજે વિણસે કોણ?
ઉજે વિણસ જો કહું પ્યારે, નિત્ય અબાધિત ગૌન.

સર્વાંગી સબ નય ધણી રે, માચે સબ પરમાન,
નયવાદી પલ્લો ગ્રહી પ્યારે, કર લરાઈ ઠાંન.

અનુભવગૌચર વસ્તુકો રે, જાણવો યહ ઈલાજ,
કહન સુનનકો કછુ નહિ પ્યારે, આનંદધન મહારાજ.

૫

કંચન-વરણો નાહ રે, મુને કોય મિલાવો!
અંજન-રેખવ આંખ ન ભાવે, મંજન શિર પડો દાહ રે. મુને

કૌન સેન જાણે મુજ મનકી? વેદન-વિરહ અથાહ;
થરથર ધ્રૂજે દેહડી મારી, જિમ વાનર ભર માહ રે. મુને

દેહ ન ગેહ ન નેહ ન રેહ ન, ભાવે ન દુહા ગાહા;
આનંદઘન બોલો બાંહડી ઝાલે, નિશદિન ધરું ઉરમાંહ રે. મુને ○○○

○○○

૩૨
વજિયો (૧૭મી સદી)

પ્રેમાનંદ પહેલાંની આખ્યાન-કવિતામાં એનું 'રણજંગ' ધ્યાન ખેંચે છે. રણ-જંગ(યજ્ઞ) એ રૂપક તથા બીજાં એકબે પ્રસંગાલેખનોની પ્રેમાનંદ પર અસર જોઈ શકાય છે. એ ઉપરાંત એણે 'સીતાવેલ', 'સીતાસંદેશ' એ કૃતિઓ પણ રચી છે.

રણજંગ કડવું ૧, ૧૧, ૧૪, ૧૭ -માંથી

કડવું ૧લું

ગુણસમુદ્ર ગણ સરસ્વતિ, પૂજીને કહું કર જોડઃ હ.
રણજંગ લંકા કીધો રાઘવ, ગાઉં ગુણ પા ઘોડ— ૧
જાનકી–કારણ જગત ત્રિ જાણે સાયર બાધી પાજ;
લીધા પેહિલી આપી લકા, ભોગવે છે આજ— ૨
બોહોતેર ક્રોડ છે રીંછ રાયને. કપિ પડ્મ અઢાર;
ત્રિકૂટ વીંટ્યો વાનરે, આવ્યો અયોદ્ધા દ્વાર— ૩
શેષ સળક્યો ધ્રુવ ધ્રમક્યો, ચળવળ્યા રવિ ચદ્ર;
આગળ હાકવાગે હનુમંતની, (ત્યારે) ઉધ્રક્યો ભડઈદ્ર— ૪
સીતાછળ સેતબંધ બાંધી, ઉતર્યો અણભંગ;
લંકાગઢ તળે સુરકાજ રાઘવ રચ્યો મહા રણજંગ— ૫

કડવું ૧૧

હઠ છોડો આણી વાર, હડીલા રાણા રે
તાહારા કટકમાંહિ દીમે છે વાંકી વાત, સાંભળ હો રાણા રે. ૧
વિભીષણ ભાઈ રામજીને જ મળ્યો, તેને આપ્યું લંકાનું રાજ્ય.
રાવણ. તુજને રામજી મારશે રે, લેશે લંકાનું રાજ્ય, હઠીલા. ૨

રામજી ભડ વાંએ લંકા ભેળશે, તારાં રાક્ષસડાંને કરશે લોટ, હઠીલા. ૩
ખગપતિ બોલ્યો હો રાંણા તાહારે માળીએ રે, વાયસ બોલ્યો ઘરને બાર. ૪
રાવણ કેહે છિ નાલનફા તે વાંનર થાશે ચૂર,
એ શૂં બોલી રાંણી મંદોદરી, મુજ ઉફરો નથિ કો સૂર. ૫
રાવણ એણી પેરે બોલીયો, સુણ મંદોદરી નાર.
તેત્રીશ ક્રોડ માહારી સેવા કરે, ત્યાંહાં કોણ સુગ્રીવ મોરાર? ૬
નરપતિ ધુએ રે ધોતીયાં, સૂર્ય કરે રે રસોઈ;
બ્રેહ તે ભરડે છે કોદરા, યમ આંણે છે તોય. ૭
ગણેશ ગધેડાં ચારે છે, ચામુંડા ઢોળે છે વાય;
પવન બાહાર છે આંગણે, ઇંદ્ર ઓળાગ કરાય. ૮

કડવું ૧૪મું

ત્રિકૂટાચળ તાલ, મળ્યા કપિરાલ, ઉગતે સુર સુ સોફળીયા;
રામનો રણજંગ, જાણી અણભંગ, ઇંદ્ર બેસી વિમાન જોવા ચઢીયા. ૧
કરડે કપિ દંત, ગાજે ગિરિશૃંગ, ત્રુટે શિરબધ, ઢળે ઢળીયા;
દેઈ તે દડાક, વાજે વીરહાક, પડે શેષ ઢાક, શીસે ઢળીયા. ૨
ખળહળે લોહી ખાલ, જ્યંતા ખંધાલ તોખાર; સો ઢગ વળીયા
કીધો રિપુહોમ, દેઈ ખંધ ધોમ, ઉઠ્યા અંગ રોમ, ઉભા વળીયા. ૩
ગડેડે જાંબુવંત, હાકે હનુમંત, ઇંદ્રજિત ને હનુમાન આથડીયા;
હનુ કરે હોકાર, ગદાના ગુંજાર, તાંહાં કુંભકર્ણને લક્ષ્મણ આથડીયા. ૪
ભાજંતે ગામ, રોળ્યા એક ઠામ, ત્યાંહાં રાવણ રામ ઘાયે મળીયા;
કવિ કરે વખાણ, સમરે પુરાણ, સાધે ગુણતા કવે દશ કંધરીયા. ૫
કવે દશકંધ, તાણ ગુણબંધ, જાંણ અધચંદ્ર રાહુ ગળીયા. ૬
રાવણનાં વાઢ્યાં દશ વૈણ, જાણ શૂંગમેર, માયાં નાલકેર પૂજા ચઢીયાં;
રઘુનાથજીનો રણજંગ, જાંણી ઇંદ્ર બેસી વિમાંન જોવા ચઢીયા. ૭
છેદી વીશ અંગ, કીધૂ દેહભંગ, લસીને ચોરંગ શું લડથડીયા;

રહ્યો રૂદે રાંમ, પામ્યો નિજ ઠામ, બેસીને વિમાન, વૈકુંઠ ગયા. ૮
ત્રૂટે કડીઆલ, ફૂટે અણીઆલ, વાજે વીર બાણ આરાં પરીયા;
હોય વપુ કાટ, વાજે અઘીઆર,તે જાયે ઘટસુ સોંસરીયા. ૯
મારયા સર્વ મીર, કોપ્યો રઘુવીર, સાહ્યો શૂરધીર, સો સેઢલીયા;
કોપ્યો કષિ કાળ, કાઢી અંતરાળ, ગળે ઘાલી માળ, કેસુ ફુલીયાં. ૧૦
ઢોળ ઢમકતે, દાદીમા દમકતે, ઘટા વાગે નાદશું ધમધમીયા;
નિપન્યો રણજગ, ગંગાનો તરંગ, મહી નવરંગ, કથા લખીયા. ૧૧
રઘુનાથજીનો રણજંગ, જાણી ઇંદ્ર બેસી વિમાન જોવા ચઢીયા,
વજિયો જન વીણ, જીત્યુ ભગવાન, ઋષિ વાલ્મીક કવિ કહીયા. ૧૨
જ્યો રણયાગ, કીધો ચાર ભાગ, આપ્યો મહા ત્યાગ, લંકા દરીયા;
વજિયામુખર્વાણ, ગાયું ગુણ જાણ, સતી ભગવાનજી લેઈ વળીયા ૧૩

કડવું ૧૭મું
રામનાંમ આધાર, હમારે રામનાંમ આધાર,
રામનાંમપર પ્રીત ન ઉપની, તેહનો શો અવતાર, અમારે. ૧
પઠન ગુણ હું ક ન જાંણું, કવણ ઉપાડે ભારઃ
આયુ ઘટે ને જરા વ્યાપે કધે બેઠો કાળ. અમારે. ૨
વેદ પૂરાણ શાસ્ત્ર એમ બોલે, રામ ઉતારે પાર;
વજિયો કહે ગાય સુણે, તે પામે પદારથ ચાર. અમારે. ૩

ooo

૩૩
બુટો/બુટિયો/બુટાજી (૧૭મી સદી)

આ જ્ઞાનમાર્ગી સાધુ કવિ બ્રહ્માનંદના શિષ્ય અને અખાના ગુરુભાઈ હોવાની માન્યતા છે. એમનાં થોડાંક પદો મળે છે એમાં શૈલીની સહજતા છે.

૨ પદો

(૧)

એવા કોઈ અનુભવી રે

એવા કોઈ અનુભવી રે, કરે દ્વૈતનો સંહાર જી;
અગ્નિ બાળે જેમ કાષ્ઠને, ટાળે જાત-વરણ-વ્યવહાર. એવા

ધૂઓ જ્યાં લગી નીસરે, જ્યાં લગી કઠણ હોય આપ જી;
ઘટત ઘટત ઘટી ગયું, પછી ન રહ્યું પુણ્ય ને પાપ. એવા

માખી ત્યાં બેસે નહિ, તેના તાપે તે ટાળી જાય જી;
એકમેક અંતર નહિ, એવે રૂપે જો રહેવાય. એવા

સમજીને સમી રહ્યા, કોઈ અનુભવી લઈ જ્ઞાન જી;
સત્ય મેળવ બૂટિયા, સમજ્યાની એ તો સાન. એવા

(૨)

એવું જેને ઊપજ્યું રે

એવું જેને ઊપજ્યું રે, તેને ન રહ્યું કહેવાનું કાંઈ જી.
કથવું બકવું સુણવું સર્વે સમાવ્યું માંહી. એવું

સાકર કેરી પૂતળી, વિરાટ રૂપે થાય જી;
સઘળે સોંસરવી રસભરી, તેને ગમે ત્યાંથી ખાય. એવું

એકાએકી જાહ્નવી, જૂજવાં જ એનાં નામ જી;
પાતક ટાળે પિંડનું, જે ન્હાય જન નિષ્કામ. એવું

ગોરી-ગરબો એક, પણ બહુ બારણાં તે માંહ્ય જી;
માંહી દીપક એક, પણ તે દ્વારે દ્વારે દેખાય. એવું

ભક્ત ભગવાન એક છે, સમજે તો સંશય જાય જી;
કહે બુટો એક વાત સહુ, એમાં ઘણું કહ્યે શું થાય? એવું

ooo

ઇંદ્રાવતી/પ્રાણનાથ (સ્વામી) (ઈ. ૧૭મી સદી : જ.૧૬૧૯–અવ.૧૬૯૫):

'ઇન્દ્રાવતી' એવા નામે કવિતા લખનાર કવિ પ્રાણનાથ (પૂર્વાશ્રમના દયાસાગર) પ્રણામી પંથ(નિજાનંદ સંપ્રદાય)ના સંત હતા. સંપ્રદાયમાં એ નિષ્કલંક બુદ્ધ એવા અવતારી નામે જાણીતા છે. છેક અરબસ્તાન સુધીનો એમણે પ્રવાસ ખેડેલો. અરબી વગેરે ભાષાઓના તેમજ ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મના જાણકાર હતા. વિવિધ ધાર્મિક પરંપરાઓ વચ્ચે સમન્વય સાધવાનો એમણે પ્રયાસ કરેલો. આ સંપ્રદાયમાં મૂર્તિને બદલે 'તારતમસાગર' ગ્રંથની પૂજા થાય છે. ઈન્દ્રાવતી (મહામતિ) એ સંજ્ઞા આ પંથની વિશિષ્ટ દાર્શનિક અવસ્થા દર્શાવતી સંજ્ઞા છે. એ ઉપરથી કવિ પ્રાણનાથ 'ઇંદ્રાવતી' તરીકે ઓળખાતા થયેલા. એમણે ગુજરાતીમાં 'રાસગ્રંથ', 'ખટઋતુ' (વિરહનીબારમાસી- ષડ્ઋતુ), 'કલસ' જેવી કૃતિઓ રચી છે. કૃષ્ણની રાસલીલા, ગોપીનો કૃષ્ણવિયોગ પ્રથમ બે કૃતિઓમાં વર્ણવાયો છે. પાખંડીઓના મતનું ખંડન કરી મોક્ષમાર્ગને ઉપદેશતો 'કલસગ્રંથ' એમની નોંધપાત્ર રચના છે. ગુજરાતી ઉપરાંત હિંદી-સિંધી ભાષામાં પ્રેમભક્તિ સંવેદનો તેમજ જ્ઞાન-ભક્તિબોધ નિરૂપતાં અનેક કીર્તનો એમણે રચ્યાં છે.

૧ પદ; વિરહની બારમાસી

પદ

પીઉજી તમે
પીઉજી તમે શરદની રુતે રે સિધાવ્યા,
હાં રે મારા અંગડામાં વ્રહવન વાવ્યાં.

એ વન ખિણ ખિણ કૂંપળીઓ મૂકે,
હાંરે, મારું તેમ તેમ તનડું સૂકે.
હો સ્યામ, હું તો પીઉ પીઉ કરી રે પુકારું.

વાલા હું તો પીઉ પીઉ કરી રે પુકારું,
પીઉજી વિના દોહેલાં ઘણાં રે ગુજારું,
હું તો દુખડાં માંહે ને માંહે જ ઉતારું
હો સ્યામ, પીઉ પીઉ કરી રે પુકારું.

વાલા મારા ભાદરવે તે નદીનલાં ભરિયાં,
પીઉજી નિર્મલ જલ રે ઉછળિયાં.
વાલા મારા ગિર ડુંગર રે ખળભળિયાં,
પીઉજી તમે એણે સમયે હિજએ ન મળિયા.
હો સ્યામ, પીઉ પીઉ કરી રે પુકારું.

વાલા તમે ચાલતાં તે ચાર દિનડા કહ્યા,
હાં રે અમે એણી રે આસાએ જોઈને રહ્યા.
વાલા અમે વચન તમારાં ગ્રહ્યાં,
હવે તે અવધ ઊપર દિનડા ગયા.
હો સ્યામ, પીઉ પીઉ કરી રે પુકારું.

વાલા મારા દિનડા આસોના આવ્યા,
હાં રે, ઘેર મેઘલિયો બારે રે સિધાવ્યા,
હાં રે, વનવેલડિએ રંગ સોહાવ્યા.
પીઉજી તમે એણી સમે વ્રજડી કાં ન આવ્યા.
હો સ્યામ, પીઉ પીઉ કરી રે પુકારું.

વાલા મારા, એક વાર જુઓ વનડું આવી,
હાં રે ચાંદલિએ જોત રે ચઢાવી.
વેલડિએ વનસપતિ રે સોહાવી,
એણે સમે વ્રહણિયું કાં વિખલાવી,
હો સ્યામ, પીઉ પીઉ કરી રે પુકારું.

'વિરહની બારમાસીઃ ષડ્ઋતુ' માંથી

(વર્ષા અને શરદમાં વહાલાજીનો વિરહ)
વર્ષાઋતુ

(રાગ- મલાર)

મારા વ્હાલાજી રે વલ્લભ કહું વિનંતી રે
મારા કર્મ-તણી રે કથાય સુણો મારી આપવીતી રે ૧

આવ્યો તે માસ અષાઢ કે ઋતુ મલારની રે
જાણ્યું કરી વ્હાલા-શું વિલાસ લેશું લ્હાણ અધરની રે ૨

મારી જોગવાઈ હુતી જેહ સફળ થશે આ વારની રે
જાણ્યું આવી માયા માંહીં ભાંજશું હાય સંસારની રે ૩

વર્ષાઋતુ કર્મે કાઢી વિદેશ અવગુણ હુતા અપાર રે
હવે એણે સમે ધણી વિણ લેશે કોણ સારને રે ૪

વ્હાલા વરસે તે મેઘ મલાર વીજલડીના સાટકા રે
મને વ્હાલાજી વિના આ ઋત લાગે અંગ ઝાટકા રે ૫

મોરલીયાં કરે રે કીગોર સૂણીને ગર્જાના રે
મારો જીવ આકુળ-વ્યાકુળ થાય સૂણી સૂર કોયલના રે ૬

મુને કેમ કરી રેણી જાય બપૈયો પિયુ પિયુ લવે રે
સુંદરી કહે આ વાર તેડો ચરણે હવે રે ૭

નિશા દિવસ દોહિલા જાય પિયુજી વિના અંગના રે
મારું કાળજડું રે કપાય માર વ્હાલાજી વિના રે ૮

અચકે વાએ વાય? ઉછાળે વન વેલડી રે
હું તો વ્હાલાજી વિના રે વિદેશ ઝૂરું છું એકલી રે. ૯

મારી વહેલી તે લેજો સાર વ્હાલાજી હુ વિરહિણી રે
મારા દિવસ દોહિલા જાય વિશેષે આ રયણી રે ૧૦

ઇંદ્રાવતી કહે અવગુણ વિસારો આમ-તણા રે
મેં જે કીધા રે અપાર વ્હાલાજી-શું અતિ ઘણા રે ૧૧

હવે વાદળ મળીયા મલાર શોભા લીયે વનરાજ રે
રચી પોતે વરસે મેઘ તેડી ભીડો અંગના રે ૧૨

ધરાએ કીધો શણગાર ડુંગરડા નીલયા રે
એણી ઋતે રે આધાર કરો શીતલ કાયા રે ૧૩

મારી વહેલી તે લેજો સાર નહીં તોજીવ ચાલશે રે
પછે આવીને લેજો સાર કાયા માંદી પડી હશે રે ૧૪

મારા અવગુણ ઘણા રે અનંત પણ છેહ કેમ દીજીએ રે
એણે વચને ઈંદ્રાવતી અંગ વ્હાલા તેડી લીજીએ રે ૧૫

શરદઋતુ

(રાગઃ સામેરી-ચોપાઈ)

શરદની ઋતુ રે સોહામણી રે
રે'ણી પ્રેમની રે મૂંને વ્હાલાજી વિના કેમ જાય
મને ક્ષણ વરસો સો થાય હો વ્હાલૈયા હું રે વિદેશણીના પિયુજી રે (ટેક)૧

વ્હાલાજી રે ડહોળાં તે જળ વહી ગયાં હવે આવ્યાં તે નિર્મળ નીર
પિયુજી વિના હું એકલી તે ત્યાં કેમ રાખું મન ધીર હો ૨

વ્હાલાજી રે વન છાહ્યું દ્રુમ વેલડી હવે ધણી-તણી આ વાર
હું રે વિદેશણીના પિયુજી મુંને ચરણે તેડો આ વાર હો ૩

વ્હાલાજી રે નીર ઝરણે રે કૂપ ભર્યા નદી-સર ભરીયાં નવાણ
પણ એ જળ વહાલાજી વિના, મારા વિલસંતા સૂકે પ્રાણ હો ૪

વ્હાલાજી રે જીવ મારો મુંને દહે અંગે તે ઉપજે દાહ
અવગુણ મારા છે અતિ ઘણા તમે રખે મન આણો રાજ હો ૫

વ્હાલાજી રે શ્રાવણ માસની અષ્ટમી કૃષ્ણ-પક્ષની જેહ
મુંને એ રે'ણી વ્હાલાજી વિના ઘણું દોહિલી ગઈ તેહ હો ૬

વ્હાલાજી રે એમ તમે મો-શું કાં કરો મારા હો પ્રાણનાથ
આવી કરું તુમ-શું ગુંજડી મારી વીતકની જે વાત હો ૭

વ્હાલાજી રે અષ્ટમી ભાદરવા તણી કાંઈ શુક્લ-પક્ષની રાત
એ રયણી રૂડીય મારા જન્મ સંગાતી સાથ હો ૮

વ્હાલાજી રે મેં તો એમ ના જાણીયું જે મો-શું થાશે એ
જો હું જાણું કરશો વિરહિણી તો કંઠ બાંહુડી ટાળું કેમ હો ૯

વ્હાલાજી રે ભાદરવા માસની ચતુર્દશી કાંઈ અતિ અજવાળી થાય
એહ સમો નવ સાચવ્યો મારું તલવારે અંગ છેદાય હો ૧૦

વ્હાલાજી રે એ રે'ણી રે સિધાવિયા વ્હાલો પહોત્યા તે ધામ મોઝાર
એણે સમે મુંને એકલી તમે કાં રે કીધી નિરાધાર હો ૧૧

વ્હાલાજી રે તમે તો ઘણુંએ જણાવીયું પણ મેં ના જાણ્યું હું અધમ
જો હું જાણું થાશે એવડી તો તમને મૂકું કેમ હો ૧૨

વ્હાલાજી ચતુદર્શી આસો તણી કાંઈ બ્રહ્માંડ થાપ્યો પ્રકાશ
એ રજની મુંને એકલી તમે કાંય કરી નિરાશ હો ૧૩

વ્હાલાજી રે પૂનમ-રાતનો ચાંદલો કાંઈ વન શોભે અપાર
રાસની રાતનો ઓચ્છવ મુંને કાં ના તેડી આધાર હો ૧૪

વ્હાલાજી રે અવગુણ મારા છે અતિ ઘણા તમે રખે મન આણો સ્વામી
વિરહિણી કહે મુંને તમ વિના અમ ઉપર થઈ એ ઘણી હો ૧૫

વ્હાલાજી રે વિનતા વિરહિણી કેમ કીજીએ એવડો ન કીજે રોષ
જો જીવ દેહ મૂકી ચાલીયો તમે ત્યારે થાજો નિર્દોષ હો ૧૬

હવે ચિત્ત આણી ચરણે તેડજો વ્રેહ હવે ટાળો આધાર
એણે વચને ઈન્દ્રાવતીને વ્હાલો તેડી લેશે તત્કાળ હો ૧૭

ooo

૩૫.

શિવાનંદ (ઈ. ૧૭મી સદી):

શિવભક્ત કવિ. આદ્યા શક્તિની જાણીતી આરતી ઉપરાંત શિવાનંદ સ્વામીએ શિવ, ગણપતિ, દશાવતાર, હનુમાન આદિ વિશે પણ આરતીઓ રચેલી છે. આ ઉપરાંત કીર્તન, તિથિ, થાળ, ધૂન, વાર એવાં વિવિધ સ્વરૂપોમાં રાગવૈવિધ્ય ધરાવતાં સવા બસો જેટલાં પદોમાં શિવ-પાર્વતી-ગણપતિની સ્તુતિનાં પદો એમણે રચ્યાં છે. સંગીતનું જ્ઞાન ધરાવતા હોવાથી કવિનાં પ્રેમલક્ષણા ભક્તિનાં પદોમાં માધુર્યગુણ સવિશેષ છે.

૨ પદો; ૨ આરતીઓ

પદો

૧

આંહ રે આવો તો હું જ દેખાડું
અદ્‌ભુત રૂપ ત્રિપુરારિ રે;
જટાજુટમાં સુંદરી ગંગા, અર્ધાંગે શૈલકુમારી. આંહ રે ૧

ચોટલો ભ્રમરની સેર જ દીસે, કુંડળ નાકે વાળી રે;
ચાંદલો ભાલે સુંદર ચળકે, પેહેરણ કટિએ ફાળી રે.આંહ રે ૨
ત્રિય જટાવળી માથે લટકે, કુંડળમણિ વિષધારી રે;
ચંદ્રકળા વળી લોચન ભાલે, ગળે ગરલ વિહારી રે. આંહ રે ૩

મોતીની માળા કંઠે સોહે, અંગુલિએ મુદ્રિકા સારી રે;
કટિએ મેખલા રણઝણ ઝળકે, ઝાંઝર ચરણે ભારી રે.આંહ રે ૪

રંડમાળા અતિ શોભતી હૃદયે, પાણ પિનાકનો ધારી રે;
મૃગછાલાનું અંબર કટિએ, ઘૂઘરી કોકિલ વારી રે. આંહ રે ૫

ગિરિજાશંકર-પદ-અંબુજને, સેવે જે નરનારી રે;
શિવાનંદ ફરી ફરી જાયે, તે પદની બલિહારી રે. આંહે રે ૬

૨
ગિરિશ ગિરિજા બેહુ મળી રંગભર, આનંદોદધિ ઉલટ્યો રે;
ભાલ શશી અતિ સુંદર સોહે, પરવરિયા ગણ સુભટો રે, ગિરીશ

રત્નખચિત કનકાચલ બૈઠે, શૈલસુતા શિવ નિકટે રે;
ફણિધર મણિ અહિકુંડલ ઝલકે, લલિત વદન જટામુકુટે રે. ગિરીશ

કૈલાસપતિ શિવ નિરખી નયને ઉતરો ભવસાગરતટે રે;
શિવાનંદ કહે હું એટલું માગું, મોરી રસના શિવ શિવ રટે રે. ગિરીશ

આરતીઓ

૧. આદ્યાશક્તિની

જય આદ્યા શક્તિ મા, જય આદ્યા શક્તિ
અખંડ બ્રહ્માંડમાં વ્યાપ્યાં પડવે પંડે મા.
જયો જયો મા જગદંબે.

દ્વિતીયા બેય સ્વરૂપ, શિવ શક્તિ જાણું
બ્રહ્મા ગણપતિ ગાવું, હર ગાઉ હરિ મા જયો.

તૃતીયા ત્રણ સ્વરૂપ, ત્રિભુવનમાં બેઠાં
ત્રયસ્થકી ત્રિવેણી મા, તુ ત્રિવેણી મા જયો.

ચોથે ચતુરા મહાલક્ષ્મી, મા સચરાચર વ્યાપ્યાં
ચાર ભુજા ચૌદિશા પ્રગટ્યાં દક્ષિણમાં જયો.

પંચમી પંચ ઋષિ, પંચમે ગુણપદમાં
પંચ સહસ્ર ત્યાં સોહિયે પંચે તત્વોમાં જયો.

ષષ્ટિ તું નારાયણી, મહિષાસુર માર્યો
નરનારીના રૂપે વ્યાપ્યાં સઘળે મા જયો.

સપ્તમી સપ્ત પતાળ, સાવિત્રી સંધ્યા
ગૌ ગંગા ગાયત્રી ગૌરી ગીરજા મા જયો.

અષ્ટમી અષ્ટ ભુજા, આઇ આનંદા મા
ઋષિવર મુનિવર જનમ્યા દેવ દાનવમાં જયો.

નવમી નવકુળ નાગ, સેવે નવદુર્ગા મા
નવરાત્રિનાં પૂજન શિવરાત્રીનાં અર્ચન
કીધાં હર બ્રહ્મા જયો.

દશમી દશ અવતાર, જય વિજયા દશમી
રામે રામ રમાડ્યા રાવણ રોળ્યો મા જયો.

એકાદશી અગીયારસ, કાત્યાયની કામી મા
કામદુર્ગા કાલિકા શ્યામા ને રામા જયો.

બારસે બાળા રૂપ, બહુચરી અંબામા મા
બટુક ભૈરવ સોહિયે, કાળ ભૈરવ સોહિયે.
તારા છે તું જ મા જયો.

તેરસે તુળજા રૂપ, તું તારિણી માતા મા
બ્રહ્મા વિષ્ણુ સદા શિવ, ગુણ તારા ગાતા જયો.

ચૌદસે ચૌદા રૂપ, ચંડી ચામુંડા મા
ભાવ ભક્તિ ઘણી આપો, ચતુરાઇ ઘણી આપો,
સિંહવાહિની માતા જયો.

સંવત સોળ સત્તાવન, સોળસે બાવસી મા
સંવત સોળમાં પ્રગટ્યાં રેવાને તીરે જયો.

ત્રંબાવટી નગરી, મા ચંપાવતી નગરી,
મા રૂપાવટી નગરી
સોળ સહસ્ર ત્યાં સોહિયે કૃપા કરો ગૌરી જયો.

શિવ શક્તિની આરતી, જે કોઇ ગાશે મા
ભણે શિવાનંદ સ્વામી સુખ સંપત થાશે
કૈલાશે જાશે
મા અંબા દુખ હરશે જયો જયો મા જગદંબે.

૨. દશાવતારની આરતી

જય જાદવરાયા, પ્રભુ જય માધવરાયા; (૨)
આરતી કરુણાનંદની, (૨) વ્યાપી નિજ માયા. જય દેવ જય દેવ૦
પ્રથમે મચ્છ તણો અવતાર, માર્યો શંખાસુર પાપી; પ્રભુ૦ (૨)
ચતુરા નંદન નંદન, (૨) વેદ વિપ્રને આપી. જય દેવ૦
બીજે સુર અસુર મથીયા, સાગર મથવાને કાજે; પ્રભુ૦ (૨)
ચૌદ રત્ન બહાર કાઢ્યાં, (૨) શ્રી કૂર્મ મહારાજે. જય દેવ૦
ત્રીજે હરિણ્યાક્ષ દૈત્ય, દમતો પૃથ્વીને પાપી; પ્રભુ૦ (૨)
દાઢે ગ્રહીને લાવ્યા, (૨) અવની સ્થિર થાપી. જય દેવ૦
ચોથે હરિણ્યાકશ્યપ વર પામ્યો, ત્રુઠયા બ્રહ્માદિક ભૂપ; પ્રભુ૦ (૨)
નખ થકી વિડાર્યો, (૨) નરહરે નરસિંહ રૂપ; પ્રભુ૦ જય દેવ૦
પંચમે બલી રાજા બલિયો, જે થકી સુરપતિ કાંપ્યો; પ્રભુ૦
વામન રૂપ ધર્યું મહારાજે, (૨) પાતાલે ચાંપ્યો. જય દેવ૦
છઠ્ઠો ફરસુરામ અવતાર, ફરસી હાથમાં લીધી; પ્રભુ૦ (૨)
સહસ્નાર્જુન મારીને, (૨) પૃથ્વી નક્ષત્રી કીધી. જય દેવ૦
સપ્તમો રઘુવંશ અવતાર, આનન્દ કૌસલ્યા પામી; પ્રભુ૦ (૨)
પંચવટીમાં વસીયા (૨) રાઘવ સીતાના સ્વામી. જય દેવ૦
અષ્ટમો મથુરામાં અવતાર, ગોકુલ આવ્યા ગૌચારી; પ્રભુ૦ (૨)
ગોપી ગોવાલને રાખ્યાં, (૨) કૃષ્ણ ગોવર્દ્ધન ધારી. જય દેવ૦
નવમો બુદ્ધ તણો અવતાર, ભાર પૃથ્વી પર વ્યાપ્યો; પ્રભુ૦ (૨)
ધ્યાન ધરી બેઠા ધરણીધર, (૨) જોગ જુક્તિથી સાધ્યો. જય દેવ૦
દશમો કલંકી અવતાર, પૃથ્વી નિઃકલંકી કરશો; પ્રભુ૦ (૨)
મ્લેચ્છને મારીને, (૨) મહાદુઃખ સેવકનાં હરશો. જય દેવ૦
દશ અવતારની આરતી, જે કોઇ ગાશે; પ્રભુ૦ (૨)
ભણે શિવાનંદ સ્વામી, (૨) તે વૈકુંઠે જાશે. જય દેવ૦ ooo

૩૬

આંબાજી/આંબો છઠ્ઠો (૧૭મી સદી)

ઝાલા રાજવી આંબાજી, કબીરપંથમાં દીક્ષા પછી ષટ્પ્રજ્ઞદાસ.
એથી પદોમાં નામછાપ‘આંબો છઠ્ઠો’.
અધ્યાત્મભાવનાં પદોના રચનાર.

૧ પદ

સતનાં જળ સીંચજો
એવાં સતનાં જળ સીંચજો રે
માનવી તો મૂળ વિનાનાં ઝાડ છે.
પ્રેમનાં પાંદડાં ને દયાની ડાળ્યું રે – એવાં૦
પૂન્યનાં મૂળ પિયાળ છે રે
ધરમ વિના તમે ઢળી પડશો ને
વેળાએ કરોને નિવાડ રે. – એવાં૦
સુકરિત ફૂલ છે ગુલાબનાં રે
તરત લાગ્યાં દો ને ચાર રે
ફાલ્યો ફૂલ્યો એક વરખડો ને
વેડનવાલા હુશિયાર. – એવાં૦
એ ફળ ચાખે એ તો ચળે નહીં ને
અખંડ રે’વે એનો આ’ર રે
પરતીત તો જેની પરલે હોશે
થહ હોશે એના થાય રે. – એવાં૦
જાણજો તમે કાંક માણજો
મનખો નો આવે વારંવાર રે
આંબો છઠો એમ બોલિયાં ને રે
સપના જેવો છે સંસાર રે. – એવાં૦

ooo

૩૭.

ભાણદાસ (ઈ. ૧૭મી સદી)

આ જ્ઞાનમાર્ગી કવિએ 'હસ્તામલક' નામની એમની યશોદાયી કૃતિમાં મૂળ સંસ્કૃત ગ્રંથને આધારે કેવલાદ્વૈતનું સુગમ નિરૂપણ ૧૬ કડવાંના આખ્યાનરૂપે કરેલું છે. ચરિત્રાત્મક હોવા છતાં જ્ઞાનચર્ચા તરફ વધારે ઝૂકતું 'પ્રહ્લાદ આખ્યાન' પણ એમની નોંધપાત્ર કૃતિ છે.

પરંતુ આ કવિનું વધુ લોકપ્રિય કવિત્વ તો આદ્ય શક્તિનો મહિમા કરતી તત્ત્વલક્ષી છતાં સુગમ-સુગેય ગરબીઓમાં પ્રગટ્યું છે. આવી સંખ્યાબંધ ગરબીઓમાં 'ગગનમંડળની ગાગરડી' નામે વિખ્યાત થયેલો 'ભવાનીનો રાસ' મુખ્ય છે. ગરબીમાં તત્ત્વજ્ઞાનના વિનિયોગની બાબતે આ કવિ પહેલા હોવાની સંભાવના છે.

૨ ગરબીઓ

૧. ભવાનીનો રાસ

ગગનમંડળની ગાગરડી, ગુણ ગરબી રે,
તેણિ રમિ ભવાની રાસ, ગાઉં ગુણ ગરબી રે;
દિનમણિ સૂર્ય દીપક કર્યું, ગુણ ગરબી રે;
માંહિ ચંદ્ર તણું પરકાસ, ગુણ ગરબી રે,

પૃથ્વીપાત્ર ત્યાંહાં કોડીઉં, ગુણ ગરબી રે,
વાતી પરવત મેર, ગાઉં ગુણ ગરબી રે;
સાતિ સાગર તેલ ભર્યું, ગુણ ગરબી રે,
માંહિ મુગતાફલ ચુફેર, ગાઉં ગુણ ગરબી રે.

થાવર જંગમ ભસ્મ ભર્યું, ગુણ ગરબી રે,
સુંદર સકલ વિભાગ, ગાઉં ગુણ ગરબી રે;
સર પરિ ગાદી કછપની, ગુણ ગરબી રે,
ઉંઢણી શેષ નાગ, ગાઉં ગુણ ગરબી રે.

ગાગરિ ઉપરિ ઢાંકણું, ગુણ ગરબી રે,
અંબર એક અપાર, ગાઉં ગુણ ગરબી રે;
તેત્રીસ કોટિ વિવર કર્યાં, ગુણ ગરબી રે,
તેજ તણું નહિ પાર, ગાઉં ગુણ ગરબી રે.

ત્રણ્ય ગુણો થઈ ગુણવંતી, ગુણ ગરબી રે,
દૂઝિ પરમ નિધાન, ગાઉં ગુણ ગરબી રે;
અહર્નિસિં અમૃત ઝરિ ગુણ ગરબી રે,
જગત કરિ છિ પાન, ગાઉં ગુણ ગરબી રે.

વિવિધ પિરિ વરસી રહી, ગુણ ગરબી રે,
ધર્મ અરથ નિ કામ, ગાઉં ગુણ ગરબી રે;
ચ્યાર વેદ પરગટ થયા, ગુણ ગરબી રે,
વિશ્વતણું વિશ્રામ, ગાઉં ગુણ ગરબી રે.

ત્રહિણ્ય મૂરત્ય ગાગર મહીં, ગુણ ગરબી રે,
હરિ બ્રહ્મા નિ ઈસ, ગાઉં ગુણ ગરબી રે;
સદાકાલ સહજિં ધરિ, ગુણ ગરબી રે,
ગૌરી ગાગરિ સીસ, ગાઉં ગુણ ગરબી રે.

આદિ સકત્ય અવીગત તાણી, ગુણ ગરબી રે,
રમિ રસાલુ રાસ, ગાઉં ગુણ ગરબી રે;
ચઉદ લોક મોહ પામીયા, ગુણ ગરબી રે,
ઇંમ કહિ છિ ભાણદાસ, ગાઉં ગુણ ગરબી રે.

૨. જોનિં યોગમાયા ગરબુ રમિ

"જોનિં યોગમાયા ગરબુ રમિ, તે તું કરતી અત્ય કલોલ;
ત્યાં કુંકુમ કેસર કસ્તૂરી વલી રંગ તણા બહુ રોલ.
જોનિં યોગમાયા
પારજાતનાં પુષ્પ ઘણાં ત્યાંહાં સૂકડે અગર અબીર;
વલી ગાન ગાવિ ગોવિંદતણાં, ત્યાંહાં ગાજિ સબદ ગંભીર.
જોનિં યોગમાયા
ત્યાંહાં અઠોતર સુ વારાહી મલી રંગભરિ ખેલી રાસ;
ત્યાહાં છપન કોડિ મલી, ચામુંડા જાંણે સૂર્ય કોટિ પ્રકાસ.
જોનિં યોગમાયા
ત્યાંહાં નવ કોટિ મલી કાલિકા, તે મહામોટી મહામાય;
ન્યાં બ્રહ્માણી ઇંદ્રાણી આવ્યાં રૂદ્રાંણી ગુણ ગાય.
જોનિં યોગમાયા
પંચરંગ પટુલાં પિહિરણિ ચરણા ચોલી ચીર;
ત્યાંહાં શ્વેત પીત નિ રાતડાં, વલી ભાતિ ભાતિનાં હીર.
જોનિં યોગમાયા
ત્યાંહાં વિંછીયડા વાજિ ઘણા વલી ઝાંઝરનું ઝમકાર;
ત્યાંહાં ધમધમ વાજિ ઘૂઘરડી તેહનિ મુગતાફલના હાર.
જોનિં યોગમાયા

તેહની ચુહુ કંકણ મુદ્રિકા વલી સીસરાપડી કુલ;
તેહની નીલવટિ શોભિ ચાંદલુ, ઝાલિ તણું નહિ મૂલ.
જોનિં યોગમાયા

ત્રણ્યિ ભુવન માંહિ રમિ, તે ગાજી રહ્યું બ્રહ્માંડ;
તેણિ સાત દીપ સોભી રહ્યા, વલી સોભી રહ્યા નવખંડ.
જોનિં યોગમાયા

નવ દાઢા નવ રાત્ય રમ્યાં, તેણિ હઈડિ હરષ ન માય;
પછિ પોતાની આશ્રમ ગયાં, તેહના ભાંણદાસ ગુણ ગાય.
જોનિં યોગમાયા

ooo

૩૮.
ગોપાળ/ગોપાળદાસ (૧૭મી સદી)

જ્ઞાનમાર્ગી કવિ.'ગોપાળગીતા' એમણે ગુરુ-શિષ્ય-સંવાદ રૂપે લખી છે . એ ઉપરાંત એમનાં સાખીઓ અને પદો લાક્ષણિક છે.

૩ પદો; સાખીઓ; ચાબખા

પદો

૧.બુદ્ધિ વહુને શિખામણ.

રાગ ધોળ
"આછો ઘુંઘટ વહુને વહાલેરો લાગે."-એ રાગ.
સાચી સમજણ બુદ્ધિને ખોટીરે લાગે.
સંત મનાવે તો મનાવું હો લોલણી;
સાચી સમજણ બુધ્ધિને ખોટી લાગે. ટેક.
શીલ સંતોષ કહોતો કલ્લાં ઘડાવું;
કરૂણાની કાંબિયો પેરાવું; હો લોલણી– સાચી સમજણ.
વિવેક વિચાર કહોતો વિછુવા ઘડાવું,
હર્ષના ઘૂઘરા બંધાવું; હો લોલણી– સાચી સમજણ. ૧
સાધન સંપતિ કહોતો ચુડલો પેરાવું,
ક્ષમાની ચીપો મઢાવું; હો લોલણી– સાચી સમજણ.
જ્ઞાન વૈરાગ્ય બાજુબંધ સોવરાવું,
શાંતીનું રતન જડાવું; હો લોલણી– સાચી સમજણ. ૨
પ્રેમનાં પુષ્પો ગળામાં નંખાવું,
લક્ષનો દોરડો પ્રોવરાવું; હો લોલણી– સાચી સમજણ.

ટેક રૂપી કહો તો તુશિયો ઘડાવું,
દયાની દામણી બંધાવું; હો લોલણી– સાચી સમજણ. ૩
સતસંગત રૂપી ઘુલર ઘડાવું,
લગ્નનું લોળિયું પેરાવું; હો લોલણી– સાચી સમજણ.
ભક્તિ રૂપી કહો તો વાળી ઘડાવું,
મુક્તિની ચૂનિયો મેલાવું; હો લોલણી– સાચી સમજણ. ૪
નેહનું નયણે કહો તો કાજળ સરાવું,
હેતની આડો કરાવું; હો લોલણી– સાચી સમજણ.
સીધી સમજણ કહો તો સેંથો પુરાવું,
જોગનો ચાંદલો ચોઢાવું; હો લોલણી– સાચી સમજણ.૫
ધીરજ રૂપી કહો તો વેણો ગુંથાવું,
ગુરુગમ ગોફણો લટકાવું; હો લોલણી– સાચી સમજણ.
ચોખી ચાલની તમને ચોળી શિવડાવું,
ચૈતનની ચુંદડી પેહેરાવું; હો લોલણી– સાચી સમજણ. ૬
સાચી કરણીનો કહો તો કંચુવો શિવડાવું,
ભાવનું ભરત ભરાવું; હો લોલણી– સાચી સમજણ.
દાસ ગોપાળ કહે એ સમજણ સાચી,
દક્ષનો લક્ષ બતાવું; હો લોલણી– સાચી સમજણ. ૭

પદ ૨જું

ભલી રઝળતી રાખી મારા, સ્વામી ગુરુ દીન દયાળ જી.
તમો વિના આવડી કોણ કરે, કરુણા ભક્તવત્સળ પ્રતિપાળ જી.

પશુતણી ગતી હુતી મારે, પહેલી ભમતી રાનોરાન જી.
કાયા ક્લેશ કરંતી ટળી, વળી મુજને સાન જી.

મનુષ્ય તણી રે દેહ પાર પમાડી, દેવ તણી ગત દીધી જી.
ભવસાગરમાં ડૂબતાં વહાલે, આપે ઉગારી લીધી જી.

ગુર ગોવિંદ સમાન કહેવાણા, તે પરગટ હું પામી જી.
ચિત્તનું તે ચંદન મનની તે માળા, આત્માર્પણ સેવા ઝામી જી.

તેને શી ભેટ કરૂં ત્રિભુવન સ્વામી, એવી વસ્ત ના દેખું કાંઈ જી.
શું આપી ઓશીંકળ થાઉ, એવી હોંસ રહી મન માંહી જી.

આ સેજતણું ઘર ઘાલ્યું મારા, સ્વામી મળિયા અંતરજામી જી.
દાસ ગોપાળની દુર્બળ દક્ષિણા, માની લેજો સતગુરુ બહુ નામી જી.

પદ ૩
દશ અવતાર હરીનો નિશ્ચે કર્યા, અવર અવતાર તે કોણ ભાઈ;
એ વૃત્તાંત પંડીત મને પ્રીછવે, તો તમારાં ભણ્યાંની વડાઈ;
દશ૦

વ્યાપક બ્રહ્મ અણું ઠામ ઠાલું નહીં, બ્રહ્મા તે કોણ સમાન કાહાવે;
વેદવાણી એમ વચન વિરોધતાં, એ અચરજ અદભૂત આવે.
દશ૦

નિરાકાર સાકાર સંસાર હરી, દશ અવતાર તેથી કેમ અળગા;
નિરગુણ સિરગુણ થકી વસ્તુબીજી નથી, એહ રાંશય મને મોટા વળગ્યા.
દશ૦

ખોળતાં ખોળતાં ખટદરશન ખોળી વળ્યા, જેને જઇ પૂછીએ તે ઉથાપે;
પ્રશ્ન પ્રોઢાતણું અર્થ યથાર્થ તે, સાર સિદ્ધાંત કરી કો ન આપે.
દશ૦

અરૂપ દીસે નહીં, રૂપ સ્થીર નહીં, એહવી વાત ગડબડખી પાને પોથે;
દેખી જંજાળ ગોપાળ રહ્યો ઓસરી, અણછતી વ્યાપ તે શાંને ભોગે.
દશ૦

સાખીઓ

સતગુરૂ સ્વામી જે કહે, તે વચન ચડાવે શીશ;
થોડે દહાડે સેહેજમાં, પામે પદ જગદીશ.

સતગુરૂ ચૈતન દેવતા, જ્ઞાન તણો ભંડાર;
તેહના ચરણ ઉપાસીએ, મેહેલી માન વિકાર.

કછું સમજ કછું સેહેજમાં, કછું એક જાણ અજાણ;
ડગુ વેલે નીજ તસુ, તે જ્ઞાની વેદ પ્રમાણ.

વૈકુઠની ઈચ્છા નહીં, નહીં નરકનો ત્રાસ;
સ્વર્ગ નર્ક વૈકુંઠથી, દુર વસે હરીદાસ.

દેહ દેવ હૃદયે વસે, તે સર્વ દેવનો દેવ;
મનસા વાચા કર્મણા, જગકર્તાની સેવ.

દુઃખ દીધું જેણે જેહને, તે પંડિત ગુમાર;
નાવનો ડાંડો ચીરીએ, તો કેમ ઉતરે પાર.

હરી દરીઓ દશ દીશ ભર્યો, જળ થંભ્યાં બીન પાળ;
નાવ કરે નીજ જ્ઞાનની, તુર્ત દેખે ગોપાળ.

પરચ્યાવણ પંડિત થયા, તે શું બોલે કુડ;
તેલે ભરેલા તાવડા, ચરખે માહા સ્વરૂપ.

સપ્તધાતુ સઉ એક છે, જીવ સકળનો એક;
ઉત્તમ મધ્યમ કોણ છે, જ્ઞાનચક્ષુએ દેખ.

ઉત્તમ તું હુંએ નહીં, મધ્યમ તું હું નાહી;
પંચભૂતનાં પુતળાં, કોઈ ગેબી બોલે માંહી.

ગેબી બોલે ગેબથી, તેહેનું રૂપ નરેષ;
ખેલ બીચે કરી ના મીળે, તું જ્ઞાનચક્ષુએ દેખ.

ધરણી અંબર દેહરા, મધ્યે નીરંજન દેવ;
પહેલાં તેને સમજીને, પછી કરવી સેવ.

જ્ઞાન ભાણ જ્યારે ઉગે, ત્યારે શો કરવો ભેખ;
મન થયું જળ ઉન્મતા, તવ મુક્તા ચારૂ દેશ.

સાયર જેવા સાધુ છે, સદા રહે ગંભીર;
નદી નિશ દિન આવે છતે, જરા ન છાંડે તીર.

જેની કથા તું સાંભળે, તે તુજમાંહે રામ;
ઓળખ એને અનુભવે, કાં ભટકે ઠામોઠામ.

વિઘન ખેદ બીચ નાવટી, વહ્યો સર્વ સંસાર;
અજ્ઞાને ઉરમાં વહ્યો, શ્વાન સકટ જેમ ભાર.

વિઘન ખેદ મુરખ મતી, તજી કરે સાધનો સંગ;
જ્ઞાની ગુરૂને સેવતાં, લાગે હરીશું રંગ.

વિઘન ખેદ સાંકળ વડે, જડીઓ સર્વ અવિનાશ;
તે બેડી તુજ નિકળે, જો મળે સાદરણ આશ.

ખટદરશન ખટપટ કરે, મુક્તી પામવા લોક;
જ્ઞાન વિના ગોવીંદના, સાધન સર્વે ફોક.

હરીજનની હીકમત વડી, ભરમ ભુલાવે લોક;
એવો પ્રપંચ કર ઘર્યો, જ્યાં ત્યાં દેખે દોષ.

કથા સુણાવે કરમની, દુર કરાવે બ્રહ્મ;
લોક બીચારા શું કરે, જે ભટકી બનીયો ભ્રમ.

જેહેવા ગુરૂ જેને મળ્યા, તેહેને તેહેવું જ્ઞાન;
પીવા માંહાં પટંતરૂ, કો પીએ મદ પાન.

અહંકાર ઉન્મત થયો, બડે પડે જ્યાં દુર;
ઉલટ ગત ગોવિંદકી, રંકને રામ હજુર.

ગોવીંદ પોતાના દાસના, નવ દેખે કુળ આચાર;
સબરી સેવા નામકી, તારે તરવું ચામાર.

વૈષ્ણવ થાવું કઠણ છે, વેશ કરે શું જોય;
વાઘ ચીતરીને મુકે, તે પડ્યો રહે નવ બીહે કોય.

અનુભવ વિદ્યા ચાહીએ, નહીં પાખંડનું કામ;
જ્યાં પંડીત બેઠા પારખું, નવે ચળે ચામ કે દામ.

કો કાશી કો દ્વારકા, કો જાએ જગનાથ;
સાધ સંત સત ગુરૂ વીના, હરી ન આવે હાથ.

હરી હીરાની કોટડી, તાળાં શબ્દ અપાર;
સત ગુરૂ કુંચી પામીએ, તો ઉઘડે સર્વ ભંડાર.

સુણી વાત સૌ કો કરે, દીવે દીવો થાય;
ચકમક પાડે ગેબથિ, અજબ તમાશો ભાય.

ચકમક બાહુ થેલીએ, જબ ચાહે તબ આગ;
એવા જેને ગુરૂ મળે, તે રહેતો કાંહી લાગ.

દાતા કોઈ દીસે નહીં, નહીં જાચક સંસાર;
હરી દાતા હરી ભોગતા, મૂરખ તજ અહંકાર.

નહીં સંસારી ઊંચ નીચ, નહીં રાય નવ રંક;
સંસારી તેને જાણવો, જેને વિઘન ખેદની ઝંખ.

કછું સમજો તેને જાણીએ, જેહેને હરીનું જ્ઞાન;
ડગુ શું કીજીએ, જે ફુકે છે રે કાન.

કાન ફુંકીને છોડીઆ, હરીનો નહીં નીરધાર;
તે ગુરૂએ એવું કર્યું, જેમ પરણી છોડી નાર.

ગુરૂ બીચારા શું કરે,જે ચાલે મુનહી સાન;
વ્યાપક રામ પ્રીછે નહીં, લાગે ફુંકાવવા કાન.

પૂજાની પરવા નહીં, નહીં મેવાની આશ;
ગુપ્તરામ પ્રગટ કર્યા, તો તે ગોપાળ દાસ.

ચાબખા

સાંભળ મન સાચું કહું જીરે, તત્વતણું સિદ્ધાંત;
સત્ય ગુરૂ થકી ભય અનુભવું, જોયાં વેદ વેદાંત.

નામ રહીત જે રામ છે જીરે, તે હરી જાગદાધાર;
નેતી નેતી નિગમ કહે, તત્વ શિરોમણ સાર.

જ્યાં વાણી પોહોંચે નહીં જીરે, તે અવિનાશી બ્રહ્મ;
સત્ય સનાતન જાણજો, જેને નહીં કાયા નહીં કર્મ.

ખટ દરશન જેને ભજે જીરે, વિશ્વતણો આધાર;
મોહોટમ તાતે હરિ તણી,ન લહે બ્રહ્મપાર.

ooo

૩૯

માધવ (૧૭મી ઉત્તરાર્ધ)

આ બ્રાહ્મણ કવિની પદ્યવાર્તા 'રૂપસુંદર-કથા' સમાસપ્રચુર, આલંકારિક શૈલીમાં અને વિવિધ સંસ્કૃત છંદોમાં લખાયેલી ૧૯૨ કડીઓની શૃંગાર-રસિક કૃતિ ઘણી જાણીતી ને મહત્ત્વની છે.

રૂપસુંદર-કથા -માંથી

ભવાનીશપાદારવિન્દે હિ ભક્ત્યા
ઈમા વ્યાકરોદ્ભાષયા પદ્યયુક્તામ્ ।
સુ-ધી માધવાખ્યૌ રસૈઃ સ્થાયિભાવૈ-
ર્યુતાં યાં કથાં કામદેવપ્રભાવૈઃ ॥

(ભુજંગપ્રયાત)
મહાદર્પ કન્દર્પનો ત્રાસ જાણી
ધરી શંકરે વામભાગે ભવાની,
વલી શું કહું એ થકી હું વિશેષે,
જિણે જીતિયું વિશ્વ નારી નિમેષે. ૧

મહારાજ ઇન્દ્રે અહલ્યા વગોઈ,
ધરી ગૌતમે શ્રાપિયો પત્ય જોઈ,
વલી વાલિ તાર વિષે જેહ વર્ત્યો,
જીવે એકલો રામબાણે નિવર્ત્યો. ૨

મહા સાધવી સુન્દરી રામકાન્તા
ધરીને ગયો દુષ્ટ દૈત્યારિહન્તા,
વછોહા કરી રામસીતા વગોયા,
જિણે રાવણે આપ નિર્મૂલ ખોયા. ૩

જિણે જીતિયું વિશ્વ તે પ્રાણહારી
વછોહા કરી સાંચર્યો શંબરારિ. ૪

(શાર્દૂલવિક્રીડિત)
વિદ્યારંભ કર્યા પછી અતિરસે રૂપાં ભણે વાણિએ,
પાઠે નિર્મલ નીતિશાસ્ત્ર સઘલું છે આવડ્યું જાણિએ
તે પૂંઠે વલી અન્ય શાસ્ત્ર ભણતિ થૈ ગોમને મન્દિરે,
કીધી વશ્ય જ વિશ્વનાથતનયે વિદ્યાર્ણવે સુન્દરે. ૧૭

(શાલિની)
'મેં તો વાવી પ્રીત્યની વેલ સારી,
વામે પીયૂષે કરી તે વધારી
તારે સંયોગે જ સાફલ્ય થાશે,
નાહી તો એ તારુણી વ્યર્થ જાશે. ૨૪

રૂપાં તારા રૂપને ભૂપ મોહે,
રૂપે ગર્વી માનની માન નોહે
યોગી તુંને દેખતાં યોગ નાંખે,
તો મેં રહેવું કેમ તે તુજઝ પાખે? ૨૫

(દ્રુતવિલમ્બિત)
અતિ મનોહર ભોગ ઘણા હતા,
પણ કહું વિપરીત થઈ કથા;
અમૃત ભોજન વિષ થયાં યથા,
નવિ લહે મનની પણ કો વ્યથા. ૭૭

મુજ તણી સુખ સેજ ચિતા થઈ
વિરહ આગ્ય વડે પ્રગટી રહી.
કુસુમહાર જ કાલ રહ્યો ગ્રહી,
મન તણું પણ કો ન લહે સહી. ૭૮

દિવસ રાત્રિ થઈ યુગ જેવડી,
તુજ વિના મુજને ન ગમે ઘડી,
વિરહસર્પિણી કાલ જશી નડી;
મુજ હૃદયે પણ વીજ ન શે પડી? ૭૯

મલયચન્દનલેપ મુને દહે
અતિ મનોહરતાયુત તે સહે.
કુસુમ સર્વ જે વૃશ્ચિક થૈ ડસે,
મદન દુષ્ટ ખરો મુજને કસે. ૮૦
અમૃતશીતલ સૌ શશિને કહે,
મુજ વિખે પ્રગટ્યો દવ થૈ રહે,
ભુવન તો વન થૈ મુજને દહે
મન તણી સખિ, પીડ્ય ન કો'લહે. ૮૧

(વસન્તતિલકા)
અદ્યાપિ તું વિસરતી નથી મુઝને તે,
શું શું કહું અનુભવ્યાં સખી તુઝને તે?
ચોરી કર્યું અધરપાન હસ્યાં રમ્યાં જે
સર્વે વિયોગ પડતાં વિપરીત થયાં તે. ૧૦૨

(શાલિની)
કાચે કેરી રેખ ભાગે પગે જે
તેની પીડા થાય માથા લગે તે.
તો જે ખૂતું માનવી મંન માહે
તેની પીડા તે સહી ક્યમ જાએ? ૧૦૩

ઊંડી જે તે કાકરી નેત્ર માહે
પીડા થાયે જે ન હોયે મપાયે
તો જે પેઠું માનવી મંન માહે
તેની પીડા તે કહી ક્યમ જાએ? ૧૦૪

(દ્રુતવિલમ્બિત)
મૃગતણું પણ રૂપ મને ગ્રહ્યું,
યુવતીને કુચપર્વત જૈ રહ્યું
મદનના જ શરે તનુ વીંધિયુ,
ગતિ રહી, દિગમૂઢ થઈ ગયું. ૧૦૫

મદનબાણ તણા બહુધા કલે
ટલવલું, પણ વૈદ્ય ન કો' મલે,

હૃદય વિષે કુચપીડ્ય કરી ગલે
ભુજ તો દૃઢ બંધ કરે, ટલે. ૧૦૬

(શાર્દૂલવિક્રીડિત)
એવું દુઃખ ઘણું જ સુન્દર તણું ફૂલે સૂણીને કહ્યું;
'અન્યોન્યે વિરહે હવે પરિહરો જે હું કહું તે કરો,
રૂપાંકામ સરોવરે અનુસરો તે વાત ચિત્તે ધરો.' ૧૧૦

આવો અજ અમો જ્યહાં કહું ત્યહાં કાલી છ રાત્રી ખરી,
ચિત્તે ધૈર્ય ધરી જ, ભો પરહરી, યામર્ધ ટાલી કરી,
રાણીવાસ તણી પછીત અતિ છે ઊંચી જ મેડી તણી,
વારીમધ્યનિબદ્ધ રજ્જુ ચડવા મૂકીશ સૂત્રે વણી.' ૧૧૧

ફૂલાં એમ કહી વળી ઘરભણી આવી જ રૂપાં કને,
થૈ વાર્તા કહી, 'આજ સુન્દર નિશાયે આવશે તું કને.'
એવું રૂપ સુણી કહે, 'સખિ ખરો તેં જીવ દીધો મને,
વેગે સુન્દર જો મલે તો સખી સુઉત્તીર્ણ થાઉં તને. ૧૧૨

રૂપાં હર્ષભરી પ્રફુલ્લિત થઈ સર્વાંગ તે સુન્દરી,
જેવી ફૂલ તણી કલી સ્વસમયે નંદે વિકાસે ખરી,
અંગે કુંચુકી ગાઢી થૈ ચરચરી, ચૂડો જ બેઠો ભરી,
વીંટી અંગુલિની તથા નીસરે, નીવી (વ)છૂટી ખરી. ૧૧૩

નાના દિવ્ય સુગન્ધવાસિત જલે નાહી ઊભી સૂકવે
લાંબા કુન્તલ, તે સ્તનાદ્રિશિખરે મેઘામ્બુધારા સ્રવે,

શોભી બાહુલતા કશી ઝટકતાં વિદ્યુલ્લતાના જશી,
ગર્જતી કરકંકણધ્વનિ સુણી કન્દર્પ ઉઠે હશી. ૧૧૪

શય્યા સોજકરી પરે ભરે તલાઈ દિવ્ય તે પાથરી,
નાના ભોગ સુગન્ધ તત્પર કરી બેઠી સ્વયે સુન્દરી,
શૃંગારે સકલાંગ ભ્રમિત કરી, હાથે અરીસો ધરી
રૂપાં રૂપ ફરી ફરી નિરખતા કન્દર્પપૂરે ભરી. ૧૧૫

(શાર્દુલવિક્રીડિત)
આવ્યો ભૂપતિ મન્દિરે મન વિષે જોયું વિમાસી કરીઃ
'જો મારું દ્વિજ તો મરે મુજ સુતા, બે થાય હત્યા ખરી,
લોકે (તો જ) મહાયકીર્તિ કરતા સત્કીર્તિ જાશે વહી
જે વાતો નવ ગોપ્ય માંહિ ગણિજે તે ક્યંમ કીજે ફરી? ૧૫૧

તે માટે દ્વિજ, વાણિયો, મુજ સુતાઃ એ ત્રણ્યનું સત્ય હું
કન્યાદાનસમે વળી મુજ તણું રાજ્યર્ધ તે આપવું;'
એવો નિશ્ચય તાં કર્યો દૃઢ નૃપે, જે પાપ તે કાપવું. ૧૫૨

(રથોદ્ધતા)
સાંભલો ચતુર સર્વ કો તમો
રૂપસુન્દર કથા કરી અમો.
ગૂઢ અર્થ ચતુરને સેહજે
મૂઢ (શું) સમઝશે જ દોહલો ૧૯૦

(મન્દાક્રાન્તા)
કામી જે કો રસગુણકથા પ્રીછશે રીઝશે તે
ભૂંડા મુંડા, વૃષભ સરખા વાગરી ખીજશે તે,
જેને એનો અનુભવ નથી તે પશુ કે વનાન્તે,
યોગી તે શું લહે વિષયનો સ્વાદ જે છે સ્તનાન્તે. ૧૯૧

(શાર્દૂલવિક્રીડિત)
સંવત્ (સ)ત્તરસેં છ ઊપર નૃપ શ્રીવિક્રમાદિત્યનો,
આષાઢાધિક શુદ્ધ વિષ્ણુ દિવસે છે વાર આદિત્યનો,
તે દા'ડે થઈ રૂપસુન્દર કથા પીયૂષની એ ઝરી,
ઊદિચ્યે દ્વિજ માધવે ઘનરસે ભાષાકવિત્ત્વે કરી. ૧૯૨

ooo

વિશ્વનાથ જાની (૧૭મી ઉત્તરાર્ધ):

આખ્યાનકાર તથા પદકવિ. ઈ. ૧૬૫૨માં રચાયેલાં 'સગાળ-ચરિત્ર' અને 'મોસાળાચરિત્ર' આખ્યાનો પૈકી બીજું પાત્રચિત્રણ અને પ્રસંગનિરૂપણની રીતે વધુ કાવ્યગુણ ધરાવે છે. 'ચતુરચાલીસી' નામની કૃતિ જયદેવના 'ગીતગોવિંદ'ને અનુસરતી ૪૦ પદો ધરાવતી સંવાદકેન્દ્રી કૃતિ છે. પણ એમની ઉત્તમ કૃતિ તો છે, ભાગવતના ઉદ્ધવસંદેશને વિષય કરતી પદમાળારૂપ 'પ્રેમપચીસી'. ગોપીઓના શૃંગારભાવ કરતાં એમાં નંદજશોદાના વાત્સલ્યનું આલેખન વધુ ઉત્કટતાવાળું ને કવિત્વશક્તિવાળું છે.

પ્રેમપચીસી; ચતુરચાલીસા; મોસાળાચરિત્ર

પ્રેમપચીસી -માંથી

પદઃ ૧ (રાગઃ ગોડી)[દુહા]

કેહે દેવકી શ્રીકૃષ્ણને "સાંભલ્ય માહારા તંન
મોહનજી મથુરા વિષે શે નથી માનતું મંન? ૧

હું આપું સારી સુખડી માહારા સુંદર શાંમ શરીર
નીસાસો ઊંડો કરી કાં નેત્રે ભરો છો નીર?" ૨

[ગીત]

આતાજી! એમ ન કીજિયે, બલેહારી રે,
મુંને કોહોની મનની વાત; બલા લેઉં તાહારી રે. ૩

જશોદાજી આહાં તેડાવિયે, બલેહારી રે,
જે જાણે તાહારી વાત, બલા લેઉં તાહારી રે. ૪

નંદજી સું છે વેગલા, બલેહારી રે,
તેહેને સાદ કરાવું આજ; બલા લેઉં તાહારી રે. ૫

માહારા સમ, મુખથી કોહો, બલેહારી રે,
મૂકી મનની લાજ; બલા લેઉં તાહારી રે. ૬

વાહાલા જે ગોવાલિયા, બલેહારી રે,
તેહેનાં મંડાવોની નામ; બલા લેઉં તાહારી રે. ૭

કોહો તે મથુરામાં કરું, બલેહારી રે,
ન ઉત્તમ ગોકુલ ગામ; બલા લેઉં તાહારી રે. ૮

ગાયો ઘણી ઘેર આપણે, બલેહારી રે,
જો માયા તેહેની હોય; બલા લેઉં તાહારી રે. ૯

માખણ પરઘરનું ભાવે, બલેહારી રે,
તો ઈચ્છે છે સહુ કોય, બલા લેઉં તાહારી રે. ૧૦

શું મોરપીછ મલતાં નથી? બલેહારી રે,
બહુ ગુંજાના છે હાર; બલા લેઉં તાહારી રે. ૧૧

કામલી કારણ કાહાનજી! બલેહારી રે,
આ શી આંસુડાંની ધાર, બલા લેઉં તાહારી રે. ૧૨

સરસ વંસ સોનાતણો, બલેહારી રે,
હીરે જડિત્ર લ્યો હાથ, બલા લેઉં તાહારી રે. ૧૩

માંકડાં શું મલતાં નથી? બલેહારી રે,
ગોપી ગોવાલાનો સાથ; બલા લેઉં તાહારી રે. ૧૪

જો દાણ લેવું મનમાં ગમે, બલેહારી રે,
તો જ્યમલો જમુનાંનો ઘાટ; બલા લેઉં તાહારી રે. ૧૫

મનુસમાત્ર આવી ચઢે, બલેહારી રે,
આ વ્રીંદાવનની વાટ; બલા લેઉં તાહારી રે. ૧૬

શું મહિયારી મથુરાં નથી? બલેહારી રે.
જો ભાવે તેહની છાશ; બલા લેઉં તાહારી રે. ૧૭

વિશ્વનાથ વાહાલા ઘણું, બલેહારી રે,
નિશદિન રાખીશ પાસ; બલા લેઉં તાહારી રે. ૧૮

પદઃ ૪ (રાગ મારુ)
[દુહો]
વિવિધ વચન વિનતાનાં સાંભલી, એમ વદે, વાસુદેવઃ
'સુતના હિતને કારણે કારજ કરવું ખેવ.'
આલસ મૂકો, માન્યની! જે મુંને પૂછો વાત;
લાટે પાટે નવ્ય થાયે આ મોહનજીની માત.'

[ગીત]
ગેહેલી! ગોકુલની શી વાત?
પૂરણ ક્રિપા પાખિ નહીં થવાયે નંદ જ્યશોદા માતા;

જ્યેહેને ખોલે રમ્યા રસિકવર, જનમથકી મા જાણી રે,
ઉછેરીને આવડો કીધો, અંતર બહુ હેત આણી; ગેહેલી

મુખ જોઈ મોહનજી કેરું ઠાર્યો જ્યેણીએ પ્રાણી રે,
અવધ વિના એહેવાં સુખ પામી નંદજીની રાણી; ગેહેલી

જ્યેહેનું પય પ્રેમેશુ પીધું, માડી કહી બોલાવી રે,
સાંહાંજ સહવારે માગી સુખડી લાજ રુદેમાં ના'વી; ગેહેલી

જ્યશોદાજીએ જે જે આપી તે ભૂધરને મન ભાવી રે,
ત્રિભોવનમાંહે તરી તે તારુણી જે માત કૃષ્ણની કહાવી; ગેહેલી

ત્રણ્ય કાલ તાપેસ સંભારે, લક્ષ પેર લે લાઈ રે,
સહસ્રવાર સમરે શ્રોણામાં, નવ્ય હેલો જે દેખાઈ; ગેહેલી

તે આલિંગન દે આફણિયે, કોટે વલગે ધાઈ રે,
મરકલડાં કરતું મુખ ચ્યૂંબૂં: વાહાલી માહારી આઈ; ગેહેલી

જ્યેહેનો જશ બ્રહ્માદિક સરખા ચ્યાહારે વેદ વખાણે રે,
શેષ રેખ ગુણ ગાતો ન રહે, થોડાં મુખ મન આણે; ગેહેલી

તે ભૂધર 'ભૂખ્યો છું' કહીને પ્રેમે પાલવ તાણ્યો રે,
નંદ નારીયે નાંધડિયાને કાલો કુંઅર જાણ્યો; ગેહેલી

'આવ્ય,કુંઅર!' કહી ગ્રહી બાંહોડી, અંગ અલૌકિક ધોયાં રે,
શિશુપણે પ્રાકમ બહુ કીધાં, નંદ જ્યશોદાયે જોયાં; ગેહેલી

રાઢ કરી રોતો; કેશવનાં અબલાયે આંસુ લોહ્યાં રે,
કોણ મનોહર મુખડું જોઈને મનડાં બેહુનાં મોહ્યાં; ગેહેલી

આપણપેં અદકેરાં સાધન નંદ જ્યશોદાયે કીધાં રે,
ગાય ચારવા સરખાં કારજ્ય જોટ કૃષ્ણને દીધાં; ગેહેલી

મહી માખણને કાજ્યે જ્યેણીએ માંડ મારવા લીધાં રે,
જાની જાણે છે, જનુની થઈ અમૃત આંખડીએ પીધાં રે; ગેહેલી

પદ ૧૦

(દુહો)

ઉદ્ધવને કેહે કૃષ્ણજીઃ 'સાંભલો મારા ભ્રાત!
વેગે વ્રીજ્ય જાઓ તમ્યો, વાટ જુએ છે માત. ૧

જઈને નિશ્ચે કરી, કેહેજ્યો એક વચન;
રાત્ય દિવસ અલગું નથી, તમથી માહારું મન. ૨

(ગીત)

મુને સાંગલતું અહીં છે નહીં, વાહાલું વ્રીજ્યકેરું મહી,
ઉદ્ધવ માહારી માવડી, તેણે વાત ન જાણી આવડી...મુને.. . ૩

મુને ઉધામા આલશ ઘણું, મન્યે અંતરગત શું નમણું!
થોડે નીરે જ્યમ માછલી, ત્યમ મુજ વિના માડી એકલી...મુને... ૪
માને સુનું સરખું લાગશે, બીજાં બાલક સુખડી માગશે,
મા માખણપિંડ ઉતારશે; માને નંદજી શું કહી વારશે?...મુને... ૫

જ્યારે જમણ જ્યશોદા મેલશે, ત્યારે આંખે આંસુ રેલશે.
માંકડાં મહીડું ચાટશે, માહારી માનું હઈઅડું ફાટશે...મુને... ૬

અલંકાર અંગના ગ્રહી, તે રોશે અત્ય દુખ્યણી થઈ,
જ્યારે કોએક વાશે વાંશલી, માની વિરહે વેધાશે પાંશલી...મુને...૭

એક દિવસમાં અધઘડી, મેં વીસારી નથી સુખડી,
મુખ્યે નીસરિઊં તે માગતો; માહારી માડીને વાહાલો લાગતો...મુને... ૮

નંદજીના ગુણ શા ભણું? મુખ એક જિભાહા તો શું ગણું?
જ્યાનીના સમ સત્ય કહું: હું મન પાખી મથુરાં રહું...મુને... ૯

પદ ૧૫
(દુહો)
કેહે જ્યશોદા: 'વાહાલ ઘણું એહને અમ્યો અપાર.
એજ જિવાડવાનો ખપ કરો તો અહીં આવો એક વાર. ૧

આવી માગે સુખડી, 'માડી' કહી વચંન;
ઉદ્ધવ! બીજી વાતથી ક્યમે ન માને મંન. ૨

(ગીત)
એક વાર જો આવે, ઉદ્ધવ! એક વાર જો આવે;
મુખ જોઈ મનડાને ઠારું, 'માડી' કહી બોલાવે...ઉદ્ધવ. ૩
હું અણલેહેતીએ એમ ન જાણ્યું, જે જ્યદુપતિજી જાશે;
લક્ષ લાડ કરી કરગરતો જે પુત્ર પિઆરો થાશે...ઉદ્ધવ. ૪

વાત કરી તે કોયે ન માને, પોહોચે નહીં વિમાસે;
અતિ વાહાલાને વિરહ આપવો એ કો પ્રીછે આશે...ઉદ્ધવ. ૫

સુંદર મુખ પર જ્યુગ આખાની શોભા સઘલી વારું;
ચુંબન કરી રુદેશું ચાંપી ખોલામાંહે બેસાડું...ઉદ્ધવ. ૬

વિનય કરી વીગત્યશું પૂછું, રીસડલી ઉતારું;
કોમલ કર બાંધા મેં માડી, તે મન દુખાણું તાહારું?...ઉદ્ધવ. ૭

'હું ભૂખ્યો છું; ધવરાવો, માડી' કેહેતાં ગઉ હું દોહોતી;
ટલવલતો ત્રીકમને મૂકી ગોરશ ઘણાં વલોતી...ઉદ્ધવ. ૮

મોહનજી મથુરાં જઈ બેઠો, તે ગત્ય શમણે નોહોતી.
કામ કરી જોતી કેશવને, અતિ અભ્યંતર મોહોતી...ઉદ્ધવ. ૯

પરી કરી પીતાંબરની પેહેરી ક્યવારે કહીં નીસરતો;
અંગ રૂડું આભ્રણે ઓપતું, કોડ ઢાપલાં કરતો...ઉદ્ધવ. ૧૦

નરનારીની દ્રષ્ટે પડતો, તેહેનાં ચિતને હરતો;
હું ચીતવતી આગળ આવું, એહેવું એ આદરતો...ઉદ્ધવ. ૧૧

ખીટલિયા શુભ કેશ ગૂંથતી બલે કરીને બેસાડી;
મુખ ધોઈને તિલક સારતાં, આંખ્ય ઠારતો માહારી...ઉદ્ધવ. ૧૨

અંજન કરી કમલદલલોચ્યન, કંઠ બાંહોડી ધારી;
'માજી! સુખડી મુજને આપો!' તે માયા ક્યમ ઉતારી?...ઉદ્ધવ. ૧૩

ટોલાં વ્રીજ્યવિનતાનાં આંગણથી ક્યવારેકું નવ્ય ટલતાં,
સરસદનાં મોહ્યાં સહુ કો મોરલ અરથે મલતાં...ઉદ્ધવ. ૧૪

વનવીથિ ગ્રહે વૃંદારવાટિકા, પગ પગ પૂંઠલ પલતાં;
હું નીખણી એમ કહીને બોલતી, હશી સરવે સાંભલતાં...ઉદ્ધવ. ૧૫

પંચરાત્રિનું પુણ્ય હતું તે, જાણું છું જે ટલિયું,
સુખ પૂંઠે દુઃખ વલગું આવે, તે વચન શાસ્ત્રનું મલિયું...ઉદ્ધવ. ૧૬

અમૃત આવ્યું'તું કરમાંહે, ઓછે કરમે ઢલિયું,
'જલહલતો એ બ્રહ્મ કાહાનજી', વ્રીજ્યવાસીને નવ્ય કલિયું...ઉદ્ધવ. ૧૭

એક ઘડી એ સુખની કહાણી, કેહેતાં બહુ જ્યુગ જાએ,
કોટિ જીભાયે વઈભવ વરણવતાં, તોહે પૂરણ નવ્ય થાયે...ઉદ્ધવ. ૧૮

ઉદ્ધવ! કીડીને મુખ કોહોલું, કોહો, કેહીવિધિ સમાયે?
જ્યાની સરખા કવિ કલિજ્યુગમાં શું ગોકુલ લીલા ગાયે?...ઉદ્ધવ. ૧૯

પદ ૨૩

(દુહો)

ઉદ્ધવને અબલા કેહેઃ તેડી આવો શામ;
ગોવિંદજી! ગમતાં કરો ગોકુલ આવી કામ. ૧

ના ન કહીયે, કાહાનજી! મનમાં રાખી માન;
મથુરામાં વસતાં વલી નહીં વ્રીજ્યવાસીને શાન. ૨

(ગીત)

ઉદ્ધવ! આજ મથુરાં જઈ કેહેજ્યો કોહોને રે;
એમ ન કીજે નાથ! મલે મોહો મોહોને રે. ૩

લઘુવે લાડ લડાવિયાં, કેહેજ્યો કોહોને રે,
આમ મેહેલવાં હાથ? મલે મોહો મોહોને રે. ૪

આલ કરતો અતિ ઘણું કેહેજ્યો કોહોને રે,
ન કહ્યાં કઠણ વચંન, મલે મોહો મોહોને રે. ૫

મથુરાંમાં વસવું ગમ્યું, કેહેજ્યો કોહોને રે,
અમ્યો ઉતારી મંન! મલે મોહો મોહોને રે. ૬

સાર વસ્તુ સઘલી હરી, કેહેજ્યો કોહોને રે,
લોપી કુલની લાજ, મલે મોહો મોહોને રે. ૭

વલી વચન નવ્ય કહી સકાં, કેહેજ્યો કોહોને રે,
ને જ્ઞાન-જ્યોગ થયો આજ, મલે મોહો મોહોને રે. ૮

શાહાને શીશ ચઢાવિયાં? કેહેજ્યો કોહોને રે,
કીધાં નાહાનાં કામ, મલે મોહો મોહોને રે. ૯

છાવપણાંનાં છાંદુઆં, કેહેજ્યો કોહોને રે,
કાં મેહેલાવો મામ? મલે મોહો મોહોને રે. ૧૦

કોણ કંસની કિંકરી? કેહેજ્યો કોહોને રે,
સુણતાં વાદ્યે શોક,મલે મોહો મોહોને રે. ૧૧

ચ્યતુરપણું ચરચાવિયું, કેહેજ્યો કોહોને રે,
આમ હસાવ્યા લોક,મલે મોહો મોહોને રે. ૧૨

મલ્યા પૂઠી મન ઉતારે, કેહેજ્યો કોહોને રે,
એ રૂડાની નહીં રીત્ય, મલે મોહો મોહોને રે. ૧૩

એહે હૂંતી જો આવડી, કેહેજ્યો કોહોને રે,
તો શાહાને કીધી પ્રીત્ય? મલે મોહો મોહોને રે. ૧૪

વન વિષે વનચર ભલાં, કેહેજ્યો કોહોને રે,
વેદ્યાં આપે પ્રાણ, મલે મોહો મોહોને રે. ૧૫

ચઢ્યો રંગ ક્યમ ઊતરે, કેહેજ્યો કોહોને રે,
એમ ભાખે વેદ પુરાણ, મલે મોહો મોહોને રે. ૧૬

મનમાં મંન ભલ્યા પછી, કેહેજ્યો કોહોને રે,
અલગું કેહી વિધ થાયે? મલે મોહો મોહોને રે. ૧૭

પ્રાણ રેહે તો અતિ ભલું, કેહેજ્યો કોહોને રે,
દેહ તજીને જાય, મલે મોહો મોહોને રે. ૧૮

નગરનિવાસી નહીં અમ્યો, કેહેજ્યો કોહોને રે,
મુખ બોલે મધુર વચન, મલે મોહો મોહોને રે. ૧૯

લાલચ્યથી લબશી પડે, કેહેજ્યો કોહોને રે,
કપટી કૂડાં મંન, મલે મોહો મોહોને રે. ૨૦

ભોલી ગત્ય ભરૂઆડની કેહેજ્યો કોહોને રે,
મેલ નહીં લવ લેશ, મલે મોહો મોહોને રે. ૨૧

અતિ શાણાને શીખવો, કેહેજ્યો કોહોને રે,
ઉદ્ધવના ઉપદેશ, મલે મોહો મોહોને રે. ૨૨

જો શીખામણ દેવી ઘટે, કેહેજ્યો કોહોને રે,
તો પધારોજી આમ, મલે મોહો મોહોને રે. ૨૩

મીટ જોઈ મનમાં ધરો, કેહેજ્યો કોહોને રે,
આખું ગોકુલ ગામ, મલે મોહો મોહોને રે. ૨૪

ઉદ્ધવ! આ ગત્ય લોકની, કેહેજ્યો કોહોને રે,
નથી, પ્રીછતું કોય, મલે મોહો મોહોને રે. ૨૫

એહેવાંને અંગ આપિયે, કેહેજ્યો કોહોને રે,
તારે એમ જ હોયે, મલે મોહો મોહોને રે. ૨૬

સંધેશા સઘલા સુણ્યા, કેહેજ્યો કોહોને રે,
અમ્યો ઓલખ્યો એહ, મલે મોહો મોહોને રે. ૨૭

જ્યાની જડ શું જોડાશે? કેહેજ્યો કોહોને રે,
અનંત અમારો નેહ, મલે મોહો મોહોને રે. ૨૮

પદઃ ૨૫ (રાગ ધનાશ્રી)

[દુહો]

નંદજી કહેઃ 'ઉદ્ધવ! સુણો, માહારા મનની વાતઃ
મેં હઈડું ક્ષણ થિર કર્યું; પણ મરશે એની માત. ૧

એક મહુરતમાં માહાવજી લીલા કીધી લક્ષ;
ઘટે નહીં ગોવ્યંદજી! તજવો તેહેનો પક્ષ. ૨

[ગીત]

આવોજી એક વાર, આતા! આવોજી એક વાર;
દિન દશ રહીને ચાલજ્યોજી, પ્રાણતણા આધાર!... આતા ૩

નાહાનો સરખો નેશડો રે, કાલા ગેહેલા લોક;
તે ગોકુલ આવો, કાહાનજી રે! તેહનો ટાલવાનો શોક... આતા ૪
શોણું સરખું વહી ગયું રે; ખરી ન પોહાતી ખાંત;
સુખદુઃખ કેરી વાતડી રે, નવ્ય કીધી એકાંત... આતા ૫

ભાર ઉતારો, ભૂઘરા રે! ગરઢો જાણીને તાત;
કોહોને દુઃખ મનનું કેહે રે, મોહન! તાહારી માત?.. આતા ૬

જો મથુરાંમાં વસવું ગમે રે, તો તેડો અમને સાથ;
ના નવ્ય કહિએ, કાહાનજી! ઝાલી જાતાં હાથ્ય... આતા ૭

સરવ વિના જ્યવિ સરે રે, ન સરે તુજ વિના, વીર!
કોહોની કેહી વિધ રાખીએ રે, પ્રાણ વિનાનાં શરીર?... આતા ૮

મન જોયાને મોકલ્યા રે, ઉદ્ધવ, માહારાં તંન!
પણ હીરે જે જન હેલવ્યા રે, તેહેનાં સ્ફટિકે ન માને મંન... આતા ૯

એહ પચવીશી પ્રેમની રે, ગાશે સુણશે જેહ,
જ્યાની જ્યદુપતિ રાખશે રે, તે જન ઊપર નેહ... આતા ૧૦
૦

ચતુરચાલીશી(૪૦ પદ)-માંથી પદ ૩૭-૩૮

પદ-૩૭

(રાગઃ પ્રભાતી)

આજ રહોજી આણે સ્થાનક, પ્રાત પદ્મની જાજો રે,
માહારા સમ સાસરી સહુને, એક દિવસ ઈમ વાહાજો રે. આજ ૧

કુસુમે કરી શીર શુભ ગુંથુ, સેસફૂલ વચે રાખુ રે,
લટ મુક્તાફલે મેહલું લટકતી, તે કો ન લહે મુઝ પાખી રે. આજ ૨

મૃગમદ કેરી વેલ સમારૂ, હંસમયુર ઉર ભારી રે,
કસણબંધ કંચુકી કેરા, હું જાણુ હાથે સમારી રે. આજ ૩

તીલક કરૂ કેસર કસ્તુરી, નેયણે કાજલ સારૂ રે,
પાન પ્રચુર રંગસહીત આરોગો, મન રીઝવા માહારુ રે. આજ ૪

કટીમેખલા ખલકે કંકણી સુરત વધે સુખકારી રે,
પાગ અલતે એહવા રંગું, જે જુગતે ન જાણે નારી રે. આજ ૫

કારજ કરું હું કેહતાં પહેલું, ખાંત રખે ચંત રાખો રે.
મનના માન્યા સ્નેહી સાથે, ભ્રાંત તજીને ભાખો રે. આજ ૬

નહી જાવા દેઉ નીશ્ચે માનો, માન્યની કંઈક વીમાસો રે,
ઘણા દીવસનો અલજો અંતર, આજ પડો છે પાસો રે. આજ ૭

હાસ કરી હરીવદની બોલી, હું ત્રીકમ છું તાહારી રે,
વિશ્વનાથ સરખા જે વરુઆ, મુજને રાખી વારી રે. આજ ૮

પદ ૩૮
(રાગ દેશાખી)
હું અલગી નથી રે, તમથી અધક્ષણ માહારા નાથ,
અતી દોહલો જાણો છો, જાદવ સાસરડાંનો સાથ. હું અલગી ૧

ત્રીભુવનમાં ત્રીકમજી તમને, તાપ નહી કોહોથી,
ઉતર એક અમ્હે ન દેવાએ માણસના મોહોથી. હું અલગી ૨

દુતીનું શું કામ દયાનીધ્ય, કાન પડે કડું,
મન એક આપણ બે જનનું, તો ગોપ્ય રહે રૂડું. હું અલગી ૩

વીલંબ એક પલનો નહી પાડું, વંશ સુણી કાને,
કારજ અન્ય કરું નવ સુઝે, શામ તણી સાને. હું અલગી ૪

વચન એક આપોજી મુજને, આંગણડે આવી,
મુરલી માહારૂ મન ઠારવા, દનપ્રતે વાહાવી. હું અલગી ૫

કેહેત કુડુ રખે રસીકવર, મન માંહે માનો,
આજ પછી જે સમે કરો, તે દુતીથી છાનો. હું અલગી ૬

અંગ વિષે અવીલોકન કરતાં, વારૂ શા માટે?
જાની સરખો જોતો હીંડે, વૃંદાવનની વાટે. હું અલગી ૭

મોસાળાચરિત્ર-માંથી

૨

ઉઘડકી ઊઠિયો વેગે વૈકુંઠપતિ,
'ગરુડ ક્યાં,' 'ગરુડ ક્યાં', વદત વાણી;
'ચાલ ચતુરા' 'ચતુર્ભુજ ભણે' ભામની,
નેષ્ટ નાગરે માહારી ગત ન જાણી. ઉધડકી૦

જન ઘણા ઠગ ફરે, ગયા વના નવ સરે,
રિદ્ધ સિદ્ધ આગળ કરીને જાઓ;
નરસૈયો નાગરો ભક્ત માહરો ખરો,
છાબ તાહાં જૈ ભરો, શીઘ્ર થાઓ. ઉધડકી૦

સાવટું સૂત્ર પટકુલ સોવરણ કશી,
રંગ નાના તણી રેલ વાહો;
આપણો નાગરો હાથ મસ્તક ધરો,
હેત આણી તેને હાથે સાહો. ઉધડકી૦

દેશ-પરદેશની ભાત જે જે ભલી,
એકથી એક જે અધિકાં જાણો;
સ્વપ્ને જે નવ મળે, નામ કો નવ કળે,
અંગ આળસ તજી તેહ તણો. ઉધડકી૦

હેમ હથસાંકળાં, નંગ નિરમલ ભલાં,
સરસ શણગાર જે સૃષ્ટિ સારો;
રીત ને ભાત રોકડ રખે વીસરો,
દીન થઈ કરગરે દાસ માહારો. ઉધડકી૦

છાબ મંડપ ધરી, મેહેતો મુખ કહે 'હરિ'
કુંઅરી, કમળા, જઈ રાખ્ય રોતી;
ભક્તનો ભાવ પૂરણ કર્ય ભામની,
સરસ સીમંતની રીત સોહોતી. ઉધડકી૦

એક માગે તો અગિયારગણું આપીએ,
આપણા ઘર તણી રીત, રામા;"
એહેવું કહી શીઘ્ર આવી ઉભા રહ્યા,
વિશ્વ ઠગ કરે જુએ રે કામા. ઉધડકી૦

અમર અજ ઇંદ્ર જે સ્વપ્ને દેખે નહીં,
'માગ્ય મુખ' બોલતા વેગે વાણી;
નરસૈનો નાથ લક્ષ્મી સહિત આવીયો,
તેણે અણગણી ગાંઠડી સાથ આણી. ઉધડકી૦

ooo

૪૧

પ્રેમાનંદ (ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ):

ઓખાહરણ; મામેરું;
સુદામાચરિત્ર; નળાખ્યાન;
હૂંડી; રણયજ્ઞ;
દશમસ્કંધ, દાણલીલા(માંથી પદો;)
વિવેક-વણઝારા



ગુજરાતીના આ સર્વોત્તમ આખ્યાનકાર કવિનો સર્જકયશ 'મામેરું', 'હૂંડી', 'સુદામાચરિત્ર', 'નળાખ્યાન', 'ઓખાહરણ', 'દશમસ્કંધ' વગેરે ઘણાં આખ્યાનો પર મંડાયેલો છે. શ્રોતા/વાચક-સમુદાયને મંત્રમુગ્ધ કરનારી કથનકળા, માનવમનની ઊંડી સૂઝ ધરાવતું પાત્રાલેખન-કૌશલ, ભાષામાં પ્રગટ થતી નાટ્યત્મકતા અને તળપદ ગુજરાતીતા ઉપરાંત માર્મિક કવિત્વશક્તિએમનાં આખ્યાનોની ગુણસમૃદ્ધિ છે.

આ આખ્યાનોમાં, પાત્ર-પરિસ્થિતિની ઉત્કટતાની ક્ષણોને નિરૂપતી વખતે કવિએ કથાઅંશરૂપ કડવાંને ક્યારેક સઘન ઊર્મિસભર પદો રૂપે આલેખ્યાં છે. એમાં લાગણીનું હૃદયદ્રાવક આલેખન, સંગીતમય લયમાધુર્ય તથા રાગઢાળવૈવિધ્ય ધ્યાનપાત્ર છે. આખ્યાનો ઉપરાંત પ્રેમાનંદ રચેલી લઘુ કૃતિઓમાં, સળંગ કથાનકથી જોડાયેલી પદમાળા 'દાણલીલા'નાં પદો પણ સુંદર ઊર્મિગીતો છે.

ઓખાહરણ (૨૯ કડવાં) :
કડવાં ૧, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૯ : એમાંથી ઉત્તમ અંશો

કડવું ૧
રાગ રામગ્રી
શ્રી શંભુસુતને આદ્ય આરાધું જી, મન-કર્મ-વચનો સેવા સાધું જી;
ચૌદ લોક જેહને માને જી, તેના ગુણ શું લખીએ પાને જી? ૧
.....
ઢાળ
સેવું બ્રહ્મતનયા સરસ્વતી, જે રૂપ મનોહર માત;
તું બ્રહ્મચારિણી ભારતી, તું વૈષ્ણવી વિખ્યાત; ૬
શ્વેત વસ્ત્ર ને શ્વેત વપુ, શ્વેત વાહન હંસ,
વિશ્વંભરી વરદાયિની, કરો કોટિ વિઘ્નનો ધ્વંસ; ૭
.....
વલણ
પદબંધ બાંધું કથા કેરો, કહું આખ્યાન ઓખાહરણ રે;
વદે વિપ્ર પ્રેમાનંદઃ માતા! કરો ગ્રંથને પૂર્ણ રે. ૧૫

કડવું ૧૩
રાગ બિહાગડો
સુખ ભોગવે શ્યામા ને સ્વામી, ચિત્રલેખા કહે શિર નામી,
'અન્ન બેનું આપે છે રાય, ત્રીજું માણસ તે કેમ સમાય? ૧
તમો નરનારી ક્રીડા કીજે, હવે મુજને આજ્ઞા દીજે.'
રોતી ઓખા વળતું ભાખે, 'બાઈ! કેમ જીવું તુજ પાખે? ૨
તમો તાતને ઘેર ન જવાય, જો જાઓ તો જાણ જ થાય.

આપણ એકઠાં દહાડા નીગમશું, આપણ ત્રણે વહેંચીને જમશું; ૩
દુઃખ થાશે તો દેશુ થાવા, પણ નહિ દઉં તુજને જાવા.'
વિધાત્રી કહે, 'સુણો રાણી, તમો આંખે ન ભરશો પાણી; ૪
પ્રધાનપુત્રી છું કહેવા માત્ર, હું છું બ્રહ્માણી માનવગાત્ર;
તુજ અર્થે લીધો અવતાર મેળવિયાં સ્ત્રી-ભરથાર. ૫
એમ કહી થઈ અદર્શન, ચિત્રલેખા ગઈ બ્રહ્મસદન.
ઓખાએ રોઈ આંખડી ભરી, કંથે આસનાવાસના કરી. ૬

૦

શીશફૂલ ને સેંથે સિંદૂર, દેખી મોહ્યો તે અનિરુદ્ધ શૂર;
કાને કુંડળ ઝગમગ જોઈ કામકુંઅર રહ્યો છે મોહી. ૧૫
પંકજ મધ્યે બિંદુ પડતાં, મોર-મોતી અધરે ઢળતાં;
ચપળ નેત્ર ઝીણું અંજન, જાણે જાળે પડ્યું ખંજન. ૧૬
નારી! તારી નાસિકાનો મોર, નહિ ભૂષણ, ચિત્તનો ચોર;
રક્ત અધર હસે મંદ મંદ, ન હોય હાસ્ય, મોહના ફંદ. ૧૭
મોહ્યો મોહ્યો તે મુખને મોડે, મોહ્યો મોહ્યો ભ્રકુટિને જોડે;
મોહ્યો મોહ્યો હાર ગુળુબંધ, મોહ્યો મોહ્યો બાજુબંધ. ૧૮
મોહ્યો મોહ્યો હસ્તકમળ, મોહ્યો મોહ્યો ઉર-કુંભસ્થળ;
મોહ્યો મોહ્યો પ્રેમને પાશે, મોહ્યો મોહ્યો ચંદનની વાસે. ૧૯
મોહ્યો મોહ્યો અલકની લટે, મોહ્યો મોહ્યો કેરસી-કટે;
મોહ્યો મોહ્યો પહેરણ ફાળી, મોહ્યો મોહ્યો ક્ષુદ્ર-ઘંટાળી. ૨૦
મોહ્યો મોહ્યો નેત્રને નમણે, મોહ્યો મોહ્યો હંસાગમને;
મોહ્યો મોહ્યો અરગજાને મહેકે, મોહ્યો મોહ્યો ચાલને લહેકે. ૨૧
મોહ્યો મોહ્યો ઝાંઝરને ઝમકે, મોહ્યો મોહ્યો અણવટને ઠમકે;
મોહ્યો મોહ્યો નેપૂરિયાને ઠમકે, મોહ્યો મોહ્યો ગોફણિયાને રણકે.૨૨
મોહ્યો મોહ્યો નેહને નમી, મોહ્યો મોહ્યો ચાર આંખે અમી;
કામકુંવર રહ્યો છે મોહી, નારીની ચંચલતા જોઈ. ૨૩

અનિરુદ્ધ બાંધ્યો પ્રેમને પાશે, મોહ્યો કટિમેખલાને પ્રકાશે;
એકસ્થંભ ઓખાનું ધામ, તેથી વસર્યું દ્વારકા ગામ. ૨૪

ભક્ષ્ય ભોજને પોષ્યું આપ, તેણે વીસર્યાં મા ને બાપ;
પામ્યો અધરામૃતનું પાન, તેણે વીસર્યો હરિનું ધ્યાન. ૨૫
વિકળ થયો વિષયને સ્વાદ, તેણે મૂકી કુળ-મરજાદ;
વિષય ઓખા સ્નેહસાગર, તેથી વીસર્યો રત્નાકર. ૨૬
અનિરુદ્ધને ચાલ છે ગમતી, નારી હીંડે નેહની નમતી;
'મહિલા! મહિલા!' મુખે ઊચરતો, હીંડે નારીની પૂંઠે ફરતો. ૨૭
સ્ત્રીએ મોહની મદિરા પાઈ, આલિંગન દે છે ધાઈ ધાઈ;
નિર્ભે નિશ્ચે કરે છે ભોગ, તેણે નીવરતો વ્રેહનો રોગ. ૨૮
એક એકને ગ્રહી રાખે, અન્યોન્ય અધરામૃત ચાખે;
અંગ ઉપર અંગ જ નાખે. 'મૂકો મૂકો જી' મુખથી ભાખે; ૨૯
અંગોઅંગે કામ રહ્યો રમી, ચાર આંખડીએ ઝમે છે અમી;
શૂધ-બૂધ ગઈ છે વીસરી, એમ ચોમાસું ગયું નીસરી. ૩૦

વલણ

ગયું ચોમાસું નીસરી, આવ્યો આશ્વિન માસ રે;
કન્કા ટળી નારી થઈ, પછે ઓખા પામી વિલાસ રે. ૩૧

કડવું ૧૫

નાથ કહે, 'સુણ સુંદરી! વાત તો સઘળે થઈ,
હવે ચોરી શાની? ચાલો આપણે બેસીએ બારીએ જઈ.'–કન્યાએ ૧૪

વલણ

નરનારી બેઠાં બારીએ, વાત પ્રીતે કીધી રે,
છજે ભજે કામકુંવર, ને ઓખા ઓછંગે લીધી રે. ૧૫

કડવું ૧૬

રાગ રામગ્રી

જોડી જોવાને જોધ મળિયા છે ટોળે જી,
ઓખાને અનિરુદ્ધે લીધી ખોળે જી;
કંઠે બાંહોડી ઘાલી બાળા જી,
દીઠી, કૌભાંડને ઊઠી જ્વાળા જી. ૧

ઢાળ

જ્વાળા પ્રગટી તે ભાલ ભ્રકુટિ, સુભટ તેડ્યા જમલા,
મંત્રી કહે, 'ભાઈ! સબળ શોભે, જેમ હરિ-ઓછંગે કમળા. ૨
લઘુરૂપ ને લક્ષણવંતો, આવી સુતાસંગે કો બેઠો,
પ્રવેશ નહિ આંહાં પવન કેરો, તો માળીયામાં કેમ પેઠો? ૩
નિઃશંક નિર્ભે થઈને બેઠાં, નિર્લજ્જ નર ને નારી,
હાસ્ય-વિનોદ કરે મનગમતાં, લજ્જા ન આણે મારી.' ૪
ઓખાએ ઉત્પાત માંડ્યો, ધાઈ ધાઈ દે છે સાંઈ,
મંત્રી કહે, 'કો પુરુષ મોટો, કારણ દીસે છે કાંઈ; ૫
અંબુજવરણી આંખડી ને ભ્રકુટિ મુગટે ચાંપી,
રોમાવળી વાંકી વળી છે, રહ્યો વઢવાને ટાંપી. ૬
માળ ધેર્યો સુભટ સર્વે, બોલતા અતાંડ,
'ઓ વ્યભિચારી! ઊતર હેઠો,' એમ કહે છે કૌભાંડઃ ૭
'અલ્પ આયુષના ધણી! જમપુરીના માર્ગસ્થ!
અસુર સરખા રિપુ માથે, કેમ થઈ બેઠો છું સ્વસ્થ? ૮
બાણાસુરની કિંકરીને અમરે ન થાયે આળ,
તો તું રાજકુમારી સાથે કયમ ચડીને બેઠો માળ? ૯
સાચું કહે જેમ શીશ રહે, કુણ નાત, કુળ ને ગામ?

સત્યારથ હોય તે ભાખજે, ક્યમ સેવ્યું ઓખા-ધામ? ૧૦
અનિરુદ્ધ વળતો બોલિયો, 'સાંભળો, સુભટ માત્ર!
હું ક્ષત્રીનંદન ઇચ્છાઓ આવ્યો, બાણનો જામાત્ર.' ૧૧
મંત્રી કહે, 'તું બોલ વિચારી, ઊતરશે અભિમાન,
જામાત્ર શાનો, બાળકા! કોણે આપ્યું કન્યાદાન? ૧૨
અપરાધ કીધો તેં ઘણો (લોપી) બાણાસુરની આણ;
આ દાનવ તારા પ્રાણ લેશે, મરણ આવ્યું, જાણ. ૧૩
જીવિતવ્યનો વિચાર શો જ્યારે પડી પેલી ચૂક?
હોય કેસરી તો હાકી ઊઠે, પણ દીસે છે જંબૂક.' ૧૪
કૌભાંડના આ બોલ સાંભળી હાકી ઊઠ્યો છે બાળ,
બારીની ભોગળ લીધી કરમાં, ઇચ્છા દેવા ફાળ. ૧૫

વલણ

'ફાળ દઉં ને અંત લઉં, હોકારો જબરો કીધો રે,
ત્યારે ઓખાએ અનિરુદ્ધને માળિયામાં લીધો રે. ૧૬

કડવું ૧૭

રાગ મારુ

ઓખા કહે, 'કંથ! એમ ના કીજે, બળિયા-શું વઢતાં બીહીજે,
એ ઘણા ને તમો એક જાતે, સૈન્ય મોકલ્યું મારે તાતે; ૧
દૈત્યને વાહન ને તમો પાળા. એ કઠણ ને તમે સુંવાળા;
દૈત્યને ટોપ કવચ બખતર, તમારે અંગે પીતાંબર. ૨
દૈત્યને સાંગ ને બહુ ભાલા, નાથ! તમે છો ઠાલામાલ;
એ મદોન્મત્ત બહુ બળિયા, તમે સુકોમળ પાતળિયા. ૩
સ્વામી! પછે અસુરને વેધો, પહેલું મસ્તક મારું છેદો,
દેહડી નીરખીનીરખીને મોહું, તમોને જુદ્ધ કરતાં કેમ જોઉં? ૪
ઇચ્છા અંતરની ગઈ ફીટી, દૈત્યે માળિયું લીધું વીંટી;

પ્રભુ! પ્રાણ કંપે છે મારા, મૂઆ દૈત્ય કરે છે હોકારા. ૫
ઘણું ક્રોધી વિરોધી છે બાણ, હાકે ઇન્દ્રનું જાય ઓસાણ;
જગત ભય પામે પિતાની હાકે, બાણે પૃથ્વી ચડાવી ચાકે. ૬
જેના નાદે તે મેરુ હાલે, ચક્રધર સરખાનું નવ ચાલે,
ક્ષત્રી-સાથ રહે સહુ બીહીતો, તેને કઈ પેરે તમો જીતો?' ૭
કંથ કહે, 'જો ના કરું સંગ્રામ, આહાં નાઠાનો કુણ ઠામ?
હાવે જીવતાં છૂટવું નહિ, શે નવ મરીએ સામા જઈ? ૮
નથી ઉગરવાનો ઉપાય, તો ભય પામ્યે શું થાય?
નાઠે લાંછન લાગે કુળમાં, પ્રતિષ્ઠા જાય એક પળમાં. ૯
મહુઅર વાગે ને મણિધર ડોલે, ના ડોલે તો સર્પને તોલે;
ધન ગાજે કેસરી દે ફાળ, ના ઊછળે તો જાણવો શિયાળ; ૧૦
હાક્યો વાઘ ન માંડે કાન, નહિ શાર્દૂલ, જાણવો શ્વાન;
ક્ષત્રી નાસે દેખીને દળ, નહિ પુરુષ, જાણવો વ્યંડળ; ૧૧
ઘરમાં ગોઝારો રહે પેસી, જુદ્ધે ચરણ વિના રહે બેસી,'
અમ કહી ઓખા અળગી કીધી, ભડ ગાજ્યો ને ભોગળ લીધી. ૧૨
અસુર-દળમાં જઈ ખૂંપિયો, છજેથી કપિની પેરે પડિયો,
જેમ ગ્રાહ પેસે છે જળમાં, તેમ અનિરુદ્ધ પેઠો દળમાં; ૧૩
જેમ ચંદ્ર પેસે વાદળમાં, તેમ અનિરુદ્ધ થયો બળમાં;
ગજજૂથમાં લઘુ કેસરી, તેમ અનિરુદ્ધ મધ્યે-અરિ. ૧૪
દૈત્યને આવ્યો મૃત્યુનો દહાડો, ગાજે અનિરુદ્ધ મેઘ અસાડો;
પડતામાં બહુ પડતાળ્યા, ભોગળ-પ્રહારે ધરણી ઢાળ્યા. ૧૫
કૌભાંડે તવ સેન્યા પ્રેરી, જાદવ જોદ્ધને લીધો ઘેરી,
ચંદન બાવળિયે ઝીંકી, તેમ અસુરે અનિરુદ્ધ લીધો વીંટી. ૧૬
દાનવ કહે, 'માનવ કસ્યું, બહુ સિંહમાં મૃગલું જસ્યું;
મુગટ મંત્રીને ચરણે ધરે, તો તું મૃત્યુ થકી ઊગરે.' ૧૭
વેરી-વાયક એવાં સાંભળી, અનિરુદ્ધ ધાયો હોકારો કરી.

નાખે દૈત્ય ભારી મુદ્ગળ, તેમ અનિરુદ્ધ ભુજ-ભોગળ. ૧૮
વીસ સહસ્ર અસુર ત્યાં તૂટ્યા, એકીવારે તે બહુ શર છૂટ્યા.
આયુધધારા રહી છે વરસી, ગદા ગુપ્તી ફરે છે ફરસી. ૧૯
દાનવ ધાયા છે ટોળેટોળાં, વરસે ભીંડીમાળ ને ગોળા;
હાક્યા હસ્તી દે હલકારા, થાય ખડ્ગ તણા ચળકારા; ૨૦
થાય અગ્નિ તણા ઘુઘવાટ, બોલે સાંગ તણા સુસવાટ;
રથચક્ર ગાજે ગડેડાટ, ગગને ધજા થા ફડફડાટ. ૨૧
હોયે હય તણા હણહણાટ, છૂટે બાણ બહુ સણસણાટ;
દેખી દોહિલો નાથનો ઘાટ, ઓખાને થાય છે ઉચાટ. ૨૨
બહુ દાનવનો વાળ્યો દાટ, અનિરુદ્ધ મૂકાવે વાટ;
કોને ઝીક્યા ઝાલીને કેશ, કોને ઉડાડ્યા પગની ઠેશ. ૨૩
કોને માર્યા ભોગળને ભડાકે, કોનાં મુખ ભાંગ્યાં લપડાકે;
કો અધસસ્તા ને કો પૂરા, એમ સૈન્ય કર્યું ચકચૂરા. ૨૪
તે તો રણ ભયાનક ભાસે, બળ દેખી ઓખા ઉલ્લાસેઃ
'મેં તો આવડું નહોતું જાણ્યું, ચિત્રલેખાએ રત્ન જ આણ્યું; ૨૫
શોણિત-સ્વેદ થયો છે ડીલે, નાથ રણ-રુધિરમાં ઝીલે.'
ભડ ગાજ્યો ને પડ્યું ભંગાણ, નાઠો કૌભાંડ લઈને પ્રાણ. ૨૬
હવું બાણાસુરને જાણઃ એક પુરુષે તે વાળ્યો ઘાણ;
અસુર સૈન્ય ચડ્યું સર્વ કોપે, સજ્યાં કવચ, આયુધ ને ટોપે, ૨૭
સરવે સૈન્ય તત્પર કીધું, વઢવાને દુંદુભિ દીધું;
વાગી હાક જે ચડિયો બાણ, તે તો ઓખાને થયું જાણ. ૨૮

વલણ

વાગી હાક જે તાત ચડિયો, કયમ જીતશે સહસ્રહાથને?
આંસુ ભરતી, શોક કરતી, સાદ કરતી નાથનેઃ ૨૯

(રાગ મેવાડો)
ઓખા કરતી સાદ, 'હો રે હઠીલા રાણા !
આ શા સારુ ઉધમાદ? હો રે હઠીલા રાણા !
હું તો લાગું તમારે પાય, હો રે હઠીલા રાણા !
આવી બેસો માળિયા માંહ્ય, હો રે હઠીલા રાણા !

હું બાણને કરું પ્રણામ, હો રે હઠીલા રાણા !
એ છે કાલાવાલાનું કામ, હો રે હઠીલા રાણા !

બહુ બળિયા સાથે બાથ, હો રે હઠીલા રાણા !
જોઈને ભરીએ, નાથ! હો રે હઠીલા રાણા !

તરવું છે સાગરતીર, હો રે હઠીલા રાણા !
બળે ના પામીએ પેલે તીર, હો રે હઠીલા રાણા !

અનેકમાં એક કુણ માત્ર? હો રે હઠીલા રાણા !
સામા દૈત્ય દીસે કુપાત્ર, હો રે હઠીલા રાણા !

મુને થાયે છે માન-શુકન, હો રે હઠીલા રાણા !
મારું જમણું ફરકે લોચન, હો રે હઠીલા રાણા !

રુએ શ્વાન, વાયસ ને ગાય, હો રે હઠીલા રાણા !
એવાં શુકન માઠાં થાય, હો રે હઠીલા રાણા !

આજે ઝાંખો દીસે ભાણ, હો રે હઠીલા રાણા !
દીસે નગર બધું વેરાન, હો રે હઠીલા રાણા !

ઓ ધ્રૂજતી દેખું ધરણ, હો રે હઠીલા રાણા !
દીસે સાગર શોણિતવરણ, હો રે હઠીલા રાણા !
આ આવ્યું દળવાદળ, હો રે હઠીલા રાણા !
ઓ ચળકે ભાલાનાં ફળ, હો રે હઠીલા રાણા !

આ આવ્યા અગણિત અસવાર, હો રે હઠીલા રાણા !
થાયે હોકારા હુંકાર, હો રે હઠીલા રાણા !

વાગે દુંદુભિના ઘાય, હો રે હઠીલા રાણા !
ઓ તમ પર સેના ઘાય, હો રે હઠીલા રાણા !

ઓ ધજા ફરકે વ્યોમ, હો રે હઠીલા રાણા !
સૈન્ય-ભારે કંપે ભોમ, હો રે હઠીલા રાણા !

ઓ વાગે ઘૂઘરમાળ, હો રે હઠીલા રાણા !
અશ્વ આવે દેતા ફાળ, હો રે હઠીલા રાણા !

એ અસુર મહા વિકરાળ, હો રે હઠીલા રાણા !
હવે થાશે શો હેવાલ! હો રે હઠીલા રાણા !

આવ્યો બાણાસુર પ્રલયકાળ, હો રે હઠીલા રાણા !
મેઘાડંબર-છત્ર વિશાળ, હો રે હઠીલા રાણા !
(વલણ)
મેઘાડંબર-છત્ર ધરિયું, ઊલટી નગરી બદ્ધ રે,
અગણિત અસવાર આવિયા, ઘેરી લીધો અનિરુદ્ધ રે.

કડવું ૨૯

રાગ ધનાશ્રી

'પુત્રી! પધારો રે, સોભાગણી! સાસરે રે,
ભાગ્ય તારાની તુલના કુણ કરે રે?
અમો અપરાધી અવગુણભર્યાં રે,
અમે તમને બહુ દુખિયાં કર્યાં રે. ૧

ઢાળ

દુખિયાં કીધાં, દીકરી! મરણ લગી નહિ વીસરે રે,
માતાપિતા શત્રુ થયાં, મનની ખટક કેમ નીસરે રે? ૨
બાઈ! બાપે બંધન બાંધિયાં, દોહિલાં વેઠ્યાં, દીકરી!
મોટું ઘર વર પામિયાં, તે તું તારે કર્મે કરી; ૩
જાદવકુળ વસુદેવજી, દેવકી ને રોહિણી,
બલિભદ્ર, સાત્યકિ, પ્રદ્યુમન, શ્રીકૃષ્ણ ત્રિભોવનધણી; ૪
રુકિમણી ને સત્યભામા, જાંબુવતી ને રેવતી,
રખે દીકરી! આળસ કરતી, ચરણ તેનાં સેવતી; ૫
ઉગ્ર પુણ્યે, ઓખાબાઈ! પામી અનિરુદ્ધ નાથને,
એ સુખ આગળ દુઃખ વીસરશે, પણ જોખમ બાણના હાથને. ૬
શી શિખામણ દેઉં, દીકરી? અમારી લાજ વધારજે,
પ્રીતે પતિ આજ્ઞા આપે તો પિયર ભણી પધારજે; ૭
સસરા-જેઠની લાજ કાઢજે, નવ બોલીએ ઊંચે સ્વરે,
આધું ઓઢીને હીંડીએ, દૃષ્ટ રાખીએ ભોમ ઉપરે; ૮
રૂડી-ભૂંડી વાત વિસ્તારી, સાંભળીને વિચારીએ,
ઉઘાડા કેશ ન મેલીએ, ઘણું ઝીણું વસ્ત્ર ના પહેરીએ; ૯
ભાઈ વિના કો પુરુષ સાથે ગાન-ગોઠ ન કીજીએ,

સાસુ-સસરો રીસ કરે તો સામો ઉત્તર ના દીજીએ. ૧૦

પરાયે ઘેર જઈએ નહિ, નહિ જોઈએ અરૂંપરું,
પૂછ્યા પછે ઉત્તર દીજે, જથારથ બોલીએ ખરું; ૧૧
દાસી માણસનો સંગ ન કરીએ, પિયરને ન વખાણીએ;
અનંત અવગુણ હોય સાસુ તણા, સ્વામી-મુખ ન આણીએ. ૧૨
મોટે સાદે હસીએ નહિ, કોઈ સાથે તાલી ન દીજીએ,
ઊભા રહી ઉઘાડે માથે, મારી પુત્રી! પાણી ન પીજીએ. ૧૩
ભરથાર પહેલું જમીએ નહિ, ઉચિષ્ટ જમીએ નાથનું,
'તું' કારીએ નહિં સેવક સાદે, માન રાખીએ સહુ સાથનું. ૧૪
દિવસે ના સૂઈએ, દીકરી! વચન પ્રભુજીનાં પાળીએ,
સાસુ-સસરો સાદ કરે તો 'જી જી' કહી ઉત્તર વાળીએ. ૧૫
એમ ઓખાને વિદાય આપી, વર્ત્યો જયજયકાર,
શ્રીકૃષ્ણ પધાર્યા દ્વારકા પરણાવી કુમાર. ૧૬
ઓખાહરણ અતિ અનુપમ, તપ ત્રણે જાય,
શ્રોતા થઈને સાંભળે તેને વૈકુંઠપ્રાપ્તિ થાય; ૧૭
ગોવિંદચરણે ગ્રંથ સમર્પ્યો, ગુરુને નામ્યું શીશ,
ઓખાહરણ જે ભાવે સાંભળે તેને કૃપા કરે જગદીશ. ૧૮
ઓગણત્રીસ કડવાં એનાં છે, પદસંખ્યા કીધી નથી,
સુણે, ભણે ને અનુભવે, તેની પીડા જાયે સર્વથી. ૧૯
વીરક્ષેત્ર મધ્યે વાસ વાડીમાં, વિપ્ર ચતુર્વિંશી જાત,
પ્રેમાનંદ આનંદે કહે, જય જય વૈકુંઠનાથ. ૨૦
૦

મામેરું (૧૬ કડવાં) :
કડવાં ૧, ૪, ૫, ૭, ૧૩, ૧૬ – એમાંથી ઉત્તમ અંશો

કડવું ૧
રાગ કેદારો
શ્રીગુરુ, ગણપતિ, શારદા, સમરું સુખદાયી સર્વદા,
મનમુદા કહું મામેરું મહેતા તણું રે. ૧
ઢાળ
મામેરું મહેતા તણું પદબંધ કરવા આશ.
નરસિંહ મહેતો ભક્ત બ્રાહ્મણ, જૂનાગઢમાં વાસ. ૨

ભાભીએ વજ્રવચન કહ્યું, મહેતાને લાગી દાઝ;
પરિત્યાગ કીધો ઘર તણો, મહેતો ગયા તપ કાજ. ૩

એક દહેરું દીઠું વન વિષેઃ અપૂજ શિવનું લિંગ;
નરસિંહ મહેતે પૂજા કીધી, અંતર માંહાં ઉમંગ. ૪

અપવાસ સાત મહેતે કર્યા તવ રીઝ્યા શ્રીમહાદેવ;
કમલની પેરે લિંગ વિકાસ્યું, પ્રભુ પ્રગટ થયા તતખેવ.૫

કર્પૂરગૌર સ્વરૂપ શોભા, ઉમિયા તે ડાબે પાસ;
જટા માંહે જાહ્નવી, નીલવટ ચંદ્રપ્રકાશ. ૬

છે રુંઢમાલા, સર્પ ભૂષણ, વાઘાંબર, ગજચર્મ;
વાજે ડાક ડમરુ શંખ શિંગી, મહેતે દીઠા શિવબ્રહ્મ. ૭

તવ નરસૈયો જઈ પાયે લાગ્યો,મસ્તક મૂક્યો હાથ,
‘કંઈ માગ્ય વર કૃપા કરું,’ કહે ઉમિયાનાથ. ૮
મહેતો કહેઃ ‘મહાદેવજી! હું માગું છું, સ્વામિન!
તમારું દર્શન પામિયો, પામું વિષ્ણુનું દર્શન. ૯

‘ધન્ય ધન્ય સાધુ,’ શિવ કહે, ‘તુને મુક્તિની છે આશ;’
અખંડ વ્રજમાં ગયા તેડી જ્યહાં હરિ રમે છે રાસ. ૧૦

કડવું ૪
રાગ ધન્યાશ્રી
ખોખલે પંડ્યે પત્ર જ આપ્યું મહેતાજીને હાથ જી;
વધામણી કાગળમાં વાંચી સમર્યા વૈકુંઠનાથ જીઃ ૧

‘મામેરું પુત્રીને કરવું છે, ઘરમાં નથી એક દામ જી;
ત્રિકમજી! ત્રેવડમાં રહેજો, દ્રવ્ય તણું છે કામ જી.’ ૨

ભોજન કરાવી દક્ષિણા આપી, મહેતો લાગ્યા પાય જીઃ
‘મોસાળું લેઈ અમો આવશું’, પંડ્યો કીધો વિદાય જી. ૩

નરસિંહ મહેતે ઘેર તેડાવ્યા સઘળા વૈષ્ણવ સંત જીઃ
‘મોસાળું લેઈ આપને જાવું, કુંવરબાઈનું છે સીમંત જી.’ ૪

જૂની વહેલ ને ધૂંસરી વાંકી, સાંગી સોટાએ ભાંગી જી;
કોના તળાવા, કોની પીંજણી, બળદ આણ્યા બે માંગી જી. ૫

મહેતોજી મામેરે ચાલ્યા, સમર્યા શ્રીજગદીશ જી;
ત્રણ સખી સંગાથે લીધી, વેરાગી દસવીસ જી. ૬

દાબડી ત્રાંબાની સાથે લીધી, તે માંહે બાલમુકુંદ જી;
કઠે હાર કરીને બાંધ્યા દામોદર નંદાનંદજી. ૭

વહેલની પૂંઠે કોથળો બાંધ્યો, માંહે ભર્યાં વાજિંત્ર જી;
ગાંઠડી એક ગોપીચંદનની, છે તુલસીકાષ્ઠ પવિત્ર જી. ૮

મોસાળાની સામગ્રીમાં છે તિલક, તુલસી ને માળ જી;
નરસૈયો છે નિર્ભય મનમાં, ભોગવશે ગોપાળ જી. ૯

બળ વિના બળદિયા શું હીંડે? ઠેલે વૈષ્ણવ સાથ જી;
શોર પાડે ને ઢાળ ચઢાવેઃ જય જય વૈકુંઠનાથ જી. ૧૦-

એક બળદિયો ગળિયો થઈ બેસે, આખલો તાણી જાય જી;
પડ્યાને પૂંછ ગ્રહી ઉઠાડે, કૌતુક કૌટિક થાય જી. ૧૧

સલે સાલ જૂજુઆં દીસે રથ તણાં જે વક્ર જી;
સાંગીના બહુ શબ્દ ઊઠે, ચીંચૂએ બહુ ચક્ર જી. ૧૨

ચઢે, બેસે ને વળી ઊતરે, લે રામકૃષ્ણનું નામ જી;
મધ્યાહ્ને મહેતોજી પહોંત્યા, જોવા મળ્યું સરવ ગામ જી. ૧૩

શું જાણે વૈષ્ણવનો મારગ વિષયી પુરના લોક જી?

કોડ પહોંત્યા કુંવરવહુના, મામેરું છે રોક જી. ૧૪

વલણ

રોક મામેરું મહેતોજી લાવ્યા, જુઓ વૈષ્ણવની વિસાત રે;
એકેકી માળા આપશે, ત્યારે પહેરશે નાગરી નાત રે.' ૧૫

તમો મન માને તે કહો, એવો પતિા મારો જીવતો રહો.'
મર્મવચન નણદીને કહી મહેતા પાસે પુત્રી ગઈ. ૧૫

દૂર થકી દીઠી દીકરી, મહેતે સમર્યા શ્રીનરહરી;
અન્યોઅન્ય નયણાં ભરી, ભેટ્યાં બેઉ આદર કરી. ૧૬

મસ્તક ઉપર મૂક્યો હાથ, પાસે બેસાડીને પૂછી વાતઃ
'કહો, કુંવરબાઈ! કુશલીક્ષેમ? સાસરિયાં રાખે છે પ્રેમ? ૧૭

જો રૂડો દિવસ આવ્યો, દીકરી! તો મોસાળું કરશે શ્રીહરિ.'
કુંવરબાઈ બોલ્યાં વીનતીઃ 'સામગ્રી કાંઈ પાસે નથી; ૧૮

કેમ નાગરી નાતમાં રહેશે લાજ? ધન વિના આવ્યા શેં કાજ?
નિર્માલ્ય નિર્ધનનો અવતાર, નિર્ધનનું જીવ્યું ધિક્કાર. ૧૯

નિર્ધનનું કહ્યું કો નવ કરે, નિર્ધનનું સહુ કૌતુક કરે;
નિર્ધનને સહુ ઘેલો ગણે, કો નવ રાખે ઊભો આંગણે. ૨૦

લોકો બોલાવે દુર્બળ કહી, એથી માઠું કાંઈ બીજું નહીં;
પિતાજી! કાંઈ ન કરો ઉદ્યમ, તો આ અવસર સચવાશે ક્યમ? ૨૧

નથી લાવ્યા તમે નાડાછડી, નથી મોંડ ને કુંકુમની પડી,
નથી માટલી, ચોંળી, ઘાટ, –એમ દરિદ્ર આવ્યું શા માટ? ૨૨

કેમ કરી લજ્જા રહેશે, તાત? હું શે ન મૂઈ મરતાં માત?
માતા વિના સૂનો સંસાર, નમાયાંનો શો અવતાર? ૨૩

જે બાળકની માતા ગઈ મરી, બાપ-સગાઈ સાથે ઊતરી;
જેમ આથમતા રવિનું તેજ, મા વિના તેવું પિતાનું હેજ. ૨૪

સુરભિ મરતાં જેવું વચ્છ, જળ વિના જેમ તરફડે મચ્છ,
ટોળા-વછોહી જેમ મૃગલી, મા વિના તેમ પુત્રી એકલી. ૨૫

લવણ વિના જેમ ફીકું અન્ન, ભાવ વિના જેહેવું ભોજંન,
કીકી વિના જેહેવું લોચંન, મા વિના તાતનું તેવું મંન. ૨૬

શું કરવા આવ્યા ઉપહાસ? સાથે વેરાગી લાવ્યો પચાસ;
શંખ, તાળ, માળા ને ચંગઃ એ મોસાળું કરવાના ઢંગ? ૨૭

ન હોય તો પિતાજી! જાઓ ફરી,' એવું કહીને રોઈ દીકરી.
મહેતે મસ્તક મૂક્યો હાથઃ 'મોસાળું કરવાના વૈકુંઠનાથ. ૨૮

કડવું ૭

રાગ સારંગ

'ડાટ વાળ્યો રે, ડોશીએ ડાટ વાળ્યો રે;
વડસાસુ વેરણ થઈ, મારો હરખ હૈયાનો ટાળ્યો રે.
ડોશીએ ૧

મીઠાંવચની ને થોડાબોલી, હીંડે હરિગુણ ગાતી રે;
પરમારથ થઈને પત્ર લખાવ્યું, મનમાં મોટી કાતી રે.'
ડોશીએ ૨

કાગળ લેઈ કુંવરબાઈ આવ્યાં પિતાજીની પાસે રે;
'વડસાસુએ વિપરીત લખાવ્યું, હવે પિતાજી! શું થાશે રે?
ડોશીએ ૩

લખેશ્વરીથી નવ પડે પૂરું એવું તો એણે લખાવ્યું રે;
સાધુ પિતાને દુખ દેવાને મારે સીમંત શાને આવ્યું રે?
ડોશીએ ૪

સહસ્ર મહોર સોનાની લખાવી, વસ્ત્ર તણું નહિ લેખું રે;
તાતજી! હું તમારી પાસે કોડી એક ન દેખું રે.
ડોશીએ ૫

પિતાજી! તમો ગામ પધારો, આંહી રહે ઇજ્જત જાશે રે.'
મહેતોજી કહેઃ 'પુત્રી મારી! રહેજો તમો વિશ્વાસે રે.
ડોશીએ ૬

શામળિયો નહિ અવસર ભૂલે, તું કાં આંસુ પાડે રે?
દામોદરજી નથી દોહિલો, નહીં કારજ કાઢે રે?
ડોશીએ ૭

કુંવરી મારી! ઘેર પધારો, એમાં આપણું શું જાશે રે?
જો મોસાળું નહિ હરિ કરે, તો ઉપહાસ એહનો થાશે રે.
ડોશીએ ૮

કડવું ૧૩

રાગ મારુ

ભક્ત નરસૈયાનું દુખ જાણી રે, ઊઠી ધાયા પુરુષ પુરાણી રે;
થયા શેઠ તે સારંગપાણિ રે, સાથે લક્ષ્મીજી શેઠાણી રે. ૧

નંદ-સુનંદ સેવક સાથે રે, વસ્ત્રગાંઠડી તેહને માથે રે;
રથ ઉપર બેઠા શ્રીગોપાળ રે, ધોરીને ઘમકે ઘૂઘરમાળ રે. ૨

લોકે ઓળખ્યા નહિ જગદીશ રે, સાથે વાણોતર છે દસવીસ રે;
સર્વે જોઈ જોઈ વિસ્મે થાય રે, પ્રભુ આવ્યા મંડપ માંહ્ય રે. ૩

છડીદારો વાટ મુકાવી રે, નાગરીનાત જોવાને આવી રેઃ
'આ વહેવારિયો કોણ આવ્યો રે? સાથે ગાંઠડી શાની લાવ્યો રે?' ૪

કો ન જાણે ત્રિભુવનભૂપ રે, વિઠ્ઠલે લીધું વાણિયાનું રૂપ રે;
રથ ઉપરથી ઊતરિયા રે, હરિ સભા માંહે સાંચરિયા રે. ૫

ખટ દર્શને ખોળ્યો ન લાધે રે, જેને ઉમિયાપતિ આરાધે રે;
ન જડે ધ્યાને, દાને બહુ યાગે રે, તે હરિહીંડે અણવાણે પાગે રે. ૬

જે ચૌદ લોકના મહારાજ રે, મહેતા માટે થયા બજાજ રે;
શોભે વાઘો કેસરી છાંટે રે, બાંધી પાઘડી અવળે આટે રે. ૭

કાને કુંડળ હીરે જડિયાં રે, નેત્ર પ્રલંબ શ્રવણે અડિયાં રે;
એક લેખણ કાને ખોસી રે, ધર્યું નામ દામોદર દોશી રે. ૮

ઝીણા જામા પટકા ભારે રે, હરિ હળવે હળવે પધારે રે;
ઝીણી પછેડી ઓઢી નાથે રે, બેઉ છેડા ઝાલ્યા છે હાથે રે. ૯

વીંટી-વેલિયાં કર-આંગળિયે રે, સાદાં મોજાં પહેર્યાં શામળિયો રે;
ઘણા વાણોતર છે સાથે રે, કોણે ઝોળો ગ્રહ્યો છે હાથે રે. ૧૦

ઘણા સેવક સેવામાં સજ રે, છે ઉદ્ધવના કરમાં ગજ રે;
પ્રભુ પૂંઠે કમળા રાણી રે, સભા મોહી જોઈ શેઠાણી રે. ૧૧

ઊતર્યાં નાગરીઓનાં અભિમાન રે, જાણે ઊગ્યા શશિયર-ભાણ રે;
ભાલે ભમર ભાવે વિરાજે રે, શીશફૂલ રાખડી છાજે રે. ૧૨

વિશાળ લોચન ચંચળ ચાલે રે, કેશું ખંજન પડિયાં ગાલે રે;
છે અધર બિંબ-પરવાળી રે, ઉપર ઢળકે વેસરવાળી રે. ૧૩

બાજુબંધ ગળુબંધ માળ રે, નવસર હાર ઝાકઝમાળ રે;
કટિ ઘમકે ક્ષુદ્રઘંટાળી રે, પહેરણ પચરંગી ફાળી રે. ૧૪

ઝમકે ઝાંઝર ઉજ્જવળ પાગે રે, વીંછિયા-અણવટ છંદે વાગે રે;
પહેરી પચરંગી પટોળી રે, જુએ મર્મે નયણાં ઘોળી રે. ૧૫

જડાવ ચૂડો કર ખળકાવે રે, માયા મહેતીરૂપે આવે રે;
મોહી સભા અંબાને નીરખી રે, દેવી દીસે વાણિયણ સરખી રે. ૧૬

લલિતા વિશાખા બે ખાસી રે, છે ભક્તિ મુક્તિ ચાર દાસી રે;
સંગે આવે દેવાધિદેવ રે, મહેતે ઓળખ્યા હરિ તત્ખેવ રેઃ ૧૭

'ભલે આવ્યા શેઠ શામળિયા રે,' મહેતો માધવજી-શું મળિયા રેઃ
ભેટી બોલ્યા સુંદરશ્યામ રેઃ 'મારું પ્રગટ ન લેશો નામ રે. ૧૮

રખે વાત અમારી ચર્ચો રે, તમારે જે જોઈએ તે ખર્ચા રે;
કુંવરબાઈના પૂરો કોડ રે, એમ કહી બેઠા રણછોડ રે. ૧૯

પછે સભા સરવ સાંભળતાં રે, હરિ વચન બોલે છે વળતાં રેઃ
'જાઓ, શેઠાણી! દુખ કાપો રે, કુંવરબાઈને રુદિયાશું ચાંપો રે.' ૨૦

એવું સાંભળી કમળા હીંડ્યાં રે, કુંવરબાઈને રુદિયાશું ભીડ્યાં રેઃ
'મારી મીઠી! ન ભરિયે આંસુ રે, તેડો ક્યાં છે તમારી સાસુ રે.' ૨૧

મળી નાગરીઓ કરે વિચાર રે, જોઈ રૂપ મૂક્યો અહંકાર રે;
વેવાણ કમળાને એમ પૂછે રેઃ 'મહેતા સાથે સગપણ શું છે રે?' ૨૨

કોકિલા-સ્વર સુધારસ-વાણી રે, તવ હસી બોલ્યાં શેઠાણી રેઃ
વેવાણ! નથી તમે જાણિયાં રે? તમો બ્રાહ્મણ ને અમો વાણિયા રે. ૨૩

વેપાર દોશીનો, ઘેર કોઠી રે, અમારે ઓથ નરસૈયાની મોટી રે;
ધન મહેતાજીનું અમો લીજે રે, વેપાર કાપડનો કીજે રે. ૨૪

અમો આવ્યા મોસાળું કરવા રે, ઠાલી છાબ તે વસ્ત્રે ભરવા રે;
મહેતે જે જે વસ્ત્ર મંગાવ્યાં રે, અમો લખ્યા પ્રમાણે લાવ્યાં રે.' ૨૫

એમ કહી બેઠાં શેઠાણી રે, સરવ નાગરી સાંસે ભરાણી રે;
તેડ્યા શ્રીરંગ મહેતો વહેવાઈ રે, ભાવે ભેટ્યા શ્રીજદુરાઈ રે. ૨૬

ત્યારે વિસ્મે થયા સહુ નાગર રે, ભરી છાબ તે કરુણાસાગર રે;
મહેતાને કહે વનમાળી રેઃ 'કરો પહેરામણી સંભાળી રે. ૨૭

વલણ

સંભાળી કરો પહેરામણી,' એમ કહે સુંદરશ્યામ રેઃ
'વળી ઘટે તે સોંપજો અમો વાણોતર સરખું કામ રે.' ૨૮

કડવું ૧૬

રાગ ધન્યાશ્રી

કોડ પહોંત્યાં કુંવરવહુના, ટળ્યું ભવનું મહેણું જી;
મનગમતી પહેરામણી પામ્યાં, જેહને જેવું લહેણું જી. ૧

નાગરી નાત, કુટુંબ, પડોશી, ચાકર, કોળી, માળી જી;
પહેરામણી સહુ કોને પહોંચી, વાચા પ્રભુએ પાળી જી. ૨

સોળે શણગાર કુંવરીને આપ્યા, મહેતાને દીધાં માન જી;
છાબમાં બે પહાણ કનકની મૂકી થયા અંતર્ધાન જી. ૩

સભા સહુ કો વિસ્મય પામીઃ 'અલૌકિક શેઠશેઠાણી જી;'
મહેતાને સહુ પાયે લાગે, ભક્તિ સાચી જાણી જી. ૪

કુંવરબાઈની નણદી આવી, બડબડતી મુખ મરડે જી;
'પહેરામણી કોને નવ પહોંતી,' કોને નામે ભરડે જી. ૫

'પહેરામણી પરન્યાતી પામ્યાં, ગયાં ઘરનાં માણસ ભૂલી જી;
એક કટકો કાપડું નવ પામી પુત્રી મારી ફૂલફૂલી જી. ૬

મુને આપ્યું તે પાછું લ્યો, ભાભી! રાખડીબંધામણ જી,
નામ મહેતો પણ ન હોય નાગર, દીસે દુર્બળ બ્રાહ્મણ જી' ૭

કુંવરબાઈ પિતા કને આવીઃ 'પિતાજી! હવે શું થાશે જી?
આટલું ખરચતાં મહેણું રહ્યું માથે, હવે કેમ જિવાશે જી? ૮

વીસરી દીકરી નણંદ કેરી, નાનબાઈ જેનું નામ જી;
છ મહિનાની છોકરી ભૂલી, એક કાપડાનું કામ જી.' ૯

મહેતોજી કહેઃ 'પુત્રી મારી! સમરો શ્રીગોપાળ જી;
એક તાંતણો હુંથી ન મળે, બેઠો વજાડું તાળ જી.' ૧૦

ફરી ધ્યાન ધર્યું માધવનુંઃ 'ત્રિકમ! રાખો ટેક જી,'
પંચરંગનુ ગગન વિષેથી પડ્યું કાપડું એક જી. ૧૧

નણદી સંતોષ્યાં કુંવરબાઈએ, મહેતે માગી વિદાય જી;
સહસ્ર મહોર, સોનાના પહાણા, મૂક્યા તે છાબ માંહ્યા જી. ૧૨

નાગરલોક સહુ પાયે લાગે, પૂજે, કરે વખાણ જી;
જૂનેગઢ મહેતોજી આવ્યા, સમર્યા સારંગપાણ જી. ૧૩

વીરક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે ગામ જી;
ચતુર્વિંશી જ્ઞાની બ્રાહ્મણ, ભટ્ટ પ્રેમાનંદ નામ જી. ૧૪

સંવત સત્તર ઓગણચાળો, આસો સુદિ નવમી રવિવાર જી;
પૂરણ ગ્રંથ થયો તે દિવસે યથાબુદ્ધિ વિસ્તાર જી. ૧૫

આ મામેરું મહેતાજીનું ગાયે-સુણે નરનાર જી,
તેનાં કુટુંબ પરમ પદ પામે, કૃપા શ્રીજગદાધાર જી. ૧૬

કહે કવિઃ હું કાઈ નવ જાણું, કરનારા ગોવિંદ જી;
સંતજનની કૃપા થકી કહે કૃષ્ણસુત પ્રેમાનંદ જી. ૧૭

સુદામાચરિત્ર (૧૪કડવાં) :
કડવાં ૧, ૪, ૧૩, ૧૪ – એમાંથી ઉત્તમ અંશો

કડવું ૧
રાગ કેદારો
શ્રી ગુરુદેવ શ્રીગણપતિ, સમરું અંબા સરસ્વતી,
પ્રબળ મતિ વિમળ વાણી પામીએ રે. ૧

રમા-રમણ હૃદેમાં રાખું, ભગવંત-લીલા ભાખું,
ભક્તિરસ ચાખું, જે ચાખ્યો શુકસ્વામીએ રે. ૨

ઢાળ
શુકસ્વામી કહેઃ સાંભળ, રાજા પરીક્ષિત! પુણ્યપવિત્ર,
દશમસ્કંધ અધ્યાય એંશીમેં કહું સુદામાચરિત્ર. ૩

સાંદીપનિઋષિ સુરગુરુ સરખા અધ્યાપક અનંત,
તેહેને મઠ ભણવાને આવ્યા હળધર ને ભગવંત. ૪

તેની નિશાળે ઋષિ સુદામો વડો વિદ્યાર્થી કહાવે;
પાટી લખી દેખાડવા રામ-કૃષ્ણ સુદામા પાસે આવે.૫

સુદામો, શામળ, સંકર્ષણ અન્ન ભિક્ષા કરી લાવે;
એકઠા બેસી અશન કરે તે ભૂધરને મન ભાવે ૬

સાથે સ્વર બાંધીને, ભણતા, થાય વેદની ધૂન્ય;
એક સાથરે શયન જ કરતા હરિ, હળધર ને મુન્ય. ૭

ચોસઠ દહાડે ચૌદ વિદ્યા શીખ્યા બંન્યો ભાઈ;
ગુરુસુત ગુરુ-દક્ષિણામાં આપી વિહ્વલ થયા વિદાય. ૮

કૃષ્ણ-સુદામો ભેટી રોયા, બોલ્યા વિશ્વાધાર;
'મહાનુભાવ! ફરીને મળજો, માગું છું એક વાર.' ૯

કડવું ૪
રાગ રામગ્રી
પછે સુદામોજી બોલિયાઃ સુણ સુંદરી રે!
હું કહું તે સાચું માન; ઘેલી કોણે કરી રે? ૧

જે નિર્મ્યું તે પામીએ, સુણ સુંદરી રે!
વિધિએ લખી વૃદ્ધિ-હાણ; ઘેલી કોણે કરી રે? ૨

સુકૃત-દુકૃત બે મિત્ર છે, સુણ સુંદરી રે!
જાય પ્રાણ આત્માને સાથ; ઘેલી કોણે કરી રે? ૩

દીધા વિના કેમ પામીએ? સુણ સુંદરી રે!
નથી આપ્યું જમણે હાથ; ઘેલી કોણે કરી રે? ૪

જો ખડધાન ખેડી વાવિયું, સુણ સુંદરી રે!
તો ક્યાંથી જમીએ શાળ? ઘેલી કોણે કરી રે? ૫

જળ વહી ગયાં, શી શોચના, સુણ સુંદરી રે!
જો પ્રથમ ન બાંધી પાળ? ઘેલી કોણે કરી રે? ૬

એકાદશી-વ્રત કીધાં નથી, સુણ સુંદરી રે!
ન કીધાં તીરથ-અપવાસ, ઘેલી કોણે કરી રે? ૭

પિતૃ તૃપ્ત કીધાં નહીં, સુણ સુંદરી રે!
નહીં ગાવાનેક પામી ગ્રાસ, ઘેલી કોણે કીરી રે? ૮

બ્રહ્મભોજન કીધાં નહીં, સુણ સુંદરી રે!
નહીં કીધાં હોમ-હવન, ઘેલી કોણે કરી રે? ૯

અતીત નિર્મુખ વાળિયા, સુણ સુંદરી રે!
તો ક્યાંથિ પામીએ અન્ન? ઘેલી કોણે કરી રે? ૧૦

પ્રીતે હરિપ્રસાદ લીધો નહીં, સુણ સુંદરી રે!
હુતશેષ ન કીધો આહાર; ઘેલી કોણે કરી રે? ૧૧

આ દુર્ભર પેટ ભર્યાં; સુણ સુંદરી રે!
છૂટ્યાં પશુનો અવતાર; ઘેલી કોણે કરી રે? ૧૨

સંતોષ-અમૃત ન ચાખિયાં, સુણ સુંદરી રે!
હરિચરણે ન સોંપ્યાં મન; ઘેલી કોણે કરી રે? ૧૩

ભક્તિ કરતાં નવનિધ આપશે, સુણ સુંદરી રે!
એવું સાંભળી બોલી સ્ત્રીજંન, ઘેલી કોણે કરી રે? ૧૪

જળે આંખ ભરી અબળા કહેઃ 'ઋષિરાયજી રે!
મારું દઢ થયું છે મંન; લાગું પાયજી રે. ૧૫

એ જ્ઞાન મને ગમતું નથી, ઋષિરાયજી રે!
રુએ બાળક, લાવો અન્ન; લાગું પાયજી રે. ૧૬

કોને અન્ન વિના ચાલે નહીં, ઋષિરાયજી રે!
મોટા જોગેશ્વર હરિભક્ત; લાગું પાયજી રે. ૧૭

અન્ન વિના ભજન સુઝે નહીં, ઋષિરાયજી રે!
જીવે અન્ન આખું જગત; લાગું પાયજી રે. ૧૮

શિવે અન્નપૂર્ણા ઘેર રાખિયાં, ઋષિરાયજી રે!
રવિએ રાખ્યું અક્ષયપાત્ર, લાગું પાયજી. રે. ૧૯

સપ્ત ઋષિ સેવે કામધેનુને, ઋષિરાયજી રે!
તો આપણ તે કોણ માત્ર? લાગું પાયજી રે. ૨૦

દેવ સેવે કલ્પવૃક્ષને, ઋષિરાયજી રે!
મનવાંછિત પામે આહાર, લાગું પાયજી રે. ૨૧

અન્ન વિના ધરમ સૂઝે નહીં, ઋષિરાયજી રે!
ઊભો અન્ને આખો સંસાર; લાગું પાયજી રે. ૨૨

ઉદ્યમ નિષ્ફળ જાશે નહીં, ઋષિરાયજી રે!
જઈ જાચો હરિ-બળદેવ, લાગું પાયજી રે. ૨૩

અક્ષર લખ્યા દારિદ્રના, ઋષિરાયજી રે!
ધોશે ધરણીધર તતખેવ; લાગું પાયજી રે. ૨૪

વલણ

તતખેવ ત્રિકમ છેદશે દારિદ્ર કેરાં ઝાડ રે;
પ્રાણનાથ! પધારો દ્વારકા, હું માનું તમારો પાડ રે.' ૨૫

કડવું ૧૦ (૫૬)

પછી શામળિયો બોલિયા, તને સાંભરે રે;
હાજી નહાનપણાનો સ્નેહ, મને કેમ વીસરે રે.

આ બે મહિના સાથે રહ્યા, તને હાજી સંદીપની ઋષિને ઘે, મને

અન્નભિક્ષા માગી લાવતા, તને હાજી જમતા ત્રણે ભ્રાત; મને
આપણા સૂતા એક સાથ રે, તને સુખ દુઃખની કરતા વાત. મને

પાછલી રાતના જાગતા, તને હાજી, કરતા વેદની ધુન્ય; મને
ગુરુ આપણા ગામે, તને હાજી જાચવા કોઈક મુન્ય. મને

કામ દીધું ગોરાણીએ, તને કહ્યું લેઈ આવોને કાષ્ઠ; મને
શરીર આપણાં ઊકળ્યાં, તને હાજી માથે તપ્યો અરિષ્ટ મને

સ્કંધે કહોવાડો ધર્યા, તને ઘણું દૂર ગયા, રણછોડ; મને
આપણ વાદ વદ્યા ત્રણે બાંધવા, તને હાજી, ફાડ્યું મોટું ખોડ. મને

ત્રણે ભારા બાંધ્યા દોરડે, તને હાજી, આવ્યા બારે મેહ; મને
શીતળ વાયુ વાયો ઘણો; તને ટાઢે થરથર ધ્રૂજે દેહ. મને

નદીએ પૂર આવ્યું ઘણું, તને ધન વરસ્યો મુશળધાર; મને
એકે દિશા સૂઝી નહીં, તને થયા વીજતણા ચમકાર. મને

ગુરુજી ખોળવા નીસર્યા તને કહ્યું સ્ત્રીને કીધો તેં કેર; મને
આપણને હૃદિયાશું ચાંપિયા, તને પછે તેડીને લાવ્યા ઘેર. મને

ગોરાણી ગૌ દોહતાં હતાં, તને હતી દોણી માગ્યાની ટેવ; મને
મેં નિશાળેથી કર વાધારિયો, તને હાજી, દીધી દોણી તતખેવ. મને

જ્ઞાન થયું ગુરુપત્નીને, તને તમને જાણ્યા જગદાધાર; મને
ગુરુદક્ષિણામાં માગિયું, તને હાજી, મૃત્યુ પામ્યો જે કુમાર. મને

મેં સાગરમાં ઝંપાવિયું, તને તમો શોધ્યાં સપ્ત પાતાળ; મને
હું પંચાનન શંખ લાવિયો, તને હાજી, દૈત્યનો આણ્યો કાળ. મને

પછે જમનગરે હું ગયો, તને પછે આવી મળ્યો જમરાય; મને
પુત્ર ગોરાણીને આપિયો, તને હાજી, પછે થયા વિદાય. મને

આપણે તે દિનથી જુદા પડ્યા, તને હાજી, ફરીને મળિયા આજ; મને
હું તુજ પાસે વિદ્યા ભણ્યો, તને મને મોટો કર્યો, મહારાજ. મને

(વલણ)
'મહારાજ લાજ નિજ દાસની, વધારો છો શ્રીહરિ;'
પછી દારિદ્રય ખોવા દાસનાં, સૌમ્ય દૃષ્ટિ શ્યામે કરી.

કડવું ૧૩

રાગ રામગ્રી

શુકજી ભાખે હરિગુણગ્રામ જી, ગોઠવણ કરતાં આવ્યું ગામ જી;
દીઠાં મંદિર કંચનધામ જી, ઋષિ વિચારેઃ 'શું ભૂલ્યો ઠામ જી? ૧

ઢાળ

ઠામ ભૂલ્યો પણ ગામ નિશ્ચે, ધામ કો ધનવંતનાં;
એ ભવનમાં વસતો હશે, જેણે સેવ્યાં ચરણ ભગવંતનાં.' ૨

એવું વિચારીને વિપ્ર વળિયો, નગરી અવલોકન કરી;
એંધાણી સહુ જોતો જોતો આવ્યો મંદિર તે ફરી. ૩

પછે સુદામો સાંસે પડિયા, વિચાર કીધો વેગળે જઈઃ
'આ ભવન ભારે કોણે કીધાં? કુટિર મારી ક્યાં ગઈ? ૪

૦

સંકલ્પ-વિકલ્પ કોટિ કરતો, આવાગમન-હીંડોળે ચડ્યો;
બારીએ બેઠાં પંથ જોતાં કંથ સ્ત્રીની દૃષ્ટે પડ્યો. ૧૨

સાહેલી એક સહસ્ર સાથે સતી જતી પતિને તેડવા;
જલ-ઝારી ભરીને નારી જાયે, જ્યમ હસ્તિની કળશ ઢોળવા. ૧૩

હંસગામિની હર્ષપૂરણ, અભિલાષ થયા મન-ઇચ્છિયા;
ઝમક ઝાંઝર, ઠમક ઘૂઘર, વાજે અણવટ-વીંછિયા. ૧૪

સાહેલી સર્વ વીંટી વળી, પછે પદ્મિની લાગી પાય;
પૂજા કરી પાલવ ગ્રહ્યો, તવ ઋષિજી નાઠા જાય. ૧૫

દિશ ન સૂઝે, વપુ ધ્રૂજે, છૂટી જટા, ઉઘાડું શીશ;
હસ્તે ગ્રહવા જાય સ્ત્રી તવ ઋષિજી પાડે ચીસ. ૧૬

'હું સહેજે જોઉં છું ઘર નવાં, મુને નથી કપટ-વિચાર;
હું વૃદ્ધ ને તમો યુવા નારી, છે કઠણ લોકાચાર. ૧૭

ભોગાસક્ત હું નથી આવ્યો, મુને પરમેશ્વરની આણ;
જાવા દ્યો મુને શોભા સાથે, તમને હજો કલ્યાણ. ૧૮

આ નગરમાં કો નરપતિ નથી, દીસે છે સ્ત્રીનું રાજ;
પાપણીઓ! ઈશ્વર પૂછશે, મુને કાં આણો છો વાજ?' ૧૯

ઋષિપત્ની કહેઃ 'સ્વામી મારા! રખે દેતા શાપ!
દુઃખદારિદ્ર ગયાં, ને ઘર થયાં, શ્રીકૃષ્ણચરણ-પ્રતાપ.' ૨૦

એવું કહી કર ગ્રહી ચાલી, સાંભળ પરીક્ષિત ભૂપ!
સુદામો પેઠા પોળ માંહે, થયું કૃષ્ણના સરખું રૂપ. ૨૧

વલણ

રૂપ બીજા કૃષ્ણનું, ગઈ જરા, જોબન થયું;
બેલડીએ વળગ્યાં દંપતી, રતિકામ-જોડું લજાવિયું. ૨૨

કડવું ૧૪

રાગ ધન્યાશ્રી

જે સુદામાચરિત્ર સાંભળે, તેનાં દોહેલાં દુઃખ જાય,
જન્મદુખ વામે, મુક્તિ પામે, મળે માધવરાય. ૧૧

છે વીરક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે ગામ;
ચતુર્વિંશી ન્યાત બ્રાહ્મણ, કવિ પ્રેમાનંદ નામ ૧૨

સંવત સત્તર આડત્રીસ વર્ષે શ્રાવણ સુદિ નિધાન,
તિથિ તૃતીયા ભૃગુવાસરે પદબંધન કીધું આખ્યાન. ૧૩

ઉદરનિમિત્તે કરે સેવા, ગામ નંદરબાર;
નંદીપુરામાં કથા કીધી યથાબુદ્ધિ અનુસાર. ૧૪

વલણ
બુદ્ધિમાને કથા કીધી, કરનારે લીલા કરી;
ભટ પ્રેમાનંદના મનાવ્યા શ્રોતાજન બોલો શ્રીહરિ. ૧૫
૦

નળાખ્યાન (૬૧ કડવાં):
કડવાં ૧, ૪, ૧૫, ૨૪, ૩૭, ૬૧ – એમાંથી ઉત્તમ અંશો

કડવું ૧
રાગ કેદારો

શંકરસુતનું ધ્યાન ધરું, સરસ્વતીને પ્રમાણ કરું,
આદરું જોગે જશ નૈષધ તણો રે. ૧
ચાલ
નૈષધરાય તણી કહું કથા, પુણ્યશ્લોક જે રાય;
વૈશંપાયન વાણી વદે આર્ણિકપર્વ-મહિમાય. ૨

રાજ્ય હારી ગયા પાંડવ, વસ્યા દ્વૈતકવન મોઝાર;
એકલો અર્જુન ગયો કૈલાસે, આરાધ્યા ત્રિપુરાર. ૩

પાશપતાસ્ત્ર પશુપતિએ આપ્યું, પછે સ્વર્ગ માંહાં ગયો;
કાલકેય પૌલોમા માર્યો, પાંચ વરસ તાંહાં રહ્યો. ૪

યુધિષ્ઠિર રાય અતિશે દુખ પામ્યા, મન ઊપન્યો ઉદ્વેગઃ
પુનરપે પારથ નહિ આવ્યો, ભાઈ કાંહાં કીધો નવ નેગ?' ૫

'એહવે સમે એક તાપસ આવ્યો બૃહદશ્વ એહવું નામ;
પૂજા કીધી પાંડવે અને આપ્યો વસવાનો ઠામ. ૬

ચાતુરમાસ તે ત્યાંહાં રહ્યો ને કુંતીસુત કરે સેવાય;
રાતની રાતે વારાફરતી પાંડવ ચાંપે પાય. ૭

એક વાર યુધિષ્ઠિર બેઠા તળાંસવાને ચરણ;
તે સમે અર્જુન સાંભર્યો, ભરાઈ આવ્યું અંતઃકરણ. ૮

ધર્મરાયને ઋષિજી પૂછેઃ 'જળે ભીના પગ મારા;
શે દુખે, સત્યવાદી રાજા! નેત્ર ભરે નીર-ધારા?' ૯

ધર્મકહેઃ 'સાંભળિયે, સ્વામી! ઊઠી ગયો અર્જુન;
અવળાસવળી સાલે સવ્યસાચી, માટે કરું રુદંન. ૧૦

૦

વળતા વાણી વદે બૃહદશ્વજીઃ 'શું આણો વૈરાગ?
નળ દુખ પામ્યો, અરે પાંડવો! નથી તેહનો સોમો ભાગ. ૨૦

રૂપ રાજ્ય ન મળે ધન બળ નળને સમાન;
અનેક કષ્ટ તેહના જેહેવું, કો નહિ ભોગવે, રાજાન! ૨૧
ભીમકકુમારી નળની નારી, રૂપ શું કહું મુખ માંડી?
તે રાણી જાંહાં નહિ ફળ-પાણી, નળે તે વનમાં છાંડી. ૨૨
દાસી-રૂપ ધર્યું દમયંતી, કૂબડું થયું નળનું ગાત્ર;
તેહનાં દુખઆગળ, અરે યુધિષ્ઠિર! તમારું દુખ કોણ માત્ર?' ૨૩
કર જોડીને ધર્મ કહે છેઃ 'કહો અમને, ઋષિરાય!
ઘણું દુખ પામ્યો નળરાજા તેહ શું કારણ કહેવાય? ૨૪
કોણ દેશનો નરેશ કહાવે? કેમ પરણ્યો દમયંતી?
તે નારી નલે કેમ છાંડી? કાં મૂકી ભમયંતી? ૨૫
ઉત્પત્ય કહો નળ-દમયંતીની અથ-ઇતિ કથાય.
દુખિયાનું દુખ પ્રકાશતાં ભાંજે મનની વ્યથાય. ૨૬

વલણ

વ્યથા જાયે માહરી,' એમ કહે યુધિષ્ઠિર રાજાન.
વદે વિપ્ર પ્રેમાનંદ નળ તણું આખ્યાન. ૨૭

કડવું ૪

રાગ આશાવરી

નારદનાં વચન સુણી બોલ્યો નૈષધનો ધણીઃ
'ભીમક તણી કુંઅરી કેહેવી ફૂટડી? ૧

ચાલ

ફૂટડી કેવી દમયંતી, કહો તેહનું વખાણ;'
નારદ કહેઃ 'રે સાંભળો, વીરસેન-સુત સુજાણ! ૨
ગુણ, ચાલ ને ચાતુરી, અદ્‌ભુત સુંદર વેષ;
તેહને હું શું વર્ણવું, જો વર્ણવી ન શકે શેષ? ૩
પણ બુદ્ધિ-મેળે માનુનીનું કરું છું વર્ણન,

જેમ સાગરમાંથી ચંચ જળની ભરે પંખીજંન. ૪
દમયંતીનો ચોટલો દેખીને અતિ સોહાગ,
અભિમાન મૂકી લાજ આણી પાતાળ પેઠા નાગ. ૫
ભીમકસુતાનું વદન સુધાકર દેખી નવ સોહાય;
જોઈ જોઈ ચંદ્ર ક્ષીણ પામે તે અભ્ર પૂઠે સંતાય. ૬
સૃષ્ટિ કરતાં બ્રહ્માજીએ તેજનું ભર્યું એક પાત્ર,
તે તેજનું બ્રહ્માજીએ ઘડ્યું દમયંતીનું ગાત્ર. ૭
કાંઈ એક શેષ વાધિયું ઘડતાં, તેમાંથી ગેરો પડિયો,
વિરંચિએ એકઠો કરીને તેહનો ચંદ્રમા ઘડિયો. ૮
નળ કહે નારદ પ્રત્યેઃ 'એ વિખાણ-ભાવ ન પહોંતો;
દમયંતી હવડાં અવતરી, શું ચંદ્ર પહેલાં નહોતો?' ૯
નારદ કહેઃ 'એ સર્વ પહેલી બ્રહ્માએ ઘડી રાખી;
પ્રથવી માંહાં અવતરી નહિ ભરતાર એહવા પાખી. ૧૦
વિરંચિએ વિદર્ભ નાખી, ઉદે હવડાં પામી;
તો તે આંહાં અવતારી હશે, જો નિરમ્યો હશે કો સ્વામી.' ૧૧
નળ કહેઃ 'આગે વિસ્તારો, એ ભેદ મેં સાંભળિયો;
ચંદ્ર પહેલી ચતુરા એ સંદેહ મનનો ટળિયો.' ૧૨

કડવું ૧૫
રાગ ધન્યાશ્રી
'ભૂપ! મેં દીઠી ગર્વિષ્ઠ ગેહલડી,
સખી બે મધ્ય ઊભી અલબેલડી;
કદલી સ્તંભા જુગ્મ સાહેલડી,
વચ્ચે વૈદર્ભી કનકની વેલડી. ૧
ચાલ

વેલ જાણે હેમની અવેવ-ફૂલે ફૂલી;
ચકિત ચિત્ત થયું માહારું, ગયો દૂતત્વ ભૂલી. ૨
સાહામા-સાહામી હવી શોભા વ્યોમ-ભોમે સોમ;
ઇંદુ માંહાં બિંદુ બિરાજે, જાણે ઉડુગણ ભોમ. ૩
ઉભે અમીનિધિનાં કિરણ મળિયાંઃ કળા થઈ પ્રકાશ;
જ્યોત જ્યોત સ્થંભ પ્રગટ્યો શું એથી રહ્યું આકાશ? ૪
કામિનીનો ધમીલ લહેકતો, ફણા શોભાવી રક્ષે;
શકે ધરાધર વાસ લેવાને ચડ્યો ચંપક-વૃક્ષે! ૫
કુરંગ-દગની ચપળતા, શું ખંજન જાળે પડિયાં?
નેત્ર-અણી-અગ્રે શ્રવણ વેધ્યાં સોય થૈ નીવડિયાં. ૬
શકે નેત્ર ક્ષેત્ર મોહનું, કર ડોડાળાં અંબુજ;
ભાલ શરાસન, દૃષ્ટિ શરાં, હાવભાવ બે ભુજ; ૭
ગળસ્થળ નારંગ-ફળ શોભે, આદિત્ય-ઇંદુ અકોટી;
રક્તહેમ અધર, દ્વિજ હીરા, સૂત્રહાર કસોટી. ૮
કીર આનન પર શિખંડ શોભે, કાળી બોલે અણછતી;
લતા ઉપર પંખી દીઠાં, ન રહેવાયું માહારી વતી. ૯
અધર-સ્પર્શિત સ્વાતિ-બિંદુ, મેં જાણ્યુંઃ કરું ગ્રાસ;
ઉદર સર, આભરણ અંબુજ, જૈ[ને] પૂરું વાસ. ૧૦
નાભિ નીરજ, પાળ મેખલા, રહે ગમન સાથ અમારો;
રોમાવળી દ્રુમ, કુચ ટોડા, ઉરમંડળ ઓવારો. ૧૧
અંગ-રંગ-તરંગ જોવન જોતાં તૃપત ન થૈયે;
ક્ષુધા તૃષા પીડે નહિ, સ્વરૂપ-સરાં માંહાં રહિયે. ૧૨
કચ-ભૂષણ કદલીપત્ર ઉપર નાદ તેહનો ઊઠે.
તાંહાં બોલે પંચાયણ પ્રહાર થાતે, લાગ્યો મેગળ-પૂઠે. ૧૩
કેળ-શાખાએ જુગ્મ ચઢિયાં ગજથી પામી ખેદ;
જુગ્મ અંબુજ ત્યાંહાં મળિયાં, મળ્યા મધુકર વેદ. ૧૪

સ્કંધ-વદને કદલીસંજ્ઞા ખટ તોયજ તોય પાખે;
સૂધ્યબુધ્ય ન રહી માહારી, બોલી ઊઠ્યો અભિલાખે. ૧૫
વદી વાણી વ્યોમચરની, પડ્યો મોહ-મૂરછા ખાઈ;
હાટક-રૂપ દેખી સખી સાથે ગોરી ગ્રહેવા ધાઈ. ૧૬
મોહ-વારુણી પીઈને પડ્યો, કન્યાએ ગ્રહ્યો આવી;
ભુજ-અંબુજ માંહાં પર ભેઘાં, તોહે મન નવ લાવી. ૧૭
ન્યાત, ગામ [ને] નામ પૂછ્યું: 'સ્વામી તાહારો કોણ?
સ્વર એણી રસનાએ કરે છે બાંધી વર્ણન-પોણ.' ૧૮
'સ્વામી નળ, વર્ણન નળનો, દૂત નળનો હુંય.'
'ગિરિ, તરુઅર, ધાતુ, ફળ, કુસુમ, નળ તે શુંય? ૧૯
પ્રાણનળ કે ઉદરનળ, શું જળનળ ગ્રેહનો?
એ તો જમ લોકાંતક મળ્યો, એ વર્ણ તેહની દેહનો. ૨૦

કડવું ૨૪
રાગ સોરઠી

વૈશંપાયન કહે: રાજંન! સાંભળ સ્વયંવરનું વર્ણન;
પડો વજાડ્યો સુણ્યો સર્વે રાત, ઊઠ્યા ઊજમ થકા પ્રભાત. ૧
'શીધ્રે જઈએ વર્યાની તકે, તેડાં મોકલ્યાં, ભાઈઓ! ભીમકે.
ન હોય અતિકાળ કીધાનું કામ, માંડવે નહિ મળશે બેસવા ઠામ.' ૨
ભીડ ભરાઈ ગામ-ભાગળથી, રંક જાય રાય આગળથી;
મળે શુકંન સાહામાં તેડે, શુકન વંદીને રથ ખેડે. ૩
કરે તિરસ્કાર સેવક પર રીસ, પડે મુગટ, ઉઘાડાં શીશ;
જાય અસવાર બહુ અલબેલા, હાય હીંડે જાણે રણ-રેલા. ૪
ભરાયે રથ, માંહોમાંહે અટકે, ત્રાડે હસ્તી, ઘોડા ભડકે.
અસવાર પડે છે નીસરી, તે મળે કહીંએક ફરી. ૫

વાહન પડઘી ચાલ્યાનો છબ, ચરણરેણુંએ છાહ્યો અભ્ર;
ત્યાંહાં થઈ ગયું અંધારું ઘોર, પડી રહ્યા છે શોરાશોર. ૬
બોલે દુંદુભિના બહુ ડંક, અકળામણનો વળ્યો અંક;
સર્વને દમયંતીનું ધ્યાન, પ્રાણીમાત્ર વિરહી, રાજાન! ૭
સ્વયંવર જોવાને કારણે પ્રજા મળી મંડપ-બારણે;
બારણે ઊભા છે જેષ્ટિકાદાર, તેડે જેહને જેહવો અધિકાર. ૮
ડાહ્યા થઈ મંડપમાં પેસે, વાંચી નામ ને આસને બેસે;
એક મંત્રી, સેવક, ખવાસ, ત્રણ ત્રણ સેવક રાયને પાસ. ૯
કોણ રૂપ મંડપની રચના, વર્ણવી શકે શું એક રસના?
કદલીસ્થંભ રોપ્યા દ્વારે, માંડ્યાં આસન હારોહારે. ૧૦
જયગીત બંદીજન બોલે, નહિ રાજા કો એહને તોલે;
નાનાવિધ ચિત્ર ચીતરિયાં, જાણે દેવવૃંદ ઊતરિયાં. ૧૧
ઊડે અબીલગુલાલના છંટા, વાજે ઢોલ ને ઘૂઘર-ઘંટા;
સભામાં બેઠા મહામુનિ, લાગી શાસ્ત્ર-વેદની ધૂનિ. ૧૨
જતિ, જોગી બેઠા પાવંન, રાજભાટ ભણે ભાવંન;
રાયને શીશ છત્ર, ચામર ઢળે, મુગટે મણિ બહુ ઝળહળે. ૧૩
અગર ધૂપ ત્યાંહાં ઉવેખે, વાજિત્ર-નાદ થાય અલેખ;
નટુઆ કરે છે ત્યાંહાં નૃત્ય, ફરે ફૂદડી, ગાયે ગીત. ૧૪
બોલે ઘૂઘરી કેરા રણકા, ગર્વે ગેહેલી નાચે ગુણિકા;
પગપાહાનીએ શોભે ઘરા, વાગે કંકણ ને ઘૂઘરા. ૧૫
ગીત ગાયે કોકિલસ્વરા, અનંગ વધારે અપછરા;
જાણે મંડપ નગરી-અમરા, નાચે નારી નર-ચિત્તહરાં. ૧૬
ભીમક ભૂપને દિયે માન, આવી રહ્યા સર્વ રાજન;
ગાનારી ગાયે ગીત-ગાથા, બાંધે તોરણે, દેવાયે હાથા. ૧૭
વસ્ત્ર કેસરમાં ઝાકમઝોળ, બેઠા આસને આરોગે તંબોળ;
વર થઈ બેઠા પ્રાણી માત્ર, સમાં કર્યાં છે વરવાં ગાત્ર. ૧૮

શરીર ક્ષુદ્ર કાષ્ઠનાં ખોડ, તેહને દમયંતી વર્યાના કોડ;
બાળક, જોવન ને વૃદ્ધા, તેહને દમયંતી વર્યાની શ્રદ્ધા. ૧૯
કો કહેઃ 'મોટા કુળના કૂંઅર', કો કહેઃ 'આદ્ય અમારું ઘર.'
આશા-અભિમાને ભર્યા નર, વાંકા મુગટ ને મૂક્યાં પર. ૨૦
ઘરડા થયા નાહાના વર, વતાં કરાવતાં ભાંગ્યા છર;
તનમન કન્યાને અરપણ, આગળથી ટાળે નહિ દરપણ. ૨૧
કેટલા કરે તિલકની રેષ, કેટલા કરે માંહોમાંહે દ્વેષ;
કેટલા કરે માંહોમાંહાં પૂછાપૂછ, 'હું કેવો છઉં' કહી મરડે મૂછ. ૨૨
જેહેના મુખમાં નહિ દંત, તેહેને પરણવાનું ચંત;
કેવલ વૃદ્ધ ને ડાચાં મળિયાં, તે બેઠા ટુંપાવી પળિયાં.
૨૩
જોશીની પ્રણિપત્ય કરી દેખાડે હાથ નેજનમોતરી;
'જો દમયંતી મુને પરણે, તો જોશી! હું લાગું ચરણે' ૨૪
જેહેનાં બેસી ગયાં ગળસ્થળ, મુખમાં રાખ્યાં બબ્બે ફોફળ;
એમ ઊંચાં કરી ગલોઢાં, ગહેલા જુએ કાચમાં મોઢાં. ૨૫
પૂરણ આશાએ સર્વ કોય, પણ કન્યા નળની વાટ જોય. ૨૬

વલણ

વાટ જુએ નળ તણી, દાસીને કહાવે સતીઃ
'હું મંપડમાં પછે આવું, પ્રથમ આવે નૈષધપતિ.' ૨૭

કડવું ૩૭

રાગ રામગ્રીની દેશી)

વૈદર્ભી વનમાં વલવલે, અંધારી રે રાત;
ભામની ભય પામે ઘણું, એકલડી રે જાત ...વૈદર્ભી.૧

રસાનાયે નામ જ નળતણું, મુખ જપતી રે જાય;
શુદ્ધ નથી શરીરની, ભાંજે કંટક પાય ...વૈદર્ભી.૨

રોઈ રોઈ રાતી આંખડી, ભરે આંસુ નીર;
નયણે ધારા બબ્બે ઝરે, વહે અંગ રૂધિર ...વૈદર્ભી.૩

હીડંતી તે આખડે, પગમાં વાગે ઠેસ;
ચાલંતી ઊભી રહે, ભરાયે કાંટે કેશ ...વૈદર્ભી.૪

અંગે ઉઝરડા ઘણા, વહે શોણિતધાર;
હો નળ હો બોલતી, બીજો નહીં વિચાર ...વૈદર્ભી.૫

ઊંડાં કોતર ઊતરે, ચઢે ગિરિ કરાડ;
અશુદ્ધે ઉધડકે નહીં, પાડે વાઘ બરાડ ...વૈદર્ભી.૬

વાંકી વાટ ટીંબા ટેકરા, ભયાનક ખોહ;
રાફ માંહે સાપ ફૂંકવે, ઘણું ઘૂઘવે ઘોહ ...વૈદર્ભી.૭

શબ્દ પશુપંખી તણા, ન પડે કાંઈ પ્રીછ;
વરુ વણિયર બિહાવે ઘણું, ધાયે વળગવા રીંછ...વૈદર્ભી.૮

શૂકર રોઝ છિકરાડાં, ચીતરા કે ફાળ;
ફાલુ નાદ હોયે ઘણા, બહુ બોલે શિયાળ ...વૈદર્ભી.૯

આંબા આંબલી લીમડા, અરીઠા અપાર;
શીમળ સમળી સેગઠા, ન સૂઝે પંથવિચાર...વૈદર્ભી.૧૦

ખેર ખાખર ને કાચકી, કંટાળા શુએર;
બાવળિયા બહુ બોરડી, સરગુવા સમેર ...વૈદર્ભી.૧૧

આખડી પડતી સુંદરી, ચરણે વેલા વીંટાય;
છૂટા કેશ કામની તણા, ઝાંખરે ઝીંટાય ...વૈદર્ભી.૧૨

વૃક્ષ અથડાયે અંગસું, મૂકે કાંટામાં પાય;
શુદ્ધ નથી રે શરીરની, ભજતી નળરાય ...વૈદર્ભી.૧૩

દિવસ નિશા પ્રીછે નહીં, એવું ઘાડું અરણ્ય;
દમયંતી ભૂલી ભમી, ત્યાં દિવસ ત્રણ ...વૈદર્ભી.૧૪

અન્ન ઉદક પામી નહીં, નહિ બેસવું શયન;
ત્રણ દિવસ એમ વહી ગયા, ભમયંતાં વન...વૈદર્ભી.૧૫

કડવું ૩૮
[રાગ રામગ્રીની દેશી લહેકતી]
ભૂલી ભમે છે ભામિની રે નૈષધનાથની નાર રે;
'હો નળ! હો નળ!' બોલતી રે ભીમકરાજકુમાર રે.

ધોવાયું કાજળ આંસુએ કરી રે, વેદનાએ વ્યાકુળ રે;
અર્ધ ઉઘાડી દેહડી રે, નાથે ફાડ્યું છે પટકૂળ રે.

એહવે દીઠો એક ચીતરો રે, ધાઈ દમયંતી ઊલટ રે;
પૂછે ભાળ નળ ભૂપાળની રેઃ 'તાહારા જેવી છે કટ રે.'

શાર્દૂલ દીઠો વનમાં રે, વૈદર્ભી પૂછે વહાલ્ય રેઃ
‘નૈષધ નરેશ વાટે મળ્યા રે? છે તાહારા સરખી ચાલ્યા રે.’

સાવજ થાયે ગાભરાં રે, ભય પામી નાહાસી જાય રે;
‘રખે વનદેવી અમને ઝાલતી રે,’ પશુ-અરિ કંપાય રે.

પૂછે ઊંચા દ્રુમને રેઃ ‘તાહારી શાખા ગગન નિહાળ રે;
તરુપતિ! જો માહારી વતી રે, કહીં દીસે નળ ભૂપાળ રે?’

ઉત્તર દ્રુમ આપે નહીં રે, તેમ તેમ રાણી રોય રેઃ
‘પુણ્યશ્લોકે હું પરહરી રે, ત્યારે શત્રુ થયું સર્વ કોય રે.’

અજગર પડ્યો છે વાટમાં રે વિકાસી મુખ-માગ રે;
દમયંતી પ્રીછ્યું નહીં રે, તેહેના મુખમાં મૂક્યો પાગ રે.

ચરણ ગળ્યો જાનુ લગે રે, વિખ ચઢી ગયું શરીર રે;
પડી ભોમ સાદ નળને કરે રે, મુખે પાડે રીર રે.

અજગર આનંદ પામિયો રેઃ ‘ભલું જડિયું ભક્ષ રે.’
વૈદર્ભી ઘણું વલવલે રે, ઊંચાં ચડિયાં ચક્ષ રે.

કંઠે બંધાઈ કાચકી રે, મુખે પાડિયો સોખ(ષ) રે;
મરણ સમે મૂક્યો નહીં રસના-રુદે પુણ્યશ્લોક રે.

રોતી રાણી સાંભળી રે એક પારધી આવ્યો ધાઈ રે;
પગ પડ્યો અજગર-મુખમાં રે, દીઠી શ્યામા સાહી ર.

પારધીએ અજગર ચીરિયો રે કુહાડીને ઘાય રે;
જુગતે કરી મુકાવિયો રે નળ-પત્નીનો પાય રે.

વૈદર્ભીને વિખ ચડ્યું નહિ, છે વાસવનું વરદાન રે;
કરતલ વાસ સુધા તણો રે, દેહ રહી પરમ-નિધાન રે.

વલણ

દેહ રહી પરમ-નિધાન, હળાહળ ગયું ઊતરી રે;
કહે ભટ પ્રેમાનંદ પછે શું દુઃખ પામી સુંદરી રે.

કડવું ૬૧

રાગ ધવલ ધન્યાશ્રી

સ્વદેહે સ્વર્ગને પામ્યો રાજા, દેવે દીધું માન જી;
બૃહદશ્વ કહે છે યુધિષ્ઠિરનેઃ એ કહ્યું નળનું આખ્યાન જી. ૯
એહવાં સુખ ઊફરડું પામ્યો દાસત્વ કૂબડું ગાત્ર જી;
નળના દુખ-વિયોગ આગળે, ધર્મ! તમારું દુખ કોણ માત્ર જી? ૧૦
કાલે અર્જુન આવશે; રાય! રખે દુખિયા થાતા જી.
ઉત્તમ કથા નળની સાંભળી ધર્મને થઈ શાતા જી. ૧૧
સંવાદ બૃહદશ્વ-યુધિષ્ઠિરનો, ઉત્તમ નળ-ચરિત્ર જી.
ભાવે-કભાવે જે સાંભળે તે થાય પરમ પવિત્ર જી. ૧૨
ઋતુપર્ણ ને નળ-દમયંતી યુધિષ્ઠિર ઋષિ નાગ જી,
એહને સમર્યે પ્રાતઃકાળે ત્યાંહાં નહિ કળિનો લાગ જી. ૧૩
સંવત ૧૭૩૩-સા વર્ષે ફાગણ વદ નવમી દંન જી,
તે દિવસે પરિપૂરણ કીધું નળકથા-કીર્તન જી. ૧૪

બ્રહ્મજ્ઞાની શ્રેષ્ઠ કહીએ, હરિગુણ-ગીત અભ્યાસ જી,
ચાતુર્વંશી કુળમાં ઉદિયો, વટપદ્રપુરમાં વાસ જી. ૧૫
જથાબુદ્ધે કરવું એહ જ ગુરુચરણે અનુસરી જી;
વિપ્ર પ્રેમાનંદ કહે કર જોડીઃ શ્રોતાજન! બોલો 'શ્રીહરિ' જી. ૧૬
૦

ચંદ્રાહાસાખ્યાન (૨૮ કડવાં) :
કડવાં ૧, ૧૪, ૧૫, ૨૮ – એમાંથી ઉત્તમ અંશો

કડવું ૧
રાગ કેદારો

પ્રથમ સમરું ગણપતિ, જેમ ટળે મારી દુર્મતિ;
જેહથી સરે મનોરથ મન તણો રે. ૧

સાર કરો, માતા સરસ્વતી! હું બાળક કાંઈ લેહેતો નથી;
સતી શારદા! સેવક છઉં તમ તણો રે. ૨
ઢાળ
સાર કરો, માતા સરસ્વતી! હું લાગું તમારે પાય;
નિજ ગુરુ કેરું ધ્યાન ધરતાં ગ્રંથ ચાલતો થાય. ૩

વૈશંપાયન એમ ઊચરેઃ સુણ, જનમેજ્ય રાજંન!
અશ્વમેઘની ઉત્તમ કથા છે, શ્રોત-વક્તા ધન્ય. ૪

કડવું ૧૪
રાગ ગોડી
નારદ કહેઃ સાંભળ, રે અર્જુન! વાડી તણો વિસ્તા જી.
તે વાડીમાં ભૂલ્યા સેવક જોતાં પેલા ચાર જી. ૧

શયન કીધું છે ચંદ્રહાસે, નિદ્રા અતિશે આવી જી;
દૈવ તણી ગત કોય ન જાણે, વાત થાય જે ભાવી જી. ૨

તે ધૃષ્ટબુદ્ધિ પ્રધાનની પુત્રી, વિષયા જેહનું નામ જી;
યૌવનમાતી રંગે રાતી, પીડે પાપી કામ જી. ૩

ચંપકમાલિની-રાજાની પુત્રી, વિષયાની સહિયારી જી;
અન્યોઅન્યે પ્રીત ઘણી, પણ બંને બાળકુમારી જી. ૪

બેને અનંગ અંતર અતિ પીડે, તાપ તે ન વ ખમાય જી;
બેહુ સકી સંગાથે સરોવર નિત્યે નહાવા જાય જી. ૫

તે દિવસે તો તારુણી આવી, નિત્યનું સ્થાન જ્યાંય જી,
ચંદ્રહાસે શયન કીધું છે વિશ્રામ કારણ ત્યાંય જી. ૬

સામું ત્રટ સરોવરનું ત્યાંહાં દાસી આવી ઊભી જી;
'જળ ભરો ને નૃત્ય કરો,' સર્વ વિષયાને કહેતી જી. ૭

કો કુસુમ વીણે, કો કંઠ ઝીણે ગુણવતી લાગી ગાવા જી;
કો શરીર સમારે, ઉત્તમ ઓવારે કોઈ ઊતરે નહાવા જી. ૮

કો ત્રટ બેસે, કો જળમાં પેસે, તારુણી જાય તરવા જી;
કો ડૂબકી ખાય સંતાડી કાય, વળી બહાર નીસરે વઢવા જી. ૯

કો કેશ ઝાલે તાણી કાઢે, લાગી હાસ્ય-વિનોદ કરવા બાળી જી;
કો આલિંઘન દેતી, 'મૂકો મૂકો' કહેતી, કો કર દેતી તાળી જી. ૧૦

એહવે વાડી દીઠી નવપલ્લવ, જે પૂર્વે હુતી સૂકી જી,
શ્યામા સર્વ ધસી જોવાને સંગ વિષયાનો મૂકી જી. ૧૧

ચંપકામાલિની ચાલી જાવા, જાતી વાડી મધ્ય જી;
સર્વેને જાવા દેઈ રહી એકલી, વિષયાએ વિચારી બુદ્ધ જીઃ ૧૨

'પૂર્વે પિતા મુનિ એમ કહેતા તે પાસેથી હું સાંભળતી જી;
અને આજે નિશાએ સમપનું આવ્યું, વાત દીસે છે મળતી જી. ૧૩

સૂકું વન થાશે અતિ લીલું, જ્યારે આવશે વિષયાનો નાથ જી;
આજ સ્વપ્ન વિષે ચંદ્રહાસે પરણીને ઝાલ્યો હાથ જી.' ૧૪

એહવું વિચારી વિષયા નારી ચઢી સરોવર-પાળે જી,
એહવે અતિ ઉજજવળ અશ્વ દીઠો બાંધ્યો આંબા-ડાળે જી. ૧૫

તુરીનું તેજ દેખી મનમાં હરખી, જોવા જીવ ત્યાં ખૂત્યો જી,
એહવે દક્ષિણ પાસ ચંદ્રહાસ સેવકહિત દીઠો સૂતો જી. ૧૬

હરિભક્તને દેખી, હયને પેખી, હરિવદની હરખને પામી જી,
'શું સ્વપ્ન નિશાનું થાશે સાચું? શકે સૂતા મુજના સ્વામી જી!' ૧૭

વિમાસે વાતઃ 'જો હોય નાથ તો જોયા વિના કેમ ચાલે જી?
ઘેર કેમ જવાય? શી રીતે રહેવાય? મળ્યા વિના હૃદયા સાલે જી. ૧૮

વલણ

સાલે હૃદયા મળ્યા પાખે, તે માટે જોતી જાઉં રે,
એને જોઉં, ઓળખી, હું નીરખી નિરભે થાઉં રે. ૧૯

કડવું ૧૫
રાગ ગોડી

વિષયાએ વિમાસી જોયું: 'એ પુરુષને હું નીરખું;
અન્ય પશુ, પક્ષી ને માનુષ નથી કોય આંહાં સરખું(સું). ૧

રખે ચતુર તુરી! કહેતો સ્વામીને, જાગશે તો શું થાશે!
નિદ્રાવશથી કેમ ઉઠાડું? પછે શું કહેવાશે? ૨

હે અશ્વ! તું અતિ અનુપમ, તારું રૂડું વાન,
માગી રે લેઉ હું માનિનીઃ રખે કરતો સ્વામીને સીન! ૩

તારે રત્નજડિત મુખમોરડો, (જાણે) ઉદયાચળ ઊગ્યો ભાણ;
પંગડાં તારાં પરમ મનોહર, રત્નજડિત્ર પાલાણ.' ૪

એહવું કહેતી ચાલી ચતુરા, ચંચળ નયણે જોયઃ
'રખે સખી-સહિયર આપણી, પિયારી દેખે કોય! ૫

નેપુર-ઝાંઝર-અણવટ-વીંછિયા, સોનીએ આભ્રણ ઘડિયાં;
પ્રથમ વાજતાં રૂડાં લાગતાં, આજ શત્રુ થઈ નીમડિયાં!' ૬

એવું કહી મન દૃઢ કરી ચાલી, ઝાંઝર ઊંચાં ચઢાવી;
મરમે ભરતી ડગ, જ્યમ જળમાં બગ, એમ શ્યામ સમીપે આવી. ૭

ચંદ્રહાસની પાસે અતિ ઉલ્લસે હરિવદની હરખે બેઠી;
'મુજ શ્વાસ વાગે, સાધુ જાગે,' તે ચિંતા ચિત્તમાં પેઠી. ૮

'રખે કો દેખે, સહિયર મુજ પેખે,' એમ દૃષ્ટ રાખતી આડી;
પછે પિછોડી પરી કરીનેજોયું વદન ઉઘાડી. ૯

નખ-શિખા લગી ચંદ્રહાસને રે જોતી નયણે નીરખી;
હરિભક્તને દેખી હરિવદની હૈડામાં ઘણું હરખી. ૧૦

આકાશે અભ્ર અળગું થયે ચંદ્રબિંબ દીસે જેવું,
ત્યમ પિછોડી પરી કીધે મુખ કુલિંદકુંવરનું તેવું. ૧૧

સુવદન-અંબુજ ઉપર ભ્રકુટિ, ભમર કરે ગુંજાર;
શકે શશીબિંબ પૂઠે તારા, એવો શોભે મોતીહાર. ૧૨

શુકચંચા અતિ ઉત્તમ, જાણે અધર બિંબ-અલંકૃત;
શશી-સવિતા શ્રવણે કુંડળ, દાડમકળી શા દંત. ૧૩

કપોત કંઠ, કર કુંજરના સરખા, હથેળી અંબુજ-વર્ણ;
બાંહ્યે બાજુબંધ બેરખા, મુદ્રિકા આદે આભ્રણ. ૧૪

વિશાળ રુદે નેહાર હેમનો, કટિ કેસરીના સરખી;
દેખી રૂપ-રંગ-તેજ તારુણી, જાણે નાખી પ્રેમની ભૂરકી. ૧૫

'ધન્ય માત-તાત એનાં દીસે છે, કોણે કીધાં હશે પુણ્ય?
હિમે હાડ ગાળ્યાં, સુખ ટાળ્યાં, તો એહવો હશે તંન. ૧૬

જયપ-તપ-વ્રત-દેહદમન, એહવી તારુણી ઘર-નાર;
તે નારીનું પરમ ભાગ્ય જેહને આવો હશે ભરથાર! ૧૭

મેં પાપણીએ પુન્ય ન કીધું, તો ક્યાંથો આવો સ્વામી?'
એમ દુઃખ ધરતી, આંસુ ભરતી, વિષયા શોકને પામી. ૧૮

એવે એક કભાયની કસે કાગળ બંધન કીધો,
જોવા કારણ યૌવનાએ તત્ક્ષણ છોડી લીધો. ૧૯

સરનામું અક્ષર તાતના દેખી શ્યામા મહા સુખ પામીઃ
'શકે પત્ર લખી મોકલ્યો પિતાએ મુજ સ્વામીઃ ૨૦

સ્વસ્તિ શ્રીકૌંતલપુર સ્થાને, મદન કુંવર બળવંત!
આંહાં ચંદ્રહાસને મોકલ્યો છે, તે પત્ર લેજો, ગુણવંત. ૨૧

રૂપ ન જોશો, રંગ ન જોશો, ન પૂછશો ઘરસૂત્ર;
મુહૂર્ત ઘટિ કોને ન પૂછશો, એને વિષ દેજોની, પુત્ર!' ૨૨

વાંચી પત્ર ને વિષયા બોલીઃ 'ત્રાહે ત્રાહે, ત્રિભુવનનાથ!
વિષયા સાટે વિષ લખાયું, શું કાપ્યા જોઈએ હાથ. ૨૩

પત્ર લેઉં તો પાછો ફરી જાય, પરણ્યા વિના વિઘન થાય;
અક્ષર એક વધારું એ માંહે, વિષની કરું વિષયા ય.' ૨૪

એક નેત્રનું કાજળ કાઢ્યું, બીજા નેત્રનું નીર,
તરણા વતે લખ્યું તારુણીએ, ધરી હૃદયા મધ્યે ધીર. ૨૫

નારદ કહેઃ સાંભળ રે અર્જુન! કર્તા-હર્તા અવિનાશ;
વિષ ફેડી વિષયા કરી, એમ ઉગાર્યો ચંદ્રહાસ. ૨૬

પત્ર ફરી બાંધ્યું પ્રેમદાએ, જળ ભરતી તે નેણ;
ઊઠી અબળા ચાલી ત્યાંથી મુખે કહેતી વેણઃ ૨૭

'ઘેર જઈને વાટ જોઉં છું, ઉતાવળા તમો આવો;
મદનભાઈને મળજો, સ્વામી! પત્ર લખ્યું તે લાવો.' ૨૮

વલણ

પત્ર લખ્યું તે લાવો સ્વામી!' એમ કહી વિષ્યા વળી રે;
થરથર ધ્રૂજે ને કાંઈ ન સૂઝે, સખી સર્વ સામી મળી રે. ૨૯

કડવું ૨૮

ચંદ્રહાસ કહેઃ 'કરો જીવતા, બે સુભટ પામ્યા મર્ણ,
હે વિષ્ણુજી! મુને વૈકુંઠ તેડો, હું સેવું તમારાં ચર્ણ.' ૮

શિર હાથ મૂકી સેવક પ્રત્યે ઊચરે અવિનાશઃ
'જા, દાસ મારા! હું સદા લગી રહીશ તારી પાસ.' ૯

એમ સર્વ દેખતાં આદ્યશક્તિએ ઉઠાડ્યા બે જોધ;
કરે ગ્રહી કેતા ગયા પ્રગટ થઈ પ્રતિબોધ. ૧૦

પછે દેવ-દેવી દેખતાં હવા તે અંતર્ધાન;
ચંદ્રહાસને ચરણે લાગી પિતા-પુત્ર માગે માન. ૧૧

પ્રધાન કહેઃ 'મેં કપટ કીધું, ત્રણ વરાં હું ચૂક્યો;
પણ સાધુ પુરુષે મન ન આણ્યું, સ્વભાવ પોતાનો ન મૂક્યો.' ૧૨

પછે વાજતે-ગાજતે આવ્યા નગરમાં, તેડાવ્યો કુલિંદ બાપ;
મેધાવિની મા મોહને પામી દેખી પુત્રનો પ્રતાપ. ૧૩

કેટલેક કાળે બે વહેવાઈ ગયા ઊઠીને વંન;
મદન સાથે ચંદ્રહાસે ચલાવ્યું રાજ્યાસંન. ૧૪

ચંદ્રહાસથી વિષયાને પદ્માક્ષ નામે કુમાર;
ચંપકમાલિનીનો મકરધ્વજ, જે લેઈ ગયા તોખાર. ૧૫

અર્જુન પ્રત્યે કહે નારદઃ તું સાંભળ સાચું, રાય!
અમે તુંને માંડી કહ્યો સાધુ તણો મહિમાય. ૧૬

શાલિગ્રામનો મોટો મહિમા, સાંભળે, પૂજે ને ગાય,
પૂર્વજ તેહના ઊદ્ધરે, કોટિક હત્યા જાય. ૧૭

કાંઈ ઓછું હશે તે કૃષ્ણ કહેશે, નારદ હવા અંતર્ધાન,
અર્જુન આહ્લાદ પામિયો, પછે વીનવ્યા ભગવાનઃ ૧૮

‘સ્વામી! સાધુ સાથે જુદ્ધ કરતાં આપણને લાગે ખોડ.’
હરિ કહેઃ ‘હવડાં આવશે કુંવર લઈ તુરી-જોડ. ૧૯

વાત કરતાં વેગળેથી આવતો દીઠો ચંદ્રહાસ;
સભા માંહેથી સામા ચાલ્યા અર્જુન ને અવિનાશ. ૨૦

પરમેશ્વરને પાય પડતો, હરિએ હાથ ગ્રહી બેઠો કીધો;
‘આવો વહાલા’ કહી કૃષ્ણે હૃદયા સાતે લીધો. ૨૧

ખભે હાથ મૂકી હરિ કહે છેઃ ‘સાંભળો મુજ વચન;
હું સવ્યસાચી સાથે આવ્યો કરવા તારું દર્શન.’ ૨૨

સુણી વાક્ય ભગવાનજીનું ભક્ત વળતો રોય;
આંખનાં આંસુ અવિનાશી પટકૂળ પોતાને લોહ્ય. ૨૩

અર્જુન સાથે સેન સહુએ તેડ્યું, સાથ ચંદ્રહાસ;
પ્રાહુણા પધાર્યા પુર વિષે, કૃપા કીધી અવિનાશ. ૨૪

ત્રણ દિવસ પ્રાહુણા રહ્યા હરિને અર્જુન;
બીજાં વસ્ત્ર-અશ્વ આપ્યાં, આપ્યો અશ્વમેઘ-વાજિંન. ૨૫

ચંદ્રહાસ રાજા સાથે તેડ્યો, ત્યાંથી સાંચર્યો પારથ;
કુલિદકુંવર ને કિરીટી બેઠા, કૃષ્ણે હાંક્યો રથ. ૨૬

હવે જૈમિનિ એમ ઊચરતેઃ સુણ, અતલિબલ રાજન!
આંહાં થકી પૂરણ થયું ચંદ્રહાસનું આખ્યાન. ૨૭

સત્તાવીશ કડવાં એનાં, પદ છસેં ને પાંત્રીશ;
રાગ આઠ એના જૂજવા, કૃપા કીધી શ્રીજુગદીશ. ૨૮

સંવત સત્તર સત્તાવીશ વર્ષ, સિંહસ્થ વર્ષની સંધ્ય,
જ્યેષ્ઠ સુદિ સાતમ સોમવારે, પૂરણ કીધો પદબંધ. ૨૯

વટપદ્રવાસી ચાતુર્વેદી ભટ પ્રેમાનંદ નામ,
કથા કહી ચંદ્રહાસની, કૃપા કીધી શાલિગ્રામ. ૩૦

વલણ

કીધી કૃપા શાલિગ્રામે, રૂડી પેરે રક્ષા કરી રે,
એમાં કાંઈ સંદેહ નહિ, શ્રોતા! બોલો શ્રી હરિ રે. ૩૧
૦

અભિમન્યુઆખ્યાન (૫૧ કડવાં) :
-માંથી કડવું ૧,૮,૩૭,૫૧

કડવું ૧
રાગ કેદારો
શ્રીશંભુસુતને હૃદે ધરી વર માગું વેગે કરી,
શ્રીહરિ ગાવાની ગત આવડે રે. ૧
કમલાસનની કુંવરી! વાણીદાતા તું ખરી;
વાગીશ્વરી! વિદ્યા તમ જોતાં જડે રે. ૨

ઢાળ

જડે વિદ્યા નિર્મળી, સરસ્વતી હોય તુષ્ટમાન;
પદબંધ કરવા ઇચ્છું છું અભિમન્યુનું આખ્યાન. ૩

વૈશંપાયન વાણી વદેઃ તું સુણ, જનમેજય રાય!
દ્રોણપર્વની પાવન કથા સાંભળતાં દુઃખ જાય. ૪

કુરુક્ષેત્રમાં રાજને અર્થે કૌરવ-પાંડવ વઢિયા,
દસમે દિવસે બાણશય્યાએ ભીષ્મપિતામહ પડિયા. ૫

પાંડવનાં પ્રાક્રમ દેખીને કૌરવ માત્ર મન બીધા;
શકુનિશું દુર્યોધન મળીને દ્રોણ સેનાપતિ કીધા. ૬

મહાતુમુલ ત્યાં યુદ્ધ હવું ને વહી ગયા બે દિન,
અર્જુન-અભિમન બેથી હાર્યા દ્રોણાચાર્ય મુનિજંન. ૭

સુભટ સર્વે મળીને બેઠા દુર્યોધનને દ્વારે;
કોને બોલવાની શક્તિ નહીં જે સૌભદ્રને મારે. ૮

કૌરવપતિએ બેહુ કર જોડી વીનવિયા ગુરુ દ્રોણઃ
‘સ્વામી! સૌભદ્રેરૂપી સાગર તમ વિના તારે કોણ? ૯

અર્જુને હસ્તી સંઘાતે હેલાં હણ્યો ભગદત્ત;
મુનિ! તમને મૂર્છા પમાડ્યા, અભિમન્યુ મહા ઉન્મત્ત.’ ૧૦

એવું કહીને મુગટ ઉતારી ગુરુને પાગે ધરિયો;
'ગુરુ! બંધાવો તો હું બાંધું,' એમ અહંકારી ઓચરિયો. ૧૧

રીસ કરીને ઋષિજી બોલ્યા, કર ઉદક-અંજલિ લીધી;
અભિમન્યુને મારવાની ગુરુ દ્રોણે પ્રતિજ્ઞા કીધીઃ ૧૨

'સૌભદ્રે મેં કાલ મારવો,' ઋષિનાં વચન શ્રવણે પડિયાં,
હરખ્યો હસ્તિનાપુરનો રાજા, દુંદુભિ ત્યાં ગડગડિયાં. ૧૩

શ્રીકૃષ્ણ ગયા અર્જુનને તેડી સંશપ્તકને પાસ;
ભૂધરે ભાણેજ પોતાનો કૌરવ-પે કરાવ્યો નાશ. ૧૪

વૈશં પાયનનાં વચન સુણીને રાય જનમેજય પૂછેઃ
અભિમન્યુને મરાવ્યો મામે તે, કહોને, કારણ શું છે? ૧૫

વલણ

કહોને કારણ કૃષ્ણજીનું જે કીધો મોટો કેર રે.
ધૃતરાષ્ટ્ર પૂછે સંજયનેઃ મામા-ભાણેજને શાનું વેર રે? ૧૬

કડવું ૮
રાગ ગોડી ટૂંકડી
સંજય કહેઃ 'સાંભળિયે રાય! દેવકીનંદનનો મહિમાય;
મારવા દાનવ કેરો ભૂપ ભગવાને ધરિયું ભાર્ગવરૂપ. ૧

શત્રુ હણવાનું સાર્યું કાર્ય, શ્રીકૃષ્ણજી થયા શુક્રાચાર્ય;
વૃદ્ધ વપુ, કર ગ્રહી લાકડી, આવે ઠેસ પડે આખડી. ૨

મસ્તક બાંધ્યું ફાટ્યું ચીંથરું, જળજળાં નેત્ર, જુએ અરુંપરું;
થર થર દેહ ધ્રજે જદુરાય, કાયામાં પ્રગટ્યો કંપવાય. ૩

મુખ-નાસિકા મોહનનાં ચુએ, કપાળે કર દેઈને જુએ;
ઉધરસ ને બહુ ચડે રે શ્વાસ, એવું રૂપ ધર્યું અવિનાશ. ૪

નીસરી ખૂંધ, કટિ બેવડ વળી, પગે વાયુ ને માથે પળી;
રસના વળગે, આવે શૂળ, પહેર્યું મૃગચર્મ, ઓઢ્યું વનકૂળ. ૫

એવે રૂપે પરમેશ્વર પળ્યા, અહિલોચનને સામા મળ્યા;
નેત્ર ઉપર દેઈ આડો હાથ, દાનવને પૂછે જદુનાથઃ ૬

'મસ્તક ભાર ઊંચળ્યો કોણ પાપ? પેટી માંહે છે ઘો કે સાપ?
સજ્યું કવચ, બાંધ્યાં હથિયાર, દીસે ભાગ્યવાન, કાંઊંચલે ભર? ૭

શું ભર્યું માણેકમોતી ઝવેર? કોને આપવા ચાલ્યો ઘેર?
રખે તું જાતો દ્વારિકા ભણી, કૃષ્ણિો લેશે પેટી તુજ તણી. ૮

તે પાપીને હૃદયે દયા નથી, મારગુને મારે સર્વથી;
જેમ તેમ સ્વારથ પોતાનો કરે, પરપ્રાણ કોડી માટે હરે. ૯

જેણે મામા-માસીના લીધા પ્રાણ, અયદાનવ માર્યો સુજાણ,
તેને દેવા નથી કો શીખ, મુને માગતો કીધો ભીખ. ૧૦

વલણ

ભીખ મગાવી કેશવે, માર્યો મારો અયદાનવ રાય રે,'
એવું કહીને રોયા હરિઃ 'જજમાન સાલે રુદિયા માહ્ય રે.' ૧૧

કડવું ૩૭
રાગ સામેરી

ઉત્તરાનાં વાયક સાંભળી અભિમન્યુ ત્યાં બોલ્યો વળીઃ
'મારા સમ જો આંસુ ભરો, કાં જી આંખ રાતડી કરો? ૧

નારી! તમો છો રે ક્ષત્રાણી, તો નવ ઘટે દીનતા-વાણી.
હાં રે રણથી જે ઓસરવું, મહિલા! તે-પે રૂડું મરવું. ૨

તમે આજ્ઞા કરો એવું જાણી.' ત્યારે બોલ્યાં ઉત્તરા રાણીઃ
'સ્વામી! મન છે તો પધારો, જઈ શત્રુને સંહારો. ૩

તમારી માતને ભાગ્યે ઊગરજો, શીશ શત્રુનાં તમે હરજો.
જી રે જોધપણે તમો જાજો, સ્વામી! થવાયે તેવા થાજો. ૪

કંથજી! કુળને દીપાવજો, જશ ઉપારજી ઘેર આવજો.'
એવું કહીને પગે લાગી, પિયુ ચાલ્યો ને આશા ભાગી. ૫

પ્રેમદા પૂંઠે રહી જોતી, ખરે આંસું જેવાં મોતી.
વહાલાજીનો વરાંસો નવ ખમાય, વળી જુએ તો વારુ થાય. ૬

વલવલાટ ઘણોએક કરી, રોતી મંદિર ભણી પરવરી.
નયણે આંસુ મૂક્યાં રેડી, સખી ગયાં ઘર માંહે તેડી. ૭

મળ્યાં સુભદ્રા ને પંચાલી, પગે લાગી મત્સ્યની બાલી.
જ્યારે અભિમન્યુ રણમાં ચાલ્યો, રથપ્રહારે મહીધર હાલ્યો. ૮

ત્યારે પહેલી સેના આથડી, સામસામાં રહ્યાં દળ ચડી.
દુંદુભિનાદ બહુ ગડગડે, જેમ મેઘ આસડો ધડહડે. ૯

વલણ

ધડહડે સેના મેઘ પેરે, ઘોષ જઈ લાગ્યો ગગન રે,
કૌરવને કંપાવતો રણ આવિયો અભિમંન રે. ૧૦

કડવું ૫૧
રાગ ધન્યાશ્રી

અર્જુન પુત્રને ટળવળે,
એથિ અદકું ત્રિકમ વલવલે.
દ્રુપદરાયે આશ્વાસના કરીઃ
'રોયે કુંવર નહિ આવે ફરી.' ૧

ઢાળ

'ફરી ન આવે રુદન કીધે,' એમ કહે વિશ્વાધાર;
પછે સાવધાન થઈ અર્જુન પૂછે ભીમને સમાચારઃ ૨

'કેમ મૂઓ કુંવર અમારો? કુળ બોળ્યું કે તાર્યું?
નાસી મૂઓ કે સામો થઈને? આપણને લાંછન માર્યું? ૩

ભીમ કહેઃ 'ભત્રીજ ભડ્યો તે વાણીએ કહ્યું જાય નહીં;
કૌરવ-કુંજર મર્દિયા, ભાઈ! સૌભદ્રે મોટો સહી. ૪

દસ સહસ્ર સંઘાતે માર્યો અયોધ્યાનો રાજંન,
સોળ સહસ્રની સાથે માર્યો લક્ષ્મણ-રાયનો તંન. ૫

શલ્યસુત રુક્મરથ માર્યો, વળી કર્ણસુત વૃષસેન;
કૌરવની સેના દીસે નાસતી, જેમ વ્યાઘ્ર-ભોએ ધેન. ૬

સૈન્ય સવા અક્ષૌહિણી માર્યું, એણે રાઢ કીધી એવી,
જયદ્રથ આવ્યો કપટ કરીને, જે કૌરવનો બનેવી. ૭

એણે અમને ખાળી રાખ્યા, પણ ગયો એકલો સુભટ,
સાતમે કોઠે બાણ સાંધી રહ્યા મહારથી ખટ. ૮

સર્વે મળી અકળાવ્યો, પણ નવ જાણ્યું કેમ કીધો નાશ;
અમો ત્યાં જોવા ગયા તો કાલકેતુ દીઠો પાસ.' ૯

એવું સાંભળી અર્જુન બોલ્યો, મુખે તે ખંખારિયોઃ
'મસ્તક છેદ્યા વિના પડ્યો કે વેગળેથી માર્યિો? ૧૦

અનર્થ કીધો જયદ્રથે જે ખાળ્યા રણમાં તમો,
એ પાપીને મારવાની પ્રતિજ્ઞા કરું છું અમોઃ ૧૧

કાલે સાંજ લગે જો એનું મસ્તક ન છેદું તાક,
તો મારા પૂર્વજ સહિત હું પડું કુંભીપાક; ૧૨

જો એને માર્યા વિના સૂરજ અસ્તાંગત થાય,
તો કાષ્ઠ એકઠાં કરી ચિતામાં હોમું મારી કાય.' ૧૩

એમ જ્યારે પ્રતિજ્ઞા કીધી ગ્રહી ગાંડીવ પાણ,
ત્યારે પાંડવે શંખનાદ કીધો, ઘાવ વળ્યા નિશાણ. ૧૪

દુર્યોધનને નિશાચરે જઈ કહ્યો સમાચારઃ
'સ્વામી! પાર્થે પ્રતિજ્ઞા કીધી, તેનો કરો વિચાર.' ૧૫

ચિંતા થઈ કૌરવપતિને, શકટવ્યૂહ તે રચિયો;
પછે સેના સર્વ મળીને જીવતો જયદ્રથ ડટિયો. ૧૬

વહાણું વાતાં જુદ્ધ કીધું અર્જુને સંધ્યા સુધી,
જયદ્રથ તો જડ્યો નહીં, શ્રીકૃષ્ણે વિચાર્યું બુદ્ધિ. ૧૭

ચક્ર સુદર્શન મૂક્યું અંતરિક્ષ, તેણે લોપ્યું અજવાળ;
દિવસ ચાર ઘટિકા રહ્યો, પણ કાંધો સંધ્યાકાળ. ૧૮

પછે અર્જુને આયુધ છોડ્યાં, પડ્યો રથેથી ઊતરી;
બાણ ઘસીને અગ્નિ પાડ્યો, ભાંગ્યો રથ એકઠા કરી. ૧૯

નમસ્કાર સર્વેને કીધો, રુએ પાંડવ ને મોરાર;
કૌરવે અનરથ કીધો જે જયદ્રથ કાઢ્યો બહાર. ૨૦

એવે અંતરિક્ષમાંથી શ્રીકૃષ્ણે સુદર્શન અળગું કીધું;
અર્જુનને ત્યાં સાન કીધી, ધનુષ પાછું લીધું. ૨૧

કાલચંદ્ર એક બાણ મૂક્યું અંતર આણી રીસ;
કુંડળ-મુગટ સહિત છેદ્યું જયદ્રથ કેરું શીશ. ૨૨

અર્જુન પ્રત્યે બોલિયા સમરથ અશરણશર્ણઃ
'મસ્તક એનું હેઠું પડશે તો તારું પડશે ધર્ણ.' ૨૩

પાર્થે મસ્તક ઉડાડિયું તે ગયું ગંગા માંહ્ય;
[ત્યાં] શ્રાદ્ધ સારતો પિતા તેનો, નામ બ્રેહદ્રથ રાય; ૨૪

દીકરાનું મસ્તક દેખીને બાણ હૃદયા-શું વાગ્યું,
હાથે હેઠું મૂકતાં માંહે પડ્યું પોતાનું લાગ્યું. ૨૫

વરદાન માગ્યું શિવ કને તે પિતાને આવી નડ્યું.
સંજય કેહઃ સાંભળો, રાજા! પાંડવનું ઈંડું ચડ્યું;. ૨૬

તે વારે પાંડવ વળ્યા પાછા, અંતે માર્યો દુર્યોધન;
કુંતાના કુંવર જીતિયા ને પામ્યા રાજ્યાસંન. ૨૭
વૈશંપાયન બોલિયાઃ સુણ, જન્મેજય રાજાન!
અહીં થકી પૂરણ થયું અભિમન્યુનું આખ્યાન. ૨૮

એકાવન કડવાં, રાગ સત્તર, ચાલ છે છત્રીસ;
પદબધ ચૌપૈની સંખ્યા એક સહસ્ર ને પાંત્રીસ. ૨૯

વડેદરાવાસી ચતુર્વિશી વિપ્ર પ્રેમાનંદ,
એકવીસ દિવસે કૃષ્ણકૃપાએ બાંધિયો પદબંધ. ૩૦

કવતા કવિતા શ્રીકૃષ્ણજી, નિમિત્તમાત્ર તે હું ય;
આશરો અવિનાશનો, કવિજંન જોડે શું ય? ૩૧

મહિમા મોટો શ્રીકૃષ્ણજીનો સાંભળો થઈને પવિત્રઃ
મહાભારતે દ્રોણપર્વે અભિમન્યુનું ચરિત્ર. ૩૨

સંવત સત્તર અઠ્ઠાવીસે શ્રાવણ સુદ દ્વિતીયાય;
તે દહાડે પૂરણ થયું અભિમન્યુ-ચરિત્ર મહિમાય. ૩૩

વલણ

ચરિત્ર મોટું અભિમન્યુંનું કવ્યું છે પ્રેમે કરી.
ભટ પ્રેમાનંદ એમ ઓચરેઃ શ્રોતાજન બોલો શ્રીહરિ. ૩૪

એ આખ્યાન જે સાંભળે, શીખે, ભણે ને ગાય,
શ્રીકૃષ્ણજીની ક્રિપાએ કરીને નિશ્ચે વૈકુંઠ જાય. ૩૫

હૂંડી (કડવાં ૧૪)
માંથી કડવું ૧,૩,૭,૧૩,૧૪

કડવું ૧
રાગ રામગ્રી

શ્રીગુરુ-ગોવિંદને ચરણે લાગું જી;
દેવી શારદા! વાણી માગું જી. ૧

અંતરગત માંહ ઇચ્છા છે ઘણી જી,
ભાવે ભાખું હૂડી શ્રીમહતા તણી જી.૨

ઢાળ

હૂંડી શ્રીમહેતા તણી, વરણવું બુધને માન;
ધન્ય ધન્ય નાગર નરસૈયા, જેહનું જૂનાગઢ શુભસ્થાન. ૩

કડવું ૩
રાગ મેવાડો

તીરથવાસી દુખિયા જાણી, મહેતોજી બોલ્યા અમૃતવાણીઃ
'કાં મન ચિંતા કરો છો ઊંડી? લાવો લખી આપું હું હૂંડી. ૧

અમારે-તમારે કારજ પડ્યું, પરમેશ્વર નહિ રાખે અડ્યું;
સિદ્ધ કામ થાશે તમ તણું, મોકલનાર ડાહ્યો છે ઘણું. ૨
સેવક તમારો હૂંડી કરે, જ્યહાં લખે ત્યાંહાંથી નવ પાછી ફરે;
માહારા શેઠને ઓળખે આખું ગામ, ન હોય તો લેજો માહારું નામ.' ૩

તીરથવાસી બોલ્યા રલી રસેઃ 'આ રૂપૈયા લીજે સાત્ત સેં;
લખી પત્ર ઉતાવળું દીજે, હૂંડિયામણ ઘટે તે લીજે.' ૪

મહેતોજી કહેઃ 'કરવું કામ, હૂંડિયામણ તો હરિનું નામ.'
શતશતના ગણી આપ્યા થોક, સાતસેં રૂપૈયા રોક. ૫

મહેતે ઘરમાં મૂકી બોરી, તે ખર્ચી રહ્યા સંધી-સોરી.
પછે મહેતે કરમાં લીધી તાળ, સ્તુતિ કરી સમર્યા ગોપાળ. ૬

નરસૈયો હરિની સ્તુતિ કરે, ખરખર નયણે આંસુ ખરે.
તાળ વાહે ને હરિગુણ ગાયઃ 'શામળિયાજી! કરજો સહાય. ૭

પ્રહ્‌લાદની વહારે તમો ધસ્યા, લક્ષ્મીવર! તમો સ્તંભમાં વસ્યા;
અપર માતાનો ઉતાર્યો મદ, ધ્રુવને આપ્યું અવિચળ પદ. ૮

કડવું ૭
રાગ ધન્યાશ્રી

લેખણ લીધી શ્રીલક્ષ્મીવરે,
મહેતાજીને કૃષ્ણ વીનતી કરે. ૧

કાગળ ભીંજે ને આંસુડાં ખરે,
ઓધવ આવી આડો કર ધરે ૨

ઢાળ

ધરે હાથ ન આંસુ ગ્રહે, અમર અંતરિક્ષ જોય રે;
ભૂતળ માંહે ભાગ્ય મોટું: નરસૈયા સમો નહિ કોય રે. ૩

'સ્વસ્તિ શ્રીજૂનાગઢ સ્થાને, મહેતોજી નરસહીં રે!
હૂંડી સ્વીકારી આવતાં, જાણજો તમો સહી રે. ૪

શ્રીદ્વારિકાથી લિખિતંગ શામળશા વાણોતર રે;
આપણ બંન્યો એક છું, રખે જાણતા પર રે; ૫

તમારી વતી અમો સેવું છું દ્વારિકા ગામ રે;
અજર-આળસ નહિ કરું આવાં કોટિક લખજો કામ રે. ૬

આડત તમારી પહોંચશે, પત્રની જોઉં છું વાટ રે;
શુભ કામ કાસદ લાવશે, વિશ્વાસ માહારું હાટ રે ૭

વળી વારું છું વિશ્વાસ મૂકી, રખે વહાતો તાળ રે;
એક પલક દાસ દમાય ત્યારે અમો ઓઢી ચાળ રે. ૮

ઠગ લોક આ સંસારના નહિ જાચે શું-શુંય રે?
ના ન કહેશો કોઈ વાતની, છું આપનારો હુંય રે. ૯

તીરથવાસીને પત્ર આપ્યું, ભક્તનું ભગવાન રે;
જાત્રાળુ તો જોઈ રહ્યાઃ હરિ હવા અંતર્ધાન રે. ૧૦

તીરથવાસી કર ઘસે અને ધૂણે વળી શીશ રેઃ
‘આપણે રૂપૈયા દીઠા, પણ નવ દીઠા જગદીશ રે. ૧૧

છે નરસૈયો વહેવારિયો, આપ્યા રૂપૈયા રોક રે;
શામળશા તે આંહાં વસે, શું જાણે જૂઠા લોક રે?’ ૧૨

એક માસ દ્વારિકા રહ્યા, ને પૂજ્યા જાદવરાય રે;
તીરથવાસી પછે ફરીને આવ્યા જૂનાગઢ માંહ્ય રે. ૧૩

આવી નરસૈયાને પાય પડિયાઃ ‘સાચો તાહારો શેઠ રે;
ભાઈ! વણોતર તે તું ખરો, બાકી સરવ દૈવની વેઠ રે. ૧૪

મહેતાજીએ પત્ર વાંચ્યું જે લખ્યું શ્રીમહારાજ રે;
‘ધન્ય ધન્ય માહારા નાથજી! કોણ તમ વિણ રાખે લાજ રે?’ ૧૫

છે વીરક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે ગામ રે;
બહરાનપુર પરદેશ કીધો ઉદર ભરવા કામ રે. ૧૬

સંવત સત્તર તેત્રીસા વરષે ઉત્તમ માસ વૈશાખ રે,
વદિ પ્રતિપદાએ પદબંધ કીધો અંતરને અભિલાખ(ષ)રે. ૧૭

ચતુર્વિશી નાત બ્રાહ્મણ, કૃષ્ણસુત પ્રેમાનંદ રે;
હરિકૃપાએ હુંડી કથી તે અંતર-શું આનંદ રે. ૧૮

પદબંધ આ હૂંડી તણો થયો તે હસનાપુરી માંહ્ય રે;
શ્રોતાજન ‘શ્રીકૃષ્ણ’ બોલોઃ વૈકુંઠપ્રાપ્તિ થાય રે. ૧૯

રણયજ્ઞ (કડવાં ૨૬)
કડવું ૧, ૩, ૮, ૧૦, ૧૩, ૧૫, ૨૧, ૨૫, ૨૬-માંથી ઉત્તમ અંશો

(કડવું ૧)
રાગ કેદારો
શ્રી ગણપતિને શિર નામી રે, સમરું સીતનો સ્વામી રે;
રઘુનંદન બહુનામી રેઃ નિર્મળ વાણી આપીએ રે. ૧

ઢાળ

વર્ણવું લીલા રઘુપતિની, વિમળ વાલ્મીકવાણી;
ભણે સુણે જે ભાવ-શું ધન્ય ધન્ય તે પ્રાણી. ૨

શ્રીરામકથારસ પ્રેમે ન પીધો, તો દેહ ધર્યો શું કરવા?
એળે જનમ ખોયો અપરાધી, આવ્યો જનુની-જોબન હરવા! ૩

વલણ

સાર શાસ્ત્રપુરાણનું શ્રીભાગવત-રામચરિત્ર રે;
પ્રેમાનંદપ્રભુ રામનામે થાયે દેહ પવિત્ર રે. ૧૦

કડવું ૩

રાગ સારંગની ચોપાઈ

સેના ઉતારી સાગરપાર, વાનર-જોદ્ધા પદ્મ અઢાર.
સેનાપતિ કીધો નીલ કપિ, ક્રોધે વીર રહ્યા છે તપી. ૧

બોલ્યા વાનર કરી વીનતી, 'જુદ્ધ-આજ્ઞા દીજે, રઘુપતિ!
નલ નીલ અંગદ સુગ્રીવ શૂર, કરવા સંગ્રામ ઘણા આતુર.' ૨
લક્ષ્મણ કહેઃ 'સુણો, શ્રીરંગ! જેમ લોકસાંકળે બાંધ્યા માતંગ,
તેમ તમારી મરજાદાસાંકળે કપિકુંજર બાંધ્યા છે બળે. ૩

છૂટ્યા હસ્તી વન ભાંજે જેમ, છૂટ્યા વાનર લંકા લેશે તેમ.
જુદ્ધઆજ્ઞા દીજે, રઘુરાય! વિજોગ સીતાજીનો જાય.' ૪

સાંભળી લક્ષ્મણનો પ્રતિબોધ શ્રીરામને ચઢિયો ક્રોધ;
કીધો ધનુષ તણો ટંકાર, તેણે શબ્દે ધ્રૂજ્યો સંસાર. ૫

ડોલ્યા દિગ્ગજ, કંપ્યા દિક્પાલ, ખળભળિયાં સાતે પાતાળ,
ડોલ્યું રાવણનું સિંહાસન, ધજા-છત્ર બેહુ થયાં પતન. ૬

રાક્ષસીના થયા ગર્ભપાત, વરસ્યો રુધિર તણો વરસાત;
માન-શુકન લંકા માંહે થાય, રોષે ભરાયા શ્રીરઘુરાય. ૭

પ્લવંગ પ્રત્યે બોલ્યા શ્રીરામઃ 'ચોહપાસે ઘેરો લંકા ગામ.'
વચન રાઘવનાં સાંભળી, ઉતપત્યા વાનર સરવ હૂકળી. ૮

ચારે પોળ ઘેરી વાનરે, ચઢી બેઠા કોટ તણા કાંગરે.
સેના રાઘવ કેરી કોપી, ઉઠાડી રાવણની ચોકી. ૯

પડ્યા કાંગરા કનકને કોટ, કૂદે વાનરા મૂકે દોટ;
પછાડે પૂંછ, વજાડે ગાલ, રુએ રાક્ષસી, બીહે બાળ. ૧૦

જે હાથ ચઢે તેહને તોડે, છજાં-ઝરૂખા તોડી પાડે.
તરુવર બહુ નાખે પાષાણ, લંકા માંહે પડિયું ભંગાણ. ૧૧

નાસે લોક, કરે બુંબાણ, થયું સભામાં રાવણને જાણ;
ઊઠ્યો મંત્રી જોડી બે હસ્ત, રાવણ પ્રત્યે બોલ્યો પ્રહસ્ત. ૧૨

'સ્વામી! કપિ આવ્યા સમગ્ર ચોહોપાસ ઘેર્યું લંકાનગ્ર;
સિંહના ઘર પર આવે શિયાળ, ત્યમ વાનર આવ્યા, ભૂપાળ!'૧૩

સાંભળી મંત્રી તણાં વચન, ક્રોધ કરી બોલ્યો રાજનઃ
'કરો સેના મારી સાવધાન, ઉતારું માનવનાં અભિમાન. ૧૪

વલણ

અભિમાન ઉતારું રામ તણું ને વાળું વાનરનો ઘાણ રે;
દશસ્કંધ કોપે ચઢ્યો, પછે ગડગડિયાં નીસાણ રે. ૧૫

કડવું ૮

દુહા

રાક્ષસ-કટક સહુ સજજ થયું, વળ્યા નીશાણે ધાય,
તાંહાં આવી રાણી મંદોદરીઃ 'કરું વીનતી, રાવણરાય! ૧

ઢાળ

'આજનો દહાડો લાગે મુને ધૂંધળો,
દીસે ઝાંખો દીનકર દેવ;
ત્રિભુવનનાથને, હો સ્વામી! ના દૂભિયે
જેની બ્રહ્મા-શંકર કરે સેવ. -રે હો રાણાજી! ૨

દિશા ચારે હો દીસે ધૂંધળી,
કાંઈ શુકન માઠેરા થાય;
ફાલુ બોલે રે હો બિહામણી,
રુએ વાયસ, શ્વાન ને ગાય. -રે હો રાણાજી! ૩

ગઈ રાતે હો સ્વપન મુને આવિયું,
દીઠું દારુણઃ કહ્યું ક્યમ જાય?
સમુદ્ર સુકાયો, રુધિરે સરિતા ભરી,

લંકામાં લાગી દીઠી લ્હાય. -રે હો રાણાજી! ૪

એક લાખ રાણી રુએ, રાણા! તમ તણી,
બીજો બહુ-બેટીનો સાથ;
કેશવહોણાં રે હો દીઠાં મસ્તક બાંડલાં,
દીઠા ચૂડલાવહોણા હાથ. -રે હો રાણાજી! ૫

રાણા! તમે હો કાળાં પટકુળ પહેરિયાં,
કંઠે કરેણ કેરો હાર;
દક્ષિણ દિશાએ, હો સ્વામી! તમે સંચર્યા
ઊંટ ઉપર થઈ અસવાર. -રે હો રાણાજી! ૬

રામજી પધારે હો નવ ગ્રહ પાધરા,
રામજી વાંકે વાંકો સંસાર;
પધારો વિભીષણ હો વાંકો થયો,
આજ વંઠી તમારી સહુ વહાર. -રે હો રાણાજી! ૭

કડવું ૧૦
રાગ કાલેરો
'જાગો રે ભાઈ! ભીડ પડી છે,' કરે વીનતી રાવણરાયઃ
'નર-વાનરે લંકાગઢ ઘેર્યો, તુંને નિદ્રા કેમ સોહાય?' ૧

શત સેવક તેડાવ્યા રાયે, કહ્યું 'જગાડો કુંભકરણ.'
લક્ષ જોદ્ધા વળગી ઢંઢોળે, જાણે શું પામ્યો મરણ! ૨

જળ છાંટ્યે નવ જાગે જોદ્ધો, તાપણાં કીધાં ચોફેર;
હૃદયે ઉપર શલ્યાપડ મેહેલ્યાં, કાનમાં ફૂંકે મદનભેર. ૩

કપાળ ઉપર દુંદુભિ વાજે શરણાઈ નફેરી ઢોલ;
કરોડ મેઘશબ્દે સાદ કરે, પણ રાણો ન આપે બોલ ૪

સૂંઠ-મરી નાસિકામાં મૂક્યાં, અજમો ચળાવ્યો નાસા માંહ્ય;
પાછો શ્વાસ જ્યાં મૂક્યો નિદ્રામાં અજમો-સૂંઠ ઊડ્યાં જાય. ૫

હૃદયા ઉપર અશ્વ દોડાવ્યા, વઢાડ્યા મહિષ માતંગ;
તોહે એ સૂતો નવ જાગે, સાણસે ત્રોડાવ્યાં અંગ. ૬

નાનાવિધ ઓસડ અંજન કીધાં, ઉચલી પછાડ્યો વાર બે-ચાર;
પણ અઘોરીની ઊંઘ ન ઊડે, દીધા ઘૂંટણમાં ઘોર પ્રહાર. ૭

વળી નાસિકા મધ્યે સર્પ ચલાવ્યા, વાયુ રુંધાયો લંકારાય,
કપોલ માંહે સર્પ અકળાયા, શ્રવણમારગે નીસરી જાય. ૮

એમ વાજ આવ્યો રાવણરાજ, ન લાગ્યો એકે ઉપાય,
ત્યારે કુંભકરણની આવી અંગના નમન કરતી પાય. ૯

‘કષ્ટ દીધે મારો કંથ ન જાગે, એને વાહાલા શ્રી ભગવાન;
જગાડું હું હેલામાત્રમાં, તમો કરાવો ભક્તિગાન. ૧૦

ભક્ષ-ભોજન આણી રાખો, નહિ તો કરશે સહુનો આહાર,
રાવણે મદ્ય-માસ અણાવ્યાં, અન્નના કીધા અંબાર. ૧૧

અપછરા પાસે નૃત્ય કરાવ્યાં, ગાન-તાન વાજે વાજિંત્ર;
કુંભકરણ ડોલ્યો જ્યમ મણિધર સાંભળતાં ગોવિંદ-ચરિત્ર. ૧૨

ઊઠીને સરવ અન્ન આરોગ્યું, પછે પૂછ્યો સમાચાર:
'હું કાચી નિદ્રાએ શીદ જગાડ્યો? આ શા વાનરના હોકાર? ૧૩

રાવણે વાત કહી વિસ્તારી, જે રીતે દુભાણા શ્રીરામ:
'અગત્ય માટે તુંને જગાડ્યો, કોણ કરે તું-વિણ સંગ્રામ? ૧૪

સંગ્રામ કરો શ્રીરામ સાથે, કપિ પમાડો મરણ રે.'
વચન સાંભળી વીરનાં પછે શું બોલ્યો કુંભકરણ રે? ૧૫

કડવું ૧૩
છંદ ભુજંગની ચાલ
મહારાજ લંકા તણો એમ ભાખે:
'નથી મર્ણ થાતું લખ્યા લેખ પાખે.
તાહારે મંન હું, સુંદરી! નાથ ગહેલો:
કીધો જ્ઞાન-વિચાર મેં સર્વ પહેલો. ૧

પરિબ્રહ્મ શ્રીરામ આનંદકારી,
મુને મારવા માનુષી દેહ ધારી;
જાણી-જોઈને જાનકી-હર્ણ કીધું,
ઘેલી નાર! મેં માગીને મર્ણ લીધું. ૨

એને પામવા સંત કો જોગ સાધે,
ખટ દર્શનો માંહી ખોળ્યો ન લાધે.
તપ-તીર્થ-વ્રત-જાપ ને જાગ-દાને
ન મળે સ્વપ્નમાંહી વૈરાગ્ય-ધ્યાને. ૩

ન પમાય એનો પાર દાનવ-દેવે,
એને પામવા શિવ સમશાન સેવે.
ધર્યું માનવી રૂપ તે મુજ માટે,
આવી ઊતર્યા રામ સમુદ્ર-ઘાટે. ૪

ધન્ય તાત મારો, ધન્ય માત મારી,
મુજ કારણે અવતર્યા શ્રીમુરારિ.
ઘણું ખાધું-પીધું, ઘણા ભોગ કીધા,
ઘણા રાવરાણા જીતી દંડ લીધા. ૫

તુંને, નાર મંદોદરી! વાત પૂછું:
મારા ભોગવિલાસમાં શું છે ઓછું?

હાવે રાજ્યના સુખથી મંન ભાંગ્યું,
રઘુનાથને હાથ હું મર્ણ માગું. ૬

કડવું ૧૫
રાગ સારંગ
રાવણનું દાધ્યું અંતઃકરણ, તે જોઈ આવ્યો કુંભકરણ;
જ્યમ રાહુ તારા મધ્યે જાય, ત્યમ કુંભકરણ ગયો કપિ માંહ્ય. ૫૦

ભયાનક ભાસે તે વિકરાળ, શું અઢાર પદ્મનો આવ્યો કાળ!
સેં પાંચ કપિ લે કર માંહ્ય, કુંભકરણ મૂકે મુખ માંહ્ય. ૫૧

કચરડે મચરડે ભચરડે શૂર, શતસહસ્ર વાનર કીધા ચૂર.
તાડે પછાડે ઉડાડે ગ્રહી, હાથ ચઢે તે છૂટે નહીં. ૫૨

રુએ વાનરા પાડે રીર, કાઢી કાળજ પીએ રુધિર.
કોને કક્ષાપુટમાં ગ્રહી રાખે, કોને સમુદ્રમાં ઉછાળી નાખે. ૫૩

કોઈને માર્યા ચરણે કરી, વાનર સૈન્ય નાખ્યું નિર્દળી.
માર્યા વાનર-મર્કટ-રીંછ, પડ્યા-ઊગર્યાની ન પડે પ્રીછ. ૫૪

વાનરની કાઢે નસ-જાળ, ગળે ઘાલે આંતરડાંની માળ,
ચૂસે કંઠ ને ઘૂંટડા ભરે, મુખે રુધિરના રેલા ઊતરે. ૫૫

એમ સેનાનો વાળ્યો દાટ, જોઈ રામચંદ્રને થયો ઉચાટ.
દૃષ્ટ ઓળખી રાઘવ તણી, સુગ્રીવ ધાયો રાક્ષસ ભણી. ૫૬

ત્યારે કુંભકર્ણ અકળાયો ઘણું, બળ વાધ્યું રાય સુગ્રીવ તણું.
માર્યા સારથિ મહા પ્રચંડ, પાડ્યું છત્ર, ભાંજ્યો ધ્વજદંડ ૫૭

કુંભકર્ણને કીધો વિરથ, જય પામ્યો સુગ્રીવ સમરથ.
કપિદળમાં થયો જેજેકાર, તવ કુંભકર્ણ કોપ્યો નિરધાર. ૫૮

ધાયો રાક્ષસ પાળે પાય, સહસ્ર કપિ મૂક્યા મુખ માંહ્ય;
પેટમાં વાનર ફેરા ફરે, ઊછળે, કૂદે, હોંદારા કરે. ૫૯

શાખામૃગને પીડા હોય, નવ પામે નીસરવા કોય.
કપિનું દુઃખ જાણ્યું હનુમાન, પાપીને હાથ ચડ્યો બળવાન. ૬૦

ગાજ્યો કુંભકરણ રાજન, મુખ માંહે મૂક્યા હનુમાન.
ગ્રસ્યો દેખી પવનકુમાર થયો સેનામાં હાહાકાર. ૬૧

રાક્ષસ-સાથ ગાજીને હસ્યોઃ 'ભાઈ! વાડીવાળો રાયે ગ્રસ્યો!'
વાલ્મીકજી વાણી ઊચરે, હનુમાનવીર શું પ્રાક્રમ કરેઃ ૬૨

કુંભકર્ણની કૂખ મોઝાર, આવી પડિયો પવનકુમાર.
માંહોમાંહ્ય વાનર અફળાય, નામઠામ પૂછે કપિરાય. ૬૩

ઝંખજાળ આંતરડાં તણી વીંટાય વાનરને પાયે ઘણી.
દુર્ગંધ વાસના મોટું પેટ, શેવાળભર્યો શું સાગર બેટ! ૬૪

બીજા કપિને ગળતો જાય, ઉદરમાં ભીડ ઘણેરી થાય.
ટાળવા સહુ કપિવરનું દુઃખ, નખે હનુમાને ફાડી કૂખ. ૬૫

ઉદર માંહે અજવાળું થયું, નદીની પેરે શોણિત વહ્યું.
મોટા ઘરને જ્યમ બારી-છજું, પાપી કૂખે ત્યમ છિદ્ર જ ભજ્યું. ૬૬

વાનર તે વાટે નીસરી જાય, નથી જાણતો તે રાક્ષસરાય.
અંતે નીસર્યો પવનકુમાર, થયો વાનરમાં જેજેકાર. ૬૭

કુંભકરણ ધાયો રણ માંહ્ય, સાહ્યો સુગ્રીવ લડતાં ત્યાંય.
જ્યમ કુંજર ચાલે ગ્રહી કેસરી, ત્યમ રાક્ષસ ચાલ્યો બળ કરી. ૬૮

વાનરસેના સહુ પૂંઠે થઈ, પડે પ્રહાર પણ મૂકે નહિ.
પછે લઘુલાઘવી વિદ્યા કરી સુગ્રીવ ઉદરથી નાઠો નીસરી. ૬૯

બેઠો મસ્તક પર દેઈ હાક, કુંભકરણનું કરડ્યું નાક.
કરે કરી ચૂંટ્યા બેહુ કાન, નાઠો વાનરપતિ બળવાન. ૭૦

કુંભકરણ કરૂપો કર્યો, લજ્જા પામી પાછો ફર્યો.
રુધિરધારા ખળકે અતિ, જાણે ધાતુઝરતો ગિરિપતિ. ૭૧

ઘણા કપિ મૂક્યા મુખ માંહ્ય, નાક-કાનેથિ તે નીસરી જાય.
દશ લાખ કપિ કીધા નિપાત, પછે સન્મુખ આવ્યા શ્રીરઘુનાથ. ૭૨

ઘણું જુદ્ધ કીધું નરહરિ, પદબંધ કરું સંક્ષેપે કરી.
કુંભકરર્ણનો જોઈ અહમેવ રામને ગુપ્ત સ્તવે સહુ દેવ. ૭૩

પ્રલય-રૂપ કીધું રઘુનાથ, કુંભકર્ણના છેદ્યા હાથ.
પાટુ મારવા ધાયો રાય, રામે તવ છેદ્યા તેના પાય. ૭૪

મસ્તક છેદ્યું મેલી બાણ, રાક્ષસ દળમાં પડ્યું ભંગાણ.
મસ્તક પડતાં કંપી ધરા, લંકાકોટના પડ્યા કાંગરા. ૭૫

કંપન-અતિકંપન બળવંત, હનુમાને બેઉનો આણ્યો અંત.
લક્ષ્મણે માર્યો તાંહાં અતિકાય, માર્યો મહોદર મંત્રીરાય. ૭૬

માર્યો મહોદર મંત્રીને, તાંહાં રાવણ થયો વ્યગ્રચિત્ત રે;
ભટ પ્રેમાનંદ કહે કથાઃ હવે જુદ્ધે ચડ્યો ઇન્દ્રજિત રે. ૭૭

કડવું ૨૧

છંદ ભુજંગની ચાલ

ઊઠ્યા લક્ષ્મણવીર, કપિ સર્વ સાથી,
જીવતદાન આપ્યું હનુમંત હાથી,
રઘુનાથ કોપ્યામ ધર્યું ચાપ મૂઠે;
લંકાનાથ નાઠો, થયાં બાણ પૂંઠે. ૧

દશસ્કંધ સાહામું નહીં મુખ માંડે,
શ્રીરામનાં બાણ ક્યમ પૂંઠ છાંડે?
લે પતિતની પૂંઠ જમદૂત જેવા,
લંકાનાથ પૂંઠે છૂટે બાણ તેવાં. ૨

સભાસ્થાનકે આવિયો વેગમાંહ્ય,
ફરે નાસ્તો ત્રાસતો લંકરાય,
ગુફા ભોંયરાં કોટડી માળ મેડી,
ચઢે-ઊતરે, નાસતો ચર્ણ ખેડી. ૩

ભર્યો શ્વાસ, ને મુખ નિઃશ્વાસ નાખે
'મુને રામનાં બાણથી કોણ રાખે?'
વહુ સુંદરી દીકરી સર્વ દાસી
ભીડે બારણાં, સર્વ કો જાય નાસી. ૪

નિજ પુત્ર ભત્રિજ પરધાન સ્નેહી
દેખી રાયને જાય મુખટાળો દેઈ.
જોયાં સપ્ત પાતાળ ને સપ્ત દ્વીપ,
જ્યહાં જાય ત્યાં બાણ દેખે સમીપ. ૫

થયો રાય ભયભીત ત્રિલોક ફરતાં,
ધાયે બાણ પૂંઠે ઘુઘવાટ કરતાં.
આવ્યો મામ મૂકી જ્યહાં જ્યેષ્ઠ નારીઃ
'મુને રાખ, મંદોદરી!' કૂહે અહંકારી. ૬

તવ માન દીધું, નમી પાય રાણી,
રહ્યાં બારણે બાણ મરજાદ આણી.
કરી સ્તવન-પૂજંન પરણામ કરિયા,
સતીનારનાં વેણથી બાણ ફરિયાં. ૭

નિજ નાથ પ્રત્યે કહે હસ્ત જોડીઃ
'કરું વિનતી, નાથ! મુજ બુધ થોડી;
લાગે બોલ કડવા પ્રથમ, તેહ મીઠાઃ
આજ જાનકીનાથના હાથ દીઠા? ૮

કડવું ૨૫
રાગ સામેરી
એ અષ્ટ જોગે રિષ્ટ ઊપન્યું, સૃષ્ટિનું જાશે કષ્ટ રે;
શ્રીરામચંદ્રે રાવણ હણવા કીધી ક્રોધની દષ્ટ રે. ૨૦

જદ્યપિ જુદ્ધ દારુણ કીધું રાવણે બળ-પ્રાણ રે,
બલ-શક્તિ-વિદ્યા નાશ પામ્યાં ને ભેદ્યાં મર્મે બાણ રે. ૨૧

અંતકાળ જાણી આપણો ચિત્ત માંહે ચેત્યો ભૂપ રે;
વીસ લોચન અવલોકે રામને, હૃદયે આણ્યું રૂપ રે. ૨૨

તવ સર્વના હિત કારણે કોપે ચડ્યા જગદીશ રે,
એક બાણ મૂક્યું કંઠ માંહે, તાંહાં ત્રણ છેદાયાં શીશ રે. ૨૩

બીજે બાણે ખટ શીશ છેદિયાં, તવ રહ્યું મસ્તક એક રે;
નવ મસ્તક ઊડી ગયાં, તોયે ના મૂકે ટેક રે. ૨૪

જ્યમ ડોલે મદગળ એકદંતો, ત્યમ એક શીશે ધીશ રે;
શું એક શૃંગે ગિરિ ધાતુ ઝરે? સ્રવે રુધિર, ગળે ત્યાં રીસ રે. ૨૫

અમરવર્ગ કુસુમે વધાવે, હવો જેજેકાર રે,
એક હસ્ત અવની ઊંચી આવી, ટળ્યો ભૂમિનો ભાર રે. ૨૬

નારદ, શારદ, નિગમ ને ઋષિ રામના ગુણ ગાય રે;
અપછરા, કિન્નર, યક્ષ, વિદ્યાધર નાચે, વીણા વાય રે. ૨૭

હરખ્યા ગુણ-ગાંધર્વ સરવે, ઇંદ્ર-ચંદ્ર-સવિતા-નક્ષત્ર રે;
મેઘશ્યામ રામપ્રતાપથી હવું સુખ તે સર્વત્ર રે. ૨૮

એક મસ્તકે ઊભો રાવણ, કરી સુંપટ વીસે હાથ રે;
અંતકાળે સ્તવન કીધું, ઓળખ્યા શ્રીરઘુનાથ રે. ૨૯

હૃદેકમળમાં ધ્યાન ધરિયું, નખશીખ નીરખ્યા રામ રે;
'મુને આવાગમનથી છોડાવો, હરિ! આપો વૈકુંઠધામ રે.' ૩૦

એવું સ્મરણ જાણી દાસનું રીઝ્યા શ્રીજગદીશ રે,
પછે અગસ્ત્યઋષિનું બાણ મૂકી છેદિયું દશમું શીશ રે. ૩૧

જ્યમ ગ્રહ સંગાથે પડે સવિતા, મૂળ તકો મેર રે,
તે રીતે પડ્યો લંકાપતિ, શબ્દ થયો ચોફેર રે. ૩૨

કડવું ૨૬
રાગ ધવલ ધન્યાશ્રીની દેશી
અગિયાર સહસ્ર કપિ સંગાથે વિમાન બેઠા રઘુરાય જી,
રાય વિભીષણ સાથે જોદ્ધા સહુ વળાવવા જાય જી. ૧
પાજખંડનાની આજ્ઞા આપી જે કો નાકરે લંકાગમન જી,
સેતુબંધ રામેશ્વરનું ત્યાં રામે કર્યું સ્થાપન જી. ૨

સીતાને શ્રીરામ દેખાડે અજોધ્યાપુરની વાટ જીઃ
'આ સન્મુખ પર્વત કિષ્કિન્ધા, જુઓ ગોદાવરીનો ઘાટ જી. ૩

આ પંચવટી વન, નાશકત્ર્યંબક, જટાયુ આશ્રમનારી જી.
અગસ્ત્ય સુદેવ શરભંગ અત્રિ, આશ્રમ રાજકુમારી જી; ૪

આ ચિત્રકૂટ ગંગા ત્રિવેણી, આ ગોભિલનગ્ર કહેવાય જી;
અહીં ગંગા કેરું આવાગમન જે આપણે કીધું પાય જી. ૫

ઋષિના આશ્રમ અતિઘણા આપણે દીઠા આંહ્ય જી;
આ આશ્રમે આપણ વસિયાં, વળતાં પહોંત્યાં ત્યાંહ્ય જી. ૬

આ સરયૂતટ, અટક્યાં આપણા, સરવ કીધું વિદાય જી;
આ જુઓ, ઓ જનકતનયા! જ્યાં મળ્યા રાણા ને રાય જી.' ૭

સાથ સરવને ત્યાં સ્થિર કીધો, પુર વધામણી જાય જી;
રઘુપતિને ચરણે લાગી હનુમંત આગળ જાય જી. ૮

ભાવસહિત ભરત શત્રુઘ્નને કહેઃ 'ઓ આવ્યા રઘુરાય જી;'
'હેં? હેં?' કહી હેલામાં ઊઠ્યા, મળવા મોદે ધાય જી. ૯

સરવ મળી છત્ર રામને દીધું, વરત્યો જેજેકાર જી;
રામનું રાજ્ય ભૂતલમાં શોભે વરસ સહસ્ર અગિયાર જી. ૧૯

સ્વધામે પધાર્યા પુરલોક તેડી, એ રણયજ્ઞ થયો પૂરો જી;
રાઘવગુણને તે ચિત્ત ધરશે જે હશે પ્રેમી શૂરો જી. ૨૦

લવ-કુશ મૂક્યા નંદીગ્રામમાં વંશ રાખવા કામ જી;
એ રણયજ્ઞ કથા સંક્ષેપે કહી, કહ્યા રામગુણગ્રામ જી. ૨૧

કડવાં છવ્વીસ પદ પૂર્ણ સાતસેં, બાર રાગ, દસ દેશી જી,
કથા કવી નંદાવતી મધ્યે, હરિલીલા ઉપદેશી જી. ૨૨

સંવત સત્તર છેતાલીસ વર્ષે ચૈત્ર સુદિની બીજ જી,
રવિવારે કથા થઈ પૂરણ, શ્રોતા પામ્યા રીઝ જી. ૨૩

દેસાઈ મહેતા શંકરદાસે મુજને આજ્ઞા દીધી જી,
સંક્ષેપે કથા કહી હતી પૂરવે તે વિસ્તારી કીધી જી. ૨૪

ગુજરાત મધ્યે ગામ વડોદરું પાવન પુર વીરક્ષેત્ર જી,
જાંહાં વૈષ્ણવ જન વસે બહુ જેને વહાલાં પંકજનેત્ર જી. ૨૫

ચતુર્વિશી જ્ઞાતે બ્રાહ્મણ ભટ પ્રેમાનંદ નામ જી,
બુદ્ધિ અનુસાર કથા આ જોડી, રઘુપતિના ગુણગ્રામ જી. ૨૬

ભણે સાંભળે શીખે જે જન, તેનાં ભવદુઃખ જાય જી,
બ્રહ્મહત્યાદિક પાતક નાહાસે, યજ્ઞ-તીરથ-ફળ થાય જી. ૨૭

તે માટે મન ધરી સાંભળો સીતાજીનું હર્ણજી,
તેને કૃપા જ્યમ કીધી શ્રીરામે ત્યમ તમને રાખે શર્ણ જી. ૨૮

શુભમસ્તુ કલ્યાણકારી હરિનું નામ નિદાન જી;
ભટ પ્રેમાનંદ કહે કર જોડીઃ રાખો હરિનું ધ્યાન જી. ૨૯

વલણ

ધ્યાન રાખો શ્રીહરિનું, સંસારનો ફેરો ટળે,
ભટ પ્રેમાનંદ કહે કથા, જો એકચિત્તે સાંભળો. ૩૦

દશમસ્કંધ અને દાણલીલા-માંથી પદો

દશમસ્કંધ -માંથી ૨ પદો

૧.મારું માણેકડું રિસાવ્યું રે...

(રાગ : વેરાડી)

મારું માણેકડું રિસાવ્યું રે, શામળિયા,
તારા મનમાં એ શું આવ્યું? રે શામળિયા,
હું અપરાધણ માતને મૂકી શા માટે જંપાવ્યું? રે શામળિયા.

કાલિંદ્રીનું કાળું પાણી, માંહે વસે કાળો કાળી;
હવે આશા શી મળવાની? ઘેર કેમ આવે વનમાળી? રે, શામળિયા!
મારું

સંતાન-રૂપિયું મોટું ધન તે, કરમે લીધું લૂંટી,
મે નવ જાણ્યું જત્ન કરી રે, રત્ન પડ્યું કેમ છૂટી રે, શામળિયા!
મારું

પુત્ર પામી હું છેલ્લે આશ્રમે, મેં ઉછેર્યો પ્રતિપાળી;
નીપન્યો રસ ઢોળાઈ ગયો, હું વિજોગ-અગને બાળી રે, શામળિયા!
મારું

નાકે મોતી, પાયે ઘૂઘરી, મોરમુગટ શિર ધારી;
ફરી રૂપ હું ક્યાંહાંથી દેખું? હરિ આવે ગૌ ચારી, રે શામળિયા!
મારું

પીત પછેડો, કાછ કચ્છ્યો ને, મુજ કને નેતું માગે;
હું ઘરડી માને થાકી જાણી, કોણ વિલોવા લાગે? રે શામળિયા!
મારું

તું પ્રાણેશ્વર, તું ગોપેશ્વર, ગોપી દેહ કેમ ધરશે?
બાળસખાની કોણ વલે? આ ગાયો હીસી હીસી મરશે, રે શામળિયા!
મારું

ઊંડા જળમાં વાસ જ કીધો, પાણીમાં કેમ ગમશે?
મોર, પોપટ ને પૂતળી, તારે રમકડે કોણ રમશે? રે શામળિયા!
મારું

કાંઈ તું ગયો ને હું જીવું છૌં, ઓછા સગપણ માટે;
સાચું વહાલ તો તાહાં જણાયે, સાંભળતાં હૈડું ફાટે, રે શામળિયા!
મારું

કાષ્ઠપેં પાષાણ કઠિણ છે, તેપેં કઠિણ છે લોઢું;
વજ્ર-તુલ છે કાળજ મારું; લોકને દેખાડું શું મોઢું રે શામળિયા!"
મારું

નંદ જશોદા, ગાય, ગોવાળાં, વ્યાકુળ બ્રિજની નારી;
'ચાર ઘડી પૂંઠે સરવે પડજો,' હળધર રાખે વારી, રે શામળિયા!
મારું

૨.વીનવે દેવકી હો

વીનવે દેવકી હો, વીરાને વલવલી;
માનને માગે હો, મુખે દશ આંગળી. ૧

માનુષી દેહ ધરી હો, વિપત્તિ શી આવડી!
કોણ મુકાવે હો, નહીં પિતા માવડી. ૨

ભાઈ, તેં ઉછેરી હો, નમાઈ હું રાંકડી;
કેમ સહું રાતી હો, વીરાજીની આંખડી. ૩

ક્યાં ભોગવશો હો, પાપનો પોટલો;
શિર મારું દુખે હો, તાણો મા ચોટલો. ૪

માળા મારી તૂટી હો, પડે કર મુદ્રાડી,
દેખે અંગ લોકડાં હો, ખસી મારી ચૂંદડી. ૫

જે પરણાવે હો, તે વધ કેમ કરે?
મીંઢળ નથી છૂટ્યાં હો, નવ ગઈ સાસરે. ૬

તંબોળ પરણ્યાનો હો, સૂક્યો નથી સાવલિયે;
મારો મા, કોડભરી હો, લાગું છું પાવલિયે.૭

એમ વલવલતી હો, રોતી ગજગામિની;
દેવકી રોતાં હો, રોઈ પ્રજા ગામની. ૮

રોયા ગગને દેવતા હો, રોયા વસુદેવ પતિ;
પણ નિરદે કંસને હો, દયા નથી આવતી. ૯

(દાણલીલા) -માંથી ૨ પદો

૩. **દાણ માગે રે કાનુડો...**
'દાણ માગે રે કાનુડો દાણ માગે રે;
આજ લગે નહીં સાંભળ્યું, કોણે લીધું આગે રે.
કાનુડો દાણ માગે રે.

આગે અધેલાનું ગોરસું રે, તેનો પૈસો જોઈએ રે;
વેપારી દીઠો આ વ્રજનો, જો સમૂળગો ખોઈએ રે!

આ મટુકીમાં મિરાત મોટીઃ છે છાશનું પાણી રે;
ઓછી વસત પર, શામળા! તું કિહાંનો દાણી ર?

ભાંગી કોડી, રે ભૂધરા! નહીં આપીએ બોણી રે;
અમો ફરી જાશું ગોકુળમાં, રાખો છાશની દોણી રે.'

પ્રેમાનંદ-પ્રભુ બોલિયાઃ 'શાને આકળાં થાઓ રે?
છાશની દોહોણીને શું કરું? દાણ આપીને જાઓ રે.'

૪. સુંદર શામળા રે

'સુંદર શામળા રે! અમો હાર્યાં ને જીત્યો તું;
પછે લ્યો તે લ્યો હમણાંથી, તારે જોઈએ રે શું?

દિવાકર અસ્તાચળ પહોત્યો, પડી, પ્રભુજી! સાંઝ રે;
પરણ્યા પિયુને ઉત્તર દેવો, કેમ રહેવાયે વન માંઝ?

સાસુ સાપણ, નણદી નાગણ, જેઠ જેવો જંમ રે,
સુરભિ-સુત સરખો સ્વામી છે, તેને ઉત્તર દીજે ક્યંમ રે?

અંતે લ્યો તે લ્યો હમણાંથી, અસૂર અમને થાય રે;
ગૃહસ્થા ધરમની મોટી બેડી, ઘેર જઈ દોહવી છે ગાય.

તમો પુરુષ ને અમો નારી, દોહલો લોકાચાર રે;
તુંકારામાં પડે તે મરવું, અમો અબળાનો અવતાર.

પરથમ આવી તમ સંઘાથે કીધો જે સંવાદ રે,
અણઘટતું બોલાણું હોયે તે ક્ષમા કરો અપરાધ.

તમે અમને કૌતુક કીધું, અમે તો કીધું હાસ રે;
આજ થકી અમે તમારી (વણ) મૂલે લીધી દાસ.

અમે આવીશું મહી વેચવા, નિત્ય લેજો દાણ રે;
દહીં-દૂધનું કોણ ગજું? સોંપ્યાં શરીર ને પ્રાણ.

ન ગમે અમને કાંઈ દીઠું તમ વિના, ગોકુળનાથ રે!
પ્રેમાનંદ-પ્રભુ પરમેશ્વર! અમે વેચાણાં તમ હાથ.'

વિવેક વણઝારો-માંથી

(૭) વણઝારાને નિવૃત્તિનો બોધ

નાયક કહે, 'સુણ સુંદરી વણઝારી રે;
મેં નહિ માની તારી શીખ, સતી સુખકારી રે.
વ્હાલી થઈ પ્રવૃત્તિ પાપણી, વણ, ભૂંડી રાંડે મગાવી ભીખ, સતી

દુઃખ વેળા નાશી ગઈ, વણ, મને પાણી કોઈ નવ પાય, સતી

મુકાવ મુજને સુંદરી, વણ હું રહીશ તારી આજ્ઞાય.' સતી

નિવૃત્તિ કહેઃ 'પિયુ સાંભળો, વણઝારા રે;
ઘણા ડાહ્યા છો ભરથાર, સ્વામીજી મારા રે.

ઘણે ઠામથી મુકાવિયા, વણ લેખે લાખ ચોરાશી વાર, સ્વામીજી

ધર્મ કને તેડી ગઈ, વણ ત્યાં કીધો કોલકરાર, સ્વામીજી

ધર્મ લેણું કરી લાવજો વણ, જઈ રૂડો કરજો વેપાર. સ્વામીજી

ફરી સંસારમાં અવતર્યો, વણઝારા રે,
મળ્યા સદ્‌ગુરુ એક દલાલ, સમજ મન મારા રે.

રામનામ-વસાણું વોહોરિયું, વણ લાભ આવ્યો વસ્તુ રસાળ, સમજ

વિવેક વાણોતર થયા, વણ તત્ત્વવિચાર ત્રાજવાં સાથ, સમજ

ધર્મ કર્મ બેઉ કાટલાં, વણ ક્ષમા-દાંડી ઝાલી હાથ. સમજ

નાયક વહોરે વસ્તુને, વણ જે જે નિવૃત્તિ કહેતી જાય, સમજ

નિર્ગુણ ગોળ લીધો ઘણો વણ, ગુણ સત્ય મરમ કહેવાય. સમજ

સદ્‌વિદ્યા સાકર વહોરે ઘણી, વણ, વહોર્યાં જાયફળ જોગાભ્યાસ, સમજ

શ્રીફળ નામ શ્રીરામનું વણ, મળ્યા ગાંધી હરિના દાસ. સમજ

બ્રહ્મવિદ્યા ખાંડ વહોરી, વણ, શુભ લક્ષણ વહોર્યાં લવિંગ, સમજ

ચતુરાઈ' ચંદન વહોરિયું, વણ, વહોર્યો કરુણા કેસર રંગ. સમજ

જ્ઞાનઘૃત કૂપે ભર્યું વણ, સિદ્ધાતા તે દધિ નિર્દોષ, સમજ

પ્રીત પટોળી વહોરી ઘણી, વણ, લીધા સાળુ શીલ-સંતોષ. સમજ

વિશ્રામ પીતાંબર વહોરિયાં, વણ વહોરી દયા દધી દિરયાઈ, સમજ

લખતો જાય ચિત્ત ચોપડે વણ, લેખણ સુધિબુધિ રૂશનાઈ. સમજ

નવદ્યાભક્તિ મણિ વહોરિયા. વણ, વળી મુક્તિ મુક્તામાળ, સમજ

શ્રીહરિ-હીરો હાથે ચઢ્યો, વણ, થયું ઘરમાં ઝાકઝમાળ, સમજ

સદ્‌ગુણે ગૂણ્ય શીવી ભરી, વણ, કરે વસ્તુનું દેવ વખાણ, સમજ

મોહ મેહેવાસી મારીયો, વણ, હવે કોય ન માગે દાણ. સમજ

નાદ-બિંદુ બેઉ બળદિયા, વણ, વાજે નગારૂં ઓંકાર, સમજ

જ્ઞાનઘોડે નાયક ચઢ્યો, વણ, જીતી ચાલ્યો સર્વ સંસાર. સમજ

જમરાયને લેખું આપિયું, વણ, ચિત્ર વિચિત્રે જોડ્યા હાથ, સમજ

સનમાન આસન આપિયું, વણ, ચિત્ર વિચિત્રે જોડ્યા હાથ, સમજ

ન્યાલ થયો શુભ માલમાં, વણ, ગયો મૂળ પોતાને ગામ, સમજ

ફરી ભવમાં ભટક્યો નહિ, વણ, થયો શુદ્ધ તે આત્મારામ. સમજ

પ્રવૃત્તિને જે કોઈ પરહરે, વણ, કરે નિવૃત્તિ અંગીકાર, સમજ

એ મુક્તિ-ફળ પામે સહી, વણ નવ દેખે દુઃખ લગાર, સમજ

ગુજરાત દેશ સોહામણો, વણ, વીરક્ષેત્ર વડોદરું ગામ, સમજ

વિપ્ર ચતુર્વંશી નાતમાં, વણ, કૃષ્ણપુત્ર પ્રેમાનંદ દાસ, સમજ

વિવેક-વણઝારો તે આતમા, વણ, આ છે અધ્યાત્મનો ઉપદેશ, સમજ

'વણઝારો' ગાય ને સાંભળે વણ, ટળે જન્મ-મરણનો ક્લેશ, સમજ

જે કોઈ પ્રભુને અનુભવે, વણ, થાય મનવાંચ્છિત ફળ કામ. સમજ

શ્રોતા સજ્જન સાંભળી, વણ તમે સમરો સર્વ શ્રી રામ, સમજ

ooo

૪૨

લાલદાસ(૧૭મી ઉત્તરાર્ધ)

અખાના પહેલા શિષ્ય ગણાયેલા આ કવિનાં પદોમાં જ્ઞાનમાર્ગ અને પ્રેમલક્ષણાનો સમન્વય અનુભવાય છે.

૧ પદ

વાલાજી, વેણ વાગી, વેણ વાગી રે,
હો વંસી વાગી;
વૃંદાવન વિસામાની મોરલી વાગી.

ધન મોરલી વાગી, ઘટ ભીતરમાં લાગી,
સુણતાં ઝબકીને જાગી. –વેણ

શ્રવણ મોહ્યાં, મારાં નેણ જ મોહ્યાં,
સખી, સુરત શામળાસેં લાગી. –વેણ

કામધંધાની હું તો સુધબુધ ભૂલી,
સખી, લોકની લજ્જા ત્યાગી. –વેણ

દરશન કરવા રાણી રાધાજી ચાલ્યાં,
સખી, સામો મળ્યા શામળો સોહાગી. –વેણ

પિયુ સંગ મળિયા, મારાં કારજ સરિયાં,
સખી, સહુ કહે એ બડભાગી. –વેણ

લાલદાસે ગાયા જેણે મોહન પાયા,
સખી, મન કિયો વેહ વેરાગી –વેણ

ooo

૪૩

રત્નેશ્વર (૧૭મી સદી ઉત્તરાર્ધ)

સંસ્કૃતના સારા જાણકાર આ કવિએ ભાગવતનો અનુવાદ કરેલો છે. વિવિધ અક્ષરમેળ છંદોમાં એમણે મૌલિક કૃતિઓ રચેલી છે એમાં માલિની-દોહરામાં લખેલી રાધાવિરહના બારમાસા રસાવહ છે.

(૨) રાધાવિરહ બારમાસા -માંથી ત્રણ માસ

પૌષ

છંદઃ માલિની
પ્રકટી મદનવ્યાધિ, મો'હરૂયો બાણ સાંધી;
હરિ હરિ કહે રાધા, પ્રેમને પાશ બાંધી;
વિરહ વિકળ રોતી, ચીરશું નીર લ્હો'તી;
અરૂણ નયન દીસે, આશ જોતાં અરીસે.
દોહરો
પૌષ વિષે કહે પ્રેમદા, પતિશું શો રોષ;
મલિનપણું મુખ આપણું, દર્પણનો શો દોષ.
ઉત્તર દિશ આવ્યો રવિ, નર નારી વિલાસ;
વાસ પૂર્યો મથુરાં વિષે, ન આવ્યા અવિનાશ.
દિવસ થયો અતિ દૂબળો, માહરું દુઃખ દેખી;
શોક્ય સમાણી જામિની, થઈ પ્રૌઢી પેખી.
અરણ્ય થઈ મારી ઓરડી, દોરડી થઈ દેહ;
તે ક્યમ જીવે ગોરડી, પતિ આપે છેહ.

માઘ

માલિની
પરહરિજ પટોળી, પામરી પાન ચોળી;
વિરહ અગન વ્યાપી, પીડતો કામ પાપી;
લખિત વ્રેહની ચીઠી, નીસરે ત્યાં તલાટી;
થઈ ગઈ નિશ કોટી, પ્રાણ જાણે અંગીઠી.
દોહરો
માઘ વિષે મહારે મુખે, દુઃખે પડિયા દાઘ;
રંગ અધરનો આવર્યો, પ્રકટીઓ રે વ્યાધ.
પાન લવંગ પલંગમાં, સંભોગનો સાજ;
આજ મારે શા કામનું, ન આવ્યા વ્રજરાજ.
યૌવન કુંજર સજ થઈ, શુભ કુંભ આરોગ;
માધવ વિના કોણ મારશે, મન્મથની ફોજ.
હંસ કપોળે બેશી રે, નહિ પોષણહાર;
નાશ થશે બન્ને તણો, જીવાડો આ વાર.

ફાગણ

માલિની
સુરત સુખ વિશાળા, સાંભળો બ્રીજ બાળા;
સુક્તી કુસુમમાળા, શોક નિશ્વાસ જ્વાળા;
નિરખી નયન મીચે, આંસુએ અંગ સીંચે;
દુઃખ લખી સખી આવે, બાંય સાહી બોલાવે.

દોહરો

ફાગણે ફૂલી એલચી, લચી લૂમે દ્રાક્ષ;
પાંખડિયે પક્ષી રમે, ન ગમે હરિ પાખ.
કેશુ કુસુમની પાંખડિ, તે તો વાંકડી પેર;
જાણે મન્મથ આંકડી, વિરહી શું કેર.
મધુકર ગુંજે કોકિલા, ભર્યા આંબ અંકોર;
સોહર કરે શુક સારિકા, નહિ નંદકિશોર.
અબીલ ગુલાલ ઊડે ઘણું, વાજે ચંગ મૃદંગ;
વિહ્વલ પાખે વસંત શો, દાઝેઊલટું અંગ.

નયવિજય (ઈ.સ. ૧૭મી સદી ઉત્તરાર્ધ)

તપાગચ્છમાં વિજયપ્રભસૂરિની પરંપરામાં જ્ઞાનવિજયજીના શિષ્ય નયવિજયજીની વિવિધ છંદોમાં લખાયેલી 'નેમિનાથ બારમાસા' કૃતિ તેના વિરહશૃંગારની અભિવ્યક્તિ માટે નોંધપાત્ર છે.

૧ સ્તવન

શ્રી અનંતનાથ જિન સ્તવન

સહજ સનેહી સેવિયે રે લો, સાહિબ! અનંત જિણંદ રે-સુગુણ નર!
સેવ્યા સંપદ પામીયે રે લો, દરિશણ પરમાનંદ રે-સુગુણ. સહજ. (૧)

સકળ ગુણે કરી શોભતા રે લો, જગજીવન જિનચંદ રે-સુગુણ.
સેવ્યા વંછિત સવિ દીયે રે લો, સાચો સુરતરુ કંદ રે-સુગુણ, સહજ. (૨)

એ જગમાંહિ જોયતાં રે લો, એ સમ નહિ દાતાર રે-સુ.
ખિણ એક સેવ્યો સાહિબો રે લો, આપે સુખ અપાર રે-સુગુણ. સહજ. (૩)

સકળ સુરાસુર જેહને રે લો, સેવે બે કર જોડ રે-સુગુણ.
ભગતિભાવ આણી ઘણો રે લો, પ્રણમે હોડાહોડ રે-સુગુણ. સહજ. (૪)

છ જીવકાય રક્ષા કરે રે લો, દહવે નહીં તિલમાત રે-સુગુણ.
ક્રોધદિકથિ વેગળો રે લો, અરિહંત તેહ વિખ્યાત રે-સુગુણ. સહજ. (૫)

રિદ્ધિ અનંતી પ્રભુતણી રે લો, કહેતાં ન આવે પાર રે-સુ.
તોહિ પણ અ-પરિગ્રહી રે લો, કહિયે એ કિરતાર રે-સુગુણ. સહજ. (૬)

નયવિજય પ્રભુ પ્રણમતા રે લો, નિતુનિતુ જય જયકાર રે-સુગુણ. સહજ. (૭)

ooo

૪૫

અનુભવાનંદ/નાથ ભવાન.(૧૭મી ઉત્તરાર્ધ–૧૮મી પૂર્વાર્ધ)

જ્ઞાનમાર્ગી સાધુકવિ. પૂર્વે ભવાનીદાસ ને **નાથ ભવાન**, સંન્યસ્ત પછી અનુભવાનંદ. પદો ઉપરાંત શિવગીતા, બ્રહ્મગીતા જેવી ઘણી લાંબી કૃતિઓ લખી છે. અંબા આનનકમળ.... એમનો જાણીતો ગરબો છે.

૩ પદો

૧

ઓલખી લ્યો આ આત્મા છે અદ્વિત અંતરયાંમ રે,
દેહ ઇંદ્રિ મન બુધ્ય પ્રકાસે ભાસે યે રૂપ નાંમ રે.

રૂપનામ એહેનુ નહિ પૂરણ કાંમ રે,
રૂપનામ સહુ એ જ ધરી રહ્યો ઠાલા નહિ કો ઠાંમ રે.

કોય કહે એ બ્રહ્મા વિષ્ણુ રુદ્ર કોય કહે કૃષ્ણ રામ રે,
કોએ કહે એ ઇંદ્રિ સદાશિવ મારગ દક્ષણ વામ રે.

સૂર્યાદિકનો એ જ પ્રકાશિ સાક્ષિ સહુનુ ધામ રે,
અધ્યસ્ત સહુ એ માહે કલ્પિત દેશ નગર ને ગાંમ રે.

ક્ષુદ્યા પિપાસા એહેને ન વ્યાપે શીત નહિ નહિ ઘાંમ રે,
એ જ અનુભવાનંદ લહિને એહેમા પામા ઉપરાંમેર.

૨

આહિરડા ઓરો આવરે, એક વાત કહું રે તારા કાનમાં;
રસ ભરિયાં નેણ નચાવરે, હું તો સમજીને આવું તોરી સાનમાં;
મારા તનના તાપ સમાવરે, આવો શો રે ભર્યો અભિમાનમાં આ૦
(અલ્યા) ગિરિધર તે હુંને ઘેલી કીધી, તોયે ન વસિયો વાંક;
ચતુરા તોરી વાંસડીએ, વાળ્યો આડો આંક રે. આ૦
(અલ્યા) વશિકરણ તારી વાંસલડીમાં, મુખડું મોહનવેલ;
વેણાની વ્યાપકતા ઝાઝી, છેલવમાનો છેલ રે, આ૦
મારી વાત કહું તે સાંભળીને તું, થાઇશ ચતુરસુજાણ;
મારૂં વાર્યું જો માનીશ તો, તુજને, સ્વપ્ને ન ધરિયો શોક;
તન મન મારૂં સોંપ્યું, છો લવતા દુરિજન લોક રે. આ૦
પ્રાણજીવન પ્રભુ પાતળિયા, પૂરો હમારા કોડ;
નાથ ભવાન સ્નેહ વાપ્યો, મળ્યો નંદકિશોર રે. આ૦

૩

કૃષ્ણલીલા

અતિ ઘણું હસવું સારૂં નહીં શામળીઆ;
શામળીઆરે, શામળીઆ છે થોડામાં સ્વાદ. અતિ ઘણું૦

આસપાસ દેખે લોકડાં, અલવેશ;
અલવેશેરે અલવેશે, આપશે ઉપહાસ. અતિ ઘણું૦

મને અળવ ના કરીએ આવડી, પાતળીઆ;
પાતળીઆરે, પાતળીઆ, પરનારીની સાથ. અતિ ઘણું૦

નેને તે તેલે તેલે કરી, નથી રહેતા;
નથી રહેતારે, નથી રહેતા, તારા સખણારે હાથ. અતિ ઘણું૦

અલ્યા તેલ ફુલેલે તને મળ્યાં, તે મેં જાણ્યું;
તે મે જાણ્યુંરે, તે મેં જાણ્યું, તારૂં મોટું છે મન. અતિ ઘણું૦

તું નથી કરતાં ત્રીકમા, એ કરે છે;
એ કરે છેરે એ કરે છે, આહીરડાનું અંન. અતિ ઘણું૦

તુને હું શી જાણું હોળી તણો, સુખે રમીએ;
સુખે રમીએરે, સુખે રમીએ, પરણ્યાની સાથ. અતિ ઘણું૦

નખરૂં બીજી કોઇ નહીં ખમ, અધિકાર;
અધિકારરે, અધિકાર, અધિકારે ઉમ. અતિ ઘણું૦

તને હોળી રમવાની હું્શ છે, વેગળો રહે;
વેગળો રહેરે, વેગળો રહે, ન આવીશ મારી પાસ. અતિ ઘણું૦

રાખી મૂક્યો તો ક્યાં થકી, મારા કરમે;
મારા કર્મેરે, મારા કર્મે, આવા વ્રજમાં વાસ. અતિ ઘણું૦

આવા વાજણ ના થઇએ વીઠલા, કહ્યું માનો;
કહ્યું માનોરે, કહ્યું માનો, અબળાની વાત. અતિ ઘણું૦

ભક્ત ભોવન પ્રભુ શામળા, વાત વદે;
વાત વદેરે, વાત વદે, વદે વિક્ષાત. અતિ ઘણું૦

ooo

૪૬.

ઉદયરત્ન (ઈ. ૧૭મી સદી ઉત્તરાર્ધ – ૧૮મી પૂર્વાર્ધ):

આ જૈન સાધુ કવિએ ૨૦ જેટલી રાસકૃતિઓ ઉપરાંત છંદ, બારમાસી, સ્તવન, સઝઝાય –એવાં વિપુલ લેખન કરેલું છે. એમાં 'નેમિનાથ રાજિમતી તેર માસા' વધુ નોંધપાત્ર અને જાણીતી કૃતિ છે. કથનની પ્રાસાદિકતા, દૃષ્ટાંતોનું કૌશલ, છંદ-લય પરનું પ્રભુત્વ અને લોકભોગ્ય છટાવાળી પદાવલી એમના વિશેષો છે.

૨ પદો; નેમિનાથ તેરમાસા

પદો

૧

નરભય નયર સોહામણું, વણઝારા રે;
પામીને કરજે વ્યાપાર, અહો મોરા નાયક રે.

સત્તાવન સંવતતણાં; વણ પોઠી ભરજે ઉદાર. અહો
શુભ પરિણામ વિચિત્રના; વણ કરિયાણા બહુ મૂલ. અહો
મોક્ષ નગર જાવા ભણી; વણ કરજે ચિત્ત અનુકૂલ. અહો
ક્રોધ દાવાનલ ઓલવે; વણ માન વિષમ ગિરિરાજ. અહો
ઓલંગજે હલવે કરી; વણ સાવધાન કરે કાજ. અહો
વંશજાલ માયાતણી; વણ નાવ કરજે વિશ્રામ. અહો
ખાડી મનોરથ ભવતણી; વણ પડણનું નહીં કામ. અહો
રાગ દ્વેષ બેય ચોરટા; વણ વાટમાં કરશે હેરાન. અહો
વિવિધ વિરજ ઉલ્લાસથિ; વણ તે હણજે પહેલે ઠામ. અહો
એમ સર્વ વિધિ વિડારીને; વણ પોહોંચજે શિવપુર વાસ. અહો

ક્ષય ઉપસમ જે ભાવના; વણ પોઠી ભર્યા ગુણ રામ. અહો
નાયક ભાવે તે થશે; વણ લાભ હોશેં તેથી અપાર. અહો
ઉત્તમ વણજ જે એમ કરે; વણ ઉદય નમે વારંવાર. અહો

૨

નેમનાથ સ્તવન

બોલ બોલ રે પ્રીતમ મુજ શું બોલ મેલ આંટો રે;
પગલે પગલે પીડે મુજને, પ્રેમનો કાંટો રે. બોલ ૧
રાજેમતી કહે છોડ છબીલા, મનની ગાંઠો રે;
જિહાં ગાંઠો તિહાં રસ નહિ જિમ શેલડી સાંઠો રે. બોલ ૨

નવ ભવનો મુને આપને નેમજી, નેહનો આંટો રે;
ધોયો કિમ ધોવાય યાદવજી, પ્રીતનો છાંટો રે. બોલ ૩

નેમ - રાજુલ બે મુગતિ પહોતાં, વિરહ નાઠો રે;
ઉદયરત્ન કહે આપને સ્વામી, ભવનો કાંઠો રે. બોલ ૪

નેમિનાથ તેરમાસા : (ચૈત્રથી ફાગણ, અને અધિક)

માસ ૧ ચૈત્ર

દુહા

પ્રણમું રે વિજ્યા રે નંદન, ચંદનશીતલ વાંણિ;
મોહન વિશ્વવિનોદિની, આપો સેવક જાણિ. ૧

યદુકુલકમલવિકાસન, શાસન જાસ અખંડ;
સ્તવસું ત્રિભોવનનાયક, લાયક સુખકરંડ. ૨

ચૈત્ર માસે એમ ચિંતવે રાજુલ રીદય વિસેખ;
સંદેસો શ્રીનાથનો લાવિ કો હાથનો લેખ. ૩

તેહને આપું રે કંકણ કર તણાં, ભાંમણાં લીઉં નિરધાર;
હાર આપું રે હીયા તણો, માનુ મહા ઉપગાર. ૪

પરગરજુ રે દયા-પર, પરદુખભંજણહાર,
છે કોઈ જે મેળવે આજ શ્રી નેમકુમાર? ૫

વનવાડી આરામના કામના કોડિ તરંગ;
મનમાંહિ રંગવિનોદનાં ઊપજિ નવનવ રંગ. ૬

કુંણ આગે દુખ દાખીઈ? ભાખીઈ મનનો ભેદ?
વહાલો વિદેશી થઈ રહ્યો. ઊપજે કોડિ ઉમેદ. ૭

મનોહર ચંપા ફૂલ્યા રે, વાયા વાય સુવાય;
પરિમલ લેતાં પુષ્પની ઘટમેં લાગે લાય. ૮

ફાગ

કુસુમને આયુધે જે અનૂપે ઊછલ્યો કંદ્રપ કોટિ રૂપે;
વિલવલે રાજુલ વિરહ વાધ્યો, નેમના પ્રેમ-સુ મનહ બાંધ્યો. ૯

૨ વૈશાખ

દુહા

વૈશાખે વનરાજિ રે તાજી વિકસી વન;
દેખીને દિલ ઉલસિ મીલવા સાંમલવન. ૧

મોર્યા દ્રાખના માંડવા, ટોડે નાગરવેલ;
ગુલ્લ પ્રફુલ્લિત મલ્લિકા, ફૂલી રહી ચંપેલ. ૨

મોગરો મરુઓ મનોહર, જાઈ જૂઈ જાસુલ,
કેતકી કરણી કેવડી, મચકુંદનો નહિ મૂલ. ૩

ઝગઝગ અંબ લુંબી રહ્યા, કેસુ ફૂલ્યાં વંન;
ફૂલ્યા ગુલાબ તે દેખીને જાગે જોરમદંન. ૪

વેલિ વાલો નારંગી રે, બહુરંગી વસંત;
વેરણ કોઈલવયણે રે નયણે નીર ઝરંત. ૫

પરિમલ પુહવી ન માઈ રે, ભમર કરિ ગુંજાર;
કહોને સખી! કિમ વિસરિ આ સમ નેમકુમાર? ૬

સરોવર સુંદર દીસિ રે, ફૂલ્યા કમલના છોડ;
કંત વિના કુંણ પૂરે રે મુઝ મન કેરા કોડ? ૭

સાહેલડી રંગરાતી રે માતી રમિ પીઉસંગ;
અનંગના રંગતરંગની વિરહે દાઝે મુઝ અંગ. ૮

ફાગ
રતિપતિ આપલીલા પ્રકાસી, વિરહણી વિરહને પુર વાસી;
મદછલી માનિની અંગ મોડે, ત્રટત્રટ કંચુકીબંધ ત્રોડે. ૯

૩ જેઠ

દુહા
જેઠ માસે મનમોહન જાંણ્યું લેસિ રે સુધિ;
પુણ્ય વિના કિમ પામીઇં યદુપતિની હિત-બુધિ? ૧

મેં નવિ જાણ્યું રે જીવન જાસિ ઈમ રથ ફેરી;
ફરતાં સહિ આડી ફરી રાખતી હું રથ ઘેરી. ૨

પાલવ ઝાલી પ્રભુતણો રહેતી હું રઢ માંડી;
જાવા ન દેતી નાથને તો કિમ જાતા છાંડી? ૩

પૂરણ પશુએ પોખ્યું રે પૂરવ ભવનું વેર;
લટકે સું રથ વાલીઓ, મનમાં ના'વી મહેર. ૪

નદીએ નીર વધતાં થયાં, દીરઘ થયા રે દંન;
સરોવર નીર ઘટી ગયાં જિમ ઘટિ વિરહણી-તંન. ૫

ધરણીંઇ ગાઢપણું ધર્યું, તિમ થયો કંત કઠોર;
હિમાચલ-ગર્ભ ગલી ગયા, તરુણિ તપિ અતિ જોર. ૬

શોધી ન મલે છાંહડી, લૂનાં લહેરાં રે વાય;
શીતલ - જલ - ખડોખલી ઝીલે સહુ ઉછાહિ. ૭

સૂર્ય હિમાચલે સંગ્રહ્યો પેખી તાપનાં પૂર;
કહોને સખી! કિમ જીવીઈ, વાહલો વસે અતિ દૂર! ૮

ફાગ
અંગનાઅંગ શીતાંગ સંગિ નર ભજિ કામિનીકુચ રંગિ;
મનમથતાપને દૂર ફેડિ, પીઉ વિના મુઝને કુણ તેડિ? ૯

૪ આષાઢ

દુહા
નેમજી ના'વ્યા રે સખી! આવ્યો આસોઢો માસ;
આસાઢિ ધરિ આવસિ, મનમાં હુંતી આસ. ૧

ચિહું દિસિ કોરણ ચઢિયાં રે, ગયણ ન સૂઝિ સૂરિ;
મગસિરના વાયા વાયરા, પાક્યાં અંબ સ-નૂર. ૨

રજ ઊડી અંબર ચઢી, વાજિ વાઉલ જોર;
કાલી કાંઠલ દેખીને કંપી કાજલકોર. ૩

ઉત્તર દિસથી રે ઉનહ્યો સજલઘટા ઘનઘોર;
ગર્જારવ ગયણે સુણી મોહ્યા ચાતકમોર. ૪

બગ-રુષિ પાવસ બેઠા રે, મુનિજન રહિ એક ઠાંમ;
પંથી પંથ કો નવિ ચલિ, રાજા તજે સંગ્રામ. ૫

ઝડી માંડીને વરસે રે મુસલધારિ મેહ;
જિમજિમ વીજ ઝબૂકિ રે તિમ તિમ દાઝિ દેહ; ૬

પાણી પુહવી ન માઈ રે, ભરિયાં નદીનિવાણ;
ડુંગરિયા હરિયા હુઆ, ખેડુએ કર્યાં મંડાણ. ૭

નીલાંબર ધરણી ધરિ, ઓપે નીલા અંકુર,
ખલહલ વાજે વોકલા, આવ્યાં નદીએ પૂર. ૮

ફાગ
કસમસિ કામિની કામપીડી, ડસડસિ દંતસું દંત ભીડી;
કામના પૂરમાં તે તણાઈ, નાથ વિના કુંણ હાથ સાહિ? ૯

૫. શ્રાવણ

દુહા
શ્રાવણ વરસે રે સરવડિ જગ માંહિ જલધાર;
વિરહણી નેત્ર તણી પરિ ખિણ નવિ ખંચે ધાર. ૧

અવની-અંબર એકઠાં આવી મલિયાં તિમ;
સુરતસંયોગિ દંપતી, વૃક્ષ ને વલ્લી જિમ. ૨

જલદ-ઘટાને જોગિ રે ન લહ્યો દિવસનો મર્મ;
મુનિજન મનથી ભૂલી ગયા, સંધ્યા સમે ખટકર્મ. ૩

કુચ ન માઈ રે કંચૂઈ, લોચન છંડિ રે લાજ;
જલ ન માઈ જલાશ્રયે, ગગને ન માઈ ગાજ. ૪

કંત ન છંડિ રે કામની, પલ પલ વાધિ પ્રેમ;
માલો ન મેલિ પંખિયાં, જોગી આસન જેમ. ૫

પીઉ પીઉ કરતો પોકારિ રે બેઠો બાપીઓ એહ;
મિં જાણ્યું લાવ્યો વધામણી, જાગ્યો અધિક સ્નેહ. ૬

કોયલ કરે રે ટહુકાડા, મોર કરે કિંગાર;
વેરીની પરિ પંખીઆં ખિણખિણ પોખિં ખાર. ૭

વનમાંહિં માહા દુખ લાગે રે દાદુરના સુણી સાદ;
જોને સખી! મુઝ નયણલે મેહસું માંડ્યો વાદ. ૮

ફાગ

મથમથે મોહની ફોજ લેઈ, ગર્જનારૂપ રણતૂર દેઈ;
અબલગઢ ઉપરિ ફોજ દોડિ, નેમ વિના કહો કુંણ મોડિ? ૯

૬ ભાદરવો

દુહા

વૃક્ષલતા નવપલ્લવ, નીર-લહરીનાં પૂર;
ભાદ્રવે ભૂંઈ નીલી રે, સોભા અજબ સનૂર. ૧

પંચરંગી નભ દીસે રે, હીસે નીલાં તૃણ;
ખિણ કાલો ખિણ પીલો રે, ખિણ ઊજલ દૂધવર્ણ. ૨

વાદલિ વીજ ન માય રે, જલ ન માઈ આભ;
નદીયાં નીર ઉવટ વહિ, જોર ગલ્યા જલગાભ. ૩

ચરણે નેઉર રણઝણિ, હીંઈ લહકિ હાર;
નાહ ન મૂકિ છેડલો, ધન તેહનો અવતાર. ૪

ચતુરકથારસરસિયાં રે નરનારી, મન મોદ;
પંડિતને મુખિ નવનવા સાંભલિ શાસ્ત્રવિનોદ. ૫

ભિલડીને મુખિ સોભે રે વનમાં રાગ મલાર;
પોપટ બોલિ પંજરિ, કો રમિ ચોપટ સાર. ૬

સાલ તણી પરિ સાલિ રે હીઈડિ પ્રીતમ હેજ;
ભુવન ભયંકર સાલિ રે, સુલી સમ થઈ સેજ. ૭

ધીરજ જીવ ધરિ નહી, ઉદક ન ભાવિ અન્ન;
પાંજરડું ભૂલું ભમિ, નેમસું બાંધ્યું મન્ન ૮

ફાગ

ભાદ્રવે ભામની કંત ભાવે, પીઉ જાંમની કુણ જગાવે?
એકલાં આલસે અંગ ફુટિ, રાક્ષસી રાતિ કિમેં ન ખૂટિ. ૯

૭ આસો

દુહા

વાહલે વલણ કર્યો નહીં, આવ્યો આસો માસ;
સરદની રાતિ સોહામણી, કામિની ખેલિ રાસ. ૧

નીર નિવાંણે નીતર્યાં, ઓષધી પાકી વન્ન.
પીલી થઈ રે વસુંધરા, પૂરણ પાકાં અન્ન. ૨
શ્રમજબિંદુઈ સોભિ રે જિમ જુવતી સુરતાંતિ;
ઓસકણ-બિંદુ ઉપરિ તિમ અવની એકાંતિ. ૩

સરદ નિસાની ચંદ્રિકા, ઓપિ અધિક ઉજાસ;
હંસ ન દેખિ હંસલી ચંદ્રતણિ પ્રકાસ. ૪

જિણિ રતિં મોતી નીપજે સીપ-સમુદ્ર માંહિ,
તિણિ રતેં કંત-વિજોગિયાં ખિણ વરસાં સો થાઈ. ૫

ધરિ ધરિ દીપ દીવાલી રે, બાલી ગરબો ગાય;
પહિરણ પીત પટોલી રે, બોલી કેસર માંહિ. ૬

સેજ-સંજોગે રણઝણે નવલા નૂપુર-નાદ;
કંત વિના કુણ ટાલે રે મુઝ મનનો વિખવાદ? ૭

જોવન - જલનિધિ ઊલટ્યા, પ્રગટી રત્નની રાસિ;
નાથ વિના સવિ સુનું રે, આપું કેહનિ ઉલ્લાસ? ૮

ફાગ

કંત સંયોગિની કુસુમ-સેજે સુંદરી સવિ રમે દિવ્ય હેજે;
મેદિનીમાં રહ્યા મેહ વરસી, ટલવલિ રાજુલ નેમ-તરસી. ૯

૮ કારતક

દુહા

કારત્યકિ કાલજ કંપિ રે, વ્યાપિ મદન વિશેખ;
વિધાતા નેમવિજોગના લખિયા નીલવટ લેખ. ૧

નમાંહિ વેલડી ફૂલી રે, થયા મારગ સુધ;
નદિયાં જલ નિરમલ થયાં, કુમુદ ફલ્યાં જલ મધ્ય. ૨

પંખી પ્રયાણ-વસે થયાં, ન રહે મુઝ મન ઠાય;
પંખ હોઈ તો ઊડી મિલું, ભેટું યાદવરાય. ૩

પીઉ જોવાને રે અલજ્યાં નયણ સલૂણાં દોય;
વાલાનિ વિરહિ કરી રાતાં થયાં તે રોય. ૪

સોલ કલા લેઈ આજુનો ઉગ્યો પુન્યમચંદ;
વિરહનું ઝરે વધારવા એ સહી વિષનો કંદ. ૫

મુખિ નીસાસા રે મેલતાં રાત્ય ન ખૂટે રેખ;
ચાંદો રથ થંભી રહ્યો મોહ્યો મુઝ મુખ દેખ. ૬

ભૂષણ દૂષણ લાગે રે, ન ગમે રાગ રસાલ;
દીન સામું દેખતાં આંખમાં ઉઠિ ઝાલ. ૭

રાજુલે રજની નીગમી, પ્રગટ્યો પ્રાચિ દિણંદ;
વાછરુના બંધ છુટા રે, પડિયા વિલુણિ બંધ. ૮

ફાગ

ધરિધરિ મહીનાં માટ ઘૂમિ, મુનિજન જાપ-સું પાપ ગમિ,
પ્રેમદા પ્રીતનાં ગીત ગાઈ, રણઝણે ઘંટ ને નૃત્ય થાઈ. ૯

૯ માગસર

દુહા

માગસિર માસે રે માનિની ઊભી મારગ માંહિ;
ચંદ્રમુખી ચિત્ત ચાહિ રે મિલવા જદુપતિ-રાય. ૧

ટાઢિ ટમકિ રે આંગણે, નેમજી ના'વ્યા ઘેર;
હૂંસ હીયા માંહિ ઊપજિ, સી કરવી હવિ પેર? ૨

પંજર પગ મંડિ નહી, સિથલ થયા સંધાણ;
નેમ વિના ઘટમાં સખી! કિમ રહેસે આ પ્રાણ? ૩

વાયસને કરિ વીનતીઃ 'સુણ, સ્વામિ દ્વિજરાજ!
જો પ્રીઉ દેખો આવતો, ઊડી બેસો આજ. ૪

રૂપે મઢાવું રે પાંખડી, સોને મઢાવું ચાંચ;
લાવ જો પીઉનો સંદેસડો, અવધ આપું દિન પાંચ.' ૫

શ્રીફલફોફલ લેઈને જોસીને પુછવા જાય;
'કબ આવે મુઝ નાહલો? કહો, સ્વામી સમઝાય.' ૬

જોસી કહિ જોઈ ટીપણું, 'વિચમાં દીસે વિલંબ.'
ધ્રસકીનિ ધરણી ઢલિ, દૈવને દે ઓલંભ. ૭

જોસીવચન તિમ લાગું રે દાધા ઉપરિ જિમ લૂણ;
ઘડીઘડીને અંતરિ ફરી ફરી જોઈ સુણ્ય. ૮

ફાગ

મોહલમાં એકલી દેખી નારી, કંદ્રપે કામિની બાંણે મારી;
'નેમજી! નેમજી!' વદન ભાખિ, હાર શૃંગાર સવિ દૂર નાખિ. ૯

૧૦ પોષ

દુહો

પોસે પ્રેમ સવાયો રે, વાયો ઉત્તર વાય;
પુરુષ ન છંડિ પયોધર, નારી ન છંડિ નાહ. ૧

ભોગી ભવન ન છંડિ રે, બિલ ન છંડિ ભુજંગ;
નદીયે નીર ઘટી ગયાં, વાધ્યા હિમાચલ-શૃંગ. ૨

દિવસ થયા અતિ નાના રે, વાધી વેરણ રાત્ય;
નીગમતાં નીઠિ નહી કાલી એ કમજાતિ. ૩

આંખ થઈ રે ઉતાવલી જોવા જાદવ ઈંદ્ર,
પાસાં ઘસતાં પલંગ-સું પલક ન પામું નિંદ્ર. ૪

તન-મન મલિયાં રે દંપતી આણી હરખ અપાર;
સીત-પરાભવ દેખીને બિહું થયાં એકાકાર. ૫

ભૂષણ ન ગમે રે ભામની, સેજડી સૂલી થાય;
કંચૂકની કસ કસતાં રે તાપ ઊડે તન માંહિ. ૬

આંખે કાજલ નવિ ગમિ, હીઈ ન ગમિ હાર;
તંબોલ ફૂલ તલાઈ રે ન ગમિ મુંનિ નિરધાર. ૭

સીતકાલિ જે સુંદરી નાહ વિના નિરધાર;
નાગરવેલિ તણી પરિ અફલ તસુ અવતાર. ૮

વાલમની જોઉં વાટડી ઉંચી ચઢી આકાસ;
હજી સંદેશો ન મોકલ્યો, વહી ગયા દસ માસ. ૯

ફાગ

સહિયરો! નેમને જઈ મનાવો, સ્વામી સમઝાવીને વેગિ લાવો;
જઈ યદુનાથને ઈમ ભાખો, નવ ભવની પ્રીઉ! પ્રીત રાખો. ૧૦

૧૧ મહા

દુહા

માહ માસે મન મોહ્યું રે, મિલવા શિવાદેવીતન;
હાલ્યો હિમાલો હે સખી! બાલવા નીલાં વન. ૧

સરોવર કમલ સોહામણાં હેમે બાલ્યાં જેહ;
વિરહણીના મુખની પરે ઝાંખાં થયાં રે તેહ. ૨

અંબ થયા નવપલ્લવ, પસર્યા માંજર-પૂર;
કંતસંયોગિં ઉલ્લસે જિમ સોહાગણઉર. ૩

નીર નિવાણે જામી રહ્યા, જામ્યા જલના કુંભ;
શીતસરોવરિ બૂડતાં આપિ કુણ અવલંબ? ૪

નાથ નથી મોરે મંદિરે, પીડિ છે પંચબાણ;
અબલા ઉપરિ શૂરો એ પાપી લેસિ પ્રાણ. ૫

મધ્ય નિસા સમિ માનની સુપનમાં દેખિં નાથ;
જાણ્યું જીવન ઘરિ આવ્યા, ઝાલ્યો છિ મુઝ હાથ. ૬

મનસું મહા સુખ ઉપનું, વિલગી રહિ પીઉકંઠ;
સુરત-સંભોગ તણી સમે પડી પ્રેમની ગંઠ. ૭

નયણ ઉઘાડીને નીરખતાં પાસ ન દીઠો નાથ;
'હૈ હૈ દૈવ! કસ્યું કર્યું?' મસ્તકિ દીધો હાથ. ૮

ફાગ

સુપનસંજોગથી દુખ ધરતી, વલવલે મુખથી હાય કરતી;
ચાદ્રણી દેખીને દરદ થાઈ, નેમ વિના સહી પ્રાણ જાઈ. ૯

૧૨ ફાગણ

દુહા

ભોલી રે ટોલી સવિ મિલી ફાગુણ ખેલિ ફાગ;
કુહુકુહુ કહુકિ કોકિલા, બોલિ પંચમ રાગ. ૧

રંગભરી રમણી રાતી રે, રાતો કેસર-ઘોલ;
રાતા સાલુ ઓઢણી, રાતા અધર તંબોલ. ૨

અબીલગુલાલ ઉડિ બહુ, રાતિ થઈ તિણિ વાટ;
કુંકુમજલ ભરી પચરકી છાંટિ રાતી છાંટ. ૩

ફાગુણના દિન ફુટરા, ફૂલી રહ્યો રે વસંત;
સરખાસરખી ટોલી રે હોલી ખેલે ખંત. ૪

વાજાં વાજે વસંતનાં, ડફ, કાંસી ને તાલ;
ઘરિ ઘરિ રંગ - વધામણાં, ઘરિ ઘરિ મંગલ માલ. ૫
આંખડીઉં અણીયાલી રે, કાલી કાજલરેખ;

નેમ વિના ઓપે નહીં, ફાટે ફૂલડાં દેખ. ૬

વાહાલાવિજોગે વિરહણી સુખનાં દેખી સૂલ;
દિન ગમિવાનિ તે વલી દેહલી મેહલિ ફૂલ. ૭

આજુનો દિન રલીયાંમણો, વામ ફરુકે નેણ;
ડાવો સ્તન ફરકે વલી, સહી મલસે મુઝ સેણ. ૮

ગગનમંડલમાં ગાજે રે દુંદુભિનાદ અપાર;
સહસા વનમાં સમોસર્યા સ્વામીશ્રી ગિરનારિ. ૯

રાજુલ નેમને જઈ મિલી ઉલટ આણી અંગ;
ભગવંત માંહે ભલી ગઈ, સમુદ્રિ મલી જિમ ગંગ. ૧૦

વિજોગ તણાં દુઃખ વિસર્યાં, ભાગ્યો ભવનો ફંદ;
આણંદ - રંગ - વધામણાં, પામી પરમાનંદ. ૧૧

ફાગ

નેમ પહિલી જઈ મુગતિ બેઠી, સાસ્વતા સુખમાં તેહ પેઠી;
ઉદયરતન કહિ ભવ્ય પ્રાણી! જિનગુણ ગાઇ લાભ જાંણી. ૧૨

૧૩ તેરમો અધિક

દુહા

બારે માસ રે બેનડી! જિમતિમ કાઢ્યા તેહ;
આવી લાગો તેરડો, કિમ જાસે હવિ તેહ? ૧
ધાડિ ઊપર પલેવણું, મરતાં મર્યાં જેમ;

ખાત્ર ઉપર દિવેલડુ, એ પણ જાણો તેમ. ૨

દુબલિ વાડિ છીંડું પડ્યું, જિમ સીયાલે ઠેસ;
એ પણિ તિમ થયું સહિ હથેલીમાં કેશ. ૩

સંખણી ને આંખે કાણી રે, નિરધન ને બકિ હોડ;
કાદવ ને કાંટાલો રે, પાલો અનિ પગિ ખોડ. ૪

અકરમી ને ઉના-જિમણો રે, વિરૂઆ-બોલી વાંઝ;
અણમાનીતી ને ઉછાંછલી, તે જિમ આંણિ વાજ. ૫

કરકડું ને તીડે ખાધું રે, ભીડે તે ભરવો દંડ;
એ પણિ તિમ વલી જાંણવું, પ્રાણ ધરી કિમ પિંડ? ૬

એક દુખ તે પીઉ વેગલો, બીજું આવિ મુખ હાસ;
જોજ્યો પુણ્ય પટંતરો ઉપરિ અધિકો માસ. ૭

નેમ-રાજુલ બે મિલ્યાં, દૂર ગયો દુખ-દાહ;
ભાગ્યો ભવનો આંમલો, અધિક થયો ઉછાહ. ૮

ભૂ - ઋષિ - ભૂત - નંદ - જુત સંવચ્છરનું માન;
શ્રવણ સુદ પુન્યમ શશી ઉનાઉઆ સુભ સ્થાન; ૯

ફાગ

ઉદયરત્ને કહ્યા તેર માસા, નેમ નામિ ફલી સકલ આસા;
વસંત રાગે કરી જેહ ગાઈ, તસ ઘરિ સંપદા અચલ થઈ. ૧૦

ooo

૪૭

જિનહર્ષ (૧૭મી ઉત્તરાર્ધ -૧૮મી પૂર્વાર્ધ)

આરંભે રાજસ્થાની-હિંદીમાં લખનાર આ કવિએ પછી ગુજરાતીમાં જૈન ધર્મના અનેક વિષયો પર લાંબીરાસ કૃતિઓ લખી છે. 'આરામશોભારાસ' એમાં વધુ નોંધપાત્ર છે.

આરામશોભારાસ

-માંથી પ્રારંભિક દુહા, તથા ઢાલ ૩,૪,૯ અને છેલ્લી ૨૨ : એમાંથી અંશો

પ્રારંભિક દુહા

શ્રી સારદ વરદાયિની, સુમતિ તણી દાતાર,
મૂરખનઇ પંડિત કરઇ, એ મોટઉ ઉપગાર. ૧

જેહ ભણી સુપ્રસન હુવઇ, તેહનઇ કરઇ નિહાલ,
હીયા તકી અજ્ઞાનના, કાઢી નાખઇ સાલ. ૨

મોટી મહિમા માયની, જાસ અખૂટ ભંડાર,
સુરનર વિદ્યાધર વિબુધ, પામી ન સક્કઇ પાર. ૩

ચરમ સાયરના નીરનઉ, જિમ ન લહઇ કોઈ પાર,
તિમ સરસતિ-ભંડારનઉ, નાવઇ પાર અપાર. ૪

માતા તુઝ સુપસાઉલઇ, પામું વચન રસાલ,
સુણતાં સહુકોનઇ ગમઇ, રીઝઇ બાલગોપાલ. ૫

ધર્મમૂલ સમ્યકૂત્વ છઇ, યતન કરઉ નરનારિ,
શ્રી જિનપૂજા આદરઉ, જિમ પામઉ ભવપાર. ૬

દેવાદિક પર્ષદ વિખઇ, ભાખઇ શ્રી જિનરાય,
નરસંપદ સુરસંપદા, લહઇ ન જિનભક્તિ-પસાય. ૭

મુગતિ તણા પિણિ સુખ મિલઇ, ઈહાં સુણિજ્યો દૃષ્ટાંત,
સતી આરમશોભા તણઉ, વારુ છઇ વૃત્તાંત. ૮

ઢાલ ૩:

મઇ બુઢરાકું ખીર પકાઈ, ઝારિ ચલ્યઉ લપટઉ દઈ, માર્યઉ
મરણ ગયઉ બુઢરઉ, દઈ માર્યઉ મરણ ગયઉ, એહની.

દેવ પ્રગટ થઈ ઇણિ પરિ ભાખઇ,
'ધન ધન તું બાલા ગુણવંતી,
સરણ આયઉ મુઝનઇ તઇં રાખ્યઉ,
સરણ આયઉ મુઝનઇ તઇં રાખ્યઉ,
સરણ આયઉ.
તાહરઉ સત્ત્વ અધિક મઇં દીઠઉ,
તુઝ દેખી કાયા ઉલસંતી. સરણ૦ ૧
તુઝ ઉપગારઇ હિવૈ હું તૂઠઉ,
માગી માગી વર જે તુઝ ભાવઇ,'
કહઇ કન્યા 'સુર જઉ તું તૂઠઉ,
તઉ કરિ એક વચન દાઇ આવઇ. સરણ૦ ૨

ધર્મબાધાયઇં ગાઇ ચરાઉં
ધર્મબાધા ટાલઉ સુખ પાઉં',
'મુગધા એ માગઇ મુઝ પાસઇ,
છાયા એહનઇ કરું ઉલાસઇ. સરણ૦ ૩
જીવિતદાન દીયઉ ઇણિ મુઝનઇ,
એ મોટી ઉપગારણિ બાલા,'
ઇમ ચીંતવી તિણિ ઊપરી કીધઉ,
મહારામ ફલફૂલ-રસાલા. સરણ૦ ૪
સઘન સુસીતલ જેહની છાયા,
ખટ રિતુના જેહમઇ સુખ પાયા,
જેહની ગંધ સુગંધ સુહાવઇ,
સૂરજકર જેહમઇ નવિ આવઇ. સરણ૦ ૫
દેવ કહઇ 'સાંભલિ તું પુત્રી,
બઇસિસિ જાઇસિ તું જિણિ ઠામઇ,
તિહાં તિહાં એ આરામ સહીસ્યું,
તાહરઇ સાથિ હુસ્યઇ સુખકામઇ. સરણ૦ ૬
દુખ આવ્યઇ સમરે તું પુત્રી,
પ્રતક્ષ થઈ તાહરા દુખ ટાલિસિ,'
ઇમ કહી તેહ થયઉ અદસ્ય સુર,
અમૃતફલ આસ્વાદઇ અહનિસિ. સરણ૦ ૭
તૃષ્ના ક્ષુધા ન લાગઇ તેહનઇ.
દુખ સ્યઉ સુરતરુ જેહનઇ,
ગોયુત નિસિ આવઇ ધરિ કન્યા,
ઉપરિ આરામ વિરાજઇ ધન્યા. સરણ૦ ૮

ઢાલ ૪:

હોં લખલહણા બારટ રાજીજીનઈ રીઝવિનઇ ધરિ
અજ્યો, એહની, રાગ કાલહરઉ.

પાછી આવી કન્યકા રે કાંઈ, ફિરિ આવ્યઉ આરામ રે,
ગાઈ વાલી લ્યાવ્યા સહુ રે કાંઈ, અસવારે જઈ તામ રે.
મનમોહણગારી રાજજીનઇ લાગી અતિપ્યારી
મન હરી લીધઉ રે વિપ્રની સુતા. ૧

રૂપ અધિક રલીયામણઉ રે કાંઈ,
લાવન્ય અંગ અપાર રે,
અતિસય દેખી તેહનઉ રે કાંઈ,
રાજા કરઇ વિચાર રે. મ૦ ૨
'રાજકન્યા માહરઇ ધરે રે કાંઈ,
અંગ ધરઇ અલંકાર રે,
પિણિ તે નહી ઇણિ સારખી રે કાંઈ,
રૂપકલાગુણધાર રે. મ૦ ૩
ગોચારઇ વનમઇ રે કાંઈ,
નહી ભોજનનઉ સ્વાદ રે,
પહિરણ વસ્ત્ર જિસા તિસા રે કાંઈ,
ઉપજાવઇ આહ્લાદ રે.' ।૦ ૪
મધુકર મોહ્યઉ કેતકી રે કાંઈ,
જિમ રેવા ગજરાજ રે,
તે કન્યાના રૂપ સ્યું રે કાંઈ,
તિમ મોહ્યઉ નરરાજ રે. મ૦ ૫

તુરત રાજાનઉ મન લખ્યઉ રે કાંઈ,
મંત્રી બુદ્ધિનિધાન રે,
‘છઈ તું અજી કુમારિકા રે કાંઈ,
કઈ પરણી ગુણવાન રે. મ૦ ૬
વર કરિ વરવર્ણિની રે,
એ જિતશત્રુ ભૂપાલ રે,’
લજજાનન નીચઉ કરી રે કાંઈ,
કહઈ કુમારી બાલ રે. મ૦ ૭
તે કહઈ ‘ઇણિ ગામઇ’ વસઇ રે કાંઈ,
બ્રાહ્મણ માહરઉ તાત રે,
અગ્નિસર્મા જાણઇ સહુ રે કાંઈ,
હું જાણું નહી વાત રે. મ૦ ૮
છોરુ પરણાવઇ પિતા રે કાંઈ,
સુંદર વરઘર જોઈ રે,
ભાગ્ય પ્રમાણઇ તે પછઇ રે કાંઈ,
સુખીયા દુખીયા હોઇ રે. મ૦ ૯
વયણ સુણાવ્યા એહવા રે કાંઈ,
કન્યા કોકિલવાણિ રે,
રાજા રીજ્યઉ સાંભલી રે કાંઈ,
એતઉ ગુણની ખાણિ રે. મ૦ ૧૦
વય નાંન્હી પિણિ ગુણ વડા રે કાંઈ,
ગુણ લહઇ આદરમાન રે,
ગુણવંતાનઇ જિહાં તિહાં રે કાંઈ,
થાયઇ સહુ આસાન રે. મ૦ ૧૧

નૃપ આજ્ઞા લેઈ કરી રે કાંઈ, સચિવ ગયઉ દ્વિજગેહ રે,
આવી બ્રહ્મસુતા ઘરે રે કાંઈ, ગોધન સાથ કરેહ રે. મ૦ ૧૨

ઉત્તમ નર દેખી કરી રે કાંઈ,
બ્રાહ્મણ દીધ આસીસ રે,
આસણબઈસણ આપીઅઉ રે કાંઈ,
બઇઠઉ ધરીય જગીસ રે. મ૦ ૧૩

'દેવ સુણઉ' મુંહુંતઉ કહઇ રે કાંઈ,
'વયણ એક મુઝ રે,
જિતસુત્ર નૃપનઇ તાહરી રે કાંઈ,
દે કન્યા કહું તુઝ રે.' મ૦ ૧૪

કહઇ બ્રાહ્મણ 'એ માહરા રે કાંઈ,
નૃપાધીન છઇ પ્રાણ રે,
કન્યાનઉ કહિવઉ કિસ્યું રે કાંઈ,
પ્રભુ આગલિ ધરૂં આંણી રે. મ૦ ૧૫

ભાગ્ય ફલ્યઉ પુત્રી તણઉ રે કાંઈ,
માહરઉ જાગ્યઉ ભાગ રે.'
કહઇ જિનહરખ ચઉથી થઈ રે કાંઈ,
ઢાલ સુણઉ ધરિ રાગ રે. મ૦ ૧૬

ઢાલઃ ૯
ઇંઢોણી ચોરી રે એહની.

પૂરણ દિવસ થયા તિસઈ, સુત જાયઉ રે,
પામ્યઉ હરખ અપાર, રાણી સુત જાયઉ રે,
તેજ તપઈ રવિ સારિખઉ, સુત જાયઉ રે,
જાણે દેવકુમાર. રા૦ ૧

ધવલ મંગલ ગાયઈ ગોરડી, સુ૦ અવસર કેરી જાણ, રા૦
ભુંગલ ભેરી નેફેરીયાં, સુ૦ વાજઈ ઢોલનીસાણ. રા૦ ૨

બાંટઈ બ્રાહ્મણ સીરણી, સુ૦ ગુલની ભેલી આંણી, રા૦
રાજાઘરિ સુત આવીયઉ, સુ૦ પ્રગટ્યઉ જાણિ નિહાણ. રા૦ ૩

માઈ હુલરાવઈ પુત્રનઈ, સુ૦ ‘જીવે કોડિ વરીસ, રા૦
થાજે કુલ આધાર તું’, સુ૦ ઈણિ પરિ દ્યઈ આસીસ. રા૦ ૪

જિમ જિમ દેખઈ પુત્રનઈ, સુ૦ તિમ તિમ રિદય ઉલાસ, રા૦
‘મુઝ સરિખી નારી નહી, સુ૦ સુખ લહ્યાં વિલાસ. રા૦ ૫

સરીરચિં તાયઈ એકાદ, સુ૦ અપર માત સંઘાત, રા૦
ચાલી દીઠઉ આગલઈ, સુ૦ કૂપ પૂછઈ તે વાત. રા૦ ૬

‘પહિલી કૂપ હુતઉ નહી, સુ૦ કદી ખણાવ્યઉ એહ, રા૦
કહઈ તામ મલકી કરી, સુ૦ મન ઉપર લઈ નેહ. રા૦ ૭

‘તુઝ આગમ જાણી કરી, સુ૦ પુત્રી મઈ ઘર મજ્ઝ, રા૦
કૂપક એહ કરાવીયૌ, સુ૦ પાણી કેરઈ કજ્જ. રા૦ ૮

પાણી આણ્યઉ જોઈયઈ, સુ૦ દૂર થકી તુઝ કાજ, રા૦
વિસખેપાદિકનઈ ભયઈ, સુ૦ નૃપ નારી સિરતાજ.’ રા૦ ૯

સરલ ચિત્ત જાણ્યઉ ખરઉ, સુ૦ માતા વચન તહત્તિ, રા૦
જોવઈ નીચી કૂપનઈ, સુ૦ નાંખી તાસ તુરત્ત. રા૦ ૧૦

કૂઆમાં પડતી થકી, સુ૦ સમર્યઉ નાગકુમાર, રા૦
તુરત આવી હાથે ગ્રહી, સુ૦ મૂંકી કૂપ મઝરિ. રા૦ ૧૧

સુર કોપ્યઉ તે ઊપરઇં, સુ૦ ‘મારૂં પાપિણિ એહ’, રા૦
આરામસોભા કહઈ ‘માહરી, સુ૦ મા મા કોપ કરેહ.’ રા૦ ૧૨

સુર પાતાલભુવન કીયઉ, સુ૦ કૂપ માહિ તતકાલ, રા૦
સુંદર સજ્યા પાથરી, સુ૦ તિહાં થાપી સુકમાલ. રા૦ ૧૩

વન પિણિ કેડઈ તેહનઈ, સુ૦ કીધઉ કૂપપ્રવેસ, રા૦
તેહની સુર સેવા કરઈ, સુ૦ પૂર સયલ વિસેસ. રા૦ ૧૪

જેહનઈ પુન્ય પોતઈ હુવઈ, સુ૦ મારી ન સકઈ કોઈ, રા૦
ઢાલ જિનહરખ નવમી થઈ, સુ૦ રાગ વેલાઉલ હોઈ. રા૦ ૧૫

દુહા

રાણી કર જોડી કહઈ, 'જ્ઞાનઈ કરી મુનિરાય,
તુમ કહ્યઉ તે નિરખીયઉ, સ્વામી તુમ સુપસાય. ૧

સુણી તુમ્હારી દેસણા, ભાગી મનની ભ્રાંતિ,
જીવ ભમઈ સંસારમઈં, કિહાં ન પામઈ સાંતિ. ૨

સાંતિસુધારસ મુનિધરમ, જેહથી લહઈ નેરાંતિ,
સિદ્ધ તણા સુખ પામીયઈ, જિહાં ઝલહલતી કાંતિ. ૩

ઢાલ ૨૨:

મોરી બહિની કહિ કાઈ અચરજ વાત એહની.
સંસારથી હું ઊભંગી, હિવઈ લેઈસિ દીક્ષા સાર,
તુમ ચરણ પંકજ-મધુકરી, પામિસિ ભવનઉ પાર. ૧

પ્રીતમ સાંભલઉ માહરા વાલ્હા પ્રાણ,
તુમ સહુ વાતના જાણ,
તુમનઈ કહું છું વાણિ, મુઝ ઊપરિ હિત આણિ,
અનુમતિ દ્યઉ સુપ્રમાણ.' પ્રી૦ ૨

રાણીવચન રાય સાંભલી, સંસાર જાણિ અસાર,
'ઘર માંહિ હિવઈ હું નવિ રહું, લેઈસિ હું વ્રતભાર. પ્રી૦ ૩

જેતલઈ રાણીસુત ભણી, હું મલયસુંદર નામ,
તેહનઈ રાજ્ય દેઈ કરી, આવું વ્રતનઈ કામ.' પ્રી૦ ૪

ગુરુરાજચરણે લાગિનઈ, ઘર આવી સુતનઈ રાજિ,
દેઈ મહોછવ સ્યું તદા, સાધન કરિવા કાજ. પ્રી૦ ૫

આરામસોભા રાગિની, સંયુક્ત ગુરુનઈ પાસિ,
વ્રત લીયઉ થયઉ હરખિત હીયઉ, પામ્યઉ અધિક ઉલ્લાસ. પ્રી૦ ૬

સિદ્ધાંત સર્વ મુખઈ ભણ્યા, સંવેગ ગુણ સંયુક્ત,
મુનિરાજ નિજ પદ થાપીયઉ, જાણી યોગ્યતા ભક્ત. પ્રી૦ ૭

આરામસોભા સાધવી, ગીતાર્થ ગુણ સંપૂર્ણ,
પદ દીયઉ સુગુરુ પ્રવત્તિની, સદ્ગુણ રંજિત ચૂર્ણ. પ્રી૦ ૮

બહુ ભવિકજન પ્રતિબોધીયા, બહુ દેસ કીધ વિહાર,
આચાર્ય અવસર જાણિનઈ, અણસણ કીધઉ ઉદાર. પ્રી૦ ૯

સુખમરણ પામી બે જણા, સુરલોક પામ્યઉ જાણિ,
તિહાંથી ચવીનઈ ઊપના, નરગતિ માંહિ વખાણિ. પ્રી૦ ૧૦

ઈમ દેનરભવ કેઈ કરી, પહુચિસ્યઈ મુગતિ મઝારિ,
ઈમ ભક્તિ તીર્થંકર તણી, ફલ સાંભલિ ચિત ધારી. પ્રી૦ ૧૧

આરામસોભાની પરઈ, તુમે કરઉ જિનવરભક્તિ,
સુખ લહઉ રહઉ સંસારમાં, આગલિ પામઉ મુક્તિ. પ્રી૦ ૧૨

સતર એકસઠઈ સમઈ, સુદિ જેઠિની તિથિ ત્રીજ,
એ રાસ સંપૂરણ કીયઉ, થયઉ નિરમલ બોધિબીજ. પ્રી૦ ૧૩

શ્રી ગચ્છ ખરતર તાસ પતિ, શ્રી સુગુરુ જિનચંદ્રાસૂરિ,
શ્રી શાંતિહર્ષ વાચક તણઉ, કહઈ જિનહરખ સનૂર. પ્રી૦ ૧૪

એ રાસની ગાથા ચ્યારિ સઈ, ઊપરઈ ઉગુણત્રીસ,
જિનહરખ પાટણમાં રચ્યઉ, ઢાલ થઈ એકવીસ. પ્રી૦ ૧૫

ooo

જ્ઞાનવિમલ (સૂરિ)/નયવિમલ (ગણિ) (૧૭મી ઉત્તરાર્ધ-૧૮મી પૂર્વાર્ધ)

તપાગચ્છના આ સાધુએ વિવિધ શાસ્ત્રોનો અભ્યાસ કરેલો. એમણે વિપુલ માત્રામાં રાસકૃતિઓ તથા ચોવીસીઓ અને સ્તવનાદિ કૃતિઓનું સર્જન કરેલું. એ શીઘ્ર કવિ પણ હતા.

૧ પદ, ૩ સ્તવનો

પદ

તે સુખિયા

(તે તરિયા ભાઈ તે તરિયા - એ દેશી)

તે સુખિયા ભાઈ તે સુખિયા જે પરદુઃખ દેખી દુખિયાજી
પરસુખ દેખી જે સંતોષિયા જિણે જૈનધર્મ ઓલખિયાજી ॥તે સુ ૧॥

જ્ઞાનદિ બહુ ગુણના દરિયા ઉપશમ રસ જલ ભરિયા રે
જે પુલિ નિત્ય શુદ્ધિ કિરિયા ભવસાયર તે તરિયા રે ॥તે સુ ૨॥

દાન તણે રંગે જે રાતા શીલ ગુણે કરી માતા રે
સવિ જગે જીવને દેઈ જે સાતા પર વનિતાના ભ્રાતા રે ॥તે સુ ૩॥

જેણે છાંડ્યા ઘરધંધા જે પરધન લેવા અંધા રે
જે નવિ બોલે બોલ નિબંધા તપ તપવે જે જોધા રે ॥તે સુ ૪॥

પરમેશ્વર આગલ જે સાચા જે પાલે સુધિ વાચા રે
ધમ કામેકબહી નહિ પાછા જે જિનગુણ ગાવે જાચા રે ॥તે સુ ૫॥

પાપ તણા દૂષણ સવિ ટાલે નિજ વૃત નિત્ય સંભાલે રે
કામ ક્રોધ વયરીને ગાલે તે આતમ કુલ અજુવાલે રે ॥તે સુ ૬॥

નિશદિન ઈર્યા સમિતિ ચાલે નારી અંગ ન ભાલે રે
શુક્લ ધ્યાનમાંહિ જે મ્હાલે તપહ તપિ કર્મ ગાલે રે ॥તે સુ ૭॥

જે નવિ બોલે પરની નિંદા જેહ અમીરસ કંદા રે
જેણે મેડ્યા ભવના ફંદા તસ દેખત પરમ આનંદા રે ॥તે સુ ૮॥

તે પૂજે ભાવે જિન ઈંદા સૌમ્ય ગુણે જિમ ચંદા રે
ધર્મે વીર ગુરુ ચિર નંદા નય કહે હું તસ વંદા રે ॥તે સુ ૯॥

૩ સ્તવનો

૧
શ્રી સાધારણજિન સ્તવન
(રાગ-રામગરી)
સકલ સમતા સુરલતાનો, તુંહિ અનોપમ કંદ રે;
તું કૃપારસ કનકકુંભો, તું જિણંદ મુણીંદ રે. તું.૧
તુંહી તુંહી તુંહી તુંહી, યુંહી કરતા ધ્યાન રે;
તુજ સરૂપી જે થયા તે, લહ્યા તાહરું ધ્યાન રે. તું.૨
તુંહિ અલગો ભવથકી પણ, ભવિક નામ રે;
પાર ભવનો તેહ પામે, એહિ અચિરજ માન રે. તું.૩
જનમ પાવન આજ મ્હારો, નિરખે તુજ નૂર રે;
ભવભવે અનુમોદના જે, થયો તુજ હજૂર. રે. તું.૪

એહ મારો અક્ષયઆતમ, અસંખ્યાત પ્રદેશ રે;
તાહરા ગુણ છે અનંતા, કિમ કરું તાસ નિવેશ રે. તું.૫
એક એક પ્રદેશે તારા, ગુણ અનંત નિવાસ રે;
એમ કરી તુજ સહજ મિલતા, હોય જ્ઞાનપ્રકાશ રે. તું.૬
ધ્યાન ધ્યાતા ધ્યેય એકી, ભાવ હોય એમ રે;
એમ કરતા સેવ્યસેવક, ભાવ હોય કેમ રે. તું.૭
એક સેવા તાહરી જો, હોય અચળ સ્વભાવ રે;
જ્ઞાનવિમલસૂરીંદ પ્રભુતા, હોય સુજસ જમાવ રે. તું.૮

૨

શ્રી સીમંધર જિન સ્તવન

રાગ- થાંરી આંખડીએ ઘર ઘાલ્યો, ગહેલા ગિરધરિયા - દેશી

તારી મુદ્રાએ મન મોહ્યું રે, મનના મોહનિયા;
તારી મૂરતિએ જગ સોહ્યું રે,જગના જીવનીયા, આંચળી.
તુમ જોતાં સવિ દુર્મતિ વીસરી, દિન રાતડી નવિ જાણી;
પ્રભુ ગુણગણસાંકળશ્યું બાંધ્યું, ચંચળ મનડું તાણી રે. મન. ૧
પહેલાં તો એક કેવલ હરખે, હેજાળુ થઈ હળીઓ;
ગુણ જાણીને રૂપે મિલીઓ, અભ્યંતર જઈ ભળીઓ રે. મન. ૨
વીતરાગ ઈમ જસ નિસુણીને, રાગી રાગ કરે રે;
આપે અરૂપી રાગનિમિત્તે, દાસ અરૂપ ધરે રે. મન. ૩
શ્રી સીમંધર તું જગબંધુ, સુંદર તાહરી વાણી;
મંદર ભૂધર અધિક ધીરજધર, વંદે તે ધન્ય પ્રાણી રે. મન. ૪
શ્રી શ્રેયાંસનરેસરનંદન, ચંદનશીતલ વાણી;
સત્યકીમાતા વૃષભલાંછન પ્રભુ, જ્ઞાનવિમલ ગુણખાણી રે. મન. ૫

૩

નેમિનાથ જિન સ્તવન

દેહી મહુડાની

રાજિમતી રંગે કહે કાંઈ પ્રીતમજી અવધાર, મુજારો છે માહરો.
સુણી આધાર, મોહનગાર, જગે સુખકાર, તુઝ દીદાર,
કર મુઝ સાર, મુજરો. ટેક

અણદીઠ શું મોહીયા, કાંઈ તે તો નવલી નાર. મુ.૧
પ્રીતિ કરતાં સોહિલી, કાંઈ નિરવહતાં જંજાળ. મુ.
જિમ વિષવ્યાલ ખેલાવતાં, કાંઈ વિષમ અગ્નિઝાળ. મુ.૨
વિણ પરણ્યે પણ જગે કહે, કાંઈ હું તુમચી નિરધાર.મુ.
નયણે દેખાડીને વલ્યા, કાંઈ આવી તોરણબાર મુ.૩
અવર ન કો તઝ સારીખો, કાંઈ પુરુષચરણ સંસાર. મુ.
તેહ ભણિ નિરવાહીએ, કાંઈ સુણ મુજ હીયડાહાર. મુ. ૪
હાથમેલાવો નહિ કર્યો, કાંઈ શિર ઉપર કરો હાથ. મુ.
ધન્ય શિવસુંદરી બહેનડી, કાંઈ જિણે મોહ્યા પ્રાણનાથ. મુ.૫
જ્ઞાનવિલમ પ્રભુતા ધણી, કાંઈ જ્યોતિ ઝલામલ તેજ. મુ.
અચલ અભેદે બિહું મિલ્યાં, કાંઈ હળીમળી હીયડાહેજ. મુ.૬

ooo

૪૯

મૂળદાસ (૧૭મી સદી ઉત્તરાર્ધથી ૧૮મી પૂર્વાર્ધ):

મહાત્મા મૂળદાસને નામે જાણીતા થયેલા આ સંતકવિએ ભક્તિ, વૈરાગ્યબોધ અને આત્મજ્ઞાનવિષયક આરતી, કીર્તન, ગરબી, બારમાસી, ભજન જેવી પદપ્રકારની ગુજરાતી-હિંદી રચનાઓ કરેલી છે. એ ઉપરાંત ટૂંકી આખ્યાનાત્મક કૃતિઓ તથા ભાગવત બીજો સ્કંધ અને ભગવદ્ગીતાના અનુવાદ એમણે કર્યા છે.

૫ પદો

૧.

અનુભવીને એકલું આનંદમાં રહેવું રે
અનુભવીને એકલું આનંદમાં રહેવું રે;
ભજવા શ્રી પરિબ્રહ્મ, બીજું કાંઈ ના કહેવું રે, અનુભવીને

વેદ જોયા કિતાબ જોઈ, સરવ જોઈને જોયું રે;
પણ પ્રભુના નામ વિના, સર્વે ખોયું રે. અનુભવીને

અવર કોઈના આતમાને, દુઃખ ના દેવું રે;
સુખ-દુઃખ જ્યારે આવી પડે, ત્યારે સહીને સહેવું રે. અનુભવીને

જાપ અજપા જાપ જપે, ત્રણ લોકમાં તેવું રે;
મૂળદાસ કહે મોહ મદ મૂકી, મહાપદમાં રહેવું રે. અનુભવીને

૨

હરિ વેણ વાય છે

હરિ વેણ વાય છે રે હો વનમાં, તેણે વ્રેહ વાધ્યો મારા તનમાં. ૧
ચટપટી ચિતમાં રે હો લાગી, જીવન જોવાને હું જાગી. ૨
રસિયાજીને રે હો રાગે, વ્યાકુળ કીધાં છે વૈરાગે. ૩
ગત મન ભૂલી રે હો ગૃહની, વનમાં વાંસલી વાગા વ્રેહની. ૪
સેંથે કાજળ રે હો સાર્યાં, વ્રહેમાં બાળકને વીસાર્યાં. ૫
ધીરજ ધરિયે રે હો ધ્યાને, કંકણ નેપુર પેર્યાં કાને. ૬
પ્રીતે પરવશ રે હો કીધાં, લજ્જા લોપી મન હરી લીધાં. ૭
કૈ કૈ વાર્યાં રે હો કંથે, પિયુજીને મળવા ચાલ્યાં પંથે. ૮
ત્રિભુવન નિરખ્યા રે હો તમને, અંગે આનંદ વાધ્યો અમને. ૯
વાલમ બોલ્યા રે હો વનમાં, મૂળદાસ માહ સુખ પામ્યા મનમાં. ૧૦

૩

વાલમ બોલ્યા રે વાણી

વાલમ બોલ્યા રે હો વાણી, અબળા કેમ આવ્યાં છો જાણી. ૧
રાત અરધી રે હો રજની, સરવે કેમ આવ્યાં રે સજની. ૨
ગૃહ કેમ મેલ્યાં રે હો ગોપી, લજ્જા સુરતી તણી કેમ લોપી. ૩
પિયુ પોતાના રે હો ભજતાં, લાંચ્છન લાગે તેને તજતાં. ૪
નરસું મનમાં રે હો ના'ણો, અબળા પિયુને ઈશ્વર જાણો. ૫
ક્રોધી કપટી રે હો કામી, સુંદરિયો તોય પોતાનો સ્વામી. ૬
વિધિવત બોલ્યા રે હો વાણી, જીવન એ શું બોલ્યા જાણી. ૭
ગદ ગદ કંઠે રે હો ગોપી, અબળા તનમન રહ્યો છો આરોપી. ૮
એશું કહ્યું રે હો અમને, પિયુ કેમ પરનર કંઈયે તમને. ૯

સાક્ષી વિશ્વના રે હો સ્વામી, જીવન સહુના અંતરજામી. ૧૦
મન્મથ બોલ્યા રે હો મરમે, ધીરજ માટે ભાંખો ઘરમે. ૧૧
રસમાં ન હોય રે રેણી, મહાસુખ માણો મરગાનેણી. ૧૨
તારૂણી લેતાં રે હો તાળી, મુળદાસ પ્રેમે પરવટ વાળી. ૧૩

૪

ગિરિધર વહેલા આવજો

સરસ્વતી શારદાને વિનવું, ગુરુવા ગણપત લાગું પાય,
સાધુ સંતની રે સેવા કરું, મારી કાંઈ જીભલડીએ જશ થાય;
ગિરિધર ગોપીના વર વેહેલા આવજો. ૧

કારતક મહિનાના રે કાહાનજી, વસિયા દેશ ને પરદેશ,
હું નારી નાનડી હરિ નાનડી, જોબન મારું બાલુડે વેશ;
ગિરિધર ગોપીના વર વેહેલા આવજો. ૨

માગશર મહિનાના રે માવજી, હજી શું નાવ્યા પ્રાણ-આધાર,
વનમાં મેલી ગયા મારો નાથજી, રમિયે કોની રે સંઘાથ;
ગિરિધર ગોપીના વર વેહેલા આવજો. ૩

પોષે કાંઈ સુકાણી મારી દેહડી, સોસે કાંઈ સુકાણું રે શરીર,
પ્રેમ આતુરતા થઈ પ્રેમદા, વ્હાલા વિના ઘડી નવ રહેવાય;
ગિરિધર ગોપીના વર વેહેલા આવજો. ૪

મહા કાંઈ મહિનાની રે સેજડી, બીજી કાંઈ વેરણ રાત,
રાતે કાંઈ નાવે હરિ વિના નિદરા, દિએ કાંઈ ન ભાવે રે અનાજ;

ગિરિધર ગોપીના વર વેહેલા આવજો. ૫

ફાગણ ફુલ્યો રે હરિ ફુલડે! વનમાં કેસુડાંનાં ઝાડ,
તેના કાંઈ નાખું હરિને છાંટડાં, ઉડાડું અબીલ ગુલાલ;
ગિરિધર ગોપીના વર વેહેલા આવજો. ૬

ચઈતરે ચંપો મોરીઓ, મોરી કાંઈ દાડમ ને બીજી દ્રાક્ષ,
કોયલડીરે ટહુકા કરે, ભમરા કરે છે ગુંજાર;
ગિરિધર ગોપીના વર વેહેલા આવજો. ૭

વૈશાખે જોઉ રે વ્હાલાની વાટડી જોયા કાંઈ ચારૂ દેશ,
પગના પડછંદા રે વાગિયા, આવતા ઉરને પર લૈશ;
ગિરિધર ગોપીના વર વેહેલા આવજો. ૮

જેઠે કાંઈ જાણ્યું જીવન આવશે, હજી શું નાવ્યા પ્રાણ-આધાર,
ચંદન ગોરી રે સોહામણી, વીંઝણે ઢોળતાં વાય;
ગિરિધર ગોપીના વર વેહેલા આવજો. ૯

અષાડ મહિનો ભલે આવિયો, માથે કાંઈ મંડેલા છે મેઘ,
તોએ નાવ્યો ગોપી કેરો નાવલો, હરિ કાંઈ બળભદ્રજીનો વીર;
ગિરિધર ગોપીના વર વેહેલા આવજો. ૧૦

શ્રાવણ વરસે હ રિ સરવડે, નદીએ ખળક્યાં છે નીર,
સોણે સ્વપ્ને હરિ દીઠડા, ભીંજે મારાં નવરંગાં ર ચીર;
ગિરિધર ગોપીના વર વેહેલા આવજો. ૧૧

ભાદરવો ભલી પેરે ગાજ્યો, ગાજ્યા કાંઈ વરસ્યા છે મેઘ,
મોહન મથુરામાં મોહી રહ્યા, કુબજાએ દીધાં છે ઘણાં માન;
ગિરિધર ગોપીના વર વેહેલા આવજો. ૧૨

આસુ માસે હરિ ઘેર આવિયા, પૂરી મારા મનડાની આશ,
બેઉ કર જોડી તુજને વિનવું, તારા કાંઈ મહિના ગાએ મૂળદાસ;
ગિરિધર ગોપીના વર વેહેલા આવજો. ૧૩

૫
સુંદર વરની ચૂંદડી

સુંદર વરની ચૂંદડી
માંઈ છે આતમરામનો આંક
વોરો સંતો ચૂંદડી!
તપતીરથ મેં બહુ કર્યાં વ્રત કર્યાં રે અપા,
ભગવત ભવાની બહુ ભજ્યાં, મારે હરિવર વરવાની આશ.
-વોરો રામા ચૂંદડી.
બ્રહ્માએ વણ વાવિયાં ને વીણે ચારે વેદ.
સનકાદિકે સૂતર કાંતિયાં, તેને કોઈ ન જાણે ભેદ –વોરો રે

ત્રિગુણ તાણ્યો તાંતણો ને, માંઈ પ્રેમનો રસ પાણ,
નૂરત સૂરત નળી ચાલતી રે, વણનારા ચતુર સુજાણ –વોરો રે

વિદુર વ્યાસે રંગી ચુંદડી ને શુકદેવે પાડી ભાત,
સદ્‌બુદ્ધિએ બુટા જડ્યા ને એની જુજવી જૂજવી ભાત –વોરો રે

ગુરુએ ઓઢાડી મને ઘાટડી રે, ઉપર શ્રીફળ સુંદર ચાર;
નિર્ગુણ સાથે સગાઈ કરી મારા પુણ્યનો નહિ પાર –વોરો રે

વિવેકના તો વીવા રચ્યા ને લીધાં વૈરાગ્યનાં રે લગન,
પ્રભુજી વર પધારિયા રે મારું મોહે ભરણું છે મન –વોરો રે

મન ક્રમ વચને આબરૂ નેમેં મેલી લોકડિયાંની લાજ,
હથેવાળો હરિ સું ગ્રહ્યો ને માંઈ છે વાણી તણી વરમાળ –વોરો રે

રાતો રંગ રહેણી તણો રે એનો પુરણ લાગ્યો પાસ,
અનંત જુગે નહિ ઊમટે રે વાણી ગાય છે મૂળદાસ;
વોરો રે રામા! ચૂંદડી.

ooo

પુરીબાઈ (૧૭મી ઉત્તરાર્ધ- ૧૮મી પૂર્વાર્ધ)

રામભક્ત કવયિત્રી. ૬ કડવાંનું 'સીતામંગળ' એમની સારી કૃતિ છે.

સીતામંગળ કડવાં ૧,૪,૫

કડવું ૧લું-રાગ ધોળ.

સતી સીતાને ચરણે લાંગુજી, નિર્મળ વાણીને શુદ્ધ બુદ્ધ માગુંજી;

ઢાળ

માગું છુંરે શુદ્ધ બુધ્ધ મનોહર, સ્વામી સારંગપાણ;
ગુણ વરણવુંરે હું તાહરા, મને આપ અવિચળ વાણ.

સિવરા - મંડપ રચ્યો જ્યારે ને, તેડાવ્યા ભૂપ;
ઋષી સાથે રાઘવ આવ્યા એનું, મહા મનોહર રૂપ.

પાતાળનારે પન્નગ તેડ્યા ને, આવ્યા ગગન મુની દેવ;
રાવણ કહે હું ધનુષ ભાંગું ને, કન્યા વરૂં તતખેવ.

સતિ જાનકિયે સામું જોયું ને, દીઠા શ્રી મહારાજ;
સ્વામિ ભવોભવ હું પદસેવક, કેમ વિસારી આજ.

સતિ તે કેરાં વચન સુણીને, હસ્યા શ્રી રઘુવીર;
ક્ષણમાં રે વરૂં હું જાનકી, તું રાખ મનમાં ધીર.
કરજોડી પૂરી ભણે જેનો, અમરાપુરીમાં વાસ;

સ્વામિ સૌ સંતની દાસ છું, રઘુનાથ રાખો પાસ.

ક. ૪
ચંચળ અશ્વ ચઢયા રઘુનંદન, ઢોલ દદામાં ગાજેજી;
સીતાનો વર શોભે તોરણ, જોઇ કોટી કામ લાજેજી.

કટી કોમળ ત્યાં મેખલા સોહિયે, પાયે નેપૂર વાજેજી;
બાંહે બાજુબંધ બાંધ્યા છે, કોટે કૌસ્તુભમણિ છાજેજી.

જાનરડી વરની માડી સંગાતે, ગીત મધુરાં ગાયેજી;
સાસૂ પ્રેમે પનોતી ઘાઇ, વરને પોંખવા જાયેજી.

ક. ૫
નાક સાહિને નિર્ખ્યા અંતરજામી, મારી લાડકવાઇ રૂડો વર પામી;
એની ચોરિયે ચોતરફ હિરની દોરી, રાજા જનક કહે સીતા રામથી ગોરી.
ત્યારે મધુરી શી વાણી કૌશલ્યા બોલે, ત્રિલોકમાં નહિ મારા રામને તોલે.
સીતા પહેલું મંગળ વરત્યું રઘુરાય, ત્યાં તો મધુપર્કકેરાંદાન અપાય.
સીતા બીજું મંગળ વરત્યું રઘુરાય, ત્યાં તો મુદ્રીકા કેરાં દાન અપાય.
સીતા ત્રીજા મંગળ રામની સાથ કીધાં, ત્યારે જનકરાયે મહાદાન દીધાં.
સીતા ચોથુ મંગળ વરત્યું રઘુરાય, ત્યાં તો કન્યા કેરાં દાન અપાય.
ત્યાં બરાનપુરની બાજોઠી મંગાવો, ત્યાં વીસલનગરનિ થાળી અણાવો.
ત્યાં ડુંગરપુરની ઝારીને આણી, કંસાર પીરસે રાજા જનકની રાણી.
કંસાર પીરસ્યો તે રૂડીરે રીતે, સીતા રામ જમ્યાં તે પૂરણ પ્રીતે.
ત્યાં પાન સોપારીની છાબજ છોડી, સીતા રામ રહ્યાં છે બેઉ કર જોડી.
કરજોડી પુરી કહે જે જે રે કીજે, ત્યાં કન્યા સજોડાનાં ભામણાં લીજે.

ooo

૫૧
મેકરણ (૧૭મી ઉત્તરાર્ધ- ૧૮મી પૂર્વાર્ધ)

કચ્છના આ કવિ મેકરણ ડાડા તરીકે જાણીતા હતા.એમણે ગુજરાતી ને કચ્છીમાં પદરચના કરેલી.

૧ પદ

મારી મેના બોલે રે ગઢને કાંગરે...

મારી મેના રે બોલે રે ગઢને કાંગરે...
કાયાના કુડા રે ભરોંસા, દેયુંના જૂઠા રે દિલાસા, મેના..
–મારી મેના રે બોલે રે ગઢને કાંગરે...૦
એવી ધરતી ખેડાવો, રાજા રામની રે,
હીરલો છે રે ધરતીની માં ય, હીરલો છે રે ધરતીની માં ય, મેના...
–મારી મેના રે બોલે રે ગઢને કાંગરે...૦
એવી છીપું રે સમદરિયામાં નીપજે રે,
મોતીડાં છે રે છીપની માં ય, મોતીડાં છે રે છીપની માં ય, મેના...
–મારી મેના રે બોલે રે ગઢને કાંગરે...૦
એવો મૃગલો ચરે રે વનમાં એકલો રે,
કસ્તુરી છે રે મૃગલાની માં ય, કસ્તુરી છે રે મૃગલાની માં ય, મેના...
–મારી મેના રે બોલે રે ગઢને કાંગરે...૦
એવી મેના ને મેકરણ બેઉ એક છેરે
એને તમે જુદા રે નવ જાણો, એને તમે જુદા રે નવ જાણો, મેના...
–મારી મેના રે બોલે રે ગઢને કાંગરે...૦

ooo

૧૮મી સદી.....

૫૨ વલ્લભ ભટ્ટ
૫૩ રામકૃષ્ણ
૫૪ રત્નો
૫૫ દ્વારકાદાસ/ દ્વારકો
૫૬ અખઈદાસ/અખૈયો
૫૭ રાજે
૫૮ રણછોડ
૫૯ કાયમુદ્દીન ચિસ્તી
૬૦ રતનબાઈ
૬૧ નબીમિયાં
૬૨ શામળ
૬૩ કર્પૂરશેખર
૬૪ પદ્મવિજય
૬૫ કાળિદાસ
૬૬ ગવરીબાઈ
૬૭ ગંગાસતી
૬૮ જેઠીરામ
૬૯ ભાણસાહેબ
૭૦ રવિસાહેબ
૭૧ ખીમસાહેબ
૭૨ ત્રિકમસાહેબ
૭૩ રતનદાસ/ રત્નસિ
૭૪ ભીમસાહેબ
૭૫ લખીરામ/ લક્ષ્મીસાહેબ
૭૬ મોરારસાહેબ
૭૭ દાસીજીવણ/જીવણદાસ
૭૮ થોભણદાસ
૭૯ કરમણ
૮૦ પ્રીતમ/પ્રીતમદાસ
૮૧ ધીરો/ ધીરાભગત
૮૨ તુલજારામ
૮૩ નરભેરામ
૮૪ વસ્તો વિશ્વંભર

૫૨

વલ્લભ ભટ (૧૮મી સદી પૂર્વાર્ધ)

ગરબા-કવિ વલ્લભ મેવાડા તરીકે પણ ઓળખાતા આ શક્તિઉપાસક કવિએ મધુર અને પ્રાસાદિક ભાષામાં અને વિવિધ રાગઢાળો યોજીને ખૂબ લોકપ્રિય ગરબા રચ્યા છે. 'અંબાજીના શણગારનો ગરબો', 'આનંદનો ગરબો', 'મહાકાળીનો ગરબો', 'ગાગરનો ગરબો' એવા ખૂબ જાણીતા, લાંબા અને વર્ણનાત્મક, ગરબામાં એમણે અંબા, બહુચરા અને મહાકાળીનું મહિમાગાન કર્યું છે. એમાં અલંકાર-વૈભવ, સ્વાભાવોક્તિભર્યાં ચિત્રણો, પ્રાસ-અનુપ્રાસની ગૂંથણી, નાટ્યાત્મક પ્રસંગનિરૂપણ નોંધપાત્ર છે. આ ઉપરાંત તે સમયની સામાજિતાને નિરૂપતા 'કજોડાનો ગરબો/ગોરમાનો ગરબો' જેવા તથા'કળિકાળનો ગરબો' જેવા ઐતિહાસિક વિષયના ગરબા પણ એમણે લખ્યા છે, તેમજ નાની ગરબીઓ, મહિના, વાર, આરતી, ભક્તિપદો વગેરેની રચના પણ કરી છે. વર્ષો સુધી આ કવિનાગરબાગુજરાતમાં ગવાતા રહ્યા છે.

૩ ગરબા

૧.

અંબાજીના શણગારનો ગરબો

અંબા માતા રે મા વીનવું, લંબોદર લાગું પાય;
વાણી આપો રે મા માયા કરી, તેમ અક્ષર આપો માય.

સરસ્વતી ગુણપતિ રે મા સ્તવન કરું, જેના ગુણ ગાયા નવ જાય;

નયણે નીરખું રે મા માતાને, ધન્ય ધન્ય આરાસુરી માય.
શીશે શોભે રે મા રાખડી રે, માને શ્રવણે ઝબૂકે ઝાલ;
માજી રૂપ સોહામણાં રે મા, જેની જોત્ય પડે બહુ ગાલ.

શ્યામ ત્રિવેણી રે મા ચોટલો, માંહી જડિત્ર ગોફણો સાર;
ગોફણે ફરતી રે મા ઘૂઘરી, જેનો સુંદર ઘાટ આપર.

નીલવટ સોહે રે મા ચાંદલો, ને કુમકુમ કેસર આડ;
આડ અનોપમ રે મા શોભતી, મા વિધવિધ લડાવે લાડ.

વેણ સમારે રે મા આપશું, ને સેંથે ભર્યો સિંદોર;
નયણે કાજલ ર મા સારિયાં, અણિયાળે નાકે મોર.

ચોકે બાંધી રે મા ચૂંદડી, માંહી કસબે બંધ દીસે તોર;
કુમકુમ કેસર રે મા કસ્તૂરી, માંહી ચૂવાચંદનનું જોર.

દાડમ-કળીઓ રે મા દંત છે, ને મુખ ચાવ્યાં તંબોળ;
મુખથી બોલે રે મા મરકલડે, ને નૌતમ કરે કલોલ.

કોટે સોહે રે કટેશરી, માંહી મોતી કીડિયાં જેહ;
ચાંદલો સોહે રે મા સોના તણો, માંહે તનમનિયાં તેહ.

હારલો લહેકે રે મા જડાવનો, માજી કરે તે ઝૂમણું જ્યોત;
માળા લહેકે રે મા મુક્તાફળની, માદળિયે ઉદ્યોત.

ઉપર સોહે મા ઊતરી, માંહી દુગદુગી ભાત અપાર;

કંઠે નૌતમ રે મા કાંઠલો, માંહી રહે પુષ્પના હાર.
ચૂડી રૂડી રે મા શોભતી, માંહી કાંકણી તેને સંગ;
બાંહે બાજુબંધ રે મા બેરખા, આભૂષણ ધરિયાં અંગ.

ખટપટ ખળકે રે મા મેખલો, માંહી ઘૂઘરીનો ઘમકાર;
વાંજા વાજે રે મા રણઝણે, માંહી જંત્ર તણા તણકાર.

ચરણા ચોળી રે મા ચૂંદડી, માંહી કમલો લીલી ભાત;
વસ્ત્ર અનોપમ રે મા પહેરિયાં, તે સવે જૂજવી ભાત.

વેઢ વીંટીઓ રે મા આંગળીએ, ને નૌતમ દીસે અંગ;
અંગની આંગળીઓ રે મા આપશું ને દર્પણ દીસે સંગ.

કાંબી કડલાં રે મા શોભતાં, ને ઝાંઝર નેપુર સાર;
અણવટ ઠમકે મા અંગૂઠે, ને વીંછિયાનો ઝણકાર.

શણગાર પહેર્યા રે મા શોભતા, તેનાં શાં કરું વખાણ;
તળિયાં રાતાં રે મા પગ તણાં, જાણે ઊગ્યો ભ્રમર ભાણ.

સુરીનર મુનિવર રે મા મોહી રહ્યા, ને મોહ્યા મોટા ભૂપ;
મોહ્યા મોહ્યા રે મા દેવતા, મા જોતાં તારું રૂપ.

ચોસઠ બેનું રે મા આવિયો, ને માંડ્યો નૌતમ રાસ;
હરખ ધરીને રે મા હમચી, ખૂંદે તાળીઓ વાગે ત્રાસ.

હરતાં ફરતાં રે મા ફૂદડી, ને છંદે ગરબો ગાય;

શોભા શી કહું રે મા તમ તણી, તે કળી કોઈથી નવ જાય.
ગરબે ફરતાં રે મા જાળિયાં, તેના દીપક જ્યોત અપાર;
કમલ દીપક રે મા કોડિયાં, તેની શોભા તણો નહીં પાર.

પાર નવ આવે રે મા તમ તણો, તેના ગુણ ગાય છે ઈશ;
આવ્યા આવ્યા રે મા કાશી થઈ, ઇન્દ્રાદિક સુર તેત્રીસ.

બ્રહ્મા આવ્યા રે મા હંસ ચઢી, ને વૃષભ ચઢી મહાદેવ;
વિષ્ણુ આવ્યા રે મા ગરુડે ચઢી, જેની દેવ કરે છે સેવ.

નાચે નાચે રે મા ઉર્વશી, ને કરે અપ્સરા ગાન;
ગાન ગાવે રે મા નૃત્ય કરે, ત્યાં નાટક થેઈ થેઈ તાન.

જય જય વાણી રે મા સહુ વદે, ત્યાં પુષ્પની વૃષ્ટિ થાય;
હસી રમીને રે મા રાસમાં, તે સ્થાનિક બેઠાં માય.

ભોજન કીધા રે મન ભાવતાં, પક્વાન્ન દૂધ છે પાસ;
ઝારી ભરી રે મા ગંગાજલી ને મનમાન્યા મુખવાસ.

કર જોડીને રે મા વીનવે, વલ્લભ તારો દાસ;
સંકટ ટાળો રે મા સેવકનાં, મા તમે મનની પૂરો આશ.

૨.
(ગાગરનો ગરબો)

ગગનમંડળ કરી ગાગરી રે મા;

સુંદર સકલ શોભા ભરી રે મા.
આપે ભવાની ઉમંગ શું રે મા;
રાસ રમે મધ્ય રંગ-શું રે મા.

નવ ગ્રહમાં સહુથી વડો રે મા;
આદિત્ય અખંડ કર્યો દીવડો રે મા.

ઝળહળ જ્યોત બિંબ ગોળ-શું રે મા;
ઊગ્યો શશી તે કલા સોળ-શું રે મા.

કોણ કળા ભગવતીના ભેદની રે મા;
કોડિયું કર્યું તે માયે મેદની રે મા.

વાતી વિશાળ મધ્ય મેરની રે મા;
યોજન પંચાસ લક્ષ ફેરની રે મા.

સાત સાગર ભર્યા ઘી-તણા રે મા;
એવા બહુ ખેલ બહુચરાતણા રે મા.

જોતાં જુગત જુગતિ મલી રે મા;
ચોહોદિશે ચારુ મુક્તાવલી રે મા.

સ્થાવર જંગમ અનુરાગ-શું રે મા;
ખાંતે બિરાજે વિભાગ-શું રે મા.

કચ્છપની ગાદી કરી રે મા;

મહામાયાએ માથે ધરી રે મા.

માને મળી તે મન લાગની રે મા;
ઉપર ઊઢાણી શેષનાગની રે મા.

અકલ આકાશની આંકણી રે મા;
ગાગર ઉપર ધરી ઢાંકણી રે મા.

તેત્રીસ કરોડ વિસ્મે થયા રે મા;
આપે આપ ભૂલી ગયા રે મા.

ઉચર્યા અમર એકઠા મથી રે મા;
ગાગરનાં તેજ-તુલ્ય કો' નથી રે મા.

ત્રણ ભૂમાં કો' ન શકે કથી રે મા;
ગુણવંતી થઈ તે તે થકી રે મા.

પરમ મનોહર દૂઝતી રે મા;
સુખે તે દેવને સૂઝતી રે મા.

આઠે પહોરે તે અમી સરે રે મા;
જગત પાન તે બધાં કરે રે મા.
વરસે તે વિવિધ પ્રકાર-શું રે મા;
આવે અખંડ ચાર ધાર-શું રે મા.

અઝર ઝરે તે આઠ યામનાં રે મા;

ધર્મ અરથ મોક્ષ કામનાં રે મા.

અતિ અદ્‌ભુત વસ્તુ જે હતી રે મા;
પ્રગટ કર્યાં ચારે શ્રુતિ રે મા.

નિર્મ્યાં નિગમ નિજ ધામનાં રે મા;
વિશ્વતણા તે વિશ્રામનાં રે મા.

ત્રણ દેવ ગાગરમાં વસે રે મા;
સદા સમીપ, ન જોઈ ખસે રે મા.

શિવ વિષ્ણુ વસે છે અંતરે રે મા;
બ્રહ્મા વસે છે નિરંતરે રે મા.

ગાગર ધરે શિર બહુચરી રે મા;
અજર અમર ઈશ્વરી અને રે મા.

સૌ રાસ રમે રસાલી બને રે મા.
નીરખે શોભા તે સુખસાગરે રે મા;

ચૌદ લોક મોહ્યા માની ગાગરે રે મા.

૩.
(મહાકાળીનો ગરબો)

મા તું પાવાની પટરાણી કે, કાળી કાળકા રે લોલ,

મા તારો ડુંગરડે છે વાસ, કે ચડવું દોહલું રે લોલ.

મા તારા મંડપની શોભાય, કે, મુખથી શી કહું રે લોલ,
મા ત્યાં જપ કરતા દીઠા કે, વિશ્વામિત્ર ઋષિ રે લોલ.

મા તારા ડાબા જમણા કુંડ કે, ગંગા જમનાં સરસ્વતી રે લોલ,
મા તારાં કુકડિયાં દશ-વીસ કે, રણમાં ચડે રે લોલ.

કોઈ મુગલે મારી નાખ્યાં કે, બોલાવ્યાં પેટમાં રે લોલ,
કે પ્રભાતે પંખીડાં બોલ્યાં કે, કીધો ટહુકલો રે લોલ.

લીધાં ખડગ ને ત્રીશૂળ કે, અસુરને મારીયો રે લોલ,
ફાડી ઉદર નીકળ્યાં બહાર કે, અસુરને હાથે હણ્યો રે લોલ.

આવી આવી નોરતાંની નવરાત્ર કે, મા ગરબે રમે રે લોલ,
માએ છૂટા મેલ્યા કેશ કે, ફૂદડી બહુ ફરે રે લોલ.

માજી કીઓ સજું શણગાર કે, રમું રંગમાં રે લોલ,
ઓઢ્યાં અમર કેરી જોડ કે, ચરણાં ચુંદડી રે લોલ.

માએ કરી કેશરની આડ કે, વચમાં ટીલડી રે લોલ,
સેંથે ભર્યો છે સિંદૂર કે, વેણા કાળી નાગણી રે લોલ.
માજી દાંતે સોનાની રેખ કે, ટીલીની શોભા ઘણી રે લોલ,
પાયે ઝાંઝરનો ઝમકાર કે, વાગે ઘૂઘરા રે લોલ.

ચોસઠ બેની મળી છે ત્યાંય કે, શણગાર શોભા ઘણી રે લોલ,

આવું રૂડું ચૌટું ચાંપાનેર કે, વચમાં ચોક છે રે લોલ.

રાજાની ચતુરા ચંચલ નાર કે, કાળિકાને બેનપણા રે લોલ,
બેની મારી, ગરબે રમવા આવો કે, ભવાની મા કાળકા રે લોલ.

ખેલે મંડપની માંય કે, ફેર ફરે ફૂદડી રે લોલ,
જોવા મળીયા તેત્રીસકોડ દેવ કે, ફૂલડાં વેરીયાં રે લોલ.

રાજાએ અંધાર-પછેડો ઓઢ્યો કે, મા તારે હેરડે રે લોલ,
રાજાએ છળ કરી ઝાલ્યો કે, માજીનો છેડલો રે લોલ.

"માગ માગ, પાવાના રાજન કે ત્રુષ્ટમાંન થઈ રે લોલ,
માગ માગ પુત્ર કેરી જોડ કે, બંધાવું પારણાં રે લોલ.

માગ માગ, ઘોડાની ઘોડશાળ કે, હસ્તી માગ ઝૂલતા રે લોલ,
માગ તોપો ને તોપખાન કે, જંજાલુ અતિ ઘણા રે લોલ.

માગ ગુજરાત સરખો દેશ કે, ભદ્ર બેસણાં રે લોલ,
માગ સુરત સરખું શહેર કે, બંદર અતિ ઘણાં રે લોલ.

માગ માગ ઉત્તર કેરો ખંડ કે, નવ કોટિ માળવો રે લોલ."
"કે માગું એટલડું વરદાન કે, મોહોલે પધારજો રે લોલ"
"ફટ ફટ પાવાના રાજન કે, એ શું માગીયું રે લોલ,
આજથી છઠે ને છ માસ કે, મૂળ તારું ગયું રે લોલ.

કાળકા સડવડ ચાલ્યાં જાય કે, બજારે નીસર્યાં રે લોલ,

કે બુઢિયો દર દરવાજે દીવાન કે, જઈને પૂછિયું રે લોલ.

"કેની કોર પથાના દેબાર કે કેણી કોર રાજવળાં ર લોલ."
"માતા ઊગમણા દરબાર કે, આથમણાં રાજવળા રે લોલ."

ક્યાંથી નવલખી આવી પોઠ કે, જોઈ પૂછિયું ર લોલ,
"પોઠમાં સી સી વસ્તુ હોય કે, પોઠમાં શું ભર્યું રે લોલ.

પોઠમાં લવીંગ સોપારી એલચી કે, મીસરી ઘણી રે લોલ."
બુઢીએ બુડી નાખી એક કે, લોહીની ધારા ચાલી રે લોલ.

માંહીથી નીકળ્યા મુગલ દૈત કે, ડેરા રોપિયા રે લોલ,
બાંધ્યાં તરવારે તોરણ કે, કાળિકા કોપિયાં રે લોલ.

"ભાગ ભાગ પાવાના રાજન કે, પાવો તારો ઘેરિયો રે લોલ,"
લીલુડે ઘોડલે માંડવાં પલાણ કે, પેથાઈ ભાગીય રે લોલ.

"રાજા તારી રાણી કાઢ બાહાર કે, કાંકરીયા પાળ ભરી રે લોલ,
ફરતી કર માજીની ફોજ કે પાવો ઘેરિયો રે લોલ."

લીધું લીધું ચૌટું ચાંપાનેર કે, રાજા ગઢ રોળીયો રે લોલ,
રોળ્યા સુબા ને સરદાર કે, પુત્ર પાટવી રે લોલ.
જોબનવંતી નારીઓ અનેક કે, મુગલા વળગ્યા ફરી રે લોલ,
પાટવી પુત્રની નાર કે, તેને છે દુઃખ ઘણાં રે લોલ,

મારીને કીધેલા છે ચકચૂર કે પાવો ઘેરિયો રે લોલ,

સુલતાન ચલ્યો સંઘે છડીદાર કે, પાવે જઈ મલ્યો રે લોલ.

તેને અભય મળ્યું વરદાન કે, નીર ભર્યાં નેત્રમાં રે લોલ,
"માજી હું છઉં તમારો દાસ કે, આપો મને આજ્ઞા ૨ લોલ."

માનાં લોચન દીઠાં વિકરાળ કે, રાતી આંખડી રે લોલ,
સુલતાન નમ્યો માને શીશ કે, પાયે પડી પ્રીતશું રે લોલ.

"માજી વાત વીસારો મન કે, અલ્પ મતિ છે થોડી રે લોલ,"
માજી થયાં તેને પ્રસંન કે, "માગ ત્રુષ્ટમાન થઈ રે લોલ.

આપું રે તુને વરદાન કે, પાવોગઢ બેસણાં રે લોલ,"
"માજી થાજો મને પ્રસંન કે, નથી જોતાં રાજ હવે રે લોલ.

માગું ભક્તિ પદારથ વૈરાગ કે સેવું માના ચરણને રે લોલ,"
માજીએ મુસ્તક મેલ્યો હાથ કે, નિર્ભે કરી થાપીયો રે લોલ.

સાતમી પેઢીએ આપીશ રાજ કે, પાવો આપીયો રે લોલ,
માનો થાજે તું સેવક કે, નિર્ણે થાપીયો રે લોલ.

ઉપમા કાળકાની કોઈ ગાય કે, શીખે સાંભળે રે લોલ,
ગરબો ગાયે તે વલ્લભ કે, શેવક માનો સહી રે લોલ,
માજી આપજો અવિચળ વાણ કે બુદ્ધિ છે થોડી રે લોલ.

ooo

૫૩
રામકૃષ્ણ(૧૮મી પૂર્વાર્ધ)

આ પદકવિએ ગોપીકૃષ્ણ-પ્રીતિનાં સુંદર પદો રચ્યાં છે.

૨ પદો

૧

આવે વહાલો લટકંતો ગોપાલઃ
સાંજ સમે સુરભિ લઈ આગળ, દીનાનાથ દયા. આવે૦

મોર-મુકુટ મકરાકૃત કુંડલ, નીલવટ તિલક રસાલ;
પલવટડી રે પીતાંબર કેરી, ઉર વૈજ્યંતી માલ. આવે૦

જય જયકાર કરે સુર નર મુનિવર, ગુણ ગાયે ગોવાળ;
રામકૃષ્ણ રસ દિન દિન ચઢતો દીનાનાથ દયાળ. આવે૦

૨

હરિ શું કરીએ રે સંસારને, મુને વળગ્યા રે વરી પ્રાણ;
હું તો તમથી તેણે અળગી રે, મારા પ્રીતમ પરમ સુજાણ. હરિ૦

મુને મોહનમુખ દીઠા વિના, મારી દુર્બળ થઈ છે દેહ;
રાત દિવસ જાએ ઝુરતાં, જોઉં છું ચાતક જલ મેહ. હરિ૦

ચર્ણ તમારાં ચિત્ર ધરું, મારે હરનિશ એહ આધાર;
આવો રામકૃષ્ણ પ્રભુ પાતળા, મારી વહેતી તે કરજો. વાર. હરિ૦

ooo

૫૪

રત્નો (ઈ. ૧૮મી સદી પૂર્વાર્ધ):

રત્ના ભાવસારને નામે જાણીતા આ કવિ પ્રેમલક્ષણાભક્તિના પદકવિ હતા. 'મહિના' નામે લખેલી આ કવિની બારમાસી, એમની વિશિષ્ટ કવિશક્તિથી અલગ તરી આવે છે. એમણે 'દાણલીલા' નામની એક નાની કૃતિ પણ રચી છે.

મહિના

કારતક રસની કુંપળી, નયણાંમાં ઝળકાય;
અંગ સમારે રાધિકા, મનમથ રહ્યો શોભાય.

કારતકે કંથ મેલી ગયા, સાંભળ સૈયર વાત;
ગોકુળનીરે ગોવાલણી, ઘસવા લાગી રે હાથ.

વાયદા ઉપર વધતા ગયા, દિવસ ગણતાં રે માસ;
અમો રે વિશ્વાસે વળગી રહ્યાં, મોહન મળવાની આશ.

સગાં રે સહોદર છે ઘણાં, નાથ વિના રે શી નાર;
બળ રે કરી નવ બોલિયે, મસ્તક નહિ રે મોરાર.

અમો રે મળતાં શું મથી ગયાં, બાકી રાખ્યું ન કાંય;
કહેવા સરખું રહ્યું નહીં, જાણે જાદવરાય.

પૂર્વની પ્રીત સંભારિયે, જાણી પોતાની દાસ;
રત્નાના સ્વામી રે શામળા, પૂરો અબળાની આશ.

ઓધવજી રે સંદેશડો, કહેજો મથુરા મોઝાર,
જેરે દહાડાના ગયા નાથજી, ઝૂરે વ્રજની નાર.

ઓધવજી રે૦

માગશર મન મેગળ થયો, ઉપર નહીં ભરથાર;
મધુપુરમાં વાસો વસ્યો, અંકુશને દેનાર.

માગશર મહિનો આવિયો, નાવ્યા નંદકુમાર;
સંભારતાં સાંસો પડે, આંખે આંસુની ધાર.

આશા ઉમેદે અવતર્યા, અબળાનો અવતાર;
કહોને અમે કેમ કીજિયે, મેલી ગયા રે મોરાર.

પ્રથમ તો મધુકર મોકલ્યો, વ્હાલે કાવ્યો છે જોગ;
આપણ અબળાને એ ઘટે, જો જો કરમના ભોગ.

ઘરમાં તે હળવી હું પડી,બાહાર નવ રે બોલાય;
કૂવા તે કેરી છાંયડી, કૂવામાં રે સમાય.

મળતાં મોટમ નવ રાખિયે, આવો શ્રી ભગવાન;
રત્નાના સ્વામી રે શામળા, દોને દરશન દાન.

ઓધવજી રે૦

પોષે તો પરવશ પડી, વ્રહ વ્યાપ્યો અતિ અંગ;
ઓસડ-ગુણ લાગ્યો નહીં, ડશિયો શ્યામ-ભુજંગ

પોષે તે પહેલા પૂરમાં, જોબન બાળેરે વેશ;
પૂરણ પાપ તેનાં મળ્યાં, જેનો પિયુ પરદેશ.

આછી પટોળી રે ઓઢવા, શિયાળાની રે ટાઢ;
પાંચ પહોરની રાતડી, વ્હાલે કીધી છે રાઢ.

સાંજ સંજોગે સૌ મળ્યાં, જુવે વાલાની વાટ;
વિસાર્યા કેમ વિસરે, ઊભા જમુનાને ઘાટ,

ઘણું રે ગાઢું કરી રાખિયે, હૈડું નવ રહે હાથ;
પ્રીત કરી કેમ પરહર્યા, નાવ્યા નગણા રે નાથ.

બળતી બોલું છું હું હે, રખે રાખતા રીશ;
રત્નાના સ્વામી રે શામળા પાયે નમું છું શીશ.

ઓધવજી રે૦

મહા મહિને ન માહરું, આકુળ વ્યાકુળ થાય;
રુવે વિજોગણ રાધિકા, એકે ન સૂઝે ઉપાય.

હજી હરિ શેં નવ આવિયા, આવ્યો મક્કર માસ;
ભાગ્ય વિના કેમ પામિયે, વ્હાલાજીનો વોલાસ?

કુબજા સરખી કામિની, આવી હરિને રે હાથ;
આપ કાળા ને એ કૂબડી, ભલી ભજિ છે રે ભાત.

સરખા સરખી રે સાહેલડી, જમુના નહાવારે જાય;
પૂજીને માગે રે પ્રેમદા, મળજો જાદવરાય.

એક દુઃખે અમો દાઝિયે, બીજું કૂબજાનું શૂળ;
નિર્ગુણ જોગ વળી લખે, દાઝ્યા ઉપર લૂણ.

દયા રે દામોદર દિલ ધરી, ભેટો શ્રી ભગવાન;
રત્નાના સ્વામી રે શામળા, ક્યારે મળશો રે કહાન.

ઓધવજી રે૦

ફાગણ આવ્યો હે સખી, કેશુ ફૂલ્યાં રસાળ;
હૃદે ન ફૂલી રાધિકા, ભમર કનૈયોલાલ.

સઘળો શિયાળો વહી ગયો, આવ્યો ફાગણ માસ;
અંતરમાં અતિ ઊપજે, હોળી રમવાની આશ.

વસંત વધાવવાને હું જતી, કુમકુમ ભરીને કચોળ;
કેસરી સાળુ રે પહેરવા, મુખ ભરીને તંબોળ.

અબિલ ગુલાલ ઉડે ઘણાં, વાગે તાલ મૃદંગ;
કોકિલ શબ્દ સોહામણા, કંપે અબળાનું અંગ.

તરૂવર આંબો મ્હોરિયો, ફૂલ્યાં કેસુડાં વન,
અમો અબળાને એ ઘટ્યું, મરવું મુંઝાઈ મન.

વેરી વિધાતાએ લખ્યો, વ્હાલાતણો રે વિજોગ;
રત્નાના સ્વામી રે શામળા, આવી કરો રે સંજોગ.

ઓધવજી રે૦

ચૈત્રે ચુતા સંચરી, ઊભી જમુનાને તીર;
પંથ ન્યાળતી પ્રેમદા, રડતાં ભીંજે ચીર.

ચૈતર માસનો ચાંદલો, રૂડી નિર્મળ રાત;
સ્વપનામાં સ્વામી રમી ગયા, હદે થઈ રળિયાત.

જાગીને જોતાં દિસે નહીં, ફાળ પડી છે પેટ;
બોલાવ્યા બોલે નહીં, નાશી પેઠા રે નેટ.

કોમળ કર ધરી દીવડો, ચતુરા ન્યાળે ચોપાસ;
ખોળતાં ખૂટી રે રાતડી, ન મળ્યા શ્રી અવિનાશ.

પાછલી રાત પરોઢિયું, ઊઠી પ્રાતઃકાળ;
જોશીડા જોશ સંભાળજે, આ શું આળપંપાળ.

સુખ સ્વપનાનું સાંભરે, ભીતર ભડકા રે થાય;
રત્નાના સ્વામી રે શામળા, આવી મળે તો ઓલાય.

ઓધવજી રે૦

વૈશાખ આવ્યો રે સખી, વહી ગયા ખટમાસ;
હજી સંદેશો નાવિયો, કાગળની શી આશ.

વૈશાખે વાયા રે વાયરા, પાક્યાં દાડમ દ્રાખ;
પાકી તે રાયણ આંબલી, ગળી આંબાની સાખ.

લુકનાં લેહેરાં લાગે ઘણાં, બહાર નવ નિસરાય;
ધરતી તખે ને રવી તપે, કોમળ મુખ કરમાંય.

ફૂલડાંની સેજ સારિયે, બેહેકે ચંપો ને જાય;
વ્હાલાજી કેરે વીંઝણે, કેને ઢોળું રે વાય.

માંગ સમારું રે મોતીએ, સેંથે ભરું રે સિંદૂર;
નાથજી લ્હાવો લીજિયે, જોબન જાય ભરપૂર.

ગ્રીષ્મ ઋતુ અતિ દોહેલી, વ્હાલા વિચારો મન;
રત્નાના સ્વામી રે શામળા, સોંપ્યું તન, મન, ધન.

ઓધવજી રે૦

જેઠે જોડી સોગઠી, પાસા લીધા હાથ;
જાણ્યું પડશે પાધરા, અવળા પડિયા, નાથ!

જેઠ લગી જોઈ વાટડી, કોઈ આવે ને જાય;
કાગળ કટકો મળ્યો નહીં, લખવા જાદવરાય.

મરવું તે મુખથી કેમ કહું, મરણ હરિને રે હાથ;
પ્રીતમગત મૃત્યુ થઈ રહી, જાણે વૈકુંઠનાથ.

સગપણ સાચું સૌ કહે, પ્રીત પીતળ ફોક;
એ રે ઉખાણો સાચો મળ્યો, ભલા હસાવ્ય લોક.

દોષ અમારાં અદૃષ્ટનો, વાલાજીનો શો વાંક;
સુખદુઃખ સરજ્યું દેહને, મારી વિધાતાએ ટાંક.

ચતુર થઈ નવ ચૂકિયે જાણો અબળાનો ધર્મ;
રત્નાના સ્વામી ૨ શામળા, વળતી બેસશે કર્મ.

ઓધવજી રે૦

અસાડ આવ્યો હે સખી, કેમ કરિ કાઢું દન;
નાથ નમેરા થઈ રહ્યા, હૃદે પડ્યાં રે રતન.

અસાડો ઘન ઊલટ્યો, માગ્યા વરસે રે મેહ;
વીજલડી ચમકારા કરે, વ્હાલે દીધો રે છેહ.

મોરના શોર સોહામણા, દાદુર બોલે રે જોર;
કોયલડી ટૌકા કરે, નાવ્યા નંદકિશોર.

રાત અંધારી ઊડે આગિયા, દેખી ઝબકે રે મન;
દીવડો દીસે બિહામણો, નાવ્યા જગના જીવન.

લીલાં ચરણાં અવનીએ ધર્યાં, તરુવર ગેરગંભીર;
પંખીડે માળા રે ઘાલિયા, જ્યાં ત્યાં ભરિયાં રે નીર.

જોગીડા પણ પંથ પરહરી, બેઠા એક આસન;
રત્નાનો સ્વામી રે શામળા, આવો જગના જીવન.

ઓધવજી રે૦

*

શ્રાવણ માસે સજ થઈ, દરપણ ન્યાળે અંગ;
તતક્ષણ તે ધરણી ઢળી, જાણે ડસ્યો ભુજંગ.

શ્રાવણ માસ સોહામણો હિંડોળાના રે દંન;
હિંચે તે ગોરી રાધિકા, ઘણું રંગ્યા રે પાય.

ગૌરી પૂજે સાહેલડી, કરમાં પુષ્પની માળ;
બીજા રે કરમાં કંકાવટી, મુખે શ્રીગોપાળ.

ચાર પહોર જાગરણ કરે, ગૌરી ગરબા રે ગાય;
રાત થોડી ને રમત ઘણી, રખે વહાણું રે વાય.

શ્રાવણે પાક્યો આંબલો, કોને કરીએ ભેટ;
રત્નાના સ્વામી રે શામળા, આડો જમુનાનો બેટ.

ઓધવજી રે૦

*

ભાદરવે ભવન પંચમે, ખળકે હિંદોળાખાટ;
પુષ્પને પંખે પદ્મણી, જુવે વ્હાલાની વાટ.

ભાદરવો ભરપૂમાં, ભલું જણાયે જોર;
ગગન વિશે કરે કાટકા, નાવ્યા નંદકિશોર.

ઉત્તરદેશથી ઉલટ્યો, થયો ઘોર અંધાર;
વીજલડી ચમકાર કરે, નાવ્યા નંદકિશોર.

પંચ રંગના આભમાં, મોટા તાણ્યા રે મચ્છ;
ચંપક વરણી રે રાધિકા, ચીર ભીંજાયે સ્વચ્છ.

નદીએ નીર ભર્યાં ઘણાં, નવ દીસે ઉતાર;
વેરણ જમુના પૂરે ચઢી, પિયુડો પેલે રે પાર.

બાળ્ય બધું સુખ દેહનું, જેનો નાથ નઠોર;
રત્નાના સ્વામી રે શ્યામળા, બળતી બોલું છું જોર.

ઓધવજી રે૦

*

આસોએ આશા હતી, મળવાની મનમાંય;
ઓધવજી ભલે આવિયા, વીરા થાઓ વિદાય.

દુઃખના રે દહાડા વહી ગયા, આવ્યો આસો રે માસ;
સૌ કો સપરમે દહાડલે, વસે પોતાને વાસ.

નવ રે દહાડા ગયાં નોરતાં, નાવ્યા દશરા રે માંય;
મોટો ઓછવ દીવાળીનો, આવી કરજો ઈહાંય,

સખી સાહેલી સૌ મળી, હરિને લેવાને જાય;
આણે મારગ હરિ આવશે, ઉલટ અંગ ન માય,

ધનતેરસે ધન ધોઈને, સજ્યા સોળ શણગાર;
નયણે તે કજળ સારિયાં, મળવા નંદકુમાર.

કોમળ કરમાં રે દીવડો, હઈડે હરખ અપાર;
હરિને નિહાળવા નીસરી, ઊભી આંગણાં બહાર.

મનના મનોરથ વહી ગયા, એકે સિધ્યું નહીં કાજ;
રત્નાના સ્વામી રે શામળા, દોહેલું કીધું છે રાજ.

ઓધવજી રે૦

ooo

૫૫

દ્વારકાદાસ /દ્વારકો (૧૮મી સદી પૂ.)

આ કવિએ કૃષ્ણવિષયક પદો ઉપરાંત ‘રાધિકાવિરહના બાર માસ’ પણ લખ્યા છે

૨ પદો

૧

શણગાર.

રાગ ગરબી.

આજ મારે આંગણિયે પેલો, નંદનો કુંવર બેઠો જો;
હું ગઇતી જમુના જળ ભરવા, છાનો ઘરમાં પેઠો જો. ૧

ઘરમાં પેશી એવું કીધું, માંકડલાં બોલાવ્યાં જો;
મહિ કાઢી મ્હોં આગળ મેલ્યાં, ખાવા સાર- આવ્યાં જો. ૨

ઓચિંતી મહિયારી આવી, હરિની બાવડી ઝાલી જો;
મોંઢા ઉપર ગોરસ લોહ્યું, ઓચંબા લઈ ચાલી જો. ૩

સાંભળજે તું જશોદા રાણી, તારો કુંવર લાવી જો;
બાળક તારો બહુ મસ્તાનો, ટેવ શી પાડી આવી જો. ૪

કહે જશોદા જૂઠા બોલી, જીભ કરો કાંઇ થોડી જો;
મારો કુંવર કાંઇ ન જાણે, બેઠો બેઉ કર જોડી જો. ૫

બાળ જુવે તો પોતા કેરું, જોઇને લજ્જા પામી જો;
સહુ ગોપીનાં માન ઉતાર્યો, એવો અંતર્યામી જો. ૬

એની અક્કલને કોઇ ન પહોંચે, ગતિએની બહુ ન્યારી જો;
દ્વારકાના સ્વામી સંગે, અબળા રહી છે હારી જો ૭

૨
નેન ભરી

નેન ભરી ભરી જુઓ નંદકુમાર;
જશોમતી કુખે ચંદ્રમા પ્રકટ્યો, વ્રજકરવા ઉદ્ધાર. ટેક.

વનમાં ન જાવું કોઇએ, ગોપી ગોપ કર્યો વિચાર;
રંગ બેરંગ કર્યા વાગા, ધર્યા વિવિધ શણગાર. નેન૦

હળદર દૂર્વા કુંકુમ, દધિમંડિત કર્યુ દ્વાર;
પૂર્યો ચોક વિવિધ મુક્તાફળ, કરે મંગળ ઉચ્ચાર. નેન૦

ચાર વેદ ધૂનિ કરે મહામુનિ, કરતા શુભ વિચાર;
થયો પુણ્યનો પુંજ શ્યામળો, સફળ સિદ્ધ દાતાર. નેન૦

ગોકુળવધૂ નિરખી આનંદિત, નંદકુમાર ઉર હાર;
દાસ દ્વારકો આશિષ દેતો, ચિરંજીવ પ્રાણાધાર. નેન૦

ooo

૫૬

અખૈયો/અખઈદાસ (૧૮મી સદી પૂ.)

આ જ્ઞાનમાર્ગી કવિ ભૂતનાથ-શિષ્ય હતા. સંતવાણીની પરંપરાનાં પદો એમણે લખ્યાં છે.

૩ પદો

૧

કાં નિંદરમાં
કાં નીંદરમાં સુવો? અરે, તમે જરા વિચારી જુઓ
અજ્ઞાની લોકો રે, તમે કાં નિંદરમાં સુવો?
—અજ્ઞાની લોકો રે, તમે કાં નિંદરમાં સુવો?...
માત પિતાની સેવા રે કરતાં શ્રવણ સરગે ગિયો
સંસારીનું કલંક ન લાગ્યું સદા અવીચળ રિયો...
—અજ્ઞાની લોકો રે, તમે કાં નિંદરમાં સુવો?...
ઓસડ વેસડ નામ નારાયણ ઘોળી ઘોળીને પીઓ
જડી બુટી કાંઈ જામ નૈં આવે, વૈદ જ પોતે મુઓ...
—અજ્ઞાની લોકો રે, તમે કાં નિંદરમાં સુવો?...
પીળા પિતાંબર પહેરતો ઈ માણેકીયો પણ મુઓ
ભુતનાથ ચરણે ભણે અખૈયો, જૂનાં ખાતાં ખોલીને જુઓ...
—અજ્ઞાની લોકો રે, તમે કાં નિંદરમાં સુવો?...

૨

જિયાં રે જાઉં ત્યાં નર જીવતા...
જિયાં રે જોઉ ત્યાં નર જીવતા, મરેલા ન મળે કોઈ;
મરેલાને જો મરલા મળે, તો એને આવાગમન નો હોય...
—જિયાં રે જોઉ ત્યાં નર જીવતા...

મડદું પડ્યું મેદાનમાં જીવો રે હાં...
ઈ તો કોઈના કળ્યામાં નો આવે રે હાં...
કામ ક્રોધ ને ઈરખા, હે જી ઈ તો ત્રણેને ખાઈ જાવે રે...
–જિયાં રે જોઉ ત્યાં નર જીવતા...
મડદાનો ખેલ મેદાનમાં જીવો રે હાં...
એને કોઈ રતીભાર ચાખે રે હાં...
એક રે અક્ષરનો અનુભવ કરી, એને રૂદિયામાં રાખે...
–જિયાં રે જોઉ ત્યાં નર જીવતા...
જીવતા માણસને જોખો ઘણો જીવો રે હાં...
મરેલાને કોણ મારે રે હાં...
જોખમ મટી જાય જેને જીવનું, ઈ તો જમડાં પાછા વાળે...
–જિયાં રે જોઉ ત્યાં નર જીવતા...
મને રે મારીને મેંદો કરે જીવો રે હાં...
ગાળીને કરે એનો ગોળો રે હાં...
ભૂતનાથ ચરણે અખૈયો ભણે, જેણે લીધો સંતનો ઓળો...
–જિયાં રે જોઉ ત્યાં નર જીવતા...

૩

હરિ મંદિરમાં હોય થાળી...
હરિ મંદિરમાં હોય થાળી, મારા પ્રભુ મંદિરમાં હોય થાળી
તમે જમોનેમારા વનમાળી... હરિ મંદિરમાં હોય થાળી.....૦
લોટો ભર્યો છે જળ જમના નીર વાલા! લોટો ભર્યો છે જળ જમના નીર;
આચમન કરો ને વ્હાલા બળભદ્રના વીર... હરિ મંદિરમાં હોય થાળી.....૦
ઉનાં ઉનાં ભોજન ટાઢાં થાય, વ્હાલા! ઉનાં ઉનાં ભોજન ટાઢાં થાય;
પાપડ પુરી માંહે વડીનો વઘાર... હરિ મંદિરમાં હોય થાળી.....૦

લવીંગ સોપારી, જાય ફળ જોડ, વ્હાલા! લવીંગ સોપારી, જાયફળ જોડ;
મુખવાસ કરોને મારા રાય રણછોડ... હરિ મંદિરમાં હોય થાળી.....૦
શેરીએ શેરીએ પડાવું સાદ, વ્હાલા! શેરીએ શેરીએ પડાવું સાદ;
નો લીધો હોય તેને આપો પ્રસાદ... હરિ મંદિરમાં હોય થાળી...૦
આ થાળી અમરા પુરામાં જાય, વ્હાલા! આ થાળી અમરાપુર જાય;
ભુતનાથ ચરણે અખૈયો ગુણ ગાય... હરિ મંદિરમાં હોય થાળી.....૦

ooo

૫૭

રાજે (૧૮મી સદી પૂર્વાર્ધ):

.આ મુસ્લિમ કવિની મોટા ભાગની કવિતા કૃષ્ણચરિત્રને વિષય કરતી પ્રેમલક્ષણાભક્તિની છે. એમનાં દોઢસો જેટલાં પદોમાં થાળ, આરતી, ગરબી એવું સ્વરૂપવૈવિધ્ય તથા રાગઢાળોનું અને રચનાશૈલીનું વૈવિધ્ય તેમજ ભાષા-માધુર્ય, ભાવાર્દ્રતા અને કલ્પનાની ચમત્કૃતિ પણ નોંધપાત્ર છે. આ ઉપરાંત કૃષ્ણવિષયક કેટલીક આખ્યાનાત્મક કૃતિઓમાં, પ્લવંગમ છંદમાં રચાયેલી જ્ઞાનવૈરાગ્યલક્ષી ૫૦ 'જ્ઞાનચુરાસ'માં તથા 'બારમાસા'માં કવિનું સર્જકકૌશલ વરતાય છે.

૫ પદો

૧

. મોહનજી તમો મોરલા

મોહનજી તમો મોરલા, હું વારી રે; કાંઈ અમો ઢળકતી ઢેલ,
આશ તમારી રે.
જ્યાં જ્યાં ટહુકા તમે કરો, હું વારી રે; ત્યાં અમો માંડીએ કાન,
આશ તમારી રે.
મોરપીંછ અમો માવજી, હું વારી રે; વહાલા વન વન વેર્યાં કાંથ
આશ તમારી રે.
પૂઠે પલાયાં આવીએ, હું વારી રે; તમો નાઠા ન ફરો નાથ,
આશ તમારી રે.
મોરલીએ મનડાં હર્યાં, હું વારી રે; વિસાર્યો ઘર-વહેવાર,
આશ તમારી રે.
સંગ સદા લગી રાખજો, હું વારી રે; રાજેના રસિયા નાથ,
આશ તમારી રે.

૨

અણીયાલી સી આંખમાં

અણીયાલી સી આંખમાં કૈં કાંમણ રે,
તે વેધાં તંનમંનપ્રાંણ સી સીખાંમણ રે.

એના વાંસલડીના વેણમાં કૈં કાંમણ રે,
તે સાંભળતાં સૂધ જાએ સી સીખાંમણ રે.

એની મીટલડીની મીટમાં કૈં કાંમણ રે,
તે ચોરી લે છે ચંત સી સીખાંમણ રે.

એ સમજાવાની સાંનમાં કૈં કાંમણ રે,
તેહેમાં તાંણી લે છે મંન સી સીખાંમણ રે.

એના ગાઆ ના ગુણ ગ્રામમાં કૈં કાંમણ રે.
રાજેના રસીઆ નાથ સી સીખાંમણ રે.

૩

તાહારાં નૈણની બલહાર

(રાગઃ મલાર, ચાલ હૂસની)

તાહારાં નૈણુની બલહાર
મોહન, મીટડલી ન માર!
લોચન તાહારાં લાગણાં રે, પડે કાલજ પાર,
લોટપોટ થઆં સખી, સૂ કહે વીસ્તાર? મોહન

એ આંખડીઓ બરછીની અણીઓ પેપણ ખાંડા-ધાર,
ચાલતાં ચંત પીઆરાં વેધે એહેવુ એ નાર ધાર. મોહન

જોઈ જોઈને જાએ તારે વારણે વ્રીજનાર,
રાજેના પ્રભુ અંતરજાંમી, અમને સાંખે દ્વાર. મોહન

૪

તમે છાંના આવુ ઘેર
તમે છાંના આવુ ઘેર કે, મારા છેલ-છબીલા રે,
સીદ દેખાડુ સાંમજી, તમે લોકને લીલા રે?તમે

તમે મધરાતે માહારાજ, કે આવે મંદીર માહારે રે,
બારણૂ બેક ઊઘાડૂ રાખસ કાજ તમારે રે. તમે

વાહાલપણાની વાત તે વાહાલા, હુએ એકાંતે રે,
પ્રગટ કરી પરસીધ જગતને ચઢવૂ દાંતે રે.તમે

પરગટની પરસીધ ચાલે તે ચંતા લાગે રે,
લાખ લોકાં મલતા મલુ તાંહાં દાઝ ન ભાગે રે. તમે

જે સમઝી કરી એંકાતે વાહાલા, કોઈ ન જાંણે રે,
રાજેના પ્રભૂ અંતરજાંમી, જેમ વખાંણે રે. તમે

૫

રંગીલી આ રજની રૂડી
રંગીલી આ રજની રૂડી રે,
રમતાં રંગ રંગીલા સાથે દૂધ ગીઆં ઊડી રે, રંગીલી

લોક-લાજ ને કુલ-મૂરજાદા તે નાખી ગૂડી રે,
અબલા એમ ઓપે જેમ કર કંચન-ચૂડી રે. રંગીલી

આહાવા રસમાં જે નહી નાહે તેહેની મત બૂડૂ રે,
રાજેના પ્રભૂ અંતરજાંમી વાહાલ ધરે વહૂડી રે. રંગીલી

ooo

રણછોડ (૧૮મી સદી પૂર્વાર્ધ):

મુખ્યત્વે વૈરાગ્યબોધ અને જ્ઞાનબોધનાં પદો રચનાર આ કવિએ વિવિધ રાગઢાળ પ્રયોજ્યા છે. એમનાં પદોમાં સરળતા તથા ઉદ્‌બોધન-શૈલી નોંધપાત્ર છે. કેટલાંક પદોમાં કૃષ્ણભક્તિનું આલેખન પણ જોવા મળે છે. મધ્યકાળમાં રણછોડ નામે એકથી વધારે કવિઓ મળે છે.

૩ પદો

૧.

દિલમાં દીવો કરો રે...

દિલમાં દીવો કરો રે,
દિલમાં દીવો કરો.
કૂડા કામ ક્રોધને પરહરો રે,
દિલમાં દીવો કરો રે. દિલમાં
દયા-દિવેલ પ્રેમ-પરણાયું લાવો,
માંહી સુરતાની દિવેટ બનાવો;
મહીં બ્રહ્મ અગ્નિ ચેતાવો રે,
દિલમાં દીવો કરો રે. દિલમાં
સાચા દિલનો દીવો જ્યારે થાશે,
ત્યારે અંધારું સૌ મટી જાશે;
પછી બ્રહ્મલોક તો ઓળખાશે રે,
દિલમાં દીવો કરો રે. દિલમાં
દીવો અણભે પ્રગટે એવો,
તનનાં ટાળે તિમિરના જેવો;

એને નયણે તો નરખીને લેવો રે,
દિલમાં દીવો કરો રે. દિલમાં
દાસ રણછોડે ઘર સંભાળ્યું,
જડી કૂંચી ને ઊઘડ્યું તાળું;
થયું ભોમંડળમાં અજવાળું રે,
દિલમાં દીવો કરો રે. દિલમાં

૨

પ્રીતલડી બંધાણી

શામળિયાજી સ્નેહી તારી, પ્રીતલડી બંધાણી વાલા;
વેણા ઉપર હું જાઉં વારી, મીઠી સુખની વાણી વાલ. ૧

નેણાંકેરો ચાળો કાંઈ, કામણ કરે છે વાલા;
ભ્રૂકુટી કમાને બાણે, પ્રાણને લહે છે વાલા. ૨

દીનબંધુ દેવકીનો જોયો, રૂપતણી છે ખાણ વાલા;
તન મન ધન મારું, તે તો તારું જાણ વાલા. ૩

અલકની ઝલકમાં, પલક નવ ઠરે વાલા;
મનડું અધીર મારું, ધીરજ નવ ધરે વાલા; ૪

આંગલું તો અંગ શોભે, રંગનું રસીલું વાલા;
અધર મધુર મોહન, મુખડું હસીલું વાલા. ૫

નાસિકામાં નિર્મળ મોતી, જોતી મોતી જોત વાલા;
કેસરની તો આડો કીધી, શોભે ટપકી સોત વાલા. ૬

આંખલડીમાં અમી ઝરે છે, પ્રેમનો નહિ પાર વાલા;
શશી સૂરજ ઝાંખા પડિયા, તેજનો અંબાર વાલા. ૭

કાને કુંડળ ઝળહળે, શોભામાં શોભાળ વાલા;
હારના શણગાર મધ્યે, મોતિયોની માળ વાલા. ૮

જરકસીની પાગ માથે, કલગીનો તોરો વાલા;
કોટમાં કૌસ્તુભમણિ છે, સોઈયે સોના દોરો વાલા ૯

કટિમેખળા કર કંકણી, રૂડી રીતે રાજે વાલા;
નેપૂરને નૌતમ પાએ, ઘૂઘરીમાંએ ગાજે વાલા. ૧૦

અણવટ વિછુઆનો છેલ, બનિયો છંદ વાલા;
મુદ્રા પોંચી કલ્લૈયો ને, બાંધે બાજુબંધ વાલા. ૧૧

ઝીણી ને પછોડી ખંભે, જરકસીનો જામો વાલા;
સુંથણીની શોભા જોઉં, રહે મોહન મુજ સામો વાલા. ૧૨

નખ શિખ સુધી રૂપ, નિરખીને તારું વાલા;
અંગમાં ઉમંગ ચઢ્યો, મોહ્યું મનડું મારું વાલા. ૧૩

બેઉ હતાં તે એક થયાં, અંતર નવ રહ્યો વાલા;
મહા રસ રણછોડે, કેમ જાય કહ્યો વાલા. ૧૪

૩.

લીલા રાસવિલાસની

પાછાં શ્રી યમુના ત્રઠ આવ્યાં, ગોપી સુંદરશ્યામ જી;
ત્રઠની વેલુ સુંદર શોભે, જોતાં અતિ અભિરામ. શ્રી હરિ

શીતલ સુરભ મંદ મારુત, ત્રિવિધ અતિ સુખકંદ જી;
પદ્મ પરાગ પરસીને આવે, ઉપજે અતિ આનંદ. શ્રી હરિ

કર પ્રસારણ કરે કો સાથે, કોશું આલિંગન દેતા જી;
કોહોના કર ગ્રહીને કોહોના, કેશપાસ ગ્રહી લેતા. શ્રી હરિ

અંગોઅંગ અડી કોહોને, કેહને દે નખ દંત જી;
લીલા રાસ વિલાસની રમતાં, ગોપી શ્રી ભગવંત. શ્રી હરિ

કામ અધિક ઉપજાવ્યો હરિયે, હરિથી પામી માન જી;
નિજ આત્માને ધન્ય જ માન્યો, રૂપનું થયું અભિમાન. શ્રી હરિ

હરિએ હૈયાની તતક્ષણ જાણી, જે દ્રાષ્ટા પુરુષપુરાણ જી;
ગર્વ ટાળવા રણછોડના, પ્રભુ થયા અંતરધ્યાન. શ્રી હરિ

ooo

૫૯

કાયમુદ્દીન [ચિશ્તી] (૧૮મી સદી)

જ્ઞાનમાર્ગ અને પ્રેમલક્ષણાનાં પદો લખનાર આ મુસ્લિમ સંત કવિને હિંદુ-મુસલમાન બંને કોમના અનુયાયીઓ મળેલા.

૨ પદો

(૧)

મારો ન્યારો છે તે ભેદ

મારો ન્યારો છે તે ભેદ, ન જાણે સૌન કોઈ અલ્લાહ! (ટેક)

જ્યાં રે પવન સંચરે નહીં રે, ત્યાં છે નૂર અપાર;
પ્રેમ પિશાચો પીતાં ભૂલ્યા, જેવો નૂર દિદાર, –ન જાણે

અગમ આકાશમાં નૂર તૂર છે, તેશું લાગે પ્રીત;
સુરત પગથિયે સીડી ચઢિયે, તો લીધો અગમગઢ જિત –ન જાણે

ન જાણે કોઈ જોગી સંન્યાસી, ના જાણે સંસાર;
જાણે કોઈ વિરલો ભેદુ, આશક મસ્ત દિદાર. –ન જાણે

ના જાણે કોઈ તપસી તપિયો, જાણે નહીં કોઈ સિદ્ધ;
જાણે કોઈ સત્‌ગુરુનો બાળક, ચીન્યું હોય અનહદ. –ન જાણે

શાહ કાયમદીન અનહદવાસી, લોક રહે હદમાંય;
તે શું જાણે ઉદ્‌બુદ ભેદો, દેશી હો તે પાય! –ન જાણે

(૨)

મારે મન તો સવળું ભાસે

મારે મન તો સવળું ભાસે, લોક અવળું વિચારે;
આપે હિન્દુ, આપે મુસલમિન, દુઈ કોનામાં પાડે? –ટેક

ઘાટ તો એ બીજો ઘડ્યો, જીવ ઈસ્મ રૂપી લોકો;
એમાં તો કાંઈ વિગત નથી, કહો ચાવલ કે ચોખો! –મારે

પહેલાં તો સાંઈ આપે હતા, પછીથી હઝરત કીધા;
આપસમાંથી સૌ ઉપજ કરી લે, નામ બીજાં રે દીધાં! –મારે

લોકોનું જો કીધું કરું તો, મારું કારજ બગાડે;
હિન્દુ મુસલમિન બે અળગા નિરખે, સાહેબથી વિઘ્ન પાડે. –મારે

શાહ કાયમદીનને મન પિયુ એક છે, રે દુઈ દુનિયાને મારો!
મારે તો સાહેબ થકી કાજ છે, લોક મન માને તે વિચારો! –મારે

ooo

૬૦

રતનબાઈ(૧૮મી સદી)

પીર કાયમુદ્દીનનાં આ શિષ્યા વોરા કવયિત્રી હતાં. એમણે જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યનાં પદો લખ્યાં છે.

૧૫૬

આવીને પકડ્યો છે હાથ રે કાયમદીન પીર અમારા.
ડૂબી હતી હું તો ઘરધંધામાં, મુરશદે લીધી સંગાથ રે.
કાયમદીન૦

ધુણી ધિકાવી દીધી પ્રેમ-અગ્નિથી, લઢવા આવે ભરી બાથ રે.
કાયમદીન૦

લોકો ત મેણાં મુંને મારે ઘણેરાં, લઢવા આવે ભરી બાથ રે.
કાયમદીન૦

મુરશદ નામની માળા રે લીધી, છોડું કદી નહિ સાથ રે.
કાયમદીન૦

બાઈ રતનને મુરશદ મળીયા, એ જ અમારા છે નાથ રે.
કાયમદીન૦

૦૦૦

૬૧
નબી મિયાં (૧૮મી સદી)

પીર કાયમુદ્દીનની પરંપરાના આ કવિએ વેદાન્તી તત્ત્વોને સરળ દૃષ્ટાંતોમાં ગૂંથતી કવિતા લખી છે.

૧ પદ

તુમારી દરગાહમેં ફરિયાદ અમારી, મારી ભીડ ભાંગો મોરારી રે.
હું તો તમારે ચરણે આવ્યો, સુણો હઠીલા મારા શ્યામ;
અવગુણ અમારા તમે નવ જુઓ, નિશદિનના વિશ્રામ.

તુમારી૦

હું તમોને શું કહું વહાલા, તમો પર મારો પ્રાણ;
તમો પર હું વાજું ને ગાજું, એટલી ન કરો મુજ પર તાણ.

તુમારી૦

દાસ નબીને ગુરુ અભરામ મળીયા, શાહ કાયમદીન ચિશ્તી પીર;
મુજ રંકની ભીડ ભાગો, આવો અમારે મંદિર.

તુમારી૦

૦૦૦

૬૨
શામળ (૧૮મી સદી)

સૌથી વિપુલ પ્રમાણમાં પદ્યવાર્તાઓ લખનાર એક મહત્ત્વના કવિ. 'વૈતાલપચીસી', 'મદનમોહના' આદિ અનેક પદ્યવાર્તાઓ ઉપરાંત 'શિવ-પુરાણ','અંગદવિષ્ટિ', 'રુસ્તમજીનો સલોકો' જેવી કૃતિઓ તથા શાણપણબોધના છપ્પા પણ એણે લખ્યા છે. સંસ્કૃત વાર્તાભંડારોનું જાણકાર ગુરુઓ પાસેથી કરેલું શ્રવણ તથા મધ્યકાળની કથાપરંપરાનો પરિચય એમની વાર્તાઓને પ્રેરક બનેલાં હશે.

૧૫ છપ્પા;
મદનમોહના; રાવણ-મંદોદરી સંવાદ;
પદ્માવતીની વાર્તા(માંથી સમસ્યાઓ)**;**
ઉદ્યમ-કર્મ સંવાદ

છપ્પા

વિષય :
સાચી સમજ

જટા ધરે વટવૃક્ષ, પતંગ નિજ બાળે કાયા;
જળચર જળમાં નાહ્ય, ધ્યાન ધરવા બગ ધાયા:

ગાડર મુંડાવે શીશ, અજા મુખ દાઢું રાખે;
ગર્ધવ લોટે છાર, શુક મુખ રામ જ ભાખે;
વળી મોર તજે છે માનની, શ્વાન સકળનું ખાય છે,
કવિ શામળ કૂહે સાચા વિના કોણ સ્વર્ગમાં જાય છે? ૧

ઊંચું ભાળે ઊંટ, વાગોળ નીચું ન્યાળે;
તરુવર રહે છે તાપ, પ્હાડ આસન દૃઢ વાળે;
ઘર કરી ન રહે નાગ, ઉંદરો રહે છપીને;
નોળી-કર્મ ગજરાજ, ભક્ષકફ પત્ર કપિને;
ઈશ્વર અનુભવ વિણ નવ મળે, સ્હેજ ભાવના ભંગ છે;
શામળ કહે મનસા સિદ્ધ તેહને, કથરોટમાં ગંગ છે. ૨

સિુધ્ધે મુંડાવ્યાં શીશ, કરી ઉઘાડી કાયા;
ફરી માગવી ભીખ, ન મેલી કોઈએ માયા;
વરતી ઘણાએ વેશ, લક્ષણો લેશ ન લેતા;
કાયામાયા કાજ, ફરે ધર્મલાભ કહેતા;
વિશ્વંભર તેથી વેગળો, જ્યાં લગી મન ભામની ભજી;
શામળ કૂહે, સાચો સિદ્ધ તે, જેણે મમતા ને માયા તજી. ૩

નામની કિંમત

ધનજી ઉવાને પાય, ભૂપ ભીખંતો દીઠો;
સૂરજી ન દેખે આંખ, બોલતો કડવું મીઠો;
વ્યાજ ભરે રણછોડ, કામ કલ્યાણ જ કરતો;
અવિચળ ચળ્યા અપાર, દીઠો અજરામર મરતો;
હીરો માણેક મોતિયો, રતનિયો કથીર દેખે નહીં;
કવિ શામળ કહે સંસારમાં, કારણ નામ રહ્યું કહીં? ૪

દીઠા અમર મરંત, નાના કાંઈ કૂતરે દીઠા ઘરડા;
નાગો પ્હેરે વસ્ત્ર, વાઘ સિંહ કૂતરે કરડ્યા;
પર્વત ફરે પરદેશ, દીઠો મંગળને દુખિયો;
સંતોખી અદ્દુકું ખાય, કાસદું કરે છે સુખિયો;
દયાચંદમાં દયા નહીં, ખુશાલ કાંઈ રોતા ફરે;
શામળ કહે, નામ પનોતિયો, કંઈ લાખ કુંવારા મરે. ૫

કુબેર નામ કહેવાય, ખજાને દીઠા ખાલી;
કરે ધરમો બહુ પાપ, ન્યાલ આવે ઘર ઘાલી;
વ્હાલો રાખે વેર, ઝેર જેવો તે મીઠો;
જોગી કરે વેપાર, ભોગી ભીખંતો દીઠો;
ઘેલો જાયે છેતરી, બાળિયોજી હારી જશે;
રૂડા કંઈ ભૂંડા કહું, શામળ કહે, નામ શું થશે? ૬

હાથ નામ કહેવાય, બિયે ઉંદરને સાદે;
કપૂર કાળો હોય; શામળો સુદર વાંદે;
રૂપો હોય કરૂપ, ભૂષણમાં દૂષણ ઝાઝાં;
કૃપાલ રાખે કૂડ, ભૂપત વજાડે વાજાં;
આશા ઇચ્છા ઓળગ કરે, કલંક નિર્મળ શિર ચડે;
ફોગટ ફરે કંઈ જોઈતા, શામળ નામને શું અડે? ૭

પેટ વિશે

પેટ કરાવે વેઠ, પેટ વાજાં વગડાવે;
પેટ ઉપડાવે ભાર, પેટ ગુણ સૌના ગાવે;

પેટ ભમે પરદેશ, પેટથી પાપ કરે છે;
પેટ કરે છે જાર, પેટ તો સત્ય હરે છે;
વળી સંચ પ્રપંચ અધિક કરે, પેટ કાજ નરકે પડે;
શામળ કહે સાચું માનજો, પેટ પાપ નરને નડે. ૮

વિપ્ર પેટને કાજ, શાસ્ત્ર વાંચે ને શીખે;
વિચરી વળી વિદેશ, ભણેલા થઈને ભીખે;
વણિક પેટને કાજ, ચાહિને વહાણ ચડે છે;
મજુર ઉપાડે ભાર, ઘણા જન ઘાટ ઘડે છે;
વળી કાસદ કરે છે કાસદું, શિર કપાવી તસ્કર મરે;
કહે શામળ પેટને કારણે, કુલાચાર સૌ કો હણે. ૯

વિદ્યા વિષે

સદવિદ્યાથી સુવર્ણ, શરણ સદવિદ્યા સત્યે;
સદવિદ્યાથી સ્વર્ગ, વીખ ઉતારણ વિત્તે;
સદવિદ્યાથી સિદ્ધિ, ફળે વચનો વર વાણી;
સદવિદ્યાથી રિદ્ધ, જગતમાં સઘળે જાણી;
સદવિદ્યાને વશ સર્વ છે, સદવિદ્યા ત્યાં શી મણા;
શામળ કહે સદવિદ્યા વિના, ભટકે ગુણહીણા ઘણા. ૧૦

મોત વિષે

કોઈ આજ કોઈ કાલ, કોઈ દિવસે કોઈ રાતે;
કોઈ જોબન કોઈ વૃદ્ધ, બાળ જન જુવતી જાતે;
કોઈ તાવે તરફડી, આપઘાતે કોઈ મરતાં;
કોઈ ભોગ કોઈ રોગ, કોઈ તો સર્પ કરડતાં;

કોઈ વાસિ વિકાર કે હડકવા, કોઈ મમતે લડિને મુઓ;
પણ કાળ ન મૂકે કોઈને, શામળ કહે સમજી જુઓ. ૧૧

સ્ત્રી વશ સૂર્ય ને ચંદ્ર, ઇંદ્ર તરુણી વશ જ્યારે;
સ્ત્રી વશ દેવ મહાદેવ, મોટિ માયા તે ત્યારે;
સ્ત્રી વશ રુડા ગામ, સ્ત્રી વશ મુનિવર મોટા;
સ્ત્રી વશ સઘળી સૃષ્ટિ, છેક મોટા ને છોટા;
વશ વરતે નર સહુ તે તણે, જુવાની જ્યારે ઘણી;
કવિ શામળ કહે અજિત એ, તરતિબ ઘણી તરુણી તણી. ૧૨

ગુણ

રામા રત્નની ખાણ, જાણ એ રંભા રુડી;
ઘરે સોળ શણગાર, હાર કંઠે કર ચૂડી;
શોભે જળહળ ગેહ, દેહ કોમળ શુભ સાજી;
ભડ ભોજ કરણ વિક્રમ અને, હરિશ્ચંદ્રની હારના;
પંડીત ચતુર પુર પાટવી, નૃપતિ નેટ પણ નારના. ૧૩

નાર વિના નર રંક, સંગ રાખે નહિ કોઈ;
નાર વિના નર ચોર, જોર જર બેસે ખોઇ;
નાર વિના નર નિર્બળ, સબળ રાખે નહિ સંગે;
નાર વિના નર દીન, હીનસુખ એકલ અંગે;
ચતુરા વિણ ચાલે નહીં, જગતમાંહી રહે જ્યાહરે;
શામળ કહે છે શ્યામા કશી, તજે જગત તો ત્યાહરે. ૧૪

સદ્‌ગુણ

કામ ક્રોધ ને લોભ, મોહ માયા નવ મંડે;
અહંકાર અભિમાન, છક્ક છળ ભેદજ છંડે;
પરઘન ને પરનાર, તજે પરનિંદા પ્રીતે;
સત્ય સાથ સંબંધ, રજોગુણ રાખે રીતે;
દે દાન માન સન્માન શુભ, પરમારથ પ્રીતે કરે;
જો ગૃહસ્થમાં ગુણ એટલા, તો ઇકોતર ઉદ્ધરે. ૧૫

૨.
મદનમોહના

શામળની 'સિંહાસન-બત્રીસી' વગેરે બીજી પદ્યવાર્તાઓ જૂના વાર્તાસાહિત્ય પર આધારિત હતી પણ 'મદનમોહના' એની, જુદાંજુદાં વાર્તાઘટકો ગૂંથી લઈને કરેલી મૌલિક પદ્યવાર્તા છે. રાજકુમારી મોહના પ્રધાનપુત્ર મદનને જોતાં જ પ્રેમવશ થઇ ગુપત ગાંધર્વ લઘન કરે છે, પુરુષવેશે એની સાથેજ નગર છોડે છે, પુરુશવેશે પરાક્રમો કરે છે. એવી કથામાં વચ્ચેવચ્ચે વ્યવહારબોધક દૃષ્ટાંતકથાઓ ગૂંથી છે, ચાતુર્ય અને શિખામણનાં સુભાષિતો મૂક્યાં છે ને એ રીતે કથાને રસપ્રદ બનાવી છે.

(આરંભ)
છપ્પો
પારવતીનો પુત્ર, ઘરસૂત્ર ચિંતામણિ ગાજે,
રત્નાવલિની ખાણ, છત્ર જાંહાં શિર પર રાજે;

સિંદૂર સેવંત્રાં સાર, આહાર મોદીક મણિ માઝા,
પરમેશ્વર પેહેલો પૂજાએ, રાજરાજેશ્વર રાજા;

ગણનાયક લાયક લખણ, દાયક બુધ્ય સા'યક ભણું,
ગજાનન ગુણઆગળો, શામળ ધ્યાન ધરરે તે તણું.

દોહરા

કહું કથા મદનમોહના, જે સતવાદી સાર;
બુદ્ધિ પ્રાકમ ચાતુરી અર્ણવ અકલ અપાર.

પુણ્ય વધે પાતક મટે, ગુરુપદ ઉપજે જ્ઞાન,
શોભા કહું સંક્ષેપથી, મહીપત મોટમ માન. ૧૦
૦

(મોહનાના રૂપનું વર્ણન)

પુત્રી એક તેને પદ્મિની, લાયક લાવણ્ય લાખ;
અકલતણી અરણવ અતિ, જેની શાસ્ત્ર જ પૂરે સાખ. ૩૨

તે રૂપે રંભા સરીખડી, તીમાંહે સરદાર;
હામ કામ મૃગલોચની, દિલ ઘણું દાતાર.

નખશિખ શોભા નીરખતાં, અંબુજદલ શાં નેણ;
હંસગતિ ગજગામિની, અમૃત વદને વેણ.

દેવાંગનાથી દશગણી, નાગાંગનાવત્ નિધ;
રૂપવંત રૂડી રમણ, રતિસમોવડ રીધ.

કેશપાશ તો કપિલકૃત, કાળો કાલીનાગ;
ચોહોવિધે ગૂંથ્યો ચોટલો, લીલવટ લાવણ્ય લાગ.

ભર્યો માંગ ભરપૂર પુર, સિંદૂર શોભિત સર્વ;
જળધારા શિવલિંગ પર, ઘણો ઉપજાવણ ગર્વ.

વદન શરદ-ઇંદુ જશું, અંબુજદલ શી આંખ;
ભમર ભમરાલી ભજત, પાંપણ ભમરાપાંખ.

રસના અમૃત સારખી, સ્વર કોકિલાવાણ;
દંતપંક્તિ દાડિમકળી, જશરૂપ જુવતી જાણ.

ચિબુક ચારુ ચતુરાતણું, અધર પ્રવાળી અમૂલ્ય;
ગ્રીવા પોતકપોત શી, નીલગ્રીવ સમતુલ્ય.

નૌતમ નાસિકા કીરવત્, તલફૂલ તેલની ધાર;
શ્રાવણ છીપ શોભિત સદા, ઓપિત અપરંપાર.

ઉર અદ્‌ભુત ઉપમા અધિક ચક્રવાક જુગ-જોડ;
કનક-કળશ સુધા સહિત, ક્ષણુંમાત્ર નહિ ખોડ.

ઉદર પોયણપાનવત્, ઘણું શોભ ગંભીર;
ત્રિવલી તરવેણી સમી, સઘળું શુદ્ધ શરીર.

નાભિ દક્ષિણવંતવત્, પૂંઠ કેળનું પત્ર,
રંભખંભ જંઘાજુગમ, તોલ ઘણેરી તત્ર.

કર કરિસુંઢ સરીખડા, અંગુલિ મગની સીંગ;
મધ્યહથેલી મહીમથન, નખ તારાવત્ રંગ.

કટિ વખાણું એહની, જાણે સિંહનો લંક;
ગતિ ગજેન્દ્ર ઓપિત અધિક, ક્ષણુંમાત્ર નહિ વંક. ૬૦

જાવકરંગ પાની જશી, સજ્યા શોભિતા સોળ,
નીલવટ કુંકુમ કેસરી, મુખ તાતાં તંબોળ.

રત્નજડિત્ર કરચૂડલો, ચંપકવરણાં ચીર;
ચરણાં-ચોળી શોભિતાં, નિરમળ નારી નીર.

માતા તેની મદસૂદના, મહામનોહર માન;
રામા રૂપવતી ઘણું, ગુણવંતી ગુણગાન.

કુંવરી દેખી કરી કલ્પના, 'એ જુવતી જોબનવેશ;
પુણ્યવંત પનોતો કો પુરુષ, દેવી તે ઘેર દેશ. ૬૮
૦

(મદન રૂપવર્ણન)
પાછો પટ કર્યો પ્રેમદા, દીઠું દિવ્યદરશન. ૩૫૫
મોહ પામી એ તો મોહના, પૂરણ થઈ પરસન.

વરુણ વાયુ કુબેરવત્, અવનવો દીઠો ઇંદ્ર;
ગ્રહગણ તારા દેવતા, કે રવિરાજા ચંદ્ર.

પ્રધાનતણો સુત પાટવી, મદન નામ મકરંદ;
વદન પંકજ વરણાગીઓ, કંદર્પ આનંદકંદ. ૩૬૦

દમયંતી-નળથી દશગણો, માધવાનલથી મેર;
રોહિણીપતિવત્ રૂડલો સાચા જેહનાં સેર.

બત્રીસલક્ષણ બુધ્યનિધિ, ચૌદ વિદ્યા ગુણજાણ;
કળા બોતેરી કામવત્, પંડિત પૂરણ પ્રમાણ.

નિર્મળ નેત્રે નિરખીઓ, ધારણ નવ રહ્યું ધીર;
કુંદન હીરામાં જડ્યું, ભળ્યું સાકરમાં ખીર.

સમરી મન શિવશક્તિને, સમર્યા સીતારામ;
એ વર આપો અંબિકા, નિત્યનિત્ય જપીએ નામ.

પ્રીતે પૂજું ગોર્યને, કરું ઘણાં નવરાત્ર;
આપે આવું આરાસુરી જગન કરું હું જાત્ર. ૩૭૦

પ્રીતે પ્રતિજ્ઞા કરી, સમરી મનથી માત;
'એ વિના પુરુષ પૃથ્વી વિષે, માહારે તાત ને ભ્રાત.

જનમ જનમનો તું ધણી, જનમ જનમ હું નાર્ય;'
આરાધી એમ અંબિકા, વીનવે વારંવાર. ૩૭૪

૦

(મદનની મોહનાને વિનંતી)
પ્રધાનસુત કહે, 'પદ્મની, સહસા ન કરીએ કામ;
ધીરે ધીરે ધારીએ, તો તો રીઝે રામ ૫૦૪

અણસમજુ ઉતાવળું, કામ ન કરીએ કોય;
સીંચે માળી સો ઘડા, પણ રત વિના ફળ ન હોય.

કહું વાત તે ઉપરે, જો છો ચતુરસુજાણ;
શાસ્ત્ર સાખ પૂરે સદા, પંચ કરે પરમાણ.

દૃષ્ટાંતકથા
ચોપાઈ
ગોકુળપુર ગુણવંતું ગામ, નરેન્દ્રપાળ નરપતનું નામ;
સત્યવાદી સુભટ કહેવાય, બાંધી ધર્મતણી ધજાય. ૫૧૦

વર્ણ અઢારે વાસો વસે, ધર્મમાર્ગ ઉપર સહુ ધસે;
વિપ્ર વિદ્યાવંત વિવેક, ન્યાયશાસ્ત્ર તણો છે નેક.

રહેતો ગોકુળીઆ ગામમાં, ન્યાયશાસ્ત્ર તણા નામમાં.
દેવશર્મા દ્વિજ દેવસ્વરૂપ, બ્રાહ્મણ બ્રહ્મવિદ્યાનો ભૂપ.

ભણ્યો ગણ્યો સંતોખી સુખી, દામનહિ ગાંઠે તે દુઃખી.
નિર્મળકુળની નિર્મળ નાર, પવિત્ર ધર્મ પાળે આચાર.

કંથ પોતાનો છે તે કવિ, નિત્ય નિત્ય વાતો જોડે નવી.
પેર પેરનાં લખ્યાં પુરાણ, મોટમ વિદ્યાનો મેહેરાણ;

કહોને નવ જાચવાને જાય, જેહવું કરમે લખ્યું તે ખાય. ૫૧૯
૦

(મોહનાએ મદન સાથે છૂપું લગ્ન કરી લીધું છે એ જાણતાં રાજાનો મોહના, મદન અને પંડિત ગુરુ પર ક્રોધ. પણ મદનને મૃત્યુદંડને બદલે દેશનિકાલનીજ સજા. શામળનાં કેટલાંક જાણીતાં શિખામણ-સુભાષિતો અહીં પણ છે.)

દોહરા
રાજા મનમાં (ક્ષણ) રીઝિયો, સુણી વિપ્રવચન;
કાંઈક કોપ મન છાંડિયો, માન તજીને મન. ૧૭૯૦

'જરૂર મૂકું છું જીવતાં, ત્રણે જણને તર્ત;
નહિ તો તમ ત્રણેતણું, મેળ લખ્યું'તું મર્ત. (મોત)

મોઢું નવ દેખાડશો, જાવ ગમે તે ત્યાંહે.
રેહેશો મા તમો રોખમાં, માહારી અવની માંહે.

છપ્પો
છંછેડાયો નાગ, તે પણ વશ નવ થાયે;
વકરાયો જો વાઘ, તેહ ઝાલ્યો નવ જાયે;

વનિતા વંઠી જેહ, તેહ પણ ઠામ ન આવે.
થયો જૂઠો જે જન, તેહ કુડો નવ કહાવે;

રાજા રીસે રૂઠીઓ, તરત ક્રોધ તો નવ શમે;
હમણાં કહો તે કીજીએ, જો ઈશ્વરને શું ગમે. ૧૮૦૦

દોહરો

પિતા કહે છે પુત્રને, 'હમણાં છે એવો દાવ;
રૂઠ્યો છે તમ રાયજી, જાહાં જવાય તાંહાં જાવ.

છપ્પો

જીવે તેને જોખ, રંક તો રાજા થાયે;
જીવે તેને જોખ, નીચ જન ગંગા ના'યે;

જીવે તેને જોખ, રોગી જન થાયે માતો;
જીવે તેન જોખ, ગુણી જન થાયે ગાતો;

જીવે તેને જોખ છે, વેદના સઘળી વામશે;
શામળ કહે શું કહું તુંને, જીવતો નર ભદ્રા પામશે.

દોહરા

ઉજ્જડ ખેડાં ફરી વસે, નિર્ધનિયાં ધન હોય;
ગયાં જોબન આવે નહિ, મુઆ ન જીવે કોય. ૧૮૧૦

સંપત ગઈ તે સંપજે, ગયાં વળે છે વાંહાંણ;
ગયો અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.

છપ્પો

વંઝા જનમે પુત્ર, મૂર્ખ પણ કવિ થાયે;
નેઠ ભરાયે નવાણ, દરિદ્રશિર છત્ર ધરાયે;

વળે કો દિવસે વેર, ઝેર વળે જ જરૂરી;
ગુણકા થાય ગુણવંત, સતીપણામાં શૂરી;

અનેક એવાં થયાં હશે, સાખ શાસ્ત્રની છે સહી;
શામળ કહે કહું ક્રોડવરાં, ગયો જીવ આવે નહીં.

જીવે તે પામે રાજ, જીવે તે પામે નારી;
જીવે તે બેસે અશ્વ, જીવે તે તાયે વેપારી;

જીવે તે કરશે જગન, જીવે તે ગંગા નાહે;
જીવે તે પહેરે નંગ, જીવે તે લાહાણાં લાહે;

જીવે તેને સરવે મળે, વિજોગ સંજોગ થાય છે;
મુઆ કોઈ દેખે નહિ, શામળભટ ગુણ થાય છે.'

દોહરા

અમુલખ અશ્વ એક સજ કર્યો, હોંશીલા હથિયાર;
આભૂષણ અંગે ઓપતાં, થયો આપ અસ્વાર.

માતપિતાએ આગના, તેને આપી તરત;
'જે થયું તે રૂડું થયું, માથેથી ઉતર્યું મરત.'

જે જુવતીએ જાણિયું, પિયુ ચાલે છે પંથ;
કામની આવી કલપતી, જાંહાં પોતાનો કંથ. ૧૮૩૦

'સુણ્ય સ્વામી સલક્ષણા, દેવરૂપ તું દેહ;
પરણ્યો તું મને પ્રીતથી, નિશ્ચે પ્રગટ્યો નેહ.

તું પરણ્યો મુને બીકથી, મેં કરવા માંડી ઘાત;
ત્યાં વિપ્ર એક છે સાખિયો, નો'તાં માત ને તાત.

તે તો તારે આગળ રહું, આ હું ને આ કટાર;
સ્ત્રીહત્યા તો ભોગવે, પાપ તો અપરંપાર.

સાથે તેડ્ય સલક્ષણા, પિયુ તું માહારો પ્રાણ;
ના કહીને તું નીસરે, તો તુજને મુજને હાણ. ૧૮૩૮
૦

(મોહના પણ પુરુષવેશે, રાજાથી છૂપી રીતે મદન સાથે જાય છે)

મોહનાએ કહી એવી વાત, 'સુણો રે સ્વામીજી સાક્ષાત્, ૨૦૯૬

હું નહીં મૂકું તારી કેડ,' તરુણી કહે 'મને સાથે તેડ.'
પંડિત ગયો પોતાને ગામ,ગામ નામ લખી રાખ્યો ઠામ.

નરનારી બે ઘોડે ચડ્યાં,માતાપિતાને પાગે પડ્યાં;
મધરાત સમે ચાલ્યાં બે જણાં, પુરુષવેશે ગુણવંતાં ઘણાં.

બત્રીશ લક્ષણ બુધ્યનિધાન, જાણે અષ્ટાદશ વિધાન;
મહામદથી મનમાં મ્હાલિયાં, ચતુર નર બેહુ ચાલિયાં.

જાંહાં દાણોપાણી તાંહાં જાય, સ્નેહ ઘણેથી સુખિયાં થાય; ૨૧૦૩
૦

(છેલ્લે સમાપનમાં, આ પદ્યકથાનું સ્વરૂપ, કવિ-પ્રયોજન, કવિપરિચય)

મદમોહનાની કથા, કડી કડી રસાળ; ૨૯૮૬
પંડિત હશે તે પ્રીછશે, પ્રીછશે હશે જે માલ.

સાખ સમશ્યા ને શાણપણ, વાત વિવેકી વાદ;
જાણ હશે તે જાણશે, અતિ પામે ઉલાદ.

છપે ચોપાઈ દોહરા, સમશ્યાની જે સાખ; ૨૯૯૦
સંસ્કૃતમાંહેથી એ શોધિયું, ભણ્યો દ્વિજ ગુર્જર ભાખ.

સાદી ભાષા, સાદી કડી, સાદી વાત વિવેક;
સતવાદીપણું ને શાણપણ, નરપતિ કેરા ટેક.

નરનારીની ચાતુરી, નરનારીનાં ચરિત્ર;
શૂરપણું ને શાણપણ, પ્રાક્રમ પુણ્ય પવિત્ર.

સતવાદી નરનારીનો, સુણે શીખે મહિમાય;
વિજોગ ભાંગે તેહના, આશા પૂરણ થાય.

મેળો નરનારી તણો, ભાવે સઘળો ભોગ;
આશા પૂરે અંબિકા ટળી જાય વિજોગ.

શ્રીગોડ માળવી વિપ્ર શુભ, વેગંનપુરમાં વાસ; ૩૦૦૦
સુત શ્રીવીરેશ્વર તણો, શ્રીમુખ શામળદાસ.

લઘુ બાંધવ લાધા તણો, આનંદબાઈનો તન;
પિતા પરષોતમ તણો, મહારુદ્ર ઉપર મન.

મૂડીમાં એક મૂઠડી, સાગરમાં શુક ચાંચ;
એ રીતે કહેનારો કવિ, પ્રમાણ કરે જે પંચ.

મદનમોહનાની કથા, કહી મન મે'લી મોડ;
શામળભટ કવિતા કહે, સહુ બોલો શ્રીરણછોડ.

શ્રોતા વક્તા સાંભળો, નાનાભટ-શિષ્ય કર જોડ;
શામળ ભટ કહે બોલજો, 'જે જે શ્રી રણછોડ.' ૩૦૦૯

૩

રાવણ-મંદોદરી-સંવાદ -માંથી

(જુદા જુદા વર્ણોની સલાહ)

રાવણ— પૂછે અઢારે વરણને, કહોને સાચી વાત;
સીતા આપવી કે નહીં, ખરી બતાવો ખાત.

કોની ન રગતી રાખશો, બોલો રુડી વાણ;
સત પ્રકારે સાચું કહો, ન થાયે હાંસુ કે હાણ.

*　　*　　*

ચોખરો

રાવણ— વિચાર પૂછ્યો એક વિપ્રને વિધવિધે, મહારાજ મહિમા કહો મંન માની;
આપવી એ ઘટે કે નહિ આપિયે, દલ તમારે કશી બુધ્ય દાની.

વિપ્ર— મહીપતિ માન મટાવિયે કેમ કરી, લાજ ઘટાવિયે હોડ હાનિ;
પાછી આપતાંમાં પરાક્રમ તે કશું, ભીખ તેને પછે ભૂખ શાની.

સવૈયો

વૈશ્ય— વૈશ્ય કહે વેવાર એ પાખી છે, આપતે લાજ છે પરિયામાં;
અથડાવો દહાડા દશ વિશેક, હાલક બુકાલેક કરિયામાં.

રાડ જુઓ એ રીંછડાં કેરી, કણ એક ભાજન ભરિયામાં;
કાયર કચમ થઈએ આગળથી, શું વહાણ મૂક્યું છે દરિયામાં?

કણબી— કહે કણબી કેમ કામની દીજીએ, જાત જોરાવર શું એની જાણી;
પાછા જશે અથડાઈને પોતે, કે લહેર સમુદ્રની લેશે તાણી.

લંકા સરિખડો કોટ લેશે ક્યમ, રાવણ રાય દેખિતો જે દાણી;
પૃથિવીપતિ એ પત મૂકે કેમ, છેલ્લે ક્યારે શું ગયું છે જી પાણી.

ચોખરો

સઈ— ગજધર કહે દહાડા પાધરા દૈત્યના, શિવ વરદાનની છાપ છે રે;
સાત સમુદ્રની આડ છે ઓટે, અધિપત રાણોજી આપ છે રે.
દેવ હીંડે છે દિશોદિશ નાસતા, ત્રણ લોકમાં જેનો તાપ છે રે;
ભલું લાવ્યા છો તો ભૂપતિ ભામિની, ગજે તસુ તો માફ છે રે.

કુંભાર— કહે કુંભાર કરો શી વાતો, એહ તો મારગ એડો છે;
વઢતાં વણ જિતે કુણ હારે, મહીપતિ માની મેડો છે.

લેવો ગઢ લંકાનો દુર્લભ, વંક વોળામણ વેડો છે;
શું ઘડો કે ઘેડ ઉ તરશે, ચાક ઉપર હજુ પેંડો છે.

લવાર— કહે લવાર મોકલો એ કુંભક, ભક્ષ કરે તો એ વાંદર ખૂટે;
નહિતર જોર કરો જંજાળનું, આપ અરાબા અનેકધા છૂટે.

રાક્ષસ મોકલો રીંછડાં સામા, રણ વિષે વરખા જેમ પૂંઠે;
બળવંત રાણા બેઠા જુઓ બારણે, લુહાર ને લોઢું આફણિયે કૂટે.

સોની— કહે સોની સાવ્યા છો સીતાને, પ્રીતે વચન એ પળવું છે;
ચોટ નાખી છે તો ચંતા શી, રાજ્ય પદવીમાં રળવું છે.

આમે કરમ લેલાટ લખાણું, તે શું ટાળ્યું ટળવું છે;
સોનું પહેરે જો કાન જ ત્રૂટે, જંતરડા વચ્ચે નીકળવું છે.

ઘાંચી— ઘાંચી કેહ ઘણું શું જોર એમાં, માંકડા કેરો એ માર જો રે;
બાળક બેહુમાં બુધ છે કેટલી, ભૂપ ભારનો એ જોર જો રે.

નહિ ઘોડલા જોડલા હાથિયા સાથિયા, કટક કેરો પોકાર જો રે;
હડબડવું નહીં હિમ્મત રાખવી, તેલ જો તેલની ધાર જો રે.

મોચી— મોચી કહે મેં તો માંકડાં દોઠડાં, નાસે જેમ રણમાં રોઝડાં રે;
કોઠાં બિલાંને કાજે વઢે ઘણું, તુચ્છ તરણાવત તોછડાં રે.
હૂકતાં કૂદતાં ઢૂંકતાં ઝૂકતાં, ફોજ નહિ એ તો ફોજડાં રે;
હીંમત રાખીએ દલ એ દાખિયે, પાણી પહેલાં શાં મોજડાં રે.

હજામ— નાઈ કહે છે નાત સઘળી, અમને, રૈયતમાં સહુ કહે છે જી રંકા;
ગત જાણે કુણ ગોવિન્દ કેરી, અકલિત અક્ષર એહના અંકા.

સુઝ વિચારતાં તો નથી સૂઝતું, લંગુર કેમ લેઈ શકશે જી લંકા;
કોથળીમાંથી સાપ જ નીસરે, વાળંદના દંન હોય જો વંકા.

રબારી— રબારી કહે શ્રીરામ આવ્યા છે, કેટલા દહાડા ઈહાં બેસી રહેશે;
ખાવા પીવા શું પામેશે પૂરણ, દુઃખ કો આગળ એ કહેશે.

દશાતન સરખો દુશ્મત છે શિર, લંકામાં આવતાં લેખાં બૌ લેશે;
ઢોર ને ચોર થશે એકઠાં જુઓ, ઊંટડો કુણ કિનારે બેસે.

દરજી— કહે દરજી દલ જાણું છું હુંય, ભૂપ આપણો ભોળો છે;
પહાણ તારી આવ્યો પરપંચે, જનાવર સંઘાતે જોરો છે.

બાળી ગયો બળવંતો કોયક, ટેક ઘણેરો તોરો છે;
આરા કેડે વારો આવે, જ્યમ સોયની કેડે દોરો છે.

ધોબી— પરિયટ કહે હું પ્રીછ્યો પારખું, હાથ તારે શિર હરનો છે;
નવ ગ્રહે બાંધ્યા છે નરપત, છો ભાર શો એના ડરનો છે.

હારીને જો હિંમત મૂકો, તો નામોશીનું નરનો છે;
ધોબી કેરો કૂતરો નહિ ઘાટ તણો નહિ ઘરનો છે.

ભોઈ— ભોઈ કહે ભૂપત કહું તુજને, સીત હરી તે સાંખી છે;
જોરાવર જન દીસે ઝાઝા, ભાગ્યનિધિ શી ભાંખી છે.

પચવાની નથી એહની પ્રમદા, જેવી જીવતી માંખી છે;
અંગદ વિષ્ટિયે આવ્યો તો, તે કણક મચ્છને નાંખી છે.

સલાટ— સલાટ કહે શાણા છો સઉકો, વેદ વચનની વાણી છે;
સીતાજીને સ્ત્રી જાણો પણ, રામ તણી તો રાણી છે.

એહના શાપથી ઉધ્વસ્ત થાશે, હુંશ થકી બહુ હાણી છે;
રંકનું કહ્યું રાવણ કચમ માને, પત્થર ઉપર પાણી છે.

૪

'પદ્માવતીની વારતા'માંથી સમસ્યાઓ

સમસ્યા— નારી બોલી નેહશું, તમે છો ચતુર સુજાણ;
પાંચ "પપા" પ્રિય પુરુષને, તેનાં કરો વખાણ.

ઉત્તર— પાન પાદ્ય ને પદ્મણી, પરિમળ ને પોશાગ;
પાંચે પ્યારા પુરુષને, વળી પૂછ સદ્‌ભાગ.

સ— ધન ધન તારી સૂઝને, ધન ધન રાજકુમાર;
પાંચ "ક" વાલા કામની, એહ હવે ઊચ્ચાર.

ઉ— કાજળ કંકુ કંચવો, વળી કસુંબો કંત;
પાંચ "કકા" નથી તુજ કને, તે તું કહી દેખાડ્ય.

સ— જાગતું બોલ્યા જાણીતા, લાગી મનશું રાડ્ય;
પાંચ "કકા" નથી તુજ કને, તે તું કહી દેખાડ્ય.

ઉ— કુડ કપટ કુલક્ષણો, કુડી જાત કુનારી;
એ પાંચે નથી મુજ કને, સાંભળ રાજકુમારિ.

સ— કહો છો છૈયે એકલા, તમ સાથે છે સાત;
પ્રગટ દેખું છું તમ કને, તે કહો સાચી વાત.

ઉ— તીર તરકસ તરવારને, ભાલો ને તોખાર;
ઢાલ અને વળી ચાબકો, સાત સાથી છે સાર.

સ— જે મધે ગંગા વસે, જટા ધરાવે શીશ;
નેત્ર ત્રણ તે કોહો મુને, નહીં ઉમિયાપતિ ઈશ.

ઉ— વિશ્વામિત્રે સૃષ્ટિ સજી, કરે રૂડાં તે કામ;
શામા તેં સમશ્યા કહી,'શ્રીફળ' તેનું નામ.

સ— એક નરે નરને ગળ્યો, એ સરવેને શોભાવંત;
અધિપતિ અંગે અડ્યો, કો ચિત વિચારી ચંત.

ઉ— પગ વિનાનો પરવરે, નર બહુ રાખે નેહ;
ઉજજળ અંગે ઓપતો, ‘જામો’ કહીએ તેહ.

સ— પંખી ઊડે જીવ વિના, બેસે જેની ડાળ;
મૃત્યુ પામડે દેખતાં, કહો મુજને ભૂપાળ.

ઉ— કુંવર કહે સુણ કામની, સૌ હું સમજ્યો એહ;
સમસ્યામાં સમઝાવિયો, ‘તીર’ કહીને તેહ.

સ— ઉત્તમ કુળથી ઉપની, તાતતણો જે તાત;
તે સાથે વિવા કર્યો, સમજો સજજન વાત.

ઉ— મહીપતિ કહે સુણ માનિની, ઉત્તર આપું એહ,
એ સમસ્યા હું સમઝિયો, ‘તક’ કહી જે તેહ.

સ— શિર ઉપર ગંગા વસે, કોટે રૂંઢની માળ;
વૃષભ વાહન કોણ કરે, શિવ વિણ કોણ ભૂપાળ?

ઉ— એક ભરે એક ઠાલવે, નિત નિત નીરશું નેહ;
દિન દિન ફરતું દાખવે, રેંટ ચક્રનુ જેહ.

સ— એક નર અક્ષર ત્રણનો, અણીઆળું અતિરૂપ;
દુશ્મન જેથી ગાંજીયે, ઉત્તર આપો ભૂપ.

ઉ— કાયરને શૂરો કરે, શુરાનો આધાર;
રઢિયાળો રીઝે ઘણું, કામની તેહ ‘કટાર.’

સ— અણિયાળી અતિ વાંકડી, ભમરાળી ભરપૂર;
નારિ વિના નર જાણિયે, નર નારીનું રૂપ.

ઉ— મુખનું મંડન પુરુષને, અધિક વહે છે ઊંચ;
માન વધારણ મરદનું, માનુની તે તો ‘મુછ.’

સ— કો રૂડો કોડામણો, તેજોમય નર કોય;
તાલેવંત પાસે વસે, તેના ઘરમાં હોય.

ઉ— જે વણખેતી નીપજે, નહીં પાન નહીં ફૂલ,
માનસરોવર માનુની, મોતી મોંઘે મૂલ.

સ— નામ એક પણ ન બહુ, કામની એક બે કંથ;
આયુષ્ય બેનું સરીખડું, ચતુર વિચારો ચંત.
ઉ— ઇંદ્ર વાહનથી ઉપજે, નારી દસને વીશ;
બે કર શોભે કામની, પરમેશ્વર પૂજીશ.

ચોપાઈ

એવાં વચન વનિતાએ કહ્યાં, રાજકુમારે લહ્યાં;
પ્રતિ ઉતર એનો આપિયો, સ્ત્રીને મન ભૂપતિ ભાવિયો.

ઉદ્યમ-કર્મ સંવાદ.-માંથી

દોહરા

શ્રી શંકર સુતને પ્રણમું, બુદ્ધિ તણો દાતાર;
અંગે સિંદુર શોભતું, મોદિક અમૃત અહાર. ૧

બ્રહ્મસુતા તુજને નમું, માગું એક પસાય;
રસનાવાસ કરો સદા, તો બુદ્ધિ પ્રફુલ્લિત થાય. ૨

નંદ સુત નરહરિને નમું, મુરલીધર મહારાજ;
ગ્રંથ કરું શુભ શાસ્ત્રનો, રાખો મારી લાજ. ૩

કરજોડી કવિને કહું, કોઇ માં દેશો ખોડ;
ઉદ્યમ કર્મ વર્ણન કરું, પહોંચે મનનાં કોડ. ૪

માતા તાત ગુરુ ઇષ્ટને, ચરણે નામું શીશ;
ચંચળ ચિત્ત છે ગ્રંથમાં, કોએ મા કરશો રીશ. ૫

ઉજ્જેણી નગરી વિષે, ક્ષિપ્રા તટ શુભ સ્થાન;
નીર વહે અતિ નિર્મળું, જાણે અમૃત પાન. ૬

બેઠો રાય સભા ભરી, ભદ્રસેન ભડ ભૂપ;
ચમર ઢોળે ચોપાસથી, અતુલિ તેજ મહારુપ. ૧૬

છત્ર ધર્યુ શિર કનકનું, ભૂષણ અંગ અપાર;
સિંહાસન સોહામણું, બેઠા મહા જુંજાર. ૧૭
ચાર વજીર અતિ ચતુર છે, તે આગળ સેહે ચાર;
એક સુબુદ્ધિ(બીજો) સુલક્ષણો, ત્રીજો તત્ત્વ વિચાર. ૧૮

ચોથો ગુણ ભંડાર છે, રાજ્યતણો શિર ભાર;
પંડિત બેઠા પાંચશે, ગુણિજનનો નહિ પાર. ૧૯

નાટક ચેટક અતિઘણાં, હાસ્યકથા રસ હોય;
નૃત્ય કરે વારાંગના, તે દેખી મન મોહ્ય. ૨૦

પોપટ બોલે મનુષ્ય સરખાં, મેનાં ને બહુ મોર;
શબ્દ કરે સોહામણા, રસિયાનાં ચિત્ત ચોર. ૨૧

પ્રશ્ન-પંડિતને કહે પદ્મિનિ, સાંભળ દ્વિજ એક ધર્મ;
પ્રથમે પુછું એટલું, ઉદ્યમ વડું કે કર્મ. ૮૬

પશ્ન-કામકળા કલ્લોલશું, કહે સુણ બ્રાહ્મણ મર્મ;
વાત કરો વિસ્તારશું, (જે) ઉદ્યમ વડું કે ધર્મ. ૧૩૮

વચન કહેજો વિચારથી, હું નહીં રાખું લાજ;
રાખું ન શર્મ સભાવિષે, લાજથી વણસે કાજ. ૧૩૯

ઉત્તર-શિવશર્મા કહે સુંદરી, સાંભળ ચતુર સુજાણ;
વડું કર્મ ઉદ્યમથકી, બોલે વેદ પુરાણ. ૧૪૦

કર્મતણી ગત અવનવી, નિરધનિયાં ધન હોય;
કર્મકરે જે કામિની, નકરે બીજો કોય. ૧૪૧

મૂર્ખને કર્મ કવિ કરે, રંક બેસાડે રાજ;
કર્મ કર્મ ને કર્મ એ, ઉદ્યમ તે કુણ કાજ. ૧૪૨

પ્રશ્ન-કોપ કરી કહે કામિની, ઉદ્યમ મોટો થાય;
વખાણું હૂંતો તેહને, સાંભળો પંડિત રાય. ૧૪૩

ઉદ્યમ કરતાં નિરખીયાં સૌ કો રંક ને રાય;
કોણ રહ્યાં એવું કહી, (જે) કર્મ કરે તે થાય. ૧૪૪

જો જાણો તો કહો મુને, ન કરો મનમાં ખેદ;
સભા સહૂકો દેખતાં, ભાંગું તમારો ભેદ. ૧૪૫

ઉદ્યમ ઉદ્યમ એજ છે, અદકો સૌથી આપ;

નિર્ણય

ચોપાઇ.

રાજસભા ત્યાં બોલી જ્યાંય, ઉદ્યમ કર્મનો ન્યાય તોળાય;
સાંભળ એ સતવાદી જન, ઉદ્યમે કર્મ કર્મે ઉદ્યમ બળવંત. ૪૬૫

એકલું કર્મ તે જીતે કોક, જૂઓ વાત વિચારી લોક;
કર્મ વિના ઉદ્યમ નવ મળે, ઉદ્યમ કરતાં કર્મ જ ફળે. ૪૬૬

એમાં ખેદ કરશો મા કોય, સમતુલ બે તે જાગતે જોય;
ઉદ્યમનું તો કર્મ ન નામ, કર્મનો તે ઉદ્યમ ઠામ. ૪૬૭

એ બેઉમાં કંઇ અંતર નથી, જો જો વેદ પુરાણે કથી;
જેનું કર્મ લખાણું તેહ, તેવો ઉદ્યમ ઉદય જ એહ. ૪૬૮

જેને જેવો ઉદ્યમ મર્મ, તેને તેવું વળગ્યું કર્મ;
જેને જેવું કર્મ જ સાર, તેવો ઉદ્યમ કરે વેપાર. ૪૬૯

જેને જેવું કર્મ જ ગણે, ઉદ્યમે તેવી વિદ્યા ભણે;
જેને જેવું કર્મ જ સૂત્ર, ઉદ્યમે તેવો પ્રગટે પુત્ર;
જેને જેવું કર્મ જ કાજ, ઉદ્યમ તેવી રાખે લાજ. ૪૭૦

દોહરા.

કર્મ થકી ઉદ્યમ ફળે, ઉદ્યમથી કર્મ હોય;
ઓછું અદકું એહને, કહી ન શકે કોય. ૪૭૧

ન્યાય ચુકાવ્યો નૃપતિએ, વેદ શાસ્ત્ર મહા મૂલ્ય;
ઉદ્યમ કર્મ એ કલ્પીને, શાસ્ત્ર સદા સમતુલ્ય. ૪૭૨

ઉદ્યમ વિના ચાલે નહીં, કર્મ વિના કૂટાય;
કર્મને ઉદ્યમ ફળે, પ્રીછ્યો પંડિત રાય. ૪૭૩

પ્રીત કરીને પંડિતે, જુગતે જોડાયા હાથ.
ગયો મેલ મનડા થકી, (શિવ) શર્મા શ્યામ સાથ. ૪૭૪

જાતિ સ્મરણ તેમને થયાં, ઓળખિયા બેઉ આપ;
થયાં કંથ ને કામિની, પૂરણ પ્રીત પ્રતાપ. ૪૭૫

છોડી નાખ્યાં પૂતળાં, મેલ્યો મન અહંકાર;
રાજરીત સુખ ભોગવી, વરત્યો જયજયકાર. ૪૭૬

અવસાને ઇંદ્ર લોકે ગયાં; પામી પ્રીત પ્રમાણ;
અનુગ્રહ અવતારનો, શ્યામા વિપ્ર સુજાણ. ૪૭૭

શ્રીગોડ માળવી વિપ્ર શુભ, કવિ તે સૌનો દાસ;
ભક્ત બ્રાહ્મણ સર્વનો, વારુ લીલા વિલાસ. ૪૭૮

પાય લાગીને પરણમું, કરગરું બેહુ કરજોડ;
શામળભટ કહે બોલજો, જય જય શ્રી રણછોડ. ૪૭૯

ooo

કર્પૂરશેખર(૧૮મી સદી)

અંચલગચ્છના રત્નશેખરના શિષ્ય આ જૈન સાધુ કવિએ 'નેમ-રાજુલ બારમાસા' અને 'ગોડી પાર્શ્વનાથ છંદ'ની રચના કરેલી છે.

'નેમ-રાજુલ બારમાસ' માંથી

આ કાવ્યમાં રાજુલની વિરહવ્યથા બાર માસના સ્વરૂપમાં સુંદર રીતે આલેખાઈ છે.

અહીં મહા, ફાગણ અને ચૈત્ર (વસંત ઋતુના માસ)નું આલેખન પ્રસ્તુત છે.

ટાઢ પડે મહા માસમાં, વાલા, હિમ ઠરે પરભાત,
સૂરજતેજે બેસીયે, વાલા, વિકસે સુંદર ગાત રે,
પ્રભુ, માનો મોરી વાત રે, હુંતો અરજ કરું દિનરાત રે,
તુજ નેહ નહીં તિલમાત રે, મેં જાણી તુમારી ઘાત રે,
ઘરે આવો, નેમીસર સાહેબા. ૧૫

માછલડી પાણી વિના, વાલા, તડફડી જીવિત દેત,
તિમ વિછડવે હું તાહરે, વાલા મન આણો તેહ સંકેત રે,
તુજ સાથે ફિરે મુજ ચિત્તરે, પીયુ, સંભાલો નિજ ખેત રે,
ભવ આઠ તણી જે પ્રીત રે, કેમ ત્યાગ કરો, મિત રે. ઘરે.૧૬

ફાગુણના દિન ફુટરા, વાલા, વન કુંપલ વિકસંત,
કેશર પિચકારી ભરી, વાલા, ખલત કામિની કંત રે,

અબીર ગુલાલ ઉડંત રે, મધુરે સ્વરે ગાવે વસંત રે,
નરનારી મલી ગાવંત રે, સુણી ઉપજે વિરહ અનંત રે. ઘરે.૧૭

ઇણી રતે પીયુડો (પરદેશ) વસે, વાલા કેહશું ખેલું ફાગ,
કાલજડે કોરૂ બે, વાલા, લાગો પ્રેમનો દાઘ રે,
વિરહાનલ મોહોટી આગ રે, એહથી તાપ તનુ અથાગ રે,
સાહેબ શું નવલો રાગ રે, પ્રીતમ હવે મલવા લાગ રે. ઘરે.૧૮

ચૈત્રે તરુવર મોરીયાં, વાલા, સુહ ફૂલી વનરાય,
પરિમલ મહકે ફુલના, વાલા સુરભી શીતલ વાય રે,
કોકીલા પંચમસ્વર ગાય રે, ગુંજારવ ભમરના થાય રે,
મન માલિની-શું લલચાય રે, ભમરા રહ્યા લપટાય રે. ઘરે.૧૯

ooo

૬૪

પદ્મવિજય(૧૮મી સદી)

વિવિધ સ્વરૂપોમાં વિપુલ સર્જન કરનાર આ કવિ વિદ્વાન હતા ને આમવર્ગમાં લોકપ્રિય પણ હતા

સમરાદિત્ય રાસ-માંથી

વસંતવર્ણન

કઠડારા આયા ગુરુજી પ્રાહુણા - એ દેશી

આઈ વસંત ઋતુ અન્યદા, વનસિરી અદ્દિ વિસંત,
મારા સાજન વાલ્હા, ચાલો વસંત જોવા જાઈયે,
આંબે મંજરીઓ ભઈ, અતિમુક્તક ઉલ્લસંત, મારા૦ ૧"

તિલકદ્દિફલ્યાં ઘણું, મલયાચલ વાયા વા, મા.મા૦
ભ્રમર ગુંજારવ કરી રહ્યા, કોકિલ શબ્દ સુણાય. મા૦ ૨

મદન પીડે બાલ વૃદ્ધને, વિકસિત કમલિણી થાય. મા૦
કાનન સેવે બહુજના, વિરહ ન દંપતી ખમાય. મા૦ ૩

નગર મહર્દ્દિક આવીઆ, ઈણ સમે ભૂપતિ પાસ, મા૦
વિનવે ઈણી પરે રાયને, પૂરી અમારી આશ. મા૦ ૪

"નિત્ય ઉચ્છવ છે યદ્યપિ, તો પણઆજ વિશેષ, મા૦
ઓચ્છવ ઉપરે હોયશે, ઓચ્છવ જનને અશેષ. મા૦ ૫

પાઉધારી તિણે રાજીયા," તવ ચિંતે મહારાય. મા૦

તો સમીહિત અમ નીપજે, ઉપજે કામવિકાર. મા૦
એમ વિચારી તેહને, ભાખે સુખે પરકાર. મા૦ ૭

"ઓચ્છવ બહુ દેખાવીઆ, હું લહ્યો પરમાણંદ, મા૦
હવે દેખાવો કુમરને, તુમયો એહ નરીંદ." મા૦ ૮

કહે મહર્દ્ધિક-રાયને, "કીધો અમ સુપસાય," મા૦
ઈમ કહી તે નિજ ઘર ગયા, તેડાવે કુમરને રાય. મા૦ ૯

"વત્સ! સ્થિતિ એ આપણી, મધુઓચ્છવ થાયે આજ. મા૦
જોવા જાયે નરપતિ," એમ ભાખે મહારાજ. મા૦ ૧૦

"એ મારગ તુમે આચરો, મેં જોયું બહુ વાર, મા૦
હર્ષ થશે પ્રજા લોકને, તિમ સ્વજન પરિવાર." મા૦ ૧૧

ooo

૬૫

કાળિદાસ (ઈ. ૧૮મી સદી):

વસાવડના કાળિદાસ તરીકે જાણીતા આ આખ્યાનકાર કવિએ 'પ્રહ્લાદ-આખ્યાન', 'સીતા-સ્વયંવર' આદિ કૃતિઓ રચેલી છે. એમાં કથાવસ્તુનું તેમજ પાત્ર-સંવેદનનું વાક્‌છટાવાળું આલેખન તથા વિવિધ રાગ-ઢાળવાળી દેશીઓની રચના નોંધપાત્ર છે.

પ્રહ્લાદ-આખ્યાન -માંથી

"બાળા દેખાડ દેખાડ તરો વૈકુંઠપતિ, એમ હોકારે બકોરે બોલે મૂઢમતિ;
હું તો મનમાં ન રાખું કેની બીક રતિ, બાળા દેખાડ દેખાડ તારો વૈકુંઠપતિ.

હમણાં પ્રહાર કરીને તારા પ્રાણ હરું, ત્યારે હિરણ્યકશિપુ મારું નામ ખરું;
હું તો બ્રહ્માંડમાં ભય કોનો નવ્ય ધરું, બાળા દેખાડ દેખાડ તારો વૈકુંઠપતિ.

હું તો વેરીતણે છળે બળે માર્યો નવ મરું, વર બ્રહ્માએ આપ્યા તે અભિમાન ધરું;
તેણે સકળ ભુવનમાંહે ફૂલ્યો ફરું, બાળા૦

મુને શું કરે તારો રામ રીશ કરી, મારી સન્મુખ ન શકે ધીર ધરી;
ગયો વૈકુંઠ નાશી મારે ત્રાસે કરી, બાળા૦

વર બ્રહ્મા તણો મિથ્યા કરે કોણ વળી, જેથી પ્રગટી સૃષ્ટિ વિવિધ સઘળી;
મુને સહાય થયો છે તપમાં રે મળી. બાળા૦

એવો દિવસ કયો જે દેખું દેવ હરિ, જુદ્ધ કરું તેની સાથે કર ખડ્‌ગ ધરી;
પહેલો એ મળે તો મેલું બીજી વાત પરી." બાળા૦
એવું વચન સુણીને બોલ્યો બાળ મુખે, "રાજા બળ શાને કરો બેસી રૂહોની સુખે;

હું તો દુબળો થાઉં છું તમારે દુઃખે, દાદા દેખાડું શું, રામ મારો રહ્યો છે વ્યાપી;
બાધી સૃષ્ટિ સુરાસુર એણે થાપી, દાદા૦

મારો પ્રભુજી વસે છે ત્રૈલોક વિષે, એને ન જાણતા આપણથી દૂર રખે;
નથી બ્રહ્માંડ કોઈ મારા નાથ પખે. દાદા૦

એ તો આત્મ-સ્વરૂપી સહુ માંહે વસે, જેમ દર્પણ માંહે પ્રતિબિંબ ધસે;
તેમ સઘડે ગોવિંદ અળગો ન ખસે. દાદા૦

ત્યારે બોલિયો અસુર મન ક્રોધ તકે, "અલ્યા જાણ્યું અજાણ્યું કેટલું બકે;
એક આ સ્થંભથી ઠાકોર તારો પ્રગટી શકે?" બાળા૦

એવું સુણી બાળક કર જોડી કહે, "મારા સ્વામીજી મહિમા તો સત્ય લહે,
હુંમાં તુંમાં સ્થંભ ખડ્ગ સહુમાં રહે" દાદા૦

પછી પ્રહલાદ સંભારે વૈકુંઠધણી, નિરખી પ્રેમેશું જોયું ત્યાં સ્થંભ ભણી;
માંહે દીઠા નરસિંહ ત્રૈલોક ઘણી. દાદા૦

દેખી સ્થંભને પ્રહ્લાદે પ્રણામ કર્યો, મન આનંદ અણી પ્રદક્ષિણા ફર્યો;
એવું દેખીને દાનવપતિ ક્રોધે ભર્યો, બાળા૦

બાધો સ્થંભશું વછૂટે ઊઠ્યો ખડ્ગ ધરી, દાઢી મૂંછ પછાડી દોડી દોટ દઈ;
ફાટ્યો કડડડ સ્થંભ ધરા ધ્રૂજી રહી, બાળા૦

દીઠો કારમો કેસરી નર પ્રગટ થયો, રૂપ નિહાળી દાનવપતિ દૂર ગયો;
ધરી ઢાલ ખડ્ગ આવી ઊભો રહ્યો, 'જુઓ પિતાજી પ્રેમે મુજ વૈકુંઠપતિ.' ooo

ગવરીબાઈ (૧૮મી સદી):

આ જ્ઞાનમાર્ગી સ્ત્રીકવિનાં ૬૦૦ ઉપરાંત પદો મુદ્રિત છે. ગરબી, તિથિ, બારમાસી, વાર એવા પ્રકારો ધરાવતાં તથા ગુજરાતીસાથે હિંદી-રાજસ્થાનની ભાષામાં પણ રચાયેલાં એમનાં પદોમાં નિર્ગુણ ભક્તિઉપાસના ઉપરાંત સગુણઉપાસના તથા રામ-કૃષ્ણભક્તિનો સમન્વય થયેલો છે. વિવિધ રાગઢાળો અને તળપદી ભાષાછટા એમનાં પદોની વિશેષતા છે. 'ગુરુશિષ્ય-પ્રશ્નોત્તરી' નામની એક ગદ્યકૃતિ પણ એમણે રચેલી છે.

૩ પદો

૧.

પૂર્ણ બ્રહ્મ પૂરી રહ્યો...

પૂર્ણ બ્રહ્મ પૂરી રહ્યો અખંડ એક સ્વામી

ચૌદ ભોવન વ્યાપી, રહ્યો હરિ ત્યાંહી,
બાહિર ભીતર જ્યાંહી, તુંહી મોહ નમી; પૂર્ણ

ચંદમેં તું ચૈતન્ય તું, સૂરજ મેં તું તેજ,
નાહક ભજે, તું વિના દશોદિશ જામી; પૂર્ણ

રૂપ નહીં, રંગ નહીં, વર્ણ નહીં વિભુ,
નિરંજન નિરાકાર, નહીં માયા કામી; પૂર્ણ

ગવરી ગુરુ જ્ઞાન પ્રકાશ, તિમિર ભયો રી નાશ,
ભાગ્યો બ્રહ્મ ચિદ્‌વિલાસ, પૂર્ણ પદ પામી; પૂર્ણ

૨.

સોહં સોહં બ્રહ્મ એ ભજ, સોહં સોહં બ્રહ્મ એ ભજ
પંચકોસકો તું સાખી રે, ચૈતન્ય સમજી લે એ ભ્રમ; સોહં૦
જન્મ જરા મૃત્યુ નહીં તોકું, નહીં તો એ કાલની ક્રમ, સોહં૦
નહીં તું શ્વેત, પીતળ ને રક્ત, નહીં તું શીતળ ગ્રમ; સોહં૦
નહીં તું બંધ્ય, નહીં તું મુક્ત, નહીં તું એ દેહનો ધર્મ; સોહં૦
નહીં તું દીર્ઘ, નહીં તું સૂક્ષ્મ, ગવરી સ્વતંત્ર બ્રહ્મ; સોહં૦

૩

બ્રહ્મનો ભેદ...

બ્રહ્મનો ભેદ જાણ્યો જને અનુભવી, ભેદ જાણ્યા વિના ભ્રમ ન જાવે;
ભર્મ ભાગ્યા વિના કર્મ કહો ક્યમ ગળે? કર્મ ગળ્યા વિના મર્મ ન પાવે...
મરમ લહ્યા વિના સંશય નવ ટળે, સંશય ટળ્યા વિના સર્વ કાચું;
કથણી કથે અને અર્થ બહુ અનુભવે, રહેણી વિના કયમ પામે સાચું?
સાચા સિદ્ધાંતનું હિરદ સમજે નહીં, સમજીને અરથ ના કાંઈ સરતો;
આત્મા–શું આત્મા, બુદ્ધિ થકી જોય તો, તેણે કરી વાસનાલિંગ ન ગળતો...
અણલિંગી તમે અનુભવી જાણજો, તેજ તત્ત્વદર્શી રહે રે જોઈ;
ગવરી આત્મા–પરમાત્મા એક જ ભયે, દ્વૈત ભાવ નવ ભાસે કોઈ...

ooo

ગંગાસતી (ઈ. ૧૮મી સદી):

ગંગાસતી કે ગંગાબાઈ એવી નામછાપ ધરાવતાં એમનાં પદો ભક્તિ, બોધ, યોગસાધના, સાક્ષાત્કાર એવી વિવિધભૂમિકાઓ નિરૂપાઈ છે. એમનાં ચાળીસેક પદો પૈકી અરધા જેટલાં પદો પાનબાઈ એવું સંબોધન ધરાવે છે. એ પાનબાઈ ગંગાસતીની પુત્રવધૂ હોવાનું મનાય છે. ભાવની માર્મિકતા અને તન્મય કરી શકતી લયાત્મકતા એમનાં પદોની વિશેષતા છે.

૨૧ પદો

૧.

મેરુ રે ડગે ને જેનાં મન નો ડગે
મરને ભાંગી રે પડે ભરમાંડ રે;
વિપદ પડે પણ વણસે નહિ,
ઈ તો હરિજનનાં પરમાણ રે –મેરુ રે

ભાઈ રે! હરખ ને શોકની ના'વે જેને હેડકી ને
શીશ તો કર્યાં કુરબાન રે,
સતગુરુ વચનમાં શૂરા થઈ ચાલે,
જેણે મેલ્યાં અંતરનાં માન રે –મેરુ રે

ભાઈ રે! નિત્ય રેંવું સતસંગમાં ને
જેને આઠે પો'ર આનંદ રે,
સંકલ્પ વિકલ્પ એકે નહિ ઉરમાં,
જેણે તોડી નાખ્યો માયા કેરો ફંદ રે –મેરુ રે

ભાઈ રે! ભગતી કરો તો એવી રીતે કરજો પાનબાઈ
રાખજો વચનુંમાં વિશવાસ રે,
ગંગા રે સતી એમ બોલિયાં રે,
તમે થાજો સતગુરુજીનાં દાસ રે –મેરુ રે

૨
શીલવંત સાધુને વારે વારે નમીએ પાનબાઈ
જેનાં બદલે નહિ વ્રતમાન રે
ચિત્તની વરતી જેની સદાય નિરમાળી
જેને મા'રાજ થયા મેરબાન રે –શીલવંત
ભાઈ રે! શત્રુ ને મિત્ર રે એકે નહિ ઉરમાં
જેને પરમારથમાં પ્રીત રે,
મન કર્મ વાણીએ વચનુંમાં ચાલે ને
રૂડી પાળે એવી રીત રે –શીલવંત
ભાઈ રે! આઠે પો'ર મનમસ્ત થઈ રે'વે
જેને જાગી ગયો તુરીયાનો તાર રે
નામ ને રૂપ જેણે મિથ્યા કરી જાણ્યું ને
સદાય ભજનનો આધાર રે –શીલવંત
ભાઈ રે! સંગત્યું તમે જ્યારે એવાની કરશો ને
ત્યારે ઊતરશો ભવપાર રે

ગંગા રે સતી એમ બોલિયાં રે,
જેને વચનુંની સાથે વે'વાર રે —શીલવંત

૩

મન મટિયું તેને ત્યાગી કહીએ ને
મરને વરતે વહેવાર માંય રે,
ભીતર જણ્યા તેને ભ્રાંતિ ભાંગી ને
તેને નડે નહિ માયાની છાંય રે —મન

ભાઈ રે! આદર્યો અભિયાસ ને મટી ગઈ કલ્પના
આનંદ ઊપજ્યો અપાર રે,
વ્રતમાન બદલે પાનબાઈ તેને રે
જેને લાગ્યો વચનુંમાં રે —મન

ભાઈ રે! આસન ત્રાટક ખટમાસ સિદ્ધ કર્યું ને
વરતી થઈ ગઈ સમાન રે,
ગુરુ ને શિષ્યની થઈ ગઈ એકતાને
મટી ગયું જાતિનું માન રે —મન

ભાઈ રે! પદાર્થની અભાવના થઈ ગઈ તેહને રે,
વાસના મટી ટળી તાણાવાણ રે,
ગંગા રે સતી એમ બોલિયાં રે,
જેને થઈ ગઈ સદ્‌ગુરુની ઓળખાણ રે —મન

૪

પી લેવો હોય તો રસ પી લેજો પાનબાઈશ્ર
પિયાલો આવ્યો છે તત્કાળ;
વખત ગયા પછી પસ્તાવો થાશે પાનબાઈ!
અચાનક ખાશે તમને કાળ – પી લેવો.
ભાઈ રે! જાણવી હોય તો વસ્તુ જાણી લેજો પાનબાઈ!
નીકર જમીનમાં વસ્તુ જાશે;
નખશિખ ગુરુજીએ હૃદયમાં ભરી તો આ
ઠાલવવાનું ઠેકાણું કે'વાશે પી લેવો.
ભાઈ રે! આપ રે મૂવા વિના સંત નહિ આવે પાનબાઈ
ગુરુગમ વિના ગોથાં મરને ખાવે,
ખોળામાં બેસારી તમને વસ્તુ આપું જેથી,
આપાપાણું ગળિ તરત જાવે પી લેવો.
ભાઈ રે! આ વખત આવ્યો છે મારે ચેતવાનો પાનબાઈ
માન મેલીને થાવને હુશિયાર;
ગંગા રે સતી એમ બોલિયાં રે,
હવે તમે હેતનાં બાંધો હથિયાર. પી લેવો.

૫.

વીજળીને ચમકારે મોતી પરોવવું, પાનબાઈ!
નહિતર અચાનક અંધાર થાશે,
જોતજોતામાં દિવસ વયા ગયા, પાનબાઈ!
એકવીશ હજાર છસોને કાળ ખાશે–
ભાઈ રે! જાણ્યા જેવી આ તો અજાણ છે પાનબાઈ!
આ તો અધૂરિયાને નો કે'વાય,
આ ગુપતરસનો ખેલ છે અટપટો,

આંટી મેલો તો પૂરણ સમજાય
ભાઈ રે! નિરમળ થૈ ને આવો મેદાનમાં, પાનબાઈ!
જાણી લિયો જીવની જાત,
સજાતિ વજાતિની જુગતિ બતાવું ને
બેબી પાડી દઉં બીજી ભાત
ભાઈ રે! પિંડે બ્રહ્માંડથી પર છે ગુરુ, પાનબાઈ!
તેનો દેખાડું હું તમને દેશ,
ગંગા રે સતી એમ બોલિયાં રે,
ત્યાં નહિ માયાનો જરીએ લેશ.–

૬

વચન વિવેકી જે નરનારી પાનબાઈ,
તેને બ્રહ્માદિક લાગે પાય;
જથારથ વચનની શાન જેણે જાણી પાનબાઈ,
તેને કરવું હોય તેમ થાય. .. વચન વિવેકી.

વચનમાં સમજે તેને મહાસુખ થાય રે,
ઈ તો ગત ગંગાજી કહેવાય;
એકમના થઈને આરાધ કરે તો તો,
નકલંક પરસન થાય.. .વચન વિવેકી.

વચને થાપ ને વચને ઉથાપ પાનબાઈ,
વચને મંડાય જો ને પાઠ;
વચનના પૂરા તે તો નહિ રે અધૂરા,
વચનનો લાવો જોને ઠાઠ ... વચન વિવેકી.

વસ્તુ વચનમાં છે પરિપૂરણ પાનબાઈ
વચન છે ભક્તિનું જો ને અંગ;
ગંગાસતી એમ બોલિયાં રે
કરવો વચનવાળાનો સંગ ... વચન વિવેકી.

૭

જુગતી તમે જાણી લેજો પાનબાઈ!
મેળવો વચનનો એક તાર;
વચનરૂપી દોરમાં સુરતાને બાંધો,
ત્યારે મટી જશે જમના માર... જુગતી ૧

ભાઈ રે! જુગતી જાણ્યા વિના ભગતી નૈ શોભે
મરજાદ લોપાઈ ભલે જાય;
ધરમ અનાદિનો જુગતીથી ખેલો.
જુગતીથી અલખ તો જણાય... જુગતી ૨

ભાઈ રે! જુગતીથી સેજે ગુરપદ જડે પાનબાઈ!
જુગતીથી તાર જોને બંધાય,
જુગતીથી ત્રણ ગુણ નડે નહિ,
જુગતીથી જાણે તો પાર પોંચી જાય... જુગતી ૩

ભાઈ રે! જુગતી જાણી તેને અટકાવનાર નવ મળે,
તે તો હરિ જેવા બની રે' સદાય
ગંગાસતી એમ બોલિયાં રે,
તેને તો નમે જગતમાં બધાંય... જુગતી ૪

૮

ગુપત રસ આ તો જાણી લેજો પાનબાઈ!
જેથી જાણવું રહે નહિ કાંચ;
ઓધ રે આનંદના કાયમ રહે ને,
સેજે સેજે સંશય બધા મટી જાય.. . ગુપત. ૧

ભાઈ રે! શૂરવીર થૈને સંગ્રામે ચડવું પાનબાઈ!
માંયલું મન ફરી ઊભું ન થાય;
કેવલ ભગતિને તમે એમ પામો પાનબાઈ!
જેથી જનમ મરણ સેજે મટી જાય... ગુપત. ૨

પરપંચના તોડી નાખો પડળ પાનબાઈ!
તો તો પચરંગી પાર જણાય;
જથારથ પદને જાણ્યા પછી પાનબાઈ!
ભાવ કુભાવ મનમાં નહિ થાય... ગુપત. ૩

ભાઈ રે! મેદાનમાં હવે મામલો મચાવો પાનબાઈ!
ભજન કરો ભરપુર;
ગંગાસતી એમ બોલિયાં રે,
વસાવો નિરમળ નૂર... ગુપત. ૪

૯

મન મરિયું તેને ત્યાગી કહીએ ને,
મરને વરતે વહેવાર માંય રે;
ભીતર જાગ્યા તેને ભ્રાંતિ ને,
તેને નડે નહિ માયાની છાંય રે ...મન. ૧

ભાઈ રે! આદર્યો અભ્યાસ ને મટી ગઈ કલ્પના,
આનંદ ઉપજ્યો અપાર રે;
વ્રતમાન બદલે પાનબાઈ તેને રે;
જેને લાગ્યો વચનુમાં તાર રે.. .મન. ૨

ભાઈ રે! આસન ત્રાટક ખટમાસ સિદ્ધ કર્યું ને,
વરતી થઈ ગઈ સમાન રે;
ગુરુને શિષ્યની થઈ ગઈ એકતા ને,
મટી ગયું જાતિનું માન રે. ..મન. ૩

ભાઈ રે! પદાર્થની અભાવના થઈ ગઈ તેહને રે,
વાસના મટી ટળી તાણાવાણ રે;
ગંગાસતી એમ બોલિયાં ને,
જેને થઈ ગઈ સદ્‌ગુરુની ઓળખાણ રે ...મન.૪

૧૦
અભિયાસ જાગ્યા પછી બહુ ભમવું નહિ ને,
ને રે'વું ભેદવાદીની સાથે રે;
કાયમ રે'વું એકાંતમાં ને,
માથે સતગુરુનો હાથ રે. ..અભિયાસ. ૧

ભાઈ રે! તીરથ વ્રત પછી કરવાં નહિ ને,
ન કરવાં સતગુરુનાં કર્મ રે;
એવી રે ખટપટ છોડી દેવી ને,
જ્યારે જણાય માંયલો મર્મ રે. ..અભિયાસ. ૨

ભાઈ રે! હરિમય જ્યારે જગત જાણ્યું ને,
ત્યારે પરપંચથી રહેવું દૂર રે;
મોહ સઘળો પછી છોડી દેવો, ને,
હરિ ભાળવા ભરપૂર રે. ..અભિયાસ. ૩

ભાઈ રે! મેળો મંડપ કરવાં નહિ ને,
ઈ છે અધૂરિયાનાં કામ રે;
ગંગાસતી એમ બોલિયાં ને,
ભાળવા હોય પરિપૂરણ રામ રે.. .અભિયાસ. ૪

૧૧

જીવને શિવની થઈ ગઈ એકતા ને,
પછી કહેવું રહ્યું નથી કાંઈ ને;
દ્વાદશ પીધો જેણે પ્રેમથી ને,
તે સમાઈ રહ્યો ધુનની માંઈ રે... જીવને. ૧

ભાઈ રે! તમે હરિ હવે ભરપૂર ભાળ્યા ને,
વરતો કાયમ ત્રિગુણથી પાર રે;
રમો સદા એના સંગમાં ને,
સૂરતા લગાડો બાવન બાર રે... જીવને. ૨

ભાઈ રે! મૂળ પ્રકૃતિથી પાર થઈ ગયાં ને;
તૂટી ગઈ સઘળી ભ્રાંત રે;
તમારું સ્વરૂપ તમે જોઈ લીધું ને,
જ્યાં વરસે છે સદા સ્વાંત રે... જીવને. ૩

ભાઈ રે! સદા આનંદ હરિના સ્વરૂપમાં ને,
જ્યાં મટી મનની તણાવાણ રે;
ગંગાસતી એમ બોલિયાં ને,
તમે પદ પામ્યાં નિરવાણ રે.. .જીવને. ૪

૧૨

કુપાત્ર આગળ વસ્તુ ન વાવીએ ને,
સમજીને રહીએ ચૂપ રે;
મરને આવીને દ્રવ્યનો ઢગલો કરે ને,
ભલે હોય મોટો ભૂપ રે ...કુપાત્ર. ૧

ભાઈ રે! ભજની પુરુષને બેપરવા રે'વું ને,
રાખવી ના કોઈની પરવા રે;
મોટાની આગળ નવ ઉચ્ચારવું ને,
બાંધવો સૂરતાનો એકતાર રે.. .કુપાત્ર. ૨

ભાઈ રે! ઉપદેશ દેવો તો પ્રથમ ભગતિ દેખાડવી ને,
ગાળી દેવો તેનો મોહ રે;
દયા કરવી તેની ઉપર રાખવો ને,
ઘણો કરીને સોહ રે.. .કુપાત્ર. ૩

ભાઈ રે! સંશય ટળે ને મનડું ગળે ને,
રાખે નહિ કોઈ પર દ્વેષ રે;
ગંગાસતી એમ બોલિયાં ને,
એવાને દેખાડવો હરિનો દેશ રે... કુપાત્ર. ૪

૧૩

અંતઃકરણથી પૂજાવાની આશા રાખે ને,
એને કેમ લાગે હરિનો સંગ રે;
શિષ્ય કરવા નહિ એવા જેને,
પૂરો ચડ્યો ન હોય રંગ રે... અંતઃકરણથી. ૧

ભાઈ રે! અંતર નથી જેનું ઊજળું ને,
જેને મોટાપણું મનમાંય રે;
તેને બોધ નવ દીજીએ ને,
જેની વૃત્તિ હોય આંઈ ને ત્યાંય રે... અંતઃકરણથી. ૨

ભાઈ રે! શઠ નવ સમજે સાનામાં ને,
ભલે કોટિ કરે ઉપાય રે;
સંકલ્પ વિકલ્પ જેને વધતા જાય ને,
એવાની અંતે ફજેતી થાય રે... અંતઃકરણથી. ૩

ભાઈ રે! એવાને ઉપદેશ કદી ન દેવો ને,
ઉલટી ઉપાધિ વધતી જાય રે;
ગંગાસતી એવા બોલિયાં ને,
એવાનો કરવો નહિ ઈતબાર રે... અંતઃકરણથી. ૪

૧૪

ભક્તિ કરવી તેને રાંક થઈ ને રે'વું ને,
મેલવું અંતરનું અભિમાન રે,

સદ્‌ગુરુ ચરણમાં શીશ નમાવી,
કર જોડી લાગવું પાય... ભક્તિ. ૧

જાતિપણું છોડીને અજાતિ થાવું ને,
કાઢવો વરણ વિકાર;
જાતિભાતિ નહિ હરિના દેશમાં ને,
એવી રીતે રે'વું નિર્માન રે... ભક્તિ. ૨

પારકા અવગુણ કોઈના જુએ નહિ ને,
એને કહીએ હરિના દાસ રે;
આશા ને તૃષ્ણા એકે નહિ ઉરમાં,
એને દઢ કરવો વિશ્વાસ... ભક્તિ. ૩

ભક્તિ કરો તો એવી રીતે કરજો,
કે રાખજો વચનમાં વિશ્વાસ રે;
ગંગાસતી એમ બોલિયાં પાનબાઈ,
એમ કહીને હરિના દાસ... ભક્તિ. ૪

૧૫

પ્રેમલક્ષણા ભક્તિ જેને પ્રકટી તેને,
કરવું પડે નહિ કાંઈ રે;
સતગુરુ વચનુની છાયા પડી ગઈ તેને,
અઢળક પ્રેમ જાગ્યો ઉરમાંય...દાઢ.

ભાઈ રે! પ્રેમલક્ષણા ભક્તિ શબરીએ કીધી ને,
હરિએ આરોગ્યાં એઠાં બોર;

આવરણ અંતરમાં એકે નહિ આવ્યું ને,
    ત્યાં ચાલે નહિ જમનું જોર...૧

ભાઈ રે! પ્રેમ પ્રગટ્યો વિદુરની નારી ને રે,
    ભૂલી ગઈ દેહ કેરું ભાન રે;
કેળાંની છાલમાં હરિને રિઝાવ્યા ને,
    તેને છૂટ્યું અંતરનું માન રે...૨

ભાઈ રે! એવો પ્રેમ પાનબાઈ જેને પ્રગટ્યો ને,
    સ્હેજે હરિ ભેગો થાય રે,
ગંગાસતી એમ બોલિયાં ને રે,
    તેથી જમરાજ દૂર જાય રે...૩

૧૬

નવધા ભગતિમાં નિરમળ રે'વું ને
    શીખવો વચનુંનો વિશવાસ રે,
સતગુરુને પૂછીને પગલાં ભરવાં ને
    થઈને રહેવું તેના દાસ રે.
ભાઈ રે! રંગરૂપમાં રમવું નહીં ને
    કરવો ભજનુંનો અભિયાસ રે,
સતગુરુ સંગે એકાંતમાં રે'વુંને
    તજી દેવી ફળની આશ રે – નવધા૦

ભાઈ રે! દાતા ને ભોગતા હરિ એમ કે'વું ને
    રાખવું નિરમળ જ્ઞાન રે,

સતગુરુ ચરણમાં શીશ નમાવવું રે
ધરવું ગુરુજીનું ધ્યાન રે – નવધા૦

ભાઈ ૨! અભ્યાસીને એવી રીતે રે'વું ને
જાણવો વચનનો મરમ રે,
ગંગાસતી એમ બોલિયાં ને
છોડી દેવાં અશુદ્ધ કરમ રે – નવધા૦

૧૭
વચનની શક્તિ

સાનમાં સાન એક ગુરુજીની કહું, પાનબાઈ!
જેથી ઊપજે આનંદના ઓઘ રે
સિદ્ધ અનુભવ જેના ઉરમાં પ્રગટે;
તેને મટી જાય માયા કેરો ક્ષોભ. – સાનમાં૦
ભાઈ રે! ચૌદ લોકથી વચન છે ન્યારું, પાનબાઈ,
તમે તેની કરી લિયો ઓળખાણ,
જથારથ બોધ વચનનો જોતાં, પાનબાઈ,
મટી જાય મનની તાણાવાણ. – સાનમાં૦

ભાઈ રે! વચન થકી ચૌદ લોક રચાણા,
વચન થકી ચંદા ને સૂર,
વચન થકી માયા ને મેદની, પાનબાઈ!
વચન થકી વરસે સાચાં નુર. – સાનમાં૦

વચન જાણ્યું તેણે સરવે જાણ્યું, પાનબાઈ!

તેને કરવું પડે નૈ બીજું કાંઈ,
ગંગા રે સતી એમ બોલિયાં રે
તેને નડે નહીં માયા કેરી છાંઈ. – સાનમાં૦

૧૮
મરજીવા થઈને
અસળ વચન કોઈ દી સળે નહીં રે
તે તો અહોકાળ ગાળે ભલે વનમાં,
સતગુરુ સાનમાં પરિપૂરણ સમજ્યા,
તેને અહંભાવ આવે નહીં મનમાં –

ભાઈ રે! શરીર પડે વચન ચૂકે નહીં
ગુરુજીના વેચ્યા તે તો વેચાય;
બ્રહ્માદિક આવીને મરને લિયે પરીક્ષા
પણ બીજો બોધ નો ઠેરાય. – અસલ૦

ભાઈ રે! મરજીવા થૈને કાયમ રમવું, પાનબાઈ!
વચન પાળવું સાંગોપાંગ,
ત્રિવિધના તાપમાં જગત બળે છે
તેનો નૈ લાગે તમને ડાગ. – અસલ૦

ભાઈ રે! જીવનમુક્તની દશા પ્રગટશે,
હાણ ને લાભ મટી જોને જાય,
આશા ને તૃષ્ણા એકે નહીં ઉરમાં
પરમ ભક્ત તે કહેવાય. – અસલ૦

ભાઈ રે! દઢતા રાખો તો તમે એવી રીતે રાખજો

જેથી રીઝે નકળંક રાય,
ગંગાસતી એમ બોલિયાં
તેને નહીં માયા કેરી છાંય. – અસલ૦

૧૯
અભયભાવ
ભગતી હરિની પદમણી પ્રેમદા, પાનબાઈ!
રહે છે હરિની જોને પાસ,
ઈ રે ભક્તિ ક્યારે ઉરમાં આવે
જ્યારે થાય સદ્‌ગુરુની દાસ– ભગતી૦
એવાં રે લક્ષણ સાંભળતાં, પાનબાઈ!
અભય ભાવ ચિતમાં પ્રગટાય – ભગતી૦
ભાઈ રે! સતગુરુ વચનમાં સુરતાને રાખો,
તો તો હું ને મારું મટી જાય,
નિંદા ને સ્તુતિ જ્યારે સમતુલ્ય ભાસે
ત્યારે અભય ભાવ કે'વાય. – ભગતી૦

ભાઈ રે! એવા અભયભાવ વિના ભગતી ન આવે,
મરને કોટિ કરે ઉપાય,
ગંગા રે સતી એમ બોલિયાં રે
તે વિના જીવ પણ નૈ જાય. – ભગતી૦

૨૦
ગજવાનો લાડવો
ઝીલવો હોય તો રસ ઝીલી લેજો, પાનબાઈ,
પછી પસ્તાવો થાશે;

અગમ અગોચર રસનું નામ છે
એ તો પૂરણ અધિકારીને ઠેરાશે. – ઝીલવો૦

ભાઈ! માન રે મેલ્યા પછી રસ તમને મળશે, પાનબાઈ,
જુઓને વિચારી તમે મનમાં;
દૃષ્ટ પદારશ નથી રે'વાનું, પાનબાઈ,
સુણોને ચિત્ત દઈને વચનમાં. – ઝીલવો૦

ભાઈ રે! આ તો ગુંજાનો લાડવો, પાનબાઈ,
અહંભાવ ગયા વિના નો ખવાય;
કોટિ રે જનમની મટાડો કલ્પના ત્યારે
જાતિ રે પણું વયું જાય. – ઝીલવો૦

ભાઈ રે! દૃષ્ટિ રાખો, પત રસ ચાખો, પાનબાઈ,
તો તો સેજે આનંદ વરતાય,
ગંગા રે સતી એમ બોલિયાં રે
આપમાં આપ મળી જાય. – ઝીલવો૦

૨૧
હરિનો દેશ
મનને સ્થિર કરી આવો રે મેદાનમાં ને
મિટાવું સરવે ક્લેશ રે,
હરિનો દેશ તમને એવો દેખાડું ને
જ્યાં નહીં વર્ણ ને વેશ રે –

સૂક્ષમ સૂવું ને સૂક્ષમ ચાલવું ને

સૂક્ષમ કરવો વે'વાર રે,
શરીરની સ્થિરતામાં ચિત્ત જેનું કાયમ ને
વરતી ન ડોલે લગાર રે. – મનને૦

કુબુદ્ધિવાળાનો સંગ તજવો ને
રહેવું એકાંતે અસંગ રે,
કૂંચી બતાવું એનો અભિયાસ કરવો ને
ચડાવવો નિત્ય નવો રંગ રે. – મનને૦

ચિત્ત વિષયમાંથિ ખેંચવું ને
રે'વું સદાય ઇન્દ્રિયજીત રે
ગંગાસતી એમ બોલિયાં જે
તેથી થાય નૈ વિપરિત ચિત્ત રે. – મનને૦

૦૦૦

૬૮

જેઠીરામ (૧૮મીસદી)

કચ્છના આ નૈષ્ઠિક સંત કવિ દેવાસાહેબના શિષ્ય હતા, એમણે અધ્યાત્મ ઉપદેશનાં પદો લખ્યાં છે.

૩ પદો

૧

કોઈ નૂરીજન નજરે આવે!

મન માંયલાની ખબરું લાવે રે,
કોઈ કામ કરોધને હટાવે રે;
કોઈ એવા નૂરીજન નજરે આવે...જી

જ્ઞાની હોય સો જ્ઞાન બતાવે, રૂડા ભરમોના ભેદ બતાવે,
રામનામની રટણાયું રટી લે, અંધિયારો મટી જોવે;
કોઈ એવા નૂરીજન નજરે આવે...જી

સંસાર-સાગર મહાજળ ભરિયો, હરિજન વા'ણ હોકારે,
એના માલમીને પકડ વશ કરો લો, પાર ઊતરી જાવે;
કોઈ એવા નૂરીજન નજરે આવે...જી

નિજ નામાનાં નાંગળ નાખીને,પવન-પુરુષ પધરાવે,
અસલ જુગની અમર વાદળી, મોતીડે વરસાવે;
કોઈ એવા નૂરીજન નજરે આવે...જી

સતકી રોટી, સબસે મોટી, પ્યાસ હોય સો પાવે,
દોઈ કર જોડી જેઠીરામ બોલ્યા, કર્યા કરમ કંહીં જાવે;
કોઈ એવા નૂરીજન નજરે આવે...જી

૨

ભગતીનો મારગ રે

ભગતીનો મારગ રે, ફૂલ કેરી પાંખડી રે
સુંઘે તેને રે સવાદ. – ભગતીનો૦
કરણીના પૂરા રે, શૂરા થૈ ચાલશે રે
કાયર ખાશે માર. – ભગતીનો૦

ધરતીના ધીંગા રે પૂરા નર જે હશે
મરજીવા ખેલે રે મેદાન. – ભગતીનો૦

સ્વાદને સુંધ્યા રે ગોપીચંદ ભરથરી રે
જેને વનમાં ઊપજ્યો વેરાગ. – ભગતીનો૦

ગુરુના પ્રતાપે રે જેઠીરામ બોલિયા રે
દેજો અમને સંત ચરણમાં વાસ. – ભગતીનો૦

અમને અમારી કાયા રે તણો નહીં વિસવાસ...

અમને અમારી કાયા રે તણો નહીં વિશ્વાસ
પારકાનાં અવગુણ રે દીલડામાં નો આણીરે હો જી
–એવો પારકો આજો રે દિલમાં નવ આણીએ રે હો જી...૦

નવ તેરી નગરી, કાયા તારી ખૂબ રે બની હો મેં વારી જાઉં,
એમાં અવળા સવળા મણિયારે માંડ્યા છે હાટ...
–એવો પારકો આજો રે દિલમાં નવ આણીએ રે હો જી...૦

નેવાં તારા નમિયા, ભીતું ગળવાને લાગીયું રે, હો મેં વારી જાઉં,
એવી ગળવા લાગી મંદિરયાની પછીત...
–એવો પારકો આજો રે દિલમાં નવ આણીએ રે હો જી...૦

હંસો રાજા ચાલ્યો, પિંજર તારૂં પડતું મેલી,હો મેં વારી જાઉં,
એવી મેલી ચાલ્યો સરોવરીયાની રે પાળ...
–એવો પારકો આજો રે દિલમાં નવ આણીએ રે હો જી...૦

ગુરુના પ્રતાપે જેઠી રામ બોલિયા રે હો મેં વારી જાઉં,
એવા જેઠીરામ તો ગત રે ગંગાજીના દાસ,
–એવો પારકો આજો રે દિલમાં નવ આણીએ રે હો જી...૦

ooo

૬૯

ભાણસાહેબ

(૧૮મી સદી : ૧૬૯૮–૧૭૫૫):



રામકબીર સંપ્રદાયના આ પદકવિએ ગુજરાતી-હિંદીમાં રચેલાં પદો જ્ઞાનમાર્ગી પરિભાષામાં થતું રૂપકાત્મક નિરૂપણ કરેલું છે, તેમજ પૌરાણિક પાત્રોનો તથા તે સમયના લોકજીવનનાં પ્રચલિત દૃષ્ટાંતોનો અધ્યાત્મબોધ માટે વિનિયોગ કરેલો છે. આરતી અને ગરબી જેવા પ્રકારોનો પણ એમણે ઉપયોગ કરેલો છે.

આંબા છઠ્ઠા ઉર્ફે ષષ્ટમદાસના શિષ્ય અને રવિસાહેબના ગુરુ ભાણસાહેબ સંપ્રદાયમાં કબીરનો અવતાર ગણાતા હતા.

૫ પદો

૧.

હંસો હાલવાને લાગ્યો

હંસો હાલવાને લાગ્યો, કાયાનો ગઢ ભાંગ્યો;
તમે પોરા પ્રમાણે જાગો, હંસો હાલવાને લાગ્યો.

નિત નિત નિદ્રા નવ કરો નયણે, સૂતાને સાહેબ આઘો;
સુમરણ કરી લો સાચા ધણીનું, તમે મોજ મુક્તાફળ માગો. હંસો

જાગ્યા સોઈ નર સંસારમાં સીધ્યા, જેણે ઉજેડ મેલ્યો આઘો;
મારગ ધાયા તે બહોત સુખ પાયા, તેનો જરા મરણ ભે ભાંગ્યો. હંસો

જરા પહોંચી ત્યારે જમડા રે આવ્યા, દેહડી તણો દલ ભાંગ્યો;
કૂડીએ આવી કાયાનો ગઢ ઘેર્યો, ત્યારે અંધો અરજવાનો લાગ્યો. હંસો

કૂડી છે કાયા ને કૂડી છે માયા, જૂઠડો આ જગ જાણો;
સાચો નામ સાહેબકો જાણો, ભણે લુહાણો ભાણો. હંસો

૨.

સત્‌ગુરુ મળિયા સેજમાં

સત્‌ગુરુ મળિયા સેજમાં, જેણે સતનો શબ્દ સૂનાયો.
ચોરાશીનો રાહ ચુકવી, અબંડ ધામ ઓળખાયો. સત્‌ગુરુ ટેક

પંથ હતા સો થીયા પૂરીપરણ, નવધા નામ મીટાયો,
દશમ દશા આવી દીલ ભીતર. એકમેં અનેક સમાયો. સત્‌ગુરુ ૧

અનેક હતા સો અખંડ સમાયો, નહિ જાયો આયો,
જીક્કર કરતાં ગઈ જામની. સોહં સાહેબ પાયો. સત્‌ગુરુ ૨

જપ તપ તીરથ જોગ ન ધરતા, સળંગ સેરડો પાયો,
ખટ દર્શનમાં ખોજ કરીને, ફરી ફરી ઘેર જ આયો, સત્‌ગુરુ ૩

અનંત કોડમાં આગે ઉભા, સમસ્યા યે સાધ કહાયો,
નહી ભાણો હરિ ભીતર ભેદા, જ્યોતિ મેં જ્યોતિ મીલાયો. સત્‌ગુરુ ૪

૩

મન! તું રામ ભજી લે – ને રાણા,

મન! તું રામ ભજી લે – ને રાણા,
તારે ગુણ ગોવિંદનાં ગાણાં...

ખોટી માયાની ખબર પડી નહીં, કળ વિનાના કુટાણા;
જૂઠી માયાસે ઝઘડો માંડ્યો, બળ કરીને બંધાણા...

કૂડિયા તારે કામ નહીં આવે, ભેળા ન આવશે નાણાં;
હરામની માયા હાલી જાશે, રહેશે દામ દટાણાં...

કૂણપ વિના નર કૂણા દીસે, ભીતર નહીં ભેદાણા;
હરિ વિનાના હળવા હીંડે, નર ફરે નિમાણા...

સો સો વરસ રહે સિંધુમાં, ભીતર નહીં ભીંજાણા;
જળનું તો કાંઈ જોર ન ચાલે, પલળે નહીં ઈ પાણા...

પળી ફરી પણ વરતિ ન ફરી, બોલ નહીં બદલાણા;
છબી ફરી પણ ચાલ ફરી નહી, ભ્રાંતિ ગઈ નહીં ભાણા...

૪

સદ્‌ગુરુ સાહેબ સઈ કર્યા

સદ્‌ગુરુ સાહેબ સઈ કર્યા જેણે પ્રેમ જ્યોતિ પરકાશી રે,
અખંડ જાપ આયો આતમ રો, કટી કાલકી ફાંસી...
–મેરે સતગુરુ, પ્રેમ જ્યોતિ પરકાશી રે...૦

ગગન ગરજીયા શ્રવણે સુણીયા મેઘ જ બારે માસી રે,
ચકમ દામની ચમકન લાગી દેખ્યા એક ઉદાસી...
–મેરે સતગુરુ, પ્રેમ જ્યોતિ પરકાશી રે...૦

ગેબ તણા ઘડીયારા વાગે દ્વૌત ગયા દળ નાસી રે,
ઝીલપણામાં ઝાલર વાગી ઉદય ભયા આવીનાશી...
–મેરે સતગુરુ, પ્રેમ જ્યોતિ પરકાશી રે...૦

મહી વલોયા માખન પાયા ધૂત તણી ગમ આસી રે,
ચાર સખી મીલ ભયા વલોણ અમર લોકકા વાસી...
–મેરે સતગુરુ, પ્રેમ જ્યોતિ પરકાશી રે...૦

સપ્ત દીપ ને સાયર નાહીં, નહીં ધરણી આકાશી રે,
એક નિરંતર આતમ બોલે, સો વિધ વીરલા પાસી...
–મેરે સતગુરુ, પ્રેમ જ્યોતિ પરકાશી રે...૦

ગેબ નિરંતર ગુરુ મૂખ બોલ્યા, દેખ્યા શ્યામ સુવાસી રે,
સ્વપ્ને ગયા ને સાહેબ પાયા, ભાણ ભયા સમાસી...
–મેરે સતગુરુ, પ્રેમ જ્યોતિ પરકાશી રે...૦

૫

સદ્‌ગુરુ સાહેબ સોઈ મળ્યા

સદ્‌ગુરુ સાહેબ સોઈ મળ્યા જેણે, અમ્મર નામ ઓળખાયો રે...
ગુરુ પ્રતાપ સાધુકી સંગત, ભગતિ પદારથ પાયો...
મેરે સતગુરુ.. અમ્મર નામ ઓળખાયો રે...૦

કથતાં બકતાં ભયો કિનારો, ઉનમુનિ કે ઘર આયો રે,
નગર લોક સબ નિક ચલાયા, જીત નિશાન ઘૂરાયો..
મેરે સતગુરુ.. અમ્મર નામ ઓળખાયો રે...૦

ચાર મળી ચૈતન ઘર આયો, પકડ પાંચ બુલાયો રે,
શબ્દ એક ટંકશાળ પડે ત્યાં, નિરભે નામ સુણાયો..
મેરે સતગુરુ.. અમ્મર નામ ઓળખાયો રે...૦
ઈસ ઉદબુદા ધૂમ મચાયો, માંહી શમી હે માયો રે,
નદી નાવ સબ નીક ચલી હે, સાયર નીર સમાયો..
મેરે સતગુરુ.. અમ્મર નામ ઓળખાયો રે...૦

અક્ષર એક સે જુગ ઉપાયા, સોહં નામ સવાયો રે,
અકળ પુરુષ અવતાર ધરે ત્યાં, ભાણે ભેદ જ પાયો..
મેરે સતગુરુ.. અમ્મર નામ ઓળખાયો રે...૦

૦૦૦

૭૦
રવિસાહેબ/રવિદાસ/રવિરામ
(૧૮મી સદી : જ.૧૭૨૭–અવ.૧૮૦૪):

રવિભાણ સંપ્રદાયના આ જ્ઞાનમાર્ગી સંતકવિ
ભાણ(સાહેબ)ના શિષ્ય હતા. ગરબો, ધોળ, કાફી,
રેખતા આદિ સ્વરૂપોનું તથા રાગઢાળોનું વૈવિધ્ય
ધરાવતાં એમનાં સાડા ત્રણસો ઉપરાંત પદોમાં
હિંદીપ્રભાવ પણ નોંધપાત્ર છે.
રૂપકાત્મક નિરૂપણરીતનિાં જ્ઞાન-ચર્ચા અને વૈરાગ્યબોધનાં જ્ઞાનમાર્ગી પદો ઉપરાંત કૃષ્ણકેન્દ્રી પ્રેમલક્ષણાભક્તિનાં આર્દ્ર પદો આપનાર આ કવિમાં માર્મિક દૃષ્ટાંન્તો ગૂંથતી પણ સોંસરી વાણી અસરકારક નીવડેલી છે. પદો ઉપરાંત 'ભાણગીતા', 'મનઃસંયમ', 'કવિતા છપ્પય' એવી લાંબી કૃતિઓ પણ એમણે રચેલી છે.

૧૦ પદો

૧.

એવી ઝણણણ ઝાલરી વાગી રે...

એવી ઝણણણ ઝાલરી વાગી રે, મેં તો જોયું તખ્ત જાગી રે;
મને સંત મળ્યા સોહાગી રે, એની મધુરી શી મોરલી વાગી રે!

મુખકમળથી ઊપડીને, હૃદયકમળમાં બોલે;
નાભીકમળથી મારી સૂરતા ચાલી, ઊભી ત્રિવેણીમાં ડોલે રે.

સતનામ-ઘોડો શણગારીઓ, અલખની કરી લગામ;
ચાંદો-સૂરજ બેય પાવડે, એનો ચડનારો ચતુર સુજાણ રે.

ગગનમંડળમાં ગોખલો, નર સૂતો નિરધાર;
ત્રણ પુરુષ એની સેવા કરે, રામ કબીર રણુંકાર રે.

સદ્‌ગુરુએ અમને ઉરમાં લીધાં, માર્યાં મોહનીમાં બાણ;
વિચાર કરો તો વૈદ ન જાણે, ભીતર પ્રગટ થયા ગુરુ ભાણ.

સોહં સોહં તારા ઘટમાં વસે, સુરતા કરે એની સેવ;
ભાણપ્રતાપે રવિદાસ કહે, મને મળિયા નિરંજન દેવ રે.

૨.

આ કેણે બનાયો ચરખો

આ કેણે બનાયો ચરખો?
તમે નુરતે સુરતે નીરખો! એના ઘડનારાને પરખો!
કોઈ પરિબ્રહ્મને પરખો! આ કેણે બનાયો ચરખો?
આવે ને જાવે, બોલે બોલાવે,જ્યાં જોઉં ત્યાં સરખો,
દેવળ દેવળ કરે હોંકારા, પારખ થઈને પરખો.
ધ્યાન કી ધૂનમેં જ્યોત જલત હે, મિટ્યો અંધાર અંતરકો,
ઈ અજવળે અગમ સૂઝે, ભેદ જડ્યો ઉન ઘર કો.

પાંચ તત્ત્વ કા બનાયા ચરખા, ખેલ ખરો હુન્નર કો,
પવન પુતળી રમે પ્રેમ સે જ્ઞાની હો કર નીરખો.

રવિરામ બોલ્યા ને પડદા ખોલ્યા, મેં ગુલામ ઉન ઘરકો,
ઈ ચરખાની આશ મ કરજો, ચરખો નંઈ રિયે સરખો.
એના ઘડનારાને તમે પરખો,

તમે નુરતે સુરતે નીરખો,
આ કોણે બનાયો ચરખો?

૩.

દલ-દરિયામાં અખંડ દીવો

દલ-દરિયામાં અખંડ દીવો, દેખ્યા વિના મારું મન ડોલે;
ભ્રાંતિના ભરિયા ભવોભવ ભૂલા, સતગુરુ વિના તાળાં કોણ ખૂલે?

ગગનગુફામાં ગુપ્ત ગેબી, બાર બાવન ઉપર બોલે;
નૂર તખ્ત પર નામ નિરંજન, નુરતિને સુરતિ કોઈ સંત ખોલે. દલ

આ કાયામાં રતન અમૂલખ, વસ્તુ ભરેલ માંહે વણતોલે;
સોહં શબદકા કરી લે ગુંજારા, પરમ સતગુરુમાંહે બોલે. દલ

પ્રીત જેની હશે પૂરવ જનમની, ખુવા ધરમ અનાથ જોલે,
છેલ્લી સંધિના ચેતો મારા ભાઈ, ફળ આવ્યાં જ્યમ વૃક્ષવેલે. દલ

પટા લખાવ્યા ધણી હજુરના, અબ તોરે જીવ કેમ બીવે;
કહે રવિદાસ ગુરુ ભાણ પ્રતાપે, અજર પ્યાલા કોઈ સંત પીવે. દલ

૪.

બાણ તો લાગ્યાં જેને...

બાણ તો લાગ્યાં જેને
પ્રાણ રે વિંધાણા એનાં
નેણામાં ઘૂરે રે નિશાણ;

જીવો જેને લાગ્યાં ભજનુંનાં બાણ,
જીવો જેને લાગ્યાં શબદુંનાં બાણ.
પરતિવંતા જેના પિયુ પરદેશમાં
એને કેમ રે જંપે વ્રેહની ઝાળ;
નાથ રે વિનાની એને નિંદરા તો આવે ત્યારે
સેજલડી સુનકાર – જીવો જેને
હંસ રે સાયરિયાને ઘણેરો રે
મીનથી વછોયા રે રે મેરાણ;
થોડા થોડા જળમાં એના પ્રાણ તો ઠેરાણા તે
પ્રીતું કરવાનાં પરમાણ – જીવો જેને
દીપક દેખીને અંગડાં મરોડે ઈ તો
પતંગિયાનાં પરમાણ;
કે' રવિસાબ સંતો ભાણને પરતાપે
સપના જેવો છે સંસાર – જીવો જેને

૫.

રવિએ રમતાં દીઠો રે...

રવિએ રમતાં દીઠો રે,
બાવો છે ઝીણો, છે ઝીણો.
લીલો ને પીળો, લાલ બેરંગી,
સફેદથી રંગ સારો,
એ પંખીડાને પાંખ જ નહિ
ચૌદ ભુવનથી ન્યારો. – બાવો
આગળ છાંયો ને પાછળ છાંયો,
એ છાંયો છે તમારો,

એ છાંયામાં છુપાઈ રિયો,
છાંયાથી સતગરુ ન્યારો –બાવો

આપેં બાવો આપ સ્વરૂપી
ઝીણા માંહેલો ઝીણો,
કુંવર પોઢ્યા ઢોલિયે રે
સહેજે તાળાં ખોલો – બાવો

જળ થળ પવન ને પ્રથવી,
ઠામ નહિ કોઈ ઠાલો,
કહે રવિરામ સંતો ભાણ પ્રતાપે
બાવન અક્ષરથી બારો
બાવો છે ઝીણો, છે ઝીણો.

૬

પ્રગટ છે રે અમારી પ્રીતડી

ગોપીજન બોલ્યાં સર્વ મળીને સંગાથ, પ્રગટ છે રે અમારે પ્રીતડી રે
ગોવીંદજીને વળગી સહુ વ્રજનાર, કોઈક જાણે રસ રીતડી રે ॥૧॥

અમોને તેડી ગયા સુણ ઓધવ તત ખેવ, પરશોતમ પોતાનું જ્યાં ધામ છે રે
પંચતત્વ જીહાં નહી સુરજ ચંદ્ર, ઓળકી અમે વરીઆ આરામસે રે ॥૨॥

ઓધવ ઊધારો જોગ સુપન સમાન, જાગ્યા પછે તે સર્વે ફોક છે રે
અમે તે વરીયાં સાક્ષી સુંદર શામ, રસનું રૂપ સરૂપ એ છેક છે રે ॥૩॥

અમે વ્રજનારી ન સમજું સાધન, વ્રાધજ હોય તેહને દીજીએ રે
અમે અરોગી સદા સંજોગી અંગે, પ્રેમ રસ પાઈ અને પીજીએ રે ॥૪॥

સકટાસુર બગ અધ માર્યા અનેક, જમલાર્જુન શ્રાપ ટાલીઆ રે
ગોવર્ધન કર ધરી રાખ્યા વ્રજબાલ, રંગભર રાસ તે અમોને રમાડીયા રે ॥૫॥

શુક સનકાદીક નારદ શેષ મહેશ, નીરંતર ધ્યાન હરીનું ધરે રે
મુનીજન કેરે સપને નાવે શામ, તે અમોમાં મરકલાં કરે રે ॥૬॥

જેને એક રોમ પર અનંત અનંત બ્રહ્માંડ, સાધન સાધે સીધ મુની વીશેક રે
રવીદાસ ઓધવ પ્રીત કહે બ્રજનાર, શ્રીકૃષ્ણ સદા સદોદીત શીવ છે રે ॥૭॥

૭

સદ્‌ગુરુજી જ્યારે લગન લઈને આવ્યા

સદ્‌ગુરુજી જ્યારે લગન લઈને આવ્યા, સુરતા સખી કેરે મન ભાવ્યા
પ્રેમ રતીએ મોતીડે વધાવ્યાં, પાપ ગયાં પેલા ભવતણાં રે ॥૧॥

શબ્દ સ્વરૂપી ચાંદલીઓ ચોડ્યો, નીરવૃતી કન્યાનો વહેવાર જોડ્યો
કાળ ક્રોધનો ભય સબ મોડ્યો, વહેવાર જોડાયે પ્રીતશુ રે ॥૨॥

ગગન મંડળ માંડવડો રચીયો, પંચ રંગી રંગે મનોહર મચીયો
અમી રસ દોરીએ દીલમાં દર્શીઓ, છાંયો છે સાચા તારસું રે ॥૩॥

ઈ રે મંડપની સોમા ઘણી સારી, રતન જડાવ જરૂખા ને બારી
કોટી કોટી ભામણા લઈ જાંઉ બલીહારી, જલહલ જોતું જલહલે રે ॥૪॥

હરખ સહીત વર તોરણે પધાર્યા, સુખમણા સાસુ પુખણ લઈને આવ્યા
ઈંગલા પીંગલા નેવલીએ ચડાવ્યાં, પોખણ પોખ્યા પ્રેમસુરે ॥૫॥

નીરવરતી કન્યા ચોરીમાં પધરાવી, ઓહં સોહં હાથેવાળો મીલાવી
રંરંકાર શબ્દની ધુન મચાવી, અનહદ વાજા ગડહડે રે ॥૬॥

ભજન કરીને હરીવર વરીયા, આવાગમનના ફેરા ટળિયા
કહે રવીરામ સાચા સદ્‌ગુરુ મલીયા, અખંડ ચુડલો અમર રહ્યો રે ॥૭॥

૮

તે હરિ મુજમાંહી મલ્યા

કહો ઓધવજી શું કરે શ્રી કૃષ્ણ કુબજા, વાલાજીને વશ કર્યા
અમે આહીરડાં એકલા ગોકુળ માંય, નીરગુણ નઠોર થઈને રહ્યા રે ॥૧॥

હમે ભરવાડાં રંક હમારી જાત, આશા ભર્યા આંસુડા ખેરીયે
શુધ વીના શ્યામા સરવે રહી અકલાય, શોધતી ફરૂ હરીને શેરીએ રે ॥૨॥

એણે અમોને રંગ રમાડ્યાં રાસ, વીહાર કીધો હરી આ વનમાંજી
છેલી વેળાનો કરી ગયો નીરાશ, વ્રેહની બળતરાં ઊઠી તન માંહે રે ॥૩॥

એણે અમોને સુખ આપ્યા અપાર, મહારંગ થઈ રેતો આ રાનમે રે
પોતે વાતા મધુરી મધુરી વેણ, સહુ વ્રજ નારી ગાતાં ગાનમેં રે ॥૪॥

વ્રેહની વેધી બોલે મધુરા બોલ, ઓધવ સાંભલીને થયા ગળગળા રે
ભાણ પ્રતાપે મગન થયા રવીદાસ, તે હરી મુજમાંહી મલ્યા હે રે ॥૫॥

૯

મુંને સતગુરુએ શબદ સુણાવિયો

સખી, સાંભળને કહું એક વાતડી, દહાડો અનુપમ દીઠો રે,
મુંને સતગુરુએ શબદ સુણાવિયો, એ તો સાંભળતાં લાગે મીઠો રે.

સખી, ભાંગી દિલ કેરી ભ્રાંતડી, પરમાતમ જોયા સરખા રે,
સખી, નેણે નીરખ્યા મારા નાથને, મારી મટી ગઈ અંતર તરસા રે.

સખી, શું રે કરું હવે સાધના, મારી સુરતામાં હરિ સંધાણા રે,
સખી, જ્યારે જોઉં ત્યારે દીસે પાસમાં, મારે વચને વાલોજી બંધાણા રે.

સખી, જોગ બન્યો જુગદીશનો, હરિ અબળાને મોલે આવ્યા રે,
સખી, બોધ કરીને બળ દાખવે, એ તો ફાલ્યાં ફૂલ કરમાવાં રે.

સખી, ઊંચું જોઉં તો આકાશમાં, હું હેરું તો હરિ હેઠા રે,
સૂઈને જોઉં તો ઝલકે સેજમાં, બેસું તો તખત પર બેઠા રે.

સખી, પરણી પિયુજીને પ્રીછવે, કુંવારી કંથમાં શું જાણે રે,
કુંવારી, રમે ઢીંગલે પોતિયે, એ તો મેરમને શું માણે રે.

સખી, પરણ્યા પિયુજીની પ્રીતડી, મૈયરિયે નવ કહીએ રે,
સખી પોતે જણાવે પ્રીતડી, એનાં લોચનિયાંમાં લહીએ રે.

સખી, પિયુ મળ્યાનાં પારખાં, એની કાયા કહી બતલાવે રે,
સખી, અરસપરસ અંગે હુઈ રહ્યાં, તેને ખલકમાં કોણ ખાળે રે?

સખી, ગાંડી ઘર ચલાવે નહીં, એ તો પીયરિયે જઈ શું માલે રે,
સખી, ચિત્ત રે ચડ્યું એનું ચાકડે, એ તો ઠગનીને શું ઠારે રે.

સખી, મેલી મરજાદા જે મળ્યા, એની છત નહીં રે'વે છાની રે,
સખી, ભાણ પ્રતાપે રવિ બોલિયા, હું તો મેરમને મન માની રે.

૧૦

જ્ઞાન-બાજી

ચાલો સખી! પિયાજીની પાસ રે
ગન્યાનબાજી ખેલીએ;
પ્રેમમાં થઈ ચકચૂર રે
રંગરસ રેલીએં.
એ જી, પ્રીતિના પાસ લૈને હાથ રે
પ્રિયા સનમુખ નાખીએં;
સંતની સોગઠીઉં ચલાય
પ્રેમરસ ચાખીએ. – ચાલો સખી૦

એ જી. રંગભર્યા રમીએં સારી રાત રે
નીંદરાને ત્યાં વારીએં;
કરીએં ન કૂડ કપટ રે
દૂર કરીને ડારીએ. – ચાલો સખી૦

એ જી, તન મન ધન ને પ્રાણ રે
પિયાજીને આપે આલીએં;

અખંડ સુખ ને આનંદ રે
પિયા સંગે માલીએં. – ચાલો સખી૦

એ જી, હારીએં તો રૈએં પિયાજીની પાસ,
જીતીએં તો જુગદીશને
રાખીએં પ્રાણની સાથ રે
પરહરી રીસને. – ચાલો સખી૦

એ જી, લીજીએં તો અપાર આનંદ રે
ચોરાશીને વારીએં
ભરથ મોડ ચરણે રવિદાસ રે
એવા ધણીને ધારીએ. – ચાલો સખી૦

ooo

ખીમસાહેબ (૧૮મી સદી ઉત્તરાર્ધ):

ખીમદાસ/ખીમસાહેબ એવા નામે જાણીતા રવિભાણ સંપ્રદાયના આ જ્ઞાનમાર્ગી સંતકવિ રવિ(સાહેબ)ના શિષ્ય અને ભાણ(સાહેબ)ના પુત્ર હતા. આરતી, કાફી, ગરીબી વગેરે પ્રકારો બતાવતાં આ કવિનાં ગુજરાતી પદો કરતાં હિંદી પદો વધારે મળે છે. યોગની પરિભાષા તથા રૂપકાદિ અલંકારોનો આશ્રય લેતાં આ પદોમાં કબીરપરંપરાનાંતત્ત્વજ્ઞાન, અધ્યાત્મઅનુભવ અને સદ્‌ગુરુમહિમાનું અસરકારક આલેખન છે.

૩ પદો

૧.

આદ્ય ધણીને તમે ઓળખો

આદ્ય ધણીને તમે ઓળકો હો જી રે,
કે ભૂલ્યા તમે શું ભટકો છો ભાઈજી?

આ પંડમાં લેજો પારખી હો જી રે,
કે ના કરો હટવારાનો હાટ જી.

આ ગગનમંડળમાં ગોતી લેજો જી રે;
કે રહેણી તમે રમોને નિરાધાર જી.

અનહદ વાજાં ત્યાં વાગિયાં હો જી રે;
કે સદ્‌ગુરુ ઘટમાં માંડ્યો પાટ જી.

ક્યાંથી આવ્યા ને તમે ક્યાં જશો હો જી ૨;
કે તેનો દિલે ખોજ કરોને વિચાર જી.

ઝળહળ જ્યોતું જ્યાં ઝળહળે હો જી રે;
કે વીરા મારા, ઓહં આવે ને સોહં જાય જી.

આવરણ-અંતર મટી ગયાં હો જી રે;
કે મટ્યો તારો ખેદ વેદવેપાર જી.

ભાણચરણે ખીમદાસ ભણે હો જી રે;
કે મટી તારી લખચોરાશીની ખાણ જી.

૨

સંતો! ફેરો નામની માળા

સંતો! ફેરો નામની માળા,
હે જી તેરા કટે જનમ જંજાળા... સંતો...

ગુરુગમ કેરી કૂંચી કર લે, કટે મોહકા તાળાં;
ઈ તાળાંને દૂર કરો તો, ઘટ ભીતર અંજવાળાં... સંતો...

આ કાયામાં પરગટ ગંગા, શીદ ફરો પંથપાળા,
ઈ ગંગામાં અખંડ નાઈ લ્યો, મત નાવ નદિયું–નાળા.

આ દિલ ભીતર બુદ્ધિ સમુંદર, ચલત નાવ ચોધાર,
ઈ રે નાવમાં હીરલા–માણેક, ખોજે ખોજનહારા... સંતો...

સમરણ કર લે, પ્રાશ્ચિત કર લે, ચિત્ત મ કર તું ચાળા,
ખીમદાસ ગુરુ ભાણ પ્રતાપે, હરદમ બોલે પ્યારા...સંતો...

૩

જુઓ ને ગગના હેરી

જુઓ ને ગગનાં હેરી ત્યાં બંસરી બાજે ઘેરી ઘેરી...
તરવેણીમાં ટંકશાળ પડત હૈ, તા પર ઝીણી શેરી,
અખર અજીતા આસન બેઠા, નગર બસાયા ફેરી...
–કોઈ જુઓને ગગનમાં હેરી...૦

ઘડી ઘડીનાં ઘડીયાળાં વાગે, ઝીણી ઝીણી વાગે સૂર ઘંટેરી,
ઢોલ નગારાં શરણાયું વાગે, ધૂમ મચી હે ચો ફેરી...
–કોઈ જુઓને ગગનમાં હેરી...૦

ગગન મંડળ મેં કર લે વાસા, વહાં હે જોગી એક લહેરી,
નૂરતે સુરતે નામ નીરખ લે, સુખમણા માળા ફેરી...
–કોઈ જુઓને ગગનમાં હેરી...૦

સ્વાસ ઉચ્છવાસ દોનું નહીં પહોંચે, વહાં લે' લાગી મેરી,
સતગુરુએ મું ને સાન બતાવી, જાપ હે અજપા કેરી...
–કોઈ જુઓને ગગનમાં હેરી...૦

સાચા સતગુરુ નેણે નીરખ્યા, મીટ ગઈ રેને અંધેરી,
ખીમદાસ ગુરુ ભાણ પ્રતાપે, અબ ચોટ નહીં જમ કેરી...
–કોઈ જુઓને ગગનમાં હેરી...૦

ooo

૭૨

ત્રિકમદાસ (ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ):

રવિભાણ સંપ્રદાયમાં ખીમસાહેબના શિષ્ય આ કવિ અંત્યજ જાતિના કવિઓમાં અગ્રણી ગણાયેલા ને સંતત્વને લીધે પાછળથી વિશેષ ગૌરવભર્યું સ્થાન પામેલા. ગુરુમહિમા અને યોગમાર્ગી આત્મ-અનુભૂતિ એમનાં પદો-ભજનોના મુખ્ય વિષયો છે. એમનાં પદો ગુજરાતી ઉપરાંત હિંદીમાં પણ રચાયેલાં છે.

૭ પદો

૧.

મન તું સમજી લે

મન, તું સમજી લે, તારો સગો નથી સંસાર.
ભજનમાં ભીના ભીના રહેજો, ઊતરશો ભવપાર.

કાયા બેઠી કાગદજી, માંઈ સતગુરુ ખેવણહાર,
તેના તારુડા સંત છે, એ તો ઉતારે ભવજલ-પાર. –મન

રાણા, રાજા, છત્રપતિ એ છે ધુવેરી પોઠાર
વાદળ છાંયા વઈ જશે એને જાતાં ન લાગે વાર. –મન

કુટુમ કબીલાની કૂડી છે માયા, એ છે ભવનો ભાર,
એમાં મન, તું મોહી રિયો છે રે ખાઈશ જમનો માર. –મન

આતમ સાધન સાધતાં મારે અંતર પ્રગટ્યો પ્યાર,
ભવસાગરમાં બૂડતાં, ગુરુ તરત તારણહાર. –મન

વેદ કિતાબનું કામ નઈ મારે, રોમેરોમે રણુંકાર,
અનહદ વાજાં વાગિયાં માંઈ મુરલી કરે મલાર. –મન

હું નહીં, તું નહીં, તે નહીં, તુંહી તુંહી કિરતાર,
ગોતતાં ગોતતાં ગમ પડી, અસ્તો રિયો એકતાર. –મન

ખીમ, ભાણ, રવિ રમતા રામા, જીવન પ્રાણ આધાર,
ત્રિકમદાસ સત ખીમકે ચરણે, ડગલે ડગલે બલિહાર. –મન

૨

સાધુ તારો સંગડો

સાધુ તારો સંગડો ન છોડું મેરે લાલ,
લાલ મારા દિલમાં લાગી વેરાગી જી...સાધુ તારો સંગડો

કપડા બી ધોયા સંતો, અંચબા બી ધોયા,
જબ લગી મનવો ન ધોયો મેરે લાલ,
લાલ મારા દિલમાં લાગી વેરાગી જી...સાધુ તારો સંગડો

દિલમાં લાગી સંતો, જોયું મેં જાગી હે જી
ખેલતાં માળે ઘેરી, ગગન ગાજે મેરે લાલ,
લાલમાર દિલમાં લાગી વેરાગી જી...સાધુ તારો સંગડો

વસ્તીમાં રેના સંતો, માંગીને ખાના જી
ટુકડે મેં એ ટુકડા કરી દેના મેરે લાલ,
લાલ મારા દિલમાં લાગી વેરાગી જી...સાધુ તારો સંગડો

હે...જી કૂડી રે આ કાયા સંતો, એમાં
માનસરોવર હંસો ઝીલન આયો લાલ,
લાલ મારા દિલમાં લાગી વેરાગી જી...સાધુ તારો સંગડો

'ત્રિકમસાહેબ' ગુરુ ખીમને ચરણે,
હે...જી સંત મળ્યા છે સોહાગી મેરે લાલ,
લાલ મારા દિલમાં લાગી વેરાગી જી...સાધુ તારો સંગડો

૩
પ્રેમની કટારી
પ્રેમની પ્રેમની પ્રેમની રે,
વાલે મારે, મન મારી કટારી પ્રેમની રે.

સોના ઈંઢોણી ને રૂપા બેડલું,
શિર પર છે ગાગર હેમની રે,
મને મારી કટારી પ્રેમની રે.

ઓલી કોર ગંગા, આની કોર જમના,
ત્યાંથી જાવું મારે કેમની?
મને મારી કટારી પ્રેમની રે.

પેરલ પીતામ્બર, શિર પર છત્ર,
હાથે પેરલ વીંટી હેમની–
મને મારી કટારી પ્રેમની રે.

કહે ત્રિકમ ખીમ કેરા ચરણે,
વાત પૂછું છું હેમખેમની રે–
મને મારી કટારી પ્રેમની રે.

૪

તરવેણીના..
તરવેણીના તીર જ ઉપર
છે રે મોતીડાંની હાર રે.
હંસ રે હરિજન સાધુજનને
એ રે મોતીડાંનો આહાર રે – તરવેણીના૦
સુરતા સિંહાસન પ્રેમનાં પાથરણાં ને
અવલ ઓસીકડાં ઓછાડ રે,
તા પર મારો સતગુરુ બેઠા, એને
નીરખીને થઈ છું નિયાલ રે – તરવેણીના૦

અખેમંડલમાં રાસ રચ્યો હે
થઈ રિયો થેઈ થેઈકાર રે,
રોમે રોમે રામરમતો રે દેખ્યો એ તો
અધ્ધર ખેલે નિરાધાર રે – તરવેણીના૦

જમનાજીને કાંઠડલે કાંઈ
કિસન ભયા કિરતાર રે,
મોહનજીએ મોરલી વગાડી એ તો
મધુરી કરે છે મલાર રે – તરવેણીના૦

ભવસાગરમાં બૂડતાં રે મારો
સતગુરુ તારણહાર રે,
ત્રિકમ સાહેબ ગેબી ગાવે
ખીમ ખલક કિરતાર રે – તરવેણીના૦

૫
વસતી મેં રેનાં અબધૂત

વસતી મેં રેનાં અબધૂત માગીને ખાનાં... એ જી
ઘરોઘર અલખ જગાના મેલે લાલ!
લાલ! મારા દિલમાં સંતો લાગી વૈરાગી. – માન૦

માન સરોવર હંસા ઝીલન આયો જી!
ઇંદરીકા બાંધ્યા અબધૂત! જોગી ન કે'નાં એ જી!
જબ લગ મનવો ન બાંધ્યો મેરે લાલ!
લાલ મેરા દિલમાં લાગી વૈરાગી. – માન૦

કપડા બી ધોયા અબધૂત! અંચલા બી ધોયા એ જી
જબ લગ મનવો ન ધોયો મેરે લાલ!
લાલ મેરા દિલમાં લાગી વૈરાગી. – માન૦

ખીમ કેરા ચેલા અબધૂત! ત્રિકમદાસ બોલિયા જી
સાધુડાને જુગતિમાં રેનાં મેરે લાલ!
લાલ મેરા દિલમાં લાગી વૈરાગી. – માન૦

લાગી વૈરાગી સંતો, જોયું મેં તો જાગી રે,
લાલ મેરા દિલમાં લાગી વૈરાગી. – માન૦

૬

આવી આવી અલખ જગાયો બેની
આવી આવી અલખ જગાયો, બેની! અમારે મોલે,
ઉત્તર દિશાથી એક રમતો જોગી આયો રે હો... જી...
વાલીડા મારા! સત કેરી સૂઈ ને શબદુંના ધાગા રે હો જી
ખલકો રે ખૂબ બનાયો, બેની! અમારે મોલે,
ઉત્તર દિશાથી એક રમતો જોગી આયો રે હો... જી...
વાલીડા મારા! પેરણ પીતાંબર ને કેસરીયાં વાઘા રે હો...જી...
કેસર તિલક લગાયો, બેની! અમારે મોલે
ઉત્તર દિશાથી એક રમતો જોગી આયો રે હો... જી...
વાલીડા મારા! ભમર ગુફામાં જોગીડે, આસન વાળ્યાં રે હો...જી...
ભગતિના ભેદ બતાયા, બેની! અમારે મોલે,
ઉત્તર દિશાથી એક રમતો જોગી આયો રે હો... જી...
વાલીડા મારા! ઈ રે જોગીડાને, જનમ મરણ ના'વે રે હો...જી...
નહીં રે આયો રે, નહીં જાયો, બેની! અમારે મોલે,
ઉત્તર દિશાથી એક રમતો જોગી આયો રે હો... જી...
વાલીડા મારા! ત્રિકમદાસ, સત ખીમ કેરે ચરણે રે, હો...જી...
હેતે હરિના ગુણ ગાયો, બેની! અમારે મોલે
ઉત્તર દિશાથી એક રમતો જોગી આયો રે હો... જી...

૭

તારો રે ભરોસો મું ને ભારી,

તારો રે ભરોસો મું ને ભારી, એવો ગરવો દાતાર,
ગીરનારી રે, ગીરનારી રે...
ઊંચો છે રે ગરવો દાતાર, નીચો છે જમીયલશા દાતાર,
વચમાં ભવેસર ભારી... એવો ગરવો દાતાર ગીરનારી રે, ગીરનારી રે...૦
લીલીયું ને પીળીયું તારી, ધજાયું ફરૂકે દાતાર,
ધોળી રે ધજાની બલીહારી... એવો ગરવો દાતાર ગીરનારી રે, ગીરનારી રે...૦
દેશ પરદેશથી તારી માનતાયું આવે રે દાતાર,
નમણું કરે છે નર ને નારી... એવો ગરવો દાતાર ગીરનારી રે, ગીરનારી રે...૦
અઢારે ય ભારની તારી વનસ્પતિ ઝૂલે રે દાતાર,
ફોયું રે દિયે છે ફૂલવાડી... એવો ગરવો દાતાર ગીરનારી રે, ગીરનારી રે...૦
ત્રિકમદાસ સત ખીમ કેરે ચરણે દાતાર,
ચરણ કમળની બલીહારી, તારાં રે ભજનની લ્હેર લાગી. એવો ગરવો દાતાર ગીરનારી રે, ગીરનારી રે...૦

ooo

રતનદાસ/રત્નસિંહ (૧૮મી સદી ઉ.)

રવિ-ભાણ સંપ્રદાયના ભાણશિષ્ય આ કવિએ ગુજરાતી-હિંદી પદો તથા 'ચેલૈયાનું ચરિત્ર/ સગાળશા આખ્યાન/કેલૈયાનો શલોકો'ની રચના કરી છે.

૧ પદ; સગાળશા આખ્યાન

પદ

બેલીડા! બેદલનો સંગ ના કરીએ...
બેદલ મુખસે મીઠાં બોલે, એની વાણીમાં વરમંડ ડોલે,
બેલીડા! બેદલનો સંગ ના કરીએ...
કોયલડી ને કાગ દોનું બેઠાં આંબાડાળે જી,
રંગ બેઉનો એક જ છે, ભાઈ! રંગ બેઉનો એક જ છે, પણ બોલી એક જ નાંય...
–બેલીડા! બેદલનો સંગ ના કરીએ...૦

હંસલો ને બગલો બેઉ બેઠાં સરોવર પાળે જી,
રંગ બેઉનો એક જ છે, ભાઈ! રંગ બેઉનો એક જ છે, પણ ચારો એક જ નાંય...
–બેલીડા! બેદલનો સંગ ના કરીએ...૦

શ્યામ મુખની ચણોઠડી ઈ તો હેમ સંગે તોળાય છે રે,
તોલ બેઉનો એક છે, ભાઈ! તોલ બેઉનો એક જ છે, એનું મૂલ એક જ નાંય...
–બેલીડા! બેદલનો સંગ ના કરીએ...૦

ગુરુ પ્રતાપે ભણે રતનદાસ, સંત ભેદુને સમજાય જી,
ધર્મરાજાને દ્વાર જાતાં, પ્રભુજીને દરબાર જાતાં, આડી ચોરાશીની ખાણ...
–બેલીડા! બેદલનો સંગ ના કરીએ...૦

૨
સગાળશા આખ્યાન

શેઠ સગાળશા સાધુને સેવે; વાણિયો પાળે વરત,
ન મળ્યા સાધુ, રહ્યા અપવાસી, તારવા આવ્યા તરત.
કૃષ્ણજી કોઢીલા થઈને રે રૂપ અતીતનું લઈને.

ચંગાવતીએ લીધાં ચરણામૃત ન્હવરાવીને નાથ,
પલંગ ઉપર પધરાવીને સ્વામી કીધા સનાથ.
ખાંતે ભોજન ખીરનાં કીધાં રે પીરસી આગળ દીધાં.

'ખીર ને રોટલી તો નથી જમતા, નથી અન્નનો આહાર,
મહાજન! અમો માંસના આહારી, એમ કહે કિરતાર.
વચન તે બોલ્યા બાંધ્યું રે, સમજી લો ને સાધુ!

કસાઈવાડે જઈને માટી છુપાવી લાવ્યા સાધ,
ચંગાવતીએ માંસ સુધારી પિરસિયા પરસાદ.
વાસર ઢોળે નર ને નારી રે, 'જમો તમે, દેવમુરારિ!'

'માટી તો માણસની જોઈએ, પરમાટીનો નહિ આહાર,
અઘોરપથી અમો કહેવાઈયે, ખેલિયે ખાંડાની ધાર.'
વાણિયા! વરત ફળિયાં રે આવી અવિનાશી મળિયા.

માગ્યૂ વેચાતૂં માણસ ન મળે, હઈયે મોંઘો મદાર,
ચંગાવતી ત્યાં એમ કહે, 'ચેલૈયાનો કરીએ સંહાર.
વાતું તો થાશે વશેકે રે, હશે શ્રી લાલને લેખે.'

‘ભણતર મેલી ભાગ, ચેલૈયા! પાળ અમારી પ્રતીત,
માબાપ તારાં મારશે તુજને, આંગણ આવ્યો અતીત.
ધૂતારો ધૂતી જાશે રે પછી પસ્તાવો થાશે.’

એ શૂં બોલ્યા, સ્વામીમારા? માવર મૂક્યાં ક્યમ જાય?
નવ મહિના જેણે ઉદરમાં રાખ્યો તે ગુણ ઓશીંગણ થાય,
ભક્તિ મારા શીશને સાટે રે, શું થાશે મરતુક માટે?’

હું ભાગું તો ભોમ જ ભાગે, ભોરંગ ઝીલે ન ભાર,
મેરુ પર્વત ડોલવા લાગે આકાશનો આધાર.
મેરામણ માઝા મૂકે રે ચેલૈયો સત ના ચૂકે.’

ભણતો ગણતો ચાલ્યો ચેલૈયો,આવ્યો પોતાને દ્વાર,
માતા મુખનાં વારણાં લીએ, નિસાસો ભરે નાર.
આવતો ઉરમાં લીધો રે પોઢાડી ખોળે દીધો.

કારજ રૂડું કરો, માતાજી! શિદ નાંખો નિઃશ્વાસ?
સફળ થયો મનખો ચેલૈયાનો, સાધુ આરોગે માંસ!
ધન ધન આજનો દહાડો રે! જગતના નાથ જમાડી.’

માત-પિતાએ મળી કરીને કાપ્યું ચેલૈયાનું શીશ,
અણઘટતી વાત એમને કીધી જમાડવા જગદીશ.
મચાવ્યો ખેલ ખરો રે; ‘પ્રભુ મારા! પારણાં કરો.’

નાથ કહે, મારી નજરે કરો રે સાચું તમારું વરત,
મસ્તકની તમે માયા કીધી ક્યમ?' અવિનાશી બોલ્યા તરત.
તપસી સતને તાવે રે; રુદેમાં અંદ્રોહ નાવે.

મસ્તક ખાંડો ને ખાંડણાં ગાઓ, પહેરો અવનવાં ચીર;
આંખડીએ તમે આંસુ ન આણો, મનથી મૂકો ન ધીર.
ત્યારે તમે સાચાં સતી રે, એમ કહે જૂનો જતિ.

ખાંડણિયામાં મસ્તક ખાંડે મળી પિતા ને માય,
આંખડીએ આંસુ નવ આણે, હરખે હાલરડાં ગાય.
ભોજન ભાવતાં કીધાં રે, પીરસી આગળ દીધાં.

'સતવાદી તમે સાચાં. અમારે અટક છે, કરવું કેમ?
વાંઝિયાનું ભોજન નથી જમતા અવિનાશી કહે એમ.
મળી તમે નર ને નારી રે, જુઓ એ વાત વિચારી.'

સગાળસા કહેઃ 'પ્રગટ્યાં મારાં પૂરવ જનમનાં પાપ,
ગુરુ દૂભ્યા ને ગૌ–ત્રિયા માર્યા, માર્યાં મા ને બાપ.
ડુંગરે દવ લગાડ્યો રે, તેણે મારો ખેલ બગાડ્યો!'

ચંગાવતી કહેઃ 'સ્વામી! મારે પાંચ મહિનાનું ઓધાન,
ભલે પધાર્યા ભવન અમારે આજ તમે, ભગવાન!
ધણી મેં તો તમને ધાર્યા રે તમે મારા અર્થ સુધાર્યા.'

ચંગાવતીએ પાળી લેઈ મારી પેટ જ માંહ્ય,
અચાનક આવીને સંતોની બહુનામીએ ગ્રહી બાંહ્ય.
'ભલી સતી! ભક્તિ તારી રે, માગ માગ, મુખ કહે મુરારિ,'

ચેલૈયાને સજીવન કીધો, બેઠો રમે છે બાળ,
'સદા તમારે ચરણે રાખો દીન જાણીને, દયાળ!
વળતી બોલ્યાં સતી નારી રે, 'હું તો માગું ભક્તિ તમારી.'

સગાળસા ને ચંગાવતીએ લીધો એવો નેમ,
રતનદાસ કહે ભાણાપ્રતાપે તેને છોડિયે કેમ?
માવાને મળવા માટે રે જાવું વૈકુંઠની વાટે.

ooo

૭૨.
ભીમસાહેબ(૧૮મી સદી ઉ.)

પૂર્વાશ્રમમાં મેઘવાળ આ સંત કવિ રવિભાણ સંપ્રદાયના ત્રિકમદાસના શિષ્ય અને દાસી જીવણના ગુરુ હતા. એમનાં જ્ઞાનલક્ષી પદોમાં યોગસાધનાની પરિભાષા ગૂંથાયેલી છે.

૩ પદો

૧

સંદેશડો આ સત તણો
જીવણ જીવને જ્યાં રાખીયે, વાગે અનહદ તુરા,
જ્યોતિ અખંડ ત્યાં જળહળે, વરસે નરમર નુરા. ..જીવણ

પાંચ તત્ત્વ ત્રણ ગુણસે, પચ્ચીસ જોજો વિચારી,
મથન કરો એના મૂળનું તત્ત્વ લેજો તારી. ..જીવણ

તખત ત્રિવેણી અલોપ છે, ગંગાજમનાને ઘાટે,
સુષુમણામાં જીવણ સાધજો, વળી જાજો ઈ વાટે. ..જીવણ

અખંડ રણુકાર હોઈ રહ્યા, કર બીન વાજાં વાગે,
સુરતા રાખી જીવણ સાંભળો, ધૂન ગગનમાં ગાજે. ..જીવણ

અણી અગર પર એક છે, રમતા રહેશે રામા,
નિત નિત નિરખો તનડામાં, સતગુરુ ઉભા છે સામા. ..જીવણ

નુરતસુરતની સાધના, પ્રેમ વિના નહિ પાવે,
અંધારું ટળે અંતરનું તો, નુર નજરુંમાં આવે. ..જીવણ

સંદેશડો આ સત તણો 'ભીમસાહેબ' ભેજ્યો,
પત્ર લખીયો પ્રેમનો, વિધિયે લગનડાં લેજો.
જીવણ જીવને ત્યાં રાખીયે.

૨

વેણુ વગાડે વિઠલો

વેણુ વગાડે વિઠલો જી, અણી અગર પર આપ રે,
સાસ-ઉસાસે સમરિયે જી, જપીએ અજપા જાપ રે...
તખત ત્રિવેણીના તીરમાં જી, નેનું આગે નાથ રે,
રાસ રચ્યો રંગમોલમાં જી, સોળસે ગોપી સાથ રે...
ગંગા-જમુના વચમાં રે જી, સુખમણા સેજે નાર રે,
સઉ મળી ત્યાં સુંદરી જી, થઈ રિયો થેઈ થેઈ કાર રે...
સહુ સરીખી રેશું હરિને, સહુના સરખા થોક રે,
પિયુની પ્યારી પ્રેમદા જી, એવી કોટિ મધ્યે કોક રે...
શોભા રૂડી મારા રામની, જીભે કહી નવ જાયે રે,
ગૂંગી સમસ્યા રે ગુંજની, ગૂંગા હોય તે પાયે રે...
નરત લાગી નિરાધારમાં જી, તિયાં નહીં ચંદ ને સૂર રે,
નૂરી મળ્યા નિજ નામમાં, નજરે નીરખ્યું નૂર રે...
સતગુરુ સાહેબ એક છે, ત્રિકમ છે તન માંય રે,
અંતરજામી આપમાં જી, ગુપત ગેબી ગાય રે...
કાયા ગોપી કામિની જી, તેનો મોહન વર મોરાર રે,
ભીમદાસ સખી ભાવસે જી, કરે રસબસ રંગ પ્યાર રે...

અકળ ભોમ પર

અકળ ભોમ પર સકળ શામ હે, ગજ ગુણિકા ઉદ્ધારી,
ગરજે ગગના પ્રેમ તત્ત્વ સું, પ્રેમ હેત કર જારી...
–સુન લે સુખમણા નારી! મેં તો અજબ નામ પર વારી...૦
ધ્યાન ધરીને સતગુરુ શબ્દે, હદ બેહદ વિચારી,
સુરતી કર લે ચૌદ લોકમેં, આરંપાર ધનુ ન્યારી...
–સુન લે સુખમણા નારી! મેં તો અજબ નામ પર વારી...૦
સહજ સુન્નમેં ત્રિકુટી ધૂનમેં, અખંડ જ્યોત ઉજીયારી,
ભીમદાસ ત્રિકમ કે ચરણે, તેજ તેજ બલિહારી...
–સુન લે સુખમણા નારી! મેં તો અજબ નામ પર વારી...૦

૦૦૦

૭૫

લખીરામ/લક્ષ્મીસાહેબ (૧૮મી ઉત્તરાર્ધ)

રવિભાણ સંપ્રદાયના હરિજન કવિ. પદો-ભજનો રચ્યાં છે

૧ પદ

બેની! મુંને ભીતર સતગરુ મળિયા રે.
વરતાણી આનંદલીલાઃ મારી બાયું રે.
બેની! મુંને ભીતર સતગરુ મળિયા રે.

કોટિક ભાણ ઊગિયા દિલ ભીતર
ભોમ સઘળી ભાળી;
સૂન-મંડળમાં મારો શ્યામ બિરાજે,
ત્રિકોટીમેં લાગી મુંને તાળીઃ મારી બાયું રે. – બેની મુંને૦
ઘડી ઘડીનાં ઘડિયાળાં વાગે
છત્રીશે રાગ શીની,
ઝળકત મો'લને ઝરૂખે જાળિયાં
ઝાલરી વાગી ઝીણી ઝીણીઃ મારી બાયું રે. – બેની મુંને૦
બાવન બજારું ચોરાશી ચોવટા,
કંચન મોલ કીના,
ઈ મોલમાં મારો સતગુરુ બિરાજે,
દોય કર આસન દીનાઃ મારી બાયું રે. – બેની મુંને૦
સત નામનો સંતાર લીધો,
અને ગુણ તખત પર ગાયો;
કરમણ ચરણે લખીરામ બોલ્યા,
ગુરુજીએ ગુપત પિયાલો અમને પાયોઃ મારી બાયું રે. – બેની મુંને૦

૦૦૦

મોરારસાહેબ (૧૮મી ઉત્તરાર્ધ):

રવિભાણ સંપ્રદાયના આ સંતકવિએ પ્રેમલક્ષણા ભક્તિનાં, કૃષ્ણ ઉપરાંત રામ અને શિવનો મહિમા ગાતાં, જ્ઞાનબોધક તથા વૈરાગ્ય-ઉપદેશક ઘણાં પદોની રચના કરેલી છે. લોકપ્રચલિતદૃષ્ટાન્તો, વિવિધ અલંકારો અને રાગઢાળોને પ્રયોજતાં એમનાં પદોમાં ભાવની માર્મિકતા અને તળપદા તેમજ હિંદી-ફારસી શબ્દોથી રચાતું ભાષાપોત ધ્યાનપાત્ર છે. પદોથી લોકપ્રિય થયેલા આ કવિએ આ ઉપરાંત ગરબીઢાળમાં રચાયેલી 'બારમાસી'ની રચના પણ કરી છે. અન્ય કૃતિઓ ગુજરાતીમિશ્ર હિંદીમાં રચાયેલી છે.

૨ પદો

૧.

મારું ચિતડું ચોરાયલ રે...

મારું ચિતડું ચોરાયલ રે, મનડું વિંધાયલ રે
કોડિલા વર કાનસેં,
હરિ વિના વાધેલ વ્રેહને વેરાગ રે
ઓધાજી, વાતું કેને કૈયેં?
પ્રીત્યું છે પૂરવની રે, નવિયું નથી નાથજી હો મેં વારી જાઉં,
છોડી નવ છૂટે રે હો મર જાય શરીર રે,
ઓધાજી, વાતું કેને કૈયેં? –મારું

ધીરજ કેમ ધરીએં રે, વ્રેહ કેમ વિસરિયેં, હો મેં વારી જાઉં,
તેણે કાંઈ તપે હમારાં તન રે, ઓધાજી, વાતું કેને કૈયેં? –મારું

દોહ્યલા દિવસ રે, જાય જુગ જેવડા, હો મેં વારી જાઉં,
રજની કાંઈ રુદન કરતાં વિહાઈ રે, ઓધાજી, વાતું કેને કૈયેં? –મારું

પ્રાણને પિંજરિયે રે હરિ, વળૂંભી રહ્યા, હો મેં વારી જાઉં,
નેણે કાંઈ નિરખવા નંદકુમાર રે, ઓધાજી, વાતું કેને કૈયેં? –મારું

મોરારના સ્વામી રે, ગોપીજન વીનવે, હો મેં વારી જાઉં,
દરશન અમને દેજો દીનદયાળ રે, ઓધાજી, વાતું કેને કૈયેં? –મારું

૨.

કહોને ઓધવજી

કહોને ઓધવજી અમે કેમ કરિયે, મનડાં હેરાણાં પ્યારા મોરલિયે;
વ્યાકુળ થઈને અમે વનમાં ફરિયે, હરિહરિ મુખથી ઓચરીયે. –કહોને ૧

નથી રે'વાતું ચિત્ત ચોરી લીધાં, પ્રીત કરીને પરવશ કીધાં;
એને રે ચરણે અનેક સિધાં, પ્રેમના પિયાલા પાઈને પીધા. –કહોને ૨

દરશન દીઓ તો મારે દીવાળી, વ્હાલા લાગો છો અમને વનમાળી;
ત્રિભુવન સાથે મારી લાગી તાળી, નથણાં રહ્યાં છે માહારાં ન્યાળી.–કહોને ૩

વેદે નિષેધ કીધી રે નારી, ઓતમ કરી વ્હાલે ઓધારી;
વ્હેતે પુરથી વ્હાલે લીધાં વાળી, બહુ રે નામિયે બિરદ સંભાળી. –કહોને ૪

પ્રગટરૂપે હરિ પરમાણું, જુગના જીવન મારે સાચું નાણું;
દાસ મોરારને રવિ ગુરુનું બાનું, છુપાવ્યું નહિ કદી રહે છાનું. –કહોને ૫

ooo

૭૭

દાસી જીવણ/ જીવણદાસ (ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ):



જીવણ/જીવણદાસ એવી નામછાપ પણ ધરાવતા પરંતુ 'દાસી જીવણ' તરીકે વધુ જાણીતા રવિભાણ સંપ્રદાયના ભીમસાહેબના શિષ્ય એવા આ સંતકવિએ યૌગિક રહસ્યાનુભૂતિ, ગુરુમહિમા તથા પ્રેમલક્ષણા ભક્તિનાં માધુર્યભર્યાં પદો રચ્યાં છે. રૂપકાત્મકતા, તળપદા વાણીવળોટો તથા હિંદીની છાંટ એમનાં પદોની વિશેષતા છે.

૯ પદો

૧.

સતગુરુએ મુંને ચોરી શિખવાડી

સતગુરુએ મુંને ચોરી શિખવાડી
ને જ્ઞાન ગણેશિયો ઘડાયો રે.
પવન રૂપી ઘોડો પલાણ્યો, ઊલટી ચાલ ચલાયો રે,
ગંગા-જમનાના ઘાટ ઉલંઘી, જઈને અલખ ઘરે ધાયો રે–

ધમણ ધમુંકે તિયાં વીજું ચમુંકે, અનહદ નોબત વાગે રે,
ઠારોઠાર ત્યાં જ્યોતું જલત હૈ, ચેતન ચોકીમાંઈ જાગે રે.–

સાંકડી શેરી ત્યાં વાટું વસમી, માલમીએ મુંને મૂક્યો રે,
નામની તો નિસરણી કીધી, જઈને ધણીને મો'લે ઢૂક્યો રે.–

શીલ સંતોષનાં ખાતર દીધાં, પ્રેમે પેસારો કીધો રે,
પેસતાંને પારસમણિ લાધી, માલ મુગતિ લીધો રે.–

આ રે વેળાએ હું ઘણું જ ખાટ્યો, માલ પૂરણ પાયો રે,
દાસી જીવણ સત ભીમને ચરણે, મારો ફેરો ફાવ્યો રે.–
સતગુરુએ મુંને ચોરી શિખવાડી.

૨.

પ્રેમકટારી આરંપાર

પ્રેમ કટારી આરંપાર,
નિકસી મેરે નાથકી,
ઔરકી હોય તો ઓખધ કીજે,
આ તો હરિકે હાથકી. –
ચોધારીનો ઘાવ ન સૂઝે, જો જોયેં કોણ જાતકી,
આંખ મીંચી ઉઘાડી જોયું, વાર નો લાગી વાતકી. –પ્રેમ

સઈ, જોયું મે શામળા સામું, નીરખી કળા નાથકી,
વ્રેહને બાણેં પ્રીત્યેં વીંધ્યા, ઘાવેડી બહુ ઘાતકી. –પ્રેમ

ઓખધ બૂટી પ્રેમની સોઈ, જો પીવે એક પાતકી,
રાતદિવસ રંગમાં ખેલે, રમતું ઈ રઘુનાથકી. –પ્રેમ

દાસી જીવણ ભીમ પ્રતાપે, મટી ગઈ કુળ જાતકી,
ચિતડાં હર્યાં શામળે વા'લે, ધરણીધરે ધાતકી. –
પ્રેમ કટારી આરંપાર,
નિકસી મેરે નાથકી.

૩.

લોચને લોભાણી રે...

લોચને લોભાણી રે,
માવા તારી મીટડિયે...
જે નો આવ્યા આજો જાણી,
સરોવર ગઈ'તી પાણી,
બોલડે બંધાણી રે... માવા તારી

જેણે રસ પીધા જાણી,
પિયુજીની છે પટરાણી,
ઠીક તો ઠેરાણી રે... માવા તારી

સાંભળો સૈયર સમાણી,
મેરમજીને લીધા માણી,
વા'લી લાગે વાણી રે... માવા તારી

ભીમ ભેટ્યા ઈ એંધાણી,
દાસી જીવણ જંપે જાણી,
ગરીબી ગણાવી રે... માવા તારી

૪

મોર તું તો આવડાં રૂપ

મોર, તું તો આવડાં તે રૂપ ક્યાંથી લાવ્યો;
મોરલો મરતલોકમાં આવ્યો.
લાલ ને પીળો મોરલો અજબ રંગીલો,
વર થકી આવે વેલો;
સતી રે સુહાગણ સુંદરી રે,
સૂતો તારો શે'ર જગાયો રે;
મોરલો મરતલોકમાં આવ્યો.—મોર, તું તો૦
ઇંગલા ને પિંગલા મેરી અરજું કરે છે રે;
હજી રે નાથજી કેમ નાંવ્યો;
કાં તો શામળીએ છેતર્યો ને કાં તો
ઘર રે ધંધામાં ઘેરાયો રે;
મોરલો મરતલોકમાં આવ્યો.—મોર, તું તો૦

૫

વારી વારી જાઉં રે

વારી વારી જાઉં રે મારા નાથના નેણાં ઉપર વારી ઘોળી જાઉં રે;
વારી વારી જાઉં રે મારા નાથના નેણાં ઉપર.

ઘેર ગંગા ને ગોમતી મારે, શીદ રેવાજી જાવું રે;
અડસઠ તીરથ મારા ઘરને આંગણે, નત તરવેણી ના'વું રે. વારી૦

શીદને કરું એકાદશી, શીદ ત્રીજે ટંક ખાઉં રે;
નાથ મારાનાં નેણાં નીરખી, હું તો પ્રેમનાં ભોજન પાઉં રે. વારી૦

શામળાકારણે સેજ બિછાવું, પ્રેમથી પાવન થાઉં રે;
નાચ નાચું મારા નાથની આગળ, વ્રજ થકી બોલાવું રે. વારી૦

દાસી જીવણ સંત ભીમને ચરણે, હેતે હરિગુણ ગાઉં રે;
સતગુરુને ચરણે જાતાં પ્રેમે પાવન થાઉં રે.
વારી૦

૬

કલેજા-કટારી

કલેજા કટારી રે, રુદિયા કટારી રે
માડી! મુંને માવે લૈને મારી.

વાંભું ભરી મુજને મારી,
વાલે મારે બહુ બળકારી,
હાથુંની હલાવી રે. – માડી! મુંને૦

કટારીનો ઘા છે ભારી,
પાટા બાંધું વારી વારી,
વૈદ ગિયા હારી રે. – માડી! મુંને૦
કટારીની વેદના ભારી
ઘડીક ઘરમાં ને બા'રી;
મીટ્યુંમાં મોરારી રે. – માડી! મુંને૦

દાસી જીવણ ભીમને ભાળી;
વારણાં લીધાં વાળી વાળી;
દાસીને દીવાથી ૨ –
માડી! મુંને માવે લૈને મારી.

૭

અમારા અવગુણ રે ગુરુજીમાં ગુણ તો ઘણા...
અમારા રે અવગુણ રે ગુરુજીના ગુણ ઘણા રે જી;
ગુરુજી! અમારા અવગુણ સામું મત જોય...
–અમારામાં અવગુણ રે...૦
ગુરુજી મારો દીવો રે, ગુરુજી મારો દેવતા રે જી;
ગુરુજી મારા પારસમણીને રે તોલ...
–અમારામાં અવગુણ રે...૦
ગુરુજી મારા ગંગા રે, ગુરુજી મારા ગોમતી રે જી;
ગુરુજી અમારા કાશી અને છે કેદાર...
–અમારામાં અવગુણ રે...૦
ગુરુ મારા ત્રાપા રે, ગુરુજી મારા તુંબડાં રે જી;
ઈ તુંબડીએ અમે ઊતરિયે ભવપાર...
–અમારામાં અવગુણ રે...૦

જાળીડાં મેલાવો રે ગુરુ ગમ જ્ઞાનનાં રે જી;
ઈ જાળીડાં જરણાં માંહેલો છે જાપ...
–અમારામાં અવગુણ રે...૦
ભીમ ગુરુ શરણે રે દાસી જીવણ બોલીયા રે જી;
દેજે અમને સંતચરણમાં વાસ...
–અમારામાં અવગુણ રે...૦

૮

એવા દોરંગા ભેળા રે નવ બેસીએ...
એવા દોરંગા ભેળાં રે નવ બેસીએ
એ જી એમાં પત રે પોતાની જાય રે હાં...
–એવા દોરંગા ભેળા રે નવ બેસીએ...૦

ઘડીકમાં ગુરુ ને ઘડીકમાં ચેલકા રે જી,
ઘડીમાં પીર રે થઈને પૂજાય રે હાં...
–એવા દોરંગા ભેળા રે નવ બેસીએ...૦
ઘડીકમાં રંગ ચડે, ઘડીકમાં ઊતરે રે જી,
અને ઘડીકમાં ફટકિયાં થઈને ફૂલાય રે હાં...
–એવા દોરંગા ભેળા રે નવ બેસીએ...૦
ઘડીક ઘોડે ને ઘડીક પેગડે રે જી,
ઘડીમાં વાટુંના વેરાગી બની જાય રે હાં...
–એવા દોરંગા ભેળા રે નવ બેસીએ...૦
કામી, ક્રોધી ને લોભી, લાલચુ રે,
એ જી ઈ તો પારકે દુઃખે ન દુખાય રે હાં...
–એવા દોરંગા ભેળા રે નવ બેસીએ...૦
દાસી રે જીવણને ભીમ ગુરુ ભેટિયા રે જી,
ગુરુ મળ્યે લખ રે ચોરાશી ટળી જાય રે હાં...
–એવા દોરંગા ભેળા રે નવ બેસીએ...૦

૯

દેખંદા રે કોઈ આ દિલમાં ય ઝણણણણ...

દેખંદા રે કો આ દિલ માં ય,

નિરખંદા રે કોઈ આ દિલ માં ય,
પરખંદા રે કોઈ આ દિલ માં ય... ઝણણણ ઝણણણ ઝાલરી વાગે...
બોલે બોલાવે સબ ઘટ બોલે, સબ ઘટમાં ઈ તો રહ્યો રે સમાય,
જિયાં જેવો તિયાં તેવો, થીર કરીને થાણા દિયા રે ઠેરાય...
–ઝણણણ ઝણણણ ઝાલરી વાગે...૦

નવ દરવાજા નવી રમત કા, દસમે મોલે ઓ દેખાય,
સોઈ મહેલમાં મેરમ બોલે, આપું ત્યાગે ઓ ઘર જાય...
–ઝણણણ ઝણણણ ઝાલરી વાગે...૦

વિના તાર ને વિણ તુંબડે, વિના રે મુખે ઈ તો મોરલી બજાય,
વિના દાંડીએ નોબતું વાગે, વિના રે દીપકે જ્યોત જલાય...
–ઝણણણ ઝણણણ ઝાલરી વાગે...૦

આ રે દુ કાને દડ દડ વાગે, કર વિના વાજાં અહોનિશ વાય,
વિના આરિસે આપાં સૂજે, એસા હે કોઈ વા ઘર જાય...
–ઝણણણ ઝણણણ ઝાલરી વાગે...૦

જાપ અજપા સો ઘર નાંહી, ચંદ્ર સૂરજ જહાં પહોંચત નાંહી,
સૂસમ ટેક સે સો ઘર જાવે, આપે આપને દિયે ઓળખાય...
–ઝણણણ ઝણણણ ઝાલરી વાગે...૦

અખર અજીતા મારી અરજ સુણજો, અરજ સુણજો એક અવાજ,
દાસી જીવણ સત ભીમના શરણાં, મજરો માની લેજો ગરીબનવાજ...
–ઝણણણ ઝણણણ ઝાલરી વાગે...૦

ooo

૭૮

થોભણ(દાસ) [૧૮મી સદી ઉત્તરાર્ધ]

વૈરાગ્યબોધનાં પદો ઉપરાંત કૃષ્ણવિરહના ‘મહિના’; ‘કક્કો’ જેવી કૃતિઓ રચનાર આ કવિની ૩ પદોમાં લખાયેલી ‘રાધિકાનો રોષ’ એક રસપ્રદ કૃતિ છે.

૩ પદો (રાધિકાનો રોષ); કૃષ્ણવિરહના મહિના -માંથી

રાધિકાનો રોષ

૧.

રંગભેર રમતાં રાસમાં રે, હાંહાં રે રંગ જામ્યો છે ઢગલે,
કુમકુમની ઢગો પડે રે, હાંહાં રે પાતળીઆને પગલે.

ફર ફર ફરતાં ફુદડી રે, હાંહાં રે પાયે ઘુઘરી ઘમકે,
મેઘ સમો મારો વાલમો રે, હાંહાં રે ગોપી વીજળી ચમકે.

ફર ફર ફરતાં જે ફરે રે, હાંહાં રે તેનો કર સાહી રાખે,
હસીહસીને ચુંબન કરે રે, હાંહાં રે કંઠે બાંહડી નાંખે.

મસ્તક મુગટ સોહામણો રે, હાંહાં રે માંહી મુગતા બીરાજે,
સામાં ઉભાં તે રાધિકા રે, હાંહાં રે તેનુ પ્રતિબિંબ નાચે.

સોળ વરસની સુંદરી રે, હાંહાં રે તેની દષ્ટિ આવી;
નારી થોભણના નાથની રે, હાંહાં રે રાધે ચાલી રીસાવી.

૨

રૂસણું મૂકોને રાધિકા રે, હાંહાં રે ઘેલી હઠ ના કીજે;
મુખથી બોલો બોલડા રે, હાંહાં રે મુનીવ્રત ના લીજે.

વાલો વન ચરાવે ગાવડી રે, હાંહાં રે ઊભા જમુના આરે;
મોરલી તે કેરા નાદમાં રે, હાંહાં રે રાધે રાધે પોકારે.

વાલા એક ઘડી નવ મૂકતા રે, હાંહાં રે રહેતા શામા સંજોગે;
દિવસ રેણી કેમ જાય છે રે, હાંહાં રે મારા વાલા વિજોગે.

સુંદરીનો સોહમણો રે, હાંહાં રે શામલો સુખકારી;
એ રે વહાલો ક્યમ વિસરે રે, હાંહાં રે ફટ નાર ધુતારી.

કહ્યું ન માન્યું કામની રે, હાંહાં રે દૂતી પાછી તે આવી;
નારી થોભણના નાથની રે, હાંહાં રે નહિ સમજી સમજાવી.

૩

મારો નાથ બન્યા નવજોબના રે, હાં હાં રે પેહેરી પીળી પટોળી;
કમલ વેલીનો કંચવો રે,હાં હાં રે કસી લીધાં છે ભેલી.

વહાલે વેલ ગૂંથી વિવેકશું, હાંહાં રે પૂંઠે ગોફણો લળકે;
વહાલે સેંથો પૂર્યો સિંદૂર રે; હાં હાં રે ચૂવા ચંદન ઝળકે

વાલે નૈન તેકાજળ સારિયાં રે; હાં હાં રે કાને ઝાલ ઝબૂકી;
વાલે મધ મધ ચોડી ટીલડી રે, નાકે નિરમલ મોતી.

પાયે વીછુવા વાજતા રે,હાંહાં રે હાથે ખણખણ ચૂડી;
સઘળી સૈયરમાં શૌભતા રે,હાં હાં રે એની શોભા છે રૂડી.

લટકો કરીને વલાડણી રે, હાં હાં રે આડે ધામ ઉતરિયાં;
દાસ થોભણ રૂડી રાધિકા રે, હાં હાં રે તેનાં કારજ સરિયાં.

૨

કૃષ્ણવિરહના મહિના.(–એમાંથી કારતક, પુરુષોત્તમ માસ)

કારતક માસે મેલી ચાલ્યા કંતરે, વાહાલાજી;
પ્રીતલડી તોડીને આણ્યો અંત; મારા વાહાલાજી.

પિયુજી મારા શું ચાલ્યા પરદેશરે, વા. મંદરિયામાં મેલ્યાં બાળે વેશ; મારા૦

ભર દરિયામાં મેલી મુજને વહેતીરે, વા. આવડલી ઘાતો તે હું નવ લેતી; મારા૦

.

હુંતો જાણતી ઉજળું એટલું દુધરે, વા. જાવાને દીવસડે માંડવું જુદ્ધ; મારા૦

સાગરિયા તમે શીદ થયાછો ખારારે, વા. કો આગળ જે કરિયે કષ્ટવિસારા; મારા૦.

તમે અમારાં દુખડાના છો જાણરે, વા. પ્રીતલડી ઉપર બંધાણા પ્રાણ. મારા૦

થોડેને દીવસડે અમને મળજોરે, વા. થોભણના સ્વામીજી વહેલા વળજો મારા૦ ૦

પુરુષોતમજી **પુરુષોતમ** મસવાડોરે, વા. દયા કરી તે દીવાળીનો દહાડો; મારા૦

હરિ અમારે આનંદ ઓછ્વ થાયરે, વા. માનનિયો મળીને મંગળ ગાય; મારા૦

સેવક સરવે આરતિયો ઉતારેરે, વા. અલબેલાજી ઉપર તનમન વારે; મારા૦

ખાનપાન પકવાન મીઠા મેવારે, વા. જમુના જળ ઝારીયો આચમન લેવા; મારા૦

લવિંગ સોપારી એળચિ આદરમાનરે, વા. વાળિ આપું બિડલે બાસઠ પાન; મારા૦

સુખ શજયામાં પોઢાડું નંદલાલરે, વા. થોભણના પ્રભુનિર્ખિને થાઉ ન્યાલ; મારા૦

ooo

૭૯

કરમણ (૧૮મી સદી ઉ.)

રવિભાણ સંપ્રદાયના આ હરિજન સંત કવિએ અધ્યાત્મ વિષયક પદો લખ્યાં છે

૧ પદ

નાઈ ધોઈને કરે અસનાના...
નાઈ ધોઈ ને કરે અસ્નાના, માયલાનો મેલ તારો નૈં જાવે;
ધ્યાન વિનાનો ધૂન મચાવે, ન્યાં સાહેબ મારો નૈં આવે... નાઈ ધોઈને...૦

વૈષ્ણવ થઈ વિવેક ન જાણે, નિત ઊઠીને નાવા જાવે;
નટવા હોકર નાચ નચાવે, ન્યાં સાહેબ મારો નૈ આવે... નાઈ ધોઈને...૦

જોગી હોકર જટા વધારે, કામ કરોધ બાવો બહુ લાવે;
ભભૂતિ લગાડી ભવ હારે, તોય ન્યાં સાહેબ મારો નૈ આવે...નાઈ ધોઈને...૦

ભમ્મર ગુફામાં સાધે ગોટકા, વીર વિદ્યા બાવો બહુ લાવે;
સમાધિભાવે બાવો કરે સાધના, તોય ન્યાં સાહેબ મારો નૈ આવે...નાઈ ધોઈને...૦

ધન માલનો કરે ઢગલો, ઈ પણ તારી હાર્યે નૈ જાવે;
કરમણને ગુરુ મોરાર મળિયા, ગરિબ થઈ ગુરુ ગુણ ગાવે... નાઈ ધોઈને...૦

ooo

૮૦

પ્રીતમ
(૧૮મી સદી ઉત્તરાર્ધ)



જ્ઞાનમાર્ગી તેમજ ભક્ત કવિ પ્રીતમદાસે રચેલાં પદોમાં વૈરાગ્યબોધનું અને કૃષ્ણભક્તિનું આલેખન વિવિધ રાગઢાળોમાં તથા લોકગમ્ય રૂપકો-દૃષ્ટાંતોનો બહોળો ઉપયોગ કરીને થયેલું છે. એ પદોની ચોટદાર ધ્રુવપંક્તિઓ લોકપ્રિય બનેલી છે તો એમણે ગુજરાતી-હિંદીમાં લખેલી સાખીઓમાં ભક્તિ અને જ્ઞાન-વૈરાગ્યનું નિરૂપણ છે.

આ ઉપરાંત ભગવદ્ગીતા નો દુહાબદ્ધ અનુવાદ આપતી 'પ્રીતમગીતા', જ્ઞાન-માસ, દુષ્કાળને વિષય કરતી 'પ્રેમપ્રકાશ સુડતાળો કાળ' જેવી રચનાઓ એમણે કરેલી છે.

૫ પદો; જ્ઞાનમાસ-માંથી

પદો

૧. હીંડોળો હીરે જડ્યો

હીંડોળો હીરે જડ્યોઃ કંચનના ખંભ;
ચોકી રત્નજડાવનીઃ રચિયો આરંભ. –૧

તકીયાગાદી હીરનીઃ ઝૂલે પિયા પ્યારી;
ફરતાં મોતી-જૂમખાંઃ ડાંડી ચાર સમારી. –૨

ઝગમગ ઝગમગ ભોમકાઃ ભલી ભાતે ભાસે;
તત્ત્વસાર ત્રિલોકમાંઃ તેનું તેજ પ્રકાશે. –૩

ફરતી ફૂલી વૃક્ષવેલડીઃ બહુ મોગરા મહેકે;
કુંજ સદનને બારણેઃ તેહેવા તોરણ લહેકે, –૪

કુસુમકલી ફૂલી રહી; બહુ મધુકર ગુંજે;
પ્રીતમનો સાંમી શામળોઃ આનંદના પુંજે –૫

૨. હરિનો મારગ છે શૂરાનો

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પ્રથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.

સુત વિત્ત દારા શીશ સમરપે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડ્યા મરજીવા જોને.

મરણ આગમે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઊભો જુએ તમાસો, તે કોડી નવ પામે જોને.

પ્રેમપંથ પાવકની જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને.

માથા માટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.

રામઅમલમાં રાતા માતા, પૂરા પ્રેમી જન જોને;
પ્રીતમના સ્વામીની લીલા, નીરખે રજનીદિન જોને.

૩. તનરેંટુડો સદગુરુ શબ્દે

તનરેંટુડો સદગુરુ શબ્દે, સૂતર ફરવા લાગ્યો
થઈ મ્હેર ઘણી, ગુરુદયાળે દિલનો ધોખો ભાંગ્યો. તન

શુભ કર્મ કાષ્ઠ રેંટિયો કીધો,
તે તો સુઘડ સુતારે ઘડી દીધો,
બુદ્ધ માનુનીએ માગી લીધો. તન

પચરંગી પાંખડિયું આરા,
થાંભલિયું તોરણિયા સારા;
ચિત્ત ચપળ ચમરખે રંગન્યારા. તન૦

અંતઃકરણ ઉઢાણી પ્રોયે,
અને અન્ન-ઉદક ઊંજણ જોઈએ;
દમ દામણિયો સુંદર સોહિયે. તન૦

તે મધ્ય જૈતન્ય માળ ફરે,
પરા પરા પૂણી પ્રાણ ધરે;
ત્રિવેણીત્રાકે તાર ભરે. તન૦

મનમાંકડી ચોક્કસ કરિયે,
ઘર મૂકી પરઘેર નવ ફરિયે;
એક ધ્યાન ધણી કેરું ધરિયે. તન૦

ગુણવંતી નાર કમાય ઘણું,
જેને બળ હોય હરિ-ગુરુ સંતતણું;
તેને સહેજેઃ આવે શીલપણું. તન૦

કહે પ્રીતમ પ્રગટે પૂર્ણદશા
રસિયોજી આવી હૃદિયામાં વસ્યા;
તેનાં જન્મ-મરણ-દુઃખ દૂર ખસ્યાં. તન૦

૪. જીભલડી રે !

જીભલડી રે! તને હરિગુણ ગાતાં, આવડું આળસ ક્યાંથી રે?
લવરી કરતાં નવરી ન મળે, બોલી ઊઠે સૌમાંથી રે. ૧

પરનિંદા કરવાને પૂરી, શૂરી ખટરસ ખાવા રે;
ઝઘડો કરવા જાહેર ઝૂઝે, કાયર હરિગુણ ગાવા રે. ૨

ઘર લાગ્યા પછી કૂપ ખોદાવે, આગ એથી ક્યાં ઓલવાશે રે?
ચોરો તો ધન હરી ગયા, પછી દીપકથી શું થાશે રે? ૩

તલ મંગાવો ને તુલસી મંગાવો, રામનામ લેવરાવો રે;
પરથમ તો મસ્તક નહિ નમતું, પછી નામ શું સંભળાવો રે? ૪

રામનામનું દામ ન બેસે, કામ ખંડે નહિ કરવું રે;
સહેજે પાર પંથનો આવે, ભજન થકી ભવ તરવું રે. ૫

જેનું નામ જપે જોગેશ્વર, શંકર શેષ વિરંચિ રે;
કહે પ્રીતમ પ્રભુ-નામ વિસાર્યું, તે પ્રાણી પરપંચી રે. ૬

૫. આનંદમંગળ કરું આરતી

આનંદમંગળ કરું આરતી, હરિગુરુ સંતની સેવા;
પ્રેમ કરી મંદિર પધરાવું, સુંદર સુખડાં લેવા.

આનંદ...

તીરથ સહુ સાધુને ચરણે, ગંગા જમુના રે'વા;
મહા મોટા સંત પતિતપાવાન, સુખના સાગર જેવા.

આનંદ...

રત્નકુંભ ઘન વાજાં ભીતર, આનંદરૂપી એવા;
ત્રિભુવન તારણ ભક્ત ઉદ્ધારણ, મુહુરત અકળ અમેવા.

આનંદ...

અખંડજ્યોત ઘટબાજી અંતર, નિત્યનિરંતર એહવા;
કહે પ્રીતમ ઓળખો અણસારે, હરિજન હરિના જેહવા.

આનંદ...

૨

જ્ઞાનમાસ –માંથી ૪ માસ

અષાઢ માસે આવે નહીં નર તેહ રે, આ અવસરમાં;
જેને નિરભય નારાયણશું નેહ રે, આ અવસરમાં.

વિના કિરણ સરખી તેની કાયા રે, આ અવસરમાં;
દેવ દાનવ માનવનીનવ વ્યાપે માયા રે, આ અવસરમાં.

ગતિ કરે તે સપ્તદ્વીપ નવખંડ રે, આ અવસરમાં;
લોક ચતુર્દશ એકવીસમે બ્રહ્માંડ રે, આ અવસરમાં.

જલ થલ જંગલ સઘળે જેનો વ્યાપ રે, આ અવસરમાં;
કહે પ્રીતમ તે કર્તા હર્તા આપ રે, આ અવસરમાં.

શ્રાવણ શ્રવણ મનની નીત ધ્યઅન કરીએ રે, આ અવસરમાં;
બાકી બીજા પ્રપંચ સૌ પરહરીએ રે, આ અવસરમાં.

સત્સંગ કરતાં તરીએ ભવસંસાર રે, આ અવસરમાં;
વિષય ન વ્યાપે કાપે કોટિ વિકાર રે, આ અવસરમાં.

કૃષ્ણ કથા કિર્તન કળિયુગમાં કરીએ રે, આ અવસરમાં;
ધીરજ રાખી ધ્યાન ધારણા ધરીએ રે, આ અવસરમાં.

તીલક છાપ સેવા સ્મરણમાં રહીએ રે, આ અવસરમાં;
પ્રીતમ પ્રભુને ભજતાં પાવન થઈએ રે, આ અવસરમાં.

ભાદરવે ભરપૂર હરીને ભાળો રે, આ અવસરમાં;
હું, મારૂં, અહંકાર હઈએથી ટાળો રે, આ અવસરમાં.

કીડી કુંજર ચૈતન્યતાથી ચાલે રે, આ અવસરમાં;
ક્ષણ માત્ર તે હરિ વિના નવ હાલે રે, આ અવસરમાં.

કીટ ઇંદ્ર તે આતમ દૃષ્ટે એક રે, આ અવસરમાં;
ગુરૂ ગમ્ય જોશે જેહને જ્ઞાન વિવેક રે, આ અવસરમાં.

ગુરૂ ગોવિંદના ઘરની જેને ગમ્ય રે, આ અવસરમાં;
કહે પ્રીતમ તે જાણે જેમ છે તેમ રે, આ અવસરમાં.

આસોએ રામ રમે તેને અવિધાર રે, આ અવસરમાં;
ઉઠે અજંપા તે એકતિશ હજાર, રે, આ અવસરમાં.

ઉપર આગલા ખટસેંનો છે ખેલ રે, આ અવસરમાં;
રણકાર ધુનિ થાય રંગની રેલ રે, આ અવસરમાં.

કહું રહસ્ય રસિયા રસ પીવાની રે, આ અવસરમાં;
જેમ ડુબકી દરિઆમાં મરજીવાની રે, આ અવસરમાં.

ગુણાતીત તે ગેબ ગગનમાં ગડીયા રે, આ અવસરમાં;
આઠે પહોર અખંડ અનુંભવમાં અડીયા રે, આ અવસરમાં.

દિન દિન પ્રત્યે ચઢે ચોગણો રંગ રે, આ અવસરમાં;
કહે પ્રીતમ કર સદ્‌ગુરુ સંતનો સંગ રે, આ અવસરમાં.

સંવત અઢાર અતિ ઓગણત્રીસો સાર રે, આ અવસરમાં;
શ્રાવણ શુકલ પક્ષ સાતમ રવિવાર રે, આ અવસરમાં.

સંઘેસરમાં સહુ સંતોનો દાસ રે, આ અવસરમાં;
પ્રીતમ પ્રેમે ગાયા બારે માસ રે, આ અવસરમાં.

ooo

ધીરો / ધીરા ભગત (ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ — અવ. ઈ. ૧૮૨૫):

છૂટક પદો કે પદોના સમુચ્ચયરૂપે રચાયેલી 'કાફી' નામની આ કવિની રચનાઓ ઊંચી કવિત્વશક્તિ તેમજ બહોળી લોકપ્રિયતા બન્ને ધરાવે છે. કાફી રાગમાં ગવાતાં હોવાથી એ નામ ઓળખાયેલાં આ પદોમાં શાંકરવેદાન્ત અનુસારનો તત્ત્વવિચાર છે, અધ્યાત્મ-અનુભવ એમાં ગૂંથાયો છે ને વૈરાગ્યબોધ એમાં ઊપસીરહે છે. દૃષ્ટાંતોથી આવતી સુગમતા અને ચિત્રાત્મકતા, ઉદ્‌બોધન શૈલીવાળી આત્મકથનયુક્ત ચોટદાર ઉક્તિઓથી આવતી અસરકારકતા અને રસવહતા એની વિશેષતાઓ છે. 'પ્રશ્નોત્તરમાલિકા', 'સ્વરૂપની કાફીઓ', 'જ્ઞાનબત્રીસી', 'જ્ઞાનકક્કો' ઉપરાંત ધોળ, ગરબી, વસંત, ખ્યાલ, વાર, બાર માસ, એવા પ્રકારોમાં પણ આ કવિએ પદરચના કરી છે.

૬ પદો

૧. પ્રગટ ખેલ ખેલું રે...

પ્રગટ ખેલ ખેલું રે,
દેદાર તેન દેખાડું;
મૃત સંજીવન રે,
મહામંત્ર સહેજે શીખવાડું. પ્રગટ

વિના પાંખ ઊડી આસમાન પર,
ચર્ણ વિના મેરુ ચડું;
નવસેં નવાણું એક ઘર આણું,
સિંધુ કૂદી પાર પડું;

સાડા ત્રણ કરોડ રોમને રે,
રમત રૂડી રમાડું. પ્રગટ
પાવક વરસાવી પાષણ પલાળું,
સાત વૈકુંઠને તારું;
જલ મધ્યે જલંધર ધિકાવું,
મરે નહિ તેને મારું;
ચૌદને ચેતાવું રે,
પંદરે રહી પાર પાડું. પ્રગટ
કહો તો વિના અર્ક કરું અજવાળું,
મહાનિધિમાં માણું;
શિવ વિરંચિ વિષ્ણુ વિવેક.
ત્રણેને તાણી અહીં આણું;
એક સંગે આનંદ રે,
ભણેલાં બેને ભુલાવાડું. પ્રગટ
વિના બૂટીએ વૈદ્ય બનું ધન્વંતરિ,
કાયા કરું નીરોગી;
સતજુગ દ્વાપર ત્રેતા ને કલજુગ,
ચાર જુગના અમો જોગી;
ધીરા કર ધારણ રે,
સિંધુ ગઢમાં સંતાડું. પ્રગટ

૨. ખબરદાર! મનસૂબાજી

ખબરદાર! મનસૂબાજી,
ખાંડાની ધારે ચડવું છે;

હિંમત હથિયાર બાંધી રે,
સત્ય લડાઈએ લડવું છે.

એક ઉમરાવને બાર પટાવત,
એક એક નીચે ત્રીસ ત્રીસ;
એક ધણીને એક એક ધણિયાણી એમ,
વિગતે સાત ને વીશ;
સો સરદારે ગઢ ઘેર્યો રે,
તેને જીતી પાર પડવું છે.

પાંચ પ્યાદલ તારી પૂંઠે ફરે છે,
ને વળી કામ ને ક્રોધ;
લોભ, મોહ ને માયા, મમતા એવા,
જુલમી જોરાવર જોધ;
અતિ બલિષ્ઠ સવારી રે,
એ સાથે આખડવું છે.

પ્રેમપલાણ ધરી જ્ઞાનઘોડે ચઢી,
સદ્‌ગુરુ શબ્દ લગામ;
શીલ સંતોષ ને ક્ષમા ખડ્‌ગ ધરી.
ભજન ભડાકે રામ;
ધર્મઢાલ ઝાલી રે,
નિર્ભે નિશાને ચઢવું છે.

સુરત નુરત ને ઈડા પિંગળા,
સુષુમણા ગંગાસ્નાન કીજે;

મન પવનથી ગગનમંડળ ચઢી
ધીરા સુધારસ પીજે,
રાજ ઘણું રીઝે રે;
ભજન વડે ભડવું છે.

૩. જેને પિયુ મળવાનો પ્રેમ હોય

જેને પિયુ મળવાનો પ્રેમ હોય તે,
આવો દેશ અમારે જો;
આડે અર્ણવે ઊતરી નાવડું,
આવે છે આરે જો.

દૂર બતાવે નાથને,
તેને પ્રગટ પાસે દેખાડું જો;
એક સદ્‌ગુરુની કૃપા વડે,
તેને બ્રહ્મલોક પહોંચાડું જો.

એક અચરજ મારા દેશમાં,
ગૌવાં ને સિંહ રમે ભેળાં જો;
અવળાંનાં સવળાં થયાં,
કરમદીએ લાગ્યાં કેળાં જો.

એક સદા પૂનમ મારા દેશમાં,
અમાસ ભુવન નવ આવે જો;
શીત ને તાપ વ્યાપે નહીં,
એક બકરો બળદને ધાવે જો.

એક સદા પૂનમ મારા દેશમાં,
અમાસ ભુવન નવ આવે જો;
શીત ને તાપ વ્યાપે નહીં,
એક બકરો બળદને ધાવે જો.

એક અમૃતફળ મારા મુલકમાં,
તેના ભોગદારી ત્રિપુરારિ જો;
ભરે વારિ દોરી-ગાગર વિના,
સુરતા સોહાગણ પણિયારી જો.

એક અઝડ ઝડે પરજન્ય પડે,
પૃથ્વીનાં પડ રહ્યાં કોરાં જો;
પોઢ્યા હંસરામ ચોગાનચોતરે,
તેને અંગે ન અડકે ફોરાં જો.

એક કંઠ વિના ગાય નાયકા,
ને ચર્ણ વિના તે ચાલે જો;
એક ધીર સખી પિયુ પાસ રમે,
મહાનંદ સુખ મહાલે જો.

૪. તરણા ઓથે ડુંગર રે

તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ;
અજાજૂથ માંહે રે, સમરથ ગાજે સહી.

સિંહ અજામાં કરે ગર્જના, કસ્તૂરી મૃગરાજન,
તલને ઓથે જેમ તેલ રહ્યું છે, કાષ્ટમાં હુતાશન;
દધિ ઓથે ઘૃત જ રે, વસ્તુ એમ છૂપી રહી.

કોને કહું ને કોણ સાંભળશે? અગમ ખેલ અપાર,
અગમ કેરી ગમ નહીં રે, વાણી ન પહોંચે વિસ્તાર;
એક દેશ એવો રે, બુદ્ધિ થાકી રહે તહીં.

મનપવનની ગતિ ન પહોંચે, છે અવિનાશી અખંડ,
રહ્યો સચરાચર ભર્યો બ્રહ્મપૂરણ, જેણે રચ્યાં બ્રહ્માંડ;
ઠામ નહિ કો ઠાલો રે, એક અણુ માત્ર કહી.

સદ્‌ગુરુજીએ કૃપા કરી ત્યારે, આપ થયા રે પ્રકાશ;
શાં શાં દોડી સાધન સાધે? પોતે પોતાની પાસ;
દાસ ધીરો કહે છે રે, જ્યાં જોઉં ત્યાં તુંહી તુંહી.

૫. દુનિયા દીવાની રે...

દુનિયા દીવાની રે, બ્રહ્માંડ પાખંડ પૂજે;
કર્તા વસે પાસે રે, બાજી કાંઈ નવ બૂજે.

જીવ નહિ એને હરિ કરી માને, પૂજે કાષ્ઠ પાષાણ;
ચૈતન્યપુરુષને પાછળ મૂકે, એવી અંધી જગત અજાણ;
અર્કને અજવાળે રે, પ્રસિદ્ધ મણિ નવ સૂઝે.

પાષાણનું નાવ નીરમાં મૂકે, સો વાર પટકે શીશ;
કોટી ઉપાયે તરે નહિ એ તો, ડૂબે વસા વીશ;
વેળુમાં તેલ ક્યાંથી રે? ધાતુની ધેનું શું દૂઝે?
અંતર મેલ ભર્યો અતિ પૂરણ,
નિત્ય નિર્મળ જળમાં નહાય,
મહામણિધર પેઠો દરમાં, તો રાફડો ટીપે શું થાય?
ઘાયલ ગતિ ઘાયલ રે, જાણીને જ્ઞાની ઘાવ રૂઝે.
સદ્‌ગુરુ શબ્દનું ગ્રહણ કરીને, પ્રગટી પંડમાં પેખ;
દૂર નથી નાથ નજીક નિરંજન, દિલ શુદ્ધે દેદાર દેખ;
ધુરંધર ખેલે ધીરો રે, જાહેર જગત મધ્યે ઝૂઝે.

૬. વાડો વાળીને બેઠો રે

વાડો વાળીને બેઠો રે,
પોતાનો પંથ કરવાને,
નવા ખેલ ઉઠાવે રે,
ઉપાય ઉદર ભરવાને. વાડો

અજાનો વાડો, કૂકડીનો વાડો,
ગાયોનો વાડો, વળી ભેંસોનો વાડો,
અબંધ સવારી બંધમાં ના'વે,
મુંને વાઘનો વાડો દેખાડો;
દિવસ ને દહાડો રે,
અગમ ઠામ ઠરવાને. વાડો

રામાનંદી ને નીમાનંદી,
વલ્લભ સેજાનંદ સમજાવે,
કબીરપંથી ને તાર જ તુંબી
ભણીભણીને ભુલાવે;
ગુરુ થઈને ગાજે રે,
પારકું ધન હરવાને. વાડો

પ્રીત કરીને પ્રેત પૂજાવે,
પિત્તળ ને પાષાણ;
વૈશ્યસેવા ને કબર પૂજાવે,
એમાં કોણ કરશે કલ્યાણ?
તીર્થ વ્રત ડોલે રે,
અફળાઈ મરવાને. વાડો

સિંહરાયથી ડરે સૌ દુનિયા,
સિંહને ડર નહીં કોનો સંબંધ,
સોહમ્ શબ્દ સચ્ચિદાનંદ સ્વામી,
એવો અખંડ આત્મા બ્રહ્મ;
ધીર શૂર વીરા રે,
આત્મધ્યાન ધરવાને. વાડો

ooo

૮૨

તુલજારામ(૧૮મી સદી ઉત્તરાર્ધ)

આ કવિએ કેટલાંક રસપ્રદ આખ્યાનો ને પદો રચ્યાં છે, એમાં 'અભિમન્યુ આખ્યાન/કોઠાયુદ્ધ' નોંધપાત્ર છે.

૧ પદ

(અભિમન્યુ આખ્યાન/કોઠાયુદ્ધ-માંથી)

મને મારીને રથ ખેડ્યા

મને મારીને રથ ખેડ્યા રે, બાળા રાજા રે!
મને જુદ્ધે સાથે તેડ રે, બાળા રાજા રે!
આપણ સરખા સરખી જોડ રે, બાળા રાજા રે
મને જુદ્ધ જોયાના કોડ રે, બાળા
લાવો હું ધરું હથિયાર રે, બાળા રાજા રે,
કરું કૌરવનો સંહાર રે, બાળા
છાંડી જુદ્ધ વળો ઘેર આજ રે, બાળા રાજા રે,
મારા બાપનું અપાવું રાજ રે, બાળા
નારી કેશ સમૂળા કાડે રે, બાળા રાજા રે,
રથ ઉપર દેહ પછાડે રે, બાળા
મારું જોબનિયું ભરપૂર રે, બાળા રાજા રે,
મને મેલીને ચાલ્યા દૂર રે, બાળા
મેં તો શો કર્યો અધર્મ રે? બાળા રાજા રે,
મારે કિયા જનમનાં કર્મ રે? બાળા
મેં તો વેલો વાધતી તોડી રે, બાળા રાજા રે,
મેં તો ધાવતી ધેન વછોડી રે, બાળા
મેં તો વહેતી નીકે દીધો પાગ રે, બાળા રાજા રે,
લીલા વનમાં મેલી આગ રે, બાળા ooo

નરભેરામ (ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ)

આ વૈષ્ણવ કવિની ઉત્કટ કૃષ્ણભક્તિ એમનાં પદોમાં વિનોદભરી શૈલીમાં વ્યક્ત થઈ હોવાથી ઉમાશંકર જોશીએ એમને 'હસતા સંતકવિ' કહેલા. નીતિ અને ભક્તિનો બોધ આપતી અને આત્મકવનના રૂપે પણ રચાયેલી નરભેરામની કૃતિઓમાં થોડાંક છૂટક પદો ઉપરાંત 'કૃષ્ણચરિત્ર-બાળલીલા' , 'કૃષ્ણવિનોદ', 'રાસમાળા', 'અંબરીષનાં પદો', 'જીવને શિખામણ' વગેરે જેવી આખ્યાનાત્મક પદમાળાઓનો સમાવેશ થાય છે. છપ્પા, ચાબખા, કાફી, ગરબી, મુક્તક એવું સ્વરૂપવૈવિધ્ય પણ એમણે દાખવ્યું છે.

૨ પદો

૧. નાણું આપે નરભો રે

નાણું આપે નરભો રે, વાવરજો છોગાળા;
ગાંઠે બાંધજો તાણી રે, ધોળી ધજાવાળા.

કપટી કેશવ જાણત તો શાને, આવત પચાસ જોજન,
સાંભળ્યું શ્રવણે સાધુને છાપે છે, માટે મળવા ધર્યું મન,
દરશન દોને રે, દૂર કરી પાળા. નાણું૦

ભેખ દેખીને અજર નથી કરતા, છાપ આપો છો હરિ,
પાઘડી ભાળી છાપ ખાળી છબીલા, પરીક્ષા તો એવી કરી!
સમરથા લેજો સમજી રે, જે કહી કાનડ કાળા! નાણું

હારો છો જનથી નથી હરવાતા, માટે હરિ! હઠ મેલ,
કહે નરભો છોટાલાલપ્રતાપે, નથી એ તલમાં તેલ;
લેવાનું મુજ પાસે રે, હરિ હરિ જપ માળા! નાણું૦

૨. નિશ્ચે કરો રામનું નામ

નિશ્ચે કરો રામનું નામ, નથી જોગી થઈને જાવું,
નથી કરવાં ભગવાં કાંય,નથી ભેગું કરીને ખાવું.

ગમે તો તમે ભગવાં કરજો, ગમે તો ઊજળાં રાખો,
નહીં દૂભવો સામા જીવને, સુખ સામાનું તાકો.

એક ત્રાજવે સૌ સંસારી, બીજે જોગી લાવો;
કયા જોગીને રામ મળ્યા? એવો તો એક બતાવો.

મહેતો, મીરાં ને પ્રહ્લાદ, સેનો નાપિક નાતિ;
ધનો, પીપો, રોહિદાસ, કૂબો, ગોરો કુંભારની જાતિ.

બોડાણો જાતે રજપૂત, ગગાબાઈ છે નારી,
દાસ થઈને જો રહ્યાં તો, ઘેર આવ્યા ગિરધારી.

નથી રામ વિભૂતિ ચોળ્યે, નથી ઊંઘે શિર ઝોળ્યે;
નથી નારી તજી વન જાતાં, જ્યાં લગી આપ ન ખોળે.

જંગલમાં મંગલ કરી જાણે, મંગલ જંગલ જેને;
કડવું મીઠું, મીઠું કડવું, રામજી વશ છે તેને.

પય-ઓથે જેમ ઘૃત રહ્યું છે, તલ ઓથે જેમ તેલ;
કહે નરભો રઘુવર છે સઘળે, એવો એનો ખેલ.

ooo

વસ્તો વિશ્વંભર (૧૮મી સદી ઉત્તરાર્ધ)

રામાનંદી સંત વિશ્વંભરના શિષ્ય હોવાથી એમનાં પદોને અંતે 'વસ્તો વિસ્વંભર' એવી નામછાપ હોય છે. જ્ઞાનમાર્ગી પદો રચનાર આ કવિએ પ્રેમલક્ષણા ભક્તિનાં પદો પણ લખ્યાં છે. અક્ષરોને બેવડાવીને લય સાધવાની એમની રીત લાક્ષણિક છે.

૬ પદો

૧

સત્‌ગુરુ મલ્લતાં રે સંસે સહુ ટલ્લ્યા,
નીરમલ્લ નીશ્ચે થયું છે અંગે રે,
જીવ સીવે રહીને ભોગવે,
ત્યેહેનો જાંમ્યો રૂડો રંગ રે. ૧

મંગલ્લ વરત્યાં અમાહારે માંહ્ય રે,
કરીએ વાહાલાસુ વહ્યાર રે,
નગમ અલગ જેને ગાય છે,
તે રેહે રૂદય મોઝાર્ય રે. ૨

ક્ષર અક્ષરથી અલ્લગો જે હતો,
વલ્લગો દીઠો છે તે આપે રે,
ડોલમ ડોલ તે મટી ગયું,
થીરતા રહી છે તેહને થાપે રે. ૩

એ કે વીવેક રે એહેવો અવીયો,
ત્યેહેનુ બાધુ રેહે છે ધ્યાંન રે,

જનમમરણના ભે ભાગી ગયા,
ગલ્લીયું લ્યંગ્યનું અભીમાંન રે. ૪

આત્યમજ્ઞાંને માંને અમર થયું,
રઘુ રેહેવા સરખુ દુષ રે,
વસ્તા વીસ્યંભર પુરસને પાંમીયાં,
જે છે સરવે જીવનો ભુપ રે. ૫

૨
જોતાં જોતાં રે જોયો જ્યુગપતિ,
એથી બીજો કોઈ નહીં આદ્ય રે,
સોરતી સમરતીએ જોઈ મેલ્લવ્યો,
મલ્લી રહી સહુમાંહાં એહની સાહ્યદ્ય રે. ૧

પરમાત્યમા પરમાત્યમા બોલે,
સોહં સોહંગ આપ રે,
હલણચલણ તો હાલે તે વડે,
વ્યાપી રહીછે ત્યેહેની વ્યાપ રે. ૨

અલખ અલખ કરીને ખલક ક્યેહે,
પલ્લે પલ્લે પોહોંચ્યો તેહ રે,
હુ હુ કરીને હરદમ રે હાલંતો,
પુરસ્ય પુરાંણો પરગટ એહ રે. ૩

એક અનંતને પુરો પડ્યો,
દીધાં સહુન્યા ચસરખાં દાંન રે,

ત્યેણે વરત્યું સરવે વાતમાંહાં,
ધરી ધરી આપા જેહેવું માંન રે. ૪

અકલ્લ સકલ્લ જાંણે સહુ વારતા,
પોત્યે વરત્યે સહુને પાર્ય રે,
વસ્તા વિસ્યંભર સ્વયંભર ભરી રહ્યો,
ત્યેણે ખેલે છે નરનાર્ય રે. ૫

૩

આવોને મંદિરીએ મહારે
મોહન મહી વલોવા રે,
મહીને મસે હુ બોલાવુ,
ખાંત્ય ઘણી છે જોવા રે. ૧
માહારૂ ગોરસ મીઠું મોહંન,
હુ મૈહ્યારી ભોલ્લી રે,
ભાવે એટલું પીજ્યો વાહાલા,
સોપુ સરવે ગોલ્લી રે. ૨
માહારૂ છે તે છે તમાહારૂ,
રખે અંતર રાખો રે,
પ્રીત્ય કરી પાતલ્લીયા વાહાલા,
ગોરસ માહારૂ ચાખો રે. ૩
પ્રભાત્ય થાતા પેહેલા આવો,
રખે અસુર કરતા રે.
વસ્તા વીસ્યંભર એક હી સ્વયંભર
હેત હૈયામાં ધરતા રે. ૪

૪

મહ્યે મહીયારી કોલ મહ્યે મહીયારી,
ગોરસ અમને પાયે રે,
સરવસ સોંપે લજ્યા ન લોપે,
આપે હલકી થાયે રે. ૧

બોલી જાંણે ચાલી જાંણે,
જાંણે અમાહારા દેસ રે,
મુલ્લ મંત્ર માહ્યલા જાંણે,
એહેવા હોએ ઉપદેસ રે. ૨

પાત્ર પાવન ગાત્ર પાવન,
પાવન માંહલું મહી રે,
અવર સરવ ઉછંગી નાખ્યું,
ત્યેહેની સાથે સહી રે. ૩

સખી સમાંણી સોહી પ્રમાંણી,
સોરત્યે નોરત્ય ઠેરવે રે,
વસ્તા વીસ્યંભર ઉનસે સ્વયંભર,
બીજી કાંમ્ય ન આવે રે. ૪

૫

એ રંગ રૂડો રમવ સરખો,
રમતલ થાએ રાજી રે,
પ્રેમી જંનના ભોગમાંહાં આવે,
સુ કરે પંડીત કાજી રે. ૧

ફેરવે પોથી થાથમ થોથી,
મન માયાસંગ લાગુ રે,
ક્યેમ ચાલે વેહેવાર અમાહારો,
જાણ્યે ચ્યાર ઘર ઘણાં માગુ રે. ૨

કુલ્લ કુટુંબી તો કુલ્લમાંહાં બાંધ્યા,
વરણવેષ વેહેવાહારે રે,
રલ્લી રલ્લી ત્યેહેનોં ખપર ભરે.
નવરા નહી તે ક્યારે રે. ૩

આદ્ય પુરાણી રહ્યા એમ જાંણી,
તે તો કેહે સુ કરીએ રે,
અમ્યો નહી અમાહારામાંહી,
ધરતાને ક્યેમ ધરીએ રે. ૪

ધરતા લેઈને ક્યરતા થયા,
તે છે ત્યેહેના ભોગી રે,
વસ્તા વીસ્યંભર સદેહી સ્વયંભર,
સદા તેહ સંજ્યોગી રે. ૫

૬
પ્રેમપંથની વાતો ન્યારી,
કોય પ્રેમીજન હોએ તે જાંણે,
ખલ્લવદ્યાએ ખબર્ય ન પાવે,
સાંહાંને વાદ વખાંણે. ૧

ચ્યતુરાઈ કરી કૈ ચુકી ગયા છે,
ગલ્લીતપને ઘર માંણે,
અવર ઉપાધી છાડી દેઈને
હરીચરણ ચીત આંણે. ૨

પરપંચે પચીયા જે પ્રાંણી,
તેહેને ઘરૂનુ જ્ઞાન ન ભાવે.
નીશ્ચેપદનો ન્યાય ન માને.
અપના મત ઉઠાવે. ૩

પ્રેમ પ્રગટ્યા એમ જાણીએ,
સતગુરૂ સબ્દે ચાલે.
વસ્તા વીસ્યંભર ભોગવે.
સ્વયંભર આપુ આપને આલે. ૪

ooo

૮૫	વીરવિજય
૮૬	હરિદાસ
૮૭	નિરાંત
૮૮	બાપુ ગાયકવાડ
૮૯	ભોજો/ભોજા ભગત
૯૦	નિષ્કુળાનંદ
૯૧	બ્રહ્માનંદ
૯૨	પ્રેમસખી પ્રેમાનંદ
૯૩	મુક્તાનંદ
૯૪	દેવાનંદ
૯૫	દયારામ
૯૬	રેવાશંકર
૯૭	ગિરધર
૯૮	મીઠો/ મીઠુદાસ

વીરવિજય (ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ - ૧૯મી સદી પૂર્વાર્ધ):

કેશવ નામે બ્રહ્મણ, જૈન સાધુ બન્યા પછી વીરવિજય. 'શુભવીર' નામછાપથી કાવ્યરચના કરનાર આ કવિએ સંસ્કૃત તથા ગુજરાતીમાં કાવ્યરચના કરી છે. ગુજરાતીમાં રાસ, પૂજાઓ, વેલી, બારમાસ, છત્રીસી, સ્તવન, સઝઝાય આદિ વિવિધ પ્રકારોમાં વિપુલ કૃતિઓ રચનાર આ કવિનાં પદો કર્ણમધુર દેશીઓમાં ભાવપૂર્ણ તથા અર્થમર્મલક્ષી કવિત્વ દર્શાવે છે.

૨ પદો/પૂજા; હિતશિક્ષા છત્રીસી

પદો

૧.

સખી રે, મેં કૌતુક દીઠું
સખી રે, મેં કૌતુક દીઠું, સાધુ સરોવર ઝીલતા રે,
સખી, નાકે રૂપ નિહાલતા રે, સખી, લોચનથી રસ જાણતા રે,
સખી, મુનિવર નારી સું રમે રે. સખી રે. ૧

સખી, નારી હીંચોલે કંતને રે, સખી, કંત ઘણા એક નારીને રે,
સખી, સદા યૌવન નારી તે ચહે રે, સખી, વેશ્યા વિલુદ્ધા કેવલી રે. ૨

સખી, આંખ વિના દેખે ઘણું રે, સખી, રથ બેઠા મુનવિર ચલે રે,
સખી, હાથ-જલે હાથી ડુબિયો રે, સખી, કૂતરીએ કેસરી હણ્યો રે. ૩
સખી, તરસ્યો પાણી નવ પીએ રે, સખી, પગવિહૂણો મારગ ચલે રે,
સખી, નારી નપુંસક ભોગવે રે, સખી, અંબાડી ખર ઉપરે રે. ૪

સખી, નર એક નિત્ય ઊભો રહે, સખી, બેઠો નથી, નવિ બેસશે રે,
સખી, અધર ગગન વચે તે રહે રે, સખી, માંકડે મહાજન ઘેરિયો રે. ૫

સખી, ઉંદરે મેરુ હલાવિયો રે, સખી, સૂરજ અજવાળું નવિ કરે રે,
સખી, લઘુ બાંધવ બત્રીસ ગયા રે, સખી, શોકે ઘટી નહિ બેનડી રે. ૬

સખી, શામલો હંસ મેં દેખિયો રે, સખી, કાટ વલ્યો કંચનગિરિ રે,
સખી, અંજનગિરિ ઊજલ થયો રે, સખી, તોહે પ્રભુ ન સંભારિયા રે. ૭

સખી, વયરસ્વામી પાલણે સૂતા, સખી, શ્રવિકા ગાવે હાલડાં રે,
સખી, થઈ મોટા અરથ તે કેજો, સખી શ્રી શુભવીરને વાલડાં રે. ૮

૨
પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા
ઢાળ બીજી
(મિત્યાત્વ વામીને કોરયા સમકિત પામી રે -એ દોશી)
રૂડો માસ વસંત ફળી વનજરાજી રે, રાયણ ને સહકાર વાલા;
કેતકી જાઈ ને માલતી રે, ભ્રમર કરે ઝંકાર વાલા,
કોયલ મદભર ટહુંકતી રે, બેઠી આંબા ડાળ વાલા. ૧
હંસયુગલ જળ ઝીલતા રે, વિમળ સરોવર પાળ વાલા;
મંદ પવનની લ્હેરમાં રે, માતા સુપન નિહાળ વાલા. ૨
દીઠો પ્રથમ ગજ ઉજળો રે, બીજે વૃષભ ગુણવંત વાલા;
ત્રીજે સિંહ જ કેસરી રે, ચોથે શ્રીદેવી મહંત વાલા. ૩

માળયુગલ કૂલ પાંચમે રે, છઠ્ઠે રોહિણિકંત વાલા;
ઊગતો સૂરજ સાતમે રે, આઠમે ધ્વજ લહકંત વાલા. ૪
નવમે કળશ રૂપાતણો રે, દશમે પદ્મસર જાણ વાલા;
અગ્યારમે રયણાયરુ રે, બારમે દેવવિમાન વાલા. ૫
ગંજ રત્નનો તેમરે રે, ચૌદમે વહ્નિ વખાણ વાલા;
ઊતરતાં આકશથી રે, પેસતાં વદન પ્રમાણ વાલા. ૬
માતા સુપન લહી જાગિયા રે, અવધિ જુએ સુરરાજ વાલા;
શક્રસ્તવ કરી વંદિયા રે, જનની ઉદર જિનરાજ વાલા. ૭
એણે સમે ઇંદ્ર તે આવિયા રે, આ આગળ ધરી લાજ વાલા;
પુણ્યવંતી તુમે પામિયા રે, ત્રણ ભુવનનું રાજ વાલા; ૮
ચૌદ સુપનના અર્થ કહી રે, ઇંદ્ર ગયા નિજ ઠામ વાલા;
ચૌસઠ ઇંદ્ર મળી ગયા રે, નંદીશ્વર જિનધામ વાલા. ૯
ચ્યવન કલ્યાણક ઉત્સવરે રે, શ્રી ફલપૂજા ઠામ વાલા;
શ્રી શુભવીર તેણે સમે રે, જગતજીવ વિશ્રામ વાલા. ૧૦

૨
હિતશિક્ષા-છત્રીસી-માંથી

સાંભળજો સજ્જન નરનારી, હિતશિખામણ સારી જી રે;
રીસ કરે દેતાં શિખામણ, ભાગ્યદશા પરવારી, સુણજો સાજનો રે.
લોક વિરુદ્ધ નિવાર, સુણજો જગત પડ્યો વ્યવહાર.

સુણજો૦

મૂરખ બાળક જાચક વ્યસની, કારુ ને વળી નારુ જી રે,
જો સંસારે સદા સુખ વાંછો, ચોરની સંગત વારુ.

સુણજો૦

વેશ્યા સાથે વણજ ન કરિયે, નીચશું નેહ ન કરિયે જી રે;
ખાંપણ ઓ ઘર-ધન જાવે, જીવિતને પરહરિયે.

સુણજો૦

કામ વિના પરઘર નવ જઈએ, આળે ગાળ ન દીજે જી રે;
બળિયા સાથે બાથ ન ભરિયે, કુટુંબક્લેશ નવ કીજે.

સુણજો૦

દુશ્મનશું પરનારી સાથે, તજિયે વાત એકાંતે જી રે;
માત-બેનશું મારગ જાતાં, વાત ન કરિયે રાતે.

સુણજો૦

રાજા રમણી ઘરનો સોની, વિશ્વાસે નવ રહિયે જી રે,
માતપિતા ગુરુ વિણ બીજાને ગુંજની વાત ન કહિયે.

સુણજો૦

અજાણ્યાશું ગામ ન જઈએ, ઝાડ તળે નવ વસિયેજી રે,
હાથી ઘોડા ગાડી જાતાં, દુર્જનથી દૂર ખસિયે.

સુણજો૦

રમત રમતાં રીસ ન કરિયે, ભયમારગ નવ જઈએ જી રે,
બે જણ વાત કરે જ્યાં છાની, ત્યાં ઊભા નવ રહિયે.

સુણજો૦

હુંકારા વિણ વાત ન કરિયે, ઇચ્છા વિન નવ જમિયેજી રે,
ધન-વિદ્યાનો મદ નવ ધરિયે, નમતા સાથે નમિયે.

સુણજો૦

ગુરુ જોગી રાજા પંડિતને, હાંસી કરી નવ હસિયેજી રે,
હાથી વાઘ સરપ નર વઢતા, દેખીને દૂર ખસિયે.

સુણજો૦

કૂવાકાંઠે હાંસી ન કરિયે, કેફ કરી નવ ભમિયેજી રે,
વરો ન કરિયે ઘર વેચીને, જુગટડે નવ રમિયે.

સુણજો૦

ભણતાં ગણતાં આળસ તજિયે, લખતાં વાર ન કરિયે જી રે,
પરહસ્તે પરદેશ દુકાને, આપણું નામ ન ધરિયે.

સુણજો૦

નામું માંડો આળસ છાંડો, દેવાદાર ન થઈએ જી રે,
કષ્ઠભયાદિક સ્થાનક વરજી, દેશાવર થઈ રહિયે.

સુણજો૦

ધનવંતો ને વેષ મલિનતા, પગશું પગ ઘસી ધોવે જી રે;
નાપિકઘર જઈ શિર મુંડાવે, પાણીમાં મુખ જોવે;

સુણજો૦

નાવણ દાતણ સુંદર ન કરે, બેઠો તરણાં તોડે જી રે,
ભોંઈચિત્રામણ નગ્ન સૂએ તો, તેને લક્ષ્મી છોડે.

સુણજો૦

માતાચરણે શીશ નમાવી, બાપને કરો સલામો જી રે,
દેવ-ગુરુનાં દરશન કરીને, કરો સંસારનાં કામો.

સુણજો૦

બે હાથે માથું નવ ખણિયે, કાન નહિ ખોતરિયે જી રે,
ઊંભા કેડે હાથ ન દેઈયે, સામે પૂર ન તરિયે.

સુણજો૦

તેલ તમાકુ દૂરે તજીયે, અણગળ જળ નવ પીજેજી રે;
કુળવંતી સતીને શિખામણ, આના ભેગી દીજે.

સુણજો૦

ooo

હરિદાસ (ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ – ૧૯મી પૂર્વાર્ધ):

કુંતલપુરના આ ક્ષત્રિય ભક્ત કવિએ ૧૩ કડવાંનું 'શિવવિવાહ' ઉપરાંત ૮૧ કડીનું 'દ્રુપદીચીરહરણ-આખ્યાન', ૧૨ કડીનું 'નૃસિંહાવતાર-આખ્યાન' એવી વિશિષ્ટ કૃતિઓ રચી છે. ધોળ, મહિના, ગરબી જેવાં પદો પણ રચ્યાં છે.

દ્રુપદીચીરહરણ-આખ્યાન' -માંથી

ગરુડે ચઢી આવજો ગિરધારી, લજ્જા મોરી રાખજો રે મુરારિ!

પ્રથમ સરસ્વતી ગણપતિ ગાઈએ, પદ પૂજીને પાવન થઈએ;
નિત્ય ગોવિંદના ગુણ ગાઈએ, ગરુડે ચઢી આવજો ગિરધારી.

માતા કુંતાજી છે શુભમતિ, સતી સાધ્વી છે દ્રૌપદી;
એના બહુનામી છે પતિ, ગરુડે ચઢી આવજો ગિરધારી.

રાજા ધર્મ તે ધર્મનું ધ્યાન, અર્જુનના નામે વિશ્રામ;
ભીમસેન મહા બળવાન, ગરુડે ચઢી આવજો ગિરધારી.

જોષી સહદેવ જોષ બતગાવે, નકુલ તોલે કોઈ ના'વે;
પાંચે પાંડવ ભક્ત કહેવે, ગરુડે ચઢી આવજો ગિરધારી.

હસ્તિનાપુરમાં હોડ મંડાણાં, દ્યુત ખેલતાં પાસાઓ ઢાળ્યા;
પ્હેલે પાસે હસ્તિનાપુર હાર્યા, ગરુડે ચઢી આવજો ગિરધારી.

બીજે પાસે રતનભંડાર, ગર્થ ામ ને ગજ ઘોડાર;
એમ હાર્યા તે વારંવાર, ગરુડે ચઢી આવજો ગિરધારી.

ત્રીજા બેઠા ચાતુરી ચુકાવી, નથી ઊગર્યાની એકે બારી;
ચોથે હાર્યા છે દ્રૌપદી નારી, ગરુડે ચઢી આવજો ગિરધારી.

ત્યાં તો સભા મળી બહુ સારી, બોલ્યો દુર્યોધન અહંકારી,
તેડી લાવો પાંડવની નારી, ગરુડે ચઢી આવજો ગિરધારી.

એવે દુઃશાસન દોડતો આવ્યો, સતીને સંદેશો સંભળાવ્યો;
કેશે ખેંચીને સભામાં લાવ્યો, ગરુડે ચઢી આવજો ગિરધારી.

સતી ભરી રે સભામાં આવ્યાં, પતિ દેખીને મનમાં લજાયાં;
દુષ્ટે હસીને પાસે બોલાવ્યાં, ગરુડે ચઢી આવજો ગિરધારી.

પાંડવ હાર્યા ધન-ધામને ઠામ, એમ બોલ્યો દુર્યોધનરાય;
આવી બેસોને ખોળાની માંહ્ય, ગરુડે ચઢી આવજો ગિરધારી.

ત્યારે સતીએ દીધો છે શાપ, તને લાગ્યું પૂર્વેનું પાપ;
તને વ્યાપશે શોક-સંતાપ, ગરુડે ચઢી આવજો ગિરધારી.

તને કાળે લીધો છે ઘેરી, તેં તો યાદવકુળ કર્યું વેરી;
ખોળે બેસે ગદા ભીમ કેરી, ગરુડે ચઢી આવજો ગિરધારી.

એવું વચન સુણી કોપ્યા વીર, ઊઠ્યો દુઃશાસન છાંડી ધીર;
કેશ ખેંચી ઉતારે છે ચીર, ગરુડે ચઢી આવજો ગિરધારી.

દૂર દેશ છે દ્વારિકામતી, મારી વ્હારે ચઢો જદુપતિ!
વહાલા દુઃખ પડ્યાં મને અતિ, ગરુડે ચઢી આવજો ગિરધારી.

સતી વારે વારે પોકારે, આંસુ પાડે ને રડે ચોધારે;
પ્રભુ ધાજો તમે મારી વ્હારે, ગરુડે ચઢી આવજો ગિરધારી.

હરિએ સૂણ્યો છે આર્ત પોકાર, વેગે દોડીને ઊઠ્યા તે વાર;
ચડ્યા ગરુડે જગદાધાર, ગરુડે ચઢી આવજો ગિરધારી.

પ્રભુ કૌરવ સભામાં આવ્યા, અંતરીક્ષ કો'ને ન દેખાય;
પાંચાળીને પટકૂળ પહેરાવ્યાં, ગરુડે ચઢી આવજો ગિરધારી.

આવી સાચવ્યું સતીનું ટાણું, પાટો બાંધ્યાનું ઋણ પ્રમાણ્યું;
ચીર પૂર્યાં છે નવસે નવ્વાણું, ગરુડે ચઢી આવજો ગિરધારી.

કર્યાં ભક્ત તણાં કામ પૂરાં, નથી કોઈ રીતેય અધૂરાં;
સંકટ હરવમાં શામળિયો શૂરા, ગરુડે ચઢી આવજો ગિરધારી.

કહે ક્ષત્રિ તે દાસનો દાસ, જેનો કુંતલપુરમાં છે વાસ;
ગુણ નિત્ય ગાયે હરિદાસ, ગરુડે ચઢી આવજો ગિરધારી.

ooo

નિરાંત (ઈ. ૧૮મી સદી ઉત્તરાર્ધ – ૧૯મી સદી પૂર્વાર્ધ):

જ્ઞાનમાર્ગી કવિ. ભજન-કીર્તન દ્વારા ઉપદેશ આપતા હોવાથી નિરાંત મહારાજને નામે પણ જાણીતા આ કવિએ મુખ્યત્વે કાફી, ઝૂલણા, ધોળ વગેરે પ્રકારોમાં ગુજરાતી તેમજ હિંદી ભાષામાં બસો ઉપરાંત પદો રચ્યાં છે. લોકભોગ્ય સરળ વાણીમાં તત્ત્વવિચાર તથા ભક્તિનું નિરૂપણ કરતાં આ પદો ઉપરાંત વેદાંત અંગેની જિજ્ઞાસા પ્રગટ કરતા, હરિરામ, સવિસાહેબ તથા મંછારામને લખેલા પદો-પાત્રો પણ આ કવિની લાક્ષણિકતા રચનાઓ છે. આ ઉપરાંત એમણે 'યોગસાંખ્ય-દર્શનનો સલોકો' તેમજ અવતારોનું માર્મિક ચિત્રાત્મક આલેખન કરતી 'અવતારખંડન' નામની કૃતિઓ પણ રચી છે.

૫ પદો

૧. અમને કોઈ કે'...

અમને કોઈ કે'વૈષ્ણવ થાવ, વૈષ્ણવરૂપ અમે;
કૃષ્ણ રાધારાણી રાજ કરે, જુઓ હૃદયે તમે.

અમને કોઈ કે' રામજી થાવ, રામજીરૂપ અમે;
રમે સીતા રામજી પાસે, બીજો શેણે ગમે? અમને

અમને કોઈ કે' વામન થાવ, વામનરૂપ અમે;
દમી ઇંદ્રિયો સર્વત્ર, દાન લેવું ન ગમે. અમને

અમને કોઈ કે' વિષ્ણુ થાવ, તેનું રૂપ અમે;
અમે આસન કીધું એક, ઠેર ઠેર કોણ ભમે? અમને

અમને કોઈ કે' બ્રહ્મા થાવ, બ્રાહ્મારૂપ અમે;
કામ કરવું છોડ્યું જાણ, માટી ચૂંથું ક્યમે? અમને

અમને કોઈ કે' શંકર થાવ, શંકરરૂપ અમે;
વ્યસન લાગ્યું બ્રહ્મ, વિજયા કેમ ગમે? અમને

અમને કોઈ કે' ઇંદ્ર થાવ, ઇંદ્રરૂપ અમે;
પામ્યા બ્રહ્મપદનું રાજ્ય, ઘાવ તો કોણ ખમે? અમને

અમને કોઈ કે'કુબેર થાવ, કુબેરરૂપ અમે;
સાચવું બ્રહ્મકોઠાર, સુખડી સંત જમે. અમને

અમને કોઈ કે' સૂરજ થાવ, સૂરજરૂપ અમે;
થયો ગ્યાન કેરો પ્રકાશ નભમાં કુણ ભમે? અમને

અમને કોઈ કે' જોગી થાવ, એ તો થયા અમે;
નીરાંતે વાસના મારી સર્વે, જોગીને જે જે ગમે. અમને

૨.

મનવાણીડા! કરજો વણજ વિચારી

મન-વાણીડા! કરજો વણજ વિચારી, ખોટ ન આવે;
છંછર લટકું જાતાં વાર ન લાગે, લાભ ગુમાવે,
તું વસ્તુ વહોરે માલ ખરો, સાચાનો કર ઘરમાં સંઘરો,
તું મૂકી દેને બીજો વકરો, મનવાણીડા

તારે પૂંજી પેઢીની સારી, તું સાચો થાને વેપારી,
તું વહોરત કર વિશ્વાધારી, મનવાણીડા

પણ પારખ પેઢીમાં રહેજે, જળ જૂઠાનું મૂકી દેજે,
છે ખેપ ખરું માની લેજે, મનવાણીડા

તું કપટ કાટલાં દે નાખી, તું માપી લે સત મત રાખી,
તેમાં લાભ ઘણો હરિ છે સાખી, મનવાણીડા

પેઢી ચૌટામાં ચારે ગલી, ત્યાં સર્વ ખપત છે પીઠ ભલી,
ત્યાં બેસી ધંધો કર અદલી, મનવાણીડા

એ રીતે વણજ કર વારુ, તું પાપ લોભનું તજ લ્હારું
કહે નિરાંત ઉત્તમ કુળ તારું, મનવાણીડા

૩ અનુભવ એવો રે

અનુભવ એવો રે, અંતર જેને ઉદે થયો;
કૃત ટળ્યાં તેનાં રે, તેણે તેનો આત્મા લહ્યો. (ટેક)

આતમદરશી તેને કહીએ, આવરણ નહિ લગાર,
સર્વાતીત તે સર્વનો સાક્ષી, ખટ વિશ્વમાં નિરધાર;
તેથી પર પોતે રે, એકાએકી આપ રહ્યો. અનુભવ૦
એ વાત કોઈ વિરલા જાણે, કોટિકમાં કોઈ એક,
નામ વિનાની વસ્તુ નીરખે, એ અનુભવીનો વિવેક;
મુક્તપદ માટે રે, દ્વૈતભાવ તેને ગયો. અનુભવ૦

અદ્વૈતપદની ઈચ્છા નહીં, અણઈચ્છાયે થાય.
યથારથ પદ જેને કહીએ, જેમ ઉપજે તેમ જાય;
પ્રૌઢ પ્રવ્હાનો રે, સંસાર જાયે વહ્યો. અનુભવ૦

જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ તુરીયા, તુરીયાતીત પદ તેહ,
સ્થૂલ સૂક્ષ્મને કારણ કહીએ, મહાકારણથી પર જેહ;
પરાપર જે પરખે રે, જેને નેતિ નેતિ વેદે કહ્યો. અનુભવ૦

હંસ-હિતારથ જે જન કહીએ, તે જન સત્યસ્વરૂપ,
તે જનની જાવું બલિહારી, જે સદ્‌ગુરુનું રૂપ;
નિરાંત નામ નિત્ય રે, અનામી નામે ભર્યો. અનુભવ૦

૪

મને સદગુરુ મળીયા પૂરા રે, અગમ નિગમની ગમ લાધી;
મેં જ્ઞાને શબ્દ વલોવ્યો રે, તત્ત્વ રૂપની તરી બાઝી. ૧

તે તર લેવાને કાજે રે, વિવેક કરીને વિચાર્યું;
મે મગન કર્યો મનક્યારો રે, સ્હેજાસ્હેજ થયો સારો. ૨

રહેણી કહેણી બેઉ રોપ્યાં રે, પ્રેમમૂળ સીંચ્યાં પાણી;
બેઉ એક મળીને ઊગ્યાં રે, વધ્ય વેલાની મંડાણી. ૩

તેને ખડ લાગ્યું છે ખાવા રે, દુગધા ભાથી બહુ વ્યાપી;
ગુરુગમ કેદાળે ગોડ્યાં રે, મૂળ સહિત નાખ્યાં કાપી. ૪

ખડ ટળીયું ને વેલો બરમ્યો રે, અરધઉરધમાં જઈ વાધ્યો;
કહે દાસ નિરાંત પરમાતમા રે, સત્યરૂપી સાચો લાધ્યો. ૫

૫

કોણ લખાવે રે, અલખની એંધાણી,
અકેણ કહાવે રે કહી ના શકે વાણી. (ટેક)

નામ નહિ તેને શું કહીએ, રૂપરેખ નહિ ભાસ,
ગુણ નહિ, શો ગુણ દાખવીએ, અલગો આપ નિવાસ;
ભાવ ને ભરોંસે રે, આરત અંજાણી. કોણ૦ ૧

મન પવન સુરતા નવ ચાલે? ધ્યાને નવ ધરાય,
સાધન શ્વાસ ઉશ્વાસ ના પહોંચે, જોગ-સમાધે ના સોહાય;
વેદ આદે વિદ્યા રે, ભણીને મત ભૂલાણી. કોણ૦ ૨

શિવ બ્રહ્મા ને નારદ આદે, સરવ અભ્યાસી દેવ,
અંધા કાષ્ટ આધારે વહેતા, આપ રહ્યો અભેવ;
વિત્ત વિશ્વનું રે, નિત્યપદ નિરવાણી. કોણ૦ ૩

ખટ દરશને ખોળ્યો નવ લાધે, વર્ણાશ્રમથી દૂર,
થાવર જંગમ સભર ભરાભર, ક્યમ ભાસે ભરપૂર;
કૃત્ય પડ્યાં કાચાં રે, બૂઝ નવ બૂઝાણી. કોણ૦ ૪

જથારથ પદ જેમનું તેમ છે, અકળ કળ્યું નવ જાય,
સદ્‌ગુરુ સ્વામી કૃપા કરે તો, આપે આપ ઓળખાય;
નિરાંત નામ નરખો રે, સાક્ષીવત જાણી. કોણ૦ ૫ ooo

બાપુ ગાયકવાડ (૧૮મી ઉત્તરાર્ધ–૧૯મી સદી પૂર્વાર્ધ : ૧૭૭૭ – ૧૮૪૩):

બાપુસાહેબ ગાયકવાડ ઉપરાંત બાપુમહારાજ તરીકે પણ જાણીતા આ જ્ઞાનમાર્ગી કવિ ધીરા અને નિરાંતભગતના શિષ્ય હતા. કાફી, ગરબી, મહિના, રાજિયા એવાં સ્વરૂપોમાં રચેલાં એમનાં જ્ઞાનવૈરાગ્યનાં પદો તળપદી ભાષાના સ્વાદ અને કટાક્ષપ્રધાન શૈલીવાળાં છે. પાખંડી ધર્મગુરુઓ પર પ્રહાર કરતાં, આત્મજ્ઞાન તથા ગુરુમહિમા આલેખતાં પદો તેમજ અનાસક્તિનો બોધ કરતી ગરબીઓ ઉપરાંત એમણે 'જ્ઞાનીનાં લક્ષણો', 'સિદ્ધિખંડન' વગેરે જેવીપદમાળારૂપ, સળંગ જ્ઞાનવિષયક રચનાઓ પણ કરેલી છે.

૩ પદો

૧.

શાંતિ પમાડે તેને સંત કહીએ

શાંતિ પમાડે તેને તો સંત કહીએ;
એના દાસના તે દાસ થઈને રહીએ રે. ભાઈ રે શાન્તિ

કલ્પવૃક્ષ સેવ્યે દાળિદ્ર રહ્યું ઊભું;
ત્યારે તેના તો ગુણ શીદ ગાઈએ રે? ભાઈ રે શાન્તિ

રાજાની ચાકરી નિત્ય રહી ઊભી;
ત્યારે પારકી તો વેઠ શીદ વહીએ રે? ભાઈ રે શાન્તિ

વિદ્યાનું મૂળ જ્યારે પૂરું ના ભણાવ્યું;
ત્યારે પંડ્યાનો માર શીદ ખાઈએ રે? ભાઈ રે શાન્તિ

લીધો વળાવો ને લૂંટવા રે લાગ્યો;
ત્યારે તેની સંઘાતે શીદ જઈએ રે? ભાઈ રે શાન્તિ

વૈદ્યનો સંગ કરે રોગ રહ્યો ઊભો;
ત્યારે વૈદ્યની તે ગોળી શીદ ખાઈએ રે? ભાઈ રે શાન્તિ

કીધી બાંધણી ને માથું વઢાવે;
ત્યારે તેને તે ઘેર શીદ જઈએ રે? ભાઈ રે શાન્તિ

નામ અનામ સદ્‌ગુરુ બતાવ્યું;
તે નામ ચોંટ્યું છે મારે હઈયે રે. ભાઈ રે શાન્તિ

બાપુ તેની કાયા તો નરવો સ્નેહ છે;
અમે એવા સ્વામીને લેઈને રહીએ રે. ભાઈ રે શાન્તિ

૨

નામ સમજીને બેસી રહીએ રે

નામ સમજીને બેસી રહીએ રે,
ભાઈ રે, નામ સમજીને બેસી રહીએ,
આત્મા ચીનીને મનમાં મગન થઈએ રે,
ભાઈ રે નામ સમજીને બેસી રહીએ. ટેક. ૧

રામ ને રહેમાન તમે એક ભાઈઓ જાણજો,
કૃષ્ણ ને કરીમ એક કહીએ;
વિષ્ણુ બિસમિલ્લામાં ભેદ નથી ભાળ્યો,
અને અલ્લા અલખ એક લહીએ રે. ભાઈ રે, નામ ૨

ગફુર ગોવિંદ રહીમ એક તમે જાણજો,
મૌલા માધવ ગુણ ગાઈએ;
હરિ-હક્કતાલાનો ભેદ મેં તો જાણ્યો,
હવે ચોરાશી માર નવ સહીએ રે. ભાઈ રે, નામ ૩

પરવરદીગાર પરમેશ્વર એક તમે જાણજો,
નબી નારાયણ ચોંટ્યો હૈયે;
ચોખા ને ચાવલ, પણ ડાંગર એક છે,
એવું સમજે તેના ચેલા થઈએ રે. ભાઈ રે, નામ ૪

બાપુસાહેબ નામ પાક છે, ને બીજું નાપાક છે,
એવું સમજ્યા કહોને ક્યાં જઈએ;
જે સાધન કરે તેમાં પડે સાંસો,
અમો બ્રહ્મજળમાં તો નિત્ય નાહીએ રે. ભાઈ રે, નામ ૫

૩

રામનામ લેહે લાગી રે,
સંતો રે ભાઈ રામનામ લેહે લાગી;
ભાખે ભેદ ભ્રમણા ભાંગી રે. ટેક. ૧

અજપા નિશ દિન જાપ થાય છે;
ઘટ ઘુંઘટ જોઈ જાગી રે. સંતો રે૦ ૨

વૃંદાવનમાં રાસ રચ્યો છે;
શરણાઈઓ ભૂંગળ વાગી રે. સંતો રે૦ ૩

ઉન્મુનિ મંદિરસે જન નિધિ;
પ્રવૃત્તિ-નારી ભાગી રે. સંતો રે૦ ૪

ભ્રમર–ગુફામાં પોતે બિરાજે,
દીઠા શ્યામ સોહાગી રે. સંતો રે૦ ૫

દાસના દાસ બાપુ ભક્ત ધીરા;
સુધારસ લીધો માગી રે. સંતો રે૦ ૬

સચરાચરમાં મેં જોયા વિશ્વંભર;
લક્ષ ચોરાશી ત્યાગી રે. સંતો રે૦ ૭

ooo

ભોજો /ભોજા ભગત (ઈ.૧૮મી ઉત્તરાર્ધ – ૧૯મી પૂર્વાર્ધ):

જ્ઞાનમાર્ગી કવિ. એમણે રચેલાં પોણા બસો જેટલાં પદો આરતી, તિથિ, ધોળ, ભજન, મહિના વાર એવું સ્વરૂપવૈવિધ્ય ધરાવે છે. એમાં સદ્‌ગુરુમહિમા, સંસારનું મિથ્યાપણું, ઢોંગીઓ પર પ્રહાર, અભેદાનુભવનો આનંદ એવા જ્ઞાનમાર્ગી ધારાના વિષયોનું અસરકારક આલેખન થયું છે. આ અસરકારકતા, ચાબખા નામે પ્રખ્યાત થયેલી લોકપ્રિય પદકૃતિઓમાં સવિશેષ અનુભવાય છે. પદો ઉપરાંત 'ચેલૈયા આખ્યાન', 'ભક્તમાળ', 'બાવનાક્ષરી' જેવી કેટલીક લાંબી રચનાઓ એમણે કરી છે એમાં પણ જ્ઞાન-વૈરાગ્યની મુખ્યતા ધ્યાન ખેંચે છે.''

પદો

૧.

દુનિયા દીવાની કહેવાશે રે

દુનિયા દીવાની કહેવાશે રે, ભૂંડી ભીંતોમાં ભટકાશે.

પાપ જ્યારે એનું પ્રગટ થશે ત્યારે, ભૂવા-જતિ ઘેર જાશે;
ધૂણી ધૂણી એની ડોક જ દુઃખશે, ને લેનારો લેઈ ખાશે રે.

દુનિયા

સ્વર્ગમાં નથી સૂપડું ને નથી ખાંડણિયો ને ઘંટી;
દૂધ-ચોખાના જમનારા તમે, કેમ કરી જમશો બંટી રે?

દુનિયા

ઢોંગ કરી ધૂતવાને આવે ત્યારે, હાથ બતા'વા સૌ જાશે;
ક્યારે આના કર્મનું પાનું રે ફરશે, અને ક્યારે પુત્ર થાશે રે.

દુનિયા

કીમિયાગર કોઈ આવી મળે, ત્યારે ધનને વાસ્તે ધાશે;
ભોજો ભગત કહે ભ્રમણાંમાં ભમતાં ગાંઠની મૂડી ગમાશે રે.

દુનિયા

૨.

પ્રાણિયા! ભજી લેની કિરતાર

પ્રાણિયા! ભજી લેની કિરતાર, આ તો સ્વપ્નું છે સંસાર. (ટેક.)
ધન દોલત ને માલ-ખજાના, પુત્ર અને પરિવાર,
તે તો તજીને તું જઈશ એકલો, ખાઈશ જમનો માર રે. પ્રાણિયા

ઊંચી મેડી ને અજબ ઝરુખા, ગોખ તણો નહિ પાર;
કોટિધ્વજ ને લક્ષપતિ એનાં બાંધ્યાં રહ્યાં ઘરબાર રે. પ્રાણિયા

ઉપર ફરેરાં ફરફરે ને, હેઠે શ્રીફળ ચાર;
ઠીક કરીને ઠાઠડીમાં ઘાલ્યો, પછે વાંસે પડે પોકાર રે. પ્રાણિયા

સેજ-તળાયું વિના સૂતો નહિ, ને કરતો હુન્નર હજાર;
ખોરી ખોરીને ખૂબ જલાયો, જેમ લોઢું ગાળે લુહાર રે. પ્રાણિયા

સ્મશાન જઈને ચેહ ખડકી ને માથે છે કાષ્ઠનો ભાર;
અગ્નિ મેલીને ઊભાં રહ્યાં, અને નિશ્ચય ઝરે અંગાર રે. પ્રાણિયા

સ્નાન કરીને ચાલી નીકળ્યાં, નર ને વળી નાર;
ભોજો ભગત કે' દશ દી રોઈને, પછે વિસાર રે. પ્રાણિયા

૩.

ભક્તિ શૂરવીરની સાચી રે

ભક્તિ શૂરવીરની સાચી રે, લીધા પછી નહીં મેલે પાછી. (ટેક.)

મન તણો જેણે મોરચો કરીને; વાઢિયા વિશ્વાસી રે;
કામ-ક્રોધ-મદ-લોભ તણે જેણે ગળે દીધી ફાંસી રે. ભક્તિ

શબ્દના ગોળા જ્યારે છૂટવા લાગ્યા, મામલો ગઢ માચી રે;
કાયર હતા તે કંપવા લાગ્યા, એ તો નિશ્ચે ગયા નાસી રે. ભક્તિ

સાચા હતા તે સન્મુખ ચડ્યા ને, હરિસંગે રહ્યા રાચી;
પાંચ પચીસથી પરા થયા, એક બ્રહ્મ રહ્યા ભાસી રે. ભક્તિ

કર્મના પાસલા કાપી નાખ્યા, ભાઈ ઓળખ્યા અવિનાશી;
અષ્ટ સિદ્ધિને ઈચ્છે નહીં, ભાઈ, મુક્તિ તેની દાસી રે. ભક્તિ

તન-મન-ધન જેણે તુચ્છ કરી જાણ્યાં, અહોનિશ રહ્યા ઉદાસી;
ભોજો ભગત કહે ભડ થયા, એ તો વૈકુંઠના વાસી રે. ભક્તિ

૪.

સંતો ભાઈ ભુવન જીત્યા ભવ સારા

સંતો ભાઈ ભુવન જીત્યા ભવ સારા.
અનંત લોચન અંતર ઊઘડિયાં; નીરખ્યા નાટ નિરાળા. સંતો

મનમંદિર દીપક દરશાના, ઊઘડી ગયાં તનતળાં;
રંગ લાગ્યો ને રવિ પ્રગટિયો, અનેક દિશે અજવાળાં. સંતો
કરણ વર્ણ જેણે મરણ મિટાયા, ચરણ ગ્રહ્યાં છોગાળા;
છૂટી ગયાં ચેન ઘેન, ઘનઘોરા, ભાસ્યા બ્રહ્મ રસાળા. સંતો

ગગન ગાજે ત્યાં અનહદ વાજે, સદ્‌ગુરુકી સાન શિખાયા;
ભોજો ભગત કહે પ્રેમ પિયાલો, પીતાં નયને નીર ઝલકાયા. સંતો

૫.

કાચબો કહે છે કાચબીને...

કાચબો કહે છે કાચબીને, તું રાખની ધારણ ધીર;
આપણને ઊગારશે વ્હાલો, જુગતેશું જદુવીર.
ચિંતા મેલી શરણે આવો રે, મરવા તુંને નહિ દ્યે માવો રે.

વારતી'તી તે સમે તેં શા વાસ્તે, મારું કંથ! ન માન્યું કહેણ?
કાળ આવ્યો, કોણ રાખશે? તમે નીચાં ઢાળો નેણ;
પ્રભુ તારો ન આવિયો પ્રાણી રે, માથે આવી મોતનિશાની રે.

અબળાને ઇતબાર ન આવે, કોટિ કરોને ઉપાય;
કહ્યું ન માને કોઈનું રે, એ તો ગાયું પોતાનું ગાય;
એવી વિશ્વાસવિહોણી રે, પ્રથમ તો મત્યની પોણી રે.

કાચબી કહે છે, ક્યાં છે તારો, રાખનહારો રામ?

હરિ નથી કેના હાથમાં રે, તમે શું બોલો છો શ્યામ?
મરવાટાણે મતિ મૂંઝાણી રે, ત્રુટ્યા પછી ઝાલવું તાણી રે.

ત્રિકમજી! ત્રણ લોકમાં મારે, તારો છે ઇતબાર;
અટક પડી, હરી આવજો રે, મારા આતમાનો ઉદ્ધાર.
છોગાળા! વાત છે છેલી રે, ધાજો બુડ્યાના બેલી રે.

કાચબી કહે છે, કોણ ઉગારે? જાતો રહ્યો જગદીશ;
ચોય દિશેથી સળગી ગયું, તેમાં ઓરીને વિચોવીચ;
જેનો વિશ્વાસ છે તારે રે, તેનો ઇતબાર નહિ મારે રે.

બળતી હોય તો બેસને મારી પીઠ પર, રાખું પ્રાણ!
નિંદા કરો છો નાથની રે, એ તો મારે છો મુને બાણ;
વ્હાલો મારો આવશે વા'રે રે, ઓર્યામાં ઉગારવા સારુ રે.

કાચબી કહે, કિરતાર ન આવ્યો, આપણો આવ્યો અંત;
પ્રાણ ગયા પછી પહોંચશે રે, તમે તેશું બાંધો મર! તંત;
આમાંથી જો આજ ઊગરીએ રે, તો બ્હારો કદી પગ ન ભરીએ રે.

વિહ્વલજી, મારી વિનતિ સુણી, શામળા, લેજો સાર;
લીહ લોપાશે લોકમાં રે, બીજી વાંસે કેની વ્હાર;
હરિ, મારી હાંસી થાશે રે, પ્રભુપ્રતીતિ જાશે રે.

કેશવજીને કરુણા આવી, મોકલ્યા મેઘ-મલ્હાર;
આધરણમાંથી ઉગારિયો આવી કાચબાને કિરતાર;
ભોજલ ભરોંસો આવશે જેને રે, ત્રિકમજી તારશે તેને રે.

૬. હરિજન હોય તેણે

હરિજન હોય તેણે હેત ઘણું રાખવું,
નિજ નામ ગ્રહીને, નિર્માન રહેવું;
ત્રિવિધના તાપને જાપ જરણા કરી,
પરહરી પાપ રામ નામ લેવું... હરિજન ૧

સર્વથી નરસ રહી સરસ સહુને કહી,
આપ આધીન થઈ દાન દેવું;
મન કર્મ વચને કરી નિજ ધર્મ આદરી,
દાતા ભોક્તા હરિ એમ કહેવું... હરિજન ૨

અડગ ન ડોલવું અધિક ન બોલવું,
ખોલવી ગુંજ તે પાત્ર ખોળી;
દીન વચન દાખવું ગંભીરપણું રાખવું,
વિવેકીને ન કરવી વાત પોળી... હરિજન ૩

અનંત નામ ઉચ્ચારવું તરવું ને તારવું,
રાખવી ભક્તિ તે રાંક દાવે;
ભક્ત ભોજે કહે ગુરુપ્રતાપથી,
ત્રિવિધના તાપ તેને નિકટ ના'વે... હરિજન ૪

૭.

ઉદ્ધવજી! અમને રે છબીલો સાંભરે

ઉદ્ધવજી! અમને રે છબીલો સાંભરે... ટેક
એક દિન આવ્યા'તા પિયુજી અમારી પાસ જો;
આંખલડીને ચાળે ચિત્ત મારું ચાળવ્યું,
કરી ગયા કાંઈ અમને ઘણું ઉદાસ જો... ૧

અમારા અવગુણ તો અમે જાણીએ,
શા માટે હરિ! તજ્યા ગોકુળ ગામ જો;
જોબનમાં જાણ્યું રે રમશું રંગમાં,
શું હૈડે અમારે રહી, હરિ મળવાની હામ જો... ૨

ઝરમર ને મે'માં અમે તો આવતાં,
મોહનજી! કાંઈ જોવા તમારું મુખ જો;
અધૂરી પ્રીતે રે અવગુણ ઉપન્યો,
કેશવજી! ત્યાં કાંઈ અમને દીધાં દુઃખ જો... ૩

સ્નેહને કરતા રે સહુને આવડે,
પ્રીતલડી તો કાંઈ રીતે ને ભાતે હોય જો;
બાળકની બુદ્ધિએ રે અટકળ ના'વડી,
ઊંચા ને કાંઈ નીચી સંગત્યું નો'ય જો... ૪

કુબજાને સંગે રે કાનુડો જઈ રહ્યાં,
નિશ્ચે કરીને કાંઈ તોડ્યો અમારો નેહ જો;
છોકરડે સરખે રે અમને છેતર્યાં,
છળ કરીને કાંઈ છળિયે દીધો છેહ જો... ૫

૮

સંતો મુનિવરે મન સમજાયા,

સમજી ચાલ્યા શબ્દ સદ્‌ગુરૂકાતો પરબ્રહ્મકુ પાયા. સંતો૦

પાંચકું મારી, પચીશકું વારી, કામ ક્રોધ હઠાયા;
હદ, બેહદ, અનહદ ગતિ આવી, કર્મવિનાની કાયા. સંતો૦

કર્મધર્મની ભ્રમણા ભાગી, એક લાલનસે લેહે લાયા;
અવળા હુતા તે સવળા કીધા, લખિયા ફેર લખાયા. સંતો૦

સુરતા સાંધીને ચાલ્યા અકાસી, અનહદ નાદ બજાયા;
આદ્ય હતા સો અંતે ઊઠી ધાયા, જઈ રૂપમાં રૂપ સમાયા. સંતો૦

સૂક્ષ્મ વેદમાં સુરતા પહોંતી, બાવન બા'ર બુઝાયા;
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે, જન્મમરણમાં ના'યા. સંતો૦

ooo

નિષ્કુળાનંદ ((ઈ.૧૮મી ઉત્તરાર્ધ – ૧૯મી પૂર્વાર્ધ. ૧૭૬૬ – ૧૮૪૮):

સહજાનંદના શિષ્ય આ સ્વામિનારાયણી સાધુકવિએ સહજાનંદ-ચરિત્ર આલેખતી 'ભક્તિચિંતામણિ' આદિ સામ્પ્રદાયિક તથા 'ધીરજાખ્યાન' જેવી પૌરાણિક કથાને ઉપદેશાર્થે યોજતી ઘણી દીર્ઘ કૃતિઓ રચી છે. પરંતુ એમની લોકપ્રિયતા તથા એમના કવિયશનો આધાર તો વિવિધ રાગઢાળોમાં લખાયેલાં, સંગીતમધુર પ્રેમલક્ષણાભક્તિનાં તથા ભક્તિવૈરાગ્યના બોધનાં પદો ઉપર છે. દીર્ઘ કૃતિઓની જેમજ એમનાં પદોની સંખ્યા પણ ઘણી મોટી છે.

૭ પદો

૧.

ત્યાગ ન ટકે રે વૈરાગ વિના, કરીએ કોટિ ઉપાય જી;
અંતર ઊંડી ઈચ્છા રહે, તે કેમ કરીને તજાય જી? ત્યાગ

વેષ લીધો વૈરાગનો, દેશ રહી ગયો દૂર જી;
ઉપર વેષ આછો બન્યો, માંહી મોહ ભરપૂર જી. ત્યાગ

કામ, ક્રોધ, લોભ, મોહનું જ્યાં લગી મૂળ ન જાય જી;
સંગ પ્રસંગે પાંગરે, જોગ ભોગનો થાય જી. ત્યાગ

ઉષ્ણ રતે અવની વિષે, બીજ નવ દીસે બહાર જી;
ઘન વરસે, વન પાંગરે, ઇંદ્રિ વિષય આકર જી. ત્યાગ

ચમક દેખીને લોહ ચળે, ઇંદ્રિ વિષય સંજોગ જી;
અણભેટ્યે રે અભાવ છે, ભેટ્યે ભોગવશે ભોગ જી. ત્યાગ

ઉપર તેજ ને અંતર ભજે, એમ ન સરે અરથ જી;
વણસ્યો રે વર્ણાશ્રમ થકી, અંતે કરશે અનરથ જી. ત્યાગ

ભ્રષ્ટ થયો જોગ ભોગથી, જેમ બગડ્યું દૂધ જી;
ગયું ઘૃત-મહી માખણ થકી, આપે થયું રે અશુદ્ધ જી. ત્યાગ

પળમાં જોગી રે ભોગી પળમાં, પળમાં ગૃહી ને ત્યાગી જી;
નિષ્કુળાનંદ એ નરનો, વણસમજ્યો વૈરાગ જી. ત્યાગ

૨.
જંગલ વસાવ્યું રે જોગીએ, તજી તનડાની આશજી;
વાત ન ગમે આ વિશ્વની, આઠે પહોરે ઉદાસજી. જંગલ

સેજ પલંગ રે પોઢતા, મંદિર ઝરૂખા માંયજી;
તેને નહીં તૃણસાથરો, રહેતા તરુતળ-છાંયજી. જંગલ

શાલ-દુશલા ઓઢતા, ઝીણા જરકશી જામજી.
તેણે રે રાખી કંથા-ગોદડી, સહે શિર શીત-ધામજી. જંગલ

ભાવતાં ભોજન જમતા, અનેક વિધનાં અન્નજી;
તેણે રે માગવા લાગ્યા ટુકડા, ભિક્ષા ભવને ભવનજી. જંગલ

હાજી રે કહેતાં હજારો ઊઠતા, ચાલતા લશ્કર લાવજી;
તે નર ચાલ્યા રે એકલા, નહીં પેંજાર પાવજી. જંગલ

રહો તો રાજા, રસોઈ કરું, જમતા જાઓ જોગી રાજજી;
ખીર નિપજાવું ક્ષણ એકમાં, તે તો ભિક્ષા કાજજી. જંગલ

આહાર-કારણ ઊભો રહે, એકની કરી આશજી,
તે જોગી નહીં ભોગી જાણવો, અંત થાય છે વિનાશજી. જંગલ

રાજ સાજ સુખ પરહરી, જે જન લેશે રે જોગજી;
તે ધન-દારામાં નહિ ધસે, રોગ સમ જાણે ભોગજી. જંગલ

ધન્ય તે ત્યાગ-વૈરાગ્યને, તજી તનડાની આશજી
કુળ રે ત્યજીને નિષ્કુળ થયા, તેનું કુળ અવિનાશજી. જંગલ

૩.
જની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી
ઉપદેશ આપ્યો એણી પેરે, લાગ્યો સંસારીડો આગજી. જનની.

ધન્ય ધન્ય માતા રે ધ્રુવતણી, કહ્યાં કઠણ વચનજી;
રાજસાજ સુખ પરહરી, વેગે ચાલિયા વંનજી. જનની.

ઊઠી ન શકે રે ઊંટિયો, બહુ બોલાવ્યો બાજંદજી;
તેને રે દેખી ત્રાસ ઊપજ્યો, લીધી ફકીરી છોડ્યો ફંદજી. જનની.

ભલો રે ત્યાગ ભરથરી તણો, તજી સોળસેં નારજી;
મંદિર ઝરૂખા મેલી કરી, આસન કીધલાં બહારજી. જનની.

એ વૈરાગ્યવંતને જાઉં વારણે, બીજા ગયા રે અનેકજી;
ભલા રે ભૂંડા અવની ઉપરે, ગણતાં નાવે છેકજી. જનની.

ક્યાં ગયું કુળ રાવણ તણું, સગરસુત સાઠ હજારજી?
ન રહ્યું તે નાણું રાજા નંદનું, સર્વ સુપંન વેવારજી. જનની.

છત્રપતિ ચાલી ગયા, રાજ મૂકી રાજનજી;
દેવ દાનવ મુનિ માનવી, સર્વે જાણે સુપંનજી. જનની.

સમજી મૂકો તો સાું ઘણું, જરૂર મુકાવશે જમજી;
નિષ્કુળાનંદ કહે, નહિ મટે, સાચું કહું ખાઈ સમ જી. જનની.

૪

જોગી જીવોરે એવા જગતમાં, સગા સૌના સોહાયજી;
શત્રુ સોધતા સંસારમાં, જેને નવ જડે કોયજી. જોગી.

સ્થાવર જંગમ સ્થૂળ સૂક્ષ્મ, ચરાચર જે જંનજી;
મન ક્રમ વચને દુભે નહિ, દયા દિલે અનંતજી. જોગી.

નિશ્ચે એવાને નિરખીને, દયા દુસ્ટને નોયજી;
બીજા તે સર્વે દયા કરે, જ્યારે એવાને જોયજી. જોગી.

દેહદર્શી દુઃખ ભોગવે, કરે સુખને ઉપાયજી;
આત્મદર્શી આનંદમાં, રહે સુખમાં સદાયજી. જોગી.

મૂલ્યે પોતાનું ભાસે નહિં, ત્રણ કાળમાં તંનજી;
નિષ્કુલાનંદ એમ સમજી, જોગી ન કરે જતંનજી. જોગી.

૫

તમે અંતરની આંખે ઓળખી, કરો સદ્‌ગુરુ સંતનો સંગ;
કરો સંતની ઓળખ- ટેક.
ગાએ ગીતા ભાગવત સંતને, એવાં લક્ષણ હોય જેને અંગ. ઓળ૦
એથી અર્થ સરે સર્વે આપણો, જાય જન્મ મરણનું દુઃખ; ઓળ૦
હર્ષ શોક સમે આ સંસારનો, થાયે અંતરે શાંતિ ને સુખ. ઓળ૦
કરે નિર્ભે, ભાગી ભવ ભયને, તેને પાછો પ્રભાવ ન થાય; ઓળ૦
મટે કાળ ક્રમ ને કલ્પના, જેમ સિરતે જાંગીન વાય. ઓળ૦
સાચા સદ્‌ગુરૂથી સુખ પામીએ, ખાય ખોટાથી મોટી ખોટ; ઓળ૦
જેથી જન્મ જાયે એળે આપનો, પછી ચઢીએ તે કાળને ચોટ. ઓળ૦
પાર્સ્ય ન કરે પોત પાષાણનું, તરે તારે જો કાષ્ઠનું ઝાઝ. ઓળ૦
એમ સત્ય અસત્યને ઓળખી, વળી કરીએ વિવેક વિચાર; ઓળ૦
કહે નિષ્કુલાનંદ નર હે તને એળે ન ખોઈએ આ અવતાર. ઓળ૦

૬

ક્યાં જીવ ક્યાં જગદીશ, જાણો જુજવી એ વાત છે રે;
મર આપીયે સો સો શીશ, તોય વણમલ્યાની વાત છે રે. ૧

ક્યાં કીડી કરી મેળાપ, ભેળો થાવા ભારે ભેદ છે રે;
ક્યાં પૂરણ પુરુષોત્તમ આપ, ક્યાં જીવ જેને બહુ કેદ છે રે. ૨

અતી અણમલ્યાનું એહ, મળવું માયિક અમાયિકનું રે;
તે તો દયા કરી ધરી દેહ, આવે ઉદ્ધારવા અનેકને રે. ૩

ત્યારે થાય એનો મેળાપ, જ્યારે નરતન ધરે નાથજી રે;
નિષ્કુળાનંદ કહે આપ, ત્યારે મળાપ એને સાથજી રે. ૪

૭

મળજો મળજો મળજો રે, મીઠા બોલા વાલા મને મળજો;
મારો થાયે જનમ સફળ જો રે. મીઠા... ટેક

દૂર રહ્યાનું જે દુઃખ છે દિલમાં રે, તે તો દરશન દઈ હરિદલજો રે. મીઠા... ૧

પોતાનાં જાણી દયા દિલ આણી રે, પીયુ પ્રીતે કરી પલજો રે. મીઠા... ૨

હું તો છઉં દાસી ચરણ ઉપાસી રે, મુજપર વાલા વાલ્યે વળજો રે. મીઠા... ૩

નિષ્કુળાનંદના સ્વામી શ્યામળીયા રે, આજ અઢળક હરિ ઢળજો રે. મીઠા... ૪

ooo

૯૧
બ્રહ્માનંદ
(૧૮મી સદી ઉત્તરાર્ધ –૧૯મી પૂર્વાર્ધ)

લાડુદાન, રંગદાસ અને (મુખ્યત્વે) બ્રહ્માનંદ એવાં નામે આ સ્વામિનારાયણી કવિએ ખૂબ મોટી સંખ્યામાં ગુજરાતી-હિંદી કાવ્યરચના કરેલી છે. ગુજરાતીમાં સાંપ્રદાયિક છાંટવાળી પ્રેમલક્ષણા ભક્તિની પદરચનાઓથી એ વિશેષ જાણીતા છે.

સામ્પ્રદાયિક ઉત્સવો અને ભક્તિ-પરંપરાના વિષયો ઉપરાંત કૃષ્ણપ્રીતિ, બાળલીલા, ગોપીવિરહ, ઉદ્ધવસંદેશ વગેરેને કાવ્યવિષય બનાવતાં એમનાં પદો ભાવોક્તિસભર હોવા ઉપરાંત હિંદી-ચારણી કચ્છી છટાવાળાં તથા તળપદી ભાષાભાતવાળાં છે. ગરબી, થાળ, ભજન જેવા પ્રકારો; તથા ચોપાઈ, ઝૂલણા-કુંડળિયા આદિનું છંદવૈવિધ્ય તેમજ રાગ-ઢાળ-વૈવિધ્ય અને અભિવ્યક્તિ-વૈવિધ્ય એમનાં કવિ-કૌશલને ઉપસાવી આપનારાં છે.

૧૮ પદો

૧. લટકાળા તારે લટકે રે

લટકાળા તારે લટકે રે, લે'રખડા હું લોભાણી;
વાંસલડી કેરે કટકે રે, ચિત્તડાંને લીધું તાણી.
છોગલિયું તારું છેલા રે, આવી અટક્યું અંતરમાં;
વણદીઠે રંગના રેલા રે, બેઠી અકળાઉં ઘરમાં.

રાતી આંખડલીની રેખું રે, મનડામાં ખૂંતી મારે;
ડોલરિયા હું નવ દેખું રે, જંપ નથી થાતો ત્યારે.
મરમાળી મૂરતિ તારી રે, વા'લમ મારે ચિત્ત ચડી;
બ્રહ્માનંદના હરિ હજારી રે, કેમ કરી મેલું એક ઘડી.

૨.

નટવર નાચે...

એક નિશિ શશિ અતિ ઉજાશ, પ્રૌઢ શરદઋતુ પ્રકાશ;
રામન રાસ જગ નિવાસ, ચિત વિલાસ કીને.
મુરલિ ધુન અતિ રસલ, ગેહરે સુર કર ગોપાલ;
તાન માન સુભગ તાલ, મન મરાલ લીને.
બ્રહ્મનિર સુન ભર ઉછાવ, બનઠન તન અતિ બનાવ;
ચિતવત ગત નૃત ઉછા વ, હાવ ભાવ સાચે;
હરિહર અજ હેર હેર, વિકસત સુર બેર બેર,
ફરગટ ઘટ ફેર ફેર, નટવર નાચે.

ઠેંઠેં બન ત્રંબક ઠોર, ચેંચેં શરનાઈ સોર,
ધેંધેં બજ પ્રણવ ઘોર, ધેંધેં બોલે.
ઝૂક ઝુક ઝુક બજન ઝંઝ; ટુક ટુક મંજીર રંજ,
ડુક ડુક ઉપંગ અંગ, અતિ ઉમંગ ડોલે.
દ્રગડદાં દ્રગડદાં પખાજ, થ્રગડદા થૈ થૈ સમાજ;
કડકડદા કડકડદા દુકડ ત્રુકડ, ધન થટ રાચે;
હરિહર અજ હેર હેર, વિકસત સુર બેર બેર,
ફરગટ ઘટ ફેર ફેર, નટવર નાચે.

૩.
આ તનરંગ પતંગ સરીખો

આ તનરંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગે જી;
અસંખ્ય ગયા ધનસંપત્તિ મેલી તારી નજરું લાગે જી.

અંગે તેલ ફૂલેલ લગાવે, માથે છોગાં ઘાલે જી;
જોબન-ધનનું જોર જણાવે, છાતી કાઢી ચાલે જી.

જેમ ઉંદરડે દારૂ પીધો, મસ્તાનો થઈ ડોલે જી;
મગરૂરીમાં અંગ મરોડે, જેમતેમ મુખથી બોલે જી.

મનમાં જાણે મુજ સરીખો, રસિયો નહીં કોઈ રાગી જી;
બહારે તાકી રહી બિલાડી, લેતાં વાર ન લાગી જી.

આજ કાલમાં હું તું કરતાં, જમડા પકડી જાશે જી;
બ્રહ્માનંદ કહે, ચેત અજ્ઞાની, અંતે ફજેતી થાશે જી.

૪.
રે શિર સાટે નટવરને વરીએ

રે શિર સાટે નટવરને વરીએ, રે પાછાં તે પગલાં નવ ભરીએ;

રે અન્તર દૃષ્ટિ કરી ખોળ્યું, રે ડહાપણ ઝાઝું નવ ડહોળ્યું;
એ હરિ સારુ માથું ઘોળ્યું, રે શિર

રે સમજ્યા વિના નવ નીસરીએ, રે રણ મધ્યે જઈને નવ ડરીએ;
ત્યાં મુખપાણી રાખી મરીએ, રે શિર

રે પ્રથમ ચડે શૂરો થઈને, રે ભાગે પાછો રણમાં જઈને;
તે શું જીવે ભૂંડું મુખ લઈને, રે શિર
રે પેહેલું જ મનમાં ત્રેવડીએ, રે હોડે હોડે જુદ્ધે નવ ચડીએ;
જો ચડીએ તો કટકા થઈ પડીએ, રે શિર

રે રંગ સહિત હરિને રટીએ, રે હાક વાગે પાછા નવ હટીએ;
બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ, રે શિર

(૫)
કે મોહી હું તો નટવરને વાને

કે મોહી હું તો નટવરને વાને, કે કીધી વશ ડોલરિયે કાને રે,
કે ચિતડામાં લાગી ચટકી, કે લોક તણી લજ્યા પટકી,
કે નંદના નંદન સાથે અટકી રે. મોહી–૧

કે જીવી જીવને શું પરણું, કે જેના શિર ઉપર મરણું
કે સમરથનું લીધું શરણું રે. મોહી–૨

કે થઈ પુરુષોત્તમથી પ્રીતિ, કે નથી હું તો લોક થકી બ્હીતી,
કે જગપતિ વરી હું તો જગ જીતી રે. મોહી–૩

કે અચળ વાત મુને ઓળખાણી, કે થઈ મારે સર્વ દુખની હાણી
કે પ્રીતમ સુખ રાખ્યું પાણી રે. મોહી–૪

કે થિર થઈ અંતરમાં ડરિયું, કો કાને મારું મન ગમતું કરિયું,
કે બ્રહ્માનંદનું કારજ સરિયું રે. મોહી–૫

૬

જોને જોને સખી એનું રૂપ

જોને જોને સખી એનું રૂપ, મનોહર રાજે રે,
મુખ લાવણ્યતા જોઈ કામ, કે કોટિક લાજે રે,

જોને ફૂલડાનો તારો શીષ, સુંદર શોભે રે,
જોઈ લાલ સુરંગી પાઘ, મનડું લોભે રે.

વ્હાલો નેણે જણાવે છે નેહ, કે હેતે હેરે રે,
મુને ન્યાલ કરી નંદલાલ, આજુને ફેરે રે.

પેરી શોભીતા શણગાર, રૂડા લાગે રમતા રે,
વ્હાલો વ્રજનારીને ચિત, ગિરધર ગમતા રે.

મારાં લોચનિયાં લોભાય, નટવર નીરખી રે,
હું તો મગન થઈ મનમાંય, દીવાની સરખી રે.

ઊભા ગીત મધુરાં ગાય, ગોપીજન સંગે રે,
વ્હાલો બ્રહ્માનંદનો નાથ, રમે રસ સંગે રે.

૭

તારી આંખલડી

તારી આંખલડી અલબેલ, અતિ અણિયાળી રે,
હું તો ગરક થઈ ગુલતાન, કે ભૂધર ભાળી રે.
માથે લાલ કસુંબી પાઘ, કે તોરે લટકે રે,
છબી જોઈને સુંદર શામ, કે મન મારું અટકે રે,

રૂડી કેસર કેરી આડ, કે લાલ બિરાજે રે,
જોઈ મુખની શોભા માવ, પૂરણ શશી લાજે રે.

શોભે ઘુઘરડીનો ઘેર, કેડે કંદોરો રે,
ગળે મોતીડાંની માળ, કે ચિતડું ચોરે રે.

શોભે સુથણલી સોરંગ, રૂપાળો રેંટો રે,
વ્હાલા પ્રેરીને પ્રાણ આધાર, ભાવેસું ભેટો રે.

વ્હાલા બ્રહ્માનંદના નાથ, આવી સુખ આપો રે,
મન મ્હેર કરી મોરાર, પોતાની થાયો રે.

૮

ઓરા આવોને પ્રાણ આધાર, વાલા મારે ઓરડે,
હું તો મોહિછું નંદકુમાર, બાજુકેરે બોરડે; -ટેક. વાલા.
સોનાકેરાં સાંકળાં, પેર્યાં રસિયા જાદવરાય,
હરિવર બટકાં હાથનાં, મારે અટક્યાં અંતરમાંય; વાલા.

અજબ અલોકિક અંગુળી, રાજે નખ મણી-લાલ સમાન,
શોભા વિંટી વેઢની, કાજુ રાજે છે રસિયા કાન; વાલા.
અંગ અંગ પ્રતિ ઓપતા, શોભે સુંદરવર શણગાર,
બ્રહ્માનંદના વાલમા, તારી બાનકની બલહાર; વાલા.

૯

વાલી લાગે છે વ્રજચંદ, પ્યારા તારી પાઘડી,
મરમાળા બાળમુકુંદ, જીવડલામાં જડી;-ટેક. ખારા.
ફુલદડો ઉછાળતા, જ્યારે સામા આવો છો સેણ,
જાદવ સામું જોઈને, મારાં નાથ ઠરે છે નેણ; પ્યારા.
અતિ મરમાળી આંખડી, કાંયક સુંદર રાતી કોર,
આડી નજરે હેરતા, કાજુ લાગો છો નંદકિશોર, પ્યારા.
આંટો ઉપરણીતણો, ભાળી વાધે છે મનમાં ભાવ,
બ્રહ્માનંદ જાય વારણે, તારા મુખડા ઉપર માવ; પ્યારા.

૧૦

હેલિ જોને આ નંદકુમાર, સલુણો શોભતા;
ચાલે મદઝર ગજનિ ચાલ, રસિક ચિત લોભતા.

પ્યારી લાલ સુરંગી પાઘ, અલોકિ બાંધણિ;
છુટા પેચ ઝુક્યા ચહુકોર, અધિક શોભા બણી.

રૂડિ રાજે છે નલવટ રેખ, મનોહર માવને;
જોતાં કેસર તિલક અનુપ, વધારે ભાવને.

ઉભા અલવ કરે અલબેલ, સખાના સંગમે;
ખેલે બ્રહ્માનંદનો નાથ, રાજેસર રંગમે.

૧૧

આંખડલિ સરદ સરોજ, રસિલા લાલની;
દેખિ મનડું પામે મોહ, તિલક છબિ ભાલની.

નાસા સુંદર દીપ સમાન, અભિ શોભિ રઈ;
મુખ નિરખીને શશિયર જોત, ગગનમાં ઝાંખિ થઈ.

લિધિ લટકાલે નંદલાક, કે હાથ કબાણને;
એનિ ચટક રંગીલિ ચાલ, હરે મન પ્રાણને.

રાજુ મોતિડે જડિત્ર કટાર, કમર કશિ લીધલો;
નિરખિ બ્રહ્માનંદ કહે જન્મ, સુફ્ફલ મારો કીધલો.

૧૨

તારી આંખલડી અલબેલ, અતી અણીયાળી રે;
હું તો ગરક થઇ ગુલતાન, કે ભુધર ભાળીરે.

માથે લાલ કસુંબી પાઘ, તોરો લટકેરે;
છબી જોઈને સુંદર શામ, મન મારૂં અટકેરે.

રૂડી કેસર કેરી આડ, કે ભાલ વિરાજેરે;
જોઈ મુખની શોભા માત્ર, પુરણ શશી લાજેરે.

શોભે ઘુઘરડીનો ઘોર, કેડે કંદોરો રે;
ગળે મોતીડાની માળા, ચિતડું ચોરો રે.
શોભે સુથણલી સોરંગ, રૂપાળો રેટો રે;
વ્હાલા પેરીને પ્રાણ આધાર, ભાવે શું ભેટો રે.

વ્હાલા બ્રહ્માનંદના નાથ, આવી સુખ આપો રે;
મુને મ્હેર કરી મોરાર, પોતાની કરી થાપો રે.

૧૩

ઓરા આવોને સુંદર શામ, એકાંતે મળીયેરે;
વ્હાલા દિન જાણીને દયાળ, અઢકળ ઢળીયેરે.

વારી મુરતી તમારી માવ, વસી દિલ મોરેરે;
હું તો જોઈને થઈ ગુલતાન, ફુલાં કેરે તોરેરે.

વ્હાલા તમને મળ્યાના છે કોડ, કરિયે વાતુંરે;
વાલા તમ વિના પલ એક, નથી રેવાતું રે.

તમે દીલડાના દરીઆવ, કે છેલ છોગાળારે;
મારા મનમાં માન્યા મોરાર, છો મરમાળારે.

આવી તમ સાથે અલબેલ, પ્રીત બંધાણીરે;
મુખ લાવણ્યતા જોઈ માવ, હું લોભાણીરે.

તમે મોટા થઈ માહારાજ, શું લલચાવોરે;
વાલા બ્રહ્માનંદના નાથ, હસિને બોલાવો રે.

૧૪

રે સગપણ હરીવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું; રે સગ - ટેક.
રે સૌ સાથે પ્રીતિ ટાળી, રે ભાગ્યનું મન મિથ્યા ભાળી;
છે વરવા જેવા એક વનમાળી; રે સગ.

રે થિર નહીં આવરદા થોડી, રે તુછ જાણીને આશા તોડી;
મેં જગના જીવન સાથે જોડી; રે સગ.

રે ફોગટ ફેરા નવ ફરિયે, રે પરઘર પાણી શું ભરિયે;
જો વરિયે તો નટવરને વરિયે; રે સગ.

રે ભૂઘર ભેટ્યા ભય ભાગો, રે સૌ સાથે તોડ્યો ઘાગો;
એ રસિક રંગીલાથી રંગ લાગો; રે સગ.

રે એવું જાણીને સગપણ કીધું, રે મેણું તો શિર ઉપર લીધું;
બ્રહ્માનંદનું કારજ સીધું; રે સગ.

૧૫

ભુજ બંધ જડાઉ ભારી રે, રંગ રેલ રસીલા.
બાંધ્યા મન હરવા મોરારી રે; રંગ રેલ રસીલા.

ગળે મોતી માળ અમૂલી રે, રંગ૦ જોઈ વ્રજ વનિતા તન ભૂલી રે; રંગ૦ ૧

સુંદર ઉપડતી છે છાતી રે. રંગ૦ તેની શોભા નથી કહેવાતી રે; રંગ૦ ૨

પેટ પોયણાનું પાનું રે, રંગ૦ દેખી ગોકુળ થયું દીવાનું રે; રંગ૦ ૩

બ્રહ્માનંદ કહે કમર કસી છે રે, રંગ૦ મારા અંતરમાં એ વસી છે રે; રંગ૦ ૪

૧૬

ગઈતી ગઈતી ભરવાને નીર, સૈયરના સંગમાં રે લોલ;
રમતા દીઠા શ્યામ સુજાણ, રંગીલો રંગમાં રે લોલ. ૧

જોયું રસિયાજીનું રૂપ, અલૌકિક આજનું રે લોલ;
જાણે શરદ પૂનમનો ચંદ, વદન ધર્મરાજનું રે લોલ. ૨

સનમુખ આવે ગજગતિ ચાલ, કે અંગ મરોડતા રે લોલ;
રસિયો નેણું સાથે નેણ, કે જોરે જોડતા રે લોલ. ૩

નાખી બ્રહ્માનંદનો નાથ, અચાનક આંખડી રે લોલ;
મારા ચિત્તમાં લાગી ચોટ, કે ઘાયલ થઈ પડી રે લોલ. ૪

૧૭

હેલી મારે મંદિરીએ મોરાર, પધાર્યા પ્રીત કરી રે લોલ;
રસિયે બોલાવી ગ્રહી બાંહ્ય કે, રસની રીતથી રે લોલ. ૧

સુંદર છોગાં મેલ્યાં શીશ, કલંગી શોભણી રે લોલ;
પહેર્યા ફૂલડા કેરા હાર, અલોકિક છબી બની રે લોલ. ૨

અતીશે આનંદ વધ્યો અંગ, થઈ રંગ રેલડી રે લોલ;
આવી અલબેલાને સાથ, બંધાણી બેલડી રે લોલ. ૩

સજની આમા સામા આજ, અધર રસ પીધલા રે લોલ;
નીરખી બ્રહ્માનંદનો નાથ કે, ઉર પર લીધલા રે લોલ. ૪

૧૮

એવી અંતર આંટી પાડી રે સુણ બહેની
ઉખડે નહિં કોયની ઉખાડી રે સુણ બહેની ૧

જેમ ચાતક આંટી રાખે રે,
વિના સ્વાતિ નીર નવ ચાખે રે. સુણ૦ ૨
જેમ કેસરી ઘાસ નવ ખાય રે,
સો લાંઘણ કરી મરી જાય રે. સુણ૦ ૩
એમ નિશ્ચે વિઠ્ઠલને વરવું રે,
નહીં તો સાવ કુંવારા મરવું રે. સુણ૦ ૪

બીજા પુરુષ સામું નવ જોવું રે,
ચિત્ત પાતળિયામાં પ્રોવું રે. સુણ૦ ૫

બ્રહ્માનંદ કહે પહેલે વિચારી રે,
પછે વાત કાઢી મેં બારી રે. સુણ૦ ૬

ooo

૯૨
પ્રેમસખી પ્રેમાનંદ
(૧૮મી સદી ઉત્તરાર્ધ –૧૯મી પૂર્વાર્ધ)

સહજાનંદ સ્વામી પાસેથી 'પ્રેમસખી'નું લાડનામ પામેલા આ સ્વામિનારાયણી કવિનાં પદો 'પ્રેમસખી' તથા 'પ્રેમાનંદ' એવાં બન્ને નામે મળે છે. વિપુલ પ્રમાણમાં એમણે ગુજરાતી તેમજ હિંદી પદો રચ્યાં છે. પ્રેમલક્ષણાભક્તિનાં એમનાં પદોમાં કૃષ્ણ તેમજ સહજાનંદ પણ પ્રિયતમને રૂપે આલેખન પામ્યા છે.
એમાં મિલન અને વિયોગનો શૃંગાર ઉત્કટતા અને કાવ્યગુણ ઉભયની રીતે નોંધપાત્ર છે. એનું ભાવમાધુર્ય અને સંગીતમાધુર્ય પણ આકર્ષક છે. આ ઉપરાંત એમણે સામ્પ્રદાયિક વૈરાગ્ય-બોધનાં પદો તથા સહજાનંદના જીવન-કાર્ય-પ્રસંગોને આલેખતી કેટલીક ટૂંકી પદમાળાઓ તેમજ 'તુલસીવિવાહ', 'નારાયણચરિત્ર' આદિ લાંબી પદમાળાઓ પણ રચી છે.

૮ પદો; દાણલીલા

પદો

૧.
નહીં મેલું રે સુંદર શ્યામ
નહીં મેલું રે સુંદર શ્યામ, કુંજ વિહારી રે;
હું તો દામ વિનાની નાથ, દાસી તમારી રે.

તમે ગુણવંત સુખના ધામ, સારંગપાણિ રે;
હું તો હાથે તમારે નાથ–જી વેચાણી રે.

જેમ રાખો તેમ રહું નાથ, એક પગે ઊભી રે;
નહીં વરતું કોઈ દિન નાથ, તમને દૂભી રે.

તારાં ચરણ તણી રજ શ્યામ, થઈને ચાલું રે;
કહો તો વ્રત રાખું વ્રજરાજ, તમને વ્હાલું રે.

જે કહેવું ઘટે તે ક્હાન, મુજને કહેજો રે;
વ્હાલા પ્રેમાનંદ પર નાથ, રાજી રહેજો રે.

૨.
મને મારી વ્હાલે નેણકટારી રે

મને મારી વ્હાલે નેણકટારી રે, સજની હું તો નહીં જીવું,
મારે ઘાવ લાગ્યો અતિ ભારી રે,
દરદે પાણી હું નહીં પીઉં. મને
એક કટારી બીજી મારી છે ભાલે,
હાં રે ચકચૂર કીધી છે નંદલાલે રે. સજની
પ્રેમ કટારી મારા અંગમાં રે વાગી,
હાં રે મેં તો જીવત આશા ત્યાગી રે. સજની
વેંધી વાલેજી આંખડલીની અણીએ,
હાં રે હવે રાતદિવસ કણકણીએ રે. સજની
પ્રેમાનંદને વ્હાલે હસીને રે હરીએ,
હાં રે કરી ઘાયલ બજાડી બંસી ઘેરી રે. સજની

૩.
મુને વહાલા છો...

મુને વહાલા છો પ્રાણથી નાથ રે, સુંદર શામળિયા,
મારો જીવડો ફરે છે તમ સાથ રે, સુંદર શામળિયા.

મારાં નેણાં ચકોર, તમે ચંદ રે, સુંદર શામળિયા,
તમને જોઉં ત્યારે આનંદ રે, સુંદર શામળિયા.

પ્રીત કોયલ, તમે ઋતુરાજ રે, સુંદર શામળિયા,
તમ વિના થાયે છે ઘણી દાઝ રે, સુંદર શામળિયા.

મારું ચિત ચાતક, સ્વાત શ્યામ રે, સુંદર શામળિયા,
તમ વિના બીજું હરામ રે, સુંદર શામળિયા.

મન મીન, તમે સાગર પીવ રે, સુંદર શામળિયા,
તમ વિના તલપી જાયે જીવ રે, સુંદર શામળિયા.

ધનશ્યામ તમે, હું છું મોર રે, સુંદર શામળિયા,
તમ વિના મરું છું કરી શોર રે, સુંદર શામળિયા.

હું તો ભ્રમર, કમળ તમે માવ રે, સુંદર શામળિયા,
આજ આવ્યો છે મારો દાવ રે, સુંદર શામળિયા.

તારા મુખડા જોયાની તાણ રે, સુંદર શામળિયા,
આવો પ્રેમસખીના પ્રાણ રે, સુંદર શામળિયા.

૪.

હાં રે વેણ વાગી

હાં રે વેણ વાગી રે વેણ વાગી,
હાં રે હું તો ઓચિંતાની ઝબકીને જાગી રે. વેણ

હાં રે મધ્યરાતે વગાડી અલબેલે,
હાં રે નંદલાલે રંગીલે રંગ છેલે રે. વેણ

હાં રે વહાલે મંત્ર ભણીને વજાડી,
હાં રે ભરી નિદ્રામાં સૂતી જગાડી રે. વેણ

હાં રે વાંસળીએ મારી પાંસળી વીંધી,
હાં રે બા'રે નિસરી કાળજડું છેદી રે. વેણ

હાં રે મારા પ્રાણ હર્યા પાતળિયે,
હાં રે હવે ક્યારે મોહનજીને મળિયે રે. વેણ

હાં રે પ્રેમાનંદ કહે ઊઠી ઘેલી સરખી,
હાં રે ખૂંતી ચિત્તમાં મૂરતિ ગિરધરકી રે. વેણ

.

૫

લટકાં લટકાળા ઘનશ્યામનાં રે, ખટ રે ઉંડા અંતર માંય;
પ્રીત કરી મુજને બોલાવતારે, તે સંભારિ બહુ દુઃખ થાય. લટકાં.

આ સજ્યા તે માહારાજ તણી રે, આ બાજઠે બેસતા લાલ;
આ ઠેકાણે નાતા નટવરજી રે, લુતા અંગ કર લઇ રૂમાલ. લટકાં.

આ ઠેકાણે જમવા બેસતા રે, જમતા વિધવિધનાં પકવાન;
સુંદર શાક કરી વંતાકનાં રે, જમીને દેતા પ્રસાદી કાન. લટકાં.

આ ખળખળિયે ન્હાતા નાથજી રે, નાહીને હરીજન મુની લઈ સાથ;
આવતા માણકચોકમાં મલપતા રે, પુરજન થતાં જોઈ સનાથ. લટકાં.

વાલો બેસતા જઈ ફુલ બાગમાં રે, પેરતા ગજરા ગુલાબિ હાર;
જેમ જેમ સાંભરે તેમ થાય વેદના રે, પ્રેમાનંદના પ્રાણ આધાર. લટકાં.

૬

શી કહું શોભા અંગની, જોઈ લોચનિયાં લોભાયઃ ચિતડું ચોરે છે.
નિરખી નાશા કિરની, મારા ભવના પાતિક જાય. ચિ૦

અધર પ્રવાળાંની ઓપમાં, જાણી કુંદ કળી સમ દાંત; ચિ૦

ચિબુક તણી શોભા ઘણી, કંબુ કંઠ જોયાની ખાંત. ચિ૦

વક્ષસ્થળ વાલું ઘણું, મુને મળતાં વાધે પ્રીત; ચિ૦

અજાનબાહુ ઊર ધરી, આવો મળીએ મોહન મીત. ચિ૦

ઉદરમાં ત્રીવળી પડે, ઊંડી નાભી નૌતમ જોય; ચિ૦

શ્યામ કટિ સોહામણી, ઊરમાહી રિયું મન મોય. ચિ૦

જાનુ જુગલ છબિ જોઈને, મારો સુફળ થયો અવતાર; ચિ૦

પેંડી પેની નીરખતાં, મારો દૂર થયો સંસાર. ચિ૦

સોલે ચિન્હે જુક્ત છે, એવી જુગલ ચરણની જોડ; ચિ૦

અખંડ રહો આવી ઉરમાં, પ્રેમાનંદના કોડ; ચિ૦

૭

આવો રે મરમાળા મોહન, મંદિર મારે માણો રે. આવો... ૧

અમે અબળા હરિ દાસ તમારા, અમથી ભ્રાંત માં આણો રે. આવો... ૨

અમે તમારા ને તમે અમારા, એમાં તે ફેર માં જાણો રે. આવો... ૩

જીવ અમારો તમ સંગ બાંધ્યો, હાથ તમારે વેચાણો રે. આવો... ૪

દરશન આપો ને દુઃખડાં રે કાપો, વાત કરી શું વખાણો રે. આવો... ૫

શા કારણ શામળીયા રે વહાલા, પરઘર નેતરાં તાણો રે. આવો... ૬

પ્રેમસખી કહે વાંક વિના હરિ, દૂધમાં પોરા શું છાણો રે. આવો... ૭

૮

આવડી શી ઊંઘ તમને ઊઠો મારા નાથ, આ..... ટેક

પેરો પટ ભુખણ મણિમય કુંડલ, મોર મુગટ ધરો માથ. આ... ૧

ઉર વનમાલ પીતાંબર પેરો, મોરલી મધુરી લ્યો હાથ. આ... ૨

તમ સારુ આવીને ઊભા, સવે સખાનો સાથ. આ... ૩

પ્રેમાનંદ નીરખી સુખ પાવે, ગાવે ગોવિંદ ગુણગાથ. આ... ૪

૨.
દાણલીલા

મારગડે રોકો માં મોહન, મારગડે રોકો માં,
મારગડે રોકી શાને કાજે ગોવાળીયા?
લાજતો નથી કહાના, લાજતો નથી,
જરા લાજતો નથી લોકલાજે, ગોવાળિયા? ૧

ગોરસ પાને, અલી, ગોરસ પાને,
ગોરસડાવાળી, ગોરસ પાને ગોવાલણી;
દાણ અમારું અલી, દાણ અમારું,
દાણ દઈને ચાલી જાને, ગોવાલણી. ૨

કાંકરડી માર માં ક્હાના, કાંકરડી માર માં,
મહીની મટુકી નંદાશે, ગોવાળિયા;
પાલવડો મેલને મોહન, પાલવડો મેલને,
વાંહે તો મનમાની ગાળ્યું ખાશે, ગોવાળિયા. ૩

અદકું શું બોલે અલી, અદકું શું બોલે,
અદકું બોલ્યામાં શું આવે ગોવાલણી,
આંખ્યું અણિયાળી, તારી આંખ્યું અણિયાળી,
આંખ્યું કાઢીને બીવરાવે ગોવાલણી. ૪

ગાવડલી ચારને ઘેલા, ગાવડલી ચારને,
ગાયું ચારી જાને ટાંણે ગોવાળિયા.
વનનો રહેનાર ક્હાના, વનનો રહેનાર તું,
વનચર તે દાણમાં શું જાણે, ગોવાળિયા. ૫

ગોરસવાળી અલી, ગોરસવાળી,
ગુજરી તું જાત ગમાર ગોવલણી,
માન મેલીને અલી, માન મેલીને,
ગોરસ પાને ગોળી ઉતારી, ગોવાલણી. ૬

મીટડલી માર મા મોહન, મીટલડી માર મા,
માર મા મીટલડીની ચોંટ ગોવાળિયા,
ગોરસ પીશો કુંવર, ગોરસ પીશો,
પીશો કરીને લાંબો હોઠ, ગોવાળિયા. ૭

મહીની મટુકી અલી, મહીની મટુકી,
ફૂટશે ને હાર તારો તૂટશે ગોવાલણી,
ગોરસ પાઈશ અલી, ગોરસ પાઈશ,
ત્યારે પાલવડો છૂટશે ગોવાલણી. ૮

આવડા અકળાઓ મા કુંવર, આવડા અકળાઓ મા,
આકળા થઈને ઘર ખોશો, ગોવાળિયા;
પછે પછતાશો કુંવર, પછે પછતાશો.
પછતાઈને આંસુડાં લોશો, ગોવાળિયા. ૯

મરમાળી બહુ છે અલી, મરમાળી બહુ છે,
મરમ તણાં વેંણ મારે, ગોવાલણી,
જેનું બળ હોયે તારે, જેનું બળ હોયે,
તેને ચઢાવી લાવ આ ઠારે ગોવાલણી. ૧૦

શીદને ફૂલો છો કુંવર, શીદને ફૂલો છો,
નાસી છૂટ્યા છો અડધી રાતે ગોવાળિયા.
છોને માર્યા છે બંધવ છોને માર્યા છે,
બંદીખાને પડ્યાં માત તાત, ગોવાળિયા. ૧૧

મેણલાં તું માર મા અલી, મેણલાં તું માર મા,
ખબર પડશે થોડે કાળ, ગોવાલણી,
ખેધ ન મેલે અલી, ખેધ ન મેલે,
સિંહ ને ક્ષત્રિતણા બાળ, ગોવાલણી. ૧૨

શિખવ્યા ન બોલિયે, કોઈના શિખવ્યા ન બોલિયે,
સાંભળશે કંસ તણા દૂત, ગોવાળિયા;
બાંધી લઈ જાશે કુંવર, બાંધી લઈ જશે,
પછે જણાશો ક્ષત્રિપૂત, ગોવાળિયા. ૧૩

દાણ અમારું અલી, દાણ અમારું,
આપીને જા તું કરવા જાણ, ગોવાલણી;
મહીડું વિખાશે તારું મહીડું વિખાશે,
હાંસી કરતાં થાશે હાણ, ગોવાલણી. ૧૪

બોલિયે વિચારી કહાના, બોલિયે વિચારી,
આવ્યું નથી ઘેર રાજ, ગોવાળિયા;
પારકે ઘેર રે કહાના, પારકે ઘેર રે,
પેટ ભરો છો તજી લાજ, ગોવાળિયા. ૧૫

જોબનનું જોર અલી, જોબનનું જોર તારે,
જોબનનું જોર નથી માતું, ગોવાલણી,
દાણ અમારું અલી, દાણ અમારલું,
દેવાનું મન નથી થાતું, ગોવાલણી. ૧૬

કે દી લીધું છે કહાના, કે દી લીધું છે,
દાણ તેં ને તારે બાપે, ગોવાળિયા?

ફેલ ન કરીએ ઝાઝા, ફેલ ન કરીએ,
રહીએ પોતાને માપે, ગોવાળિયા. ૧૭

ગોરસ પાને અલી, ગોરસ પાને,
મેલીને વાદ વિવાદ, ગોવાલણી;
ભાવના ભૂખ્યા તારા, ભાવના ભૂખ્યા અમે,
જોઈએ મેલવણીનો સ્વાદ, ગોવાલણી. ૧૮

હેતે ને પ્રીતે કહાના, હેતે ને પ્રીતે,
પ્રીતે તો પ્રાણ લઈ આપું, ગોવાળિયા;
જોર-જોરાઈયે કહાના. જોર-જોરાઈયે,
જોરાઈયે નાપું એક ચાંપું, ગોવાળિયા. ૧૯

રીસ તે ઉતરી હરિની રીસ તે ઉતરી,
રીસ ઉતરી ને રંગ જામ્યો, ગોવાળિયા;
પ્રીતડલી વાધી ચરણે, પ્રીતડલી વાધી,
પ્રીતડી વાધી ને ક્લેશ વામ્યો, ગોવાળિયા. ૨૦

પૂરણ પ્રીતે ગોપી પૂરણ પ્રીતે,
પૂરણ પ્રીતે ગોરસ પાયે ગોવાલણી;
દાણલીલા હરિની દાણલીલા એ,
પ્રીતે પ્રેમાનંદ ગાયે, ગોવાલણી. ૨૧

ગાશે સાંભળશે જે કોઈ ગાશે સાંભળશે,
તેના પર હરિ રાજી થાશે, ગોવાલણી;

વાંછિત વર પામશે જન, વાંછિત વર પામશે,
જનમ-મરણ દુઃખ જાશે ગોવાલણી. ૨૨

ooo

મુક્તાનંદ (૧૮મી ઉ. –૧૯મી પૂ. ૧૭૫૮-૧૮૩૦)

રામાનંદ સ્વામીના આ શિષ્યે ગુરુના કહેવાથી,પોતાનાથી નાની વયના સહજાનંદ સ્વામીનું આનંદપૂર્વક શિષ્યત્વ સ્વીકારેલું. ચરિત્રાત્મક લાંબી કૃતિઓ ઉપરાંત એમણે રાધાકૃષ્ણ-વિષયક મધુર પદોની રચના કરેલી છે.

૭ પદો

૧

ઓધવજી અમને

(રાગઃ ધોળ)

ઓધવજી અમને દુઃખ દીધું વાલમે,
કો'કો આગળ કહિયે દુઃખની વાત જો;
મોહનવર મથુરાં જઈ પાછા નાવિયા,
કીધી અમશું કાનકુંવરે ઘાત જો. ઓધવજી

લાલચડી તજીયે તો મહા સુખ પામિયે,
વેશ્યા કેરાં વચન ગ્રહી ઉપદેશ જો;
પરમ નિરાશી થૈ બોલી છે પીંગળા,
એમાં ઓધવ જૂઠું નહિ લવલેશ જો. ઓધવજી

આશામાં અતિશે દુઃખ સર્વે જાણીએ,
તોયે ટળે નહીં કાનકુંવરની આશ જો;
કઠણ ઘણી છે આશ અમારે મેલતાં,
આશ તજ્યે જાય ગોપી ના શ્વાસ જો. ઓધવજી

જાદુડાં જાણે છે કાન ગોવાળિયો,
એનો મારગ મૂક્યો નવ મુકાય જો.
મુક્તાનંદને નાથ લગાડી મોહની,
હવે અમે એનો શો કરિયે ઉપાય જો. ઓધવજી

(૨)
ગિરધારી રે
ગિરધારી રે, સકી ગિરધારી.
મારે નિરભે અખૂટ નાણું. ગિરધારી રે. ટેક.

ખરચ્યું ન ખૂટે, એને ચોર ન લૂંટે;
દામની પેઠે એ ગાંઠે બાંધ્યું ન છુટે. ગિરધારી રે

અણગણ નાણું સંચે અંતે, નિરધનીઆ જાય;
તેની પેઠે નિરભે નાણું, દૂર ન થાય. ગિરધારી રે

સંપત વિપત સર્વે સ્વપ્નું જાણું;
હરિના ચરણની સેવા, પૂરણ ભાગ્ય પરમાણું ગિરધારી રે

મુક્તાનંદ કે મોહનવરને ઉરમાં ધારી;
હવે દુઃખ ને દારિદ્ર થકી, થઈ હું ન્યારી. ગિરધારી રે

(૩)
સતી નારને
સતી નારને પતિ સંગ પ્યાર રે, પતિસેવા ન ચૂકે લગાર રે;
નિજ ધર્મ રાખે દઢ તેહ રે, તેમાં ભૂલે ખંડિત થાય જેહ રે.

તેનો એક એક કરે ઉપવાસ રે, ત્યાગે પતિવ્રતા તન સુખ આશ રે;
સતી સુર ને સંતની રીત રે, સૌથી ન્યારી ને પરમ પુનિત રે.

સતી પતિ સંગ બળવાને જાય રે, પછી ભાગે તો ભ્રષ્ટ કહેવાય રે;
શૂરો રણમાં જઈ પાછો ભાગે રે, તેનાં કુળને તે લાંછન લાગે રે.

ત્યાગી થઈને વિષયમાં લોભાય રે, તે તો શ્વાનથી નીચ કહેવાય રે;
મુક્તાનંદ કહે સતી એમ જાણી રે, રાખે નિજ ધર્મ પરમ શયાણી રે.

૪

વાલા રમતાં જમતાં કાન, મારે ઘેર આવો રે;
મારે કરવા પૂરા કોડ, હસીને બોલો રે. ૧

મારે તમ સંગ લાગી પ્રીત, શ્યામ શુહાગીરે;
મેં તો તમ સંગ રમવા કાજ, લજ્જા ત્યાગિ રે. ૨

વાલા અબળા ઉપર મેર, કરજો મુરારી રે;
હું તો જનમો જનમની નાથ, દાસી તમારી રે. ૩

મારા પ્રાણતણા આધાર, પ્રીતમ પ્યારા રે;
પલ રહો મા નટવર નાવ, મુજથી ન્યારા રે. ૪

આવો છોગાં મેલી શ્યામ, ધડક મ ધારો રે;
મેં તો ફુલડે સમારી શેજ, શ્યામ સુધારો રે. ૫

વાલા નેણતણું ફલ નાથ, મુજને આપો રે;
મુક્તાનંદ કહે માહારાજ, દુખડાં કાપો રે. ૬

૫
છેલ છોગાળો રે, મીઠી મોરલીવાળો,
મારે મંદિરીએ પધારે, નિત્ય છેલ છોગાળો; ટેક.

હસતાં હસતાં મુજને દેખી, આનંદ પામે,
એની કરૂણાની દ્રષ્ટી, સર્વે દુખડાં વાંમે, છેલ.

મોતીડાંની માળા પેરી, મલપંતો આવે,
ગાવું ત્યાં સંગાતે મારે, પ્રેમશું ગાવે; છેલ.

મેં વાલો વશ કિધા મુજને વાલે વશ કીધી૦
સામાં સામી પાંન બીડી, દીધી ને લીધી; છેલ.

મુક્તાનંદ કહે મોહન સંગે, લાભ ઘણો લીધો,
મુખડેથી તંબોલ મુજને મેરે કરી દીધો. છેલ.

૬
મેં તો તમ સંગ જોડી પ્રીત, સામ સુહાગીરે;
તારૂં રૂપ જોઇ વ્રજરાજ, લગની લાગીરે. ટેક૦

સુંદર નેણ સોહામણોરે, કુંડળ ઝળકે કાન;
હસતું વદન વિલોકતાં, હું તો મગન થઈ મસ્તાન. સામ૦

ભાલ વિશાલ વિરાજતુંરે, શીશ સરંગી પાઘ;
ફુલડાના તોરા જોઇને, મારે અધિક વધ્યો અનુરાગ. સામ૦

હીડલતા શુભ હારમાંરે, ભમર કરે ગુણગાન;
છબી ખુતી અંતરેરે, મન માન્યું છે ભીનેવાન. સામ૦

નેણાની સાને નાથજીરે, શામ કરી ચકચૂર;
મુક્તાનંદના નાથજી, હવે નીમેખ ન મેલું દૂર. સામ૦

૭

નર નારાયણ ભજજોરે, કે સુદ્ધ થઈ નર નારી,
સાચા સંતની વાણીરે, કે લેજો ઉરમાં ધારી.

ખર શબ્દ સરીખીરે, કે દુરીજનની વાણી;
તેને ઉરમાં ન ધરજોરે, કે દુખદાયક જાણી.

કામી ક્રોધી ને લોભીરે, કે લંપટ જે ભગરાં;
તેને સત્ય ન ગણશોરે, કે તે તો જમદુત ખરાં.

કહી સત્ય શીખામણરે, કે તે તો નીંદા કેહ છે;
તે તો જમપુર કેરાંરે, કે દારૂણ દુખ સેહ છે.

સત્ય અસત્યને સમઝીરે, કે ભાવે હરી ભજન કરો;
મુક્તાનંદ કહે નારાયણેરે, કે નામે ભવસિંધુ તરો.

ooo

દેવાનંદ ((૧૮મી ઉ. –૧૯મી પૂ. ઈ. ૧૮૦૩ –૧૮૫૪):

સ્વામિનારાયણ સંપ્રદાયના આ સાધુ કવિ દલપતરામના ગુરુ હતા. પૂર્વાશ્રમના કુશળ ગાયક ને સિતારવાદક દેવીદાન દેવાનંદ નામે સાધુ બન્યા પછી વ્રજભાષાની કાવ્યપ્રણાલીના જાણકાર બનેલા. એમણે ગરબો, ચાબખા, તિથિ, બારમાસી, પદો એવાં વિવિધ સ્વરૂપોમાં કૃષ્ણલીલા, સહજાનંદચરિત્ર તેમજ ભક્તિ વૈરાગ્યબોધની હિંદી, ગુજરાતી તેમજ હિંદીમિશ્રગુજરાતી પદરચના કરી છે. સરળતા, પ્રાસાનુપ્રાસથી આવતી ચમત્કૃતિ તેમજ અસરકારકતા એમનાં પદોની લાક્ષણિકતા છે.

૪ પદો

૧.

કર પ્રભુ સંગાથે દઢ પ્રીતડી

કર પ્રભુ સંગાથે દઢ પ્રીતપી રે, મરી જાવું મેલી ધન-માલ;
અંતકાળે સગું નહિ કોઈનું રે.

સંસ્કારે સંબંધી સરવે મળ્યાં રે, એ છે જૂઠી માયા કેરી જાળ. અંત

મારું મારું કરીને ધન મેળવ્યું રે, તેમાં તારું નથી તલભાર. અંત

સુખ સપના જેવું છે સંસારનું રે, તેને જાતાં ન લાગે વાર. અંત

માટે સેવજે તું સાચા સંતને રે, તારા ટળશે ત્રિવિધના તાપ. અંત

અતિ મોટા પુરુષના આશરે રે, બળે પૂર્વ જનમનાં પાપ. અંત

એવું સમજીને ભજ ભગવાનને રે, સુખકારી સદા ઘનશ્યામ. અંત

દેવાનંદનો વ્હાલો દુઃખ કાપશે રે, મનવાંછિત પૂરણ કામ. અંત

૨.

તારે માથે નગારાં વાગે મોતનાં

તારે માથે નગારાં વાગે મોતનાં રે, નથી એક ઘડીનો નિર્ધાર
તોય જણ્યા નહિ જગદીશને રે

મોટા મેલીને રાજ મરી ગયા, જોને જાતાં ન લાગી વાર. તોય

તારું જોબન ગયું જખ મારતું રે, માથે કાળા મટી ગયા કેશ. તોય

અંતકાળે લેવાનેજમ આવિયા રે, તેનો ભાળી ભયંકર વેશ. તોય

રોમ કોટિ વીછુતણી વેદના રે, દુઃખ પામ્યો તું દૈવના ચોર. તોય

સગાં સ્વાર્થી મળ્યાં સરવે લૂંટવા રે, તેનું જરાયે ન ચાલે જોર. તોય

જીભ ટૂંકી પડી ને તૂટી નાડીઓ રે, થયું દેહ તજ્યાનું તત્કાળ, તોય

દેવાનંદ કહે નવ જાણ્યા મારા નાથને રે, મળ્યો મનુષ્યનો દેહ વિશાળ તોય

૩

(રાગ : પરજ)

ઉર મારી ગયો મોહન છેલ રે, કાલજમાં પ્રેમકટારી. ઉ

રે શેરડીએ સામો મળ્યો, મુને રંગભીનો વ્રજરાજ,
ચોટ લગાડી ચિત્તમાં, કા'ને રાખેલ દિલમાં દાવ રે. કા ૧

રે કામણિયાં કોઈ પેર્યનાં, મુને કીધેલ નંદકિશોર,
મુખ જોયા વિના માવનું, દુઃખ વાધે ચંદ ચકોર રે. કા ૨

રે નવ જોબન ઘનશામની, છબી અટકી અંતર માઈ,
રૂપ જોઈ રંગ છેલનું, ર'યાં લોચનિયાં લલચાઈ રે. કા ૩

રે બોલાવી બહુ હેતમાં, મુને કરી ગિરધર ગુલતા,
દેવાનંદ કહે દયા કરી, પાયું અધરસુધારસ પાન રે.કા ૪

૪

આવો રૂડો અવસર રે, ઓળખવા એક હરિ;
મોઘોં મનુષ્યતન રે, નાવે તારે ફરી ફરી. આવો... ટેક

ધન જોબન તનરંગ પતંગી, વણસે વારમવાર;
તે સારું તું જતન કરે છે, સ્વપ્નાસમ સમજો આ સંસાર;
મેલી એને મરવું રે, ડરવું દિલ દોષ ધરી. આ...૧

વાસ કરે નિત્ય વૈષ્ણવ જનમાં, મનમાં માને વાત;
દાસપણું દેવતાને દુર્લભ, ભજેથી જન્મ મરણ દુઃખ જાય;
ભક્તિ કરજો ભાવે રે, ધર્મની ટેક ધરી. આ....૨

સૌમ્ય સ્વભાવ પરમ સુખ સંપત્તિ, એહપામ્યાનો ઉપાય;
પ્રગટ સ્વરૂપને ઓળખજે, એવું દુર્લભ દેવ ગવાય;
એવું તન આવ્યું રે, લેજે ધર્મરાજ વરી. આ....૩

માયાની મોટપ મિથ્યા, નથી ઘડીનો નિરધાર;
દેવાનંદ કહે ભજ દુઃખભંજન, કરૂણાનીધિ એવા કિરતાર;
કઠણ વેળા માહેરે, લેશે તારા કારજ સરી. આ....૪

ooo

૯૫

દયારામ

(૧૮મી-૧૯મી ઈ. ૧૭૭૭ – ૧૮૫૩):



૪૧ પદો;
રુક્મિણી વિવાહ; પ્રેમરસ ગીતા

મધ્યકાલીન ગુજરાતી કવિતાના છેલ્લા ઉત્તમ કવિ દયારામ અત્યંત લોકપ્રિય છે પ્રેમલક્ષણાભક્તિનીમુખ્યત્વે શૃંગારપ્રધાન રસિક-મધુર પદ-ગરબી-કૃતિઓના કવિ તરીકે. કેવલાદ્વૈતનું ખંડન તથા શુદ્ધાદ્વૈતનું ખંડન કરનાર કૃતિ 'રસિકવલ્લભ' ગુરુશિષ્ય-સંવાદરૂપે રચાયેલી નોંધપાત્ર દીર્ઘ કૃતિ છે. એ ઉપરાંત એમણે ઘણી સાંપ્રદાયિક લાંબી-ટૂંકી કૃતિઓ તથા 'પ્રબોધબાવની' નામની બોધાત્મક કૃતિ લખી છે. 'અજામિલાખ્યાન' જેવી કેટલીક આખ્યાનકૃતિઓઉપરાંત 'પ્રશ્નોત્તર-માલિકા', પોતાની વ્રજકૃતિઓ 'સતસૈયા' આદિ પરની ટીકા જેવી ગદ્યકૃતિઓ લખી છે.

પરંતુ વ્રજ-હિંદી અને ગુજરાતીમાં લખેલી પદમાળાઓ તથા ગરબી નામે ખ્યાત પદકૃતિઓમાં દયારામની સર્જકતાશિખરસ્થાને છે. ઊર્મિસભર, નાટ્યાત્મક, લોકોક્તિઓ અને ચાટૂક્તિઓવાળી, સંગીતમધુર અને લયમધુર એમની પદકૃતિઓ માર્મિક કવિત્વને કારણે આકર્ષક તેમજ હૃદયવેધક બનેલી છે. એમા આલેખાયેલા કૃષ્ણ-ગોપી-રાધાવિષયક શૃંગારભાવની ઉત્કટતાએ મુનશી જેવાને એમ કહેા લલચાવેલા કે, દયારામ નિતાંત શૃંગારકવિ જ છે. પરંતુ ભક્તિમાર્ગના આ ઉત્તમ કવિએ જાણે કે સાક્ષીભાવે કૃષ્ણ-લીલાનું જ ભાવમધુર ને ભાવસમૃદ્ધ ગાન કરેલું છે. વૈરાગ્યબોધનાં પણ ઘણાં પદો દયારામે લખ્યાં છે.

પદો

૧. આઠ કૂવા ને નવ વાવડી

આઠ કૂવા ને નવ વાવડી રે લોલ, સોળસેં પનિહારીની હાર,
મારા વ્હાલાજી હો! હાવાં નહિ જાઉં વેચવા રે લોલ.

સોના તે કેરું મારું બેડલું રે લોલ, ઊંઢેણી રત્ન જડાવ, મારા
કેડ મરડીને ઘડો મેં ભર્યો રે લોલ, તૂટ્યો મારો નવસર હાર. મારા

કાંઠે તે ઊભો કહાનજી રે લોલ, 'ભાઈ મને ઘડૂલો ચડાવ', મારા
'હું તુંને ઘડૂલો ચડાવું રે લોલ, થાય મારા ઘર કેરી નાર.' મારા

'તુજ સરખા ગોવાળિયા રે લોલ, તે તો મારા બાપના ગુલામ.' મારા
'તુજ સરખી ગોવાલણી રે લોલ, તે તો મારા પગની પેજાર.' મારા

દયાના પ્રીતમ પ્રભુ પાતળા રે લોલ, તે તો મારા પ્રાણના આધાર. મારા

૨. ઓ વાંસલડી

ઓ વાંસલડી! વેરણ થઈ લાગી રે વ્રજની નારને;
શું શોર કરે? જાતલડી તારી તું મન વિચારને.

તું જંગલકાષ્ઠતણો કટકો, રંગરસિયે કીધો રંગચટકો,
અલી! તે પર આવડો શો લટકો? ઓ વાંસલડી!

તને કહાનવર તો કરમાં રાખે, તું અધરતણો રસ નિત્ય ચાખે,
તું તો અમેન દુઃખડાં બહુ દાખે. ઓ વાસલડી!

તું મોહનના મુખ પર મ્હાલે, તુજ વિના નાથને નવ ચાલે,
તું તો શોક્ય થઈ અમને સાલે. ઓ વાસલડી!

તુંને હરિએ હાથ ગ્રહી લીધી, તુંને સૌમાં શિરોમણિ કીધી,
ક્ષણું મુખથી નવ મૂકી વ્હીલી. ઓ વાસલડી!

હું તુજને આવી નવ જાણતી, નહિ તો તુજ પર મ્હેર ન આણતી,
તારાં ડાળ સાહીને મૂળ તાણતી. ઓ વાસલડી!

દયાપ્રીતમને પૂરણ પ્યારી, તુંને અળગી ન મૂકે મુરારિ,
તારા ભેદગુણ દીસે ભારી! ઓ વાસલડી!

૩. ઓ વ્રજનારી...

ઓ વ્રજનારી! શા માટે તું અમને આળ ચડાવે?
પુણ્ય પૂરવતણાં, તેથી પાતળિયો અમને લાડ લડાવે.

મેં પૂરણ તપ સાધ્યાં વનમાં, મેં ટાઢતડકા વેઠ્યાં તનમાં,
ત્યારે મોહને મ્હેર આણી મનમાં. ઓ વ્રજનારી!

હું ચોમાસે ચાચર રહેતી, ઘણી મેઘઝડી શરીરે સહતી,
સુખદુઃખ કાંઈ દિલમાં નવ લ્હેતી. ઓ વ્રજનારી!

મારે અંગે વાઢ વઢાવિયા, વળી તે સંઘાડે ચડાવિયા,
તે ઉપર છેદ પડાવિયા. ઓ વ્રજનારી!

ત્યારે હરિએ હાથ કરી લીધી, સૌ કો'માં શિરોમણિ કીધી,
દેહ અર્પી અર્ધ અંગે દીધી. ઓ વ્રજનારી!

માટે દયાપ્રીતમને છું પ્યારી, નિત્ય મુખથી વગાડે મુરારિ,
મારા ભેદગુણ દીસે ભારી! ઓ વ્રજનારી!

૪. વાંકું મા જોશો!

વાંકું મા જોશો વરણાગિયા! જોતાં કાળજડામાં કાંઈકાંઈ થાય છે!
હો જી રે!
અણિયાળી આંખે વ્હાલમ! પ્રાણ મારા પ્રોયા છે;
મોહન મુખડું જોઈ મન મારું મોહાય છે, હો જી રે!

મંદમીઠી હસણી તે તો મોહનીનો ફંદ છે;
તેમાં પડ્યા પછી કેણે નીકળાય છે? હો જી રે!

નખશિખ રૂપ રસિક, મધુર, મનોહર;
જ્યાં જોઉં ત્યાં આંખ ઠરી જાય છે! હો જી રે!

નાસિકાનું મોતી ઝૂમી રહ્યું છે અધર પર;
તેમ મન મારું હાં રે ઝોલા ખાય છે! હો જી રે!

અબળાજન મોહાય તેમાં કૌતક કહેવાય નહીં;
મોટા કામ જેવા ફૂટડા વ્હેવાય છે! હો જી રે!

આતુરતા આગે અંતર દોષ દર્દ છે,
તે પર આધીન થકી સહેવાય છે, હો જી રે!

નટવર નાગર રસિક મુગટમણિટ;
જગમોહન રૂપ શાસ્ત્ર ગાય છે, હો જી રે!

દયાના પ્રીતમની મીઠી મોરલી સૂણી જેણે
તે તો વણમૂલે સર્વ વેચાય છે! હો જી રે!

૫. શ્યામ રંગ સમીપે ન જાવું...

શ્યામ રંગ સમીપે ના જાવું, મારે આજ થકી શ્યામ રંગ સમીપે ન જાવું.

જેમાં કાળાશ તે તો સૌ એકસરખું, સર્વમાં કપટ હાશે આવું.મારે
કસ્તૂરીકેરી બિંદી તો કરું નહીં, કાજળ ના આંખમાં અંજાવું. મારે

કોકિલાનો શબ્દ હું સુણું નહિ કાને, કાગવાણી શકુનમાં ન લાવું. મારે
નીલાંબર કાળી કંચુકી ન પહેરું, જમનાનાં નીરમાં ન ન્હાવું. મારે

મરકતમણિ ને મેઘ દૃષ્ટે ના જોવા, જાંબુ-વંત્યાક ના ખાવું. મારે
દયાના પ્રીતમ સાથે મુખે નીમ લીધો, મન કહે જે 'પલક ના નિભાવું'!મારે

૬. મુજને અડશો મા!

'મુજને અડશો મા! આઘા રહો અલબેલા છેલા! અડશો મા!

અંક ભર્યાના સમ ખાઓ તો અધરતણો રસ પાઉં;
કહાનકુંવર કાળા છો, અડતાં હું કાળી થઈ જાઉં!' –મુજને

'તું મુજને અડતાં શ્યામ થઈશ તો હું ક્યમ નહીં થાઉં ગોરો?
ફરી મળતાં રંગ અદલાબદલી, મુજ મારો, તુજ તોરો!' –મુજને

'કાળી થયાનું કામ નથી, પણ લગ્ન લોકમાં ઠરશે;
લઘુ વયમાં લાંછન લાગ્યાથી બીજો વર ક્યમ વરશે?' –મુજને

'તારે બીજા વરનું શું કામ છે? હું વર, તું વહુ ધન્ય!
જેનું લાંછન તેને ધરિયે તો તો માન મળે અનન્ય.' –મુજને

'સૂણી એમ હરિવદની હસી ભેટ્યાં, પ્રતિ ઉત્તર ના દીધો;
હોળીની હાંસી મિશે દયાપ્રીતમ બેએ આનંદરસ લીધો.' –મુજને

૭. સાંભળ રે તું સજની

"સાંભળ રે તું સજની! મારી, રજની ક્યાં રમી આવી જી?
પરસેવો તને ક્યાં વળ્યો? તારી ભમ્મર ક્યાં ભીંજાણી? સાચું બોલો જી."

"વનમાં હું તો ભૂલી પડી ને અતિશે મૂંઝાણી જી;
પરસેવો મને ત્યાં વળ્યો મારી ભમ્મર ત્યાં ભીંજાણી. સાંભળ સજની જી!"

"કાલ મેં તારી વેણ ગૂંથી'તી છૂટી ક્યાં વિખરાણી જી?
એવડી ઉતાવળ શી પડી કે ઝૂલડી નવ બંધાણી? સાચું બોલો જી."

"કાળો તે ભમરો શિર પર બેઠો, ઉરાડતાં સેર છૂટીજી,
જ્યમત્યમ કરીને બાંધતાં વચમાંથી નાડી તૂટી. સાંભળ સજની જી!"

"આ ચોળી અતલસની પહેરી, સહિયરે વખાણી જી,
ચોળીની કસ ક્યાં તૂટી? તું આવડી ક્યાં ચોળાણી? સાચું બોલો જી."

"હૈયું મારું દુઃખવા આવ્યું, વાએ કરીને કાપ્યું જી,
પીડા ટાળવા કાણે મેં કળે કરીને દાબ્યું. સાંભળ સજની જી!"

"આવડાં પુષ્પ ક્યાંથી વાટે તુજને કોણે આપ્યાં જી?
એવો રંગરસિયો કોણ મળિયો? પ્રેમે કરીને થાપ્યાં. સાચું બોલો જી."

"સૂરજકળાએ હું જાતી હુતી, વાટે મળ્યા વનમાળી જી,
સમ ખાઈને મુને તેણે આપ્યાં, તેની પ્રતિજ્ઞા પાળી. સાંભળ સજની જી!"

"અવળો ચણિયો કેમ પહેર્યો છે? જેમ તેમ વીંટી સાડી જી,
સજક થઈને સુંદરી! હાવાં વસ્ત્ર પહેરોની વાળી. સાચું બોલો જી."

"સાથ ના સહિયરે કીધો, ઉતાવળી વેગે ચાલી જી,
અવળો ચણિયો પહેરી દીધો, હવે વસ્ત્ર પહેરીશું વાળી. સાંભળ સજની જી!"

"નીકળી હતી તું સૌથી પહેલી સાથ અમારો મેલી જી.
પછવાડેથી ક્યાંથી વહેલી જઈને તું બેઠી? સાચું બોલો જી."

"નીકળી હતી હું સૌથી પહેલી સાથ સહિયરનો મેલી જી.
વાટે હું ભૂલી પડી ગઈ, ત્યહાં જઈ બેઠી વ્હેલી. સાંભળ સજની જી!"

"કસ્તુરી અંગે બ્હેકે છે, આ વનમાં કોણ આવે જી?
સર્વ શરીરે તારે વ્યાપી રહી છે તે કમ જાયે ઢાંકી? સાચું બોલો જી."

"મૃગશલ્યાએ મૃગલો બેઠો તેને મેં જઈ ઝાલ્યો જી,
તેની વાસના મારા અંતરમાં પેઠી, તે નથી રહેતી ઢાંકી. સાંભળ સજની જી!"

"અધર દંત બેઠા દીસે છે, છાતીએ નખ વાગ્યા જી
તારુણી! તારા તનડામાં પેસી કામબાણ ક્યાં વાગ્યાં? સાચું બોલો જી."

"મધુરાં વાયક પોપટ બોલ્યો, તેને મેં જઈ ઝાલ્યો જી,
ચંચળ ચાંચ ભરીને નાઠો, તત્ક્ષણ ત્યાંથી છૂટ્યો. સાંભળ સજની જી!"

"શ્યામસુંદર તને મળ્યા દીસે છે તે અંગે તું પસરાઈ જી,
જે જે પૂછું તેના ઉત્તર આપે એ બધી તુજ ચતુરાઈ! સાચું બોલો જી"

"જે વાટે હરિ મળિયા હોયે તે વાટે નવ જાઉં જી,
આ વાટે હરિ મળિયા હોય તો કહો તેવા સમ ખાઉં. સાંભળ સજની જી!"

"મારે એવી પ્રતિજ્ઞા જે પરપુરુષ ભાઈબાપ જી,
દાસદયાના સ્વામીને ભજતાં ભવની ભાવટ જાય. સાંભળ સજની જી!"

૮. હાવાં હું સખી, નહીં બોલું રે

હાવાં હું સખી! નહીં બોલું રે નંદકુંવરની સંગે;
મુને 'શશીવદની' કહી છે રે ત્યારની દાઝ લાગી છે અંગે.

ચંદ્રબિંબમાં લાંછન છે, વળી રાહુ ગળે ખટ માસે રે;
પક્ષે વધે ને પક્ષે ઘટે, કળાપૂરણ નિત્ય તે નવ પ્રકાશે.

તે કરતાં 'ચંદ્રવદની' કહી તો કર્યાં હું ને ચંદ્ર એક રાસે રે;
ત્યારે મુજ મુખ પાખે શું અટક્યું છે? જાશે ચંદ્ર આકાશે.

નહીં તો શિવને સમીપ રાખશે ને ભાલે ચંદ્ર દેખાશે રે;
પ્રસન્ન થઈ પાસે રહેશે, નહિ તો કહેવાય નહીં નિજ દાસે.

એવડો શ્રમ પણ શીદ કરે? જુઓ, ચંદ્ર પોતાની પાસે રે;
વામ ચરણમાં ઈંદુ અચળ છે, શીદ રહે અન્યની આશે?

દયાના પ્રીતમને કહે સખી, જુઓ, શશીમુખ સરખું સુખ પાસે રે;
કોટિ પ્રકારે હું નહીં આવું એવા પુરુષની અડાસે.

૯. હું શું જાણું...

હું શું જાણું જે વ્હાલે મુજમાં શું દીઠું?
વારે વારે સામું ભાળે, મુખ લાગે મીઠું!

હું જાઉં જળ ભરવા ત્યાં પૂંઠેપૂંઠે આવે;
વગર બોલાવ્યો વ્હાલો બેડલું ચડાવે.

વઢું ને તરછોડું તો યે રીસ ન લાવે;
કાંઈકાંઈ મિશે મારે ઘેર આવી બોલાવે.

દૂરથી દેખીને મને દોડ્યો આવે દોટે;
પોતાની માળા કાઢી પહેરાવે મારી કોટે.

એકલડી દેખે ત્યાં મુને પાવલે રે લાગે;
રંક થઈને કાંઈકાંઈ મારી પાસે માગે.

જ્યાંજ્યાં જાતી જાણે ત્યાંત્યાં એ આડો આવી ઢૂંકે;
બહેની! દયાનો પ્રીતમ મારી કેડ નવ મૂકે.

૧૦. વ્રજ વ્હાલું રે!

વ્રજ વ્હાલું રે! વૈકુંઠ નહિ આવું, મને ન ગમે ચતુર્ભુજ થાવું,
ત્યાં શ્રીનંદકુંવર ક્યાંથી લાવું?

જોઈએ લલિતત્રિભંગી મારે ગિરધારી, સંગે જોઈએ શ્રીરાધે પ્યારી,
તે વિના નવ આંખ ઠરે મારી.

ત્યાં શ્રીજમુના ગિરિવર છે નાહિ, મુને આસક્તિ છે ઘણી એ બેની,
તે વિના મારો પ્રાણ પ્રસન્ન રહે નહિ.

ત્યાં શ્રીવૃંદાવનરાસ નથી, વ્રજવનિતા સંગ વિલાસ નથી,
વિષ્ણુ વેણુ વાયાનો અભ્યાસ નથી.

જ્યાં વૃક્ષેવૃક્ષે વેણુ ના ધારી, પત્રેપત્રે છે હરિ ભુજચારી,
એક વ્રજરજ ચોમુક્તિ વારી.
જ્યાં વસવાને શિવ સખીરૂપ થયા, હજુ અજ વ્રજરાજને તરસતા રહ્યા,
ઉદ્ધવસરખા તે તૃણ કૃષ્ણ થયા.

સુખ સ્વર્ગનું કૃષ્ણ વિના કડવું, મને ન ગમે બ્રહ્મસદન અડવું,
ધિક સુખ! જેને પામી પાછું પડવું!

શું કરું શ્રીજી! હું સાયુજ્ય પામી? એકતામાં તમો ના રહો સ્વામી!
મારે દાસપણમાં રહે શી ખામી?

વ્રજજન વૈકુંઠસુખ જોઈ વળ્યાં, ના ગમ્યું તારે બ્રહ્માનંદમાં ભળ્યાં,
ઘેર સ્વરૂપાનંદ સુખ અતિશે ગળ્યાં.

ગુરુબળે ગોકુળવાસી થાશું, શ્રીવલ્લભશરણે નિત્ય જાશું,
દયાપ્રીતમ સેવી રસજશ ગાશું.

૧૧. ક્યિે ઠામે મોહની ન જણી

ક્યિે ઠામે મોહની ન જાણી મોહનજીમાં ક્યિે ઠામે મોહની ન જાણી?
ભ્રૂકુટીની મટકમાં કે ભાળવાની લટકમાં કે શું મોહનીભરેલી વાણી રે?
મોહનજીમાં
ખીટળિયાળા કેશમાં કે મદનમોહન વેશમાં કે મોરલી મોહનની પીછાણી રે?
મોહનજીમાં

કે શું અંગેઅંગમાં કે લલિત ત્રિભંગમાં કે શું અંગઘેલી કરે શાણી રે?
મોહનજીમાં
ચપળરસિક નેનમાં કે છાનીછાની સેનમાં કે જોબનનું રૂપ કરે પાણી રે?
મોહનજીમાં
દયાના પ્રીતમ પોતે મોહનીસ્વરૂપ છે, તનમનધને હું લૂંટાણી રે?
મોહનજીમાં

૧૨. ગરબે રમવાને...

ગરબે રમાવને ગોરી નીસર્યાં રે લોલ!
રાધિકા રંગીલી જેનું નામ અભિરામ, વ્રજવાસણી! રે લોલ!
તાળી દેતાં વાગે ઝાંઝરઝૂમમાં રે લોલ!
સંગે સાહેલી બીજી છે ઘણી રે લોલ!
કાંઈએક કહું તેનાં નામ, વ્રજવાસણી રે લોલ!
ગિડ ગિડ તોમ છુમ છુમ છુમ વાજે ઘૂઘરા રે લોલ. તાળી.
તાળી દેતાં વાગે ઝાંઝરઝૂમખાં રે લોલ!
ચંદ્રભાગા ને ચંદ્રાવળી રે લોલ,
ચંપકલતા છે ચારુરૂપ. વ્રજવાસણી રે લોલ!
લલિતા, વિશાખા, વ્રજમંગળા રે લોલ,
માધવી ને માલતી અનુપ. વ્રજવાસણી રે લોલ!
મન્મથમોદા ને મનઆતુરી રે લોલ,
હંસા, હર્ષા ને હીરા નામ. વ્રજવાસણી રે લોલ!
કેતકી, પ્રગલ્ભા, પ્રેમમંજરી રે લોલ,
– એ આદે સખી સૌ સુખધામ. વ્રજવાસણી રે લોલ!
વિવિધનાં વાંજિત્ર વાજે છંદમાં રે લોલ,
તાલસ્વરે મળી કરે ગાન. વ્રજવાસણી રે લોલ!

‘લોલ’ કહેતાં અરુણ અધર ઓપતા રે લોલ,
લટકે નમી મેળવે સહુ તાન. વ્રજવાસણી રે લોલ!
ખેલ મચ્યો તે વૃંદાવનમાં રે લોલ,
બંસીબટચોક રસરૂપ. વ્રજવાસણી રે લોલ!
ગરબો જોવાને ગિરધર આવિયા રે લોલ,
મોહ્યા જોઈ શ્યામાનું સ્વરૂપ. વ્રજવાસણી રે લોલ!
તે પ્રમાણે મોહ્યાં શ્યામ શ્યામને રે લોલ,
વ્યાપ્યો બેઉ અંગમાં અનંગ. વ્રજવાસણી રે લોલ!
લલિતા લઈ મેળવ્યાં નિકુંજમાં રે લોલ,
રસભર્યાં રમાડ્યાં રતિરંગ. વ્રજવાસણી રે લોલ!
આનંદસાગર ત્યહાં ઊછળ્યો રે લોલ,
મગન થયાં લાડલી ને લાલ. વ્રજવાસણી રે લોલ!
પરમપવિત્ર એ ચરિત્રને રે લોલ,
દાસ દયો ગાઈ થયો ન્યાલ. વ્રજવાસણી રે લોલ!

૧૩. શું જાણે વ્યાકરણી

શું જાણે વ્યાકરણી? વસ્તુને શું જાણે વ્યાકરણી?
મુખપર્યંત ભર્યું ઘૃત તદપિ સ્વાદ ન જાણે બરણી. વસ્તુને

સુંદર રીતે શાક વઘાર્યું, ભોગ ન પામે ભરણી,
અંતરમાંહે અગ્નિ વસે પણ આનંદ પામે ન અરણી. વસ્તુને

નિજ નાભિમાં કસ્તુરી પણ હર્ષ ન પામે હરણી,
દયો કહે, ધન દાટ્યું ઘણું, જ્યમ ધનવંત કહાવે નિર્ધણી. વસ્તુને

૧૪. વૈષ્ણવ નથી થયો તું

વૈષ્ણવ નથી થયો તું રે, શીદને ગુમાનમાં ઘૂમે.

તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો,
તારા સંગનો રંગ ન લાગે ત્યાં લગી તું કાચો. વૈષ્ણવ

પરદુઃખ દેખી હૃદે ન દાઝે, પરનિંદા નથી ડરતો,
વ્હાલ નથી વિહ્વલશું સાચું, હઠે ન 'હું, હું' કરતો. વૈષ્ણવ

પરોપકારે પ્રીત ન તુજને, સ્વારથ છૂટ્યો છે નહીં,
કહેણી તેવી રહેણી ન મળે, 'ક્યહાં લખ્યું?' એમ કહેની. વૈષ્ણવ

ભજનારૂઢ નથી મન નિશ્ચે, નથી હરિનો વિશ્વાસ,
જગતતણી આશા છે જ્યાં લગી જગત ગુરુ, તું દાસ. વૈષ્ણવ

મનતણો ગુરુ મન કરશે તો સાચી વસ્તુ જડશે,
દયા! દુઃખ કે સુખ માન, પણ સાચું કહેવું પડશે. વૈષ્ણવ

૧૫. લોચન મનનો રે કે ઝઘડો

લોચનમનનો રે! કે ઝઘડો લોચનમનનો!
રસિયા તે જનનો રે! કે ઝઘડો લોચનમનનો!
પ્રીત પ્રથમ કોણે કરી નંદકુંવરની સાથે?
મને કહે, 'લોચન! તેં કરી,' લોચન કહે, 'તારે હાથ.' ઝઘડો

‘નટવર નિરખ્યા નેન! તેં, સુખ આવ્યું તુજ ભાગ;
પછી બંધાવ્યું મુજને, લગન લગાડી આગ! ઝઘડો

સૂણ ચક્ષુ! હું પાંગળું, તું મારું વાહન;’
નિગમઅગમ કહ્યું સાંભળ્યું, દીઠા વિના ગયું મન. ઝઘડો

‘ભલું કરાવ્યું મેં તને — સુંદરવરસંજોગ.
મને તજી તું નિત મળે, હું રહું દુઃખવિજોગ!’ ઝઘડો

‘વનમાં વ્હાલાજી કને હુંય વસું છું નેન!
પણ તુંને નવ મેળવે, હું નવ ભોગવું ચેન!’ ઝઘડો

‘ચેન નથી મન! ક્યમ તને ભેટે શ્યામશરીર?
દુઃખ મારું જાણે જગત, રાતદિવસ વહે નીર!’ ઝઘડો

મન કહે, ‘ધીખું હૃદે, ધુમ પ્રગટ ત્યાં હોય.
તે તુજને લાગે રે નેન! તેહથકી તું રોય.’ ઝઘડો
એ બેઉ આવ્યાં બુદ્ધિ કને, તેણે ચૂકવ્યો ન્યાયઃ
‘મન! લોચનનો પ્રાણ તું, લોચન! તું મનકાય. ઝઘડો

સુખથી સુખ, દુઃખ દુઃખથી, મનલોચન! એ રીત.
દયાપ્રીતમ શ્રીકૃષ્ણશું બેઉ વડેથી પ્રીત.’ ઝઘડો

૧૬. મારું ઢણકતું ઢોર

(રાગઃ કેદારો)

મારું ઢણકતું ઢોર ઢણકે છે સહુ નગ્રમાં, સીમખેતરખળું કાંઈ ન મૂકે,
ના જાવું જાય ત્યાં, ના ખાવું ખાય તે, રખડવું નિત્ય તેમાં ન ચૂકે.

મારું

વાળી લાવું ઘેર ને ગોંતું માંડું ગળ્યું, લીલું નીરું છ પણ તે ન સૂંઘે,
કોહ્યલાં રાડાં, ઘાસ, ક્યહું કુસકા, માર ખાઈને પણ તે જ ઠૂંગે.

મારું

હેડલો હોડેરડો મારો માન્યો નહીં, થયું હરાયું, હાવાં હું તો હાર્યો!
વશ મારે નથી તદપિ મારું કહાવ્યું, માટે રહું છું ભયભીત ચિંતાનો માર્યો.

મારું

હે ગુરુ! ગોપાળ! મેં અરપ્યું એ આપને, વશ કરી રાખો નિજ પાસ માગું.
સાધુપણું શીખવી વૃંદાવન ચારજો, ક્લેશ મારા ટળે, પાય લાગું.

મારું

હે હૃષીકેશ! એ ક્લેશ મુજ મનતણા આપ ટાળો, કરો શુદ્ધ સાચું,
સ્મરણસેવન બને અહર્નિશ આપનું, અચળ આનંદ માણે એહ જાચું.

મારું

મનમતિ બગડતાં સર્વ કાંઈ બગાડિયું, ડરવું બહુ નાથજી! દયા આણો,
જનદયાના પ્રીતમ શ્રીગોવરધનધરણ! કરુણ દૃષ્ટે જુઓ, નિજનો જાણો.

મારું

૧૭. નિશ્ચેના મહેલમાં વસે

નિશ્ચેના મહેલમાં વસે મારો વ્હાલમો, વસે વ્રજલાડીલો રે!
જે રે જાયે તે ઝાંખી પામે જી રે!

ભૂલા ભમે તે બીજા સદનમાં શોધે રે, હરિ ના મળે એકે ઠામે રે!

સત્સંગ દેશમાં ભક્તિનગર છે રે, પ્રેમની પોળ પૂછી જાજો રે!
વિરહતા પપોળીઆને મળી મહોલે પેસજો રે, સેવાસીડી ભેળા થાજો રે!

દિનતાપાત્રમાં મનમણિ મૂકીને ભેટ ભગવંતજીને કરજો રે!
હુંભાવપુંભાવ નોછાવર કરીને રે શ્રીગિરિધરવર તમો વરજો રે!

એ રે મંડાણનું મૂળ હરિઇચ્છા રે, કૃપા વિના સિદ્ધ ન થાયે રે!
શ્રી વલ્લભશરણથકી સહુ પડે સહેલું રે દૈવી જન પ્રતિ દયો ગાયો રે!

૧૮. જે કોઈ પ્રેમ અંશ અવતરે

જે કોઈ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે,
સિંહણ કેરું દૂધ હોય તે સિંહણસુતને જરે,
કનકપાત્ર પાખે સહુ ધાતુ ફોડીને નીસરે. પ્રેમરસ

સક્કરખોરનું સાકર જીવન, ખરના પ્રાણ જ હરે,
ક્ષારસિંધુનું માછલડું જેમ મીઠા જળમાં મરે. પ્રેમરસ

સોમવેલીરસપાન શુદ્ધ જે બ્રાહ્મણ હોય તે કરે;
વગળવંશીને વમન કરાવે, વેદવાણી ઊચરે. પ્રેમરસ

ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ના સરે,
મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી ચંચુ ના ભરે. પ્રેમરસ

એમ કોટિ સાધને, પ્રેમ વિના પુરુષોત્તમ પૂંઠે ના ફરે,
દયાપ્રીતમ શ્રીગોવર્ધનધર વર, પ્રેમભક્તિએ વરે. પ્રેમરસ

૧૯ ઘેલી મુને કીધી

ઘેલી મુને કીધી શ્રીનંદજીના નંદે! ઘેલી મુને કીધી.
સખી રે! હું તો જમનાજી ગઈ હતી પાણી, ત્યાં મેં નંદકુંવર દીઠો ને લોભાણી,
એ પણ મારા અંતરની વાત ગયો જાણી. ઘેલી

વ્હાલાજી હુંપે વાંકી નજર વડે જોયું, સાહેલી! મારું ત્યારે તો અધિક મન મોહ્યું,
કાળજ મારું કુટિલ કટાક્ષે પ્રોયું. ઘેલી

વ્હાલવશીકરણભરી મીઠી વાણી, સુણી હું તો મૂલ વિના રે વેચાણી,
જાણે મન પ્રીતપીડા જાય ના વખાણી! ઘેલી

સખી રે! એની અલબેલી આંખ અણિયાળી, રૂપ-રસ-રંગ ભરેલી રતનાળી,
ભ્રૂકટીની ભરી વાંકી ભ્રૂકુટિ મેં ભાળી. ઘેલી

સખી રે! એનું મુખડું મદનમોહનકારી, અંગોઅંગ માધુરી મનોહર ભારી.
મંદમંદ મધુરે હસી મુને મારી! ઘેલી

નટવર એ નખશિખ કામણે ભર્યો છે, આવડો રૂપાળો એને કોણે કર્યો છે?
મેં તો મારા મન થકી એને વર્યો છે! ઘેલી

સખી! એની મોરલીમાં મોહની ભરી છે, તેણે મુને ઘણી વ્રેહવિકળ કરી છે,
સખી! મારી સુધબુધ એણે હરી છે! ઘેલી

કાળજાનું દર્દ નથી કોઈને કહેવાતું, લાગી લાહ્ય રોમેરોમ! નથી મેં રહેવાતું!
કર કશો ઉપાય, હવે નથી મેં સ્હેવાતું! ઘેલી

તાલાવેલી લાગી, તરફડું છું, મેં મરાશે, કેમ કરી મેળવ્યે મોહન સુખ થાશે;
લાજને લગાડ પરી, જીવ મારો જાશે! ઘેલી

વિરહવહ્નિમાં બળે છે સમઝી ગઈ સાહેલી,
ખાનપાનભાન કશું નથી, લાજ મેલી!
રખે એની થાય અવસ્થા છેલ્લી! ઘેલી

એવે સમે દયાના પ્રીતમજી પધાર્યા, અંક ભરી કુંજસદનમાં સધાર્યા,
આપ્યો આનંદ, વ્રેહતાપ સૌ નિવાર્યા! ઘેલી

૨૦ હું શું જાણું જે

હું શું જાણું જે વ્હાલે મુજમાં શું દીઠું?
વારે વારે સામું ભાળે, મુખ લાગે મીઠું! હું શું જાણું જે

હું જાઉં જળ ભરવા ત્યાં પૂંઠે પૂંઠે આવે;
વગર બોલાવ્યો વ્હાલો બેડલું ચડાવે. હું શું જાણું જે

વઢું ને તરછોડું તોયે રીસ ન લાવે;
કાંઈ કાંઈ મિષે મારે ઘેર આવી બોલાવે. હું શું જાણું જે

દૂરથી દેખીને મને દોડ્યો આવે દોટે;
પોતાની માળા કાઢી પહેરાવે મારી કોટે. હું શું જાણું જે

એકલડી દેખે ત્યાં મુને પાવલે રે લાગે;
રંક થઈને કાંઈ કાંઈ મારી પાસે માગે. હું શું જાણું જે

જ્યાં જ્યાં જાતી જાણે ત્યાં ત્યાં એ આડો આવી ઢૂંકે;
બહેની! દયાનો પ્રીતમ મારી કેડ નવ મૂકે. હું શું જાણું જે

૨૧ પારણું

માતા જશોદા ઝુલાવે પુત્ર પારણે,
ઝૂલે લાડકડા પુરુષોત્તમ આનંદભેર;
હરખી નિરખીને ગોપીજન જાયે વારણે,
અતિ આનંદ શ્રીનંદજીને ઘેર. માતા

હરિના મુખડા ઉપર વારું કોટિક ચંદ્રમા,
પંકજલોચન સુંદર વિશાળ કપોળ,
દીપકશિખા સરખી દીપે નિર્મળ નાસિકા,
કોમળ અધર અરુણ છે રાતાચોળ. માતા

મેઘશ્યામ કાંતિ ભ્રકુટિ છે વાંકડી,
ખીટળિયાળા ભાલ ઉપર ઝૂમે કેશ;
હસતાં દંતૂડી દીસે બેઉ હીરાકણી,
જોતાં લાજે કોટિક મદનમનોહર વેશ. માતા

સિંહનખે મઢેલું શોભે સોવ્રણ સાંગલું,
નાજુક આભ્રણ સઘળાં કંચન, મોતીહાર;
ચરણઅંગૂઠો ધાવે હરિ બે હાથે ગ્રહી,
કોઈ બોલાવે તો કરે કિલકાર. માતા

લાલે લલાટે કીધો છે કુમકુમ ચાંદલો
શોભે જડિત્ર જાણે મરકતમણિમાં લાલ;
જનની જુગતે આંજે અણિયાળી બેઉ આંખડી,
સુંદર કાજળકેરું ટપકું કીધું ગાલ. માતા

સાવ સોનાનું જડિત્ર મણિયમ પારણું,
ઝૂલવે ઝણણણ બોલે ઘૂઘરીને ઘમકાર;
માતા વિવિધ વચને હરખે ગાયે હાલડાં,
ખેંચે ફૂમતિયાળી રેશમદોરી સાર. માતા

હંસ-કારંડવ ને કોકિલપોપટ પારણે,
બપૈયા ને સારસ-ચકોર-મેના-મોર;
મૂક્યાં રમકડાં રમવા શ્રીમોહનલાલને,
ઘમઘમ ઘૂઘરડો વજાડો નંદકિશોર. માતા

મારા કહાનાને સમાણી કન્યા લાવશું,
મારા લાલને પરણાવીશ મોટે ઘેર;
મારો જાયો વરરાજા થઈ ઘોડે બેસશે,
મારો કહાનો કરશે સદાય લીલાલ્હેર. માતા

મારો લાડકવાયો સખા સંગ રમવા જશે,
સારી સુખલડી હું આપીશ હરિને હાથ;
જમવાવેળા રૂમઝૂમ કરતો ઘરમાં આવશે,
હું તો ધાઈને ભીડીશ હૃદયા સાથ. માતા

જેનો શંકરશેષ સરીખા પાર પામે નહીં,
'નેતિ નેતિ' કહે છે નિગમ વારંવાર;
તેને નંદરાણી હુલરાવી ગાયે હાલડાં,
નથી નથી એના ભાગ્યતણો કંઈ પાર! માતા

વ્રજવાસી સૌ સર્વથિ સુભાગી ઘણાં,
તેથી નંદજશોદા કેરું ભાગ્ય વિશેષ;
તે સર્વેથી ગોપીજનનું ભાગ્ય અતિઘણું,
જેની કરે પ્રશંસા બ્રહ્મા શિવ ને શેષ. માતા

ધન્ય! ધન્ય! વ્રજવાસી ગોપીજન નંદ જસોમતીઓ!
ધન્ય! ધન્ય! વૃંદાવન હરિકેરો જ્યાં છે વાસ;
સદા જુગલકિશોર જ્યહાં લીલા કરે,
સદા બલિહરી જાયે દયોદાસ! માતા

૨૨ કાળજ કોર્યું તે કોને કહીએ?
કાળજ કોર્યું તે કોને કહીએ રે ઓધવ! છેલછબીલડે?

વેરી હોય તો વઢતાં રે ફાવીએ, પણ પ્રાણથી પ્યારો એને લહીએ રે! ઓધવ!
ધીખીએ ઢાંક્યાં તે કહ્યે નવ શોભીએ, ડાહ્યાં શું વાહ્યાં નાને છૈયે રે! ઓધવ!

સોડનો ઘાવ માર્યો સ્નેહી શામળિયે! કિયા રાજાને રાવે જઈએ રે! ઓધવ!
કળ ન પડે, કાંઈ પેર ન સૂઝે! રાતદિવસ ઘેલાં રહીએ રે! ઓધવ!

કાંઈ વસ્તુમાં ક્ષણ ચિત્ત ન ચોંટે! અલબેલો આવી બેઠો હૈયે રે! ઓધવ!
દયા પ્રીતમજીને એટલું જઈ કહેજોઃ ક્યાં સુધી આવું દુઃખ સહીએ રે? ઓધવ!

૨૩ પધારે પંથે જા!

"નેણ નચાવતા નંદના કુંવર! પધારે પંથે જા!
સુંદરી સામું જોઈ વિહ્વલ! વાંસલડી મા વા! ગુમાની! પધારે પંથે જા!

વ્હાલા! તારું નિર્લજજ ઘીટમાં નામ પડ્યું, તું કાંઈ ડાહ્યો થા;
કોણ પુત્રી પરણાવશે તારાં દેખી લક્ષણ આ?-ગુમાની!

પનઘટ ઉપર પાલવ સાહે છે એ તે ક્યાંનો ન્યાય?
કામનીમાં શું કામ? આજથિ અવિવેક તે શા?"-ગુમાની!

હળવા રહી હસી બોલ્યા, "તારું અધરામૃત પા
તો મારું મન માને શ્યામા! એકવાર કહે 'હા'"-ગુમાની!

"આવ ઓરા એક વાત કહું તુંને કાનમાં કાનુડા!
શીદ હઠીલા! અટકે? હું તો તારી છું સદા."-ગુમાની!

૨૪ મનજી મુસાફર

મનજી! મુસાફર રે! ચાલો નિજ દેશ ભણી!
મુલક ઘણા જોયા રે! મુસાફરી થઈ છે ઘણી!

સ્વપુર જવાનો પંથ આવ્યો છે. રખે ભૂલતા ભાઈ!
ફરીને મારગ મળવો છે નહીં, એવી તો છે અવળાઈ,
સમઝીને ચાલો સૂધા રે! ના જાશો ડાબા કે જમણી. મનજી!

વચ્ચે ફાંસીઆ વાટ મારવાને બેઠા છે બેચાર,
માટે વળાવા રાખો બેત્રણેક ત્યારે તેનો નહીં ભાર,
મળ્યો છે એક ભેદુ રે! બતાવી ગતિ સહુ તે તણી. મનજી!

માલ વહોરો તો વહોરો શેઠનાનામનો, થાય ના ક્યહું અટકાવ,
આપણો કરતાં જોખમ આવે ને ફાવે દાણીનો દાવ,
એટલા સારુ જો! ના થાવું વહોરતના ધણી. મનજી!

જોજો, જગતથકી જાવું છે, કરજો સંભાળીને કામ,
દાસ દયાને એમ ગમે છે–હાવાં જઈએ પોતાને ધામ,
સૂઝે છે હાવાં એવું રે! અવધ થઈ છે આપણી! મનજી!

૨૫ આઠ કૂવા ને ...

આઠ કૂવા ને નવ વાવડી રે લોલ, સોળસે પનિહારીની હાર,
મારા વ્હાલાજી હો! હાવાં નહિ જાઉં મહી વેચવા રે લોલ.
સોના તે કેરું મારું બેડલું રે લોલ, ઊઢેણી રત્નજડાવ. મારા.

કેડ મરડીને ઘડો મેં ભર્યો રે લોલ, તૂટ્યો મારો નવસર હાર, મારા.

કાંઠે તે ઊભો કહાનકી રે લોલ, 'ભાઈ મને ઘડૂલો ચડાવ.' મારા.

'હું તુંને ઘડૂલો ચડાવું રે લોલ, થાય મારા ઘરકેરી નાર.' મારા.

'તુજસરખા ગોવાળિયા રે લોલ, તે તો મારા બાપના ગુલામ.' મારા.

દયાના પ્રીતમ પ્રભુ પાતળા રે લોલ, તે તો મારા પ્રાણના આધાર. મારા.

૨૬

શોભા સલૂણા શ્યામની તું જોને સખી! શોભા સૂણા શ્યામની.
કોટિ કંદર્પને લજાવે એનું મુખડું, ફક્કી પડે છે કળા કામની. તું જોને.
સદ્‌ગુણસાગર નટવરનાગર! બલિહારી હું એના નામની! તું જોને.
કોટિ આભૂષણનું એ રે ભૂષણ, સીમા તું છે એ અભિરામની. તું જોને.
જે ઓળખે તેને તો છે સાર સર્વનો, બીજી વસ્તુ નથી કામની. તું જોને.
અનુપમ એ અલબેલો રસિયો જીવનમૂળી દયારામની. તું જોને.

૨૭

"વાંકા રે વાંકા શું રે હીંડો છો? આવડું શું રે ગુમાન જી?
પરનારીની સંગે રમતાં નથી વળી કાંઈસાન, જોઈને ચાલો જી."
"તું તારા મનમાં વિમળ છે, હું છું નાનું બાળ જો,
કેમ કરી મુને મોટો જાણે? જૂઠાં શીદ ચડાવે આળ?" જોઈને.
"નાના છો પણ ગુણ મોટાના, નારી વિના કોણ જાણેજી?
અંગોઅંગથી વિહ્‌વળ કીધાં, માર્યાં લોચનનાં બાણ." જોઈને.

"નારી તો પુરુષથી અળગી, અળગી વળગી ચાલે જી;"
દયારામના પ્રીતમ હસીને બોલ્યાઃ "હવે મળીશું કાલે." જોઈને.

૨૮

રાતલડી કોની સંગે જાગ્યા? ઘાયલ છો જી, નેનબાણ કેઈનાં વાગ્યાં?
વાંકલડું તમ સમું કઈએ જોયું? મોહન છો, કે મોહિનીએ મન મોહ્યું?
કેઈ પ્રાણપ્યારી કરી ચિત્ત પ્રોયું? રાતલડી.

ભલા ભગવંત! વચનના સાચા, કહોની કાલે કેવી વદ્યા'તા વાચા?
તુરતના તુરત દેખાયા કાચા! રાતલડી.

જૂઠાશું તંત ન કરવો ઝાઝો, બોલ બોલી શકતા નથી કાંઈ સાજો,
જૂઠા સમ ખાતાં ગાર ન લાજો. રાતલડી.

હારનાં ચિહ્ન દે છે ઉર દેખા, અધર પર દીસે છે અંજનરેખા,
મળીમળી જાય છે નેત્રની મેખા. રાતલડી.

જે શું રમ્યા રજની લાગી તે અમોલી, ભૂલે તેનું નામ જવાય છે બોલી,
તેના સમ તમને, કહો દિલ ખોલી. રાતલડી.

શ્રમિત છો આવો લગારેક પોઢો, પળોટું પાયે, મટે શ્રમ પોઢો,
આંગણલે ઊભા આળસ શીદ મોડો? રાતલડી.

રાખ્યું મુખ પ્રસન્ન હૃદેમાં દાધી, જશે ખસી વસ્તુ અમૂલિક લાધી,
સમઝણી શ્યામા લીધું કામ સાધી. રાતલડી.

સામાસામી નેન નેહનાં મળિયાં, છૂટ્યું માન, સુખસિંધુમાં મળિયાં,
દયાના પ્રીતમ બેઉ પલંગે ઢળિયાં. રાતલડી.

૨૯

રાધે! રૂપાળી તારી આંખડી જો;
જોડી કૃષ્ણસમાન છબિ ફાંકડી જો! રાધે! રૂપાળી.

ઉપમાએ અધિક નહિ તુંથી મૃગલોચની જો,

વિના અંજન મનરંજન ભવમોચની જો. રાધે! રૂપાળી.
તારું ચંદ્રવદન કહેતાં લાજું તારુણી! જો;
એક તો કલંકી વિષબિંદુ વારુણી જો. રાધે! રૂપાળી.

વેણ વાસુકી, જડિત્રરત્નરાખડી જો;
તને જોતાં બીજું જોવાની થાય આખડી. જો. રાધે! રૂપાળી.

રતિ રૂપતણો ગર્વ મૂકીને ખસી જો;
રસિકરાયના હૃદેમાં તું સદા વસી જો. રાધે! રૂપાળી.

મદનમોહનનું મન હર તું મનમોહની! જોઃ
નથી વિરંચિએ રચી તુજ છબિ સોહની જો.રાધે! રૂપાળી.

સકળ ભૂપમાં જોતાં તું લાધ્યો શ્રીહરિ જો;
ઉમા, રમા ને સાવિત્રી શ્રીપરંદરી જો. રાધે! રૂપાળી.

તારી ઉપમાસરખું બીજું કોઈ નથી જો;
થાક્યા ઉત્તમ કવિ વેદસ્મૃતિને મથી જો. રાધે! રૂપાળી.

રસિકરૂપ જુગલ! વસો હૃદેમાં ઠરી જો;
દાસદયાને સુખદાતા એક તુ હરિ! જો. રાધે! રૂપાળી.

૩૦

"ઓરો આવને સલૂણા હરિ! શ્યામળા જો,
શીખ્યો આવડી ક્યાં સ્નેહશાસ્ત્રની કળા જો? ઓરો.

મંત્ર મોહનીના રાખ્યા છાના નેણમાં જો,
વશીકરણવિદ્યા વસાવી છે વેણમાં જો. ઓરો.

ભ્રૂરકી નાંખવાની વિધિ ભ્રૂકુટીમાં ભરી જો,
તારી કટાક્ષકટારી પડે છે સોંસરી જો! ઓરો.

મંદ હસવું તારું કામણટૂમણનું ભર્યું જો,
ચટકવાળી તારી ચાલે મારું મન હર્યું જો. ઓરો.

જુલમી જાદુવાળું રૂપ રસિક તાહરું જો,
નીરખે શીતળ થાય અંગોઅંગ માહરું જો. ઓરો.
મારો પ્રાણ તુંમાં પ્રોવાયો નિશદિન રહે જો,

મારા કાળજાડાનું દર્દ તું કાંઈ નવ લહે જો. ઓરો.

મારા સમ જો તુંને દેખું ત્યારે જીવતી જો,
તારે વિજોગે ભાન ના મુને રહે રતિ જો. ઓરો.

એથી અધિક તુંને હવે તે હું શું કહું જો?
મારું ચાલે તો હું મંદિરમાં રાખી રહું જો. ઓરો.

અબળા આતુર બોલે રાખી રસરીતને જો,
ચતુર હોય તે તો પળમાં પરખે પ્રીતનેજો. ઓરો.

પ્રીત વાધે ત્યારે પલટે પા ઘડી જો,
તું કહે તો પ્રાણ પલટીએ આપણ આ ઘડી જો. ઓરો.

આપણા સમાણાં તે સંદેહ ના'વે કોઈને જો,
ચાલતા લગી તો ડગલું ભરીએ જોઈને જો. ઓરો.

તું થા મારો પ્રીતમ, હું થઈ તાહરી જો,
વ્હાલા! વાત એ થવા ન દેશો જાહરી જો. ઓરો.

અભિલાખ એવો ઊપનો છે મુજને જો,
નવલ જોબન આ લે અરપ્યું મેં તો તુજને જો." ઓરો.

—રસિક વચન સૂણી પ્રગટ્યો પ્રેમ નાથમાં જો,
નેત્ર નચવી હસી તાળી દીધી હાથમાં જો. ઓરો.

"હું પણ તું માટે તલખું છું સદા સુંદરી! જો,
તું તો પ્રાણપ્યારી, ચિંતા મારી તેં હરી જો." ઓરો.

પરસ્પર બંનો આતુર મળ્યાં હરખ્યાં ઘણાં જો,
જુગલરૂપમાં લે દાસદયો ભામણાં જો. ઓરો.

૩૧

આવોને અલબેલા! મારે આંગણે,
નવ દીઠે મુને થાય ઘણો સંતાપ જો,
મોહનજી! મ્હેલ્લામાં નિશ્ચે આવજો,
હૈડા મધ્યે જુઓ વિચારી આપ જો. આવોને.

રાસ રમંતાં બોલ્યા તે તો પાતળિએ,
શીદને જૂઠું આપ્યું મુને વચન જો?
વચન આપેલું વેચી આવા કેમ થયા?
પ્રથમ જાણ્યે સોંપત નહીં તનમન જો. આવોને.

પ્રીતલડી કીધી તો તે હવે પાળીએ,
વચન બોલ્યા તે મિથ્યા કાંઈ નવ જાય જો.
સમઝાવી શીખામણ દેઉં શ્યામળા!
વાયદા દઈને શીદ અમને તું વ્હાય જો? આવોને.

કામણગારા! કહ્યાં અમારાં માનીએ,
કહ્યા વિના તો મુજથી નવ રહેવાય જો.
મનમાં અકળાઉં પણ જાતે છું માનવી,
શ્રીવિઠ્ઠલવર! કરજો મારી સા'ય જો. આવોને.

આજ એકાંતે આપણા મળીએ આ સ્થળે,
રસ્તે દુરિજન દેખી કરશે વાત જો.
દયાપ્રીતમના સ્વામી! શરણે રાખજો,
તરછોડીને શીદ કરો છો ઘાત જો? આવોને.

૩૨

કામણ દીસે છે અલબેલા! તારી આંખમાં રે!
ભોળું ભાખ મા રે! કામણ દીસે છે અલબેલા!
મંદ હસીને ચિત્તડું ચોર્યું, કુટિલ કટાક્ષે કાળજ કોર્યું;
અદપડિયાળી આંખે ઝીણું ઝાંખ મા રે, ભોળું ભાખ. કામણ.

નખશિખરૂપ ઘણું રઢિયાળું, લટકું સઘળું કામણગારું;
છાનાં ખંજન રાખે પંકજ પાંખમાં રે, ભોળું ભાખ. કામણ.

વ્હાલભરી રસવરણી વાણી, તારુણીનું મન લે છે તાણી;
ભ્રૂકુટીમાં મટકાવી ભૂરકી નાંખ મા રે, ભોળું ભાખ. કામણ.

દયાપ્રીતમ નિરખ્યે જે થાયે તે મેં મુખડે નવ કહેવાયે;
આ વિનતી આતુરતા આવડું સાંખ મા રે, ભોળું ભાખ. કામણ.

૩૩

રૂડા દીસો છો રાજેશ્વર! મંદિરે આવતા રે. રૂડા.
જરકસી જામો સુંદર પ્હેરી, માથે બાંધી પાઘ સુનેરી,
રૂડો રેંટો ઓઢી મન લલચાવતા રે. રૂડા.

હૈયે હાર ગુલાબી ફોરે, ચિત્તડું રોકી રાખ્યું ચોરે,
ગજરાકાજુબાજુ મુજ મન ભાવતા રે. રૂડા.

કનકછડી સુંદર કર લઈને, ગજગતિ ચાલો હળવા રહીને
ચિત્તડું ચોરી મીઠુંમીઠું ગાવતા રે. રૂડા.

દયાપ્રીતમના નાથ! વિહારી, જાઉં વદનકમળ પર વારી
હેતે શું બોલાવી તાપ શમાવતા રે. રૂડા.

૩૪

મર્મનાં વચન શાને બોલે હો માનવી! તું મર્મનાં વચન શાને બોલે?
મારે તો આ ગોકુળીઆમાં કોઈ નથી તારી તોલે. હો માનની!

જાણી જોઈને વાંકાં વચન કહીને મારું કોમળ કાળજ શાને છોલે? હો માનની!

મન મારું તુજ વિના ત્રિભુવન વિષે કોઈને દેખીને નવ ડોલે. હો માનની!

રીસની ભરેલી તારી આંખડી દેખીને પ્રાણ મુજ ચડી જાય ઝોલે. હો માનની!

દયાનો પ્રીતમ કહે, 'હું તારો, તું મારી,' હાવાં અંતરનો પ્રેમ શેં ન ખોલે?
હો માનની!

૩૫

ઊભા રહો તો કહું એક વાત, મરડી જાઓ છો શાને મુખ રે જી!
વચન દીધું તે પળ્યું નથી રે વ્હાલા! હું જાણું છું લાગ્યું તેનું દુઃખ રે જી!

મારી અરજ સૂણો તો કહું એક મારા વ્હાલા! વિચારો નથી મારો વાંક રે જી!
હું વહૂઆરુ બાળે વેશ મારા વ્હાલા! અબળા માણસ ઘણું રાંક રે જી!

સાસરિયાં મુને સૌ સાચવે રે વ્હાલા! પરણ્યો ન મૂકે મારી પૂંઠે રે જી!
કે સાસુડી ઘણી શેતાન મારા વ્હાલા! નણદી આગળ ન નભે જૂઠ રે જી!

જળ જાઉં તો જોડેનાય મારા વ્હાલા! ગોરસ વેચતાં સહિયરથોક રે જી!
માટે ટાઢું નાંખ્યું છે તક વિના રે વ્હાલા! આપણે ડરવું રે, દુરિજનલોક જી રે!

હરિ! મુજ રૂપનું ગુમાન રખે જાણતા રે વ્હાલા! તે આપની આગળ તો નથી તેહ
રે જી!
તનમન સોંપ્યું છે તે દિવસનું રે વ્હાલા! દીધી છે નજર નેહ રે જી!

ભાણે ભોજન નથી ભાવતું રે વ્હાલા! નિદ્રા ન આવે કર્યે સેન રે જી!
હું ઢાંકી ધીખું છું રાતદિવસ મારા વ્હાલા! આપને વિયોગે નથી ચેન રે જી!

બીજી કસર તો કાંઈ નથી રે વ્હાલા! સમો જો મળે તો સુખ થાય રે જી!
એ જ વિચાર આઠે પહોર મારા વ્હાલા! મનડું મારું ન કહ્યું જાય રે જી!

પણ તે તો આવી છે તક આજ મારા વ્હાલા! પિયુડો પહોંચે છે પરગામ રે જી!
મારી નણદી વળાવી આજ સાસરે રે વ્હાલા! ગોરસ વેચ્યાનું અગત્ય કામ રે જી!

માટે સંધ્યાએ વ્હેલા આવજો રે વ્હાલા! આપણ મળીશું બંસીબટ-ચોક રે જી!
સંગે સખા ન કોઈ લાવશો રે વ્હાલા! હું પણ નહીં લાવું સહિયર-શાક્ય રે જી!

તે જ પ્રમાણે નળ્યાં બેઉ જણાં વ્હાલા! પૂરણ અભિલાખ રમ્યાં રંગ રે જી!
પ્રસન્ન થયા રે જીવન દયાતણા રે વ્હાલા! જીતીઓ અજિત જે અનંગ રે જી!

૩૬

માડી! નંદનો કુંવર મારી કેડે પડ્યો રે! માડી!

મુજ મુખ દેખી વ્હાલા! નેન નચાવે,
મિશેમિશે આવે મારે અંગે અડ્યો. માડી!

મુને પણ એ વિના બીજો જોવો ગમે નહીં,
નિશદિન આવે મારે કાળજે ચડ્યો. માડી!

મને એમ સૂઝે માડી! એને વરું તો
જોડું શોભે જાણે મણિ કુંદને જડ્યો! માડી!

દયાપ્રીતમ તો મારી પ્રીત પૂરવ જાણે,
ઓ માડી! એ વર વિધાતાએ મારે માટે ઘડ્યો. માડી!

૩૭

કાનુડો કામણગારો રે! સાહેલી! આ તો કાનુડો કામણગારો!
કાનુડો કામણગારો, રસભર્યો ને રૂપાળો,
આ શું આંખડલીનો ચોળો રે! સાહેલી! આ તો કાનુડો.

રંગરાતો, મદમાતો, વાંસલડીમાં ગીત ગાતો,
નેણાંશું કરે છે વાતો રે! સાહેલી! આ તો કાનુડો.

ભરવા હું ગઈ'તી પાણી, પ્રેમપીડા ભરી આણી,
ઘેલી થઈ હું આવી શાણી રે! સાહેલી! આ તો કાનુડો.

તેં કહ્યું તે મેં ના માન્યું, આજે મારી જાતે નાણ્યું,
આવડું મેં નો'તું જાણ્યું રે! સાહેલી! આ તો કાનુડો.

બહેની! તારે પાયે લાગું, વ્હાલાવિના ઘેલું લાગ્યું,
દયાનો પ્રીતમ માગું રે! સાહેલી! આ તો કાનુડો.

૩૮

એક વર્યો ગોપીનજવલ્લભ, નહિ સ્વામી બીજો,
નહીં સ્વામી બીજો રે, મારે નહીં સ્વામી બીજો.

અવર કોઈનું કામ ન મારે, રીઝો કે ખીજો!
કૃષ્ણ કરે તે પ્રમાણ, કારજ વણસો કે સીજો!
પાણ જાય પણ અન્ય કૃાતમાં મન રખે ભીંજો. એક.

સુખીદુઃખી જેમ ગમે તેમ રાખે, એના ગુણ ગાઉં,
વિનામૂલનો ઘરનો ગુલામ વેચે ત્યાં વેચાઉં,
એ જ ગમ્યો, એથી મન માન્યું, બીજો નવ ચાહું,
એના અતિ અવતાર, હું કોઈનો દાસ ન કહેવાઉં. એક.

કૃષ્ણવિના શિર અવર નમે તો છેદનનો દંડ,
નંદકુવરવણ નામ જપે તો જીહ્વા કરું શતખંડ,
અવર દેવની આશ કર્યે અઘ ભજે, વળી બ્રહ્માંડ
અન્ય અમરદર્શને દોડે પગ તો પાડું પિંડ. એક.

હું ચાતક, જળ સ્વાતિશ્રીજી, હું જખ, હરિ વારિ,
હું હારીલ, કાઠી હરિ, દઢવત ધારી તે ધારી,
અનન્ય પતિવ્રત જેને નહીં તે કહીએ વ્યભિચારી,
શ્રીગુરુદેવ! નભાવજો, કહે દયો, સદા ટેક મારી. એક.

૩૯

જે કોઈ પ્રેમઅંશ અવતરે પ્રેમરસ તેના ઉરમાં ઠરે.
સિંહણકેરું દૂધ હોય તે સિંહણસુતને જરે,
કનકપાત્ર પાખે સહુ ધાતુ ફોડીને નીસરે. પ્રેમરસ.

સક્કરખોરનું સાકર જીવન, ખરના પ્રાણ જ હરે,
ક્ષાર સિંધુનું માછલડું જેમ મીઠા જળમાં મરે. પ્રેમરસ.

સોમવેલી રસપાન શુદ્ધ જે બ્રાહ્મણ હોય તે કરે,
વગળવંશીને વમન કરાવે, વેદવાણી ઊચરે. પ્રેમરસ.

ઉત્તમ વસ્તુ અધિકારવિના મળે, તદપિ અર્થ ના સરે,
મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી ચંચુ ના ભરે. પ્રેમરસ.

એક કોટિ સાધને પ્રેમવિના પુરુષોત્તમ પૂંઠે ના ફરે,
દયાપ્રીતમ શ્રીગોવર્ધનધરવર, પ્રેમભક્તિએ વરે. પ્રેમરસ.

૪૦

તારા સમ જો તારુણી! તું મને સૌથી લાગે વ્હાલી રે!
વણતેડ્યો તારા મંદિરમાં, જો, હું આવું ચાલી રે! તારા.

વ્હાલવિના વિખાણ કરું ગમે નહીં મુને દીઠું રે,
પ્રીતલડીનું વાંકું વચન તે લાગે મુજને મીઠું રે! તારા.

પ્રેમને પાસે બંધાયો! કેમ શકું હું નાસી રે!
નાચું હું નચાવ્યો તારો, સહું વેદની હાંસી રે! તારા.

જોગીજનના ઉરમાં હું તો જાઉં ને ના જાઉં રે,
ચિત્ત ચોર્યું તે પ્રેમદા! તે આધો ક્યાં થકી થાઉં રે? તારા.

સ્નેહસરખું વશીકરણ મળે નહીં કાંઈ બીજું રે!
દાસદયાનો પ્રીતમ કહે, 'હું એક હેતથી રીઝું રે!' તારા.

૪૧

"નંદનો કુંવર પરણાવ! રે હો માડી! મુને નંદનો કુંવર પરણાવ!
વ્હેલી થા, નહીં તો કોઈ વેવા કરી જાશે, મારી સખીઓની સાથે કાંઈ
કહાવ રે? હો માડી!

મારા પિતાને કહી કુમકુમ કચોળે ભરે વહેલોવહેલો વિપ્રને બોલાવ રે
હો માડી!

રૂપવંતો ને ગુણવંતો ન એવો કોઈ, તુંને દાખું જો ગોકુળિયામાં આવ રે!
હો માડી!

અખંડ હેવાતન વર્યેથી મારા જન્માક્ષર જોવરાવ રે!" હો માડી!

શ્રીરાધાનાં વચન સૂણી કીરતીજીએ હૃદે ચાંપીઃ "એમજ કરીશ, બેટા!
આવ રે! હો માડી!

મેં પણ દયાનો પ્રભુ તારો વર ધાર્યો, બહેની! તું કોઈ એક ધીરજ
મનમાં લાવ રે!" હો માડી!

૨
રુક્મિણી વિવાહ -માંથી

મીઠું ૧

પ્રથમ શ્રી ગરૂપદ પરણમૂં પ્રીતે, શ્રીકૃષ્ણરૂપ હૃદે ધરૂંરે;
શ્રી રૂકમણીજીનો વિવાહ સંક્ષેપે, પદબંધ પ્રેમ ધરી કરૂં રે. ૧

શ્રી ભાગવતદશમસ્કંધ મધ્યે, ત્રેપનમાં અધ્યા વિષેરે;
શુકજી કહે સુણો રાય રૂક્મિણીજીનું, હરણ કર્યું દ્વારિકાધીશેરે. ૨

વૈદ્રભ દેશ વિક્ષતરે રાજાજી, કુંદનપુર ત્યાં કોડામણૂંરે;
રાજા રૂડું ભીમકરાય ભૂપતજી, ભાગ્ય શું વર્ણવું તેતણૂંરે. ૩

પુત્ર પાંચ તેમાં જ્યેષ્ટ રૂકમૈયો, પુત્રી છે એક શ્રી રૂકમણીરે;
પ્રગટ્યાં છે શ્રી મહાલક્ષ્મીજી પોતે, ગુણ શા શકું હું તેના ભણીરે. ૪

કન્યાકાળ કુંવરીજીને આવ્યો, માત પિતા બંધુ ધારિયુંરે;
રૂપ ગુણે સમોવડ સહૂ રીતે, શ્રી કૃષ્ણ વર એ વિચારિયું રે. ૫

કુટુંબ સહોદર સહુકો ભાવ્યું, એક રૂકમૈયાને ના ગમ્યુંરે;
અરે ગોવાળ કેમ વરે મારી ભગની, કન્યા દીધી ત્યાં ઠરૂં ન હુંરે. ૬

દમઘોષનો સુત શીશુપાળ રાજા, કુળવંત છે જગ નામનારે;
તેની સંગે મારી બેન પરણાવું, સમરથ કો સમે કામનારે. ૭

એમ કહીને તતકાળજ ઊઠ્યો, વેગે કહાવ્યું શીશુપાળને રે;
લગન ઉપર જાન લઈ વેહેલા આવે, લાવે સંગે બહુ ભૂપાળનેરે. ૮

સુણી એમ સનમાના થઈ સહુ ઊઠ્યા, ઉદ્યમ માંડ્યો વેહેવાતણોરે;
સુણી રૂકમણીજીને તો ઝેર લાગ્યું, ઉર પરિતાપ થયો ઘણોરે. ૯

જે જે દેશથી જે દ્વિજ આવે, સહુને પુછીને નિશ્ચે કર્યુંરે;
સરવે કહ્યું નહીં કો કૃષ્ણ તોલે, સાંભળીને ચિત ત્યાં ઠર્યુંરે. ૧૦

નારદે કહ્યું પણ સહુ ગુણ પૂરણ, એક શ્રી કૃષ્ણ નિશ્ચે કરીરે;
એમ સુણીને દેહ આત્મા પોતાનો, મનથકી અરપ્યો શ્રીહરીરે. ૧૧

અંન્ન ના ભાવે ને નિદ્રા નાવે, કેહેવાય નહિં દુઃખ કોઈનેરે;
નાથ સંભારે ને નિશ્વાસ મુકે, રાત દિવસ કાહાડે રોઈનેરે. ૧૨

એવામાં જાન લઈ શીશુપાળ આવ્યો, સાથે છે રાજા બિજા બહુરે;
કાસીરાજ દંતવક્ર જરાસન, શાલ્વ સહિત સેન્યા સહુરે. ૧૩

સામા જઈને ભુપે સનમાન કરીને, લાવિ ઉતાર્યા છે બાગમાંરે;
આવ્યો છે કોડે પણ જશે માથે બોડે, ધિક્કાર ફટ એના ભાગ્યમાંરે. ૧૪

દુષ્ટ આવ્યો સુણીને કુંવરીજીને, તાલાવેલી લાગી તનમાંરે;
ક્યમ કરૂં કોહોની સંગે હું કહાવૂં, ધારે વિચારે છે મનમાંરે. ૧૫

એવામાં એક આશ્રિત દ્વિજ ઘરનો, આવ્યો દેખી ધાર્યૂં ચિત્તમાંરે.
સાન કરી તેડ્યો સકૂમારી, આવો ગુરૂજી એકાંતમાંરે. ૧૬

તેડી બેસાડીને કર્યો મનસૂબો, પત્ર લખીને એક આપિયુંરે;
દ્વારામતીપતીને જઈ આપો, કેહેજો દુઃખ જેહેવ્યું વ્યાપીયુંરે. ૧૭

ત્રણ દિવસમાં છે લગન તે કેહેજો, વેહેલા વળજો પેખૂં પંથનેરે;
અંબીકા પૂજી પાછી વળૂં ત્યાંથી, મુજને હરે કેહેજો કંથનેરે. ૧૮

શિખવી સંદેશો ને વિપ્ર વળાવ્યો, વાડવ ચાલ્યો વેગે કરીરે;
વાત છે ગમતી તે એક દિવસમાં, દ્વારિકાં દેખાડી શ્રી હરીરે. ૧૯

નીરખંતો નગ્ર શોભા દ્વિજ ચાલ્યો, જોતાં પ્રસન્ન ઘણૂં થયોરે;
પૂછંતો પૂછંતો હરિ મેહેલે આવ્યો, દ્વારે આવીને ઉભો રહ્યોરે. ૨૦

પ્રભુજીને કહાવ્યું પ્રતિહાર સાથે, કહો કોઈ બ્રાહ્મણ આવિયોરે;
આજ્ઞા જો હોય તો મેહેલ મધે આવે, પત્ર કોઈએકનું છે લાવિયોરે. ૨૧

દ્વારપાળે સંભળાવ્યું શ્રી પ્રભુજીને, પત્રની વાત ત્યાં સાંભળીરે;
નાથ કેહે લાવો તે દ્વિજ રખે ખાળો, અંતરજામી પામ્યા રળીરે. ૨૨

સાંભળી વચનને સેવક દ્રોડ્યા, ભટજીને ભુવનમાં લાવીયારે;
દેખી પ્રભુ સિંહાસનથકી ઉઠ્યા, દ્વિજવર ત્યાં પધરાવીયારે. ૨૩

અર્ઘપાદ્યસહિત પુજા કરી વિધિયે, વંદન કીધૂં વિશ્વંભરેરે;
ભોજન કરાવીને તંબોળ આપ્યું, પોરાડ્યા ચારૂ સજ્જાપરેરે. ૨૪

પાસે બેઠા એક શ્રીહરી પોતે, અવર નહિં કો તેણેસમેરે;
હસ્ત જોડી શ્રીહરિ એમ બોલ્યા, ધન ભાએગ પધાર્યા તમેરે. ૨૫

તમ સરિખા મુનીવર માહા દુરલભ, સંતોષી સંત તપોનીધીરે;
એમ વિનય વીવેક મધુર વચનેથી, આગતા સ્વાગતા બહુ કીધીરે. ૨૬

કહો ઋષી કારણ પધાર્યાનું, હોવાં કોણ દેશથકી આવિયારે;
વૈદ્રભદેશ વીષે અમો વસીએ, પત્ર આપ્યો એક લાવિયારે. ૨૭

તે આદર સહિત લીધું પત્ર પ્રભુજીએ, પ્યારીનું છે ઉર ચાંપિયુંરે;
જોતાં અશ્રુનાં બીંદુ માંહે દીઠાં, વિરહમુદ્રા જાણે છાપિયુંરે. ૨૮

પ્રીત પ્રીયાની દેખી નેત્ર ભરીયાં, ગદગદ કંઠ થયા ઘણુંરે;
પત્ર આપ્યું પાછું ભટજીના કરમાં, વાંચો તમો ને અમો સુણુરે. ૨૯

વાંચેછે વિપ્ર શામ ધરે શ્રવણે, પ્રથમ લખ્યું એમ પ્રેમદારે;
સ્વસ્તિશ્રી દ્વારીકાનગ્રીના નાયક, રાજરાજેશ્વર છો સદારે. ૩૦

ત્રીભોવનનાથ અનાથના બંધુ, સમ્રથ ચતુર ચિંતામણીરે;
કુંદનપુરથકી લખીતંગ તમ પદ, પંકજકિંકરી રૂક્મણીરે. ૩૧

પ્રાણપતી અભીવંદન તેનાં, અગણિત સેવામાં લાવજોરે;
જત અત્ર રાખીછું તેમ રહીછું, કુશળ સહિત વેહેલા આવજોરે. ૩૨

અપરંચ એજ લખ્યા કારણ છે, સહુ ગુણનીધીમાં સુણ્યા હરી રે;
તેથકી ચિત મ્હારૂં તમમાં લોભાણું, મનથકી હૂં તમને વરી રે. ૩૩

આપ કેહેશો કુળવંત કન્યાને, ના ઘટે કેહેવું સામું કંથને રે;
તે પણ સત્ય લોકીકની રીતે, પણ ના હોય તમ પંથને રે. ૩૪

હું તો તમારી સદા છું વીચારો, તે માટે મન તમમાં ઠરે રે;
પણ કીરતી સુણી વિશ્વમાં વનીતા, કોણ એવી જે તમને ના વરે રે. ૩૫

માટે સો વાતની એકજ કહું છું, આહાવે સમે રખે ચૂકતા રે;
ત્રણ દિવસમાં છે લગ્ન પારવતીજી, પુજાું ત્યાંથી રખે મૂક્તા રે. ૩૬

તેડ્યો રૂકમૈયાનો શિશુપાળ આવ્યો, બિજાં સહુને તમો ભાવતા રે;
એ છે સિંહનો ભાગ શીયાળ ના પામે, જોજો આળસ ઉર લાવતારે. ૩૭

આળસ કરશો જો જીવન માહારા, તો માહારા પ્રાણ નિશ્ચે જશે રે;
જન્મો જનમ તમને નહિં ભૂલું, જ્યારે મળશો સુખ ત્યાંહાં થશે રે. ૩૮

વલણ

સુખ થશે પ્રીતમજીરે, જ્યારે ગ્રેહેશો હાથ;
દાસી ભણી દયા કરજો, પ્રભુ દીનાનાથ. ૧

તમો સમોવડ હૂં નથીરે, માહારા અંતરજામી;
જેવી તેવી પણ શરણ, આવી હું સ્વામી. ૨

મીઠું ૨

વળતા શુકજી પછી એમ બોલીઆ, સાંભળ ભ્રુપતીરે;
એહેવું સાંભળી પ્યારીનું પત્ર, વીકળ તયા પતીરે. ૧

પ્રભુ કેહે શું કહીએ રે ભૂદેવ, અમારી પણ એ ગતીરે;
એ રાજકુમારી માટે, નિદ્રા નથી આવતીરે. ૨

અમો પણ પત્ર વાટ જોતા હતા, વિલંબ નથી કસીરે;
એહેવું કહી ઉઠ્યા તતખેવ, ચીંતા મન વસીરે. ૩

કહ્યું સારથીને રથ લાવ, માહરો શીઘ્રે સજ કરીરે;
કેહતામાં લાવ્યો તતકાળ, આરૂઢ થયા હરીરે. ૪

માંહે બ્રહ્મણને પણ બેસાડ્યો, ચતુરશિરોમણીરે;
તમોપાખે ત્રિયાને કોણ, કેહેશે જઈ વધામણીરે. ૫

એવું કહી રથ ત્યાંથિ ખેડાવિયો, વાયુવેગે કરીરે;
થોડીવારમાં, પોહોતો તાંહે, જાંહાં છે કુંદનપૂરીરે. ૬

નગ્ન દીઠું ને બ્રાહ્મણ મોકલ્યો, જઈ કહો વધામણીરે;
હાવાં ત્યાંહાં પણ થાક સુકન, શ્રીઅંગે રૂકમીણીરે. ૭

વામ ઉરને બાહૂ ફરકી આંખડી, જોઈને વીચારતાંરે;
એહેવામાં દીઠો આવતો વિપ્ર, વિમાસણ ધારતાંરે. ૮

બોલ્યો ગોરજી બાઈજી વધામણીછે, પ્રભુ આવિયારે;
એહેવું સાંભળી હરખ ના માય, બોલ્યા પ્રાણ લાવિયારે. ૯

મુનિ કેહે પુર સમીપ પધારયા, પછી મુને મોકલ્યોરે;
કાહવ્યું છે હાવાં રેહેજો પ્રસન્ન દિવસ આવ્યો ભલોરે. ૧૦

પછે બહુ ધન વિપ્રને આપીઊં, તે પણ કહું કથીરે;
પધારાવ્યા છે પ્રાણજીવન, તે સમ તો કશું નથીરે. ૧૧

પછે પ્રેમસું કીધો પ્રણામ, શ્રી જગદંબા રૂકમીણીરે;
દીધું આશિષ પ્રસન થઈ ઋષી, ચાલ્યા મંદિર ભણીરે. ૧૨

હાવાં દ્વારિકામાં કેમ નિપન્યું, તે પણ કહું કથીરે;
બળદેવજી કહે પ્રભુ ક્યાંહાં, પધાર્યા દીસતા નથીરે. ૧૩

પછે ખબર થઈ જે પોતે તો, પધાર્યા કુંદનપુરીરે;
સુણી હળધર થયા તૈયાર, સેન્યા સહુ સજ કરીરે. ૧૪

જાણ્યું બંધવ એકલો કુંમકે, પુંઠ પોતે પળ્યારે;
બહુ શીઘ્રતાએ બળભદ્ર, પ્રભુને આવી મળ્યારે. ૧૫

પછે ખબર પધાર્યાની ભીમક, રાજાએ સાંભળીરે;
સામા આવી કર્યું સનમાન, પ્રીતેથી હળીમળીરે. ૧૬

પછે પધરાવ્યા પુર માંહે, ઉતાર્યા તે સ્થળેરે;
જાહાં ધાર્યો હુતો જાનીવાસો, થયું તે ઈચ્છાબળેરે. ૧૭

કીધું પુજન બહુ વીધી કૃષ્ણનું, રામનું પણ કર્યુંરે;
ઘણાં આપ્યાં આભુષણ વસ્ત્ર, રાજાનું મન ઠર્યુંરે. ૧૮

કીધી આગતા સ્વાગતા બહુ વીધી, ને રાયજી વળ્યારે;
સમાચાર જાણી પુરલોક, સહુ જોવા મળ્યારે. ૧૯

જોઈ સ્વરૂપ સુઘડતા શ્રીકૃષ્ણની, મોહ પામ્યું સહુરે;
આતો વર છે શ્રીરૂક્મણી જોડ, જોડું શોભે બહુરે. ૨૦

અમારા કાંઈ સુકૃત હોય તે, આવિને આંહા ફળોરે;
તેથકી પણ આ વર રૂકમણીને, નિશ્ચે મળોરે. ૨૧

હાવાં નગરીમાં ઘેર ઘેર તોરણ, કદળી સ્તંભ છેરે.
પરુ શોભા કહિ નવ જાય, વેવા આરંભ છેરે. ૨૨

હાવાં કન્યાને પિઠિ ચોળાય છે, મંગળ ગવાય છેરે,
પેલે શિશુપાળે ચોળી છે રાખ, પીઠી કેહેવાય છેરે. ૨૩

હાવા અંબિકા પુજવા કન્યા ચાલ્યાં, ત્યાં શોભા બણીરે;
મધ્ય ચરણ ચાલે છે આપ, વીટી વળી સ્ત્રી ઘણીરે. ૨૪

દેશ દેશના ભુપ આવ્યા તે સરવે, સાથે સજ થયારે;
ઉઘાડાં ધર્યાં છે ખડ્ગ, શસ્ત્ર પાંકી રહ્યાંરે. ૨૫

કન્યા પારવતીજી પુજ્યાં, ગોરાણી પુજાવિયાંરે;
કર્યું ધુપદિપ નૈવેદ, તંબોળ ધરાવિયાંરે. ૨૬

પુષ્પમાળા ધરિ કરિ આરતીને, પાએ લાગિયાંરે;
મુજને મળજો શ્રીકૃષ્ણ ભરથાર, એ ફળ માંગિયાંરે. ૨૭

ગુરૂ પત્નીને મુખદ્વારે બોલિને, ઉમયાયે એમ કહ્યુંરે;
તુને ઈચ્છાવર મળશે તે, કારણ જાણે સિદ્ધ થયું રે. ૨૮

સુણી એવું વળ્યાં સુકુમારી, સખીકર કરગ્રહીરે;
તે સમે નથી શોભાનો પાર, તે કેમ શકું કહીરે. ૨૯

લાંબી વાસુકી સરખી છે વેણ, સચિકણ સામળીરે;
અર્ધચંદ્રાકારે છે કપોળ, નાસા જાણે શુક વળીરે. ૩૦

કોટી સસી ને સુરજ ઝાંખા પડ્યા, મુખ એનું નિરખતાંરે;
દંત પંગત કુદ કળી પુષ્પ, વરખે છે હરખતાંરે; ૩૧

મોહોટી અણિઆળી ચંચળ આંખડી, ત્રાજડું શોભીએરે;
રદેકર કટી સીંહ સમાન, હરીમન લોભીએરે. ૩૨

ચાલે મંદગતી ગજ સરખડી, નૂતન વસ્ત્ર છેરે;
શોભે નખશિખ આભ્રણ, અત્યદુષ્ટ ઉર સહસ્ત્ર છેરે. ૩૩

હાવાં પ્રાણપતી દીઠા સનમુખ, નીરખવા કારણેરે;
વામ હસ્તે ઊંચા કીધા કેશ તે, લટકાને વારણેરે. ૩૪

એવી શોભા જોઈને મુરછિત, થયા સહુ જન ભૂપતીરે;
પ્રભુ જોતાં સહુ સ્ત્રી જનની, પણ થઈ એ ગતીરે. ૩૫

પછી તે સમે તારૂણી નેત્ર વડે, નાથ તેડીઆરે;
પ્રભુજી કેહે સમો છે હાંક, કેહેતાં અશ્વ ખેડીયા રે. ૩૬

નીજ રથ દંડ ગ્રહી ઉભાં રૂકમણી, રથ ત્યાંહાં આણ્યો સહીરે;
પ્રભુએ પોતાના રથ માંહે, ખેંચી લીધાં કર ગ્રહી રે. ૩૭

પાસે બેસાડીને રથ હાંક્યો, આનંદ અતિ થયો રે;
જે જે શબ્દ કરે સુરીજંન, રૂકમણીકર હરી ગ્રહ્યો રે. ૩૮

વલણ

હરી ગ્રહ્યો કર જાણીનેરે, હરખ્યાં સરવ સ્વજંન રે;
પેલા રાજાઓની મુરછા વળી, થઈ ગયાં શ્યામ વદંન રે. ૧

એરે આ શું થયું કૃષ્ણે, કર્યું કન્યા હરણ રે;
શું મોહોડું કોઈને દેખાડીશું, આ થકી સારૂં મરણરે. ૨

મીઠું ૩

વળતા શુકજી તે વણી એમ ઉચર્યા, સાંભળ પરિક્ષિત રાય;
હાવાં ત્યાર પછી કયમ નીપજ્યું, તુજને કહું તે કથાય;
જેજે બોલો શ્રી રકમણીનાથની.

વર કન્યાં તો આગળ પધારીયાં, પુઠળ સેન્યા બળરામ;
પાછળ શત્રુનું દળ દીઠું આવતું, ઉભા રહ્યા તેણે ઠામ – જેજે૦ ૨

માનભંગ થયારે સરવે ભૂપતી, તેણે ધારી એ બુદ્ધ;
પાછાં વળતાં તો નાક જાય છે કન્યા લો કરી જુદ્ધ – જેજે૦ ૩

આવ્યા બાણના મેહ વરસાવતા, રીસે બળતા સહુ થાય;
જાદવ સેન્યા ઢાંકી લીધી સરવડે, દાંત પીસંતા જાય – જેજે૦ ૪

વળતા જાદવ જુદ્ધને વીફર્યાં, વીધ્યાં સહુનાં શરીર;
સેન્યાં મારી સુવાડીરે સાથરે, નાઠા વીર મુકી ધીર – જેજે૦ ૫

રૂકમૈયો બોલ્યો શિશુપાળસું, સાંભળ માહારૂં પણ એક;
જો હું રૂકમણી પાખે પાછો ફરૂં, પુરમાં પેસું નહિ છેક – જેજે૦ ૬

બીજે મારગે કૃષ્ણ પુઠે પળ્યો, બકતો બકતો બહુ જોર;
ઊભો રેહ ઊભો રેહ ક્યાંહ જાય છે, માહારી ભગનીના ચોર– જેજે૦ ૭

એવું કહી ત્રણ બાણ ત્યાંહ મુકીયાં, છબીલે છેદ્યાં તતકાળ;
દેખી પાંચ ફેક્યાં બીજાં પાપીયે, તે પણ ભાગ્યાં શ્રીગોપાળ – જેજે૦ ૮

પછે શ્રીકૃષ્ણે ત્રણ સર છોડીયાં, છેધૂં સારથીનું શીશ;
રથ ભાંગ્યો ધનુષ ત્રોડી નાખ્યું, એહેવું કીધું શ્રી જગદીશ – જેજે૦ ૯

બીજાું કોડંડ ગ્રહ્યું તે પણ કાપીયું, ત્રીજાંની પણએ ગત્ય;
વળતો ખડગ ચરમ લઈ દ્રોડિઓ, રિસે દાધ્યો છે અત્ય – જેજે૦ ૧૦

પ્રભુએ પણ વિદ્યાધર ખડ્ગ કાહાડીયું, સામા ધસ્યા કરી ક્રોધ;
જેહેવે મસ્તક છેદેછે શ્રીહરી, કીધો રૂકમણીએ રોધ – જેજે૦ ૧૧

એ ના ઘટે નાથ ચતુરશિરોમણિ, અપજશ જગતમાં થાય;
જેવો તેવો પણ ભાઈ એ માહારો, સાળો તમારો કહેવાય – જેજે૦ ૧૨

પ્રભુએ ધાર્યું જે રાણી રૂસે નહી, ધાર્યું મારૂં પણ થાય;
માર્યા સરીખો કેહેવાય રહે જીવતો, એહેવો રચવો ઉપાય – જેજે૦ ૧૩

ડાઢી મુછ મુંડીને પટા પાડીયા, શસ્ત્રે કરીને શ્રીનાથ;
રથની સાંગી પુઠળ લટકાવીયો, વસ્ત્રે બાંધ્યો બેહુ હાથ – જેજે૦ ૧૪

એહેવે બળભદ્ર પુઠળથી આવીયા, જીતીને સહુ રાય;
દીઠો રૂકમૈયાને રથે બાંધીઓ, ઘણું લજવાતો જાય – જેજે૦ ૧૫

હાં હાં આ શું કર્યું ભાઈ ના ઘટે, આશો કીધો કદ્રુપ;
એહેને મરણથકી અદિકું થયું, એ છે અહંકારી ભૂપ – જેજે૦ ૧૬

રૂકમણીજીને રૂડું મનાવવા, કીધો વચન વિવેક;
છોડી મુક્યો રૂકમૈયો હળધરે, બંધે ધવ એક – જેજે૦ ૧૭

પછે લીધાનું ફળ એ પટા પડ્યા જવાયું નહી, વાસ્યું ભુજ કછ શેહેર;
પણ લીધાનું ફળ એ પટા પડ્યા જવાયું નહી, ઘેહેર – જેજે૦ ૧૮

હાવાં શિશુપાળની શી શોભા થઈ, થોડી સરખી હું કેહેશ;
ઠાલો ચાલ્યો તે નાક છેદાઈ ગયું, અંગે પીઠી મુખે મેશ – જેજે૦ ૧૯

નગારાં ને નીશાન સંતાડ્યાં, મુખે પડી ગયા શોશ;
સહુકો સમસાનીઆ સરખા સનમન્યા, જાણે મુએ દમઘોષ – જેજે૦ ૨૦

જરાસંધે ત્યાંહાં આસનાવાસના કરી, હું પણ હાર્યો સતરવાર;
તોહે મેં કાંઈ દુખરે નોતું ધર્યું, એહેવો ધારવો વિચાર – જેજે૦ ૨૧

અરે હાવાં દ્વારામતી પ્રભુ પોહોંચ્યા, સેન્યા સહિત બળરામ;
સામા ઉગ્રસેન આવ્યા સોભા ભર્યા, પધરાવ્યા નિજ ધામ – જેજે૦ ૨૨

જોશી તેડાવ્યા શ્રી વાસુદેવજી, લગ્ન લીધું શુભ સાર;
લખી સજન સરવને કંકોતરી, તેડાવ્યાં તેણીવાર – જેજે૦ ૨૩

મોહોટો મંડપ રચ્યોરે સોહામણો, વાજાં વાજે અપાર;
મંગળ ગાનકરે સરવને કંકોતરી,તેડાવ્યાં તેણીવાર – જેજે૦ ૨૪

વરકન્યાને પીઠી ચોળાય છે, ગોત્રજ દેવ્યા પૂજાય;
વૃદ્ધ શ્રાદ્ધ કીધું છે વાસુદેવજી, દેવકી હરખ ન માય – જેજે૦ ૨૫

વરવહુને મંડપમાં પધરાવ્યાં, વિપ્ર કરે વેદ ગાન;
કોઈએક કન્યાનાં માત પિતા થયાં, તેણે દીધું કન્યાદાન – જેજે૦ ૨૬

હસ્ત મેલાપ થયો નેમંગળ ફેરા ફર્યા, કીધા સર્વ પ્રકાર;
લાડકોડ રીતેભાતે શ્રી હરી, આરોગ્યા છે કંસાર – જેજે૦ ૨૭

સહુને કંસાર ભોજન કરાવ્યાં, સંતોખ્યા સહુ જન;
બેહેન ભાણેજ પુજ્યને પોખ્યાં, હરખ્યું સહુકોનું મન – જેજે૦ ૨૮

કુળની રીતે પછી છોડ્યા દોરડા; આનંદ વરત્યો અપાર;
રાણી રૂકમણી પરણ્યાં શ્રીકૃષ્ણને, થઈ રહ્યો જે જે કાર – જેજે૦ ૨૯

કવિજનને કૃપા કરી શ્રી હરી, કીધાં દુખ સહુ ભંગ;
અંગ સહિત આપી પ્રેમલક્ષણા, ભક્તી નીત સતસંગ – જેજે૦ ૩૦

ગુર્જરદેશમાં શ્રી નર્મદાજી તટ, ચંદીપુર ચારૂ ગ્રામ;
ત્યાંહાં શ્રી શેષશાઈ પ્રભુ વસે, ત્યાંહાં કવિનો વિશ્રામ – જેજે૦ ૩૧

જ્ઞાતિ વિપ્ર નાગરરે સાઠોદરો, ભટ દયાશંકર નામ;
વૈષ્ણવ વલ્લભી શ્રી ગુરૂ પ્રતાપથી, ગાયા ગુણ ઘનશ્યામ – જેજે૦ ૩૨

ત્રણ મીઠે શ્રીરૂકમણીહરણ કથ્યું, એક સો પંદર પદ સાર;
શ્રી ભાગવત અનુસારે સંક્ષેપે કહ્યું, જે મહિમા એનો અપાર – જેજે૦ ૩૩

જે કો ગાએ શિખે ને સાંભળે, પુરે મન વાંછિત કામ;
પ્રેમે પાઠ કરતાં મળે શ્રીહરી, એમકહે દયારામ – જેજે૦ ૩૪

વલણ

દયાશંકર કહે કથારે, સુંદર શાર ચરીત્ર;
શ્રવણથી સુખ હોય સહુને, પતિત થાય પવિત્ર. ૧

કરતા હરતા શ્રી મહા પ્રભુરે,હું તો કેહવાઉં માત્ર;
સુણજો ભણજો ભાવ ધરીને, થાશો સહુ સુખ પાત્ર. ૨

પદ ૧ લું. રાગ રામગ્રી.

પ્રથમ હું પ્રણમૂં શ્રી ગુરૂના પાયજી, માંગલ્યરૂપ શ્રીવલ્લભરાયજી;
શ્રીવિઠ્ઠલ ગિરિધરલાલજી, જેને સમરે થૈયે ન્યાહાલજી. ૧

અષ્ટ સખાને કરૂં પ્રાણામજી, શ્રીકૃષ્ણ ગુણકેરાં ધામજી;
મુજ રૂદિયામાં પુરો નિવાસજી, શુભ મતિ જ્યમ થાય પ્રકાશજી. ૨

ઢાળ.

થાય પ્રકાશ તો વર્ણન કરૂં, પ્રેમરસગીતાતણૂં;
વૃજવનિતા ઉદ્ધવતણૂં, જેમાં ઉત્તર પ્રતિ ઉત્તર ઘણૂં. ૩

એક સમે ઉદ્વેગી સરખા, અવલોકી વૃજનાથને;
પૂછીયૂં ત્યાંહાં તે સમે, ઉધ્ધવે જોડી હાથને. ૪

કોહો પ્રભૂ અભિપ્રાય શો ચિત, ઉદાસી સરખૂં થયૂં;
કૃપા કરી નીજ દાસને, હોય કારણ જોઈયે તે કહ્યૂં. ૫

શ્રી વિઠ્ઠલજી વદ્યા વળતૂં, શૂં કહૂં અથથી તે કથા;
શ્રીગોકુળના ભક્તનો સ્નેહ, વિસરતો નથી સર્વથા. ૬

લોક વેદની લાજ તજી, મુજમાટે દુખ સરવે સહ્યૂં;
દયાના પ્રભૂ પ્રાણવલ્લભ, તેણે ઉદ્ધવસું કહ્યૂં. ૭

પદ ૯ મું. રાગ રામગ્રી.

એમ પરસ્પર હરિ ગુણ ગાતાંજી, વાર નવ લાગી રજની જાતાંજી;
વાહાલા વાત ન આવે પારજી, રાત્રી રહી પાછલી ઘટી ચારજી. ૧

મહિડૂં વલોવે વૃજની બાળાજી, ગાય ગોવિંદગુણ અતીસેં રસાળાજી;
નામધુની કોઈ ગાય મુખે ગીતજી, ચિંતવે અહરનીશ નાથને ચિત્તજી. ૨

ઢાળ.

ચિત્ત ચિન્તન કરે નિશદીન. રસીકવરનાં રૂપનૂં;
ઉદ્ધવે વૃજ આસક્ત દીઠૂં, સરવે શ્યામસ્વરૂપનૂં. ૧

ધન ધન ભાયગ ગોપીનું જોઈ, ચિકીત ઓધવજી થયા;
કૃત કૃત્ય છે એમ કેહેતા, સ્નાનને અર્થે ગયા. ૨

એટલે અજવાળું તયું, સહૂ બાળા નીકળી બારણે;
દેખી પથ નંદદ્વારે મળી, સહુકો પુછવા કારણે. ૩

પરસ્પર પૂછે સખી, એ કોણ છે રથનો ધણી;
શું અક્રૂરિયો ફરીરે આવ્યો, એકવાર તો ગયો છે હણી. ૪

હોય એ દુસમન તો કરો સીક્ષા, ગોકુળથિ કાહાડો પરો;
હોય દયાના પ્રભુ પ્રાણવલ્લભ, કદાપી નિશ્ચે કરો. ૫

પદ. ૧૪ મું. રાગ રામગ્રી.

ઓધવજી કહે સુણો વૃજની નારીજી, નગણા નથી કાંઈ ગિરવરધારીજી;
સ્વપર નથી હરિને સર્વ સમાનજી, ભક્તને આપે અભય પદદાનજી. ૧

સાક્ષી સર્વનાં અંતર જાણેજી, વસ્યા સચરાચર સર્વ ઠેકાણેજી.
ઘંટમાં નાદ જ્યમ પુષ્પમાં સુવાસજી, એમ અખિલમાં વસ્યા અવિનાસજી.૨

અવિનાશ એમ વસ્યા સઘળે, વિજોગ તેનો ન સંભવે;
તમો વિવેકી યમ કયમ કહો એ, અજ્ઞાની હોય તે લવે. ૧

પદ્માસન વાળી કરી, નાસાગ્ર દષ્ટી રાખીયે;
ચિત્ત એકાગ્ર કરીને મુન્ય, ધરી સોહમ ભાખીયે. ૨

પ્રાણાયામ અભ્યાસ કરીને, રાજ્ય મારગે ચાલીયે;
ત્રિકુટી ભેદી ગગંન ચઢીને, બ્રહ્માનંદ સુખ મ્હાલિયે. ૩

પોતામાં પોતાનો આત્મા, રામ નિત્યે દેખીયે;
જોગ મારસો ઝાંખતાં, પરીબ્રહ્મ પાસે પેખીયે. ૪

એ જોગનો ઉપદેશ તમને, ઉદ્ધારે હરી કહાવિયો;
દયાના પ્રભૂ પ્રાણવલ્લભે, કૃપા કરીને બતાવિયો. ૫

પદ ૨૧ મું. રાગ રામગ્રી.

ગોપી કહે સુણો ઓધવ ભ્રાતજી, કહેજો હમારી સહુ પ્રભૂને વાતજી;
ફરી ફરી વીનતી એ કહેજો હમારીજી, જ્યમ ત્યમ વ્હેલા આવે વૃજમાં વિહારીજી.૧

પ્રાન ટક્યો છે કહેજો એક તમ આશેજી, કહેજો કહાવ્યૂં છે તમારી દાસેજી;
નંદ યશોદા સહુ એમ કહાવેજી, ઓધવજી કહેજો હરી વૃજ વ્હાવેજી. ૨

ઢાળ.

આવે વૃજ એમ કહી સરવે, ભેટ સામગરી ઘણી;
મોકલી હરીને લઈ ઓધવ, પધાર્યાં મથુરાભણી. ૧

મળ્યા આવી મથૂરાનાથને, પ્રણામ કીધો પ્રીતશું;
સમાચાર કહ્યા સરવે જેમ, ભક્તે કાહાવ્યા રીતશું. ૨

માહારાજ વૃજવાસીતણો, સ્નેહ કેમ કહું મુખેકથી;
તેમાં ગોપીકાનો પ્રેમ તે તો, કહેવા કોઈ સમ્રથ નથી. ૩

ફરી ફરી એમ કહ્યૂં છે જે, વ્હેલા વૃજ પ્રભૂ આવિયે;
કૃપા કરી શ્રીકૃષ્ણજી એ, અરજ મનમાં લાવિયે. ૪

ઘણું વખાણે વૃજનારને ઓધવ, મન ગયૂં છે ગળી;
દયાના પ્રભૂ પ્રાણવલ્લભ, પ્રત્યે કહે છે વળી વળી. ૫

પદ ૨૨ મું.

જે ગાય શીખે ને સાંભળે તેને, પ્રસન થાય વૃજનો ધણી;
પ્રેમલક્ષણા ભક્તી રે આપે, આસ પૂરે તે મનતણી. ૧

એ પ્રેમસર ગીતાતણા, એખવીસ પદ પ્રેમે કર્યા;
એક એક પદમાં ચરણ નવ નવ, સુંદર સ્નેહથકી ધર્યો. ૨

શ્રીનર્મદાત્રટ ઉપરે એક, ચારૂ ચંડી ગ્રામ છે;
શ્રીશેષસાઈ સમીપે કવી, જન કર્યો વીસરામ છે. ૩

ન્યાતી નાગર વૈષ્ણવ વલ્લભી, દયાશંકર નામ છે;
ગાઈ પ્રેમરસગીતા, ગુરૂ પ્રતાપે હરી ધામ છે. ૪

પાંચ તુક છે અધીક અંતે, બેશતમાં ખટમાં ખટ નુન્ય છે;
શ્રોતા વક્તા શ્રીકૃષ્ણ બોલો, અધિક સહુથી પુન્ય છે. ૫

ooo

રેવાશંકર (૧૮મી ઉત્તરાર્ધ–૧૯મી પૂર્વાર્ધ)

નાગર કવિ. કૃષ્ણ વિશેનાં પદો લખ્યાં છે.

૧ પદ

શિવનું બાલકૃષ્ણ દર્શન

(ચંદ્રાવળા)

એક અવધૂત વિભૂત તન ધારી, અશ્રુત ઉજ્જવલ અંગ,
અકલ અરૂપ સકળ સુર સેવે, અદ્રિસુતા અરધંગ.

અદ્રિસુતા અરધંગ તે આણી, ડમરુ ડાક પિનાક છે પાણિ,
રેવાશંકર શુભકારી, એક અબધૂત વિભૂત તન ધારી.

આંગણે આવી અલખ જગાવી, કીધો શીંગીશોર,
નંદરાણી ગભરાણી ઘરમાં, ગોપમાં વાયો હોર.

ગોપમાં વાય હોર તે જઈને, માતા મનમાં વિસ્મય થઈને,
સુતને લીધો હૃદય લગાવી, આંગણે આવી અલખ જગાવી.

જશોદા જોગીરાજને નીરખી, ભાવ ભરી ભરપૂર,
લ્યો ભિક્ષા રક્ષા કરો સુતની, દૃષ્ટિ પડે, રહો દૂર;

દૃષ્ટિ પડે, રહો દૂર દિગંબર, પે'રો તો આપું પટ અંબર;
હર ઉત્તર હવે દે છે હરખી, જશોદા જોગીરાજને નીરખી.

આદ્ય પુરુષ ને અલખ નિરંજન, જે અનંત અવિનાશ,
રોમ રોમ બ્રહ્માંડ ભમે તે, પડખમાં લેઈ પાસ;

પડખામાં લેઈ પાસ પલંગે, અર્ભક જાણીને ઉછરંગે,
અંબુજ–આંખે આંજતી અંજન, આદ્ય પુરુષને અલખ નિરંજન.

શ્રવણ સુણી શુભ વેણ શંકરનાં, વાધ્યો ચિત્ત વિચાર,
કારમો ક્યમ લઈ જાઊં કુંવરને, સર્વાંગે સુકુમાર;

સર્વાંગે સુકુમાર શરીરે. શિશુ સંકુચાયે શીત સમીરે,
વચન જાય ક્યમ જોગેશ્વરનાં, શ્રવણ સુણી શુભ વેણ શંકરનાં.

જશોમતી, બીજું કાંઈ ન જાચું, સાચું કહું સુણ વેણ,
અંતરમાં અભિલાષા એવી, નંદકુંવરને નેણ;

નંદ કુંવરને નેણ નિહાળી, પુત્ર પધરાવ વચન પ્રતિપાળી,
રૂપ જોઈ હૃદયામાં રાચું, જશોમતી, બીજું કાંઈ ન જાચું.

જત્ન કરી જશોદા મહતારી, બાળક લાવી બહાર,
દર્શન કરી દિગંબર રીઝ્યા, ઉમંગ્યા ઉર અપાર;

ઉમંગ્યા ઉર અપાર અવિનાશી,કર્યું કુતૂહલ કૈલાસવાસી,
તાંડન નૃત્ય કર્યું ત્રિપુરારિ, જત્ન કરી જશોદા મહતારી.

પરસ્પરે પ્રભુતાયે પરખ્યા, રીઝ્યા હૃદય મોઝાર,
અદ્‌ભુત અવિગતની ગતિ દેખી, તૃપ્ત થયા ત્રિપુરાર;

તૃપ્ત થયા ત્રિપુરાર તે ટાણે, અન્યો અન્ય બન્યો મન જાણે,
રસિયા હરિ-હર હઈએ હરખ્યા, પરસ્પરે પ્રભુતાને પરખ્યા. ooo

ગિરધર(૧૮મી ઉત્તરાર્ધ–૧૯મી પૂર્વાર્ધ; જ.૧૭૮૭–અવ.૧૮૫૨)

પદો, આખ્યાનો, સ્તુતિઓ એમ બહોળું લેખન કરનાર આ કવિનું રામાયણ('ગિરધરકૃત રામાયણ') ખૂબ લોકપ્રચલિત થયેલી, ૨૯૯ કડવાંની ૯૫૫૧ કડીની મહત્ત્વની કૃતિ છે.

રામાયણ -માંથી

(કૌશલ્યાની વેદના)

ત્યારે માતા કૌશલ્યાજી બોલિયાં હો વાલા રે;
તુંને નહિ જાવા દઉં વન, કુંવર કાલા રે. ૧

ઘણી કોમળ છે તારી દેહડી, હો વાલા રે;
મારા લાડકવાયા તન, કુંવર કાલા રે. ૨

તને ગુપ્ત રાખું મારી વાડીમાં, હો વાલા રે;
બીજું અવર ન જાણે જ્યમ, કુંવર કાલા રે. ૩

મેં તો તુજ વિણ રહેવાયે નહિ, હો વાલા રે;
મુંને મૂકીને જાશો ક્યમ? કુંવર કાલા રે. ૪

પાયે કંકર કંટક ખૂંચશે, હો વાલા રે;
નહિ ચલાયે વસમી વાટ, કુંવર કાલા રે. ૫

વેઠવી શીત આતપ ને વૃષા, હો વાલા રે;
ક્યમ ઓળંગશો ગિરિઘાટ? કુંવર કાલા રે. ૬
વ્યાઘ્ર સિંહ વનમાં ઘણા, હો વાલા રે;
સર્પ સૌહર ને વૃક રક્ષ, કુંવર કાલા રે. ૭

રજનીચર સાથે જુદ્ધ થશે, હો વાલા રે;
કોણ કરશે તમારી પક્ષ? કુંવર કાલા રે. ૮

વનમાં વલ્કલ ક્યમ પહેરશો? હો વાલા રે;
તજી વસ્ત્ર આભૂષણ સાર, કુંવર કાલા રે. ૯

અહીં જમતા ભોજન ભાવતાં, હો વાલા રે;
ક્યમ કરશો વનફળ આહાર? કુંવર કાલા રે. ૧૦

તજી સજ્જા ભમરપલંગની, હો વાલા રે;
ક્યમ પોઢશો પૃથ્વી માંહ્ય? કુંવર કાલા રે. ૧૧

તારે બાલપણામાં વન શું? હો વાલા રે;
મારું વચન માની રહો આંહ્ય, કુંવર કાલા રે. ૧૨

મારે કિયા જનમનાં કરમ હશે? હો વાલા રે;
તે આવીને નડિયાં આજ, કુંવર કાલા રે. ૧૩

તે દૈવ રંગમાં ભંગ કર્યો, હો વાલા રે;
કર્યું વન તજીને રાજ, કુંવર કાલા રે. ૧૪

વાત સાંભળી વંન જવા તણી, હો વાલા રે;
વહેરે કરવત કાળજામાંહ્ય, કુંવર કાલા રે. ૧૫

દવ લાગ્યો મારા અંગમાં, હો વાલા રે;
હવે નાસીને જઈએ ક્યાંય, કુંવર કાલા રે. ૧૬

મારો પાપી પ્રાણ જતો નથી, હો વાલા રે;
હશે કોણ કરમના ભોગ, કુંવર કાલા રે. ૧૭

એમ કહીને રૂએ રૂદેફાટ તે, હો વાલા રે;
ક્યમ સહેવાય પુત્રવિયોગ? કુંવર કાલા રે. ૧૮

ooo

મીઠો/મીઠુદાસ(૧૯મી સદી પૂર્વાર્ધ):

જ્ઞાતિએ ઢાઢી મુસલમાન એવા આ પદકવિ વૈષ્ણવધર્મી હતા. એમણે કૃષ્ણકીર્તન અને જ્ઞાનબોધ વિશે રચેલાં લોકપ્રિય ને મધુર-પ્રાસાદિક પદો થાળ, ભજન, રાસ એવા વિવિધ પ્રકારોનાં છે.

૧ રાસ; ૧ પદ

સાંભળ સહિયર વાતડી

સાંભળ સહિયર વાતડી, નૌતમ આસો માસ;
શરદપૂનમની રાતડી, ચંદ્ર ચડ્યો આકાશ.

એવામાં હરિ આવિયા, વૃંદાવનને ચોક;
મોરલીમાં વે વજાડિયા, તે સુણીયા ત્રિલોક.

અષ્ટકુળ પર્વત ડોલિયા, ડોલિયા નવકુળ નાગ;
મોર બપૈયા બોલિયા સાંભળતાં તે રાગ.

જાતાં વળતાં થંભિયાં, નદીઓ કેરાં નીર;
વછ ને બાળ વલભિયાં, પીતાં પીતાં ખીર.

ખગ મૃગ શ્રવણ ધરી રહ્યા, તરણ નવ દે ગાય;
ઠર્યો ઠાર ઠરી રહ્યાં, મુખ ચારો મુખમાંય.

પવન રહ્યો મુરઝાઈને, મુનિવર મૂક્યાં ધ્યાન;
વળી રહ્યાં વલભાઈને વહેલાં ગગન વિમાન.

વા નવ લે વન વેલડી, પ્રગટ થયાં ફલફૂલ;
વેંધાઈ નીકળી વણ બેલડી, અબળા સૌ કુળ શૂળ.

મોહી મોરલીના તાનમાં, વ્યાકુળ થઈ વ્રજનાર;
એકે એક નિશાનમાં; હીંડે હારોહાર.

નાકે ઓગનીઆ આણિયા, નેપુર પહેર્યાં હાથ;
મોર શ્રવણમાં સમાણિયા, કાંકણીઓ પગ સાથ.

સેંથે કાજળ સારિયાં, નયણે સારીયાં સિંદૂર,
સગાં કુટુંબ વિસારિયાં, સાગર સલિતા પૂર.

અવળાં આભરણ પહેરિયાં, અવળાં ઓઢ્યાં ચીર;
અવળાંયાં ઓઢ્યાં લહેરિયાં, ભૂલી શુદ્ધ શરીર.

એક એક આંજી આંખડી, એક એક છેક નગન;
ધરીહરિ ઉપર ધાંખડી, ફરી ફરી મળવા મન.

મહેલ્યા પિયુ સૂત ભ્રાતને, મહેલ્યાં માત ને તાત;
મહેલ્યાં નાત ને જાતને, જોતાં ઉત્પાત વાત.

મહેલ્યાં મંદિર મોહોલ માળિયાં મહેલ્યાં રાજ ને પાટ;
મહેલ્યાં ઝરુખા જાળિયાં, લીધી વ્રજની વાટ.

વન આવી વિનતા મળી, નમીયાં હરિને પાય
'જાઓ જાઓ પાછાં વળી,' એમ બોલ્યા જદુરાય.

'પુરુષ સેવો પોતાતણો, જેને દીધાં જળધાર.
તે તમને સોહામણો, હો પતિવ્રતા નાર.

પતિવ્રતા પ્રીછે નહિ, અવર પુરુષની આશ;
અર્ધરાત્રિ નીકળે નહિ, ઘર મેલી વનવાસ.

***

વળતે અબળા બોલિયાં, કાંહાં જઈએ કિરતાર;
નહીં ઘર નહિ ઘંઘોલિયાં, નહિ ઠરવાનો ઠાર.

તમ સારુ તજિયાં અમો, સગાં કુટુમ્બ પરિવાર;
તો તરછોડો કાં તમો, હરિ, છો હૈયાના હાર.

રંગ રમાડો રાસમાં, નહિ તો તજશું પ્રાણ;
વિઘ્ન થાશે વિલાસમાં, માતપિતાની આણ.

વળતી વહાલો શું કરે, અંગ થયા ઉલ્લાસ;
વસ્તારીને જે વરે, એટલે રચિયો રાસ;

જણ જણ સાથે જૂજવા, વાહાલે ધરિયા વેશ;
ઝી ઝી રાતે ઝાંખવા, ઊઠ્યા અજબે અનેક.

વેગે પલવટ વાળિયો, રાખી બાલી તાંહાં;
તન ઉપર લે નોળિયો, બળવંત ઝાલી બાંહ્ય.

બેહુ કર બેહુ કર કામિની, વચમાં વૈકુંઠનાથ;
બ્રજ-વરસાણાં ગામની, એકએકને ઝાલે હાથ.

ફરતાં ફરતાં ફેર ફરે, જાણે કનકના કોઢ;
મોર મુગટ મસ્તક ધરે, લટકે લોટ ને પોટ.

વાજીત્ર વાજાં વાજિયાં, સ્વરના ઉઠ્યા સોર;
તાલ પખાજ રે વાજિયાં, જંત્રતણા ઘનઘોર.

કડલાં કાંબી ઠણઠણકે; ઘુઘરીનો ઘમકાર;
પાયે તે વીંછિયા રણકે, ઝાંઝરનો ઝમકાર.

ધરતીનું પેટ ધ્રમ ધ્રમકે, હેઠળ સળકે શેષ;
ભૈરવનું અંગ મચમચકે; નાચે નાચ નરેશ.

દુંદુભિ વાજ્યાં દેવનાં, પુષ્પતણો વરસાદ;
પય સાકર ઘૃત સેવનાં, રમે જમે છે નાથ;

ફરી ફરી લે ફૂદડી, ગોપી ને ગોવિંદ;
ચુંબનની મુખ ચુંદડી, એક એક હસે આનંદ.

રમતમાં રમાવિયાં, પૂરણ થયા પ્રસન્ન;
જ્યમ આવ્યા ત્યમ ફાવિયાં, દરસ થયાં દરશન.

રજની કરી ખટમાસની, સહુની પૂરી આશ;
કહે મીઠો એ રાસની; વાત વદિયા શ્રીવ્યાસ.

૫૬

એમ મારા વાલાને વઢીને કહેજો રે

એ ઓધાજી એમા મારા વા'લાને વઢીને કે જો રે...
માને તો મનાવી લેજો રે, મારા...

મથુરાના રાજા થ્યા છો, ગોવાળુંને ભૂલી ગ્યા છો,
માનેતીને મોલે ગ્યા છો રે... મારા...

જમુનાને તીરે જતાં, માખણ લૂંટી ખાતાં,
ભૂલી ગ્યા ઈ જૂના નાતા રે... મારા...

એક વાર ગોકુળ આવો, માતાજીને મોઢે થાવો,
ગાયુંને સંભારી જાવો રે... મારા...

તમારી મરજીમાં રે'શું, જે જોઈએ તે લાવી દેશું,
કુબજાને પટરાણી કે'શું રે... મારા...

દાસ રે મીઠાના સ્વામી, પડી શું અમારી ખામી,
આવો હવે અંતરજામી રે... મારા...

ooo

૯૯	ગેમલ
૧૦૦	ધનો/ ધના ભગત
૧૦૧	ડુંગરપુરી
૧૦૨	રઘુનાથ દાસ
૧૦૩	રણછોડજી દિવાન
૧૦૪	મનોહર સ્વામી / સચ્ચિદાનંદ
૧૦૫	અમીવિજય
૧૦૬	અમરસંગ
૧૦૭	હોથી

ગેમલ (૧૯મી પૂર્વાર્ધ):

ગેમલજી/ગેમલદાસ/ઘેમલસી એવી નામછાપ ધરાવતા આ પદકવિનાં પદો-ગરબીઓ મુખ્યત્વે કૃષ્ણભક્તિની રચનાઓ છે. થોડીક રચનાઓ ભક્તિઉપદેશની પણ છે. આ કવિનાં પદોની ભાષા સરળ ને પ્રાસાદિક છે. ખૂબ લોકપ્રિય નીવડેલું એમનું પદ 'હરિને ભજતાં...' ક્યાંક પ્રેમળદાસ એવી નામછાપની પણ મુદ્રિત થયેલું છે.

૧ પદ

હરિને ભજતાં...

હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે;
જેની સુરતા શામળિયા સાથ, વદે વેદવાણી રે.

વહાલે ઉગાર્યો પ્રહ્‌લાદ, હરણાકંસ માર્યો રે;
વિભીષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે. હરિને

વહાલે નરસિંહ મહેતાને હાર, હાથોહાથ આપ્યો રે;
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી થાપ્યો રે. હરિને

વહાલે મીરાં તે બાઈનાં ઝેર હળાહળ પીધાં રે;
પંચાળીનાં પૂર્યાં ચીર, પાંડવ કામ કીધાં રે. હરીને

વહાલે આગે સંતોનાં કામ, પૂરણ કરિયાં રે;
ગુણ ગાયે ગેમલ કર જોડ, હેતે દુખ હરિયાં રે. હરીને

ooo

૧૦૦

ધનો / ધના ભગત(૧૯મી સદી પૂર્વાર્ધ)

ધના ભગત/ધનોજી તરીકે જાણીતા આ કવિએ થોડાંક ભક્તિપદો ઉપરાંત 'માતાજીની હમચી' નામની એક કૃતિ પણ રચી છે. 'રામબાણ વાગ્યાં હોય તે જાણે' એ પદથી એ વિશેષ જાણીતા થયેલા છે.

૨ પદો

૧

.રામબાણ વાગ્યાં હોય તે જાણે

રામબાણ વાગ્યાં હોય તે જાણે! પ્રભુનાં બાણ વાગ્યાં હોય તે જાણે;
ઓલ્યા મૂરખ મનમાં શું આણે? રામબાણ વાગ્યાં હોય તે જાણે.

ધ્રુવને લાગ્યાં, પ્રહ્‌લાદને લાગ્યાં, તે ઠરીને બેઠા રે ઠેકાણે;
ગર્ભવાસમાં શુકદેવજીને લાગ્યાં, એ તો વેદ-વચન પ્રમાણે. રામબાણ

મોરધ્વજ રાજાનું મન હરી લેવા હરિ આવ્યા જે ટાણે;
લઈ કરવત સ્તક પર મેલ્યું, પત્ની-પુત્ર બેઈ તાણે. રામબાણ

મીરાંબાઈ ઉપર ક્રોધ કરીને, રાણોજી ખડ્‌ગ જ તાણે;
વિષના પ્યાલા ગિરધરલાલે આરોગ્યા એ તો અમૃતને ઠેકાણે. રામબાણ

નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી, ખેપ ભરી ખરે ટાણે;
આગળ સંત અનેક ઓધાર્યા, એવું ધનો ભગત ઉર આણે. રામબાણ

૨

હે કોઈ અલખ આરાધો, હે બોલે બાવનની બહાર;
નિગમ 'નેતિ' કહે છે, વાણીની પાર રે. હે કોઈ.

અજનાં ટોળાંમાંહે જ્યમ સિંહ રે બંધાય;
રાજકુંવર તો રાંકામાં રોળાય રે. હે કોઈ.

પંચ ને ધાતુ હે જ્યમ પારસ પરસાય;
લોઢું મટીને એનું કંચન થાય રે. હે કોઈ.

સરિતા ને સિંધુ હે જેમ સાગરમાં જાય;
લવણની પૂતળી ઉદકમાં ગળી જાય રે. હે કોઈ.

પાંચ, સાત, નવ દશ હે ચોવીસ ને જાણે;
પચીસમો મેલીને છવીસમાંને ભાળ રે. હે કોઈ.

અનલ જનાવર હે ઈંડાં મૂકીને જાય;
વણ રે સેવ્યાં સેવાઈ આપે ઓળખાય. રે. હે કોઈ.

ચટકેલ કીડો હે જ્યમ ભમરી રે થાય;
પૂરા મળે ત્યારે પ્રભુ ઓળખાય રે. હે કોઈ.

હરિ–ગુરુ–સંતની હે જેને કિરપાયું થાય;
દાસ ધનો કે': હીરે હીરો વિંધાય રે. હે કોઈ.

ooo

૧૦૧

ડુંગરપુરી(૧૯મી પૂર્વાર્ધ)

આ સાધુ કવિએ આધ્યાત્મિક અનુભવોને રૂપકાત્મક યૌગિક પરિભાષામાં આલેખ્યા છે.

૧ પદ

દલ-દરિયામેં ડૂબકી

દલ-દરિયા મેં ડૂબકી દેતા,
મોતી રે લેણા ગોતી એ જી,
ખારા સમદર મેં છીપ બસતા હે,
ભાત ભાતરાં ગોતી એ જી,

એ મોતી કોઈ મરજીવા માણે
નહીં પુસ્તક નહીં પોથી રે. –દલ

મુખા કમળ પર મરઘા કમળ હે,
તા પર ગંગા હોતી એ જી,
તન કર સાબુ, મન કર પાણી,
ધોઈ લેણા હરદારી ધોતી રે .–દલ

રણુંકાર મેં ઝણુંકાર હે,
ઝણુંકાર મેં જ્યોતિ એ જી,
એ જ્યોતિ અભેપદ હોતી,
વહાં હે એક મોતી રે. –દલ

નવ દુવારા, દસમી ખડકી,
ખડકી મેં એક ખડકી એ જી,
એ ખડકી કોઈ સતગુરુ ખોલે
કૂંચી ઉનરા ઘરકી રે. –દલ

ડાબી ઈંગલા, જમણી પીંગલા.
નુરત સુરત કર જોતી.
દેવ ડુંગરપુરી બોલિયા,
હું હરખે હાર પરોતી–
દલ-દરિયામેં ડૂબકી દેણ,
મોતી રે લેણા ગોતી. –દલ

ooo

૧૦૨

રઘુનાથદાસ (૧૯મી સદી પૂર્વાર્ધ)

પુષ્ટીમાર્ગીય આ વૈષ્ણવ કવિએ પદો ઉપરાંત ધ્રુવાખ્યાન, રુક્મિણીવિવાહ કૃતિઓ રચી છે.

૧ પદ

શ્યામને સંદેશો

ઓધવજી સંદેશો કહેજો શ્યામને, મારા સમ જો મૂકી મનનો મેલ જો;
કાનુડો કપટી આવડો કેમ થયો, છળ કરીને છેતરીયે નહીં છેલ જો. ઓ૦

આટલા દિવસ રે આવું નવ જાણતી, ધરથી ન જાણ્યા ધૂતારાના ઢંગ જો;
પાણીડાં પીને રે ઘર શું પૂછિયે, બાળપણામાં કીધો એ શું સંગ જો. ઓ૦

અણતેડ્યાં જાતાં રે નંદને આંગણે, વણ કરાવ્યાં કરતાં ઘરનાં કામ જો;
એવે રે મિષે જઈ મળતાં માવને, પલકે પલકે કરતી હું પરણામ જો. ઓ૦

દીવડિયા મિષે રે દૂરથકી આવતી, વડો કરીને વળતી વારંવાર જો;
મોહનનાં મુખનાં રે લેતી મીઠડાં, જશોદા મુજને કહેતાં નિર્લજ નાર જો. ઓ૦

માડીથી છાના રે મેવા લાવતાં, વાટકીમાં દોતાં ગૌરી ગાય જો;
દૂધ ને દહીંયે રે હરિને સિંચતાં, મેં જાણ્યું જે જીવન મોટા થાય જો. ઓ૦

વેરીડાં કીધાં રે વ્રજનાં લોકને, વાલા કીધા ગોપી ગિરિધરલાલ જો;
ફૂલડિયે પાંખડિયે હું નહિ ડૂબતી, કેમ વિસાર્યું વિઠ્ઠલજીએ વ્હાલ જો. ઓ૦

જમાડી જમતાં રે જીવન પ્રાણને, પવન કરીને પોઢાડતી પર્યંક જો;
એવાં રે સુખડાં તો સુને વહી ગયાં, વેરી વિધાતાએ અવળા લખીયા અંક જો.ઓ૦

આભૂષણ ધરતાં રે હરિને અતિઘણાં, મોર મુગટ ને કુંડળ ઝળકે કાન જો;
રાજની રીતિએ મોહન માલતાં, નિત્ય નિત્ય નિરખી જોતી નવલે વાન જો. ઓ૦

વાસીદું વાળતાં ધરતી માતનું, રખે રજ ઊડે રસિયાને અંગ જો;
આંખલડીઆગળથી હરિ નવ મૂકતી, શા માટે હરિ તજ્યો અમારો સંગ જો.ઓ૦

દુઃખડાની વાતો રે ક્યાં જઈ દાખવું, કહિયે છીયે પણ કહ્યું ન માને કોઈ જો;
કૂવાની છાંયડી તે કૂવામાં શમે, તસ્કરની મા કોઠીમાં પેશી રોય જો. ઓ૦

અમારા અવગુણ રે, હરિના ગુણ ઘણા, જોઈ નવ કરિયે વડા સંઘાતે વેર જો;
રઘુનાથના સ્વામીને કહેજો એટલું, મળવા આવો મનમાં રાખી મેહેર જો ઓ૦

ooo

૧૦૩

રણછોડજી દિવાન (૧૯મી પૂર્વાર્ધ)

નાગર કવિ. સૌરાષ્ટ્રમાં દિવાનપદે. વ્રજ-ગુજરાતીમાં ભક્તિકાવ્યોની રચના સંસ્કૃત, વ્રજ, ફારસીના જાણકાર. ચંડિકા સ્તુતિ, ગરબા તથા આખ્યાનોની રચના

૧ પદ

ચંડિકા સ્તુતિ

મહિષ માર્યો માહેશ્વરી, પ્રગટ્યો સુર આનંદ,
શક્રાદય સુરગણ મળી, સ્તુતિ કરે નરિયંદ;

શક્રાદય સુરગણ મળી, અંબાના ગુણ ગાય;
જગજનની ગિરિનંદની, ભયભંજની માય.

રૂપ અનોપમ માતનું, વાણીથિ ન કહેવાય;
સુંદરતા ત્રેલોકમાં, તેથી છબી શરસાય.

વસ્ત્ર ધર્યાં માયે જરકસી, જાણે પ્રાતદિનેશ;
કમળકોશ માંહી ચંચળા, શોભે યથા સુવેશ.

કેશપાશ રવિનંદિની,ગંગ કુસુમની માળ;
સેંથો સિંદૂર સરસ્વતી, વેણી ત્રિવેણી વિશાળ.

શરદિન્દુ સરખું વદન છે, દંત દાડીમ બીજ;
મંદ મંદ મંજુલ હસે, જાણે ઝબૂકે છે વીજ.

ચપલાયતન માની આંખડી, પંકજ પાંખડી માન;
કિર–ચંચૂ જે વિ નાસિકા, કંઠ કંબૂ સમાન.શક્રા.

પીન પયોધર ઓપતાં, જાણે કંચન-કુંભ;
બલિહારી ભુજદંડની, ભાંજ્યા દૈત્યના દંભ.

કંઠાભ્રણ હીરે જડ્યાં, ઝાલ ઝુમણું તાંત;
કંકણ સોહે જડાવવાં, ઝુમખ મોતીની પાંત.

રુમઝુમ ફરે મા ફૂદડી, શોભે અપરંપાર;
દેવાંગના રંગ રંગના, અંગ અંગના શણગાર.

વળી વળી પાડે તાળિઓ, લટકાળી સુરનાર;
કટિમેખળા ક્ષુદ્રઘંટિકા, ઝાંઝરનો ઝમકાર.

ચાચરમાં ગરબે રમે, ગાય મધુરાં ગીત;
ચંગ મૃદંગ મધુરાં વાજે, નાચે ગત સંગીત.

ઘૂઘરી પાયે ઘમઘમે, નેપૂરના રણકાર;
પડછંદા પડે ગગનમાં, શેષ સહે નહિ ભાર.

સુંદરતા, લાવણ્યતા, વાણીથી નવ કહેવાય;
સાગરનીર ગંભીર જેમ, ગાગરમાં ન સમાય.

ચંડ પરાક્રમ ચંડિકા, કીધો દૈત્યનો નાશ;
ચરણને શરણે આવી રહ્યાં, જાણે દાસના દાસ.

ચક્ર-ગદા-શર-ચાપથિ, કાતી ખડગ કટાર;
રક્ષા કરો નિજ શસ્ત્રથી, નોધારાનાં આધાર.
પાહિ પાહિ પરમેશ્વરી, પાહિ જગદાધાર;
પાહિ પાહિ મહિષમર્દની, પાહિ શ્રી જનોદ્ધાર."

પ્રસન્ન થઈને દેવી કહે, "માગો સુર વરદાન;"
દેવ કહે, "સુણો અંબિકા, એ દુઃખ વિપિન કૃશાન.

કષ્ટ સમે સુરસાથને, થાજો તમે રે સહાય;"
તથાસ્તુ કહીને થયાં, અંતર્ધ્યાન ઉમાય.

ooo

૧૦૪

મનોહર સ્વામી/ સચ્ચિદાનંદ (૧૯મી પૂર્વાર્ધ)

સંન્યાસ પછી સચ્ચિદાનંદ. આ વેદાન્તી કવિએ આખ્યાનો, પદો લખ્યાં છે.

૭ પદો; ૧૦ દોહરા

૧

એક અખંડિત નરહરિરાય, તે જાણ્યાવણ દ્વૈત જણાય; ટેક.

ચક્ષુ એક રૂપ જોવાને, શ્રવણે શબ્દ શુંણાય.
રસાનાયે સહુકો રસ જાણે ધ્રાણે ગંદ જણાય. એક. ૧

વાચા એકવડે ચહુબોલે, સ્પર્શ ત્વચાયે થાય;
કરથી કામ કરે સહુ કોઈ, પગથી પંથ પલાય. એક. ૨

ઉપસ્થથી આનંદ કરાયે, ત્યાગ ગુદે મલ થાય;
મરથી સહુ સંકલ્પ ક રે, બુદ્ધિયે સકળ જણાય. એક. ૩

જ્ઞાતા જ્ઞાન જ્ઞેય વૃત્તિથી, જ્ઞાન વિષયનું થાય;
કર્ત્તા ક્રિયા કર્મવૃત્તિયે, લૌકિક કાર્ય કરાય. એક. ૪

જાગૃત સ્વપ્ન સુષુપ્તિ અવસ્થા, સહુને સમ કહેવાય;
ચૈતન એક સકલ ઘટવ્યાપક, પ્રગટ શ્રુતિ એમ ગાય. એક. ૫

ચારે આહાર સકળને સરખા, પાંચ કોશ કહેવાય;
અણજાણે પોતામાં જાણી, અહંકારે બંધાય. એક. ૬

જયમ રવિ એક માત્ર જળનાં બહુ, તેમાં બહુ દેખાય;
જયમ જલ લહેર ચપલતામાંહે, ચંદ્ર ચપલ દરસાય. એક. ૭

ત્યમ બહુ લિંગભેદમાં પોતે, પણ બહુ રૂપ જણાય;
વ્યાપક રૂપ અંનત અગોચર, કોઈ થકી ન કળાય. એક. ૮

પુત્ર વિત્ત લોકાદિકકેરી, આશાયે અથડાય;
કર્મ કરે બહુ તે પામ્યા ને, ત્યમ ત્યમ પાપ જમાય. એક. ૯

ધ્યાતા ધ્યાન ધેયવૃત્તિયે, કોટિ દેવને ધ્યાય;
સાધે લોક ભ્રાંતિ બહુ વાધે, ભુવન ભુવન ભટકાય. એક. ૧૦

તપ તીરથ વ્રત સ્નાન દાન જપ, વિધિવિધ કરે ઉપાય;
હૃદયગ્રંથીનો ભેદ ન જાણે, અવળાં ઓસડ ખાય. એક. ૧૧

દેહાદિકમાં હું મારાથી, ત્રિધા ભેદ દૃઢ થાય;
આપ સજાતિ વિજાતિ સ્વગત, રૂપે બહુ રૂપ જણાય. એક. ૧૨

કામી ક્રોધી લોભી કોઈ, દાતા દીન જણાય;
કઈ રાગી કઈ ત્યાગી કોઈ, સુખી દુખી દેખાય. એક. ૧૩

કઈ પંડિત કઈ જાણ્યાજોષી, છળીયા બલીયા થાય;
કઈ ઘરબારી કઈ ભીખારી, કઈ નાચે કઈ ગાય. એક. ૧૪

કઈ પાખંડે પંથ ચલાવે, પ્રભુ થઈને પૂજાય;
શિષ્ય તણો સંશય નવ ટાળે, ધૂતીને ધન ખાય. એક. ૧૫

દેહાકૃતીને બ્રહ્મ ઠરાવે, ચૈતન નવ લહેવાય;
અંધ અંધની પાછળ ચાલે, ઉભય કુવામાં જાય. એક. ૧૬

દ્રઢ વિશ્વાસ ધરીને જે કોઈ, સદ્‌ગુરૂ શરણે જાય;
તેનાં સંશય તર્ક વિપર્યય, હ્રદયગ્રંથી ભેદાય. એક. ૧૭

સચ્ચિદ આનંદરૂપ લહીને, નિજપદમાં લય થાય;
મનોહર જન્મમરણભય ભાગે, સંશય દૂર પલાય. એક. ૧૮

૨

જે જન આવે શંકર પાસ, તે જન પામે ચિદ્‌આકાશ. ટેક.
વૈરાગદિક સાધન સઘળાં, કરે હ્રદયમાં વાસ;
પ્રત્યક બ્રહ્મસ્વરૂપ પમાડે, ટાળે ભવના પાશ. જે જન ૧
બ્રહ્માનંદ મગન થઈ ખેલે, ન કરે બીજી આશ;
અધિદૈવાદિક તાપ ત્રિવિધના, નિશ્ચિય થાયે નાશ. જે જન ૨
દેહાદિક મિથ્યા કરિ માને, એક સત્ય અવિનાશ;
શુષ્ક પર્ણસમ જગમાં વર્તે, ખલથી રહે ઉદાશ. જે જન ૩
ઉન્મનિ ગંગા જલમાં ઝીલે, સદા તૃપ્ત સુખ રાશ;
ભેદ રહિત વ્યાપકમાં વિલસે, સ્વયં સ્વામી સ્વયં દાસ. જે જન ૪
જે સુખ પામી પાર ઊતરર્યા, શુક સનકાદિક વ્યાસ;
મનોહર સેજે તે સુખ પામે, મટે કાળનો ત્રાસ. જે જન ૫

૩

ચૈતન અભેદ લહે, તે જાણે સાચું; ટેક.

જ્યાં સુધી ભેદ બુદ્ધિ, ત્યાં સુધી કાચું ચૈતન ચૈતન ૧

અરૂપી અછેદ્ય વસ્તુ, તેને કોણ કાપે;

કરમાં ગ્રહેવાય નહીં, કોણ કેને આપે. ચૈતન ૨

સ્વાભાવિક ભેદ ચાર, ભૂતમાં ગણાયે;

પાંચમું આકાશ ભૂત, ક્યાંહી ન ભેદાયે. ચૈતન ૩

તેથી પર ચૈતન ઘન, વ્યાપક સહુ માંહે,

ઔપાધિક ભેદ જોઈ, મૂરખ મુંઝાયે. ચૈતન ૪

જ્ઞાનગમ્ય ચૈતનને, આંખે જોવા જાયે;

ત્રણ્ય દેહોપાધિ તજ્યા વિના ભરમાયે. ચૈતન ૫

પ્રત્યક્ષ. સ્વરૂપ જાણે, તો ખરૂં સમજાયે;

મનોહર પોતે જ પછી, ભેદ મિથ્યા ગાયે. ચૈતન ૬

૪

એક તુ અભેદ સમઝ, ચિદ્‌ઘન શુભકારી;

વ્યાપક નિર્લેપ જગ પ્રકાશક અઘહારી. એક તુ ૧

જાગૃતમાં જે ગણે છે, સ્થૂલ વસ્તુ પ્યારી;

સ્વપ્ન વિષે તેજ જાણે, સૂક્ષ્મ વસ્તુ સારી. એક તું ૨

સુષુપ્તિમાં તેજ સર્વ, વસ્તુને વિસારી;

અજ્ઞ થકો ભોગવે, આનંદ ભોગ ભારી. એક તું ૩

ત્રીતનથી ભિન્ન સતે, ભાસે સંસારી;

જહાં જેવો ત્હાં તેવો, દીસે અહંકારી. એક તું ૪

જાગૃતાદિ જાય આવે, જડ ભાસે ન્યારી;

ચૈતન અવચિલ પ્રકાશ, જોને નિરધારી. એક તું ૫

જ્ઞાતા નહિ અન્ય માટે, ભેદ મતિ વારી;
શેષ તું સચ્ચિદાનંદ બ્રહ્મ રહે ઘારી. એક તું ૬

૫

નાથને નાથને નાથને રે, અમે ભજીયે નિરંજન નાથને. ટેક.

જે બંઘાણલ તે કયમ છોડે બીજાના બાંઘલ હાથનેરે; અમે.

મમતા મોહમાં જે ભૂલા ભટકે, શોધે તે કામનાના સાથનેરે; અમે.

રોગ અવિદ્યાનો અમને ન આવે, પીધો છે જ્ઞાનના કવાથનેરે; અમે.

ચૈતન્ય કલ્પતરુ તણી કયમ ભરીયે, જૂઠ જડ બાવળે બાથનેરે; અમે.

સચ્ચિદાનંદ બ્રહ્મ વણ બીજી, અન્ય ન ગાઈએ ગાથનેરે; અમે.

૬

નિત્ય પ્રકાશક નાથ નૃસિંહ, માયા નિશા નિવારોરે. ટેક

અહંકારરૂપી ઘન ઘાટો, ચોદશથી અંઘાર્યોરે;
મહા મમતા જલ મોટી ધારે, વરસે છે ચોધાર્યોરે. નિત્ય. ૧

સ્વસ્વરૂપનો પંથ ન સૂઝે, ફોગટ ફરી ફરી હાર્યોરે;
નિજાનંદ નિજ જનને દેવા, અંતર આપ પધારોરે; નિત્ય. ૨

કામ ક્રોધ મદ મચ્છર લૂટે, આશા દે લલકારોરે;
જ્યમ જ્યમ સુખ સાચવણી કરીયે, ત્યમ ત્યમ ક્લેશ વધારોરે. નિત્ય.૩

જલધર હર વૈરાગ સ્વરૂપી, વાયુ વેગ વધારોરે;
જ્ઞાન દિવાકરને પ્રગટાવી, તમ ભય સહિત વિડારોરે. નિત્ય.૪

દયાદિક સાહકનું બલ, આપી કારજ સારોરે;
મનોહર મનમથ દૂર કરી ભવ, પલમાં પાર ઉતારોરે. નિત્ય.૫

૭

સંતો આવો અમારડા દેશમાં જો;
શાને ભટકોછો ફોગટીયા વેશમાં જો. સંતો. ૧

જ્યાં શોક રોગ મૃત્યુનો ભય નહીં કદા જો;
બ્રહ્માનંદ સુખ વરતિ રહ્યું સર્વદા જો. સંતો. ૨

જ્યાં જોઈયે ત્યાં સ્વામી સનમુખ જડેજો. સંતો. ૩

બાધા વિશ્વમાં વિરાજે નાથ અમતણો જો;
રક્ષા કરવા નિજ જનની ચંચલ કરે જો; સંતો. ૪

જેની બ્રહ્માદિક દેવતા આશા કરે જો;
કામ ક્રોધ ચોર દૂરથી નાઠા ફરે જો. સંતો. ૫

એ છે સદા ચૌદ લોકવિષે જાગતો જો;
જાણ્યા પછી કદી થાય નહીં અણછતો જો. સંતો. ૬

મહાવ્રત તપ યજ્ઞ દાન આદરે જો;
તેથી નાથજી કબૂલ કદી નવ કરે જો. સંતો. ૭

સત્ય ધ્યાનથી જણાવે નિજરૂપને જો;
વણ ધ્યાન ન જણાવે મોટા ભૂપને જો. સંતો. ૮

એવા દેશમાં જો આવ્યાની આશા કરો જો;
સદ્‌ગુરૂજીને શીશ ચરણે ધરો રે જો. સંતો. ૯

ગુરુ વચનેથી સાધન આદરો જો;
એ તો સદ્ય નિજદેશ પમાડે ખરોજો. સંતો. ૧૦

સચ્ચિદાનંદ બ્રહ્મ ધ્યાન પામશો જો;
તેથી જનમ મરણ ભય વામશો જો. સંતો. ૧૧

૧૦ દોહરા.

એક અખંડિત બ્રહ્મનું, મનમાં રાખો ધ્યાન;
જેથી ચૌદ લોકમાં, સઘળે પામો માન. ૧

કૃષ્ણજી એણિપેરે ઓચરે, વ્યાસ વસિષ્ઠ શુકદેવ;
નારદાદિક મુનીવરની, સહુને એકજ ટેવ. ૨

વેદવિદ્યા જે લાવીયા, તે પણ એને ગાય;
જે પ્રભુ વ્યાપક વિશ્વમાં, નવ આવે નવ જાય. ૩

જે પ્રભુને ભજવા થકી, નીચ ઉંચ કહેવાય;
ઊંચ ભુલે અભિમાનમાં, નીચથી નીચા થાય. ૪

જે પ્રભુ પાળે વિશ્વને, સાક્ષી પ્રકાશકરૂપ;
મન ઇંદ્રીમાં રાજતો, સંગ વિના છે અનૂપ. ૫

પ્રેરે પાળે સર્વને, યોગ્ય કરાવે કામ;
અળગો રહી વળગે નહીં, પૂર્ણ પ્રકાશક ધામ. ૬

તનને મનને તાજગી, જે રાખે દિન રેણ;
રૂપ દેખાડે નેણને, વાંણીને આપે વેણ. ૭
રવિ પ્રેરક થઈ નેણને, સાહે કરે છે જેહ;

દિગપતિ પ્રેરી કાનને, વેણ સુણાવે તેહ. ૮

વરુણનો પ્રેરક જે થઈ, રસનાને દે સ્વાદ;
ભૂપ્રેરક થઈ ધ્રાણને, આપે ગંધ પ્રસાદ. ૯

ટાહાડું હુનું દાખવે, ત્વગને પ્રેરી વાત;
કર્મેંદ્રીના દેવને, પ્રેરક તે વિખ્યાત. ૧૦

ooo

૧૦૫

અમીવિજય (૧૯મી પૂર્વાર્ધ)

તપગચ્છના આ જૈન કવિએ લખેલી કૃતિઓમાં મહાવીર સ્વામીનું પારણું લાક્ષણિક છે

૧ પદ

મહાવીરસ્વામીનું પારણું.

માતા ત્રિશિલાએ પુત્ર રત્ન જાઇયો, ચોસઠ ઇંદ્રનાં આસન કંપે સાર;
અવધી ગયા ને જોઇ ઘાએ શ્રીજીનરાજને, આવે ક્ષત્રી કુળ નયન મોજાર. ૧

વીર પ્રતિબિમ્બો મૂકે માતા કને, સ્વાપનીએ નિદ્રા દીએ સાર;
મેરુ શીખરે જીનને લાવે મહોચ્છવે, હરી પંચ રુપ કરી મનોહાર. ૨

એમ અસંખ્ય કોટા કોટી મળી દેવતા, પ્રભુને ઓચ્છવ મંડાણે લઇ જાય;
પંડેકંબળી સીલા એ જીનને ભક્તિથી, હરી અંકે થાપે ઇંદ્રપણું ઉપાય. ૩

એક કોડી સાઠ લાખ કળસે કરી, વીરનો સનાત્ર મહોચ્છવ કરે સાર;
વીર કુમારને અનુક્રમે લાવે જનુની મંદિરે, દાસી પ્રિયંવદા જાઓ તેણી વાર.૪

રાજા સિદ્ધારથને દીધી વધામણી, દાસીને દાન માન દીએ મનોહાર;
ક્ષત્રી કુળમાંહી ઓચ્છવ મંડાવીઓ, પ્રજા લોકને હરખ અપાર. ૫

ઘેર ઘેર શ્રીફળ તોરણ તરાટજ બાંધીયાં, ગૌરી ગાવે મંગળ ગીત રસાળ;
રાજા સિદ્ધારથે જનમ મહોચ્છવ કર્યો, માતા ત્રિશિલાઇ ઊજમાલ. ૬

માતા ત્રિશિલા ઝુલાવે પુત્ર પારણે, ઝુલે લાડકડા પ્રભુજી આણંદભેર;
હરખી નરખીને ઇંદ્રાણી જન જાએ વારણે, આજ આણંદ શ્રીવીરકુંવરને ઘેર. ૭

વીરનાં મુખડાં ઉપર વારું કોટી ચંદ્રમા, પંકજ લોચન સુંદર વિશાળ કપોળ;
શુક્ર ચંચુક સરખી દીસે નિર્મળ નાસિકા, કોમળ અધર અરુણ રંગ ચોળ. ૮

ઊસધી સોવન મઢી રે શોભે હાલરે, નાજુક આભરણ સઘળાં કંચન મોતીહાર;
કર અંગુઠો ધાવે વીરકુંવર હરખે કરી, કાંઇ બોલાવતાં કરે કીલકાર. ૯

વીરને લલાટે કીધો કુમકુમ ચાંદલો, શોભે જડિત મરકત મણીમાં દીસે લાલ;
ત્રિશિલાએ જુગતે આંજી અણીયાળી બેહું આંખડી,
સુંદર કસ્તુરીનું ટપકું દીધું ગાલ. ૧૦

કંચન સોળે જાતનાં રત્ન જડેલું પારણું, ઝુલાવતાં થાએ ઘુઘરાનો ઘમકાર;
ત્રિશિલા વિવિધ વચને હરખી ગાએ હાલરુ,
ખેંચે ફુમતીયાળી કંચન દોરીસાર. ૧૧

મારો લાડકવાયો સખાસંગે રમવા જશે,
મનોહર સુખલ હુંડી આપીશ એને હાથ;
ભોજન વેળા રુમઝુમ રુમઝુમ કરતો આવશે,
હું તો ધાઇને ભીડાવીશ હૃદયા સાથ. ૧૨

હંસ કારંડવ કોકીલ પોપટ મોરવા, માંહી બપૈયાને સારસ ચકોર;
મેના મોર મેલ્યાં રમકડાં રમવાતણાં,
ઘમઘમ ઘુઘરો વજાવે ત્રિશિલા કીશોર. ૧૩

મારો વીરકુંવર નિશાળે ભણવા જાશે, સાથે સ્વજન કટુંબ પરિવાર;
હાથી રથ ઘોડા પાળા એ ભલું શોભતું, કરીશ નીશાળ ગએણું અતિ મનોહાર.૧૪

મારા વીર સમાણી કન્યા સારી લાવશું, મારા કુંવરને પરણાવીશ મોટે ઘેર;
મારો લાડકડો વરરાજા ઘોડી બેસશે, મારો વીર કરશે સદાય લીલા લહેર. ૧૫

માતા ત્રિશિલા ગાએ વીરકુંવરનું હાલરું, મારો નંદન જીવજો કોડ કોડી વરસ;
એ તો રાજા રાજેશ્રી થાશે ભલ દીપતો, મારા મનના મનોરથ પૂરશે વાધે હરષ.૧૬

ધન ધન ક્ષત્રી કુંડ ગ્રામ મનોહરું, જિહાં વીર કુંવરનો જન્મ ગવરાય;
રાજા સિદ્ધારથ કુળ માંહે દીનમણિ, ધન ધન ત્રિશિલા રાણી જેહની માય. ૧૭

એમ સઇએર ટોળી ભોળી ગાજ્યો હાલરું, થાયે મનના મનોરથ તેને ઘેર;
અનુક્રમે મહોદય પદવી રુપી વીજેપદ પામશે,
ગાએ અમી વીજય કહે થાશે લીલા લહેર. ૧૮

ooo

૧૦૬

અમરસંગ (૧૯મી પૂર્વાર્ધ)

ધ્રાંગધ્રા રાજ્યના રાજા આ કવિ લોકોમાં ભક્તરાજ તરીકે ઓળખાતા હતા..એમનાં પદો લોકપ્રિય છે.

૨ પદો

૧

દયા દિલમાં ધાર,

દયા દિલમાં ધાર, તારી બેડલી ઉતરે પાર,
એ મન દયા દિનમાં ધાર જી...

દયા સમોવડ નથી બીજો, ધરમ અવનિ મોજાર જી,
દયા દીનતા અંગ જેને, એનો સફળ છે અવતાર... એ મન દયા...

જપ તજ સાધન કોટિ કરે જન, દર્શન કરે કેદાર જી,
પ્રતિ દિન વાણી વ્યાસની, શું વાંચ્યેથિ વળનાર!... એ મન દયા...

શાણો થઈને શાસ્ત્ર શીખ્યો, શીખ્યો વિવિધ વેવાર જી,
અંતે એ નથી કામ ના, તારી દયા કરશે કામ... એ મન દયા...
સંત રૂડા જગતમાં, કોઈ સમજે તેનો સાર જી,

રાજ અમર કે એવો સંતો, માર પ્રાણના આધાર... એ મન દયા...

૨

જાવું છે નીરવાણી

જાવું છે નીરવાણી આતમાની કરી લેને ઓળખાણી
રામ, ચેતનહાર ચેતીને ચાલો, જીવ! જાવું છે નીરવાણી...

હરીશ્ચંદ્ર રાજા પૂરા સતવાદી, જેને ઘેર તારામતી રાણી રે,
સત્યને કારણે ત્રણે વેચાણા, ને ભર્યા નીચ ઘેર પાણી...
–રામ, ચેતનહારા ચેતીને ચાલો, જીવ! જાવું છે નીરવાણી...

રાવણ સરીખા રાજીઆ, જેને ઘેર મંદોદરી રાણી રે,
જેને હુકમે સૂરજ ચાલે એની લંકા રે લુંટાણી...
–રામ, ચેતનહારા ચેતીને ચાલો, જીવ! જાવું છે નીરવાણી...

કુંભા સરખો રાજીઓ, જેને ઘેર પંદરસો રાણી રે,
ઉત્તર ખંડથી આવ્યો ચારણ, માંગી કુંભા કેરી રાણી...
–રામ, ચેતનહારા ચેતીને ચાલો, જીવ! જાવું છે નીરવાણી...

રાજા રે જાશે, પરજા રે જાશે, જાશે રૂપાળી રાણી રે,
ઇન્દ્ર ને ઇન્દ્રાણી જાશે, જાશે બ્રહ્મા ને બ્રહ્માણી,
–રામ, ચેતનહારા ચેતીને ચાલો, જીવ! જાવું છે નીરવાણી...

માટી રે ભેળી માટી રે થાશે, પાણી ભેળાં પાણી રે,
કંચન વરણી કાયા તારી રામ, થાશે ધુળ ને ધાણી...
–રામ, ચેતનહારા ચેતીને ચાલો, જીવ! જાવું છે નીરવાણી...

અવીચળ પદ તો ધ્રુવને આપ્યું, દાસ પોતાનો જાણી રે,
રાજ અમરસંગ એમ જ બોલ્યા, અમર રહી ગઈ વાણી...
–રામ, ચેતનહારા ચેતીને ચાલો, જીવ! જાવું છે નીરવાણી...

ooo

૧૦૭

હોથી (૧૯મી પૂર્વાર્ધ)

રવિભાણ સંપ્રદાયના આ મુસ્લિમ કવિ મોરાર-શિષ્ય હતા.એમનાં પદોની વાણી નિરાડંબરી છે.

૩ પદો

૧

ભે ભાગી

વૃત્તિ મારી સંતચરણમાં લાગી રે,
સુરતા મારી સાધુ ચરણમાં લાગી રે;
તેણે મારી ભે ભાગી ભે ભાગી.

સતગુરુએ મને શબદ સુણાવ્યો,
રણંકાર રઢ લાગી;
તખત ત્રિવેણીના તીર ઉપર,
મોહન મોરલી વાગી રે. – તેણે મારી૦

ઘણા દિવસ મન મસ્તાનું ફરતું,
દિલડે ન જોયું જાગી;
પુરુષ મળ્યા મને અખર અજિતા,
ત્યારે સુરતા સૂનમાં લાગી રે. – તેણે મારી૦

દયા કરીને મન ડોલતું રાખ્યું,
તૃષ્ણા મેલાવી ત્યાગી;
સતગુરુ આગળ શિષ નમાવ્યું,
ત્યારે બાવડી પકડી આગી રે. – તેણે મારી૦

સતગુરુએ મને કરુણા કીધી,
અંતર પ્રેમ પ્રકાશી;
દાસ હોથી ને ગુરુ મોરાર મળિયા,
ત્યારે તૂટી જનમ કેરી ફાંસી રે. – તેણે મારી૦

૨

શીદને સંતાપો રે!
અવળાં શીદને સંતાપો રે, શીદને રંઝાડો રે,
સઘળું કુટુંબ મળીને.

મારે છે કાંઈ હાં...સાંઈને સમર્યાનું રે હેત,
મારે છે કાંઈ હાં...હરિને ભજ્યાનું રે હેત. – અવળાં૦

ઘરણાં વગોણાં રે મારે મન અતિ ઘણાં રે,
તેમાં તમો કડવા મ બોલોને વેણ. – અવળાં૦

કાચી છે હે કાયા રે કુંપો વીરા કાચનો રે,
તેને તો કાંઈ ફૂટતાં નહીં લાગે વાર. – અવળાં૦

ઝેરના પિયાલા રે સિકંદર સુમરો મોકલે રે,
પી લે પી લે હેતેથી તું એલા દાસ. – અવળાં૦

ઝેરના પિયાલા રે હોથી સુમરો પી ગયા રે,
આવ્યા છે કાંઈ અમી તણા ઓડકાર. – અવળાં૦

મોરારને વચને રે હોથી સુમરો બોલિયા રે,
દેજો દેજો સંતુના ચરણુંમાં વાસ. – અવળાં૦

૩

હાલો મારા હરિજનની હાટડિયે..

વેરાગ તો લાગ્યો રે ગુરુની વાતડીએ,
હાલો મારા હરિજનની હાટડીએ...

હીરલ્જાની વણજું તમે કરોને વેપારી રે,
ખોટ નહીં આવે તારે ગાંઠડીએ...
–હાલો મારા હરિજનની હાટડીએ...

પ્રેમના પાલવડા તમે પેરોને સોહાગણ,
ભાત પડી જાય બીજી ભાતડીએ...
–હાલો મારા હરિજનની હાટડીએ..

નાથજીને મેં તો મારા નેણેથી નીરખિયા,
અનુભવ કીધો મારી આંખડીએ...
–હાલો મારા હરિજનની હાટડીએ...

દાસ રે હોથીને ગુરુ મોરાર મળિયા,
તાળી લાગી ગુરુ તમ વડીએ...
–હાલો મારા હરિજનની હાટડીએ...

૦૦૦

જેમના સમય અંગે કોઈ સ્પષ્ટ વિગત મળતી નથી એવા કવિઓ.
એમાંના મોટા ભાગના ૧૯મી સદી પૂર્વાર્ધના હોવાની સંભાવના છે.

○

ક્રમાંક ૧૨૫ લોકગીતો

૧૦૮	જેસલ
૧૦૯	તોરલ/ તોરલદે
૧૧૦	મહમદશા કાજી
૧૧૧	લોયણ
૧૧૨	શાંતિદાસ
૧૧૩	ભવાનીદાસ
૧૧૪	દેવાયત પંડિત
૧૧૫	લખમો માળી
૧૧૬	દેવારામ
૧૧૭	જાનકીબાઈ
૧૧૮	કૃષ્ણાબાઈ
૧૧૯	પીઠો/પીઠાજી
૧૨૦	કતીબશા પીર
૧૨૧	લીરલબાઈ/લીળલબાઈ
૧૨૨	રૂપાંદે
૧૨૩	હરજી ભાટી
૧૨૪	દલુ દલીચંદ વાણિયો
૧૨૫	ભાદુદાસ

૧૦૮
જેસલ

પીર તરીકે પૂજાતા આ સંત રાજપૂત હતા, બહારવટે ચડી ઘણાંની હત્યા કરેલી, દરિયામાં બૂડતા એમને બચાવતાં તોરલ(રાણી) આગળ એમણે પાપનો એકરાર કરેલો – એવું એમને ને તોરલને નામે મળતાં લોકવાણીનાં આ ભજનો પરથી અનુમાની શકાય છે.

૨ પદો

૧

પાપ તારું પરકાશ

પાપ તારું પરકાશ જાડેજા ધરમ તારો સંભાળ રે...
તારી બેડલીને બૂડવા નહિ દઉં જાડેજા એમ તોરલ કે'છે ...ટેક.

કીધાં મેં વકરમ કામ, સતીરાણી...(૨)
બેડલી મારી નહિં તરે, તોરલદે રે એમ જેસલ કે'છે... ૧.

તોડી સરોવર પાળ, સતીરાણી...(૨)
ગૌધન તરસ્યાં વારીયા, તોરલદે રે એમ જેસલ કે'છે... ૨.

હરણ હણ્યાં લખ ચાર, સતીરાણી...(૨)
વનના મોરલા મારીયા, તોરલદે રે એમ જેસલ કે'છે... ૩.

ડુંગરે લગાડ્યા દવ, સતીરાણી...(૨)
બેન-ભાણેજાં દૂભવ્યાં, તોરલદે રે એમ જેસલ કે'છે... ૪.

લૂંટી કુંવારી જાન, સતીરાણી...(૨)
સાતવીશુ મોડબંધા મારીયા, તોરલદે રે એમ જેસલ કે'છે... ૫.

બોલ્યા રે જસલપીર, સતીરાણી...(૨)
તમે તર્યા અમને તારજો, તોરલદે રે એમ જેસલ કે'છે... ૬.

૨

રુદિયો રુવે

રોઈ રોઈ કેને સંભળાવું રે, જેસલજી કે' છે,
ઊંડાં દુખ કેને સંભળાવું રે જાડેજો કે' છે
રુદિયો રુવે રે મારો ભીતર જલે.

અમે હતાં, તોળી રાણી! ખારી વેલ્યે તુંબડાં,
તમ આવ્યે મીઠડાં હોય રે જાડેજો કે' છે રુદિયો૦

અમે હતાં, તોળી રાણી! ઊંડે જળ બેડલાં,
તમે રે ઉતારો ભવપાર, જાડેજો કે' છે રુદિયો૦

કપડાં લાવો, તોળી રાણી, સાબુએ સુધારું,
નિંદા થકી ઊજળાં હોય. જાડેજો કે' છે રુદિયો૦

તમે જાવ, તોળી રાણી, વડે સુંધે વાયકે,
તમ વિના દિનડા નવ જાય, જાડેજો કે' છે રુદિયો૦

દોયલી વેળાની તોળી રાણી, ગાયત્રી સંભળાવો
સંભળાવ્યે મુગતિ હોય, જાડેજો કે' છે રુદિયો૦ ooo

૧૦૯

તોરલ/તોરલદે/તોળી રાણી

સંત-સાહિત્યનાં આ કવિનું નામ જેસલનાં ઉદ્ધારક તરીકે લોકવાણીમાં જાણીતું છે. બહારવટે ચડી ઘણાંની હત્યા કરનાર જેસલને દરિયામાં બૂડતા બચાવતાં તોરલ(રાણી) આગળ એમણે પાપનો એકરાર કરેલો – એવું એમને ને તોરલને નામે મળતાં લોકવાણીનાં આ ભજનો પરથી અનુમાની શકાય છે.

૨ પદો

૧

જેસલ, કરી લે વિચાર

જેસલ, કરી લે વિચાર
માથે જમ કેરો માર
સપના જેવો છે સંસાર
તોળી રાણી કરે છે પોકાર
આવો જેસલરાય!
આપણ પ્રેમ થકી મળીએં જી
પૂરા સંત હોય ત્યાં જઈ ભળીએ જી!

આવ્યો અમુલખ અવતાર
માથે સતગુરુ ધાર
જાવું ધણીને દુવાર
કાયા બેડી ઉતારે ભવપાર
અવોને જેસલરાય. – આપણ૦

ુરુના ગુણનો નહીં પાર
ભગતી છે ખાંડાની ધાર
નુગરા ક્યા જાણે સંસાર
એનો એળે જાય અવતાર
અવોને જેસલરાય. – આપણ૦

જીવની ગતિ જીવની પાસ
જેવી કસ્તૂરીમાં વાસ
ધણી તારા નામનો વિશ્વાસ
સેવકોની પૂરો હવે આશ
અવોને જેસલરાય. – આપણ૦

છીપું સમુદરમાં થાય
તેનીયું સફળ કમાઈ
સ્વાતના મેહુલા વરસાય
ત્યારે સાચાં મોતીડાં બંધાય
અવોને જેસલરાય. – આપણ૦

મોતીડાં એરણમાં ઓરાય
માથે ઘણ કેરા ઘાય
ફૂટે તે ફટકિયાં કે'વાય
ખરાની ખળે ખબરું થાય
અવોને જેસલરાય. – આપણ૦

ચાંદો સૂરજ વસે છે આકાશ
નવલખ તારા તેની પાસ

પવન પાણી ને પરકાશ
સૌ લોક કરે તેની આશ
અવોને જેસલરાય. – આપણ૦

નવ લાખ કોથળિયું બંધાય
તે તો ગાંધીડો કે'વાય
હીરામાણેક હાટોડે વેચાય
તે દી એનાં મૂલ મોંઘાં થાય
અવોને જેસલરાય. – આપણ૦

નત્ય નત્ય ઊઠી નાવા જાય
કોયલા ઊજળા ન થાય
ગુણિકાને બેટડો જો થાય
બાપ કેને કે'વાને જાય
અવોને જેસલરાય. – આપણ૦

પ્રેમના પાટ પ્રેમના થાટ
ઝળહળ જ્યોતુંના ઝળળાટ
આગળ નમણ્યું જ્યાં થાય
અવોને જેસલરાય. – આપણ૦

મનની માંડવીયું રોપાય
તન કેરા પડદા બંધાય
જતિસતી મળી ભેળાં થાય
સતીયુંના પંજા જ્યાં મેળાય
અવોને જેસલરાય. – આપણ૦

દેખાદેખી કરો તે મત ભાઈ!
હાથમાં દીવડિયો દરશાય
અંતરે અંજવાળા થાય
ચાર જુગની વાણી તોરલ ગાય
અવોને જેસલરાય. – આપણ૦

૨

એ જી તમે વિસવાસી નરને કાં રે વેડો

એ જી તમે વિસવાસી નરને કાં રે વેડો! માણા રાજ રે,
આવા નર રે નુગરાની સાથે નેડલો ન કરીએ જી...
એ જી તમે અવિસવાસી નરને શાને તેડ્યા! માણા રાજ રે...
–નર રે નુગરાની સાથે નેડલો ન કરીએ જી...૦

ધણી કેરા નામનો રે પાટ મંડાણો હો જી
એ જી એમાં ઝળહળ જ્યોતું દરશાણી, માણા રાજ રે...
–નર રે નુગરાની સાથે નેડલો ન કરીએ જી...૦

હંસલો ને બગલો બેઉ એક જ રંગના હો જી,
અરે ઈ તો બેઠા રે સરોવર પાળે, માણા રાજ રે...
–નર રે નુગરાની સાથે નેડલો ન કરીએ જી...૦

હંસલાને જોઈએ સાચા મોતીડાંનો ચારો હો જી,
અરે ઓલ્યા પાપીડા ડહોળે રે કાદવ ગારો, માણા રાજ રે...
–નર રે નુગરાની સાથે નેડલો ન કરીએ જી...૦

સાચાં રે ખોટાં બોલીને આવે રે મંદિરીએ હો જી,
અરે ઈ તો ઠાલાં ઠાલાં બજારૂંમાં મહાલે, માણા રાજ રે...
–નર રે નુગરાની સાથે નેડલો ન કરીએ જી...૦

ગુરુના પરતાપે સતી, તોરલ બોલ્યાં હો જી
અરે મારાં સંતો અમરાપરમાં મહાલે, માણા રાજ રે...
–નર રે નુગરાની સાથે નેડલો ન કરીએ જી...૦

૦૦૦

૧૧૦

મહમદશા કાજી

બાબા દીનદરવેશના શિષ્ય. હિંદી-ગુજરાતીમાં પદરચના કરેલી છે.

૩ પદો

(૧)

વનમાં તે મેલી મુંને એકલી

વનમાં તે મેલી મુંને એકલી રે વણઝારા!
જી હો! મુંને મેલી મત જાજો બાળા વેશમાં
સોદાગર હંસા જી.

કાગળ જેસી કોથળી રે વણઝારા!
જી હો! એને મળતાં નૈ લાગે વાર રે
સોદાગર હંસા જી.

ડુંગર માથે દેરડી રે વણઝારા!
જી હો! હું તો ચડી ચડી જોઉં તારી વાટ રે
સોદાગર હંસા જી.

ફાલી ફૂલી રે ઓલી પીપળી રે વણઝારા!
જી હો! ઓલી ફળ વિના ઝૂલે નાગરવેલ રે
સોદાગર હંસા જી.

આંબો જાણીને મેં તો સેવિયો રે વણઝારા!
જી હો! એ તો કરમે ઊગ્યો છે ભંભૂર રે
સોદાગર હંસા જી.

હીરા માણેકની કોટડી રે વણઝારા!
જી હો! મને વેપારી મળ્યા સવા લાખના
સોદાગર હંસા જી.

કાજી મહમદશાની વિનતી રે વણઝારા!
જી હો! તમે માની લિયો ગરીબનવાજ રે
સોદાગર હંસા જી.

(૨)

મારે પ્રીત બંધાણી

પ્રીતમ! તમને શૂં કહૂં? મારી પ્રીત બંધાણી,
ઘણા રે દિવસની ચાકરી રે, મોંની મહોબત ન આણી. પ્રીતમ!

પીયુજી! સ્વર્ગભુવનથી ઉતર્યા, તે દા'ડાની ઉદાસી,
ભર જોબનમાં હૂં થઈ રે, મેહેલી ચાલ્યા સંન્યાસી. પ્રીતમ!

(પિયુજી!) મને તમારો વિશ્વાસ છે, જાણૂં મેલી માં જાશો,
ઘણાં ઘર આવ્યા ભટકી રે, જાણ્યૂં અમર થાશો. પ્રીતમ!

પિયુજી! અમને મેહેલીને, એકલા ના જાશો,
બીજી અબળાને પરણતાં રે, ઘણૂં દોહેલા થાશો. પ્રીતમ!

પ્રીતમ કહેઃ સૂણ્ય પ્રેમદા! મારું જોર ન ચાલે,
ચીઠી આવી રાજારામની રે, તે સમે લાચાર. પ્રીતમ!

હવે ગદ્‌ગદ્‌ કંઠે કે' છે કામિની, નયણે નીર ન માય,
પિયુ પરેદશી ચાલિયો, કદમ વળાવવાને જાય. પ્રીતમ!

એ ગતિ છે સંસારની રે, કોઈ ગર્વ ના કરશો,
પિયુ પરદેશી પ્રીતનો રે, વિશ્વાસ ન ધરશો. પ્રીતમ!

કાજી મહંમદની વિનતિ, તમે સૂણજો કાન,
એકમન થઈને સાંભળો, ગોવિંદ ધરજો રે ધ્યાન. પ્રીતમ!

૩

મારી મમતા મરે નહીં

મારી મમતા મરે નહીં એનું મારે શું રે કરવું? વાલીડો છે દીનનો દયાળ,
મારું ચિત્ત રે ચડાવ્યું સંતો ચાકડે, થિર નહીં થાણે રે લગાર...
–મમતા મરે નૈં એનું મારે શું રે કરવું...૦

જોગીના સ્વરૂપ ધરીને મેં જોયું, પેર્યો મેં તો ભગવો રે ભેખ,
એટલા જોગે રે મારું મન થિર નૈં, જોવો મારે જોગેસરનો દેશ...

–મમતા મરે નૈં એનું મારે શું રે કરવું...૦
એવા રાજાનું સ્વરૂપ ધરીને મેં જોયું, સંતો! મારે ધનનો નહીં પાર રે
એટલા ધને મારું મન થિર નો થિયું લૂંટયો મેં સઘળો સંસાર રે...
–મમતા મરે નૈં એનું મારે શું રે કરવું...૦

ગુરુ! મેં તો પંડિતનું રૂપ ધરી જોઈ લીધું, સંતા! હું તો ભણ્યો વેદ ને પુરાણ રે
એટલી વિદ્યાએ મારું મન થિર નો થિયું, કીધા મેં પેટને માટે પાપ રે...
–મમતા મરે નૈં એનું મારે શું રે કરવું...૦

એવી છીપનું સ્વરૂપ ધરીને મેં જોયું, કીધો મે તો મધદરિયે વાસ રે,
એટલા જળે મારું મન થિર નો થિયું, લાગી મને કાંઈ સુવાંતુંની આશ રે...
–મમતા મરે નૈં એનું મારે શું રે કરવું...૦

મારાં ચિત્ત રે ચડાવ્યા સંતો! ચાકડે, થિર નહીં થાણે રે લગાર
કાજી રે મમાદશાની વીનતી, સુણો તમે સંત સુજાણ, સુણી લેજો ગરીબનિવાજ...
–મમતા મરે નૈં એનું મારે શું રે કરવું...૦

ooo

૧૧૧

લોયણ

આ જ્ઞાનમાર્ગી સંત સ્ત્રીકવિએ, પશ્ચાત્તાપ કરતા લાખાને સંબોધતાં હોય એ રીતે રચેલાં, પચાસેક પદોમાં નિર્ગુણભક્તિમહિમા તથા સદ્‌ગુરુમહિમાનું આલેખન માર્મિકતાથી અને આર્દ્ર ભક્તિભાવપૂર્વક કરેલું છે. એમની ભજનવાણી ઘણી લોકપ્રિય છે.

૪ પદો

૧.

બ્રહ્મમાં ભળવું હોય તો...

જી રે લાખા! બ્રહ્મમાં ભળવું હોય તો હેત વધારો જી હો જી;
અને મનના પ્રપંચને મેલો રે હાં!

જી રે લાખા! નૂરત-સૂરતથી ફરી લ્યો ને મેળા જી હો જી;
અને ફળની ઇચ્છાને ત્યાગો રે હાં!

જી રે લાખા! તરણા બરોબર આ જગતની માયા છે હો જી;
એને જાણજો મનથી જૂઠી રે હાં!

જી રે લાખા! કાળને ઝપાટે એ તો ઝડપાઈ જાશે જી હો જી;
ત્યારે જીવડો તે જાશે ઊડી રે હાં!

જી રે લાખા! જાગીને જોશો તો તમને ઈશ્વર મળશે જી હો જી;
ત્યારે તો મનની ભ્રાંત ભાંગી પડશે રે હાં!

જી રે લાખા! સંકલ્પ-વિકલ્પની ગાંઠું બંધાણી જી હો જી!
એ તો ગુરુવચનથી ગળશે રે હાં!

જી રે લાખા! હાર ન પામો, તમે હિંમત રાખો જી હો જી;
અને ગુરુવચન રસ ચાખો રે હાં!

જી રે લાખા! શેલર્ષિની ચેલી સતી લોયણ બોલ્યાં જી હો જી;
તમે વચન સમજીને સુખ માણો રે હાં!

૨.

એવા જો સંત રે મળે...

જી રે લાખા, એવા જો સંત રે મળે તો
એને ધ્રોડી ધ્રોડીને મળજો રે.
જી રે લાખા હું ને મારું છે લોઢાના કટકા જી,

એને તમે મન ક્રમ વચનેથી ભેળો રે,
જી રે લાખા, સાસ-ઉસાસની તમે ધમણું ધખાવો જી,

એને તમે તા'રે દઈને તપાવો રે.
જી રે લાખા, સતની એરણ પર તમે ઠીક કરી ઠેરાવો જી,

જીનજે માથે શબદુના ઘણ રે લગાવો રે.
જી રે લાખા, એક રે થિયા રે પછી એનો અલંકાર બનાવો જી,

એનું બ્રહ્મ અસ્ત્ર તો બની જાશે રે,
જી રે લાખા, સતસંગની સરાણું દઈને સજજ કરી જોજો જી

જ્યારે એનો જીવબુદ્ધિ કાટ ઉખડી જાવે રે.
જી રે લાખા, કાટ ઉખડે પછી કાળ નંઈ લોપે જી,

સે'જે તમે વૈકુંઠમાં જાશો રે,
જી રે લાખા, સેલરની ચેલી સતી લોયણ બોલ્યાં જી,

ત્યારે તમે પૂરણ બ્રહ્મ બની જાશો રે.
તેજમાં તેજ મળી જાશો રે.
જી રે લાખા, એવા જો સંત રે મળે તો
એને ધ્રોડી ધ્રોડીને મળજો રે.

૩.

અમર આંબો

જી રે લાખા! અબળા લોયણ તમને એમ ભણે રે જી
કૂંચિયું છે માલમ ગુરુજીને હાથઃ લા...ખા!
ગુરુજી આવે તો તાળાં ઊઘડે રે જી.

જી રે લાખા! અમર આંબો જ્યારે રોપિયો રે જી.
એનાં પાડ તો પૂગ્યાં છે પિયાળ : લા...ખા!
સાખું...સરઘાપુર પૂગિયું ને
વેડનારો છે હુશિયારઃ લાખા...!
અબળા લોયણ તમને એમ ભણે રે જી.

જી રે લાખા! ખૂંદી ખમે માતા પ્રથમી ને
વાઢી રે ખમે વનરાઈઃ લા...ખા!

કઠણ વચન ઓલ્યાં સાધુડાં ખમે ને
નીર તો સાયરમાં રે સમાયઃ લા...ખા!–અબળા

જી રે લાખા! સૂરજ સમો નહિ ચાંદલો ને
ધરણી સમો નહિ આભઃ લા...ખા!
ગુરુ રે સમો નહિ ચેલકો રે
જેણે મૂળગો ગુમાવ્યો છે લાવઃ લા...ખા!–અબળા

જી રે લાખા! દૂધેં ભરી તળાવડી રે
જેની મોતીડે બાંધેલી છે પાળઃ
સુગરાં હશે રે ઈ તો ભરી ભરી પીશે ને
નુગરા પિયાસા જાયઃ લા...ખા!–અબળા

જી રે લાખા! કાશી રે નગરના ઘાટમાં રે
લખ રે આવે ને લખ જાય : લા...ખા!
સાધુ રે જનનો સંદેશડો
ખુલાસે કહ્યો નવ જાયઃ લા...ખા!–અબળા

જી રે લાખા! લાખુંની ઓરગત લાખો વોરતો,
કરતો હીરાહુંદાં મૂલઃ લા...ખા!
કરિયા ચૂક્યો ને થિયો કોઢિયો,
લાખો થિયો છે કોડીને રે મૂલઃ લા...ખા!–અબળા

જી રે લાખા ! બાર બાર વરસે ગુરુ આવિયા રે
લેવા રે લાખાની સંભાળઃ લા...ખા!

હાથ તે અડવા ને કાયા સોનાની રે
લાખો થિયો છે કંચનને રે તોલઃ લાખા-અબળા

જી રે લાખા! સોનું જાણીને તને સેવિયો રે
કરમે નીવડ્યું છે કથીરઃ લા...ખા!
શેલરશીની ચેલી લોયણ બોલિયાં
સાધુનાં ચરણુંમાં દેજો વાસઃ લાખા!-અબળા

૪.

મૂળ વચન

જી રે લાખા! મૂળ રે વચનનો મહિમા બહુ મોટો જી
એને સંત વિરલા જાણે હાં!
જી રે લાખા! વચન થકી જે કોઈ અધૂરા જી
તે તો પ્રેમરસને શું માણે હાં!

જી રે લાખા! વચન થકી બ્રહ્માએ સૃષ્ટિ રચાવી જી
વચને પૃથવી ઠેરાણી હાં.
જી રે લાખા! ચૌદ લોકમાં વચન રમે છે જી
તેને જાણે પુરુષ પુરાણી હાં.
જી રે લાખા! એવા રે વચનની જેને પરતીત આવે જી
એ તો કદી ચોરાશી ન જાવે હાં.

જી રે લાખા! એ રે વચન કબજામાં જે કોઈ વસે જી
એની સૂરતા શુનમાં સમાવે હાં.

જી રે લાખા! એ રે વચન શિરને સાટે જી
એ ઓછા માણસને ન કહેવું હાં.
જી રે લાખા! સદ્‌ગુરુ આગળ શીષ નમાવી જી
એના હુકમમાં હંમેશાં રે'વું હાં.

જી રે લાખા! આદ ને અનાદમાં વચન છે મોટું જી
એને જાણે વિવેકી પૂરા હા.
જી રે લાખા! શેલણશીની ચેલી લોયણ બોલિયાં જી
એને નેણે વરસે નૂરાં હાં!

ooo

૧૧૨
શાંતિદાસ

આ પદકવિનાં કૃષ્ણની બાળલીલાનાં પદો તેમજ ગોપી-કૃષ્ણની લીલાનાં પદો સ્ત્રીઓમાં ખૂબ પ્રચલિત થયેલાં છે.

૩ પદો

૧.

કાનુડો કાળજાની કોર

કાનુડો કાળજાની કોર છે,
બેની મારે, કાનુડો કાળજાની કોર છે.
અટપટી પાઘ ને કેસરિયો વાઘો,
માથે કળાયલ મોર છે; બેની
વૃંદાવનમાં વાલે વાંસળી વજાડી,
મોરલીનો સ્વર જોર છે; બેની
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ
ગોપી સંગ પાધરો દોર છે; બેની

૨.

આવો મારે ઘેર માણવા

આવો મારે ઘેર માણવા,
હોજી રાજ, આવો મારે ઘેર માણવા.
સરવેથી સારું ગોરસ મારું,
હીરને તાંતણે તાણવા; હોજી રાજ
સૌ સૌને ઘર ધંધે લાગ્યાં,
પુરુષનાં વચન પ્રણામવા; હોજી રાજ

કહેશે તેને ઉત્તર દેઈશું,
ઉત્તર બીજેથી નથી આણવા; હોજી રાજ
પાતળિયાજી મારે ઘેર પધારો,
નથી બેઠું કોઈ જાણવા; હોજી રાજ
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ
મારે તારા ગુણ વખાણવા; હોજી રાજ

૩.

માછીડા

માછીડા રે હોડી હલકાર, મન છે મળવાનું.

તારી રે હોડીએ હીરલા જડાવું, ફરતી મુકાવું ઘુઘરમાળ; મન છે

સુનાં બી દઉંગી ને રૂપાં બી દઉંગી, દઉંગી ગલનકો હાર; મન છે

આણી તીરે ગંગા ને પેલી તીરે જમના, બિચમેં ખડો રે નંદલાલ; મન છે

મન કરું મછુવો ને તન કરું તછુઓ, જીવ મૂકું રે રખવાળ; મન છે

શાંતિદાસનો સ્વામી રસિક શિરોમણિ, કૃષ્ણજી ઉતારે પેલે પાર; મન છે

ooo

૧૧૩

ભવાનીદાસ

કોઈ જોધા(રામ)ના શિષ્ય આ સંત કવિએ અધ્યાત્મનાં પદો લખ્યાં છે.

૨ પદ

૧

તમને ગોરાં પીરાંની આણ

તમને ગોરાં પીરાંની આણ,
સુડલા, સત બોલો! સત બોલો! સતબોલો!
સત બોલો રે નંઈ તો
મત બોલો રે મત બોલો!–સુડલા

અંબર વરસે ને અગાધ ગાજે,
દાદુર કરે રે કિલોળ,
કંઠ વિનાની એક કોયલ બોલે,
મધરા બોલે ઝીણા મોર.–
સુડલા, સત બોલો! સત બોલો!

ગુરુજીની રે'ણી ને સત પર વાસા,
સતના ઊગ્યા સૂર,
પડ્યું એક બુંદ મારા ગુરુજીના વચને
એનું સવા કરોડ્યનું મૂલ.–
સુડલા, સત બોલો! સત બોલો!

વણ રે વાદળ વરસાળો કહાવે,
ઘટાડામાં પ્રગટ્યા ભાણ,
કણસડ પાક્યાં એમાં બૌ ફળ લાગ્યાં,
એને વેડે કોઈ ચતુર સુજાણ.
સુડલા, સત બોલો! સત બોલો!

બાવન અખર જો કોઈ બૂઝે,
જે કોઈ ધરે એમાં ધ્યાન,
જોધા પ્રતાપે ભણે ભવાનીદાસ
એનું એક અખરમાં નામ.
સુડલા, સત બોલો! સત બોલો!

૨

વાડીનો ચોર
કાયા વાડીમાં જીવો રે
ચોરી ચોરી કરે છે છાની.
ચાર ચોર તો ચોરી કરે છે
ધન ધુતારા લ્યે છે;
ગુરુજી મારા! ધન ધુતારા લ્યે છે
કાયા વાડીમાં કાંઈ નવ દેખે
દી'ના ખાતર દ્યે છે. – ગુરુજી મારા૦
પાંચ ચોર પરગટ વસે
પકડી ન શકે કોઈ;
ગુરુજી મારા! પકડી ન શકે કોઈ;
તતવ હતો તે તાણી લીધો
બેઠો છે હીરલો ખોઈ. – ગુરુજી મારા૦

પથરહુંદા દેવળ ચણાવ્યા
મહીં પથરા પથરાવ્યા;
પરભાતે પૂજારો આવ્યો,
આંધળા પૂજણહારા. – ગુરુજી મારા૦
આશ તૃષ્ણા સૌને સરખી
દિલની ભ્રાંત તે ભાંગો;
જોધા પરતાપે ભણે ભવાનીદાસ
એસી લગની રાખો. – ગુરુજી મારા૦

ooo

૧૧૪

દેવાયત પંડિત

મહાપંથ-માર્ગીપંથના આસંત કવિનાં પદોમાં ગુરુમહિમાનાં પદો ધ્યાન ખેંચે છે.

૩ પદો

ગુરુ! તારો પાર ન પાયો

ગુરુ! તારો પાર ન પાયો
એ જી! તારો પાર ન પાયો
પૃથ્વીના માલિક! તારો જી-હો-જી.
હાં રે હાં! ગવરીનો નંદ ગણશે સમરીએ જી-હો-જી.
એ જી! સમરું શારદા માત
એ વારી! વારી! વારી!
અખંડ ગુરુજીને ઓળખો જી-હો-જી.
હાં રે હાં! જમીં આસમાન બાવે મૂળ વિના માંડ્યાં જી-હો-જી.
એ જી, થંભ વિણ આભ ઠેરાયો
એ વારી! વારી! વારી!
અખંડ ગુરુજીને ઓળખો જી-હો-જી.
હાં રે હાં! ગગન-મંડળમાં ગૌધેન વ્યાણી જી-હો-જી.
જી! માખણ વિરલે પાયો
એ વારી! વારી! વારી!
અખંડ ગુરુજીને ઓળખો જી-હો-જી.
હાં રે હાં! સુન રે શિખર પર અલખ અખેડા જી-હો-જી.

એ જી વરસે નૂર સવાયો
એ વારી! વારી! વારી!
અખંડ ગુરુજીને ઓળખો જી-હો-જી.

ગગન-મંડળમાં બે બાળક ખેલે જી-હો-જી.
એ જી બાળકનો રૂપ સવાયો
એ વારી! વારી! વારી!
અખંડ ગુરુજીને ઓળખો જી-હો-જી.

શંભુજીનો ચેલો પંડિત દેવાયત બોલિયા જી-હો-જી.
એ જી સાધુડાંનો બેડલો સવાયો
એ વારી! વારી! વારી!
અખંડ ગુરુજીને ઓળખો જી-હો-જી.

૨
ગુરુનાં વચન ફળે

બૂડે બૂડે પાપ સંતો! ધરમ તરે
આગળ જાતાં ગુરુનાં વચન ફળે ગુરુજી...જી...જી

ગૌરીના નંદ ગણેશને મનાવો જી...જી
ગણેશ મનાવો રૂડાં કાજ સરે રે
સાંભળજો સતજુગના સાધુ રે જી

પાપ-ધરમને ઝઘડો લાગ્યો રે જી.
કાંટે કાઢો તો એની ખબરું પડે. – સાંભળજો૦
સામે જરૂખે મારો સતગુરુ બેઠા રે જી...જી
ખરા ખોટાની વાલો ખબરું લિયે. – સાંભળજો૦

પાપની વેલડી પરલે હોશે રે જી...જી
ધરમની વેલડી આપેં તરે રે. – સાંભળજો૦

કાલર ખેતરમાં બીજ મત વાવો રે જી...જી
સભોમ વાવો તો રૂડાં સફળ ફળે રે. – સાંભળજો૦

શંભુનો ચેલો પંડિત દેવાયત બોલ્યા રે
ગુરુને વચને ચેલા આપેં તરે રે. – સાંભળજો૦

૩

મનડાં જેણે મારિયાં

ક્ષમા ખડગ લઈ હાથમાં, શીલ બરછી સત હથિયાર,
મનડાં જેણે મારિયાં રે જી.

કાંધે કાવડ લઈ ફેરવી રે, ધમળા ધોળી ઝીલંતા ભાર,
મનડાં જેણે મારિયાં રે જી.

પંદર ક્રોડની મંડળી રે જેના પ્રહ્લાદ રાજા મુખીઆર
મનડાં જેણે મારિયાં રે જી.

દસ ક્રોડનાં ચિત ઊઠી ગયાં,
પાંચ ક્રોડ પોંચ્યાં નિરવાણ –
મનડાં જેણે મારી ગિયાં રે જી.

જે ઘર નાર કુભારજા એનો એળે ગયો અવતાર
મનડાં એનાં નહીં મરે હો જી.

જે ઘર નાર સુલક્ષણી એને વેલી ફળે આંબાડાળ,
મનડાં એણે મારિયાં રે જી.

પાંચ સાતાં નવાં બારાં ક્રોડ તેત્રીસ પોગ્યા નિરવાણ,
મનડાં એણે મારિયાં હો જી.

દોય કર જોડી દેવાત બોલિયા રે એના પંથ ખાંડાધાર
મનડાં જેણે મારિયાં રે જી.

ooo

૧૧૫
લખમો (ભાળી)

આ કવિએ અધ્યાત્મબોધનાં પદો લખ્યાં છે.

૧ પદ

જેને દીઠે નેણલાં ઠરે
જેને દીઠે નેણલાં ઠરે
બાયું! અમને એડા એડા સંત મળે
ઉદરમાંથી એક બુંદ પડે નૈ,
ભગત નામ નવ ધરે.
નરક છોડાવીને ન્યારા રે'વે,
અમર લોકને વરે —બાયું

ચાલતાં નર ધરતી ન દુવે.
પાપ થકી બહુ ડરે;
શબ્દે વિવેકી ને ચાલે સુલક્ષણા,
પૂછી પૂછીને પાઉં ધરે —બાયું

ત્રિગુણ પૂતળી રમે સૂનમાં
અનઘડ ઘાટ જ ઘડે;
ગુરુજીના શબ્દો એવા છે ભાઈ,
ખોજે તેને ખબરું પડે —બાયું

કાયાવાડીનો એક ભમરલો,
સંધ્યાએ ઓથ ધરે;

આ રે સંસારમાં સંત સુહાગી,
બેઠા બેઠા ભજન કરે. –બાયું

વર્ષાઋતુનો એક હિમ–પોપટો,
નીર ભેળાં નીર ભળે;
લખમાના સ્વામીની સંગે રમતા
સ્વાતિનાં બિન્દુ ઠરે,
બાયું! અમને એડા એડા સંત મળે.

ooo

૧૧૬

દેવારામ

પૂરણ સ્વામીના ભક્ત. યોગની પરિભાષામાં પદરચના

૧ પદ

મનવા, જપી લે!

આઠ પો'ર ને રેન દિવસ તમે રટણા રટજો ઘડી ઘડી,
મનવા! જપી લે હરિ! હરિ!

સાચું નામ સાહેબજીનું સમરું ને
ઉન કિરતારે મારી કાયા ઘડી,
ગવરીના નંદ ગણેશને સમરું તો
રિદ્ધિ-સિદ્ધિની વાલે કોઠી ભરી –
રે મનવા જપી લે હરિ! હરિ!

પાંચ તતવરા બન્યા પિસારા ને
સુન-ગઢ સુરતા જાય ચડી,
નૂરતીમેં સૂરતી, સૂરતીમેં રમ લે તો
પૂરણ પાયા તેની ખબર પડી –
રે મનવા જપી લે હરિ! હરિ!

જલ બિચ કમલ, કમલ બિચ કલિયાં;
તા બિચ હોજ ભરી;
ઉલટાં નીર શિખર પર ચડિયાં;
અમર લોકમાં લાગી ઝડી –
રે મનવા જપી લે હરિ! હરિ!

ઇંગલા રે પિંગલા સેવા સાધની
સુખમણા નાડી તોરી સેજે ખડી;
ત્રિકુટી-મ્હેલમેં હુઆ ઉજવાલા,
જલમલ જલમલ જ્યોત જલી –
રે મનવા જપી લે હરિ! હરિ!

રામગુરુ સ્વામી અમને પૂરણ મળિયા,
અમને બતાવી અમર જડી;
સદ્‌ગુરુ ચરણુંમાં બોલ્યા દેવારામ,
ખોલ દિયો સાધુ! તેરી કરમ-કડી.
રે મનવા જપી લે હરિ! હરિ!

ooo

૧૧૭
જાનકીબાઈ

એમણે કૃષ્ણલીલાનાં પદો રચ્યાં છે.

૧ પદ

૧-રાગ કલ્યાણ.

બાંહ ગ્રહ્યાકી લાજ, પ્રભુ બાંહ ગ્રહ્યાકી લાજ. ટેક

આજ સુધી હું અજાણી હુતી, પ્રભુ મેં ઓળખીયા છે આજ. પ્રભુ બાંહ૦

ભાર ભર્યો લેખે અલેખે, પાણી ઉપર ઝાંઝ. પ્રભુ બાંહ૦

ઘણી સાહે કીધી વનમાં, આપ્યું અવિચળ રાજ. પ્રભુ બાંહ૦

કહે જાનકી હું પામર પ્રાણી, સરીયાં હમારાં કાજ. પ્રભુ બાંહ૦

ooo

૧૧૮

કૃષ્ણાબાઈ

આ નાગર કવયિત્રીએ કેટલાંક પદોની તથા 'સીતાજીની કાંચળી' નામની કૃતિઓ રચી છે.

'સીતાજીની કાંચળી' -માંથી

(રામ-સીતા સંવાદ)

શ્રી રામજી કેરે ચરણે નમીને, સીતા કાંચળી પ્રીતે રે;
શ્રી રામ લક્ષ્મણનું વંદન કરીને, ગાઉં છું નૌતમ
હો રમતાં રઢ લાગી રાણીને.

દશરથસુતે આજ્ઞા પાળી, ઘર તજી ચાલ્યા વંન રે;
લક્ષ્મણ બંધવ જોડે લીધો, સ્નેહ ગાવું ધંન ધંન. હો રમતાં૦

પંચવટીમાં નિવાસ કરીને, આનંદ બહુ ઉપજાવે રે;
દિન પ્રત્યે ચોપટ બહુ ખેલે, જાનકીને મન ભાવે. હો રમતાં૦

પર્ણકુટીમાં સરોવર પાસે, જ્યાં ખેલે સીતારામ રે;
કનકતણો કરંગ દીઠો એક, આવ્યો તેણે ઠામ. હો રમતાં૦

સોનાનાં શીંગ ને ત્વચા કનકની, નાભિયે કસ્તુરી બેહેકે રે;
ડમરો ચરતાં દીઠો જાનકીએ, નાચે નૌતમ લેહેકે. હો રમતાં૦

સીતા—તે દેખિ સીતાને રઢ લાગી, રામ, એ મૃગ મારી લાવો રે;
આપણે જ્યારે અજોધ્યા જઈશું, કાંચલડી શિવડાવો. હો રમતાં૦
રામ—સરોવર-તીરે મૃગલો ઊભો, દીસંતો ઘણો રુડો રે;
ઘેલી સીતા, ઘેલું શું બોલો, મૃગ છે હૈયાનો કૂડો; હો રમતાં૦

બ્રહ્માએ જ્યારે સૃષ્ટિ રચી ત્યારે, સોનાનો નથી નિપજાવ્યો રે;
નથી દીઠો નથી શ્રવણે સાંભળ્યો, કોઈક કારમો આવ્યો. હો રમતાં૦

સીતા—પ્રત્યક્ષ પારખું મારા પિયુજી, સાચો હશે તો સહાશે રે;
કૂટ-કપટથી આવ્યો હશે તો, હમણાં ફીટી જાશે. હો રમતાં૦

રામ—સાચો હોય તેને ક્યમ હણીએ, ક્યાં ગયું તમારું જ્ઞાન રે;
પોતાના સ્વારથને માટે, લ્યો છો પશુના પ્રાણ. હો રમતાં૦

સીતા—સીતા કહે સાંભળો રઘુનંદન, વિદ્યા તમારી કાચી રે;
ઉજાતો મારી લાવો મૃગને, તો જાણું વિદ્યા સાચી. હો રમતાં૦

રામ—બીજાં વિદ્યાનાં કામ ઘણાં છે, શાખા પત્ર ફળ ફૂલ રે;
પોતાનો સ્વારથ સરતો હોય તો, પાપ ન કરિયે મૂળ. હો રમતાં૦

સીતા—સીતા કહે એક મૃગને હણતાં, શાનું બેસે કર્મ રે;
મહારાજાને મૃગયા રમવી, ખરો ક્ષત્રીનો ધર્મ. હો રમતાં૦

રામ—મૃગયા માટે અમે નથી આવ્યા, અમને શાની આશ રે,
જ્યાં જેવે આશ્રમે રહેવું, ત્યાં તેવો અભ્યાસ. હો રમતાં૦

સીતા—સાધુપણાં જ્યારે એવાં આદર્યાં, ધનુષબાણ શાને ઝાલો રે;
સાધુ થઈને રહો એકાંતે, ધર્મ પોતાનો પાળો. હો રમતાં૦
રામ—રામ કહે એ રાજપુત્રને, લખિયાં છે એંધાણ રે;
કદાપિ કોઈ બળિયો દુઃખ દે તો, તેના લેવા પ્રાણ. હો રમતાં૦

સીતા—શૂર્પનખા ભગિની રાવણની, તેનો શો હતો વાંક રે;
વણ-અપરાધે તે અબળાનાં, છેદ્યાં કર્ણ ને નાક. હો રમતાં૦

રામ—શૂર્પનખા કહે મુજને પરણો, તે મારે મન નવ ભાવે ૨;
એક થકી અમે વાજ આવ્યા તો, બીજીને કોણ લાવે? હો રમતાં૦

સીતા—સંસારમાં જ્યારે રહેવું કંથજી, કાયર થયે ક્યમ ચાલે રે;
સંસારનો લા'વો મારા કંથજી, નારી માગે તે આલે. હો રમતાં૦

રામ—ઘેર બેઠાં માગો તે આલું, કાયર ન થાઉં ક્યમ રે;
વનમાં આવીને લેવાં રૂસણાં, નહીં સતીનો ધર્મ. હો રમતાં૦

સીતા—એવો કમખો મેં નથી પેર્યો, કોટિ ઉપાયે કંથ રે;
જાત ભલી ને ભાત અનોપમ, ઉજજવલ અંગ અનંત. હો રમતાં૦

રામ—એથી રૂડો કમખો શીવડાવું, સોનાના તાર નંખાવું રે;
વારૂ ફૂલ ઉપર વેલ ફરતી, વચ્ચે મોતી ટંકાવું. હો રમતાં૦

સીતા—નિપજાવી જે વસ્તુ નીપજે, તેમાં તે શી વડાઈ રે;
અણનિપજી ને અમૂલખ જેની, જગમાં દિશે જુગતાઈ. હો રમતાં૦

રામ—એવા સ્વાદ હતા જ્યારે તમને, શીદ આવ્યાં છો સાથે રે;
ઘેર બેઠાં નવ રહીએ રે ઘેલી, ઓઢત પહેરત ખાતે. હો રમતાં૦
સીતા—પતિવ્રત મારું વ્રત પાળવું, પ્રિય વિના કેમ રહેવાય રે;
એક ઘડી નવ દેખું તો, બ્રહ્માંડ વહીને જાય. હો રમતાં૦

રામ—પતિવ્રતા જે હોય પ્રેમદા, પિયુનું માને વચંન રે;
મુખે ન માગે હૈયામાં દાઝે, ધીરજ રાખે મંન. હો રમતાં૦

સીતા—દેખ્યા પાખે શાનું દાઝે, નજર પડે મોહ લાગ્યો રે;
થોડું કામ ને આળસ કરવું, હજી નથી ગયો આઘો. હો રમતાં૦

રામ—અવસર કાંઈ ઓળખતી નથી, જેવો વેષ તેવું રમવું. રે;
આપણે રાજ્યની સિદ્ધિ તજીને, આજે વનમાં ભમવું. હો રમતાં૦

સીતા—દુઃખના દિવસ કાલે વહી જશે, વહાણે પામશો રાજ્ય રે;
સવેળાનું સંઘર્યું હોય તો, અવસરે આવે કાજ. હો રમતાં૦

રામ—રાજ્ય બેસીશું ત્યારે મળશે, જેવી જોઈએ તેવી જાત રે;
ચૌદ વરસમાં ભમવું તો, રાત આડી શી વાત. હો રમતાં૦

સીતા—સીતા કહે, શા માટે ન માગું, તમ સરખો પિયુ જ્યારે રે;
લક્ષ્મણ સરખા દિયરજી મારે, લાડ કરું પછી ક્યારે? હો રમતાં૦

રામ—રામ કહે, તને એં શી લલુતા, અબળાનો અવતાર રે;
વનમાં રહીને જે લોભ કરવો, ન હોય એ ધર્મ લાગર. હો રમતાં૦

સીતા—સીતા કહે, સાંભળો મારા પિયુજી, ઝાઝું કહે શું થાય રે;
જે સ્ત્રીને નહિ માન પિયુનું, તે વાયે લીધી જાય. હો રમતાં૦

રામ—રામ કહે, તું વહાલી ન હોય તો, શિવનું ધનુષ શાને ભાંજું રે;
ફરશુરામ સાથે જુધ કરીને, અયોધ્યામાં ગાજું. હો રમતાં૦

સીતા—મનસા વાચાએ વહાલી હઉં તો, કહ્યું કરો મુજ કંથ રે;
ઘડી અબઘડી જો વિલંભ કરશો તો, પ્રાણનો આણિશ અંત. હો રમતાં૦

રામ—રામ કહે, હૈયે નવ હારો, આટલો દા રમી જઈશ રે;
તમને જ્યારે તેડી લાવ્યો, જે કહેશો તે સહીશ. હો રમતાં૦

સીતા—એ સોગઠડે હવે કાલે રમાશે, હું નહિ ઢાલું પાસા રે;
ઘડી અધઘડીનો વિલંબ કરશો તો, કાંઈક જોશો તમાસા.હો રમતાં૦

પાસા પછાડીને ધરણીધર ઊઠ્યા, ભાઈને ભળાવી નારી રે;
'લક્ષ્મણ બાપ, તું મઢીએ રે'જે, મૃગને લાવું મારી'. હો રમતાં૦

ooo

૧૧૯

પીઠો/પીઠાજી

ભક્તિબોધનાં પદો રચનાર કવિ

૧ પદ

લાભ સવાયા લેજો

આવો ફરી ફરી અવસર નહીં મળે
તમે લાભ સવાયા લેજો.

આવો ફરી ફરી અવસર નહીં મળે
તમે કણ સવાયાં કરજો.
હીરા માણેક ને રીત પરવાળાં
નેણલે નરખી લેજો. – આવો૦
નેન-કમળ પર દીવડો જલત હે,
નાભિકમળ ચિત ધરજો;
કબુધિ જ્યોત તમે અળગી કરીને
તમે અમર જ્યોત આદરજો. – આવો૦
સંસાર સાગર મહા-જળ ભરિયો,
તમે તરી શકાય તો તરજો;
જગજીવનને જાણ કરીને તમે
એણી પાર ઊતરજો. – આવો૦
ગરુ મળિયા ફેરા ટળિયા, તમે
ગરુને વચને રે'જો;
ગુરુ પરતાપે પીઠો બોલ્યા
અમર લોકમાં વરજો. – આવો૦

૦૦૦

૧૨૦

કતીબશા પીર

રામદેવ પીરના ભક્તમંડળના એક કવિ.

૧ પદ

આ પંથ કોણે રે બતાવ્યો રે

આ પંથ કોણ રે બતાવ્યો, રાહોળ માલા!,
જાગો મારા જૂના જૂના જોગી રે હો... હો... જી...
હોઈ જા રે સાધુ રે, બની જા વેરાગી રે, સુધર જાયે કાયા રે હો... જી...

કિયા કિયા જુગમાં તારા મંડપ રોપાણા
માલદે! કિયા રે જુગમાં તારા નેડા?
તારા કિયા રે જુગમાં, લગન તો લખાણા, રાહોળ માલા!
–હોઈ જા રે સાધુ રે, બની જા વેરાગી રે

ઘર કેરી નારી તને ખારી લાગે, તને પરનારીનો સંગ મીઠો મીઠો લાગે
કહે રે કતીબશા, સુણો રે રાહોળ માલા!
રાણી રૂપાદેનું કહ્યું હવે માનો રાહોળ માલા!
–હોઈ જા રે સાધુ રે, બની જા વેરાગી રે.

ooo

૧૨૧

લીરલબાઈ (ભજેવડી)/લીળલબાઈ

દેવાયત પંડિતનાં એક શિષ્યા. ભજનીક સ્ત્રી-કવિ

૩ પદો

૧

ચૂંદડીનું ચટકું દાડા ચાર રે,

એવી ચૂંદડીનું ચટકું દાડા ચાર રે રંગાવો રામા! ચૂંદલડી...

૩ તો મંગાવ્યાં હરજીવનના હાટના રે મન વિચાર કરી લે!
વોર્યા વોર્યા આગું ને આધાર રે રંગાવો રામા! ચૂંદલડી...

ચૂંદલડીના સુતર સુકુળવંતીએ કાંતિયાં રે મન વિચાર કરી લે!
કાંત્યાં કાંત્યાં કાંઈ નવ મહિના નવ ટાંક રે રંગાવો રામા! ચૂંદલડી...

ચૂંદલડીનો તાણો એ જી બ્રહ્માજીએ તાણિયો રે મન વિચાર કરી લે!
અને તાણ્યો છે કાંઈ હે જી જર્મી ને આસમાન રે... રંગાવો રામા! ચૂંદલડી...

ચોરાસી યોજનામાં આવી ચૂંદલડીનો તાણો તણ્યો રે મન વિચાર કરી લે!
એનો વણનારો છે ચતુર સુજાણ રે રંગાવો રામા! ચૂંદલડી...

ચૂંદલડી ચારે છેડે મોરલા રે, મન વિચાર કરી લે!
અને વચમાં છે કાંઈ પૂનમ કેરો ચાંદ રે... રંગાવો રામા! ચૂંદલડી...

ચૂંદલડીને છેડે જો ને રૂડાં બીબાં પાડિયાં રે મન વિચાર કરી લે!
અને વચમાં છે કાંઈ પૂનમ કેરો ચાંદ રે... રંગાવો રામા! ચૂંદલડી...

ચૂંદલડીને છેડે જો ને રૂડાં બીબાં પાડિયાં રે મન વિચાર કરી લે!
પાડી પાડી ચોખલીયાળી ભાત રે રંગાવો રામા! ચૂંદલડી

ચૂંદલડી ઓઢીને અમે બજારૂંમાં નિસર્યા રે મન વિચાર કરી લે!
અને નિરખવા કાંઈ હે જી ધ્રુવ ને પ્રેહલાદ રે... રંગાવો રામા! ચૂંદલડી...

ઉગમશીની ચેલી સતી લીળલબાઈ બોલિયાં રે મન વિચાર કરી લે!
આવી ચૂંદલડિ ઓઢયાની ઘણી મુંને હામ રે... રંગાવો રામા! ચૂંદલડી...

૨

આવો મારા શબદુંના સોદાગર..

આવો મારા શબદુંના સોદાગર વીરા! મારા,
ઘડી એક હીરલો દેખી, વણજું કરીએ રે હો જી...
આવો મારા શબદુંના સોદાગર વીરા! મારા...૦

કાયા કર કોટડીને વીરો વણઝારો દાતા! કાયા કર કોટડીને વીરો વણઝારો,
શબદુરા ગુણ બોલીજે... આવો મારા શબદુંના સોદાગર વીરા! મારા...૦

જહાં દેખું તિયાં બોલણહારો દાતા! જિયાં રે દેખું તિયાં બોલણહારો,
નમતી ધારણ કીજે... આવો મારા શબદુંના સોદાગર વીરા! મારા...૦

તન કર ત્રાજવાં રે મન કર તોલાં દાતા! તન કર ત્રાજવાં રે મન કર તોલાં,
સુંદર કાયા તોલીજે... આવો મારા શબદુંના સોદાગર વીરા! મારા...૦

એક મેરા બેલીડાને આદર દઈએ દાતા! એક મેરા બેલીડાને આદર દઈએ,
પગ ધોઈ પાવળ લીજે... આવો મારા શબદુંના સોદાગર વીરા! મારા...૦

ઉજળાને ઉજળા ફૂલ ફટકીયા દાતા! ઉજળાને ઉજળા ફૂલ ફટકીયા દાતા,
વાકો સંગ ન કીજે... આવો મારા શબદુંના સોદાગર વીરા! મારા...૦

આપ બુડેને ઓરકું બુડાવે દાતા! આપ બુડેને ઓરકું બુડાવે,
દોનું મિલીને બુડી જે... આવો મારા શબદુંના સોદાગર વીરા! મારા...૦

એક મારો બેલીડો ને સાહેબ સરીખા દાતા!
એક મારો બેલીડો ને સાહેબ સરીખા,
વાકો સંગ કરીજે... આવો મારા શબદુંના સોદાગર વીરા! મારા...૦

આપ તરે ને ઓરન કું તરાવે દાતા! આપ તરે ને ઓરન કું તરાવે,
દોનું મિલીને તરીજે... આવો મારા શબદુંના સોદાગર વીરા! મારા...૦

માઝમ રાતના હુવા ભુજ મેલા દાતા! માઝમ રાતના હુવા ભુજ મેલા,
સમસ્યાયે સાધ મળી જે... આવો મારા શબદુંના સોદાગર વીરા! મારા...૦

કર જોડીને લીરલબાઈ બોલ્યાં દાતા! કર જોડીને લીરલબાઈ બોલ્યાં,
મન માને ભાવ ભરી જે... આવો મારા શબદુંના સોદાગર વીરા! મારા...૦

૩

એવા અધુરિયાંસે નો હોય દિલડાંની વાતું,
અધૂરિયા સે નો હોય દલડાંની વાતું, મારી બાયું રે...
નર પૂરા રે મળે તો રાવું રેડીએ રે...

એવા ખાડા રે ખાબોચિયાં કેરી દેડકી રે,
ઈ શું જાણે સમંદરિયાની લ્હેરું, મારી બાયું રે...
નર પૂરા રે મળે તો રાવું રેડીએ રે...

કૂવાની છાંયા રે કૂવામાં જ વિસમે રે,
વળતી-ઢળતી કોઈને ન આવે એની છાંય, મારી બાયું રે...
નર પૂરા રે મળે તો રાવું રેડીએ રે...

દૂધ ને સાબુએ રે ધોયા ઓલ્યા કોયલા રે,
ઈ કોયલા કોઈ દી'ઉજળા નો થાય, મારી બાયું રે...
નર પૂરા રે મળે તો રાવું રેડીએ રે...

એવાં દૂધડાં પાઈને રે વસિયર સેવયો રે,
મૂકે નહીં ઈ મુખડાં કેરાં ઝેર, મારી બાયું રે...
નર પૂરા રે મળે તો રાવું રેડીએ રે...

દુરજનિયાની રે આડા મોટા ડુંગરા રે,
એ જી મારા હરિજનિયાની હાલું મોઢામોઢ, મારી બાયું રે...
નર પૂરા રે મળે તો રાવું રેડીએ રે...

ગુરુના પ્રતાપે રે લીરલબાઈ બોલિયાં રે,
એ જી મારા સાધુડાંનો બેડલો સવાયો, મારી બાયું રે...
નર પૂરા રે મળે તો રાવું રેડીએ રે...

ooo

૧૨૨
રૂપાંદે

સંત કવિ.કોઇ ઉમરસીનાં શિષ્યા

૧ પદ

-

આ રે કાયાનો હીંડોળો રચીયો, ઝગમગ ઝોલાં ખાય રે માયલા...

આ રે કાયાનો હીંડોળો રચીયો, ઝગમગ ઝોલાં ખાય રે માયલા!
ચેતી ચાલો ભાઈ રે...
ચેતી ને ચાલશો તો પાર લંઘી જાશો આ ભવ સાગરની માંય રે માયલા!
ચેતી ચાલો ભાઈ રે...
કાયાવાડીની હુઈ ગઈ તૈયારી, સુકરત કર મારા ભાઈ રે માયલા!
ચેતી ચાલો ભાઈ રે...
કાયાવાડીનો કિલ્લો લુંટાશે, આંખ ફરૂકી તારી જાય રે માયલા!
ચેતી ચાલો ભાઈ રે...
બાલાપણ બચપનમાં ખોયું, તારું જોબન ઝોલાં ખાય રે માયલા!
ચેતી ચાલો ભાઈ રે...
બુઢો થયો રે ત્યારે માળા પકડી, સોઈ ગત ભારી થાય રે માયલા!
ચેતી ચાલો ભાઈ રે...
આ રે મારગડે અનેક નર સિધ્યાં, તોળી રાણી સાધ કેવાય રે માયલા!
ચેતી ચાલો ભાઈ રે...
ગુરુ પ્રતાપે રૂપાંદે બોલ્યાં, માલદેની વિનંતી સુણાય રે માયલા!
ચેતી ચાલો ભાઈ રે...

ooo

૧૨૩

હરજી ભાટી

રામદેવ પીરના ભક્તમંડળના એક સંત કવિ

૧ પદ

વાગે ભડાકા ભારી ભજનના...

વાગે ભડાકા ભારી ભજનના, વાગે ભડાકા ભારી રે હો જી...
બાર બીજના ધણીને સમરૂં નકળંગ નેજા ધારી...
–ભજનના વાગે ભડાકા ભારી રે...૦

ધ્રુવ રાજાએ અવીચળ સ્થાપ્યો, પ્રહલાદ લીધો ઉગારી રે હો જી...
સંધ્યા ટાણે દૈત્ય સંહાર્યો, હરિએ નોર વધારી...
–ભજનના વાગે ભડાકા ભારી રે...૦

તારાદેનું સત રાખવા માળી બન્યા'તા મોરારી રે હો જી...
સુધન્વાને નાખ્યો કડામાં, ઉકળતી દેગ ઠારી...
–ભજનના વાગે ભડાકા ભારી રે...૦

તોળી રાણીએ ત્રણ નર તાર્યા, જેસલ ઘરની નારી રે હો જી...
માલે રૂપાનાં હેરણાં હેર્યા, આરાધે મોજડી ઉતારી...
–ભજનના વાગે ભડાકા ભારી રે...૦

પળે પળે પીર રામદેને સમરૂં, એ છે અલખ અવતારી રે હો જી...
હરિ ચરણે ભાટી હરજી બોલ્યા, ધણી ધાર્યો નેજાધારી...
–ભજનના વાગે ભડાકા ભારી રે...૦

ooo

૧૨૪

દલુ વાણિયો/દલીચંદ

રામા પિરના ભક્ત કવિ

૧ ૫૬

હેલો મારો સાંભળો રણુજાના રાય...

હેલો મારો સાંભળો રણુજાના રાય
હુકમ કરો તો પીર જાત્રાયું થાય, મારો હેલો સાંભળો હો જી.

રણુંજાના રાજા, અજમલ જીના બેટા,
વીરમદેના વીરા, રાણી નેતલના ભરથાર, મારો હેલો સાંભળો હો જી...
હે જી રે મારો હેલો સાંભળો હો જી....૦

વાણિયો ને વાણિયણ જાત્રાએ જાય,
માલ દેખી ચોર એની વાંહે વાંહે થા... મારો હેલો સાંભળો હો જી....૦

ઊંચી ઊંચી ઝાડીયું ને વસમી છે વાટ,
બે હતા વાણિયા ને ત્રીજો મળ્યો ચોર... મારો હેલો સાંભળો હો જી....૦

ઊંચા ઊંચા ડુંગરા ને વચમાં બોલે મોર,
મારી નાખ્યો વાણિયો ને માલ લઈ ગ્યા ચોર...મારો હેલો સાંભળો હો જી....૦

ઉભી ઉભી અબળા કરે રે પોકાર,
સોગઠે રમતા પીરને કાને ગ્યો અવાજ... મારો હેલો સાંભળો હો જી....૦

લીલુડો છે ઘોડલો ને હાથમાં છે તીર
વાણિયા ની વારે ચડ્યા રામદેવ પીર... મારો હેલો સાંભળો હો જી....૦

ઉઠ ઉઠ વાણિયણ, ધડ માથું જોડ,
ત્રણ ભુવનમાંથી ગોતી લાવું ચોર.... મારો હેલો સાંભળો હો જી....૦

ભાગ ભાગ ચોરટા! કેટલેક જાય?
વાણિયાનો માલ તું તો કેટલા દાડા ખાય? મારો હેલો સાંભળો હો જી....૦

આંખે કરૂં આંધળો ને ડીલે કાઢું કોઢ,
દુનિયા જાણે કે આ તો રામાપીરનો ચોર...મારો હેલો સાંભળો હો જી....૦

ગાય દલુ વાણિયો ને ભલી રાખી ટેક
રણુજા શેરમાં વાણિયે, પેરી લીધો ભેખ...મારો હેલો સાંભળો હો જી....૦

ooo

૧૨૫

ભાદુદાસ

કોઈ ભક્ત રામદાસના શિષ્ય . પ્રબોધક પદો રચ્યાં છે.

૧ પદ

સહેજે સહેજે આનંદઘન પ્રગટ્યા, પછી લહેરમાં લહેર સમાણી;

કોટિ જનમની મટી કલ્પના, ગુરુની થઈ ઓળખાણી;
નૂર નિરંતર નજરે ભાળ્યા, પરિબ્રહ્મ લીધા જાણી. સંતો૦

હીરા માણેક ને મોતી પરવાળાં, એ નીકળી ગઈ ખાણી,
અનુભવ-દીવો જ્યારે કરમાં લીધો, ત્યારે પારસમણિ દરસાણી. સંતો૦

સદ્‌ગુરુ મુજ પર અઢળક ઢળિયા, બતાવી સરવે એંધાણી,
સહેજે સહેજે પિયુને પામી, પૂરણ પ્રીત બંધાણી. સંતો૦

કેટલીક વાતો મુખએ વખાણું, આ તો અગમ ઘરની નિશાની,
રામદાસ-ચરણે જાણે ભાદુદાસ, જ્યાં ન પહોંચે વેદવાણી. સંતો૦

ooo

લોકગીતો

.....

લોકગીત કોઈ એક વ્યક્તિ/કવિનું સર્જન નહીં પણ ધાર્મિક-સામાજિક લોક-ઉત્સવો, મેળા, લગ્ન, સીમંત, મરણ, વગેરે પ્રસંગે થયેલું એક પ્રકારનું સામુદાયિક સર્જન ગણાય. ક્યારેક કોઇનું વ્યક્તિગત સંવેદન પણ સમુદાયની પડછે લોકગીત રૂપે પ્રગટે. લોકગીતમાં નાજુક ઊર્મિઓ ઘણી માર્મિકતાથી ને છતાં સહજ અને પારદર્શક રૂપે પ્રગટેલી હોય છે – એ એનું કાવ્યમૂલ્ય ને કાવ્યસૌંદર્ય.

પણ લોકગીતો અર્વાચીન સંસ્કૃતિ-સમય પૂર્વેનું – મધ્યકાલીન કાવ્યરૂપ ગણાય એથી એને અહીં સ્થાન આપ્યું છે.

૩૮ ગીતો/પદો

૧

બંગલો

અડવડ દડવડ નગારાં વાગે,

હર હર ગોમતી ગાજે રે, બંગલા ફક્કડ બનાયા. – અડવડ

વાણે ચડીને વીરે ઈંટું મંગાવી.

ઈંટુંના ઓરડા ચણાવો રે, બંગલા ફક્કડ બનાયા. – અડવડ

વાણે ચડીને વીરે સોપારી મંગાવી,

સોપારીની પૂરણી પુરાવો રે, બંગલા ફક્કડ બનાયા. – અડવડ

વાણે ચડીને વીરે કુંકુ મંગાવ્યાં,
કંકુની ગાર્યું કરાવો રે, બંગલા ફક્કડ બનાયા. – અડવડ

વાણે ચડીને વીરે લવિંગ મંગાવ્યાં
લવિંગનાં જાળિયાં મેલાવો રે, બંગલા ફક્કડ બનાયા. – અડવડ

વાણે ચડીને વીરે એળચી મંગાવી,
એળચીની બારિયું મેલાવો રે, બંગલા ફક્કડ બનાયા. – અડવડ

૨

સ્વપનાં

આજ રે સ્વપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,
ખળકળતી નદિયું રે, સાહેલી, મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો ઘમ્મર વલોણું દીઠું જો,
દહીં-દૂધના વાટકા રે, સાહેલી, મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો લવિંગ લાકડી દીઠી જો,
ઢીંગલાં ને પોતિયાં રે, સાહેલી, મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો જટાળો જોગી દીઠો જો,
સોનાની થાળી રે, સાહેલી, મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો પારસપીપળો દીઠો જો,
તુળસીનો ક્યારો રે, સાહેલી, મારા સ્વપનામાં રે.

આજ રે સ્વપનામાં મેં તો ગુલાબી ગોટો દીઠો જો,
    ફુલડિયાંની ફોર્યું રે, સાહેલી, મારા સ્વપનામાં રે.
ડોલતો ડુંગર ઈ તો અમારો સસરો જો,
    ખળખળતી નદીએ રે સાસુજી મારાં ના'તાં'તાં રે.

ઘમ્મર વલોણું ઈ તો અમારો જેઠ જો,
    દહીં-દૂધના વાટકા રે જેઠાણી મારાં જમતાં'તાં રે.

લવિંગ-લાકડી ઈ તો અમારો દેર જો,
    ઢીંગલે ને પોતિયે રે દેરાણી મારાં રમતાં'તાં રે.

૩
વેરણ ચાકરી
ઊભી ઊભી ઉગમણે દરબાર,
    રે કાગળિયા આવ્યા રાજના રે લોલ!

ઊઠો, દાસી, દીવડિયા અંજવાસો
    રે કાગળિયા આવ્યા રાજના રે લોલ!

શેની કરું દીવડિયાની વાટ્યું
        રે શેણે રે દીવો પરગટું રે લોલ!

અધમણ રૂની કરી છે વાટ્યું
    રે સવા મણ તેલે પરગટ્યો રે લોલ!

બાળ્યાં બાળ્યાં બાર ઘાણીનાં તેલ
રે તો યે ન કાગળ ઉકેલ્યો રે લોલ!

ઊગ્યો ઊગ્યો પૂનમ કેરો ચંદર
રે સવારે કાગળ ઉકેલ્યો રે લોલ!

કોરે મોરે લખિયું છે સો સો સલામું
રે વચાળે વેરણ ચાકરી રે લોલ!

ચાકરીએ મારા સસરાજીને મેલો
રે અલબેલો નૈ જાય ચાકરી રે લોલ!

સસરા ઘેરે દરબારી છે, રાજ
રે દરબારી પૂરા નૈ પડે રે લોલ!

ચાકરીએ મારા જેઠીડાને મેલો
રે અલબેલો નૈ જાય ચાકરી રે લોલ!

જેઠ ઘેરે જેઠાણી ઝીણાબોલી
રે ઊઠીને ઝઘડો માંડશે રે લોલ!

ચાકરીએ મારા દેવરજીને મેલો
રે અલબેલો નૈ જાય ચાકરી રે લોલ!

દેર ઘેરે દેરાણી નાનું બાળ
રે મો'લુંમાં એકલ નૈ રહે રે લોલ!

આવશે રે કાંઈ શિયાળાના દા'ડા
રે ટાઢડિયું તમને લાગશે રે લોલ!
સાથે લેશું ડગલા ને કાંઈ ડોટી
રે ગોરાંદે ટાઢ્યું શું કરે રે લોલ!

આવશે રે કાંઈ ઉનાળાના દા'ડા
તડકલિયા તમને લાગશે રે લોલ!

સાથે લેશું છતરી ને કાંઈ છાયા
રે ગોરાંદે તડકા શું કરે રે લોલ!

આવશે રે કાંઈ ચોમાસાના દા'ડા
રે મેવલિયા તમને ભીંજવે રે લોલ!

સાથે લેશું મીણિયા ને કાંઈ માફા
રે ગોરાંદે મેવલા શું કરે રે લોલ!

લીલી ઘોડી પાતળિયો અસવાર
રે અલબેલો ચાલ્યા ચાકરી રે લોલ!

ઝાલી ઝાલી ઘોડલિયાની વાઘું
રે અલબેલા! ક્યારે આવશો રે લોલ!

ગણજો ગોરી પીપળિયાનાં પાન

રે એટલે તે દા'ડે આવશું રે લોલ!

ગોરી મોરી આવડલો શો હેડો
રે આંખોમાં આંસુ બહુ ઝરે રે લોલ!

૪

ઝીલણિયાં

એક વણજારી ઝીલણ ઝીલતી'તી

મેં તો પે'લે પગથિયે પગ દીધો,
મારી ખોવાણી નવરંગ નથ, માણારાજ
વણજારી ઝીલણ ઝીલતી'તી.

માારા સસરાંનાં ઝીલણ ઝીલતી'તી
મારી ખોવણી નવરંગ નથ, માણારાજ. – વણજારી

મેં તો બીજે પગથિયે પગ દીધો,
મારો તૂટ્યો તે નવસરો હાર, માણારાજ. – વણજારી

મારી સાસુનાં ઝીલણ ઝીલતી'તી,
મારું ખોવાણું મોતીડું લાખ, માણારાજ. – વણજારી

મેં તો ત્રીજે પગથિયે પગ દીધો,
મારી ખોવાણી હાથ કેરી વીંટી, માણારાજ. – વણજારી

મારી નણદીનાં ઝીલણ ઝીલતી'તી,
મારી ખોવાણી કાંડા કેરી કાંકણી હો રાજ. – વણજારી

મેં તો ચોથે પગથિયે પગ દીધો,
મારો મચકાણો કેડ કેરો લાંક, માણારાજ. – વણજારી

મારા પરણ્યાનાં ઝીલણ ઝીલતી'તી,
મારે ઊગ્યો તે સોળરંગો સૂર, માણારાજ. – વણજારી

૫

મોરબીની વાણિયાણ

કૂવા કાંઠે ઠીકરી, કાંઈ ઘસી ઊજળી થાય,
મોરબીની વાણિયાણ મછુ પાણી જાય;
આગળ રે જીવોજી ઠાકોર,
વાંસે રે મોરબીનો રાજા,
ઘોડાં પાવં જાય.

કર્ય રે, વાણિયાણી, તારા બેડલાનાં મૂલ;
જાવા દ્યો, જીવાજી ઠાકોર,
જાવા દ્યો, મોરબીના રાજા,
નથી કરવાં મૂલ;
મારા બેડલામાં તારા હાથીડા બે ડૂલ. – મોરબીની

કર્ય રે, વાણિયાણી, તારી ઈંઢોણીનાં મૂલ;
જાવા દ્યો, જીવાજી ઠાકોર,
જાવા દ્યો, મોરબીના રાજા,
નથી કરવાં મૂલ;
મારી ઈંઢોણીમાં તારાં ઘોડલાં બે ડૂલ. – મોરબીની

કર્યં રે, વાણિયાણી, તારા વાટકાનાં મૂલ;
જાવા દ્યો, જીવાજી ઠાકોર,
જાવા દ્યો, મોરબીના રાજા,
નથી કરવાં મૂલ;
મારા રે વાટકામાં તારું રાજ થાશે ડૂલ. – મોરબીની

કર્યં રે, વાણિયાણી, તારી પાનિયુંનાં મૂલ
જાવા દ્યો, જીવાજી ઠાકોર,
જાવા દ્યો, મોરબીના રાજા,
નથી કરવાં મૂલ;
મારી પાનિયુંમાં તારી રાણિયું બે ડૂલ. – મોરબીની

કર્યં રે, વાણિયાણી, તારા અંબોડાનાં મૂલ,
જાવા દ્યો, જીવાજી ઠાકોર,
જાવા દ્યો, મોરબીના રાજા,
નથી કરવાં મૂલ;
મારા અંબોડામાં તારું માથું થાશે ડૂલ. – મોરબીની

૬

મોટાં ખોરડાં!
ગામમાં સાસરું ને ગામમાં પી'રિયું રે લોલ,
દીકરી કે'જો સખદખની વાત જો,
કવળા સાસરિયામાં જીવવું રે લોલ.

સખના વારા તો, માતા, વહી ગયા રે લોલ,
દખનાં ઊગ્યાં છે ઝીણાં ઝાડ જો,
કવળા સાસરિયામાં જીવવું રે લોલ.

પછવાડે ઊભી નણદી સાંભળે રે લોલ,
વહુ કરે છે આપણા ઘરની વાત જો!
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

નણદીએ જઈ સાસુને સંભળાવિયું રે લોલ,
વહુ કરે છે આપણા ઘરની વાત જો!
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

સાસુએ જઈ સસરાને સંભળાવિયું રે લોલ,
વહુ કરે છે આપણા ઘરની વાત જો!
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

સાસરે જઈ જેઠને સંભળાવિયું રે લોલ,
વહુ કરે છે આપણા ઘરની વાત જો!
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

જેઠે જઈ પરણ્યાને સંભળાવિયું રે લોલ,
વહુ કરે છે આપણા ઘરની વાત જો!
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

પરણ્યે જઈ તેજી ઘોડો છોડિયો રે લોલ,

જઈ ઉભાડ્યો ગાંધીડાને હાટ જો,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

અધશેરો અમલિયાં તોળાવિયાં રે લોલ,
પાશેરો તોળાવ્યો સુમલખાર જો.
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

સોનલા વાટકડે અમલ ઘોળિયાં રે લોલ,
પીઓ ગોરી, નકર હું પી જાઉં જો,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

ઘટક દઈને ગોરાંદે પી ગયાં રે લોલ,
ઘરચોળાની ઠાંસી એણે સોડ્ય જો,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

આટકાટનાં લાકડાં મંગાવિયાં રે લોલ,
ખોખરી હાંડીમાં લીધી આગ જો,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

પ'લો વિસામો ઘરને ઉંબરે રે લોલ,
બીજો વિસામો ઝાંપા બા'ર જો,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

ત્રીજો વિસામો ગામને ગોંદરે રે લોલ,

ચોથો વિસામો સમશાન જો,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

સોનલા સરખી વહુની ચે'બળે રે લોલ.
રૂપલા સરખી વહુની રાખ જો,
વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ.

બાળી ઝાળીને જીવડો ઘેર આવ્યો રે લોલ,
હવે માડી મંદિરિયે મોકળાણ જો.
ભવનો ઓશિયાળો હવે હું રહ્યો રે લોલ.

૭

ઘાયલ

ચાંદો ઊગ્યો ચોકમાં, ઘાયલ! ચાંદો ઊગ્યો ચોકમાં,
એ લેરીડા! હરણ્યું આથમી રે હાલાર શે'રમાં, અરજણિયા!

ઝાંપે તારી ઝૂંપડી, ઘાયલ! રે ઝાંપે તારી ઝુંપડી,
એ લેરીડા! આવતાં જાતાંનો નેડો લાગ્યો રે, અરજણિયા!

ભેસું તારી ભાલમાં, ઘાયલ! રે ભેસું તારી ભાલમાં,
એ લેરીડા! પાડરું પાંચાળમાં ઝોલાં ખાય રે, અરજણિયા!

ગાયું તારી ગોંદરે, ઘાયલ! રે ગાયું તારી ગોંદરે,
એ લેરીડા! વાછરું વઢિયારમાં ઝોલાં ખાય રે, અરજણિયા!

પાવો વગાડ્ય મા, ઘાયલ રે! પાવો વગાડ્ય મા,
એ લેરીડા! પાવો રે પરણેતર ઘરમાં સાંભળે રે, અરજણિયા!

ચીતું રે લગાડ્યા મા, ઘાયલ! ચીતું લગાડ્ય મા,
એ લેરીડા! ચીતું સાસુડી ઘરમાં સાંભળે રે, અરજણિયા!

બખિયાળું (તારું) કડીઉં, ઘાયલ! રે બખિયાળું કડીઉં,
એ લેરીડા! તેદુનું છાંડેલ અમારું ફળિયું રે, અરજણિયા!

ખંભે તારે ખેસડો ઘાયલ! રે ખંભે તારે ખેસડો,
એ લેરીડા! તેદુનો છાંડેલ અમારો નેસડો રે, અરજણિયા

રૂપાળીને મોઈશ મા, ઘાયલ! રે રૂપાળીને મોઈશ મા,
એ લેરીડા! રૂપાળી બાવડાં બંધાવશે રે, અરજણિયા!

કુંવારીને મોઈશ મા, ઘાયલ! રે કુંવારીને મોઈશ મા,
એ લેરીડા! કુંવારી કોરટું દેખાડશે રે, અરજણિયા!

ખોળામાં બાજરી ઘાયલ! રે ખોળામાં બાજરી,
એ લેરીડા! લીલી લીંબડીએ લેવાય હાજરી રે, અરજણિયા!

પાવો વગાડ્ય મા, ઘાયલ! રે પાવો વગાડ્ય મા,
એ સેલુડા! પાવો સાંભળીને પ્રાણ વીંધાયા રે, અરજણિયા!

તારે મારે ઠીક છે, ઘાયલ! રે તારે મારે ઠીક છે,

એ લેરીડા! ઠીકને ઠેકાણે વે'લો આવજે રે, અરજણિયા!

લીલો સાહટિયો, ઘાયલ! રે લીલો સાહટિયો,
એ લેરીડા! લીલે રે સાહટિયે મોજું માણશું રે, અરજણિયા!

૮

મારી સાહેલીનું બેડલું

છલકાતું આવે બેડલું,
મલકાતી આવે નાર રે મારી સાહેલીનું બેડલું–
છલકાતું આવે બેડલું

મારા ગામના સુતારી રે વીરા તમને વીનવું,
મારી માંડવડી ઘડી લાવો રે મારી સાહેલીનું બેડલું–
છલકાતું આવે બેડલું

મારા ગામના લુહારી રે વીરા તમને વીનવું,
મારી માંડવડી મઢી લાવો રે મારી સાહેલીનું બેડલું–
છલકાતું આવે બેડલું

મારા ગામના રંગારી રે વીરા તમને વીનવું,
મારી માંડવડી રંગી લાવો રે મારી સાહેલીનું બેડલું–
છલકાતું આવે બેડલું

મારા ગામના કુંભારી રે વીરા તમને વીનવું,
મારે ગરબે કોડિયાં મેલાવો રે મારી સાહેલીનું બેડલું–
છલકાતું આવે બેડલું

મારા ગામના પિંજારી રે વીરા તમને વીનવું,
મારા ગરબે દિવેટ મેલાવો રે મારી સાહેલીનું બેડલું–
છલકાતું આવે બેડલું

મારા ગામના ઘાંચીડા રે વીરા તમને વીનવું,
મારે ગરબે દિવેલ પુરાવો રે મારી સાહેલીનું બેડલું–
છલકાતું આવે બેડલું

મારા ગામના મોતીઆરા રે વીરા તમને વીનવું,
મારો ગરબો ભલેરો શણગાર રે મારી સાહેલીનું બેડલું–
છલકાતું આવે બેડલું

મારા ગામની દીકરિયું રે બેની તમને વીનવું,
મારો ગરબો ભલેરો ગવરાવો રે મારી સાહેલીનું બેડલું–
છલકાતું આવે બેડલું

મારા ગામની વહુવારુ રે ભાભી તમને વીનવું,
મારો ગરબો ભલેરો ઝીલાવો રે મારી સાહેલીનું બેડલું–
છલકાતું આવે બેડલું

૯

જોડે રહેજો, રાજ

જોડે રહેજો, રાજ,
કિયા ભાઈની ગોરી રે કેવી વહુ
જોડે રહેજો, રાજ!

જોડે નહિ રહું રાજ,
શિયાળાની ટાઢ પડે ને!
જોડે કેમ રહું, રાજ!

જોડે રહેજો, રાજ,
ફૂલની પછેડી સાથે રે, હો લાડવઈ
જોડે રહેજો, રાજ!

જોડે નહિ રહું, રાજ,
ઉનાળાના તાપ પડે ને
જોડે કેમ રહું, રાજ!

જોડે રહેજો, રાજ,
ફૂલના પંખા સાથે રે, હો લાડવઈ
જોડે રહેજો, રાજ!

જોડે નહીં રહું, રાજ,
ચોમાસાની ઝડીઓ પડે ને
જોડે કેમ રહું, રાજ!

જોડે રહેજો, રાજ,
મોતીના મોડિયા સાથે રે, હો લાડવઈ
જોડે રહેજો, રાજ!

૧૦

જોબનિયાને રાખો
જોબનિયું આજ આવ્યું ને કાલ્ય જાશે
જોબનિયું કાલ્ય જાતું રે'શે!
જોબનિયાને માથાના અંબોડામાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે!
જોબનિયાને પાઘડીના આંટામાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે!

જોબનિયાને આંખ્યના ઉલાળામાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે!

જોબનિયાને હૈયાના હિલોળામાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે!

જોબનિયાને હાથની હથેળીમાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે!

જોબનિયાને ઘાઘરાના ઘેરમાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે!

જોબનિયાને પગ કેરી પાનીમાં રાખો
જોબનિયું કાલ્ય જાતું રે'શે!

૧૧

રાજાના કુંવર!
ઝૂલણ મોરલી વાગી રે, રાજાના કુંવર!

હાલો ને જોવા જાયેં રે
મોરલી વાગી રે, રાજાના કુંવર.
ચડવા તે ઘોડો હંસલો ર, રાજાના કુંવર,

પીતળિયા પલાણ રે. - મોરલી
બાંયે બાજુબંધ બેરખા રે, રાજાના કુંવર,

દસેય આંગળીએ વેઢ રે. - મોરલી
માથે મેવાડાં મોળિયાં રે, રાજાના કુંવર,

કિનખાબી સુરવાળ રે. - મોરલી
પગે રાઠોડી મોજડી રે, રાજાના કુંવર,
ચાલે ચટકતી ચાલ્ય રે. - મોરલી

૧૨

દેવનાં દીધેલાં
તમે મારાં દેવનાં દીધેલ છો,
તમે મારાં માગી લીધેલ છો,
આવ્યાં ત્યારે અમર થઈને રો'!

મા'દેવ જાઉં ઉતાવળી ને જઈ ચડાવું ફૂલ;
મા'દેવજી પરસન થિયા ત્યારે આવ્યાં તમે અણમૂલ.

તમે મારું નગદ નાણું છો,
તમે મારું ફૂલ વસાણું છો,
આવ્યાં ત્યારે અમર થઈને રો'!

મા'દેવ જાઉં ઉતાવળી ને જઈ ચડાવું હાર;
પારવતી પરસન થિયા ત્યારે આવ્યા હૈયાના હાર
– તમે મારું નગદ

હડમાન જાઉં ઉતાવળી ને જઈ ચડાવું તેલ;
હડમાનજી પરસન થિયા ત્યારે ઘોડિયાં બાંધ્યાં ઘેર
– તમે મારું નગદ
તમે મારાં દેવનાં દીધેલ છો,
તમે મારાં માગી લીધેલ છો,
આવ્યાં ત્યારે અમર થઈને રો'!

*

ચીચણ પાસે પાલડી ને ત્યાં તમારી ફઈ;
પાન સોપારી ખાઈ ગઈ, કંકોતરીમાંથી રહી. – તમે મારાં

ભાવનગર ને વરતેજ વચ્ચે રે' બાળુળાની ફઈ;
બાળુડો જ્યારે જલમિયો ત્યારે ઝબલા-ટોપીમાંથી ગઈ.
બાળુડો જ્યારે પરણશે ત્યારે નોતરામાંથી રઈ! – તમે મારાં

૧૩

વઢિયારી સાસુ

દાદા તે દીકરી વઢિયારી નો દેજો જો.
વઢિયારી સાસુડી, દાદા, દોયલી.

દિ'એ દળાવે મને રાતડીએ કંતાવે જો,
પાછલે ને પરોડિયે પાણીડાં મોકલે.

ઓશીકે ઇંઢોણી, વહુ, પાંગતે સીંચણિયું જો,
સામે ને ઓરડીએ, વહુ, તમારું બેડલું.

ઘડો બૂડે નૈ, મારું સીંચણિયું નવ પોગે જો,
ઊગીને આથમિયો કૂવાકાંઠડે.

ઊડતા પંખીડા! મારો સંદેશો લઈ જાજે જો.
દાદાને કે'જે કે દીકરી કૂવે પડે.

દાદાને કે'જે, મારી માતાને નો કે'જે જો.
માતા છે માયાળુ, આંસુ ઝેરશે.

કૂવે નો પડજો, ધીડી! અફીણિયાં નો ખાજો જો,
અંજવાળી આઠમનાં આણાં આવશે.

કાકાના કાબરિયા મામાના મૂંઝડિયા જો,
વીરાનો વાગડિયા વઢિયારે ઊતર્યા.

કાકે સીંચ્યું ને મારા મામાએ ચડાવ્યું જો,
વીરે ને ફોડાવ્યું વઢિયારને આંગણે.

૧૪

જળદેવતાને બલિદાન

બાર બાર વરસે નવાણ ગળાવિયાં,
નવાણે નીર નો આવ્યાં જી રે!
તેડાવો જાણતલ તેડાવો જોશી,
જોશીડા જોશ જોવરાવો જી રે!
જાણતલ જોશીડો એમ કરી બોલ્યો,
દીકરો ને વહુ પધરાવો જી રે!
ઘોડા ખેલવતા વીર રે અભેસંગ!
દાદાજી બોલાવે જી રે!

શું રે કો'છો, મારા સમરથ દાદા?
શા કાજે બોલાવ્યાં જી રે!

જાણતલ જોશીડો એમ કરી બોલ્યોઃ
દીકરો ને વહુ પધરાવો જી રે!

એમાં તે શું મારા, સમરથ દાદા!
પારકી જણીને પૂછી આવો જી રે!

બેટડો ધવરાવતાં વહુ રે વાઘેલી વહુ!
સાસુજી બોલાવે જી રે!

શું કો'છો, મારાં સમરથ સાસુ!
શા કાજે બોલાવ્યાં જી રે!

જાણતલ જોશીડો એમ કરી બોલ્યો,
દીકરો ને વહુ પધરાવો જી રે!

એમાં તે શું, મારાં સમરથ સાસુ
જે કે'શો તે કરશું જી રે!

ઊઠો ને રે મારા નાના દેરીડા!
મૈયર હું મળી આવું જી રે!
આઘેરાક જાતાં જોશીડો મળિયો,
ક્યાં વાઘેલી વહુ ચાલ્યાં જી રે!

ખરે બપોરે મરવાનાં કીધાં,
મૈયર હું મળી આવું જી રે!

મરવાનાં હોય તો ભલે રે મરજો,
એનાં વખાણ નો હોય જી રે!

ભાઈ રે જોશીડા! વીર ર જોશીડા!
સંદેશો લઈ જાજે જી રે!

મારી માતાજીને એટલું કે'જે,
મોડિયો ને ચૂંદડી લાવે જી રે!

ઊઠો ને રે, મારાં સમરથ જેઠાણી,
ઊનાં પાણી મેલો જી રે!

ઊઠો ને રે, મારાં સમરથ દેરાણી,
માથાં અમારાં ગૂંથો જી રે!

ઊઠો ને રે, મારાં સમરથ દેરી,
વેલડિયું શણગારો જી રે!

ઊઠો ને રે, મારાં સમરથ નણદી,
છેડાછેડી બાંધો જી રે!
ઊઠો ને રે, મારા સમરથ સસરા,
જાંગીનાં (ઢોલ) વગડાવો જી રે!

આવો આવો, મારા માનસંગ દીકરા!
છેલ્લાં ધાવણ ધોવો જી રે!

પૂતર જઈને પારણે પોઢાડ્યો,
નેણલે આંસુડાંની ધારું જી રે!

ઝાંઝ પખાજ ને જંતર વાગે,
દીકરો ને વહુ પધરાવે જી રે!

પાછું વાળી જોજો, અભેસંગ દીકરા!
ઘોડલા કોણ ખેલવશે જી રે!

ઈ ર શું બોલ્યા, સમરથ બાપુ!
નનો ભાઈ ખેલવશે જી રે!

પાછું વાળી જોજો, વહુરે વાઘેલી વહુ!
પૂતર કોને ભળાવ્યા જી રે!

કોણ ધવરાવશે, કોણ રમાડશે,
કેમ કરી મોટાં થાશે જી રે!

દેરણી ધવરાવશે, નણદી રમાડશે!
જેઠાણી ઊઝેરશે જી રે!
પે'લે પગથિયે જઈ પગ દીધો,
પાતાળે પાણી ઝબક્યાં જી રે!

બીજે પગથિયે જઈ પગ દીધો,
કાંડાં તે બૂડ પાણી આવ્યાં જી રે!

ત્રીજે પગથિયે જઈ પગ દીધો,
કડચકડચ સમાં નીર આવ્યાં જી રે!

ચોથે પગથિયે જઈ પગ દીધો,
છાતી સમાં નીર આવ્યાં જી રે!

પાંચમે પગથિયે જઈ પગ દીધો,
પરવશ પડિયા પ્રાણિયા જી રે!

એક હોંકારો દ્યો રે, અભેસંગ!
ગોઝારાં પાણી કોણ પીશે જી રે!
પીશે તે ચારણ પીશે તે ભાટ,

પીશે અભેસંગનો દાદો જી રે!

એક હોંકારો દ્યો રે, વાઘેલી વહુ!
ગોઝારાં પાણી કોણ પીશે જી રે!

પીશે તે વાણિયાં, પીશે તે બ્રાહ્મણ,
પીશે વાળુભાનાં લોકો જી રે!
તરી છે ચૂંદડી ને તર્યો છે મોડિયો,
તર્યાં અભેસંગનાં મોળિયાં જી રે!

ગાતાં ને વાતાં ઘરમાં આવ્યાં,
ઓરડા અણોસરા લાગે જી રે!

વા'લાં હતાં તેને ખોળે બેસાર્યાં,
દવલાંને પાતાળ પૂર્યાં જી રે!

૧૫
કેર કાંટો
હાં કે રાજ!
વાવડીનાં પાણી ભરવા ગ્યાં,તાં
મને કેર કાંટો વાગ્યો.
હાં કે રાજ!
વડોદરાના વૈદડા તેડાવો!

મારા કાંટડિયા કઢાવો!
મને પાટડિયા બંધાવો!
મને કેર કાંટો વાગ્યો.

હાં કે રાજ!
ધોરાજીના ઢોલિયા મંગાવો!
માંહીં પાથરણાં પથરાવો!
આડા પડદલા બંધાવો!
મને કેર કાંટો વાગ્યો.

હાં કે રાજ!
ઘરમાંથી રાંધણિયાંને કાઢો!
મારી ધુમાડે આંખ્યું દુખે!
મને કેર કાંટો વાગ્યો.

હાં કે રાજ!
ઓશરિયેથી ખારણિયાને કાઢો!
મારા ધબકે ખંભા દુખે
મને કેર કાંટો વાગ્યો.

હાં કે રાજ!
આંગણિયેથી ગાવડલીને કાઢો!
એનાં વલોણાને સોતી!
મને કેર કાંટો વાગ્યો.

હાં કે રાજ!
સસરાજીને ચોવટ કરવા મેલો!
મને ઘૂંઘટડા કઢાવે!

મને કેર કાંટો વાગ્યો.

હાં કે રાજ!
નણંદડીને સાસરિયે વળાવો!
એનાં છોરુડાંને સોતી!
મને કેર કાંટો વાગ્યો.

હાં કે રાજ!
ફળિયામાંથી પાડોશણને કાઢો!
એના રેંટિયાને સોતી!
મને કેર કાંટો વાગ્યો.

૧૬
લે'રિયાની લૂટાંલૂંટ
મારા લે'રિયામાં લાગી લૂંટાલૂંટ હો...ઓ
નણદલ માગે લે'રિયું રે બાઈ!

મારા દાદાનું દીધેલું લે'રિયું રે બાઈ!,
મારી માતાની બાંધેલ લાંક હો...ઓ
નણદલ માગે લે'રિયું રે બાઈ!

ચારે ખૂણે ચાર ડાબલા રે બાઈ,
નણદી, સારેરા જોઈ જોઈ લિયો હો...ઓ
નણદલ માગે લે'રિયું રે બાઈ!

શું રે કરું તારા ડાબલા રે બાઈ,
મને લે'રિયાની ઘણી ઘણી હામું...ઓ
નણદલ માગે લે'રિયું રે બાઈ!

ચારે ખૂણે ચાર બેડલાં રે બાઈ,
નણદી સારેરાં જોઈ જોઈ લિયો હો...ઓ
નણદલ માગે લે'રિયું રે બાઈ!
શું રે કરું તારાં બેડલાં રે બાઈ,
મને લે'રિયાની ઘણી ઘણી હામું હો...ઓ
નણદલ માગે લે'રિયું રે બાઈ!

સામી ઘોડહારે ચાર ઘોડલા રે બાઈ
નણદી સારેરાં જોઈ જોઈ લિયો હો...ઓ
નણદલ માગે લે'રિયું રે બાઈ!

શું રે કરું તારા ઘોડલા રે બાઈ!
મને લે'રિયાની ઘણી ઘણી હામું હો...ઓ
નણદલ માગે લે'રિયું રે બાઈ!

સામી વળગણીએ લે'રિયું રે બાઈ,
નણદી લઈને અદીઠડાં થાવ હો...ઓ
નણદલ માગે લે'રિયું રે બાઈ!

૧૭

કોઈ દેખાડો!

મારી શેરીએથી કાન કુંવર આવતા રે લોલ,
મુખેથી મોરલી બજાવતા રે લોલ.

હું તો ઝબકીને જોવા નીસરી રે લોલ,
ઓઢ્યાનાં અંબર વીસરી રે લોલ.

હું તો પાણીડાંને મસે જોવા નીસરી રે લોલ,
ઈંઢોણી ને પાટલી વીસરી રે લોલ.

સાગ રે સીસમની મારી વેલડી રે લોલ,
નવલે સુતારે ઘડી પીંજણી રે લોલ.

મેં તો ધોળો ને ધમળો બે જોડિયા રે લોલ,
જઈને અમરાપરમાં છોડિયા રે લોલ.
અમરાપરના તે ચોકમાં દીવા બળે રે લોલ,
મેં તો જાણ્યું કે હરિ આંહીં વસે રે લોલ.

મેં તો દૂધ ને સાકરનો શીરો કર્યો રે લોલ,
ત્રાંબાળુ ત્રાંસમાં ટાઢો કર્યો રે લોલ.

હું તો જમવા બેઠી ને જીવણ સાંભર્યા રે લોલ,
કંઠેથી કોળિયો ન ઊતર્યો રે લોલ.

મને કોઈ રે દેખાડો દીનાનાથને રે લોલ,
કોળિયો ભરાવું જમણા હાથનો રે લોલ.

હું તો ગોંદરે તે ગાવડી છોડતી રે લોલ,
ચારેય દશ્યે નજર ફેરતી રે લોલ.

એક છેટેથી છેલવરને દેખિયા રે લોલ,
હરિને દેખીને ઘૂંઘટ ખોલિયા રે લોલ.

મારી ઘેલી સાસુ ને ઘેલા સાસરા રે લોલ,
ગાયું વરાંહે દોયાં વાછરાં રે લોલ.

મને ધાનડિયાં નથી ભાવતાં રે લોલ,
મોતડિયાં નથી આવતાં રે લોલ.

મને હીંચકતાં નવ તૂટ્યો હીંચકો રે લોલ,
નાનાંથી કાં ન પાયાં વખડાં રે લોલ.

મારી માતા તે મૂરખ માવડી રે લોલ,
ઉઝેરીને શીદ કરી આવડી રે લોલ.

૧૮

અદલાબદલી

મારી સગી રે નણંદના વીરા, રૂમાલ મારો દેતા જાજો.

મારી નાની નણંદના વીરા, રૂમાલ મારો દેતા જાજો.
દેતા જાજો રે, દિલ લેતા જાજો. – મારી

વાણીડાના હાટનો લીલો રૂમાલ મારો દેતા જાજો.
દેતા જાજો રે, દિલ લેતા જાજો. – મારી

ચોકસીના હાટનો પીળો રૂમાલ મારો દેતા જાજો.
દેતા જાજો રે, દિલ લેતા જાજો. – મારી

૧૯

મારો ગરબો

મારો ગરબો રે રમે રાજને દરબાર
રમતો ભમતો રે ગ્યો છે કુંભારીને બાર;
અલી કુંભારીની નાર!
તું તો સૂતી હોય તો જાગ!
મારે ગરબે રે રૂડાં કોડિયાં મેલાવ!

મારો ગરબો રમે રાજને દરબાર,
રમતો ભમતો રે ગ્યો છે સોનીડાને બાર;
અલી સોનીડાની નાર!
તું તો સૂતી હોય તો જાગ!
મારે ગરબે રે રૂડાં જાળિયાં મેલાવ!

મારો ગરબો રે રમે રાજને દરબાર,
રમતો ભમતો રે ગ્યો છે ઘાંચીડાને બાર,
અલી ઘાંચીડાની નાર!
તું તો સૂતી હોય તો જાગ!
મારે ગરબે રે રૂડાં દિવેલ પુરાવ,
મારો ગરબો રે રમે રાજને દરબાર.

૨૦

અબોલા ભવ રહ્યા
મેં તો ડુંગર કોરીને ઘર કર્યાં,
મેં તો આભનાં કર્યાં રે કમાડ
સાયબા, અબોલા ભવ રિયા!

મેં તો અગરચંદણનો ચૂલો કર્યો,
મેં તો ટોપરડે ભર્યો રે ઓબાળ
સાયબા, અબોલા ભવ રિયા!

મેં તો દૂધ ને સાકરનો શીરો કર્યો,
તમે જમો, નાની નણદીના વીર
સાયબા, અબોલા ભવ રિયા!

મેં તો દાતણ દીધાં ને ઝારી વીસરી,
દાતણ કરો, નાની નણદીના વીર
સાયબા, અબોલા ભવ રિયા!

મેં તો નાવણ દીધાં ને કૂંડી વીસરી,
નાવણ કરો, નાની નણદીના વીર
સાયબા, અબોલા ભવ રિયા!

મેં તો ભોજન દીધાં ને થાળી વીસરી,
ભોજન કરો, નાની નણદીના વીર
સાયબા, અબોલા ભવ રિયા!

મેં તો મૂખવાસ આલ્યાં ને એલચી વીસરી,
મુખવાસ કરો, નાની નણદીના વીર
સાયબા, અબોલા ભવ રિયા!

મેં તો પોઢણ દીધાં ને ઢોલિયા વીસરી,
પોઢણ કરો, નાની નણદીના વીર
સાયબા, અબોલા ભવ રિયા!

૨૧
માનેતીની આંખ
મેંદી તે વાવી માળવે,
એનો રંગ ગિયો ગુજરાત
મેંદી રંગ લાગ્યો રે.

નાનો દેરીડો લાડકો ને
કાંઈ લાવ્યો મેંદીનો છોડ. –મેંદી રંગ લાગ્યો રે.

વાટી ઘૂંટીને ભર્યા વાટકા,
ભાભી, રંગો તમારા હાથ. –મેંદી રંગ લાગ્યો રે.

હાથ રંગીને, દેરી, શું રે કરું,
એનો જોનારો પરદેશ. –મેંદી રંગ લાગ્યો રે.

લાખ ટકા આલું રોકડા,
કોઈ જાવ જો દરિયાપાર. હ–મેંદી રંગ લાગ્યો રે.

શોક્યના સાયબાને જઈ એટલું કે'જો
તારી બેની પરણે, ઘરે આવ્ય. –મેંદી રંગ લાગ્યો રે.

બેની પરણે તો ભલે પરણે,
એની ઝાઝા દી રોકજો જાન. –મેંદી રંગ લાગ્યો રે.

શોક્યના સાયબાને જઈ એટલું કે'જો
તારો વીરો પરણે ઘરે આવ્ય. –મેંદી રંગ લાગ્યો રે.

વીરો પરણે તો ભલે પરણે,
એની જોડેરી જોડજો જાન. –મેંદી રંગ લાગ્યો રે.

શોક્યના સાયબાને જઈ એટલું કે'જો
તારી માડી મરે ઘરે આવ્ય. –મેંદી રંગ લાગ્યો રે.

માડી મરે તો ભલે મરે,
એને બાળજો બોરડી હેઠ. –મેંદી રંગ લાગ્યો રે.

શોક્યના સાયબાને જઈ એટલું કે'જો
તારી માનેતીની ઊઠી આંખ. –મેંદી રંગ લાગ્યો રે.

હાલો સિપાઈઓ, હાલો ભાઈબંધીઓ
હવે હલકે બાંધો હથિયાર. –મેંદી રંગ લાગ્યો રે.

૨૨

સૈયર, મેંદી લેશું રે!

મેંદી લેશું, મેંદી લેશું, મેંદી મોટાં ઝાડ,
એક હલાવું ડાળ ત્યારે ડાળાં હલે ચાર
સૈયર! મેંદી લેશું રે.
મારી સાસુએ એમ કહ્યું કે વાસીદાં વાળી મેલ્ય,
મેં ભોળીએ એમ જાણ્યું કે સાવરણી બાળી મેલ્ય,
સૈયર! મેંદી લેશું રે.

મારી સાસુએ એમ કહ્યું કે પાણીડાં ભરી મેલ્ય,
મેં ભોળીએ એમ માન્યું કે બેડલાં ફોડી મેલ્ય,
સૈયર! મેંદી લેશું રે.

મારી સાસુએ એમ કહ્યું કે રોટલા ઘડી મેલ્ય,
મેં ભોળીએ એમ માન્યું કે ચૂલા ખોદી મેલ્ય,
સૈયર! મેંદી લેશું રે.

મારી સાસુએ એમ કહ્યું કે કોડ માં દીવો મેલ્ય,
મેં ભોળીએ એમ માન્યું કે સોડમાં દીવો મેલ્ય,
સૈયર! મેંદી લેશું રે.

૨૩

મોરલી રૂસણે
મોરલી ચાલી રંગ રૂસણે રે
કોણ માનવા જાય, રંગ મોરલી
જાશે સસરો રાજિયા રે
વળો વવારુ ઘેર રંગ મોરલી
તમારા વળ્યા નહીં વળે રે
તમારા મોભીના અવળા બોલ રંગ મોરલી
હં હં ને હા હું તો મારા મૈયર જૈશ રંગ મોરલી.

મોરલી ચાલી રંગ રૂસણે
કોણ મનાવા જાય, રંગ મોરલી
જાશે તે જેઠજી રાજિયા રે
વળો વવારું ઘેર રંગ મોરલી
તમારા વળ્યા નહીં વળે રે
તમારા બેલીના અવળા બોલ રંગ મોરલી
હં હં ને હા હું તો મારા મૈયર જૈશ રંગ મોરલી.

જાશે તે પરણ્યો રાજિયા રે
વળો, ગોરાંદે ઘેર રંગ મોરલી
હં હં ને હા તો મારા મૈયર જૈશ રંગ મોરલી.

૨૪

નિમંત્રણ

રાધાજીનાં ઊંચા મંદિર નીચા મો'લ,
ઝરૂખડે દીવા બળે રે લોલ.

રાધા ગોરી! ગરબે રમવા આવો!
સાહેલી સહુ ટોળે વળે રે લોલ.

ત્યાં છે મારા રૂપસંગ ભાઈની ગોરી
હાથડીએ હીરા જડ્યા રે લોલ.

ત્યાં છે મારા માનસંગ ભાઈની ગોરી
પગડીએ પદમ જડ્યાં રે લોલ.
ત્યાં છે મારા ધીરસંગ ભાઈની ગોરી
મુખડલે અમી ઝરે રે લોલ.

રાધાજીનાં ઊંચાં મંદિર નીચા મો'લ
ઝરૂખડે દીવા બળે રે લોલ.

રાધા ગોરી! ગરબે રમવા આવો!
સાહેલી સહુ ટોળે વળે રે લોલ.

૨૫

ગરવાને માથે

રૂખડ બાવા, તું હળવો હળવો હાલ્ય જો.
ગરવાને માથે રે રૂખડિયો ઝળુંબિયો.

જેમ ઝળુંબે મોરલીને માથે નાગ જો,
ગરવાને માથે રે રૂખડિયો ઝળુંબિયો.

જેમ ઝળુંબે કૂવાને માથે કોસ જો,
ગરવાને માથે રે રૂખડિયો ઝળુંબિયો.

જેમ ઝળુંબે બેટાને માથે બાપ જો,
ગરવાને માથે રે રૂખડિયો ઝળુંબિયો.

જેમ ઝળુંબે નરને માથે નાર જો,
ગરવાને માથે રે રૂખડિયો ઝળુંબિયો.

જેમ ઝળુંબે ગોપીને માથે કાન જો,
ગરવાને માથે રે રૂખડિયો ઝળુંબિયો.

જેમ ઝળુંબે ધરતી માથે આભ જો,
ગરવાને માથે રે રૂખડિયો ઝળુંબિયો.

જેમ ઝળુંબે તેતરને માથે બાજ જો,
ગરવાને માથે રે રૂખડિયો ઝળુંબિયો.

૨૬

સંતાકુકડી

લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યાં જો!
ફૂલ કેરે દડૂલિયે સીતાએ વેર વાળ્યાં જો!

રામ! તમારે બોલડીએ હું નદીએ નાળું થઈશ જો!
તમે થાશો જો નદીએ નાળું હું ધોબીડો થઈશ જો!

રામ! તમારે બોલડીએ હું પરઘેર દળવા જઈશ જો!
તમે જશો જો પરઘેર દળવા, હું ઘંટૂલો થઈશ જો!

રામ! તમારે બોલડીએ હું પરઘેર ખાંડવા જઈશ જો!
તમે જશો જો પરઘેર ખાંડવા, હું સાંબેલું થઈશ જો!

રામ! તમારે બોલડીએ હું રણની રોઝડી થઈશ જો!
તમે થશો જો રણની રોઝડી, હું સૂડલિયો થઈશ જો!

રામ! તમારે બોલડીએ હું જળ-માછલડી થઈશ જો!
તમે થાશો જો જળ-માછલડી, હું માછીડો થઈશ જો!

રામ! તમારે બોલડીએ હું આકાશ-વીજળી થઈશ જો!
તમે થાશો જો આકાશ-વીજળી, હું મેહુલિયો થઈશ જો!

રામ! તમારે બોલડીએ હું બળીને ઢગલો થઈશ જો!
તમે થશો જો બળીને ઢગલો, હું ભભૂતિયો થઈશ જો!

૨૭
દીકરાની ઝંખના
લીંપ્યું ને ગૂંપ્યું મારું આંગણું;
પગલીનો પાડનાર દ્યોને, રન્નાદે!

વાળિયાં-મેં'ણાં, માતા, દોહ્યલાં.
દળણાં દળીને ઊભી રહી;
પગલીનો પાડનાર દ્યોને, રન્નાદે!

વાળિયાં-મેં'ણાં, માતા, દોહ્યલાં.
મહીડાં વલોવી ઊભી રહી;
માખણનો માગનાર દ્યોને, રન્નાદે!

વાળિયાં-મેં'ણાં, માતા, દોહ્યલાં.
પાણી ભરીને ઊભી રહી;
છેડાનો ઝાલનાર દ્યોને, રન્નાદે!

વાળિયાં-મેં'ણાં, માતા, દોહ્યલાં.
રોટલા ઘડીને ઊભી રહી;
ચાનકીનો માગનાર દ્યોને, રન્નાદે!

વાળિયાં-મેં'ણાં, માતા, દોહ્યલાં.
ધોયો ધફોયો મારો સાડલો;
ખોળાનો ખૂંદનાર દ્યોને, રન્નાદે!

વાળિયાં-મેં'ણાં, માતા, દોહ્યલાં.
લીંપ્યું ને ગૂંપ્યું મારું આંગણું;
પગલીનો પાડનાર દીધો રન્નાદે!

અનિરુદ્ધ કુંવર મારો લાડકો.
ઘરને પછવાડે રૂડું ઘોડિયું,

પારણાનો પોઢનાર દીધો, રન્નાદે

વાંઝિયાં-મે'ણાં માએ ભાંગિયાં.

૨૮

ઓળખ્યો

વેલ્યું છૂટિયું રે, વીરા, વાડીના વડ હેઠ

ધોળીડા બાંધ્યા રે વડને વાંકીએ.

ચાર પાંચ સૈયરું રે, વીરા, પાણીડાની હાર્ય,

વચલી પાણિયારે વીરને ઓળખ્યો.

ઓળખ્યો ઓળખ્યો રે માની આંખ્યુંની અણસાર

બાપની બોલાશે વીરને ઓળખ્યો.

વીરા, ચાલો રે દખણી બેનીને ઘેર,

ઉતારા દેશું ઊંચા ઓરડા.

વેલ્યું છોડજો રે, વીરા! લીલાં લીંબડા હેઠ,

ધોળીડા બાંધજો રે વચલે ઓરડે.

નીરીશ નીરીશ રે, વીરા, લીલી નાગરવેલ્ય,

ઉપર નીરીશ રાતી શેરડી.

રાંધીશ રાંધીશ રે, વીરા, કમોદ્દુંનાં કૂર,

પાશેર રાંધીશ કાજુ ખીચડી.

પાપડ શેકીશ રે, વીરા, પૂનમ કેરો ચંદ,

ઉપર આદુ ને ગરમર આથણાં.
જમશે જમશે રે મારો માડીજાયો વીર,
ભેળી બેસશે રે એક જ બેનડી.

ઊંચી મેડી રે, વીરા, ઊગમણે દરબાર,
તિયાં રે ઢળાવું તારા ઢોલિયા.
પોઢશે પોઢશે રે મારો માડીજાયો વીર,
પાસે બેસે રે એક જ બેનડી.

કરજે કરજે રે, બેની, સખદખની વાત,
ઘેરે જાશું તો માતા પૂછશે.
ખાવી ખાવી રે વીરા, ખોરુડી જાર,
સૂવું રે માડીના જાયા સાથરે.
બાર બાર વરસે રે, વીરા, માથડિયાં ઓળ્યાં,
તેર વરસે રે તેલ નાખિયાં.
મેલો મેલો રે, બેની, તમારલા દેશ,
મેલો રે બેની, તમારાં સાસરાં.
વીરા વીરા રે, બેની, માસ છ માસ,
આખર જાવું રે બેનને સાસરે.
ભરવાં ભરવાં રે, વીરા, ભાદરુંનાં પાણી,
ભાદરની રેલે બેની તણાઈ ગયાં.
આ ને કાંઠે રે, વીરો રહ રહ રુએ,
ઓલ્યે કાંઠે રુએ એની માવડી.

૨૯

માતા અને સાસુ

શરદ પૂનમની રાતડી રંગ ડોલરિયો!

માતાજી રમવા દ્યો રે રંગ ડોલરિયો!

રમી ભમી ઘેર આવિયાં રંગ ડોલરિયો!
માતાજી, જમવા દ્યો રંગ ડોલરિયો!

માતાએ પીરસી લાપશી રંગ ડોલરિયો!
મહીં પળી એક આલ્યાં ઘી રે રંગ ડોલરિયો!

શરદ પૂનમની રાતડી રંગ ડોલરિયો!
સાસુજી, રમવા દ્યો રે રંગ ડોલરિયો!

રમી ભમી ઘેર આવિયાં રંગ ડોલરિયો!
સાસુજી જમવા દ્યો રે રંગ ડોલરિયો!

બાઈજીએ પીરસ્યું બાજરિયું રંગ ડોલરિયો!
મહીં ટીપું આલ્યાં તેલ રે રંગ ડોલરિયો!

બળ્યું બાઈજી, તારું બાજરિયું રંગ ડોલરિયો!
તારા તેલમાં ટાંડી મેલ રે રંગ ડોલરિયો!

માતાએ ગૂંથ્યાં માથડા રંગ ડોલરિયો!
મહીં ટસર્યું લીધી ત્રણ રે રંગ ડોલરિયો!

સાસુએ ગૂંથ્યાં માથડાં રંગ ડોલરિયો!
મહી ટોલા મેલ્યા ત્રણ રે રંગ ડોલરિયો!

માતાએ ઢાળ્યા ઢોલિયા રંગ ડોલરિયો!
ઓશીકે નાગરવેલ રે રંગ ડોલરિયો!

સાસુએ ઢાળી ખાટલી રંગ ડોલરિયો!
ઓશીકે કાળો નાગ રે રંગ ડોલરિયો!

૩૦

ઘરે આવોને!

શેરી વળાવી સજ કરું, ઘરે આવો ને!
આંગણીએ વેરું ફૂલ, મારે ઘરે આવો ને!

ઉતારા આપીશ ઓરડા, ઘરે આવો ને!
મેડીના મો'લ જ દૈશ, મારે ઘરે આવો ને! – શેરી વળાવી

દાતણ આપીશ દાડમી, ઘરે આવો ને!
કણેરીની કાંબ જ દૈશ, મારે ઘરે આવો ને! – શેરી વળાવી

નાવણ આપીશ કૂંડિયું, ઘરે આવો ને!
ઝીલણિયાં તળાવ દૈશ, મારે ઘરે આવો ને! – શેરી વળાવી

ભોજન આપીશ લાપશી, ઘરે આવો ને!
સાકરિયો કંસાર દૈશ, મારે ઘરે આવો ને! – શેરી વળાવી

મુખવાસ આપીશ એલચી, ઘરે આવો ને!
પાન બીડલાં દૈશ પચાસ, મારે ઘરે આવો ને! – શેરી વળાવી

પોઢણ આપીશ ઢોલિયા, ઘરે આવો ને!
હીંડોળા ખાટ જ દૈશ, મારે ઘરે આવો ને! – શેરી વળાવી

૩૧

વીડી વાઢનારાં

સાવ રે સોનાનું મારું દાતરડું રે લોલ (૨)

હીરનો બંધિયો હાથ, મુંજા વાલમજી લોલ!
હવે નૈ જાઉં વીડી વાઢવા રે લોલ.

પરણ્યે વાઢ્યા રે પાંચ પૂળકા લોલ (૨)
મેં રે વાઢ્યા છે દસ વીસ, મુંજા વાલમજી લોલ. – હવે

પરણ્યાનો ભારો મે ચડાવિયો રે લોલ (૨)
હું રે ઊભી વનવાટ, મુંજા વાલમજી લોલ. – હવે

વાટે નીકળ્યો વાટમારગુ રે લોલ (૨)
ભાઈ મુને ભારડી ચડાવ, મુંજા વાલમજી લોલ. – હવે

પરણ્યાને આવી પાલી જારાડી રે લોલ (૨)
મારે આવેલ માણું ઘઉં, મુંજા વાલમજી લોલ. – હવે

પરણ્યે ભર્યું છે એનું પેટડું રે લોલ (૨)
મેં રે જમાડ્યો મારો વીર, મુંજા વાલમજી લોલ.
હવે નૈ જાઉં વીડી વાઢવા રે લોલ.

૩૨

સોનલ ગરાસણી

સોનલ રમતી રે ગઢડાને ગોખે જો,
ગઢડાને ગોખે જો,
રમતાં ઝલાણી સોનલ ગરાસણી.

આડો આવ્યો રે, સોનલ! દાદાનો દેશ જો,
દાદાનો દેશ જો,
સોનલે જાણ્યું જે દાદો છોડવશે.

દાદે દીધાં રે, સોનલ! ધોળુડાં ધણ જો,
ધોળુડાં ધણ જો,
તો યે ન છૂટી સોનલ ગરાસણી.

આડો આવ્યો રે, સોનલ! કાકાનો દેશ જો,
કાકાનો દેશ જો,
સોનલે જાણ્યું જે કાકો છોડવશે.

કાકે દીધાં રે, સોનલ! કાળુડાં ખાડુ જો,
કાળડાં ખાડુ જો,
તો યે ન છૂટી સોનલ ગરાસણી.

આડો આવ્યો રે સોનલ! વીરાનો દેશ જો
વીરાનો દેશ જો,
સોનલે જાણ્યું જે વીરો છોડવશે.

વીરે દીધાં રે, સોનલ! ધમળાં વછેરાં જો,
ધમળાં વછેરા જો,
તો યે ન છૂટી સોનલ ગરાસણી.

આડો આવ્યો રે, સોનલ! મામાનો દેશ જો,
મામાનો દેશ જો,
સોનલે જાણ્યું જે મામો છોડાવશે.

મામે દીધાં રે, સોનલ! વેલ્યું ને માફા જો,
વેલ્યું ને માફા જો,
તો યે ન છૂટી સોનલ ગરાસણી.

આડો આવયો રે, સોનલ! સ્વામીનો દેશ જો,
સ્વામીનો દેશ જો,
સોનલે જાણ્યું જે સ્વામી છોડવશે.

સ્વામીએ દીધી એના માથા કેરી મોળ્યું જો,
માથા કેરી મોળ્યું જો,
ધબકે છૂટી રે, સોનલ ગરાસણી.

૩૩

બાળુડો જોગી

સોનલા વાટકડી ને રૂપલા કાંગસડી,
ગોપીચંદ રાજા બેઠો ના'વા રે ભરથરી.

હાથ પગ ચોળે એના ઘરની અસતરી,
વાંસાના મોર ચોળે માડી રે ભરથરી

મોર ચોળંતાં એનું હૈડું ભરાણું જો,
નેણલે આંસુડલાંની ધાર રે ભરથરી.

નહિ રે વાદળડી ને નહિ રે વીજળડી,
ઓચિંતાં નીર ક્યાંથી આવ્યાં રે ભરથરી.
આવી કાયા રે તારા બાપની હતી જો,
એ રે કાયાનાં મરતૂક થિયાં રે ભરથરી.

કો'તો, માતાજી, અમે દ્વારકાં જાયેં જો,
દ્વારકાંની છાપું લઈ આવું રે ભરથરી.

કો'તો, માતાજી, અમે હિંગળાજ જાયેં જો,
હિંગળાજના ઠુમારા લઈ આવું રે ભરથરી.

કો'તો, માતાજી અમે કાશીએ જાયેં જો,
કાશીની કાવડ્યું લઈ આવું રે ભરથરી.

કો'તો, માતાજી અમે જોગીડા થાયેં જો,
કો'તો લઈએ ભગવો વેખ રે ભરથરી.

બાર વરસ, બેટા, રાજવટું કરો જો,
તેરમે વરસે લેજો ભેખ રે ભરથરી.

બાર વરસ, માતા, કેણીએ ન જોયાં જો,
આજ લેશું રે ભગવો ભેખ રે ભરથરી.

દેશ જાજે ને, દીકરા, પરદેશ જાજે જો,
એક મ જાજે બેનીબાને દેશ રે ભરથરી.

આંબાની ડાળે ને સરોવરની પાળે જો,
ઊતરી છે જોગીની જમાત રે ભરથરી.
નણંદની દીકરી ને સોનલબાઈ નામ જો,
સોનલબાઈ પાણીડાં હાર્ય રે ભરથરી.

કો'તો, મામી, તમારો વીરોજી દેખાડું જો,
કો'તો દેખાડું બાળો જોગી રે ભરથરી.

સાચું બોલો તો , સોનલબાઈ, સોનલે મઢાવું જો,
જૂઠું બોલો તો જીભડી વાઢું રે ભરથરી.

કડે સાંકળિયે મેં એને દીઠો જો
બાળુડો જોગી કેમ ઓળખાય રે

હાલો દેરાણી ને હાલો જેઠાણી જો,
જોગીડાની જમાત જોવા જાયેં રે ભરથરી.

થાળ ભરીને શગ મોતીડે લીધો જો,
વીરને વધાવવાને જાય રે ભરથરી.

બેની જોવે ને બેની રસ રસ રોવે જો,
મારો વીરોજી જોગી હુવો રે ભરથરી.

કો'તો, વીરાજી મારા, પાલખી મંગાવું જો,
કો'તો અલાવું પાછાં રાજ રે ભરથરી.

પાલખી ન જોયેં, બેનીબા, રાજ નવ જાયેં જો,
કરમે લખ્યો છે ભગવો ભેખ રે ભરથરી.

૩૪

ઊભા રો', રંગ રસિયા!
સોના ઈંઢોણી રૂપા બેડલું રે
નાગર, ઊભા રો', રંગ રસિયા
પાણીડાં ગઈ'તી તળાવ રે,
નાગર, ઊભા રો', રંગ રસિયા

કાંઠે તે કાન ઘોડાં ખેલવે રે – નાગર
કાન મુને ઘડુલો ચડાવ્ય રે – નાગર

તારો ઘડો તે ગોરી, તો ચડે રે – નાગર
તુંજો મારા ઘરડાની નાર રે – નાગર

ફટ રે ગોઝારા ફટ પાપિયા રે – નાગર
તું છો મારો માડીજાયો વીર રે – નાગર

અરડી મરડીને ઘડો મેં ચડ્યો રે – નાગર
તૂટી મારા કમખાની કસ રે – નાગર

ભાઈ રે દરજીડા, વીરા, વીનવું રે – નાગર
ટાંક્ય મારા કમખાની કસ રે – નાગર

કસે તે ટાંક્ય ઘમર ઘૂઘરી રે – નાગર
હૈયે તે લખ્ય ઝીણા મોર રે – નાગર

જાતાં વાગે તે ઘમર ઘૂઘરી રે – નાગર
વળતાં ઝીંગોરે નીલા મોર રે – નાગર

૩૫

રંગમાં રોળ્યાં, વાલમિયા
સોના વાટકડી રે કેસર ઘોળ્યાં, વાલમિયા,
લીલો છે રંગનો છોડ, રંગમાં રોળ્યાં, વાલમિયા.

પગ પરમાણે રે કડલાં સોંઈ, વાલમિયા,
કાંબિયુંની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં, વાલમિયા.

કેડ પરમાણે રે ઘાઘરો સોંઈ, વાલમિયા,
ઓઢણીની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં, વાલમિયા.

હાથ પરમાણે રે ચૂડલા સોંઈ, વાલમિયા,
ગૂજરીની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં, વાલમિયા.

ડોક પરમાણે રે ઝરમર સોંઈ, વાલમિયા,
તુળસીની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં, વાલમિયા.

કાન પરમાણે રે ઠોળિયાં સોંઈ, વાલમિયા,
વેળિયાંની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં, વાલમિયા.

નાક પરમાણે રે નથડી સોંઈ, વાલમિયા,
ટીલડીની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં, વાલમિયા.

૩૬

કાસમ, તારી વીજળી!
હાજી કાસમ, તારી વીજળી રે મધદરિયે વેરણ થઈ!
શેઠ કાસમ, તારી વીજળી રે સમદરિયે વેરણ થઈ!

ભુજ અંજારની જાનું રે જૂતી
જાય છે મુંબઈ શે'ર. - કાસમ, તારી
દેશપરદેશી માનવી આવ્યાં,
જાય છે મુંબઈ શે'ર. - કાસમ, તારી

દસ બજે તો ટિકટું લીધી
જાય છે મુંબઈ શે'ર. - કાસમ, તારી
તેર તેર જાનું સમાટી જૂતી
બેઠા કેસરિયા વર. -કાસમ, તારી

ચૌદ વીશુંમાંય શેઠિયા બેઠા
છોકરાંનો નૈ પાર. -કાસમ, તારી
અગિયાર બજે આગબોટ હાંકી
જાય છે મુંબઈ શે'ર. - કાસમ, તારી

બાર બજે તો બરોબર ચડિયાં
જાય છે મુંબઈ શે'ર. - કાસમ, તારી
ઓતર દખણના વાયરા વાયા
વાયરે ડોલ્યાં વા'ણ. - કાસમ, તારી

મોટા સાહેબની આગબોટું મળિયું
વીજને પાછી વાળ્ય. - કાસમ, તારી
જહાજ તું તારું પાછું વાળ્યે
રોગ તડાકો થાય. - કાસમ, તારી

પાછી વાળું, મારી ભોમકા લાજે!
અલ્લા માથે એમાન. - કાસમ, તારી
આગ ઓલાણી ને કોયલા ખૂટ્યા
વીજને પાછી વાળ્ય. - કાસમ, તારી

મધદરિયામાં મામલા મચે
વીજળી વેરણ થાય. - કાસમ, તારી
ચહમાં માંડીને માલી જોવે
પાણીનો ના'વે પાર. - કાસમ, તારી

કાચને કુંપે કાગદ લખે
મોકલે મુંબઈ શે'ર - કાસમ, તારી
હિન્દુ મુસલમીન માનતા માને
પાંચમે ભાગે રાજ. - કાસમ, તારી

પાંચ લેતાં તું પાંચસે લેજે
સારું જમાડું શે'ર. - કાસમ, તારી
ફટ ભૂંડી તું વીજળી! મારાં
તેરસો માણસ જાય. - કાસમ, તારી

વીજળી કે' મારો વાંક નૈ, વીરા
લખિયલ છઠ્ઠીના લેખ. - કાસમ, તારી
તેરસો માણસ સામટાં બૂડ્યાં
બૂડ્યા કેસરિયા વર. - કાસમ, તારી

ચૂડીએ કોઠે દીવા જલે ને
જુએ જાનું કેરી વાટ. - કાસમ, તારી
મુંબઈ શે'રમાં માંડવા નાખેલ
ખોબલે વેં'ચાય ખાંડ. - કાસમ, તારી

ઢોલ ત્રંબાળુ ધ્રુસકે વાગે
જુએ જાનુંની વાટ. - કાસમ, તારી
સોળસેં કન્યા ડુંગરે ચડી
જુએ જાનુંની વાટ. - કાસમ, તારી

દેશદેશથી તાર વછૂટ્યા
વીજળી બૂડી જાય. - કાસમ, તારી
વાણિયા વાંચે ને ભાટિયા વાંચે
ઘર ઘર રોણાં થાય. - કાસમ, તારી

પીઠી ભરી તો લાડડી રુએ
માંડવે ઊઠી આગ. - કાસમ, તારી
સગું રુએ એનું સાગવી રુએ
બેની રુએ બાર માસ. - કાસમ, તારી

મોટા સાહેબે આગબોટું હાંકી
પાણીનો ના'વે પાર. - કાસમ, તારી
મોટા સાહેબે તાગ જ લીધા
પાણીનો ના'વે પાર. - કાસમ, તારી
સાબ મઢ્યમ બે દરિયો ડોળે
પાણીનો ના'વે તાગ. - કાસમ, તારી

૩૭

ગિરધારી

હાં હાં ઘડૂલિયો ચડાવ્યને ગિરધારી;
ઘરે વાટ્યું જુએ છે મા મોરી રે
બેડલું ચડાવ્ય રે ગિરધારી રે!

તારા માથાનો અંબોડો રે ગિરધારી રે!
જાણે છૂટ્યો તેજી ઘોડો રે. - બેડલું
તારી આંખનો ઉલાળો રે ગિરધારી!
જાણે દરિયાનો હિલોળો રે. - બેડલું

તારા નાકડિયાની ડાંડી રે ગિરધારી!
જાણે દીવડીએ શગ માંડી રે. - બેડલું
તારા હાથની કળાયું રે ગિરધારી!
જાણે સોનાની શરણાયું રે. - બેડલું

તારા હાથની હથેળી રે ગિરધારી!
જાણે બાવલપરની થાળી રે. - બેડલું
તારા હાથની આંગળિયું રે ગિરધારી!
જાણે ચોળામગની ફળિયું રે. - બેડલું
તારા પેટડિયાનો ફાંદો રે ગિરધારી!
જાણે પૂનમ કેરો ચાંદો રે. - બેડલું
તારા વાંસાનો વળાકો રે ગિરધારી!
જાણે સરપનો સળાકો રે. - બેડલું

૩૮
સાંભર્યાં
હું તો ઢોલે રમુ ને હરિ સાંભરે રે,
મારાં મનડાં ઉદાસી થાય રે,
ઢોલે રમું ને હરિ સાંભરે રે.

હું તો દાતણ કરું ને હરિ સાંભરે રે,
મારાં દાતણિયાં પડી પડી જાય રે. - ઢોલે

હું તો નાવણ કરું ને હરી સાંભરે રે,
મારી કૂંડિયું ઢળી ઢળી જાય રે. - ઢોલે

હું તો ભોજન કરુ ને હરિ સાંભરે રે,
મારા કોળિયા ઢળી ઢળી જાય રે. - ઢોલે

હું તો મુખવાસ કરું ને હરિ સાંભરે રે,
મારી એળચિયું ઢળી ઢળી જાય રે. - ઢોલે

હું તો પાઢણ કરું ને હરિ સાંભરે રે,
મારી સેજડી ઢળી ઢળી જાય રે. - ઢોલે

0 0 0